Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

* શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ — પુષ્પ ૩૫ *

ૐ

પરમાત્મને નમઃ।

શ્રી

# વચનામૃત-પ્રવચન

( ભાગ ચોથો )

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત

ઉપર

## પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

*

સંકલનકર્તા

બ્ર૦ ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા

卐

-: પ્રકાશક :-

શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,

ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રાપ્તિસ્થાન :
શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,
૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ – ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

*

પ્રથમાવૃત્તિ : પ્રત ૨૦૦૦
વીર સં. ૨૫૧૩
વિ. સં. ૨૦૪૩
ઇ. સ. ૧૯૮૭

*

મૂલ્ય : રૂા. ૧૨
(પડતર કિંમતના ૬૦%)

*

મુદ્રક :
અશોક આર્ટ પ્રિન્ટરી,
મ્યુનિસિપલ કોર્પોરેશન સામે,
ખમાસા ગેટ પાસે,
અમદાવાદ-૩૮૦૦૦૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.


Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of VachanAmrut Pravachan – Part 4 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 15 February 2008 | First electronic version |



સોનગઢના દિગંબર જિનમંદિરમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવાન

શ્રી શાન્તિનાથભગવાન શ્રી સીમંધરભગવાન શ્રી પદ્મપ્રભભગવાન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

सुसीमा धृता येन सीमन्धरेण
भवारण्यभीमभ्रमीया सुकृत्यैः ।
प्रवन्द्यः सदा तीर्थकृद्देवदेवः
प्रदेयात् स मेऽनन्तकल्याणबीजम् ॥

દેખી મૂર્તિ સીમંધરજિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ! ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ! તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

ભલે સો ઇન્દ્રોનાં તુજ ચરણમાં શિર નમતાં,
ભલે ઇન્દ્રાણીના રતનમય સ્વસ્તિક બનતા;
નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા,
સ્વરૂપે ડૂબેલા, નમન તુજને, ઓ જિનવરા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જેમના જ્ઞાનસરોવરમાં સર્વ વિશ્વ માત્ર કમળ તુલ્ય
ભાસે છે એવા ભૂત, વર્તમાન અને ભાવી
જગતશિરોમણિ તીર્થંકર ભગવંતોને
નમસ્કાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો અપાર ઉપકાર

[ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરમાં ]

હે પરમ કૃપાળુ ગુરુદેવ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરું? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું? આ આત્માના દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગ્રત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલી શુદ્ધ પર્યાયોની—જ્ઞાન-વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ! આપના અંતરમાં ચૈતન્યરત્નાકર-સ્પર્શી સાતિશય શ્રુતજ્ઞાનની ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગતા જ્ઞાન-દીવડા પ્રકાશિત રહ્યા હતા; આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્‌ભુત ચમત્કાર દેખાડનારી હતી.

હે ગુરુદેવ! આપનું ચૈતન્યદ્રવ્ય મંગળસ્વરૂપ અને મંગળતા પ્રગટાવનાર તથા અલૌકિક હતું, દિવ્ય હતું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

હે ગુરુદેવ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સન્મુખ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છો, શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડાં સૂક્ષ્મ ગૂઢ પ્રકાશ્યાં છો; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિના નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યના અદ્ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છો. આપ ભારતના મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ! આપના ઉપકારોનું શું વર્ણન થાય? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણ કમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રકાશકીય નિવેદન

પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું પ્રકાશન કરવું તે આપણું — સૌ મુમુક્ષુઓનું — કર્તવ્ય છે. તદનુસાર 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો પહેલો ભાગ પૂ. બહેનશ્રીની ૬૯મી તથા બીજો ભાગ ૭૦મી જન્મજયંતીના શુભ પ્રસંગે અને ત્રીજો ભાગ વિ.સં. ૨૦૪૧ના કારતક સુદ એકમના દિને પ્રકાશિત કરવામાં આવ્યો હતો. હવે આજે — પૂજ્ય બહેનશ્રીની ૫૫મી સમ્યક્ત્વજયંતીના પાવન પ્રસંગે તેનો ચોથો એટલે કે છેલ્લો ભાગ પ્રકાશિત કરતાં અમને અતિ હર્ષ થાય છે.

આ પ્રવચન-ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મનાં ગહન રહસ્યોનું સુંદર ઉદ્ઘાટન કર્યું છે, જે વાંચતાં સહેજે અનુભવમાં આવે છે. પૂ. ગુરુદેવનાં આવાં પ્રવચનો પ્રકાશિત કરવાનો સુઅવસર અમને પ્રાપ્ત થયો તેને અમે અમારું મહાભાગ્ય સમજીએ છીએ અને આ કાર્ય દ્વારા પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે ભકિત-ઉલ્લાસ વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવે તેમના જીવનકાળ દરમ્યાન સ્વાનુભવસમૃદ્ધ પોતાના પવિત્ર જીવનથી તથા ભવછેદક વાણીથી આપણા પર અવર્ણનીય ઉપકાર કર્યો છે; તે ઉપરાંત હજુ તેમની અનુપસ્થિતિમાં પણ તેમની ટેઇપ-અવતીર્ણ વાણી તેમ જ પુસ્તકારૂઢ પ્રવચનો દ્વારા આપણા પર તેઓશ્રી મહાન ઉપકાર કરી રહ્યા છે. તેઓશ્રી પ્રત્યે ઉપકૃતભાવથી ભિંજાયેલી ભકિત આપણા હૃદયમાં નિરન્તર રહો એ જ ભાવના.

આ ગ્રંથનું પ્રકાશન કરવા માટે ટેઇપ-રેકર્ડ ઉપરથી અનેક બ્રહ્મચારી બહેનોએ પ્રવચનો લખી આપવા બદલ તેમના આભારી છીએ. તે લખાણ ઉપરથી, પૂજ્ય ગુરુદેવના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી ભાઈશ્રી ચંદુભાઈએ — જેમણે ૩૯ વર્ષ સુધી નિરંતર કૃપાળુ ગુરુદેવનાં ચરણોમાં રહી તેઓશ્રીની સર્વતોમુખી અમૂલ્ય સેવાભકિતનો અનન્ય લહાવો લીધો છે તેમણે — અતિ પરિશ્રમપૂર્વક છતાં અત્યન્ત ઉલ્લસિતભાવે તેનું સુંદર સંકલન કરીને પ્રવચનોનું પ્રેસ-મેટર તૈયાર કરી આપ્યું છે, તે બદલ અમે તેમના ઘણા જ ઉપકૃત છીએ. તેમણે આ કામ હાથમાં લીધું ન હોત તો આવું સર્વાંગ-સંતોષકારક સંકલન થઈ શકત નહિ તેમ જ આવું પૂરી ચોકસાઈપૂર્વક પ્રૂફસંશોધન થઈ શકત નહિ.

આ ગ્રંથનું છાપકામ સુંદર અને ત્વરિત ગતિએ કરી આપવા બદલ અશોક આર્ટ પ્રિન્ટરીના સંચાલકોનો આભાર માનીએ છીએ. આ ગ્રંથના પ્રકાશન માટે જે જે દાતાઓએ આર્થિક સહાય કરી છે તેમનો પણ અત્રે આભાર માનીએ છીએ. દાતાઓની નામાવલી પાછળ આપવામાં આવી છે.

આ પુસ્તકની પડતર કિંમત લગભગ રૂા. ૨૦/– થાય છે. જિજ્ઞાસુઓ વધુ લાભ લઈ શકે તે માટે તેની વેચાણ-કિંમત રૂા. ૧૨/– રાખવામાં આવી છે.

અંતમાં, આ પ્રવચનગ્રંથના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુઓ આત્મકલ્યાણ સાધે એવી ભાવના ભાવીએ છીએ.

ફાગણ વદ ૧૦, વિ. સં. ૨૦૪૩, — ટ્રસ્ટીગણ,
(પૂ. બહેનશ્રીની ૫૫મી સમ્યક્ત્વજયંતી,) — શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,
તા. ૨૪–૩–૮૭ — ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ❋ શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ ❋

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ-સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ૐ

नमः श्रीसद्गुरुदेवाय ।

# આમુખ

ભારતવર્ષની ભવ્ય વસુંધરા સંતરત્નો પાકવાની પુણ્ય ભૂમિ છે. પવિત્ર આર્યભૂમિમાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો વગેરે શલાકાપુરુષો ઊપજે છે. તેમાં સૌરાષ્ટ્રનું પણ આગળ પડતું સ્થાન છે. બાવીશમા તીર્થંકરદેવ શ્રી નેમિનાથ ભગવાનના સમુદ્ભવથી — તેમનાં પાંચેય કલ્યાણકોથી — સૌરાષ્ટ્રની ભૂમિ પાવન થયેલી છે. અર્વાચીન યુગમાં પણ અધ્યાત્મપ્રધાન જૈનગગનમાં ચમકતાં નક્ષત્રો સમા સમીપસમયજ્ઞ શ્રીમદ્‌રાજચંદ્ર, અધ્યાત્મયુગસ્રષ્ટા આત્મજ્ઞ સંત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જેવાં અસાધારણ સ્વાનુભૂતિધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપીને સૌરાષ્ટ્રની ધરણી ગૌરવાન્વિત બની છે.

પરમદેવાધિદેવ, સર્વજ્ઞવીતરાગ, પ્રવર્તમાન ચોવીશીના ચરમતીર્થંકર, પરમપૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુપરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમપાવન અધ્યાત્મ પ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, ગતભવમાં પૂર્વવિદેહક્ષેત્રસ્થ શ્રી સીમંધર જિનવરના પ્રત્યક્ષ સમાગમે સંપન્ન કરેલા અધ્યાત્મસંસ્કાર તથા વર્તમાન અંતરસન્મુખતાના ભવ્ય પુરુષાર્થ વડે સ્વાનુભૂતિસમૃદ્ધ આત્મસાક્ષાત્કાર પામી જેમણે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં, સમગ્ર ભારતવર્ષમાં તેમ જ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વ-પ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવીને વીસમી-એકવીસમી સદીના વિલાસી વિષમય ભૌતિક યુગમાં દુઃખાર્ત જીવોનો ઉદ્ધાર કર્યો છે તે શુદ્ધાત્મવિદ્યાવિદ્ જિનશાસન-પ્રભાવક પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની શુદ્ધાત્મસુધારસસ્યંદી મંગલમય પવિત્રતા, પુરુષાર્થ-ધબકતું ધ્યેયનિષ્ઠ સહજવૈરાગ્યનીતરતું જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગ-માર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તોપણ ઘણાં પૃષ્ઠો ભરાય એમ છે તેથી અત્રે 'આમુખ'ને બહુ લાંબું નહિ કરતાં પૂજ્ય ગુરુદેવનું 'સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન', જે 'વચનામૃત-પ્રવચન' ગ્રંથના પહેલા ભાગમાં આપેલું છે તે, વાંચી જવા ભલામણ છે.

'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકના પ્રવચનકાર પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી શુદ્ધાત્મદૃષ્ટિવંત, સ્વરૂપાનુભવી, વીતરાગ દેવ-ગુરુના પરમ ભક્ત, બાળબ્રહ્મચારી,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસાર આદિ અનેક ગહન શાસ્ત્રોના પારગામી, સ્વાનુભવસ્યંદી ભાવશ્રુતલબ્ધિના ધણી, સતતજ્ઞાનોપયોગી, વૈરાગ્યમૂર્તિ, નયાધિરાજ શુદ્ધનયની પ્રમુખતા સહ સમ્યક્-અનેકાંતરૂપ અધ્યાત્મતત્ત્વના ઉત્તમ વ્યાખ્યાનકાર અને આશ્ચર્યકારી પ્રભાવના-ઉદયના ધારક અધ્યાત્મ-યુગસ્રષ્ટા મહાપુરુષ છે. તેમનાં આ પ્રવચનો વાંચતાં જ વાચકને તેમનો ગાઢ અધ્યાત્મપ્રેમ, શુદ્ધાત્મ-અનુભવ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગભક્તિના રંગે રંગાયેલું ચિત્ત, જ્ઞાયકદેવનાં તળને સ્પર્શનારું અગાધ શ્રુતજ્ઞાન અને અસરકારક પરમ કલ્યાણકારી અદ્ભુત વચનયોગનો ખ્યાલ આવી જાય છે.

પૂજ્ય ગુરુદેવે અધ્યાત્મનવનીત સમા આ 'વચનામૃત'ના પ્રત્યેક બોલને સર્વ તરફથી છણીને એ સંક્ષિપ્ત સૂત્રવાક્યોના વિરાટ અર્થોને આ પ્રવચનોમાં ખોલ્યા છે. સૌના અનુભવમાં આવ્યા હોય એવા ઘરગથ્થુ પ્રસંગોનાં અનેક ઉદાહરણો વડે, અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને અનેક યથોચિત દૃષ્ટાંતો વડે પૂજ્ય ગુરુદેવે 'વચનામૃત'ના અર્થગંભીર સૂક્ષ્મ ભાવોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. જીવને કેવા ભાવ રહે ત્યારે જીવ-પુદ્ગલનું સ્વતંત્ર પરિણમન સમજાયું કહેવાય, કેવા ભાવ રહે ત્યારે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાયું ગણાય, ભૂતાર્થ નિજ ધ્રુવ જ્ઞાયકતત્ત્વનો કેવો આશ્રય હોય તો દ્રવ્યદૃષ્ટિ પરિણમી મનાય, કેવા કેવા ભાવ રહે ત્યારે સ્વાવલંબી પુરુષાર્થનો આદર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્યાદિકની પ્રાપ્તિ થઈ કહેવાય — વગેરે મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત બાબતો મનુષ્યના જીવનમાં બનતા અનેક પ્રસંગોના સચોટ દાખલા આપીને એવી સ્પષ્ટ કરવામાં આવી છે કે આત્માર્થીને તે તે વિષયનું સ્પષ્ટ ભાવભાસન થઈ અપૂર્વ ગંભીર અર્થો દૃષ્ટિગોચર થાય અને તે, શુભભાવરૂપ બંધમાર્ગને વિષે મોક્ષમાર્ગની કલ્પના છોડી, શુદ્ધભાવરૂપ યથાર્થ મોક્ષમાર્ગને સમજી, સમ્યક્ પુરુષાર્થમાં જોડાય. આ રીતે 'વચનામૃત' ના સ્વાનુભૂતિદાયક ઊંડા ભાવોને, સોંસરી ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય-નવીન, વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે આત્માર્થીજગત પર અનહદ ઉપકાર કર્યો છે; — 'વચનામૃત'ની સાદી ભાષાના ગર્ભમાં છુપાયેલાં અણમૂલ તત્ત્વરત્નોનાં મૂલ્ય સ્વાનુભવવિભૂષિત ગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુજીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગ્રત કરી, કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. પ્રવચનોની વાણી એટલી સહજ, ભાવાર્દ્ર, ચેતનવંતી અને જોરદાર છે કે ચૈતન્યમૂર્તિ ગુરુદેવના સ્વાનુભવસ્યંદી ચૈતન્યભાવો જ જાણે મૂર્તિમંત બની વાણીપ્રવાહરૂપે વહી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહ્યા ન હોય ! આવી અત્યંત ભાવવાહિની—અંતર્વેદનને અતિ ઉગ્રપણે વ્યક્ત કરતી, શુદ્ધાત્મા—જ્ઞાયક પ્રત્યે અનહદ પ્રેમથી ઊભરાતી, હૃદયસ્પર્શી જોરદાર વાણી સુપાત્ર વાચકના હૃદયને હલાવી નાખે છે અને તેની વિપરીત રુચિને ક્ષીણ કરી શુદ્ધાત્મરુચિને જાગ્રત કરે છે. પ્રવચનોના પાને-પાને શુદ્ધાત્મમહિમાનું અત્યંત ભક્તિમય વાતાવરણ ગુંજી રહ્યું છે અને એના શબ્દે-શબ્દમાંથી મધુર અનુભવરસ નીતરી રહ્યો છે. એ શુદ્ધાત્મભક્તિ-રસથી અને અનુભવરસથી મુમુક્ષુનું હૃદય ભિંજાઈ જાય છે, તેને શુદ્ધાત્માની લય લાગે છે, શુદ્ધાત્મા સિવાય સર્વ ભાવો તેને તુચ્છ ભાસે છે અને પુરુષાર્થ 'ઊપડું-ઊપડું' થઈ રહે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ પ્રવચનવાણીમાં જવલ્લે જ જોવામાં આવે છે.

આ રીતે અધ્યાત્મતત્ત્વવિજ્ઞાનનાં ગહન રહસ્યો અમૃતઝરતી વાણીમાં સમજાવી અને સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગ્રત કરી, પુરુષાર્થને પ્રેરી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્સમાગમના વિયોગમાં મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય આધારભૂત છે. નિરાલંબન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો તે જ ઉદ્દેશ હોવા સાથે 'વચનામૃત'ના સર્વાંગ સ્પષ્ટીકરણસ્વરૂપ આ પ્રવચનોમાં સમસ્ત શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું તળસ્પર્શી દર્શન આવી ગયું છે. શ્રુતામૃતનો સુખસિંધુ જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ હજારો પ્રશ્નોના ઉકેલનો મહાકોષ છે, શુદ્ધાત્મતત્ત્વની રુચિ ઉત્પન્ન કરી પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે, સ્વાનુભૂતિનો સુગમ પંથ છે, અને ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને અત્યંત ઉપકારક છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમાં પ્રવચનોની ભેટ આપી ભારતવર્ષના મુમુક્ષુઓને ન્યાલ કર્યા છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઇચ્છતા જીવોએ આ પરમ પવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવાયોગ્ય છે. સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે-પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં પ્રથમ કર્તવ્ય એક નિજ શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે. તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચનો પરમ નિમિત્તભૂત છે. મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસપૂર્વક તેનો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં કહેલા ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઉતારી શુદ્ધાત્માની રુચિ, પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

પરમોપકારી પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીએ જેમનાં 'વચનામૃત' પર આ સુંદર ભાવવાહી પ્રવચનો આપ્યાં છે તે ધન્યાવતાર પ્રશમમૂર્તિ સ્વાનુભવપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સંક્ષિપ્ત પરિચય સાથે, પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયમાં વર્તતા —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમની આધ્યાત્મિક પવિત્રતા, સ્વાનુભૂતિ તથા લોકોત્તર પ્રશાન્ત જીવન સંબંધી—વિશિષ્ટ મહિમાનો અને પૂજ્ય બહેનશ્રીની નિજાનંદભીની સ્વાનુભવદશામાંથી વહેલાં 'વચનામૃત' વિષે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ ઉચ્ચારેલા પવિત્ર ઉદ્‌ગારોનો, આત્માર્થી જીવોના લાભના હેતુએ, અત્રે સંક્ષેપમાં ઉલ્લેખ કરવામાં આવે છે.

જેમની પવિત્ર પરિણતિમાંથી ભવ્યજનકલ્યાણકારી 'વચનામૃત'નો પુનિત પ્રવાહ વહેલો છે તે મહાન આત્માની અંતરંગ સહજ દશાનું—શુદ્ધજ્ઞાયકભાવસમર્પિતસર્વસ્વ લોકોત્તર જીવનનું વર્ણન શું થાય? તે ધન્યાવતાર પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ વિ. સં. ૧૯૭૦, શ્રાવણ વદ ૨, શુક્રવાર, તા. ૭–૮–૧૯૧૪ના શુભ દિને વઢવાણ શહેરમાં થયો હતો. પિતાજીનું નામ શ્રી જેઠાલાલ મોતીચંદ શાહ, માતાનું નામ તેજબા. શ્રી વ્રજલાલભાઈ તથા અધ્યાત્મતત્ત્વરસિક, શ્રી સમયસાર વગેરે પરમાગમોના ઉત્તમ અનુવાદક વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલભાઈ—એ બે ભાઈ તથા બે બહેનો—એમ ચારેય ભાંડુઓમાં ચંપાબેન સૌથી નાનાં. પૂજ્ય ચંપાબેનનું પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ—અંતર્ તથા બાહ્ય—અતિ ગંભીર અને મહાન છે. બાળવયથી જ વૈરાગ્યપ્રેમ, કુશાગ્રબુદ્ધિ, ચિંતનશીલ સ્વભાવ અને દૃઢ નિર્ણયશક્તિ વગેરે અનેક ગુણો તેમનામાં સહજ ઉપલબ્ધ છે.

વૈરાગ્યભીનું અને સત્યશોધક તેમનું હૃદય આત્માની પ્રાપ્તિ માટે તડપતું હતું. પૂજ્ય ગુરુદેવનો સમાગમ થયો, તેમની અધ્યાત્મામૃતઝરતી અમોઘ વજ્રવાણીએ બહેનશ્રીનું અંતરંગ સત્ત્વ ઝળકાવી દીધું, નિજશુદ્ધાત્મદર્શન—સમકિત પામવાની તમન્ના તીવ્ર બની. તેમણે સર્વ શક્તિ આત્મામાં કેન્દ્રિત કરી દિનરાત દૃષ્ટિની નિર્મળતા તથા સ્વાનુભૂતિની સાક્ષાત્ પ્રાપ્તિ માટે અથક, અવિરત પુરુષાર્થ કર્યો, અને અંતે તીવ્ર તડપના પરિણામે માત્ર અઢાર વર્ષની લઘુ વયમાં જ વિ. સં. ૧૯૮૯, ફાગણ વદ દશમ, તા. ૨૧–૩–૧૯૩૩, મંગળવારના દિને વાંકાનેરમાં પોતાનો અપ્રતિમ પુરુષાર્થ સફળ કર્યો—ભવસંતતિછેદક, કલ્યાણબીજ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું, નિજ ભગવાન આત્માનો અદ્‌ભુત સાક્ષાત્કાર થયો અને પરિણતિમાં અતીન્દ્રિય જ્ઞાનાનંદમય નિર્મળ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિનું મંગલમય અમૃતઝરણું વહેતું થયું. અહો! ધન્ય છે તે મહાન આત્મા, ધન્ય છે તેમનો ધ્યેયલક્ષી અફર પુરુષાર્થ અને ધન્ય છે તેમનો અવતાર કે જેમાં તેમણે અવતારસંતતિના છેદનું મંગલ કાર્ય કર્યું!

દિનપ્રતિદિન તે અમૃતઝરણાની—સુધાસિક્ત આત્મસાધનાની પરિણતિ વૃદ્ધિંગત થવા માંડી, અને સાથે સાથે સોનગઢમાં વિ. સં. ૧૯૯૩, ચૈત્ર વદ આઠમ, તા. ૩–૫–૧૯૩૭, સોમવારના દિને જ્ઞાનપરિણતિમાં જાતિસ્મરણજ્ઞાનની સાતિશય નિર્મળતા પણ પ્રગટી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પૂજ્ય ગુરુદેવને પોતાને કેટલીક બાબતોનો — અમુક જાતનાં કીમતી વસ્ત્રો પહેરેલા ઊંચા દેહવાળા રાજકુમાર, ‘ૐ’કાર દિવ્યધ્વનિનો તથા સાડા બાર કરોડ વાજાંઓનો ભણકાર, તીર્થંકરત્વ ઇત્યાદિનો — જે ‘ભાસ’ થતો હતો તેનો સ્પષ્ટ સત્ય ઉકેલ પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાને આપ્યો. પૂજ્ય ગુરુદેવના ભૂત, વર્તમાન અને ભાવિ ભવોનું આશ્ચર્યકારી અનુસંધાન — ગત ભવમાં શ્રેષ્ઠિપુત્રપણે વિદેહિનાથ શ્રી સીમંધર ભગવાનની સભામાં જે પ્રત્યક્ષ સાંભળેલું તે — તેમના જાતિસ્મરણજ્ઞાને આપ્યું. તે પવિત્ર અનુસંધાનજ્ઞાન દ્વારા મુમુક્ષુસમાજ ઉપર વિશિષ્ટ ઉપકાર થયો છે.

પરમપૂજ્ય અધ્યાત્મયુગસ્રષ્ટા કરુણાસાગર ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સમસ્ત મુમુક્ષુજગત પર અનંત અનંત ઉપકાર છે. તેઓશ્રીના વિવિધ ઉપકારોમાંનો એક મહાન ઉપકાર એ છે કે તેઓશ્રીએ આપણને જેમનાં ‘વચનામૃત’ પર પોતે ભાવવિભોર થઈને આ અદ્‌ભુત પ્રવચનો આપ્યાં છે તે પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર અલૌકિક અંતરંગદશાની યથાર્થ ઓળખાણ કરાવી છે.

સુધાસ્યંદી-સ્વાત્માનુભૂતિપરિણત, વિશિષ્ટજ્ઞાનવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની સહજ-પ્રશમરસઝરતી પવિત્ર મુદ્રા જ જાણે કે સાધકદશાનું મૂર્ત રૂપ હોય તેમ સમ્યક્ મોક્ષમાર્ગનો મૂક ઉપદેશ આપી રહી છે. શાસ્ત્રોપમ-ગંભીર છતાં સરળ એવાં તેમનાં ‘વચનામૃત’ વિધવિધ કોટિના સર્વ જીવોને અતિ ઉપકારક થાય છે, ચમત્કારિક વિશદતાથી વસ્તુસ્વરૂપને — શુદ્ધાત્મદ્રવ્યસામાન્યની મુખ્યતાપૂર્વક અનેકાંતસુસંગત દ્રવ્ય-પર્યાયસ્વરૂપ નિજ આત્મતત્ત્વને — હસ્તામલકવત્ દર્શાવે છે અને સાધક જીવોની અટપટી અંતર્ પરિણતિની અવિરુદ્ધપણે સ્પષ્ટ સૂઝ આપે છે. કૃપાસાગર પૂજ્ય ગુરુદેવ પણ પૂજ્ય બહેનશ્રીની પવિત્ર દશાનો અને ‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તકનો મહિમા સભામાં અનેક વાર વર્ણવતાં અતિ પ્રસન્નતા અનુભવતા હતા. પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિવિભૂષિત પવિત્રતા, અનેક ભવ સંબંધી ધર્મવિષયક અસાધારણ જાતિસ્મરણજ્ઞાન અને ‘બહેનશ્રીનાં વચનામૃત’ની વિશિષ્ટતાનો મુક્તકંઠે પ્રકાશ કરતા ગુરુદેવની પ્રસન્ન મુદ્રા હજારો શ્રોતાઓની દૃષ્ટિ સમક્ષ હજુ સ્પષ્ટ તરે છે!

પ્રશમમૂર્તિ ધન્યાવતાર ગુણગંભીર ઉદારચિત્ત તેમ જ દેવ-ગુરુનાં પરમભક્ત પૂજ્ય બહેનશ્રી અંતરમાં ખૂબ મહાન અને બાહ્યમાં અતિ નિર્લેપ છે. તેમનું આત્મલક્ષી અંતરંગ જીવન અને તેમની નિર્વિકલ્પ આનંદમય અદ્‌ભુત દશા વર્ણનાતીત છે. તેમના વિશુદ્ધ ગહન વ્યક્તિત્વ ઉપર, તેમની દશાના પારખુ પૂજ્ય ગુરુદેવ ઘણી વાર યથાર્થ પ્રકાશ પાડતા. પૂજ્ય ગુરુદેવે તેમને જે ‘ભગવતી’ અને ‘જગદમ્બા’નાં અસાધારણ વિશેષણો આપ્યાં છે તે તેમની સહજ અંતરંગદશાનાં તથા તેમની મહાનતાનાં યથાર્થ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્યોતક છે. હંમેશાં તોળી તોળીને વચનો ઉચ્ચારનારા, તીક્ષ્ણદ્રષ્ટિવંત, ગહનવિચારક, સ્વરૂપાનુભવી પરમપૂજ્ય ગુરુદેવશ્રી અન્ય કોઈ પણ વ્યક્તિને જે બે વિશેષણોથી કદી વિશેષિત કરતા નહિ એવાં ઉપરોક્ત બે મહિમાપૂર્ણ વિશેષણોથી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને અનેક વાર પ્રસન્નતાપૂર્વક બિરદાવતા હતા, તે જ હકીકત પૂજ્ય બહેનશ્રીની અદ્ભુત મહત્તા આપણાં હૃદયમાં દૃઢપણે સ્થાપિત કરવાને પૂરતી છે. આ વિશેષણો દ્વારા પૂજ્ય ગુરુદેવે સંક્ષેપથી તેમના પ્રત્યે પોતાનો અહોભાવ વ્યક્ત કરતું પોતાનું હાર્દ પ્રગટ કર્યું છે. અહા! ગુરુદેવના હાર્દને તથા તે વિશેષણોનાં મર્મભર્યાં ઊંડાણને આપણે ગંભીરતાથી સમજીએ, ગુરુદેવે આપેલા અધ્યાત્મબોધને જીવનમાં વણી લેનાર આ 'ભગવતી માતા'ની આત્મસાધનાના આદર્શને દૃષ્ટિસમક્ષ રાખીએ અને તેમના જીવનમાંથી મળતી પ્રેરણા દ્વારા આપણે આપણો આત્માર્થ સાધીએ.

ખરેખર 'ભગવતી માતા' પૂજ્ય બહેનશ્રી માત્ર ભારતવર્ષનાં જ નહિ, અપિતુ દૃષ્ટિગમ્ય સમગ્ર જગતનાં અદ્વિતીય આધ્યાત્મિક મહિલારત્ન છે, મુમુક્ષુસમાજનાં શિરોમણિ છે, મુમુક્ષુમહિલાસમાજનાં શિરછત્ર છે, કુમારિકા બ્રહ્મચારિણી બહેનોનાં જીવનાધાર છે અને આત્માર્થીઓના મહાન આદર્શ છે.

સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીના અસાધારણ ગુણગંભીર વ્યક્તિત્વનો પરિચય આપતાં પૂજ્ય ગુરુદેવ સ્વયં પ્રસન્નહૃદયે પ્રવચનસભામાં ભિન્ન ભિન્ન પ્રસંગે ઘણી વાર પ્રકાશતા કે:—

"બહેનોનાં મહાન ભાગ્ય છે કે ચંપાબેન જેવાં 'ધર્મરત્ન' આ કાળે પાક્યાં છે. બેન તો હિન્દુસ્તાનનું અણમોલ રતન છે. અતીન્દ્રિય આનંદનો નાથ એને અંદરથી જાગ્યો છે. એમની અંદરની સ્થિતિ જુદી જ છે. તેમની સુદૃઢ નિર્મળ આત્મદૃષ્ટિ તથા નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો જોટો આ કાળે મળવો મુશ્કેલ છે..... અસંખ્ય અબજો વર્ષનું તેમને જાતિસ્મરણજ્ઞાન છે. બેન ધ્યાનમાં બેસે છે ત્યારે કેટલીક વાર તે અંદરમાં ભૂલી જાય છે કે 'હું મહાવિદેહમાં છું કે ભરતમાં'!!.... બેન તો પોતાની અંદરમાં — આત્માના કામમાં — એવાં મશગૂલ છે કે તેમને બહારની બીજી કાંઈ પડી નથી. પ્રવૃત્તિનો તેમને જરાય રસ નથી. એમની બહારમાં પ્રસિદ્ધિ થાય તે એમને પોતાને બિલકુલ ગમતું નથી. પણ અમને એવો ભાવ આવે છે કે, બેન ઘણાં વર્ષ ગુપ્ત રહ્યાં, હવે લોકો બેનને ઓળખે."

"....એમને (બહેનશ્રી ચંપાબેનને) ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે પણ ગંભીર એટલાં કે કોઈ દિવસ બહાર પાડતાં નથી. મને પણ....પોતાની વાત ન કરે, મારું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલે જ છે? માટે લોકોને મહિમા આવતો નથી. એમના જેવાં દુનિયામાં કોઈ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં — આવા મિથ્યાત્વના જોરના કાળમાં એમનો અહીં જન્મ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે.”

“બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે! બેન તો અજોડ છે, અકેલા હી હે, અમારે ખાનગી — ગુપત છે નહિ.”

“ઓહો! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી! ઘણું સ્પષ્ટ જ્ઞાન! બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે. હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જયજયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઇન જ જુદી છે.”

“બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તોપણ એનાં દર્શનથી તો લાભ જ છે. અમને ઘણા વખતથી ખ્યાલમાં હતું: બેનની ઘણી શક્તિ છે.”

“(બહેનશ્રીને આવતાં દેખીને કહ્યું —) બેન માટે જગ્યા કરો, ‘ધર્મની શોભા’ ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.”

— આવા વાત્સલ્યોર્મિસભર ભાવોદ્‌ગાર ભરેલી પૂજ્ય ગુરુદેવની મંગળ વાણીમાં જેમનો આધ્યાત્મિક પવિત્ર મહિમા સભા વિષે અનેક વાર પ્રસિદ્ધ થયો છે તે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં, તેમણે મહિલા-શાસ્ત્રસભામાં તથા કુમારિકા બ્રહ્મચારિણી બહેનો સમક્ષ અંદર ચર્ચાવાર્તામાં ઉચ્ચારેલાં — તેમની સ્વાનુભવસ્યંદી જ્ઞાનધારામાંથી વહેલાં — આત્માર્થપોષક વચનામૃત લિપિબદ્ધ થાય તો ઘણા મુમુક્ષુ જીવોને મહાન આત્મ-લાભનું કારણ બને, એવી ઘણા સમયથી સમાજનાં ઘણાં ભાઈબહેનોને ઉત્કટ ભાવના વર્તતી હતી. એ શુભ ભાવનાને સાકાર કરવામાં, કેટલાંક કુમારિકા બ્રહ્મચારિણી બહેનોએ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અધ્યાત્મરસઝરતી પ્રવચનધારા તથા ચર્ચામાંથી પોતાને ખાસ લાભ થાય એવાં વચનામૃતની જે નોંધ કરેલી તેમાંથી ખાસ ખાસ બોલ ચૂંટીને એક સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો, જે ‘બહેનશ્રીનાં વચનામૃત’ નામના પુસ્તકરૂપે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ — સોનગઢ તરફથી વિ. સં. ૨૦૩૩ માં પૂજ્ય બહેનશ્રીની ૬૪મી જન્મજયંતી-ઉત્સવના મંગળ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તકનું ઊંડું અવગાહન કરીને, જેમ કુશળ ઝવેરી રત્નને પારખી લે તેમ, તેમાં રહેલા ગંભીર ભાવોને પૂજ્ય ગુરુદેવે તરત જ પારખી લીધા અને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ — સોનગઢના તત્કાલીન પ્રમુખ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીને કહ્યું: ‘ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.’ (અત્યાર સુધીમાં — દસ વર્ષના સ્વલ્પ સમયમાં — આ પુસ્તકની ૮૬,૦૦૦ પ્રત ગુજરાતી, હિન્દી, મરાઠી અને કન્નડ — એમ જુદી જુદી ભાષામાં પ્રકાશિત થઈ ગઈ છે.) અધ્યાત્મતત્ત્વ સમજવા માટે આ પુસ્તક ધ્યાનપૂર્વક વાંચવાની પૂજ્ય ગુરુદેવ ખાસ ભલામણ કરતા અને નવાગંતુકને પ્રસન્નતાથી ભેટ આપતા હતા.

આ આત્માર્થિપ્રિય અમૂલ્ય પુસ્તકની મહત્તા, ભિન્ન ભિન્ન પ્રસંગે નીકળેલા પૂજ્ય ગુરુદેવના મંગલમય પવિત્ર ઉદ્ગારોમાં જોઈએ: —

‘(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઇમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ પણ ભાવ ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી ‘આત્મધર્મ’ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.’ (પૂજ્ય ગુરુદેવના ભાવ-અનુસાર હિન્દી-ગુજરાતી ‘આત્મધર્મ’ના ગ્રાહકોને આ પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.)

“પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે — અનુભવનો સાર છે; પરમ સત્ય છે. ‘વચનામૃત’ એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુ-સ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.”

‘આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.’

‘હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે — આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે — એવી વાત છે. જગતને લાભનું કારણ છે.’

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"બેનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું, સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી આ વાત છે. એકલું માખણ ભર્યું છે — એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર! થોડા શબ્દોમાં ઘણું ગંભીર! આ તો અમૃતધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. 'દ્રવ્ય-દૃષ્ટિપ્રકાશ' કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય — આવી ચીજ બહાર આવી!"

'જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (-સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઈ!... અરે! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે.'

પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી અનેક વાર 'બહેનશ્રીનાં વચનામૃત'ની ભૂરિ ભૂરિ પ્રશંસા સાંભળીને મુમુક્ષુસમાજે પ્રવચન દ્વારા તેના ગહન ભાવો સમજાવવાની કૃપા કરવા ગુરુદેવશ્રીને વિનંતી કરી. પૂજ્ય ગુરુદેવે ભક્તોની વિનંતી સ્વીકારી. પ્રવચનો આપ્યાં. પ્રવચનોમાં 'વચનામૃત'ના ગહન ભાવો ખૂબ રંગપૂર્વક ખોલ્યા. 'વચનામૃત'માં ૪૩૨ બોલ છે; તેના પર ૧૮૧ પ્રવચન થયાં છે. તે પ્રવચનો ચાર ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યાં છે. 'વચનામૃત-પ્રવચન'નો પહેલો ભાગ વિ સં. ૨૦૩૮, શ્રાવણ વદ બીજના — પૂજ્ય બહેનશ્રીની ૬૯મી જન્મજયંતીના — દિને, બીજો ભાગ વિ. સં. ૨૦૩૯માં પૂજ્ય બહેનશ્રીની ૭૦મી જન્મજયંતીના દિને અને ત્રીજો ભાગ વિ. સં. ૨૦૪૧માં કારતક સુદ એકમના દિને પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આજે હવે તેના ચોથા એટલે કે છેલ્લા ભાગનું પ્રકાશન કરવામાં આવે છે. પહેલા ભાગમાં 'વચનામૃત'ના ૧૨૫ બોલ ઉપરનાં ૪૫ પ્રવચનોનું, બીજા ભાગમાં પ્રવચન નંબર ૪૬ થી ૯૦ — એમ ૪૫ પ્રવચનોનું (બોલ નં. ૧૨૬ થી ૨૩૧), ત્રીજા ભાગમાં પ્રવચન નંબર ૯૧ થી ૧૩૬ (બોલ નં. ૨૩૨ થી ૩૫૪) એમ ૪૬ પ્રવચનોનું અને આ ચોથા ભાગમાં પ્રવચન નંબર ૧૩૭ થી ૧૮૧ (બોલ નં. ૩૫૫ થી ૪૩૨) એમ ૪૫ પ્રવચનોનું સંકલન કરવામાં આવ્યું છે.

'બહેનશ્રીનાં વચનામૃત'માં સમાવિષ્ટ અનેક આધ્યાત્મિક વિષયો પર પૂજ્ય ગુરુદેવે આ પ્રવચનગ્રંથમાં જે ખૂબ અદ્ભુત છણાવટ કરી છે — તળસ્પર્શી ખુલાસા કર્યા છે, તે વાંચીને આશ્ચર્ય થાય છે કે, અહો! આમાં આવા અલૌકિક ભાવો ભર્યા છે! ખરેખર, પૂજ્ય ગુરુદેવે 'વચનામૃત'ના ઊંડા ભાવો ખોલીને મુમુક્ષુઓ પર મહાન ઉપકાર કર્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પ્રવચનો પૂજ્ય બહેનશ્રીનાં ચરણોપાસિકા કેટલાંક કુમારિકા બ્ર૦ બહેનો તથા મુમુક્ષુ ભાઈ-બહેનોએ ટેઈપ-રેકોર્ડમાંથી ઉતારી આપ્યાં છે. તેનું આ સંકલન તૈયાર કરવામાં આવ્યું છે. આ સંકલન અધ્યાત્મતત્ત્વરુચિવંત આદરણીય વિદ્વદ્વર્ય ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ અથક પરિશ્રમ લઈને અતિ ચીવટપૂર્વક તપાસી ગયા છે તથા તેમણે પ્રૂફ-સંશોધનમાં પણ પૂરો સહકાર આપ્યો છે. ખરેખર, તેમના અમૂલ્ય સહકાર વિના આ પ્રવચનો આવા સુંદર રૂપમાં તૈયાર થવાં અશક્ય હતાં. તે બદલ કૃતજ્ઞતાપૂર્વક તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. શ્રમ લઈને 'ટેઈપ'માંથી ઉતારી આપનારાઓ પણ ધન્યવાદને પાત્ર છે

અંતમાં, આપણે સૌ — અધ્યાત્મતત્ત્વપિપાસુ જીવો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવ-સ્યંદી જ્ઞાનધારામાંથી વહેલાં આ શુદ્ધાત્મસ્પર્શી 'વચનામૃત' ઉપર પરમોપકારી કૃપાસાગર પૂજ્ય ગુરુદેવે સ્વાનુભૂતિપ્રધાન સમસ્ત નિજાત્મવૈભવ ખુલ્લો કરીને આપેલાં આ વિશદ તેમ જ સુગમ પ્રવચનોના ઊંડા અવગાહન દ્વારા ભવસંતતિછેદક સ્વાનુભૂતિ સાધવાની પ્રબળ પ્રેરણા પામી પોતાના સાધનપંથને સુધાસ્યંદી બનાવીએ — એ જ ભાવના.

ફાગણ વદ ૧૦, વિ. સં. ૨૦૪૩,
( પૂ. બહેનશ્રીની ૫૫મી સમ્યક્ત્વજયંતી )
તા. ૨૪-૩-૧૯૮૭

— **સંકલયિતા**

આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

— પૂ. બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાનુભૂતિપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.

❋

મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી,
અમ આત્મ ઉજાળનહાર, ધર્મ પ્રકાશ કરી.

❋

તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો.

નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને.

(મોક્ષપ્રાભૃત)

❊

કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;
સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પુજાય છે.

(દર્શનપ્રાભૃત)

❊

બહુ કથનથી શું? નરવરો ગત કાળ જે સિદ્ધયા અહો!
જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો.

(મોક્ષપ્રાભૃત)

તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય–ગુણ–પર્યાય, ઉપાદાન–નિમિત્ત, નિશ્ચય–વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં પણ કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.

—બહેનશ્રી ચંપાબેન

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન-અનુક્રમણિકા

*


| પ્રવચન | વચનામૃત | પૃષ્ઠ | પ્રવચન | વચનામૃત | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧૩૭ | ૩૫૫–૩૫૬ | ૧–૧૧ | ૧૬૦ | ૩૯૫–૩૯૬ | ૨૩૬–૨૪૫ |
| ૧૩૮ | ૩૫૭–૩૫૯ | ૧૨–૨૨ | ૧૬૧ | ૩૯૭–૩૯૮ | ૨૪૬–૨૫૫ |
| ૧૩૯ | ૩૬૦–૩૬૧ | ૨૩–૩૧ | ૧૬૨ | ૩૯૯–૪૦૦ | ૨૫૬–૨૬૨ |
| ૧૪૦ | ૩૬૨–૩૬૩ | ૩૨–૪૧ | ૧૬૩ | ૪૦૧–૪૦૩ | ૨૬૩–૨૭૪ |
| ૧૪૧ | ૩૬૪–૩૬૫ | ૪૨–૫૦ | ૧૬૪ | ૪૦૪–૪૦૫ | ૨૭૫–૨૮૨ |
| ૧૪૨ | ૩૬૬–૩૬૭ | ૫૧–૬૦ | ૧૬૫ | ૪૦૬–૪૦૭ | ૨૮૩–૨૯૨ |
| ૧૪૩ | ૩૬૮–૩૬૯ | ૬૧–૭૧ | ૧૬૬ | ૪૦૮–૪૦૯ | ૨૯૩–૩૦૨ |
| ૧૪૪ | ૩૭૦–૩૭૨ | ૭૨–૮૧ | ૧૬૭ | ૪૦૯ (ચાલુ) | ૩૦૩–૩૧૧ |
| ૧૪૫ | ૩૭૩–૩૭૪ | ૮૨–૯૧ | ૧૬૮ | ૪૧૦ | ૩૧૨–૩૨૦ |
| ૧૪૬ | ૩૭૫ | ૯૨–૧૦૧ | ૧૬૯ | ૪૧૦–૪૧૧ | ૩૨૧–૩૨૯ |
| ૧૪૭ | ૩૭૬ | ૧૦૨–૧૧૧ | ૧૭૦ | ૪૧૧ (ચાલુ) | ૩૩૦–૩૩૭ |
| ૧૪૮ | ૩૭૭–૩૭૮ | ૧૧૨–૧૨૪ | ૧૭૧ | ૪૧૨ | ૩૩૮–૩૪૬ |
| ૧૪૯ | ૩૭૮ (ચાલુ) | ૧૨૫–૧૩૪ | ૧૭૨ | ૪૧૩–૪૧૫ | ૩૪૭–૩૫૮ |
| ૧૫૦ | ૩૭૮–૩૭૯ | ૧૩૫–૧૪૩ | ૧૭૩ | ૪૧૬–૪૧૭ | ૩૫૯–૩૭૦ |
| ૧૫૧ | ૩૮૦–૩૮૧ | ૧૪૪–૧૫૨ | ૧૭૪ | ૪૧૮ | ૩૭૧–૩૭૯ |
| ૧૫૨ | ૩૮૨–૩૮૩ | ૧૫૩–૧૬૨ | ૧૭૫ | ૪૧૯–૪૨૧ | ૩૮૦–૩૯૧ |
| ૧૫૩ | ૩૮૪ | ૧૬૩–૧૭૧ | ૧૭૬ | ૪૨૨–૪૨૩ | ૩૯૨–૪૦૦ |
| ૧૫૪ | ૩૮૫–૩૮૬ | ૧૭૨–૧૮૧ | ૧૭૭ | ૪૨૩–૪૨૪ | ૪૦૧–૪૦૯ |
| ૧૫૫ | ૩૮૭ | ૧૮૨–૧૯૦ | ૧૭૮ | ૪૨૫–૪૨૬ | ૪૧૦–૪૧૭ |
| ૧૫૬ | ૩૮૮–૩૮૯ | ૧૯૧–૨૦૨ | ૧૭૯ | ૪૨૭–૪૨૮ | ૪૧૮–૪૨૫ |
| ૧૫૭ | ૩૯૦ | ૨૦૩–૨૧૨ | ૧૮૦ | ૪૨૯–૪૩૧ | ૪૨૬–૪૩૪ |
| ૧૫૮ | ૩૯૧–૩૯૩ | ૨૧૩–૨૨૪ | ૧૮૧ | ૪૩૨ | ૪૩૫–૪૪૬ |
| ૧૫૯ | ૩૯૩–૩૯૪ | ૨૨૫–૨૩૫ | | | |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

परमात्मने नमः ।

श्री

# વચનામૃત-પ્રવચન

(ભાગ ચોથો)

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત
ઉપર
પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચન

*

## પ્રવચન ૧૩૭

તા. ૧-૧૧-૭૮

### વચનામૃત — ૩૫૫

તરવાનો ઉપાય બહારના ચમત્કારોમાં રહેલો નથી. બાહ્ય ચમત્કારો સાધકનું લક્ષણ પણ નથી. ચૈતન્યચમત્કારસ્વરૂપ સ્વસંવેદન તે જ સાધકનું લક્ષણ છે. જે ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માનાં દર્શન થતાં નથી. નિસ્પૃહ એવો થઈ જા કે મારે મારું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અસ્તિત્વ જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એક આત્માની જ રટ લાગે અને અંદરમાંથી ઉત્થાન થાય તો પરિણતિ પલટ્યા વિના રહે નહિ. ૩૫૫.**

**'તરવાનો ઉપાય બહારના ચમત્કારોમાં રહેલો નથી.'**

બહારમાં કોઈ ચમત્કાર દેખાય—વાણીનો, લેખનનો કે હાથકસબનો, પણ તેથી શું? તે કાંઈ આત્માના કલ્યાણનો ઉપાય નથી. અહા! આ તો મોટા લેખક છે, મોટા વક્તા છે; પણ તેમાં વિસ્મય પામવા જેવું શું છે? લેખક અને વક્તાપણું તે કાંઈ આત્માનું વેદન નથી. મહારાજનાં 'પગલાં' થયાં તેથી લક્ષ્મી મળી, દીકરા નહોતા ને દીકરા થયા, નવ દીકરી ઉપર એક ખોટનો દીકરો થયો—એ બધી વાત ખોટી. કોઈ બાવો કે જાદુગર હાથમાંથી કંકુ ઝરતું બતાવે કે છોકરીના કટકા કરી ફરી જીવતી બતાવે, તેમાં લોકોને ચમત્કાર લાગે; પરંતુ એ કોઈ ચમત્કાર નથી, માત્ર હાથની કળા છે. એક જાદુગર કહેતો હતો: 'મહારાજ! અમારા ચમત્કારો બધા ધતિંગ છે, નજરબંધીના ધંધા છે, હાથની ઝડપી કરામત છે; પણ દુનિયા વખાણે છે.' અમે કહ્યું: ભલેને વખાણે, પણ મરી જશો એમાં ને એમાં; એ બધું પુણ્યને લઈને છે, એમાં તમારી ઇચ્છા કાંઈ કામ આવતી નથી. વળી કોઈ કહે કે ભગવાનની પ્રતિમામાંથી અમી ઝર્યાં, મહારાજની 'ચાપડી' ફરી ને આપણે ન્યાલ થઈ ગયા—એ બધું ઢોંગે ઢોંગ છે, અથવા ભ્રમણા છે. એની સાથે આત્માને શો સંબંધ છે? ખરેખર, બહારના ચમત્કારો એ કોઈ તરવાનો—આત્મકલ્યાણનો—ઉપાય નથી.

**'બાહ્ય ચમત્કારો સાધકનું લક્ષણ પણ નથી.'**

ગણધર ભગવાન આદિ શ્રુતકેવળીઓને કદાચિત્ એવી એક લબ્ધિ પ્રગટે છે કે બાર અંગ જેવા શ્રુતસમુદ્રને અંતર્મુહૂર્તમાં ફેરવી જાય, સ્પષ્ટ વચનોચ્ચાર દ્વારા તેનો પાઠ કરી જાય, તોપણ એ કોઈ વિશેષ વસ્તુ નથી. કોઈ અભવ્ય જીવ પણ મુનિદીક્ષા લઈને અગિયાર અંગ ભણી જાય, વિભંગાવધિજ્ઞાન દ્વારા સાત દ્વીપ ને સાત સમુદ્ર પ્રત્યક્ષ દેખે, પરંતુ એ કોઈ વિશેષ ચીજ નથી, ભવના અંતનો ઉપાય નથી. શાસ્ત્રજ્ઞાનના કે બહારના જંત્રમંત્રના ચમત્કારો સાધકનું લક્ષણ પણ નથી.

**'ચૈતન્યચમત્કારસ્વરૂપ સ્વસંવેદન તે જ સાધકનું લક્ષણ છે.'**

અરે! રાગનું વેદન તો જીવને અનાદિ કાળથી છે. તેનું લક્ષ છોડી, અંતરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવનું ગ્રહણ કરીને અતીન્દ્રિય આનંદમય જે સ્વસંવેદન પ્રગટ થાય તે જ ખરો ચૈતન્યનો ચમત્કાર છે. અહા ! ચૈતન્યચમત્કારસ્વરૂપ નિર્મળ સ્વસંવેદનની તો શી વાત ! એ તો કોઈ અપૂર્વ, અદ્‌ભુત ને અનુપમ દશા છે. આત્માને પોતાની પર્યાયમાં પૂર્વે કદી નહોતું પ્રગટયું એવું અતીન્દ્રિય આનંદમય નિર્મળ સ્વસંવેદન પ્રગટ થતાં આખો શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવ કેવો છે તે અનુભવમાં આવ્યો. આવું સ્વસંવેદન આજે પણ પ્રગટ કરી શકાય છે.

**'જે ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માનાં દર્શન થતાં નથી.'**

ધર્મના નામે લોકો અનુભવની વાતો તો કરે છે. ઘણા વેદાંતીઓ કહે છે કે 'અમને અનુભવ પ્રગટ થયો છે', પણ તે મૂળ અનુભવ — સાચો અનુભવ — નથી. અનુભવના સ્વરૂપની વાતમાં ઘણો મોટો ફેર પડી ગયો છે. આત્માને સર્વવ્યાપક એક બ્રહ્મ માની, અંદરમાં કાંઈક 'ભાસ' થતાં પોતાને આત્માનો સાક્ષાત્કાર થયો, અનુભવ થયો એમ માની બેસે; પરંતુ એ કલ્પિત 'ભાસ' તો ધૂળેય અનુભવ નથી, એ તો બધો અજ્ઞાનનો ચમત્કાર છે.

સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત ગુણોનો ધણી જે નિજ શુદ્ધ આત્મા તેની અવસ્થામાં ગુણ-ગુણીના ભેદનો જે વિકલ્પ ઊઠે તે પણ રાગ છે. શુભરાગના એક કણને પણ જે ઊંડે ઊંડે લાભકારી માને, તેને આત્માનું યથાર્થ દર્શન કે સ્વાનુભૂતિ પ્રગટ થતી નથી. વેદાન્તમતમાં અનુભવની વાતો ઘણી આવે છે, પણ એ બધી કલ્પના છે. જેને અંતરમાં આત્માનું યથાર્થ સંવેદન પ્રગટ થયું છે તેની આખી દશા ફરી જાય છે. અહા ! આનંદનો સાગર એવો જે નિજ ચૈતન્યસ્વભાવ તેને ભૂલીને દેહાદિ પરમાં કે પુણ્યપરિણામમાં સુખબુદ્ધિ રહી ગઈ તો પોતાના પવિત્ર પ્રભુનાં દર્શન નહિ થાય.

રૂપિયાના ઢગલામાં લોકો સુખ માને છે, પણ તેમાં ધૂળેય સુખ નથી; તે સુખનું સાધન પણ નથી. લક્ષ્મી વગેરે કોઈ પરવસ્તુ જીવને સુખદુઃખનું કારણ નથી, તે તો માત્ર જ્ઞેય છે. પરવસ્તુમાં અનુકૂળ કે પ્રતિકૂળપણાની કોઈ છાપ નથી. અજ્ઞાની જીવ પરવસ્તુમાં અનુકૂળ-પ્રતિકૂળપણાની કલ્પના ઊભી કરી વ્યર્થ રાગ-દ્વેષ કરે છે. મુનિ-રાજને પણ આહાર-વિહારના વિકલ્પ આવે, પણ તેમાં તેઓ અનુકૂળ-પ્રતિકૂળપણાની કલ્પના કરતા નથી તેથી તેઓ તેના જ્ઞાતા જ છે, કર્તા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારું જાણપણું બીજાને બતાવું, લોકો મને ઓળખે, મને ગણતરીમાં ગણે — એ પણ રાગ છે, અભિમાન છે. જ્યાં સુધી રાગના એક કણનો પણ પ્રેમ છે ત્યાં સુધી આત્માનાં દર્શન થતાં નથી.

**'નિસ્પૃહ એવો થઈ જા કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.'**

આત્મા દ્રવ્ય-પર્યાયસ્વરૂપ અનાદિનિધન વસ્તુ છે. તેના અસ્તિત્વને વિષે પર્યાય છે ખરી, પરંતુ તે તો વર્તમાન પલટતો અંશ છે. આત્માનું આખું સનાતન સહજ અસ્તિત્વ ત્રિકાળ એકરૂપ ધ્રુવ છે. અહીં કહે છે કે વિશ્વના અન્ય બધા ભાવોની વાત તો દૂર રહો, પણ પોતાની સમયે સમયે નવી નવી થતી ક્ષણિક પર્યાયો પ્રત્યે પણ નિસ્પૃહ એવો થઈ જા કે મારે તો મારું ત્રિકાળશુદ્ધ ચૈતન્યસામાન્યમય ધ્રુવ અસ્તિત્વ જ જોઈએ છે, બીજું કાંઈ — દુનિયાનાં માન, બીજા મને મોટો ગણે વગેરે — જોઈતું નથી.

મારે મારી ત્રિકાળી સહજ સત્તા, સહજશુદ્ધ ત્રિકાળી જ્ઞાનાનંદ આદિ અનંત શક્તિઓથી ભરપૂર ધ્રુવ અસ્તિત્વ જ જોઈએ છે; તેમાં 'જોઈએ છે' એવો ભાવ છે તો વર્તમાન પર્યાય, પરંતુ તે પર્યાયરૂપ કાર્યમાં શું જોઈએ છે? — તો અહીં કહે છે કે શ્રદ્ધા ને જ્ઞાનના લક્ષ્યપણે મારે મારું ત્રિકાળશુદ્ધ સહજ પૂર્ણ અસ્તિત્વ જ જોઈએ છે, દૃષ્ટિના વિષયભૂત જ્ઞાયક પરમભાવસ્વરૂપ નિજ પૂર્ણ સત્તા જ જોઈએ છે.

સમયસારની ૩૨૦ મી ગાથાની જયસેનાચાર્યદેવકૃત ટીકામાં આવે છે ને, કે જે જીવને સ્વાનુભવ થયો છે, વિવક્ષિત-એકદેશશુદ્ધનયાશ્રિત નિર્વિકારસ્વસંવેદનસ્વરૂપ આંશિક શુદ્ધિરૂપ સાધનામય પરિણતિ પ્રગટ થઈ છે, તેની તે નિર્મળ પરિણતિ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે, તોપણ તે ધ્યાતા પુરુષ જ્ઞાની ધર્માત્મા એમ ધ્યાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ તે એમ ધ્યાતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું'. અહો! આવી વાત છે. સાધકને પર્યાયમાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ પ્રગટ થયાં છે, છતાં પણ તે, નિર્મળ પર્યાયોનું પણ ધ્યાન કરતો નથી; તેનું ધ્યેય, આલંબન ને આશ્રય તો એકમાત્ર ત્રિકાળશુદ્ધ જ્ઞાનાનંદમય નિજ ધ્રુવ અસ્તિત્વ જ છે. મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે, બીજું (પર્યાયભેદ કે ગુણભેદ વગેરે) કાંઈ જોઈતું નથી — એમ કહીને બહેન એમ કહે છે કે તારી વર્તમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયને તારા ત્રિકાળી ધ્રુવ સહજ અસ્તિત્વમાં જોડી દે. વર્તમાન પર્યાયમાં જ્ઞાયક-સ્વભાવમય શુદ્ધ ધ્રુવ અસ્તિત્વને ગ્રહણ કરીને તદ્રૂપ પરિણમી જા. અહા! આવો મારગ છે, સમજાય છે કાંઈ?

પ્રભુ! આ તો તારા ઘરની વાત છે ને નાથ! અંદર તારો ભગવાન જ્ઞાયક આત્મા પૂર્ણ સત્તામય સહજ અસ્તિત્વથી કાયમ બિરાજે છે ને પ્રભુ! બહેને સાદી ભાષામાં કહ્યું છે ને!—"જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ." અરે! હવે તો નાનાં છોકરાંઓ પણ બોલતાં શીખી ગયાં છે કે 'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?' તે સાંભળી મનમાં થયું 'વાહ!' 'જાગતો જીવ' એટલે ધ્રુવ જ્ઞાયકભાવ. 'જાગતો જીવ ઊભો છે' તેનો અનુવાદ હિન્દીમાં 'जागता जीव विद्यमान है' કર્યો છે, તેના કરતાં 'जागता जीव खड़ा है'—એ વધુ ઠીક છે.

'મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે' તેમાં 'મારું' શબ્દ કેમ પડ્યો છે? અસ્તિત્વ તો પુદ્ગલ આદિ શેષ પાંચ દ્રવ્યો તેમ જ અન્ય આત્માઓ વિષે પણ છે, પણ તેમનાં અસ્તિત્વ સાથે મારે કોઈ પ્રયોજન નથી, તેમનાં અસ્તિત્વથી મને કોઈ લાભ-નુકસાન નથી. અરે! 'મારું અસ્તિત્વ' એટલે વર્તમાન ક્ષણિક પર્યાય જેવડું અસ્તિત્વ નહિ, પરંતુ વર્તમાન પર્યાય દ્વારા જીવ જેનું આલંબન લે છે, જેનો આશ્રય તેમ જ સ્વીકાર કરે છે એવો જે નિજ ત્રિકાળશુદ્ધ ધ્રુવ ચૈતન્યસ્વભાવ તે જ ખરેખર મારું અસલી અસ્તિત્વ છે. મારે મારું જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળશુદ્ધ સહજ અસ્તિત્વ જ જોઈએ છે, તે સિવાય બહારનાં માન-મોટપ, વૈભવ, ઊંચાં પુણ્ય કે રાગનો કણ વગેરે બીજું કાંઈ જોઈતું નથી. અહા! આવી ભાવના અંતરમાં પ્રગટે ત્યારે તેને અંદર આત્મા હાથ આવે. આજે વિષય બહુ સારો આવી ગયો છે, બેસતું વર્ષ છે ને; આજે વિ. સં. ૨૦૩૫નું વર્ષ બેઠું ને!

જ્ઞાનલક્ષણથી ઓળખાતો આ આત્મા પોતાની વર્તમાન પર્યાય જેટલો પણ નથી, તો પછી તેને સ્ત્રી-પુત્ર, દાળ-ભાત-રોટલી, ઇંદ્રિયો કે શરીર-વાણી વગેરે ભિન્ન અસ્તિત્વ-ધારક પરદ્રવ્યો સાથે શો સંબંધ છે? આત્મા તો તેમને અડતો પણ નથી. આત્મા દ્રવ્યેન્દ્રિયનો ય સ્વામી નથી તો તે કઈ રીતે સ્ત્રીને ભોગવે, રસને ચાખે, ગંધને સૂંઘે, રૂપને દેખે કે પ્રશંસાને સાંભળે? પ્રભુ! તું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છો ને! તારે પર સાથે કોઈ મેળ ખાય તેમ નથી, તારા ત્રિકાળશુદ્ધ ચૈતન્યમય સહજ અસ્તિત્વ સાથે જ તારો મેળ ખાય એમ છે. માટે તું તેનું ગ્રહણ કર, રુચિમાં તેનો જ આશ્રય ને આલંબન લે, જેથી તારું કલ્યાણ એટલે કે પરમાનંદપદની પ્રાપ્તિ થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસારની ૭૨મી ગાથામાં આસ્રવોને અશુચિ, વિપરીત ને દુઃખનાં કારણો વગેરે કહીને જીવને દરેક બોલમાં 'ભગવાન આત્મા' કહ્યો છે. ભગવાન આત્મા પરમ શુચિ ચૈતન્યમય ને દુઃખનું અકારણ (સુખનું કારણ) છે. અહા! સંતોની ભાષા ને સંબોધન તો જુઓ! અત્યારે તો જીવને 'ભગવાન આત્મા' કહો તો લોકો ભડકે. એક શેઠે એક ત્યાગીની સભામાં કહ્યું: સોનગઢમાં તો સ્વામીજી જીવને 'ભગવાન આત્મા' કહે છે; તે સાંભળીને ત્યાગીએ કહ્યું: 'આત્મા અત્યારે ભગવાન કેવો? ભગવાનપણું પ્રગટે ત્યારે ભગવાન કહેવાય.' અરેરે! શું થાય? અત્યારના ત્યાગીઓને પણ ખબર નથી કે આચાર્યદેવ પહેલેથી, એટલે કે પર્યાયમાં શુભાશુભ આશ્રવો છે તે વખતે પણ, આત્માને અંદર શક્તિ-અપેક્ષાએ, સ્વભાવ-અપેક્ષાએ વર્તમાનમાં જ 'ભગવાન' કહે છે. લૌકિક નાટકમાં પણ અનસૂયા હાલરડું ગાતાં પોતાના પુત્રને કહે છે: 'શુદ્ધોઽસિ, બુદ્ધોઽસિ, નિર્વિકલ્પોઽસિ'. અત્યારે તો સંપ્રદાયના સાધુઓ પણ 'અત્યારે ભગવાન હોય?'—એમ કહી વિરોધ કરે છે. અરે! બાપુ! આત્મા તો ત્રણે કાળે શક્તિ-અપેક્ષાએ ભગવાન છે; શક્તિ-સ્વભાવ-અપેક્ષાએ 'ભગવાન' ન હોય તો પર્યાય-અપેક્ષાનું ભગવાનપણું પ્રગટશે ક્યાંથી? તે શું દેવ-ગુરુ વગેરે નિમિત્તોમાંથી કે બીજે ક્યાંય બહારથી આવે છે? સ્વભાવમાં છે તે, અંતર્મુખ પુરુષાર્થથી પર્યાયમાં પ્રગટ થાય છે.

તેથી અહીં કહે છે કે સ્વભાવ સિવાય, મારા સહજશુદ્ધ અસ્તિત્વ સિવાય મારે બીજું કાંઈ જોઈતું નથી. શુભ રાગનો કણ, તેનાથી બંધાતું ઊંચું પુણ્ય કે તેનું ફળ સ્વર્ગ—અરે! જેનાથી તીર્થંકર નામકર્મ બંધાય એવો ઊંચો શુભ ભાવ—વગેરે બીજું કાંઈ જોઈતું નથી.

**'એક આત્માની જ રટ લાગે અને અંદરથી ઉત્થાન થાય તો પરિણતિ પલટ્યા વિના રહે નહિ.'**

એક માત્ર નિજ શુદ્ધ જ્ઞાયક આત્માની જ રટ, લગની, ખટક, તડપ લાગે—એ સિવાય કોઈ પર્યાય, રાગ, નિમિત્ત કે બાહ્ય ચમત્કારની નહિ—અને અંતરમાંથી સહજ ઉત્થાન થાય, અંદર રુચિનો ઉદય થાય, અંદરમાં તાલાવેલી ઊગે તો પરિણતિ પલટો ખાય, પરિણતિ આત્મામય થાય અને ભવભ્રમણનો અંત આવે. અરેરે! જીવને હજી ૮૪ લાખ યોનિના અવતારનો થાક લાગતો નથી ને જે શુભાશુભ પરિણમન અનંત વાર કર્યું છે તે જ ફરીફરીને કર્યા કરે છે. જીવે ગત અનાદિકાળ શુભાશુભના ચક્કરમાં જ વીતાવ્યો છે. નિગોદમાં પણ પરિણામોને વિષે સંકલેશ ને વિશુદ્ધતા-જનિત તારતમ્ય હોય છે. પરિણામમાં તેને યોગ્ય વિશુદ્ધતાના બળે જીવ નિગોદમાંથી નીકળી ત્રસમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે છે. ત્રસપણું પ્રાપ્ત થવું એ પણ ઘણું દુર્લભ છે. 'દુર્લભ લહી જ્યોં ચિન્તામણિ, ત્યોં પર્યાય લહી ત્રસતણી.' અહા! જ્યાં ત્રસપર્યાય પણ ચિંતામણિ સમ દુર્લભ કહી છે ત્યાં મનુષ્યપર્યાયની દુર્લભતાની તો વાત જ શી! અરે! આવો અતિ અતિ દુર્લભ મનુષ્યભવ શાને માટે છે? ચિદાનંદ સત્સ્વરૂપ નિજ ભગવાન આત્માની સાનુભવ પ્રાપ્તિ માટે છે. તેથી જ અહીં કહ્યું છે ને! કે 'મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે' એવી અંતરમાં એકધારી રટ લાગે, અંદરમાંથી ઉત્થાન થાય, અંદર સ્વસન્મુખતાનો પુરુષાર્થ જાગે, તો પરિણતિ પલટયા વિના રહે નહિ, સ્વાનુભૂતિમય સાધના વડે ભવનો અભાવ થયા વિના રહે નહિ.

— o —

## વચનામૃત — ૩૫૬

મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે. ઉપયોગ તીખો થઈને ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે. બહાર આવતાં મડદા જેવી દશા હોય છે. શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે. શાન્તિનો સાગર પ્રગટ્યો છે. ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો ઊછળે છે. જ્ઞાનમાં કુશળ છે, દર્શનમાં પ્રબળ છે, સમાધિના વેદનાર છે. અંતરમાં તૃપ્ત તૃપ્ત છે. મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે. જિન નહિ પણ જિનસરખા છે. ૩૫૬.

**'મુનિરાજનો નિવાસ ચૈતન્યદેશમાં છે.'**

હવે મુનિરાજની વાત કહે છે. પૂર્ણાનંદનો નાથ એવો જે નિજ ભગવાન આત્મા તે, મુનિરાજનો નિવાસ છે; વનમાં, ગુફામાં, શરીરમાં, વાણીમાં કે અઠ્ઠાવીસ મૂળ-ગુણના શુભ વિકલ્પમાં તેમનો વાસ નથી. જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યદેશમાં અંશે વાસ તો અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ છે, પરંતુ નીચલી ભૂમિકા હોવાથી તેને ભૂમિકાને અનુરૂપ શુભાશુભ વિકલ્પ વધારે આવે છે, અને સ્વાનુભવપરિણત ભાવલિંગી મુનિરાજને અંતરમાં સ્થિરતા—શુદ્ધતા ઘણી વધી ગઈ હોવાથી બહુ થોડા વિકલ્પો આવે છે. જોકે છઠ્ઠા ગુણસ્થાન કરતાં સાતમા ગુણસ્થાનનો કાળ અર્ધો છે અને સાતમા કરતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છઠ્ઠાનો કાળ બમણો છે; છઠ્ઠામાં પ્રમાદના વિકલ્પો હોય છે તોપણ મુનિરાજ કહે છે કે 'અમે તો સ્વદેશમાં વસીએ છીએ.' અહા! ચૈતન્યદેશ એ જ મુનિરાજનો નિવાસ છે. અહો! ચૈતન્ય જેનો બાદશાહ છે, ચૈતન્યસ્વભાવ જ જેનો દેશ છે એવા વીતરાગ મુનિરાજનો નિવાસ ખરેખર નિજ આત્મા જ છે.

**'ઉપયોગ તીખો થઈને ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે.'**

ઉપયોગ એટલે જાણવા-દેખવાનો વર્તમાન વ્યાપાર. તીખો એટલે સૂક્ષ્મ. મુનિરાજને ઉપયોગ સૂક્ષ્મ થઈને ચૈતન્યની ગુફામાં ઊંડે ઊંડે ચાલ્યો જાય છે. અહા! જુઓ, આનું નામ મુનિપણું. અરેરે! સાચું મુનિપણું હજુ સાંભળવા પણ મળ્યું નથી, ત્યાં મુનિ થઈ ગયા ક્યાંથી? અરે! મુનિપણું કહેવું કોને? વસ્ત્રપાત્ર સહિત મુનિપણું માનવું તે તો ગૃહીત મિથ્યાત્વ છે. બહારથી નગ્ન હોય, ૨૮ મૂલગુણોનું બરાબર પાલન કરતા હોય, પરંતુ અંતરમાં વસ્તુસ્વરૂપની ખબર ન હોય તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. જોકે અત્યારે, બહારથી નગ્ન દિગંબર વેશ ધારણ કર્યો હોવા છતાં, અઠ્યાવીસ મૂળગુણનાં પણ ઠેકાણાં જોવામાં આવતાં નથી. અહીં તો સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી મુનિરાજની વાત ચાલે છે. મુનિરાજનો ઉપયોગ—અંતર્મુખ ચૈતન્યવ્યાપાર સૂક્ષ્મ થઈને ઊંડે ઊંડે ચૈતન્યના તળમાં—ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે, સ્વરૂપરમણતામાં વધુ સ્થિર થતો જાય છે. ઉપયોગ બહાર જતાં રાગનું ઉત્થાન થાય છે, અંદર જતાં રાગનું શમન થઈને સ્વરૂપ-સ્થિરતા વધી જાય છે, ઊંડે ઊંડે ચૈતન્યગુફામાં ચાલ્યો જાય છે. સમયસારની ૪૯મી ગાથા ઉપર શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં કહ્યું છે ને!—કે શુદ્ધનિશ્ચયનયે જે પુદ્‌ગલદ્રવ્યના સર્વ વર્ણાદિ ગુણો ને શબ્દાદિ પર્યાયોથી રહિત છે, જે સર્વ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ને મનોગત રાગાદિ વિકલ્પોનો વિષય નથી, જે ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય, કાળદ્રવ્ય ને બાકીના અન્ય જીવોથી ભિન્ન છે તથા જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ ને અનંતવીર્યસ્વરૂપ છે તે જ શુદ્ધાત્મા છે અને તે જ દુર્લભ, અપૂર્વ ને ઉપાદેય છે—એમ સમજીને નિર્મોહ ને નિરંજન એવી જે નિજ શુદ્ધાત્મ-સમાધિ તેનાથી સમુત્પન્ન જે સુખામૃતરસ તેની અનુભૂતિસ્વરૂપ ગિરિગુફાની બખોલમાં સ્થિર થઈને સર્વ તાત્પર્યરૂપે તેનું (શુદ્ધાત્માનું) ધ્યાન કરવું.

બહેને પહેલાં (૩૫૫મા બોલમાં) સમ્યગ્દર્શનની વાત કહી અને હવે આમાં (૩૫૬મા બોલમાં) સ્વરૂપસ્થિરતાની—મુનિપણાની વાત કહે છે. બાપુ! મુનિપણું કોને કહેવાય?—કે જેમનો નિવાસ ચૈતન્યદેશ છે અને જેમનો ઉપયોગ સૂક્ષ્મ થઈને ઊંડે ઊંડે ચૈતન્યની સ્વાનુભૂતિસ્વરૂપ ગુફામાં વારંવાર ચાલ્યો જાય છે તેમને મુનિરાજ કહેવામાં આવે છે. અહા! ધન્ય તે મુનિદશા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'બહાર આવતાં મડદા જેવી દશા હોય છે.'**

અંતરમાં જે સ્વાનુભવની ઝળહળતી જ્યોત — જીવતી જ્યોત પ્રગટપણે વર્તી રહી છે તેમાં મુનિરાજ સદા જાગ્રત રહે છે; વિકલ્પથી તેઓ મરી ગયા છે, કદાચિત્ વ્રતાદિના વિકલ્પ ઊઠે ને ઉપયોગ બહારમાં આવે ત્યારે તેમની દશા વિકલ્પ ને બાહ્ય પદાર્થો પ્રત્યે મડદા જેવી નીરસ ને નિરુત્સુક હોય છે. બહેનના ૪૦૧મા બોલમાં આવે છે ને! — જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. કદાચિત્ દયા, દાન, શાસ્ત્રસ્વાધ્યાય વગેરેના વિકલ્પ ઊઠે ત્યારે તેમને અંતરમાં એમ થાય છે કે, 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી, × × × અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.'

અહા! વિકલ્પમાં આવવાની પણ જેમને હોંશ ઊડી ગઈ છે એવા મુનિરાજની અંતરની દશાની શી વાત! ઉપયોગ બહારમાં કે વિકલ્પમાં આવતાં તેમની દશા મડદા જેવી થઈ ગઈ હોય છે. અહા! મુનિદશા તો આવી કોઈ અદ્ભુત ચીજ છે!

**'શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે.'**

મુનિરાજને દેહાતીત નિજ ભગવાન આત્મામાં સાનુભવ પ્રચુર સ્થિરતાને લીધે આનંદની ઉગ્ર દશા પરિણમી ગઈ છે તેથી તેમને દેહાદિ સર્વ પદાર્થો પ્રત્યેનો રાગ છૂટી ગયો છે.

**'શાન્તિનો સાગર પ્રગટ્યો છે.'**

સાગરમાં જેમ ભરતી આવે છે તેમ, મુનિરાજને અંદર ચૈતન્યસાગરમાં શાન્તિ ને આનંદની ભરતી આવી છે, અંતરમાં શાન્તિનો સાગર ઊછળ્યો છે. ચતુર્થ ગુણસ્થાનવર્તી સમકિતીને શાન્તિ તો પ્રગટી છે, પણ તે અલ્પ છે; મુનિરાજને શાન્તિ ઘણી વધી ગઈ છે. મુનિરાજ સ્વરૂપગુપ્ત થઈ ગયા છે. પ્રચુર સ્વસંવેદન જ તેમનું ભાવલિંગ છે. સમયસારની પાંચમી ગાથાની ટીકામાં કહ્યું છે ને! — નિરંતર ઝરતો — આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન તે જ મુનિરાજનો નિજવૈભવ છે.

**'ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો ઊછળે છે.'**

સમુદ્રમાં ભરતી આવે ત્યારે મોજાં ઊછળીને કાંઠે આવે, તેમ મુનિરાજને ચૈતન્ય-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહાસાગરમાં સાધનાની ભરતી આવી છે અને તેથી અંદર ચૈતન્યની પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન, શાન્તિ, આનંદ, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ અનંત ગુણોના યથાસંભવ નિર્મળ તરંગો ઊછળે છે.

**'જ્ઞાનમાં કુશળ છે, દર્શનમાં પ્રબળ છે, સમાધિના વેદનાર છે.'**

મુનિરાજ જ્ઞાનમાં, સમ્યક્ વિવેક—સ્વપરનું ને સ્વભાવ-વિભાવનું યથાર્થ ભેદ-વિજ્ઞાન—પરિણમેલ હોવાથી, કુશળ છે, પ્રવીણ છે, ચતુર છે; ત્રિકાળશુદ્ધ જ્ઞાયકભાવના આશ્રયરૂપ શ્રદ્ધાનું જોર અંતરમાં એકધારું સતત વર્તતું હોવાથી દર્શનમાં પ્રબળ છે; અને અંદર સ્વભાવના અવલંબન વડે સ્વરૂપસ્થિરતા ઘણી જ વધી ગઈ હોવાથી સમાધિના—શાન્તિના વેદનાર છે. જેમ બાપનો અણસાર દીકરામાં આવે, તેમ મુનિરાજમાં, સર્વજ્ઞ-પિતાના ધર્મપુત્ર હોવાથી, સર્વજ્ઞ પરમાત્માનો—તેમની શાન્તિ, સમાધિ, સુખનો—અણસાર આવે છે. શાન્તિનો કણ તો રાજ્યમાં પડેલા સમકિતીને પણ હોય છે પરંતુ તે અલ્પ છે, મુનિરાજ જેવો પ્રચુર નથી. સમકિતીને તો કષાયની એક ચોકડીનો અભાવ થયો છે. મુનિરાજને તો કષાયની ત્રણ ચોકડીનો અભાવ થયો છે, અંતરમાં સાધના ઘણી વધી ગઈ છે; તેમને તો અંદર શાન્તિનો સાગર ઊમટ્યો છે; તેઓ જ્ઞાનમાં પ્રવીણ છે, શ્રદ્ધામાં સુદૃઢ છે, સ્વરૂપરમણતામાં રત છે ને સમાધિના વેદનાર છે.

**'અંતરમાં તૃપ્ત તૃપ્ત છે.'**

જેમ બ્રાહ્મણ, લાડવા ખાઈને મંથર—સુસ્ત થવાથી, મલપતી ચાલે ચાલે, તેમ મુનિરાજને અંદર સાધનાનો આનંદ એટલો બધો વધી ગયો છે કે જેથી તેઓ સ્વરૂપ-મંથર થઈ ગયા છે, સ્વરૂપમાં જામી ગયા છે, અંતરમાં તૃપ્ત તૃપ્ત છે.

**'મુનિરાજ જાણે વીતરાગની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે.'**

વચનામૃતના ૪૧૭મા બોલમાં એમ આવે છે કે—જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે; પણ અહીં વિશેષ કહ્યું છે: મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય, જિનબિંબ હોય એ રીતે પરિણમી ગયા છે. આત્મા સ્વભાવે જેમ જિનસ્વરૂપ છે તેમ પર્યાયમાં પણ મુનિરાજ જાણે વીતરાગ જિનબિંબ હોય એમ પરિણમી ગયા છે.

**'દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે.'**

અહા! મુનિરાજને અંતરમાં અકષાયના ઢાળા ઢળી ગયા છે. સ્તવનમાં આવે છે ને!—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપશમ રસ વરસે રે પ્રભુ તારાં નયનમાં,
હૃદયકમળમાં દયા અનંત ઊભરાય જો;
વદનકમળ પર પ્રસન્નતા પ્રસરી રહી,
ચરણકમળમાં ભક્તિરસ રેલાય જો.

જેમના દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે, દેદારમાં વીતરાગતા નીતરી રહી છે એવા મુનિરાજની તો શી વાત? તેઓ તો વીતરાગ રસના ઢીમ — ઢાળિયો થઈ ગયા છે.

**'જિન નહિ પણ જિનસરખા છે.'**

મુનિરાજ ભલે અત્યારે પૂર્ણ જિન નથી, કેવળજ્ઞાની નથી, તોપણ તેમને 'જિન-સરખા' કહેવામાં આવે છે. ચતુર્થ ગુણસ્થાનવર્તી સમકિતી પણ 'જિન' તો કહેવાય છે, પરંતુ મુનિરાજને તો, અંદર સ્વરૂપરમણતા ઘણી વધી ગઈ હોવાથી, 'જિનવર' કહેવામાં આવે છે અને તીર્થંકર-કેવળી ભગવંતોને 'જિનવરવૃષભ' કહેવામાં આવે છે. સમકિતી જિનેન્દ્રના લઘુનંદન છે અને મુનિરાજ જિનેન્દ્રના પાટવીપુત્ર છે. તેથી મુનિરાજ 'જિન' નહિ પણ 'જિનસરખા' કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાતો છે.

મુનિરાજ દેહમાં રહ્યા હાલે-ચાલે, આહાર-પાણી લે, છતાં કહે છે કે તેઓ 'જિન-સરખા' છે! ભાઈ! બહારની ક્રિયા ન જો, એ તો બધું જડનું પરિણમન છે, ઉપર-ટપકે છે, અંદર ભગવાન અંતરાત્મા તો ઊંડે ઊંડે દ્રવ્યસ્વભાવમાં પડયો છે; આખો દ્રવ્યસ્વભાવ જેમણે અંતરમાં તાબે કર્યો છે તેમને 'જિન' નહિ પણ 'જિનસરખા' કહેવામાં આવે છે.

— o —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૩૮

તા. ૨-૧૧-૭૮

## વચનામૃત — ૩૫૭

આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે, એકલો મુક્ત થાય છે. તેને કોઈનો સાથ નથી. માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે. આમ ચૌદ બ્રહ્માંડમાં એકલા ભમતાં જીવે એટલાં મરણ કર્યાં છે કે તેના મરણના દુઃખે તેની માતાની આંખમાંથી જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય. ભવપરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે, આવો ઉત્તમ જોગ મળ્યો છે, તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે, વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે. માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખના પંથે જા, એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે. ૩૫૭.

**'આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે, એકલો મુક્ત થાય છે.'**

આ જન્મમરણની ભયંકર ભવાટવીમાં પોતાના શુભાશુભ પરિણામોને કારણે બાંધેલાં પ્રારબ્ધને વશ જીવ એકલો જન્મે છે, તે તે ગતિ ને આયુષ્ય કર્મ પૂરું થતાં જીવ એકલો મરે છે. મરણ થતાં તેનો સર્વથા નાશ થતો નથી, પણ ઉપાર્જિત પુણ્ય-પાપ કર્મોનાં ફળ ભોગવવા બીજા ભવમાં તેનો જન્મ થાય છે. આ રીતે જન્મમરણનો પ્રવાહ જીવને અનાદિકાળથી પ્રવર્તી રહ્યો છે. જન્મમરણનું મૂળ કારણ એવો જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાત્વ ને અજ્ઞાનમય નિજ ભાવ, તેનો સત્સમાગમે પોતાના અંતર્મુખ પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત થનારા સમ્યક્ત્વ ને આત્મજ્ઞાન વડે નાશ કરવામાં ન આવે ત્યાં સુધી જીવ એકલો આ દુઃખપ્રચુર ભવાટવીમાં પરિભ્રમણ — ફરી ફરી ૮૪ લાખ યોનિમાં જન્મ-મરણ — કર્યા કરે છે. કદાચિત્ અત્યન્ત દુર્લભ મનુષ્યભવ પામી, જ્ઞાની અનુભવી ગુરુના સમાગમે અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માને સમજીને, અનુભવીને તથા તેમાં સ્થિર થઈને જીવ એકલો જ મુક્તિદશાને પ્રાપ્ત કરે છે.

**'તેને કોઈનો સાથ નથી.'**

જન્મ, મરણ કે મુક્તિમાં જીવને કોઈનો સાથ નથી, સર્વત્ર જીવ એકલો જ પોતાનાં સુખદુઃખને ભોગવે છે. ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ જીવને તેનાં દુઃખમાં કાંઈ સહાય કરી શકતાં નથી. કુટુંબીઓ અને વૈદ્ય-દાક્તરો દ્વારા બચાવવાના પ્રયત્નો કરવામાં આવતાં હોવા છતાં પણ, મહાબળપરાક્રમવાળા જીવનું એકલાનું જ, ઇચ્છા નહિ હોવા છતાં, સ્વયમેવ મરણ થાય છે અને અન્ય ગતિમાં તે જીવ એકલો જ સ્વયમેવ જન્મે છે; જીવ એકલો જ પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત નિજ શુદ્ધાત્માશ્રિત નિર્મળ ધ્યાન વડે જન્મમરણના હેતુભૂત સમસ્ત કર્મમળનો ક્ષય કરીને શીઘ્ર નિર્વાણ પામે છે. જન્મ, મરણ કે મોક્ષની વિધિમાં તેને કોઈનો સાથ કે સહારો નથી.

**'માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે.'**

જન્મ-મરણ કે સુખ-દુઃખના પ્રકારોમાં જીવને કોઈ સહાયભૂત થતું નથી, છતાં અનાદિ અભ્યાસથી પ્રવર્તતી ભ્રાન્તિને — મિથ્યા કલ્પનાને — કારણે તે બીજાની ઓથ ને આશ્રય માને છે. મરણકાળે પિતા, પુત્ર, પત્ની કે પરિવાર કોઈ બિલકુલ મદદરૂપ થતું નથી. 'મને કોઈ બચાવો' એમ તેનું હૃદય વલખાં મારતું હોય તોપણ શું વડીલો, સ્નેહીઓ, પરિવાર કે ધનના ઢગલા તેને ઓથ કે આશ્રય આપી શકે છે? — બચાવી શકે છે? જીવ સ્વયં કર્મ કરે છે, સ્વયં તેનું ફળ ભોગવે છે, સ્વયં સંસારમાં પરિભ્રમણ કરે છે અને સ્વયં પરિભ્રમણથી મુક્ત થાય છે; તેમાં કોઈ બીજાની — કુટુંબની કે ગુરુની — ઓથ ને આશ્રય માનવો તે કેવળ ભ્રાન્તિ છે.

**'આમ ચૌદ બ્રહ્માંડમાં એકલા ભમતાં જીવે એટલાં મરણ કર્યાં છે કે તેના મરણના દુઃખે તેની માતાની આંખમાંથી જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેવ, મનુષ્ય, તિર્યંચ ને નરક—એ ચાર ગતિઓમાં જીવ અનાદિથી એકલો જ પરિભ્રમણ કરી રહ્યો છે. પરિભ્રમણના પ્રવાહમાં તેણે એટલાં મરણો કર્યાં છે કે તેના મરણના દુઃખે તેની માતાએ જે વિલાપ કર્યા છે તેનાં આંસુથી સમુદ્રો ભરાય. ભાવપાહુડમાં આવે છે ને!—

તુજ મરણથી દુઃખાર્ત બહુ જનની અનેરી અનેરીનાં
નયનો થકી જળ જે વહ્યાં તે ઉદધિજળથી અતિ ઘણાં.

અરે! આ સંસારમાં કોણ કોની માતા ને કોણ કોનો પુત્ર? મા મરીને નરકે જાય અને પુત્ર મરીને સ્વર્ગે જાય, પુત્ર મરીને નરકે જાય અને મા મરીને સ્વર્ગે જાય. ભવ પલટતાં કોઈને એકબીજા સાથે છે કાંઈ સંબંધ? કોઈને એકબીજા સાથે છે કાંઈ લેવાદેવા?

**'ભવપરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે, આવો ઉત્તમ જોગ મળ્યો છે, તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે, વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે.'**

ભાઈ! આ મનુષ્યનો અવતાર મળવો ઘણો ઘણો દુર્લભ છે. અરે! ત્રસપણું મળવું પણ જ્યાં રત્નચિંતામણિ સમ અતિ દુર્લભ છે ત્યાં મનુષ્યભવની દુર્લભતાની તો શી વાત? 'દુર્લભ લહિ જ્યોં ચિંતામણિ, ત્યોં પર્યાય લહી ત્રસ તણી.' માંડમાંડ મનુષ્યપણું મળ્યું, સત્સમાગમનો આવો ઉત્તમ જોગ મળ્યો, પણ જીવે તેની કિંમત ન કરી, આત્મહિતની દરકાર ન કરી; તેણે વિષયો પાછળ દુર્લભ મનુષ્યભવ વેડફી નાખ્યો.

હું સ્વભાવે પરમાનંદશક્તિનો પિંડ છું; મારું સુખ મારામાં છે, તેના માટે પત્ની, પુત્ર, પરિવાર, પૈસો કે બંગલા વગેરે બહારના પદાર્થો જરા પણ સાધન થતા નથી, એ બધા તો મોહનાં એટલે કે દુઃખનાં નિમિત્તો છે. કસ્તૂરી પોતાની નાભિમાં છે પણ હરણને તેની ખબર કે કિંમત નથી, તેમ સુખ આત્માનો સ્વભાવ છે, પણ પોતાને તેની ખબર કે કિંમત નથી. અંદર અતીન્દ્રિય આનંદનો સાગર ભર્યો છે, તેને બરાબર ઓળખીને, ગ્રહણ કરીને—અનુભવીને પોતાનું હિત કરી લેવા જેવું છે. સત્શ્રવણનો આવો અનુપમ અવસર મળ્યો છે, વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે.’**

આવા મનુષ્યભવ અને ઉત્તમ સમાગમના યોગમાં આત્માનું કરી લેવા જેવું છે, નહીં તો વીજળીના ઝબકારાની જેમ આ બધું અલ્પ કાળમાં ચાલ્યું જશે; પછી આવો મનુષ્યભવ અને આવો ઉત્તમ સત્સમાગમ ફરીને ક્યારે મળશે ?

**‘માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખના પંથે જા, એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે.’**

પુણ્યપાપના વિભાવભાવોમાં પોતાપણું માનીને જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે તેમ અંતરમાં અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ત્રિકાળશુદ્ધ આત્માના આલંબને પ્રગટ થનારા શાશ્વત સુખના પંથે તું એકલો જ જા. તું તારી વર્તમાન વર્તતી દશાને જે બહારમાં જોડી રહ્યો છે તેને તારા ત્રિકાળી ધ્રુવ સુખભરપૂર જ્ઞાયકસ્વભાવમાં જોડી દે. પોતાની વર્તમાન દશાને સ્વભાવમાં જોડી દેવી તે જ સુખનો પંથ છે. પોતાની વર્તમાન દશાને સ્વભાવમાં ન જોડતાં, ગુણભેદ, પર્યાય, રાગ-દ્વેષ કે પુણ્યપાપમાં જોડવી તે દુઃખનો પંથ છે. ચૈતન્યલક્ષણથી લક્ષિત — દયા-દાન, રાગ કે વિકલ્પથી લક્ષિત નહિ — એવા નિજ ત્રિકાળી જ્ઞાયકભાવ પ્રત્યે લક્ષ વાળવું તે જ સુખનો ઉપાય છે. અહા! ભાષામાં તો કેટલું આવે? ભાવો ઘણા ઊંડા છે. આત્મા સ્વતંત્ર પદાર્થ હોવાથી પોતે એકલાએ જ સુખના પંથે જવાનું છે, ત્યાં કોઈ મદદગાર કે સથવારો નથી. સુખના પંથે એકલો જ જઈને, તું એકલો જ મુક્તિને વરી લે. ‘હું જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળશુદ્ધ ભગવાન આત્મા છું’ — એમ અંદર દૃષ્ટિ લગાવીને, એકલો જ અનુભવને પ્રાપ્ત કરીને, એકલો જ સ્વરૂપમાં સ્થિર થઈ જા, જેથી તું એકલો જ — કોઈની મદદ વિના — મુક્તિને પ્રાપ્ત કરીશ. આ બોલમાં વૈરાગ્યની વાત કહીને બહેન હવેના બોલમાં પોતાનો વિનય કહે છે.

— o —

## વચનામૃત — ૩૫૮

**ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્યભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પંથીએ પંથીએ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે. ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે. માલ ચોળીને, તૈયાર કરીને આપે છે કે ‘લે, ખાઈ લે’. હવે ખાવાનું તો પોતાને છે. ૩૫૮.**

**‘ ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે.’**

બહેન પોતાના વિનયભાવને વ્યક્ત કરતાં થકાં કહે છે કે — ગુરુદેવ આત્મકલ્યાણનો માર્ગ બહુ જ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે: પોતપોતાના અસાધારણ ગુણોયુક્ત પ્રત્યેક પદાર્થ સંપૂર્ણ સ્વતંત્ર છે. પોતાની પર્યાય પ્રગટ કરવામાં પદાર્થને કોઈ અન્ય સાધનની જરૂર નથી. બહેને વચનામૃતના ૨૫૧મા બોલમાં કહ્યું છે ને! — ‘દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.’ આત્મા પણ એક સ્વતઃસિદ્ધ સંપૂર્ણ સ્વતંત્ર દ્રવ્ય છે; તેના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્ય માટે તેને દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે બાહ્ય સાધનોની રાહ જોવી પડતી નથી.

**‘ આચાર્યભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે.’**

ભગવાન શ્રી કુંદકુંદ આદિ આચાર્યભગવંતોએ જે આત્મનુભૂતિમય મુક્તિમાર્ગ પ્રકાશ્યો છે તેનું અહીંથી ( ગુરુદેવથી ) વિશેષ સ્પષ્ટીકરણ થાય છે — એમ બહેન કહે છે.

**‘ પેંથીએ પેંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે.’**

જીવાદિ દરેક પદાર્થ સમયે સમયે પોતાનું પરિણમન સ્વતંત્રપણે કરે છે, તેમાં કોઈની ઓથ કે સહાય નથી; — એમ ઝીણવટથી બરાબર ચોખ્ખું કરીને, વાળની પેંથીએ પેંથીએ તેલ નાખે તેમ, ( ગુરુદેવ ) બધું સ્પષ્ટપણે સમજાવે છે.

**‘ ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે.’**

ભાઈ! શરીર-વાણી-મન તો પરપદાર્થ છે, પરંતુ તારી અવસ્થામાં જે દયા, દાન, પૂજા, ભક્તિ વગેરેના જે વિકલ્પો ઊઠે છે તે પણ તારું મૂળ સ્વરૂપ નથી. સમસ્ત પરદ્રવ્ય અને વિભાવોથી તું તદ્દન જુદો છે — એમ ભેદજ્ઞાનનો માર્ગ ગુરુ, હથેળીમાં આંમળાની માફક, અત્યંત સ્પષ્ટ બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“માલ ચોળીને, તૈયાર કરીને આપે છે કે ‘લે, ખાઈ લે.’ ”**

જેમ મા બાળકને રોટલો, સાકર ને ઘી ચોળીને, તૈયાર કરીને આપે અને કહે કે ‘લે, ખાઈ લે!’ તેમ ગુરુ પણ અધ્યાત્મનો માલ છણીને, તૈયાર કરીને આપે છે કે ‘લે, આને ગ્રહણ કરી લે.’

**‘હવે ખાવાનું તો પોતાને છે.’**

ગુરુ સ્પષ્ટ કરીને અધ્યાત્મનો માલ તૈયાર કરી આપે, પણ અંતર્મુખ થઈ તેનું ગ્રહણ, તે-રૂપ પરિણમન તો શિષ્યે પોતે જ કરવાનું છે. ગુરુ શિષ્યનું પરિણમન કરી કે કરાવી ન આપે; અંદર આત્માને સાધવાનું કાર્ય તો પોતે જ પોતાના સ્વસન્મુખતા-રૂપ પુરુષાર્થથી કરવાનું છે.

—*—

## વચનામૃત — ૩૫૯

સહજતત્ત્વનો કદી નાશ થતો નથી, તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી. શરીરથી તે ભિન્ન છે, ઉપસર્ગ તેને અડતા નથી, તરવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતા નથી. વાહ તત્ત્વ! અનંત કાળ ગયો તોપણ તું તો એવું ને એવું જ છે. તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે. મુનિના તેમ જ સમ્યગ્દૃષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં આ સહજ-તત્ત્વ નિરંતર બિરાજમાન છે. ૩૫૯.

**‘સહજતત્ત્વનો કદી નાશ થતો નથી, તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી.’**

જેનો કદી આદિ નથી, જેનો કદી અંત નથી, જે સદા સ્વતઃસિદ્ધ છે એવો આ આત્મા ચૈતન્યચિહ્નયુક્ત સહજતત્ત્વ છે. આત્માને પર્યાય-અપેક્ષાએ ઉત્પાદ ને વિનાશ હોવા છતાં દ્રવ્ય-અપેક્ષાએ તેનો કદી નાશ થતો નથી. જાગતો જીવ ઊભો છે. જાગતી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્રુવ જ્યોત અંતરમાં પ્રગટ પ્રકાશમાન છે, તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય. અંદર નજર કર ને! જોનાર બીજાને જુએ છે, પણ જોનાર સ્વયં ચૈતન્યબિંબ છે તેને જો ને! ચૈતન્ય પોતે સહજતત્ત્વ છે, તેનો કદી નાશ થતો નથી, અભાવ હોતો નથી. અહા! ભાષામાં નહિ પણ ભાવમાં તેનું ભાસન થવું જોઈએ.

સહજજ્ઞાયકભાવ કદી મલિન થતો નથી. પર્યાયનયે આત્મા મલિન થાય છે.—નિગોદના અનંત ભવો કર્યા, ત્યાં જ્ઞાનનો ઉઘાડ અક્ષરના અનંતમા ભાગે રહ્યો, તોપણ તેના સહજદ્રવ્યસ્વભાવમાં કંઈ વધઘટ થઈ નથી. નિગોદ વખતે સહજસ્વભાવ જરા પણ ઘટ્યો નથી અને કેવળજ્ઞાન વખતે સહજસ્વભાવ જરા પણ વધ્યો નથી. સહજતત્ત્વ તો સદા એકરૂપ ત્રિકાળી ધ્રુવ છે. જેમ પાણીનો પ્રવાહ અખંડ હોય છે તેમ આત્માનો 'ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ'—એવો ધ્રૌવ્યનો પ્રવાહ સદા અખંડ હોય છે. અહા! જ્ઞાન-આનંદ આદિ સ્વભાવોથી ભરપૂર નિજ ધ્રુવ અખંડ ચૈતન્યસત્ત્વ પર નજર લગાડ ને! સુખી થવાનો પંથ તો એ જ છે, બાકી બીજી બધી તો બહિર્લક્ષી વાતો છે.

અહા! તીર્થંકરનાં પુણ્યની તો શી વાત! જન્મતાં વેંત જ ઇન્દ્રો જેમની પાસે દિવ્ય સાહેબી ખડી કરતા, દેવો જેમની તહેનાતમાં સદા હાજર રહેતા એવા તીર્થંકરોને—કેટલાક તીર્થંકરોને ચક્રવર્તી ને કામદેવની પદવી પણ હોય છે—બહારના વૈભવની નહિ પણ અંતરમાં અતીન્દ્રિય આનંદજનક સહજજ્ઞાયકભાવના આશ્રયની લાગી હતી. એટલે તો તીર્થંકર ચક્રવર્તીઓ—૯૬ હજાર રાણીઓ, ૭૨ હજાર પાટણ, ૪૮ હજાર નગર, ૯૬ કરોડ ગામ ને ૯૬ કરોડ પાયદળ વગેરે—બહારની સાહેબી ને તેનો રાગ છોડીને આત્માનો આનંદ સાધવા એકાંત વનજંગલમાં ચાલ્યા ગયા ને? અંતરમાં આનંદસ્વભાવથી પરિપૂર્ણ સહજતત્ત્વની કોઈ ચમત્કારી વિસ્મયતા લાગી હશે ત્યારે એ બધું છૂટી ગયું ને? અનંત અનંત આશ્ચર્યકારી વિભૂતિ જેમાં સદા ભરચક પડી છે એવો ત્રિલોકીનાથ પરમાત્મા, પ્રભુ! તું પોતે જ છો; મલિનતા માત્ર એક સમયની વર્તમાન પર્યાયમાં છે; તેની સમીપમાં, અરે! ત્યાં જ, અંદર ચમત્કારી વિભૂતિઓથી ભરપૂર સહજજ્ઞાયકતત્ત્વ શક્તિપણે આખું બિરાજે છે, તે કદી મલિન થતું નથી.

તે સહજજ્ઞાયકતત્ત્વમાં કદી ઊણપ પણ આવતી નથી. પર્યાયમાં ઘટવધ થાય પણ દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ એવો ને એવો નિયત ભરચક શુદ્ધ ચૈતન્યઘન છે. અરે! લોકોને બહારનાં માહાત્મ્ય આવે છે, પાંચ-દસ લાખ રૂપિયા કમાય ત્યાં તો 'હું પહોળો ને શેરી સાંકડી'—એમ થઈ જાય અને જો લક્ષ્મી જાય તો દીનહીન થઈ જાય, પણ ભાઈ! એ ચીજ તારી ક્યાં છે? તારામાં ક્યાં છે? તારામાં જે આશ્ચર્યકારી ચૈતન્ય-વિભૂતિ છે તેમાં તો કદી ઊણપ આવતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'શરીરથી તે ભિન્ન છે, ઉપસર્ગ તેને અડતા નથી, તલવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતા નથી.'**

શરીર તો માટી છે, પુદ્ગલની રચના છે, તેનો આત્મામાં અત્યંત અભાવ છે. સમયસારની ત્રીજી ગાથાની ટીકામાં આવે છે ને!—છ દ્રવ્યસ્વરૂપ લોકમાં જે કોઈ જેટલા પદાર્થો છે તે બધાય પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના સમૂહને ચુંબે છે—સ્પર્શે છે તોપણ તેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી. દરેક પદાર્થ પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયોને ભલે ચુંબે—અડે, પણ પરદ્રવ્યને તો કદી પણ અડતો નથી. કર્મના ઉદયને જીવ અડતો નથી અને કર્મનો ઉદય જીવને—રાગાદિ જીવપરિણામને—અડતો નથી.

શરીરમાં ઘા વાગે, સર્પ કરડે વગેરે અનેક પ્રકારના જે ઉપસર્ગ આવે તે આત્માને અડતા નથી, નડતા નથી. નારકી જીવને અસુરકુમારના દેવો લોઢાના ધગધગતા સળિયા સાથે ગાંસડી વાળીને બાંધે અને ઉપર ગરમાગરમ ઘણના પ્રહાર કરે, તોપણ એ બધું તેના આત્માને કાંઈ અડતું નથી. અહા! એવા વિકટ પ્રસંગમાં પણ કેટલાક જીવો અંતરમાં એકદમ ગુલાંટ ખાઈને સહજતત્ત્વને પકડે છે અને સમ્યગ્દર્શન પામી જાય છે, એવી સ્થિતિમાં પણ પ્રતિકૂળ સંયોગો તેમને નડતા નથી.

આત્મા શસ્ત્રોથી કદી છેદાતો—ભેદાતો નથી. અનંતાનંત ગુણોનો અખંડ એક પિંડ એવો આ ભગવાન આત્મા તરવાર વગેરે શસ્ત્રોથી સદા અછેદ્ય-અભેદ્ય છે. અખંડ આત્મતત્ત્વમાં અનંત અનંત અનંત ગુણો, દરેક ગુણની એક-એક પર્યાય—એમ પ્રત્યેક સમયે અનંત અનંત અનંત પર્યાયો; એ વાત અહા! સર્વજ્ઞ તીર્થંકર ભગવાન સિવાય અન્યત્ર ક્યાંય હોઈ શકે નહિ. તીર્થંકર ભગવાનના શરીરમાં ૧૦૦૮ લક્ષણો હોય છે, તેથી ઇંદ્ર ૧૦૦૮ નામથી ભગવાનની સ્તુતિ કરે છે. તેમાં પહેલું નામ 'શ્રીમાન્' આવે છે. ખરેખર વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્રદેવ જ, પર્યાયમાં અનંત અનંત વિભૂતિ પૂરેપૂરી પ્રગટી ગઈ હોવાથી, સાચા અર્થમાં 'શ્રીમાન્'—લક્ષ્મીવાન છે, બીજા બધા મોહી જીવો તો ધૂળરૂપ લક્ષ્મીના ભિખારી છે.

જ્ઞાનાનંદ આદિ અનંત સમૃદ્ધિઓથી ભરેલો ભગવાન જ્ઞાયકદેવ તલવારથી છેદાતો નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતા નથી. રાગદ્વેષ વગેરે વિભાવો તો એક સમયસ્થાયી પર્યાય છે અને આત્માનું સહજતત્ત્વ તો અંદર ત્રિકાળશુદ્ધ ધ્રૌવ્યસ્વરૂપ છે. અરેરે! તે ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રય ને દૃષ્ટિ વિના જીવ અનાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાળથી જન્મમરણનાં દુઃખો ભોગવી રહ્યો છે. છ ઢાળામાં કહ્યું છે ને —

'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયૌ;
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.'

અઠ્ઠયાવીસ મૂળગુણનું નિરતિચાર પાલન કરે, પણ તેથી શું? તે તો શુભાસ્રવ છે, દુઃખરૂપ ને દુઃખનું કારણ છે. અરે! વીતરાગપ્રભુની આ વાત જીવને કેમ બેસે? પ્રભુ! તારું સહજતત્ત્વ કેવું અને કેવડું છે તે જાણવાની તેં કદી દરકાર કરી નથી. પર્યાયમાં જે પૂર્ણ પ્રભુતા પ્રગટે છે તેનો પ્રભુ—તેનો આશ્રય, તેનું આલંબન—તો તું પોતે—તારું સહજતત્ત્વ—જ છો. તે સહજતત્ત્વને તરવાર છેદતી નથી, અગ્નિ બાળતો નથી ને પર્યાયગત ઉપલક રાગદ્વેષ તેને વિકારી કરતા નથી. સમ્યગ્દર્શનના વિષયભૂત તે ધ્રુવ સહજતત્ત્વનું યથાર્થ જ્ઞાન થઈને પ્રતીતિ ને અનુભવમાં તેનું ભાસન થવું તે સમ્યગ્દર્શન છે.

'વાહ તત્ત્વ! અનંત કાળ ગયો તોપણ તું એવું ને એવું જ છે.'

ભાઈ! નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવના ભવો કરી કરી અનંત કાળ ગયો, નિગોદના પણ અનંત ભવો કર્યા, તોપણ તારું મૂળ સહજતત્ત્વ એવું ને એવું જ રહ્યું છે; તેમાં જરા પણ ઘસારો પહોંચ્યો નથી. અરેરે! આ મૂળ વાત અત્યારે લુપ્ત થઈ ગઈ છે, ઉપદેશકોએ 'વ્રત લો, ઉપવાસ કરો, પડિમા ધારો, બસ! થઈ ગયો ધર્મ' એમ લોકોને બહારમાં સંતુષ્ટ કરી દીધા છે; પણ તેથી શું? એવું તો અભવી જીવ પણ કરે છે. પ્રભુ! તને તારા મૂળ સ્વરૂપની ખબર નથી. ગૃહીત ને અગૃહીત મિથ્યાત્વાદિના પરિણામ અનંત કાળથી થયા તોપણ વસ્તુના મૂળ સ્વરૂપમાં વિપરીતતા, અપૂર્ણતા કે બીજા કોઈ પણ પ્રકારનો વિભાવ અણુમાત્ર પણ આવ્યો નથી, સહજતત્ત્વ તો સદા એવું ને એવું જ છે. સ્તવનમાં આવે છે ને!—

જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય-અભાવ રે.

અકષાય-સ્વભાવી ભગવાન નિજ આત્માને જેણે દૃષ્ટિમાં લીધો તેને જે જ્ઞાનનંદમય અકષાય-પરિણામ થયા તેને વીર ભગવાન ધર્મ કહે છે. વળી, સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિમાં એમ પણ આવે છે :

પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ;
નિજ સત્તાએ શુદ્ધ, સૌને પેખતા હો લાલ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રભુ! તને તારું સહજ-અસ્તિત્વ કેમ બેસતું નથી? ગમે તેટલો કાળ પર્યાયમાં મહા નાસ્તિક જેવી મલિનતા રહી, તોપણ તું તો નિજ સત્તાએ સદા શુદ્ધ જ રહ્યો છે.**

**'તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે.'**

કોઈ સૂંઘે નહિ તેથી ફૂલની સુગંધ ચાલી જતી નથી, તેમ પોતાના સહજ-જ્ઞાયકતત્ત્વને કોઈ ઓળખે નહિ તેથી કંઈ તેની શક્તિરૂપ શુદ્ધતા ક્યાંય ચાલી જતી નથી. એ તો સદા એવી ને એવી જ છે. અનંત સિદ્ધો થયા, તેમને કોઈ ઓળખે છે? ન ઓળખે તેથી શું તેમનું સિદ્ધત્વ ચાલ્યું જાય છે?—તેમ નિજ સહજતત્ત્વને કોઈ ઓળખે કે ન ઓળખે, તે તો સદા એવું ને એવું જ રહે છે. બહેનને સમ્યગ્દર્શન, જ્ઞાન ને સ્વાનુભૂતિ થયેલ છે; તેમને કોઈ ઓળખે કે ન ઓળખે એથી કરીને શું? કોઈ ન ઓળખે તેથી તેમનું સમ્યગ્દર્શન શું ચાલ્યું જાય છે? અહીં તો ત્રિકાળી સહજતત્ત્વની વાત છે: કોઈ તેને ઓળખે કે ન ઓળખે, તે તો સદા એવું જ—સદાશુદ્ધ જ—રહેવાનું છે. પ્રભુ! આ તારી અપાર મોટપની વાત ચાલે છે. તને કોઈ ઓળખે તો મોટપ વધી જાય ને ન ઓળખે તો મોટપ ઘટી જાય—એવું નથી, તારું સહજતત્ત્વ તો પારિણામિકભાવે સદા એવું ને એવું જ રહેવાનું છે.

**'મુનિના તેમ જ સમ્યગ્દૃષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં આ સહજ-તત્ત્વ નિરંતર બિરાજમાન છે.'**

પર્યાયમાં અનંત કાળથી મિથ્યાત્વ ને રાગદ્વેષના પરિણામ થયા છતાં જે પરમાર્થે અશુદ્ધ, અપૂર્ણ કે વિભાવરૂપ થયું નથી, વિકારનો ડાઘ જેને કદી લાગતો નથી એવું આ સદાશુદ્ધ ત્રિકાળી સહજતત્ત્વ મુનિરાજ તેમ જ સમ્યગ્દૃષ્ટિના મનોમંદિરના સિંહા-સનમાં નિરંતર બિરાજમાન છે. મુનિરાજ ને સમકિતી વચ્ચે સ્વરૂપસ્થિરતાનો ફેર છે, સમ્યગ્દર્શનમાં ફેર નથી. બંનેને સાધનાનું આલંબન—આશ્રય એકમાત્ર ત્રિકાળશુદ્ધ જ્ઞાનાનંદમય નિજ સહજતત્ત્વ જ છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે કે—'માટે જ્ઞાના-દિકની હીનતા-અધિકતા હોવા છતાં પણ તિર્યંચાદિક અને કેવળી-સિદ્ધભગવાનને સમ્યક્ત્વગુણ તો સમાન જ કહ્યો.' સમ્યગ્દૃષ્ટિને પણ અંદર આત્માનો અનુભવ વર્તે છે તેથી તેના હૃદયકમળમાં—જ્ઞાનની નિર્મળ પર્યાયમાં—સહજતત્ત્વ સતત બિરાજમાન છે. તેને નિજ સહજતત્ત્વનો જ સદા આદર, આશ્રય ને આધાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! સહજતત્ત્વ આવું અનુપમ, અદ્‌ભુત ને ગંભીર છે; તેને બહારની ક્રિયા કે શુભભાવથી સધાતું માની લેવું તે મોટી ભૂલ છે. સહજતત્ત્વ પરિણતિમાં પ્રાપ્ત કરવું હોય તો તેની કિંમત ચૂકવવી પડશે. લીંબોળી ને નીલમ બંને રંગે લીલાં હોય પણ કિંમતમાં ઘણો ફેર છે. નીલમ કીમતી રત્ન છે, તેમ ત્રિકાળશુદ્ધ સહજતત્ત્વની કિંમત પણ ઘણી ઊંચી છે. તેને ઓળખીને આશ્રય કરવાથી અંતરમાં સમ્યગ્દર્શનાદિ નિર્મળ સાધના પ્રગટ થાય છે. મુનિરાજ અને સમ્યગ્દૃષ્ટિ બંનેની સાધનામય નિર્મળ પર્યાયમાં આશ્રયરૂપે સહજતત્ત્વ સદા બિરાજમાન છે, એક સમયમાત્ર પણ તેનો વિરહ નથી. અહા! આને સમ્યગ્દર્શન અને મુનિપણું કહેવાય.

જિનેન્દ્રની મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્ર તુલ્ય વીતરાગભાવવાહી હોય છે. જે અપેક્ષાએ કહ્યું હોય તે અપેક્ષાએ જાણવી જોઈએ. જિનપ્રતિમા છે, તેની પૂજા, ભક્તિ બધું છે. સ્વરૂપમાં જ્યારે ઠરી શકે નહિ ત્યારે, અશુભથી બચવા, એવા શુભ ભાવ આવ્યા વિના રહે નહિ. ‘એવો ભાવ ન જ આવે’ — એમ માને તેને વસ્તુસ્વરૂપની ખબર નથી; અને આવે માટે ‘તેનાથી ધર્મ છે’ — એમ માને તોપણ તે બરાબર નથી; એ શુભ રાગ બંધનું કારણ છે.

— પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૩૯

તા. ૩-૧૧-૭૮

## વચનામૃત — ૩૬૦

સમ્યગ્દષ્ટિને પુરુષાર્થ વિનાનો કોઈ કાળ નથી. પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી પુરુષાર્થનો દોર ચાલુ જ છે. સમ્યગ્દષ્ટિનો આ પુરુષાર્થ સહજ છે, હઠપૂર્વકનો નથી. દૃષ્ટિ પ્રગટ થઈ પછી તે એક બાજુ પડી છે એમ નથી. જેમ અગ્નિ ઢાંકેલો પડ્યો હોય એમ નથી. અંદરમાં ભેદજ્ઞાનનું—જ્ઞાતાધારાનું પ્રગટ વેદન છે, સહજ જ્ઞાતાધારા ટકી રહી છે તે પુરુષાર્થથી ટકી રહી છે. પરમ તત્ત્વમાં અવિચળતા છે. પ્રતિકૂળતાના ગંજ આવે, આખું બ્રહ્માંડ ખળભળે, તોપણ ચૈતન્યપરિણતિ ડોલે નહિ—એવી સહજ દશા છે. ૩૬૦.

'સમ્યગ્દષ્ટિને પુરુષાર્થ વિનાનો કોઈ કાળ નથી.'

આત્માર્થી જીવને જ્યારથી શરીરાદિ પરદ્રવ્ય અને રાગાદિ વિભાવોથી ન્યારા એવા નિજ શુદ્ધ દ્રવ્યસ્વભાવની અંદર સ્વસન્મુખતાના પુરુષાર્થ વડે દૃષ્ટિ અને અનુભૂતિ થઈ ત્યારથી તેની એક ક્ષણ પણ પુરુષાર્થ વિનાની હોતી નથી. રાગથી ખસીને ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયકસ્વરૂપ પ્રતિ તેને જે દૃષ્ટિ થંભી છે, તેને જે નિર્મળ ને નિર્વિકલ્પ પ્રતીતિ થઈ છે, તે અંતર્મુખ સહજ પુરુષાર્થથી જ થઈ છે. રાગથી ભિન્ન પડીને જ્ઞાયકની દૃષ્ટિ ને અનુભવ થયા પછી પણ તેને પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી.

'પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી પુરુષાર્થનો દોર ચાલુ જ છે'.

દેહ, વાણી ને મનથી તથા શુભાશુભ વિભાવથી ભિન્ન એવા નિજ જ્ઞાયકતત્ત્વનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદર પુરુષાર્થ કરીને જ્યારથી સ્વાનુભવયુક્ત ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી સમ્યગ્દૃષ્ટિ જીવને સાધનાના પુરુષાર્થનો અમલ ચાલુ જ હોય છે. કાળલબ્ધિ પાકે ત્યારે ભેદજ્ઞાન થાય—એમ અહીં લીધું નથી. ભેદજ્ઞાન સાધવા માટે ને સધાયા પછી પણ સર્વદા પુરુષાર્થની જ પ્રધાનતા છે. પાંચ સમવાય-કારણોમાં પુરુષાર્થ સાથે શેષ કારણો આવી જાય છે. અંતરમાં પરમાર્થસ્વરૂપ શુદ્ધ ચૈતન્યતત્ત્વની દૃષ્ટિ થતાં નિર્વિકલ્પ પુરુષાર્થ થાય છે, તેથી 'પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું' એમ કહ્યું ને? રુચિ અનાદિથી જે શરીરાદિ પરદ્રવ્ય, રાગાદિ પરભાવ ને વર્તમાન ક્ષણસ્થાયી પર્યાય ઉપર હતી તેને જ્યાં તે સર્વથી ભિન્ન નિજ જ્ઞાયકભાવ તરફ વાળી ત્યાં એકલો નિજ શુદ્ધાત્મા જ પોસાણમાં આવ્યો—એ ભેદજ્ઞાનની વિધિ પુરુષાર્થ વડે કરી-એમ અહીં કહ્યું છે.

જીવ સ્વભાવના આશ્રયે સાધનાનો પુરુષાર્થ કરે છે ત્યાં કાળલબ્ધિ, ભવિતવ્યતા, કર્મનો અભાવ વગેરે સમવાય-કારણો સાથે હોય છે.

આ વાત વિ. સં. ૧૯૭૧માં અમારે ખૂબ ચર્ચાઈ હતી. ગુરુભાઈ અવારનવાર બોલતા હતા કે—'કેવળીભગવાને દીઠા હશે ત્યારે આપણો મોક્ષ થશે, હમણાં આપણે કાંઈ કરી શકીએ નહિ'. તે વખતે મારાથી કહેવાણું : અરે! તમે આ શું બોલો છો? કેવળ-જ્ઞાન એટલે જ્ઞાનગુણની એક સમયની પૂર્ણ પર્યાય કે જે સર્વ ક્ષેત્રવર્તી ને સર્વકાળવર્તી સર્વ પદાર્થોને—વિશ્વનાં ત્રિકાળ સંબંધી સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને—એક સાથે સીધું આત્માથી અત્યંત પ્રત્યક્ષ જાણે.—આવી પૂર્ણ પર્યાયની સત્તા જગતને વિષે છે એવો સ્વીકાર પુરુષાર્થપૂર્વક જેને આવે તેને 'કેવળીએ દીઠું તેમ થાય' એ વાત યથાર્થ બેસે. કેવળીના એટલે કે પૂર્ણ જ્ઞાનસ્વભાવના સ્વીકારમાં જ અનંત પુરુષાર્થ આવી જાય છે. તે વખતે તો દિગંબરનાં શાસ્ત્રો હાથમાં પણ આવ્યાં નહોતાં, તોપણ અંદરથી એમ આવ્યું કે કેવળજ્ઞાનનો નિર્ણય કરવા જતાં દૃષ્ટિ જ્ઞાનસ્વભાવમાં જાય છે. વસ્તુ-સ્વભાવમાં—તે વખતે 'જ્ઞાયક' એવી ભાષા નહોતી—દૃષ્ટિ જાય ત્યારે જ સર્વજ્ઞતાનો સાચો નિર્ણય થાય છે. એ જ વાત પ્રવચનસારની ૮૦મી ગાથામાંથી નીકળી :

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ॥

જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને (કેવળજ્ઞાનાદિ) પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય લય પામે છે.

પ્રવચનસારમાં કહેલો આ ભાવ તે વખતે મને અંતરમાંથી આવ્યો હતો કે જેણે કેવળજ્ઞાનનો નિર્ણય કર્યો તે કેવળજ્ઞાનશક્તિયુક્ત પોતાના આત્માને જાણે અને તેનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાત્વમોહ અવશ્ય નાશ પામે જ. અરિહંત આ આત્માથી પર છે ને તેમને દ્રવ્યપણે, ગુણપણે અને કેવળજ્ઞાનાદિ પર્યાયપણે જે જાણે તે કેવળજ્ઞાનાદિ સ્વભાવમય નિજ આત્માને જાણે; — એ પણ નિમિત્તથી કથન છે. તેમને જાણીને જે જીવ પોતાના આત્મા સાથે મેળવે, પર્યાયોને ગુણસ્વભાવમાં નિમગ્ન કરે અને ગુણોને દ્રવ્યસ્વભાવમાં અભેદ કરે તેને નિજ આત્માનું યથાર્થ જ્ઞાન — સમ્યગ્દર્શન થાય છે અને મિથ્યાત્વનો નાશ થાય છે. સમ્યગ્દર્શન થવું અને મિથ્યાત્વનો નાશ થવો એમાં જ સ્વભાવાશ્રિત અનંત પુરુષાર્થ આવી ગયો. સમજાણું કાંઈ?

તે વખતે મેં ગજસુકુમારનો દાખલો આપ્યો હતો. શ્રીકૃષ્ણ પોતાના નાના ભાઈ ગજસુકુમાર સાથે હાથીની અંબાડીમાં બેસીને શ્રી નેમિનાથભગવાનનાં દર્શન કરવા તથા વાણી સાંભળવા સમવસરણમાં જાય છે. દર્શન કરતાં વેંત જ ગજસુકુમારને અંતરમાંથી કોઈ સાતિશય ભાવના ને પુરુષાર્થ જાગે છે, જેથી તે ભગવાનને પ્રાર્થના કરે છે : પ્રભુ ! આપની આજ્ઞા હોય તો આજે જ હું દીક્ષિત થઈને દ્વારિકાના મહાકાળ સ્મશાનમાં ભિક્ષુની બારમી પડિમા — પાદપોપમ યોગ — ધારણ કરવા માગું છું. ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું કે — जहा सुक्खं, देवाणुपिय ! मा पडिबंधं कुणह । હે દેવાનુપ્રિય ! ભાવનાનુસાર સુખ ઊપજે તેમ કરો, પુરુષાર્થમાં પ્રતિબંધ ન કરશો. અહા ! ભગવાનની વાણી તે પુરુષાર્થપ્રેરક હોય કે પુરુષાર્થને ઢીલો કરનારી હોય ? કાળલબ્ધિ પાકે કે કેવળીએ જોયું હોય ત્યારે આત્મા સાધનાનો પુરુષાર્થ કરી શકે — એવી હીનપુરુષાર્થની વાતો ભગવાનની વાણીમાં આવે જ નહિ.

મુનિરાજ ગજસુકુમાર પાદપોપમ યોગ ધારણ કરીને મહાકાળ સ્મશાનમાં ધ્યાનસ્થ ઊભા છે, ત્યાં તેમની વાગ્દત્તા પત્નીનો પિતા આવે છે, ક્રોધાવિષ્ટ થઈને તે, મુનિરાજના મસ્તક પર રાખની પાળ બાંધીને તેમાં ધગધગતા અંગારા નાખે છે અને પોતાની દીકરી રઝળી પડી તેના કષાયાવેશમાં કહે છે : લે, આ મોક્ષની 'પાઘડી'. અહા ! મુનિરાજ ગજસુકુમાર તો અંદર આનંદઝરતી સાધનાના પુરુષાર્થમાં એકદમ ચડી ગયા છે, આવા ભયંકર ઉપસર્ગથી જરા પણ ડગતા નથી, અંતરમાં જ્ઞાયકના જોરે સ્વરૂપસ્થિરતાનો એવો અપ્રતિહત પુરુષાર્થ કર્યો કે ફટ દઈને પ્રગટી ગયું કેવળજ્ઞાન. અહા ! ધન્ય એ અદ્ભુત પુરુષાર્થ ! એ જ દિવસે દીક્ષા ને એ જ દિવસે કેવળજ્ઞાન ! ભાઈ ! શું છે આ ? કેટલો એમનો પુરુષાર્થ ! સ્વસન્મુખતાના પુરુષાર્થ વિના ભેદજ્ઞાન થાય નહિ અને ભેદજ્ઞાન થયા પછી પણ પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોય નહિ. ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી જ્ઞાનીને પુરુષાર્થનો દોર સતત ચાલુ જ હોય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'સમ્યગ્દૃષ્ટિનો આ પુરુષાર્થ સહજ છે, હઠપૂર્વકનો નથી.'**

સમ્યગ્દૃષ્ટિ બહારથી ભલે રાજ્યમાં, ભોગમાં, વેપારમાં કે લડાઈમાં ઊભેલો દેખાય, પણ અંતરમાં તેનો પુરુષાર્થ, જે આનંદનિધાન ધ્રુવ દ્રવ્યસ્વભાવ તરફ સહજપણે ઢળેલો છે તે, કાયમ ચાલુ જ હોય છે; તેને હઠપૂર્વક પરાણે સ્વભાવ તરફ વાળવો પડતો નથી. જ્ઞાનીનું પરિણમન સહજ પુરુષાર્થમય બની ગયું હોય છે.

**'દૃષ્ટિ પ્રગટ થઈ પછી તે એક બાજુ પડી છે એમ નથી.'**

ધર્મીને ચૈતન્યની દૃષ્ટિ થતાં આત્માનો અનુભવ થઈ ગયો; હવે પછી તેની પરિણતિ પુરુષાર્થ વિના એકકોર નિષ્ક્રિય પડી રહે છે—એમ નથી; તેને પરિણતિમાં સ્વભાવ તરફનો સહજ પુરુષાર્થ સદાય વર્તી રહ્યો છે.

અહો! આ તે કોઈ પુસ્તક! કુદરતે બહાર આવી ગયું. બહેને કાંઈ કહ્યું નથી—લખવાનું. એ તો બોલાઈ ગયું ને દીકરીઓએ લખી લીધું. લખ્યું હતું તો બહાર આવ્યું. આ જોઈને બીજા હવે કૃત્રિમ લખે કે વસ્તુ આમ છે ને તેમ છે, પણ તેમાં આવી વાત ન આવે.

**'જેમ અગ્નિ ઢાંકેલો પડ્યો હોય એમ નથી.'**

પરપદાર્થ ને રાગાદિ વિભાવોથી ભિન્ન નિજ શુદ્ધાત્માનું ભેદજ્ઞાન થયા પછી જ્ઞાનીને દૃષ્ટિ, જેમ અંગારો ઢાંકેલો પડ્યો હોય એમ, એક બાજુ પડી રહે છે ને પુરુષાર્થ વિનાની છે—એમ નથી; તેને સહજ પુરુષાર્થનો પ્રવાહ અંદર સતત ચાલુ જ હોય છે.

**'અંદરમાં ભેદજ્ઞાનનું—જ્ઞાતાધારાનું પ્રગટ વેદન છે.'**

રાગાદિ વિભાવોથી ભિન્ન પડીને અંતરમાં નિરંતર ભેદજ્ઞાન પ્રવર્તી રહ્યું છે તેથી જ્ઞાનીને જ્ઞાતૃધારાનું પ્રગટ વેદન છે. 'પ્રગટ વેદન' કેમ કહ્યું? અંદર શક્તિરૂપ આનંદ-સ્વભાવ તો સદા પ્રગટ છે, પણ આ તો પર્યાય-અપેક્ષાના 'પ્રગટ વેદન'ની વાત છે. જ્ઞાનીને જ્ઞાતૃધારા ને કર્મધારા એક સાથે ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને એક જ કાળમાં શુદ્ધ જ્ઞાન પણ છે ને ક્રિયારૂપ પરિણામ પણ છે, તોપણ ક્રિયારૂપ જે પરિણામ છે તેનાથી એકલો બંધ થાય છે, કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી; તે જ કાળે તેને શુદ્ધસ્વરૂપાનુભવ—જ્ઞાન પણ છે, તે જ કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ થતો નથી. વસ્તુનું એવું જ સ્વરૂપ છે તેમાં વિસ્મય કે પ્રશ્ન શો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'સહજ જ્ઞાતાધારા ટકી રહી છે તે પુરુષાર્થથી ટકી રહી છે.'**

રાગાદિ વિભાવોથી છૂટી પડીને જ્ઞાતદ્રિષ્ટાપણાની જે સહજ ધારા ટકી રહી છે તે, સ્વભાવસન્મુખતાના સહજ પુરુષાર્થથી ટકી રહી છે; કેમ કે સ્વભાવના આશ્રયે જે જ્ઞાન થયું તે, કાર્ય કર્યા વિના, એમ ને એમ પડયું રહેતું નથી; પરંતુ જ્ઞાતૃધારાના સહજ પુરુષાર્થરૂપે કાયમ કામ કરી રહ્યું છે.

**'પરમ તત્ત્વમાં અવિચળતા છે'.**

જ્ઞાની ધર્માત્માને પરમપારિણામિકસ્વભાવસ્વરૂપ ત્રિકાળશુદ્ધ અભેદ જ્ઞાયકતત્ત્વમાં અવિચળતા—અડગતા છે. જ્ઞાયકતત્ત્વમાં અડગ ધારા સહજ પુરુષાર્થથી ટકી રહી છે, કોઈ હઠપ્રયોગથી નહિ.

**'પ્રતિકૂળતાના ગંજ આવે, આખું બ્રહ્માંડ ખળભળે, તોપણ ચૈતન્ય-પરિણતિ ડોલે નહિ—એવી સહજ દશા છે.'**

પરપદાર્થ, ખરેખર તો, કોઈ અનુકૂળ કે પ્રતિકૂળ નથી, છતાં લોકોની ભાષામાં સમજાવવામાં આવે ને! કે—કોઈ અગ્નિ મૂકે, ખીલા મારે, પથ્થરના પ્રહાર કરે વગેરે અનેક પ્રકારની પ્રતિકૂળતાના પહાડ પડે, આખું વિશ્વ ખળભળી ઊઠે, તોપણ ધ્રુવ સ્વભાવના આશ્રયે પ્રગટેલી ચૈતન્યધારા પોતાના માર્ગથી જરા પણ ડગે નહિ, ડોલે નહિ, ફરે નહિ. અહા! આવું સ્વરૂપ છે—આવી સહજ દશા છે. પુરુષાર્થ કરીને પહેલાં જ્યાં ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યાંથી શરૂ કરીને પૂર્ણતા સુધીની બધી શુદ્ધિઓ અંદરના સહજ પુરુષાર્થથી જ પ્રગટે છે. જ્ઞાનીને પુરુષાર્થની દશા હઠ કરીને રાખવી પડતી નથી પરંતુ તેનું જીવન જ સહજ પુરુષાર્થમય બની જાય છે. પ્રતિકૂળતાના પહાડ પડે, ચૌદ બ્રહ્માંડ ઊથલપાથલ થઈ જાય, તોપણ જ્ઞાની સાધનાના માર્ગથી ચલિત થતા નથી—એવી જ કોઈ એમની સહજ દશા હોય છે!

ભગવાનનાં ૧૦૦૮ નામમાં એક 'જિનભર્તા' નામ આવે છે. હે ભગવાન! આપ 'જિનો'નાં—અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત સમ્યગ્દૃષ્ટિ અને સકલવિરત સમ્યગ્દૃષ્ટિ સાધક જીવોનાં—'ભરણ-પોષણ કરનાર' છો અર્થાત્ આપે 'જિનો'ને સન્માર્ગ, સન્માર્ગદર્શન અને સદ્બોધરૂપી અમૃતનું પાન કરાવેલ છે જેથી આપ 'જિનભર્તા' છો. જેને પોતાના જ્ઞાયકભગવાનની અંતરમાં દૃષ્ટિ પ્રગટ થઈ છે તેને પરિણતિમાં અતીન્દ્રિય આનંદનું ભોજન સહજ પુરુષાર્થથી નિરંતર ચાલુ જ છે; માટે જ્ઞાની ધર્માત્માને પોતાનો જ્ઞાયક-આત્મા જ 'જિનભર્તા' છે. ભેદજ્ઞાનની ધારાએ—જ્ઞાતૃત્વધારાએ પરિણમેલું જ્ઞાનીનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન 'आनन्दामृतनित्यभोजि' આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. અહા! ધર્માત્માને તો કાયમ આનંદનું જ ભોજન હોય છે, ખોરાકનું તો નહિ પણ રાગનુંયે નહિ. જ્ઞાનીને ભોજનનો પરિગ્રહ નથી, જ્ઞાનમય એવા એક નિજ જ્ઞાયકભાવના ગ્રહણને —આશ્રયને લીધે તે ભોજનનો કેવળ જ્ઞાયક જ છે. જ્ઞાનીને ભોજન તથા તેની ઇચ્છાનું અંતરમાં સ્વામીપણું નથી તેથી તે ભોજનનો અને ઇચ્છાનો માત્ર જ્ઞાયક જ છે, કેમ કે ભોજન વખતે પણ 'હું કેવળ જ્ઞાતા છું' એવી જ્ઞાતૃધારાનો પુરુષાર્થ તેને કાયમ ચાલુ જ છે. અહા! વીતરાગનો માર્ગ આવો છે. અંતરમાં જ્ઞાતાધારા સતત વર્તતી હોવાથી, ભલે ને પ્રતિકૂળતાના પહાડ તૂટી પડે, આખી દુનિયા ખળભળી ઊઠે, તોપણ સાધનામય ચૈતન્યપરિણતિ પોતાના માર્ગથી ડગતી—ચળતી નથી. જ્ઞાનીની એવી સહજ દશા છે.

*

## વચનામૃત — ૩૬૧

તું જ્ઞાયકસ્વરૂપ છો. બીજું બધું તારાથી છૂટું પડ્યું છે, માત્ર તેં તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.

'શરીર, વાણી આદિ હું નહિ, વિભાવભાવ મારું સ્વરૂપ નહિ, જેવું સિદ્ધભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે' એવી યથાર્થ શ્રદ્ધા કર.

શુભ ભાવ આવશે ખરા. પણ 'શુભ ભાવથી ક્રમે મુક્તિ થશે, શુભ ભાવ ચાલ્યા જાય તો બધું ચાલ્યું જશે અને હું શૂન્ય થઈ જઇશ' —એવી શ્રદ્ધા છોડ.

તું અગાધ અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો એક અખંડ પદાર્થ છો. તેની શ્રદ્ધા કર અને આગળ જા. અનંત તીર્થંકરો વગેરે એ જ માર્ગે મુક્તિને પામ્યા છે. ૩૬૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તું જ્ઞાયકસ્વરૂપ છો.'**

પ્રભુ! તું તો જાણગસ્વભાવી વસ્તુ છો ને! જ્ઞાયકસ્વરૂપ તારી ચીજમાં 'જાણવું ...જાણવું...જાણવું' સિવાય બીજું શું હોઈ શકે? દેહગેહ વગેરે પરચીજો તો તારાથી ભિન્ન છે પણ પર્યાયમાં જે શુભાશુભ ભાવો થાય તે પણ તારું ખરું સ્વરૂપ નથી.

**'બીજું બધું તારાથી છૂટું પડ્યું છે, માત્ર તેં તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.'**

નિકટવર્તી શરીર, વાણી, મન અને દૂરવર્તી પત્ની, પુત્ર, પરિવાર ને પૈસો વગેરે બીજું બધું તારાથી તદ્દન પૃથક્ છે. તારા જ્ઞાયકને તે પદાર્થ જરાય અડતા નથી; કેમ કે કુદરતનો એવો નિયમ છે કે વિશ્વના બધા પદાર્થો પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના સમૂહને સ્પર્શે છે તોપણ તેઓ, એકક્ષેત્રાવગાહી હોવા છતાં, પરસ્પર એકબીજાને સ્પર્શતા નથી. ભાઈ! તારા જ્ઞાયકથી બીજું બધું છૂટું પડ્યું છે, માત્ર તેં તેની સાથે એકત્વની ભ્રાન્તિ ઊભી કરી છે.

અહા! એ આઠ-આઠ વર્ષના બાળકો જ્યારે સમ્યગ્દર્શન પામતા હશે, પામીને અંદર ધ્રુવ ધામમાં જવાનો પ્રયત્ન કરતા હશે એ સ્થિતિ કેવી હશે? માતા પાસે એ બાળકો વિનયથી રજા માગે છે: હે માતા! પૂર્ણાનંદથી ભરચક એવો જે અમારો ચૈતન્યનાથ તેનો અમને થોડો સ્વાદ તો આવ્યો છે, પણ હવે તેનો પૂર્ણ સ્વાદ પ્રગટ કરવા માટે અમે વનમાં જઈએ છીએ. કયા વનમાં? બહારનું વન—એકાંત તો ઉપચાર છે, અંદર ચૈતન્યના વનમાં—જ્ઞાયકની એકાંત ગુફામાં—જઈએ છીએ. જેમ વનમાં માણસોનો પગરવ નથી તેમ જ્ઞાયકની સાધનામાં શુભાશુભ વિકલ્પોનો કોલાહલ નથી. અંદર આનંદનો જે અપૂર્વ સ્વાદ આવ્યો છે તેને વધારવા એકાંત વનમાં ચાલી નીકળે છે. મને કોઈ જુએ, જાણે કે ગણે—એની કાંઈ પડી નથી, 'વાત ન ગમે રે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી' એવી સહજ દશા અંતરમાં થઈ ગઈ છે. જ્ઞાયક-સ્વભાવથી આખું વિશ્વ જુદું ને છૂટું છે, માત્ર જીવે તેની સાથે એકત્વની બુદ્ધિ કરી છે.

**"'શરીર, વાણી આદિ હું નહિ, વિભાવભાવ મારું સ્વરૂપ નહિ, જેવું સિદ્ધભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે' એવી યથાર્થ શ્રદ્ધા કર."**

દેહ, ભાષા, ઇંદ્રિયો વગેરે જડ અને પૃથક્ પ્રદેશોવાળા ભિન્ન પદાર્થો છે; તેઓ 'આત્મા' નથી, આત્માના નથી અને આત્મામાં નથી. શુભાશુભ વિભાવભાવ આત્માનું સ્વરૂપ નથી. વિભાવભાવ આત્માની પર્યાયમાં થાય છે પરંતુ તે તેનો સ્વભાવભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. સ્વભાવભાવ હોય તો તે કાયમ રહેવો જોઈએ. ભાઈ! તું પ્રથમ એ નક્કી કર કે ‘હું સ્વભાવે સિદ્ધ સમાન શુદ્ધ છું, જેવું સિદ્ધભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે. સિદ્ધભગવાન દ્રવ્ય અને પર્યાય બંને અપેક્ષાએ શુદ્ધ છે અને હું દ્રવ્ય-અપેક્ષાએ શુદ્ધ છું અને પર્યાય-અપેક્ષાએ અશુદ્ધ છું—એટલો તફાવત છે.’ સમયસારની પહેલી ગાથામાં આચાર્યદેવે મંગલાચરણરૂપે સર્વપ્રથમ સિદ્ધભગવંતોને પોતાના ને શ્રોતાના આત્મામાં સ્થાપીને શાસ્ત્ર રચવાની પ્રતિજ્ઞા કરી છે. બહાર ગામ જવાનું હોય અને જો વાર-કવાર હોય તો જેમ રસ્તામાં આવતા પાડોશીના ઘરે અગાઉથી પસ્તાનું મૂકે તેમ અત્યારે સંપૂર્ણ મોક્ષદશા માટે અકાળ છે તેથી આચાર્યદેવ અનંત સિદ્ધભગવંતોને પોતાની ને શ્રોતાની પર્યાયમાં સ્થાપવારૂપ પસ્તાનું મૂકે છે. જ્યારે અંતરમાં સાધનાની પૂર્ણતારૂપ પુરુષાર્થનો સ્વકાળ પ્રગટ કરશે ત્યારે પોતે સિદ્ધ થઈ જશે. માટે ‘મારું સ્વરૂપ સિદ્ધભગવાન જેવું જ છે’ એવી યથાર્થ શ્રદ્ધા કર.

**‘શુભ ભાવ આવશે ખરા.’**

વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની ભક્તિ, શાસ્ત્રાભ્યાસ, સત્શ્રવણ વગેરેના શુભ ભાવ આવશે ખરા.

**“પણ ‘શુભ ભાવથી ક્રમે મુક્તિ થશે, શુભ ભાવ ચાલ્યા જાય તો બધું ચાલ્યું જશે અને હું શૂન્ય થઈ જઈશ’—એવી શ્રદ્ધા છોડ.”**

દયા-દાનના કે વ્રત-તપ વગેરેના શુભ ભાવોથી ક્રમે ક્રમે મોક્ષદશા પ્રગટશે એવો ભ્રમ છોડી દેજે. શુભ ભાવ છોડી દઈશ તો મારું બધું ચાલ્યું જશે અને હું અશરણ થઈ જઈશ—શૂન્ય થઈ જઈશ એવી શ્રદ્ધાને તિલાંજલિ આપી દેજે. શુભ ભાવ ચાલ્યા જશે તો પછી મારામાં શું રહેશે?—ભાઈ! આનંદકંદ નિજ જ્ઞાયકપ્રભુનો આનંદ-ઝરતો સ્વાદ રહેશે. સમયસારમાં કહ્યું છે ને—‘શુભ અને અશુભ બન્ને ભાવોનો નિષેધ કરવામાં આવ્યો છે તો પછી મુનિઓને કાંઈ પણ કરવાનું નહિ રહેવાથી તેઓ મુનિપણું શાના આશ્રયે, શા આલંબન વડે પાળી શકે?’—આવી શંકાનું સમાધાન કરતાં આચાર્યદેવ કહે છે કે:—શુભાશુભ સર્વ વિભાવોનો ત્યાગ થયે જ્ઞાનનું મહા શરણ છે. તે જ્ઞાનમાં લીન થતાં સર્વ આકુળતા રહિત પરમાનંદનો ભોગવટો હોય છે—જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે. અજ્ઞાની કષાયી જીવ શુભાશુભ વિભાવોને જ સર્વસ્વ જાણી તેમાં લીન થઈ રહ્યો છે, જ્ઞાનાનંદનો સ્વાદ નથી જાણતો.

પ્રભુ! તું તો સ્વભાવે સિદ્ધ સમાન શુદ્ધ છો ને! શુભની રુચિ છૂટશે તો સિદ્ધ સમાન સ્વભાવની રુચિથી તને અંતરમાં શાન્તિ પ્રગટશે. શુભનું અસ્તિત્વ જતાં તારું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહજ અસ્તિત્વ વહ્યું જશે એમ નથી. અરેરે! જૈનકુળમાં જન્મ્યા છતાં આ વસ્તુની ખબરેય ન મળે. શુભ ભાવથી તારું 'ટકવું' નથી, પણ શુભાશુભ વિભાવોથી રહિત જે તારું સહજ અસ્તિત્વ છે તે જ તારું 'ટકવું' છે. શુભ ભાવને છોડતાં શૂન્ય થઈ જઈશ એમ નથી, તેના જતાં ઊલટાની શુદ્ધિની — શાન્તિ ને આનંદની — વૃદ્ધિ થશે. આવો ઉપદેશ છે, અહાહા! ઘણું આવી ગયું આ પુસ્તકમાં.

**'તું અગાધ અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો એક અખંડ પદાર્થ છો.'**

જેમની ગહનતા તેમ જ સંખ્યાનો કોઈ તાગ નથી એવી અગાધ અનંત શક્તિઓથી ભરપૂર તું એક અખંડ પદાર્થ છો. શક્તિઓ ભલે સંખ્યાએ અનંત છે તોપણ આત્મા તો અભેદ એક પદાર્થ છે. અરેરે! વાણિયાને આવો અભ્યાસ કરવાનો વખત ન મળે, આખો દી સંસારનાં પાપ, પાપ ને પાપ. કદાચિત્ બે ઘડી સ્વાધ્યાય કરે તોય તે તો, કષાય મંદ કર્યો હોય તો, શુભ ભાવ છે, તેમાં ધર્મ ક્યાં છે? અને શુભ ભાવ જશે તો હું ખાલી થઈ જઈશ એમ પણ ક્યાં છે? શુભ ભાવ રુચિ અને પરિણતિમાંથી જશે તો હું પરિપૂર્ણ શુદ્ધ થઈ જઈશ — એવી યથાર્થ શ્રદ્ધા કર.

**'તેની શ્રદ્ધા કર ને આગળ જા.'**

'હું એક અખંડ જ્ઞાયક પદાર્થ છું' — એમ નિજ શુદ્ધાત્માની અવિચળ શ્રદ્ધા કર. શ્રદ્ધા કરીને ત્યાં ઊભું નથી રહેવાનું — અટકી પડવાનું નથી. નિજ જ્ઞાયકને શ્રદ્ધા ને જ્ઞાનમાં ગ્રહણ કરીને, તેમાં વિશેષ લીનતા વધારીને આગળ જવાનું છે. જે પરિપૂર્ણ જ્ઞાયક શુદ્ધભાવને દૃષ્ટિમાં લીધો છે તેમાં હવે વધારે જા. એ જ મુક્તિનો એકમાત્ર ઉપાય છે.

**'અનંત તીર્થંકરો વગેરે એ જ માર્ગે મુક્તિને પામ્યા છે.'**

અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ ને અનંત સંતો આ જ માર્ગે મુક્તિને પામ્યા છે. 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.' પ્રવચનસારમાં આવે છે ને! — નિજ શુદ્ધાત્માની અનુભૂતિયુક્ત સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને વીતરાગચારિત્રના વિરોધી રાગદ્વેષને ટાળવા, એટલે કે નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધાત્માનુભૂતિમાં વિશેષ લીન થવું, તે જ એક મોક્ષમાર્ગ છે; ત્રણે કાળે બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. સમસ્ત અર્હંતભગવંતો આ જ માર્ગે મોક્ષ પામ્યા છે અને અન્ય મુમુક્ષુઓને પણ એ જ માર્ગ ઉપદેશ્યો છે. અહા! અનંત તીર્થંકરો, અનંત સાધક જીવો એ જ માર્ગે મોક્ષને પામ્યા છે. એ સિવાય મુક્તિનો બીજો કોઈ રસ્તો નથી — બીજો કોઈ ઉપાય નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૪૦

તા. ૪–૧૧–૭૮

## વચનામૃત — ૩૬૨

જેમ અજ્ઞાનીને 'શરીર તે જ હું, આ શરીર મારું' એમ સહજ રહ્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી, તેમ જ્ઞાનીને 'જ્ઞાયક તે જ હું, અન્ય કંઈ મારું નહિ' એવી સહજ પરિણતિ વર્ત્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી. સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે. ૩૬૨.

**"જેમ અજ્ઞાનીને 'શરીર તે જ હું, આ શરીર મારું' એમ સહજ રહ્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી, તેમ જ્ઞાનીને 'જ્ઞાયક તે જ હું, અન્ય કંઈ મારું નહિ' એવી સહજ પરિણતિ વર્ત્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી."**

જેને સ્વ ને પરનું અને સ્વભાવ ને વિભાવનું ભેદવિજ્ઞાન નથી એવા અજ્ઞાની જીવને અનાદિ કાળથી પ્રવર્તતા અજ્ઞાનને લીધે "દેહ તે જ 'હું' છું, આ દેહ 'મારો' છે, દેહની ક્રિયા — ઊઠવા-બેસવાની, ખાવા-પીવાની, ભાષા બોલવાની વગેરે — 'હું કરું છું'" એમ પોતાની પ્રતીતિ ને પરિણતિમાં સહજ ઘૂંટાઈ ગયું છે, તેને તે ગોખવું કે યાદ કરવું પડતું નથી. અંતરમાં ત્રિકાળશુદ્ધ એવા જ્ઞાયકસ્વરૂપ પોતાનું સહજ અસ્તિત્વ ન ભાસ્યું, તેથી પોતાનું અસ્તિત્વ શરીરાદિ પરપદાર્થોમાં કલ્પી લીધું. તે કલ્પનાથી તેની પરિણતિ એવી રંગાઈ ગઈ છે કે જેથી 'શરીર તે જ હું, આ શરીર મારું, હું શરીરની ક્રિયાનો કર્તા' એમ તેને સહજ રહ્યા કરે છે, ફરીફરીને ગોખવું કે યાદ કરવું પડતું નથી.

— એવી રીતે, જેણે સ્વસન્મુખતાના અંતર્મુખ પુરુષાર્થ વડે સ્વ ને પરનું અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ ને વિભાવનું નિજ નિજ લક્ષણના બળે સ્વાનુભૂતિયુક્ત યથાર્થ ભેદવિજ્ઞાન પ્રગટ કર્યું છે એવા જ્ઞાની જીવને "આ જે શુદ્ધ જ્ઞાયક છે તે જ 'હું' છું, તે સિવાય અન્ય — દેહ, વાણી ને મન કે પત્ની, પુત્ર, પરિવાર ને પૈસો વગેરે — કંઈ મારું નથી, હું દેહાદિનો કંઈ કર્તા, હર્તા કે ધર્તા નથી" એવી સહજ પ્રતીતિ ને પરિણતિ સતત વર્ત્યા કરે છે, તેને એ બધું ગોખવું કે યાદ કરવું પડતું નથી.

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્માત્માને પણ દયા, દાન, પૂજા, ભક્તિ કે વ્રતાદિના શુભ વિકલ્પો આવે ખરા, પરંતુ 'તે વિભાવો મારી ચીજ નથી, મારું સ્વરૂપ નથી' એવી સહજ પરિણતિ સદા — ખાતાં-પીતાં, જાગતાં-ઊંઘતાં, સ્વાધ્યાય કરતાં કે વેપારમાં, અરે! યુદ્ધ વગેરે ગમે તે અવસ્થામાં — સતત વર્ત્યા કરે છે. 'હું ચિદાનંદમૂર્તિ જ્ઞાયક છું' એવી શ્રદ્ધા-જ્ઞાનની સહજ દશા તેને નિરંતર વર્ત્યા કરે છે. 'હું જ્ઞાયક છું' એમ ઘડીએ ઘડીએ તેને ગોખવું કે યાદ કરવું પડતું નથી. ગોખવું ને યાદ કરવું પડે તે સહજ દશા ન કહેવાય.

'હું અખંડ જ્ઞાયક તત્ત્વ છું' એવી સાનુભવ શ્રદ્ધા ને જ્ઞાનની જે પરિણતિ પ્રગટ થઈ તે, પછી નિષ્ક્રિય થઈ એક ખૂણે પડી નથી રહેતી, પરંતુ તેનું સહજ પરિણમન સદાય સતત વર્ત્યા કરે છે. ગોખીને કે યાદ કરી કરીને તે દશાને ટકાવી રાખવી પડે છે એમ નથી, પરંતુ તે દશા જ તદ્રૂપ — સ્વભાવરૂપ સહજપણે પરિણમી ગઈ છે.

'સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે.'

સહજ પુરુષાર્થ એટલે સ્વાભાવિક, કોઈ અન્યના આલંબન કે આશ્રય વિનાનો પુરુષાર્થ. જ્ઞાનીને પરિણતિમાં 'હું શુદ્ધ જ્ઞાયક છું' એવો સહજ પુરુષાર્થ નિરંતર પ્રવર્ત્યા કરે છે. જેને બહુ શાસ્ત્રજ્ઞાન હોય, તર્કજ્ઞાન હોય તે જ્ઞાની છે — એવો 'જ્ઞાની' શબ્દનો અર્થ નથી, પરંતુ રાગાદિ વિભાવોથી શ્રદ્ધા ને જ્ઞાનમાં ભિન્ન પડીને પોતાના અનાદિનિધન શુદ્ધ જ્ઞાયકની યથાર્થ પ્રતીતિ, જ્ઞપ્તિ ને અનુભૂતિ જેણે અંતરમાં પ્રગટ કરી છે તેને 'જ્ઞાની' કહેવામાં આવે છે. અહા! વીતરાગના ધર્મમાં આવી વાત છે.

અત્યારે સંપ્રદાયમાં તો મૂળ સમ્યગ્દર્શનનાં પણ ઠેકાણાં ન હોય અને ઉપદેશકો 'વ્રત લો, તપ કરો, નિયમ ધારણ કરો' — એમ લોકોને અજ્ઞાનમય ક્રિયાકાંડમાં ચડાવી દે છે, પણ ભાઈ! અંદરમાં કષાય મંદ કર્યો હોય તોપણ તે બધા તો વિકલ્પો છે, શુભ ભાવ છે, ધર્મ નથી. ભૂમિકાને અનુરૂપ શુભ વિકલ્પો જ્ઞાનીને પણ આવે છે, પણ વિકલ્પના કાળમાં પણ અંદર જ્ઞાતૃત્વધારા — 'હું કેવળ જ્ઞાયક છું' એવી પરિણતિ — ખંડિત થતી નથી. વિકલ્પના કાળે 'હું કેવળ જ્ઞાતા જ છું' એવી પરિણતિ એક ક્ષણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ છૂટતી નહિ હોવાથી જ્ઞાની વિકલ્પનો કર્તા નથી પણ તેનો કેવળ જ્ઞાતા જ છે. જ્ઞાનીને જ્ઞાતૃત્વધારાનો સહજ પુરુષાર્થ સતત વર્ત્યા કરે છે. અહા! આવી વાત ને આવો ધર્મ છે. આ તો સમ્યગ્દૃષ્ટિની — ધર્મના પહેલા પગથિયાની — વાત થઈ, સ્થિરતારૂપ વિશેષ ધર્મની — મુનિની — વાત હવેના બોલમાં આવશે.

— o —

## વચનામૃત — ૩૬૩

મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે; ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે; અતીન્દ્રિય-આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે તે ભોજન જમે છે. સમરસમય અચિંત્ય દશા છે! ૩૬૩.

**'મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે; ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે; અતીન્દ્રિય-આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે તે ભોજન જમે છે.'**

અહા! મુનિપણું કોને કહીએ! અતીન્દ્રિય જ્ઞાન, આનંદ, શાન્તિ, પ્રભુતા, સમતા, સમાધિ વગેરે આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરપૂર એવા પોતાના જ્ઞાયકમહેલમાં જેઓ નિવાસ કરે છે, ચૈતન્યસ્વરૂપમાં પ્રચુરપણે જામી ગયા છે, તેમને 'મુનિરાજ' કહેવામાં આવે છે. જ્ઞાન ને આનંદ આદિ ચમત્કારી ઋદ્ધિઓથી ભરેલા નિજ ચૈતન્યમહેલમાં વસનારા સાધક જીવને પ્રતિક્ષણ પર્યાયમાં નિર્મળતાની સિદ્ધિ ને ઋદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. સમયસાર-નાટકમાં સમ્યગ્દૃષ્ટિ સાધકનું વર્ણન કરતાં કહ્યું છે:—

**स्वारथके साचे परमारथके साचे चित्त,**
**साचे साचे बैन कहैं साचे जैनमति हैं।**
**काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि,**
**आतमगवेषी न गृहस्थ हैं न जती हैं॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सिद्धि रिद्धि वृद्धि दीसै घटमें प्रगट सदा,
अन्तरकी लच्छिसौं अजाची लच्छपती हैं ।
दास भगवन्तके उदास रहैं जगतसौं,
सुखिया सदैव ऐसे जीव समकिती हैं ॥

જેમને દેહ ને રાગાદિ વિભાવોથી ભિન્ન પોતાના જ્ઞાયકસ્વરૂપનું સાચું જ્ઞાન પ્રગટ થયું છે, પૂર્ણ પરમાત્મપદની પ્રાપ્તિ માટે સાચો પ્રેમ છે, જે હૃદયના સાચા છે, સત્ય વચની છે અને સાચા જૈન છે, નયવિવક્ષાના સમ્યગ્જ્ઞાતા હોવાથી જેમને કોઈની સાથે વેરવિરોધ નથી, શરીરાદિમાં જેમને અહંબુદ્ધિ છૂટી ગઈ છે, જે આત્મસ્વરૂપના ખોજક છે, ન અણુવ્રતી છે ન મહાવ્રતી છે, જેમને સદાય પોતાના હૃદયમાં આત્મહિતની સિદ્ધિ, આત્મશક્તિની ઋદ્ધિ અને આત્મગુણોની — પર્યાયોમાં નિર્મળતાઓની — વૃદ્ધિ પ્રગટ અનુભવમાં આવે છે, જે અંતરંગ લક્ષ્મીથી સમૃદ્ધ હોવાથી અયાચક લક્ષપતિ છે, જે જિનરાજના સેવક છે, જે સંસારથી ઉદાસીન અને આત્મિક સુખથી સદા આનંદરૂપ રહે છે; આવા ગુણો — સાધનાની વિશેષતાઓ — જેમને વિષે છે તે જીવો સમ્યગ્દૃષ્ટિ છે. આ તો સમ્યગ્દૃષ્ટિની ઋદ્ધિની વાત કહી, અહીં તો મુનિરાજની વાત ચાલે છે. મુનિરાજ કેવા છે? અહા! મુનિરાજ તો જ્ઞાન, આનંદ, સમાધિ આદિ ચમત્કારી નિજ સંપદાથી ભરેલા ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે.

પ્રશ્ન : — પૈસાવાળાની ઋદ્ધિનું શું?

ઉત્તર : — પૈસાવાળા એટલે શું? પૈસા તો ધૂળ છે, અજીવ છે. પૈસાવાળો એટલે કે અજીવવાળો પોતાને માનવો તે મૂઢતા છે, મિથ્યાદૃષ્ટિપણું છે. અરે! પૈસા તો દૂર રહ્યા, પણ પોતાની પર્યાયમાં જે રાગાદિ વિભાવો થાય છે તે પણ આત્માનું મૂળ સ્વરૂપ નથી. જ્ઞાનીને પણ નબળાઈનો રાગ આવે, પણ ખરેખર તો તે દૃષ્ટિની અપેક્ષાએ તેનો કેવળ જ્ઞાતા છે, અને જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાની બરાબર જાણે છે કે મારી પર્યાયમાં રાગનું — અસ્થિરતાનું — એટલું પરિણમન છે, એટલી મારામાં નબળાઈ છે. જ્ઞાનીને દૃષ્ટિ અને જ્ઞાન બંનેનો સુમેળ હોય છે. અહા! આવી વાત છે.

અહો! ધન્ય મુનિદશા! મુનિદશાની તો શી વાત! બહેનનાં 'વચનામૃત' પુસ્તક-માંથી મુનિરાજને લગતા બોલોનું સંકલન કરીને 'ધન્ય મુનિદશા!' — એ નામની નાની પુસ્તિકા છપાયેલી છે. બહેને મુનિપણાની વાત ઘણી સરસ કરી છે. મુનિરાજનો વાસ ૨૮ મૂળગુણોના વિકલ્પોમાં નહિ, પરંતુ જ્ઞાતાપરિણતિરૂપ જ્ઞાન, શાન્તિ, સ્વચ્છતા, પ્રભુતા, આનંદ આદિ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિઓથી ભરેલા નિજ જ્ઞાયકમહેલમાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :— મુનિરાજ મહેલમાં વસે કે જંગલમાં ?

ઉત્તર :— મુનિરાજ વનજંગલમાં કે ગિરિગુફામાં વસે છે—એ તો વ્યવહારનું કથન છે, તેઓ તો સદા અંતર ચૈતન્યગુફામાં વસે છે. સમયસારની ૪૯મી ગાથાની ટીકામાં શ્રી જયસેનાચાર્યદેવે કહ્યું છે કે—અહીં તાત્પર્ય આ પ્રમાણે છે : શુદ્ધ-નિશ્ચયનયથી જે પુદ્‌ગલદ્રવ્યના સર્વ વર્ણાદિ ગુણો ને શબ્દાદિ પર્યાયોથી રહિત છે, જે સર્વ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ને મનોગત રાગાદિ વિકલ્પોથી અગોચર છે, જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશદ્રવ્ય, કાળદ્રવ્ય ને શેષ અન્ય જીવોથી ભિન્ન છે અને જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્યસ્વરૂપ છે એવો જે શુદ્ધાત્મા છે તે જ સમસ્ત દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ ને બ્રાહ્મણ-ક્ષત્રિયાદિ અનેક વર્ણભેદવાળા મનુષ્યના સમસ્ત મન-વચન-કાયાના વ્યાપારોમાં દુર્લભ છે, તે જ અપૂર્વ છે અને તે જ ઉપાદેય છે એમ સમજીને નિર્મોહ અને નિરંજન એવા નિજ શુદ્ધાત્માની નિર્વિકલ્પ સમાધિથી સમુત્પન્ન જે સુખામૃતરસ તેની અનુભૂતિસ્વરૂપ જે ગિરિગુફાની બખોલ, તેમાં સ્થિર થઈને સર્વ તાત્પર્યથી તેનું (નિજ શુદ્ધાત્માનું) ધ્યાન કરવું. મુનિરાજ શું પહાડની ગુફામાં રહે છે? ખરેખર તો, તેઓ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન પોતાની આનંદમય ચૈતન્યગુફામાં રહે છે, અંદર નિજ સ્વરૂપમાં જ પ્રચુરપણે જામેલા રહે છે. અહા! આવો માર્ગ છે પ્રભુનો. દિગંબર સંતોએ ગજબ કામ કર્યું છે! મૂળ ગાથામાં ને ટીકામાં અમૃત વર્ષાવ્યું છે.

પ્રશ્ન :— તો શું મુનિરાજ વ્રતાદિના વિકલ્પમાં નથી રહેતા ?

ઉત્તર :— મુનિરાજને ભૂમિકાનુસાર પંચમહાવ્રત, સમિતિ, સ્વાધ્યાય વગેરેના વિકલ્પો આવે ખરા, પરંતુ તેમાં તેમનો વાસ નથી, તેમનો નિવાસ તો તે બધા વિકલ્પોથી ભિન્ન અંતર અતીન્દ્રિય આનંદમાં છે. મહાવ્રત કે તપ વગેરેના વિકલ્પ તો શુભ રાગ છે, આસ્રવ છે ને બંધનાં કારણ છે.

પ્રશ્ન :— વીતરાગ દેવ-ગુરુની પૂજાના ભાવ એ બધું શું બંધનું કારણ છે ?

ઉત્તર :— ભાઈ! લાખ કે કરોડ પૂજા-બૂજા કર ને! પણ એ બધો શુભ રાગ ને ક્લેશ છે. સમયસારના નિર્જરા-અધિકારમાં કહ્યું છે ને!—

કોઈ જીવો તો મહા કષ્ટે કરી શકાય એવાં અને મોક્ષથી વિમુખ એવાં કર્મો વડે સ્વયમેવ ક્લેશ પામો તો પામો અને બીજા કોઈ જીવો (મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં) મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી તૂટી મરતા થકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્લેશ પામો તો પામો; પરંતુ જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી. શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ જે જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.

પ્રશ્ન :— પાપભાવ કરતાં પુણ્યભાવ સારો તો કહેવાય ને ?

ઉત્તર : — ભાઈ ! પુણ્ય અને પાપ — બંને ભાવો, આત્માનો ધર્મ નથી માટે, સમાન છે. તેમાં પુણ્યભાવ સારો ને પાપભાવ ખરાબ — એવો તફાવત પાડવો તે મોટી ભૂલ છે, જે અનંત સંસારમાં પરિભ્રમણનું કારણ થાય છે. પ્રવચનસારની ૭૭મી ગાથામાં કહ્યું છે :

નહિ માનતો — એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે.

એ રીતે 'પુણ્ય અને પાપમાં તફાવત નથી' એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.

અહો ! શી દિગંબર મુનિરાજની વાણી ! દિગંબર મુનિરાજની તો શી વાત ! એ તો 'નાગા બાદશાહથી આગા', બાદશાહ કરતાં પણ તે આગળ — ઉત્તમ — શ્રેષ્ઠ છે; એને દુનિયાની કાંઈ પડી નથી. સમાજ કે દુનિયા માને કે ન માને, તેમણે વસ્તુસ્થિતિ જેવી છે તેવી યથાર્થ કહી છે. શુભ ભાવ સારો અને અશુભ ભાવ ખરાબ — એમ તે બેમાં જે પરમાર્થે ફેર માનશે તે 'हिंडदि घोरमपारं संसारं' — મિથ્યાત્વથી આવૃત અજ્ઞાની જીવ ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરશે. શુભ કે અશુભ બંને ભાવો વિભાવ અશુચિ, બંધનું કારણ, દુઃખ ને દુઃખફળરૂપ છે, માટે અઠીક છે; ઠીક તો એકમાત્ર નિજ શુદ્ધાત્મદ્રવ્ય-સ્વભાવના આલંબને પ્રગટતો શુદ્ધભાવ જ છે. તત્ત્વાર્થસૂત્રમાં પણ શુભભાવને આસ્રવતત્ત્વમાં લીધો છે, કેમ કે તેનાથી પુણ્યાસ્રવ થાય છે. 'शुभः पुण्यस्याशुभः पापस्य (आस्रवः)।' — શુભયોગ પુણ્યનો અને અશુભયોગ પાપનો આસ્રવ છે. બંને આસ્રવ-બંધપણે સમાન છે; તે બેમાં પરમાર્થદૃષ્ટિએ જે તફાવત માનશે કે શુભભાવ અશુભભાવ કરતાં ઠીક છે તે અનંત સંસારમાં રખડી મરશે. અહો ! આ તો કુંદકુંદાચાર્યદેવની વાણી છે; અરે ! કોણ માને એ !

અહીં તો એ વાત ચાલે છે કે 'મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે; ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે;...' શું કહ્યું ? અંદર ચૈતન્યની દુનિયામાં સહજજ્ઞાન, સહજદર્શન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહજસુખ, સહજવીર્ય, સહજસ્વચ્છત્વ, સહજપ્રકાશ, સહજપ્રભુત્વ, સહજવિભુત્વ આદિ અનંત પ્રકારનો—અનંત...અનંત...અનંત—ગુણવૈભવ જોવાનો, જાણવાનો ને માણવાનો છે તેનું મુનિરાજ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને વિશેષ સ્વરૂપસ્થિરતાની પરિણતિએ પરિણમીને, અવલોકન કરી રહ્યા છે.

અહા! આત્માના અનંત ગુણોની ગણના તો શે થાય! સર્વવ્યાપી આકાશદ્રવ્યના જેટલા પ્રદેશો છે તેના કરતાં દરેક દ્રવ્યમાં ગુણોની સંખ્યા અનંતગણી છે. અરે! પરમાણુ કે કાલાણુ, જે કદમાં સૌથી નાનામાં નાનું—એકપ્રદેશી—દ્રવ્ય છે તેમાં પણ આકાશપ્રદેશની સંખ્યા કરતાં અનંતગણા ગુણો છે. તે અચેતન પદાર્થોમાં અચેતન, આત્મામાં—ચેતનપદાર્થમાં—ચેતન ગુણો છે.

મોટાં શહેરોમાં 'પ્રદર્શન' ભરાય છે ને! અથવા અજાયબઘર હોય છે ને! જેમ લોકો તેને જોવા જાય છે તેમ અંદરમાં આ ચૈતન્યલોક પણ જોવાલાયક એક અનુપમ 'પ્રદર્શન' અથવા અજાયબઘર છે. મુનિરાજ નિજ ચૈતન્યલોકમાં જોવાયોગ્ય, અનુભવવા-યોગ્ય અનંત અતીન્દ્રિય ગુણવૈભવનું અવલોકન કરે છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવ પણ નિજ ચૈતન્યલોકનું અવલોકન કરે છે પણ થોડી સ્થિરતા સહિત, કેમ કે પર્યાયમાં નબળાઈ છે, અને મુનિરાજ, પર્યાયમાં વિશેષ ઉગ્ર સ્થિરતા પરણમી ગઈ છે તેથી, અનંત દર્શનીય ગુણવૈભવને ઉગ્રતાથી અવલોકે છે—અવગાહે છે.

અહા! આત્મા પણ એક વસ્તુ છે ને! 'વસ્તુ' કોને કહેવાય? ગોમ્મટસારની ટીકામાં કહ્યું છે: 'गुणपर्यायौ वसतः यस्मिन् इति वस्तु'—જેમાં ગુણો અને પર્યાયો વસે છે તેને 'વસ્તુ' કહે છે. મુનિરાજ અનંત અનંત ગુણવૈભવથી ભરેલી નિજ ચૈતન્યવસ્તુને દેખે છે.

પ્રશ્ન:—અનંતને ભેદ પાડીને જોતાં રાગ નથી થતો?

ઉત્તર:—નહિ, નહિ. અહીં તો 'દેખે છે' એટલી વાત છે. અનંત ગુણોને દેખે છે—બસ એટલું. ભેદ પાડીને દેખે છે એમ ક્યાં કહ્યું છે? આત્મા અનંત ગુણ-વાળો છે અને મુનિ આત્માને જુએ છે તો તેના અનંત ગુણોને જુએ છે, ભેદ પાડીને નહિ. આત્મામાં અનંતપ્રકારતા છે, તેથી તેને એકરૂપે દેખતા હોવા છતાં, અનંતને દેખે છે એમ કહેવામાં કોઈ વિરોધ નથી. વળી, (જ્ઞાનીના ઉપયોગાત્મક જ્ઞાન સંબંધી વિવરણ કરતાં) પં૦ ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે: વસ્તુનો નિશ્ચય થયા બાદ એવું નથી કે સામાન્યરૂપ સ્વદ્રવ્યનું જ ચિંતવન રહ્યા કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વદ્રવ્યનું ને પરદ્રવ્યનું સામાન્યરૂપે અને વિશેષરૂપે જાણવું થાય છે, પરંતુ વીતરાગતા સહિત થાય છે. 'જાણવું' એ તો જ્ઞાનનો સ્વભાવ છે. શું જ્ઞાન અનંતને જાણે — પરદ્રવ્યોને તેમ જ પોતાનાં વિશેષોને જાણે — માટે વિકલ્પ ( રાગ ) થાય છે ? ના...ના.

અહા ! દૃષ્ટિ તો નિર્વિકલ્પ — નિરાકાર છે; તે પોતાની હયાતીને નથી જાણતી ને પરની હયાતીને પણ નથી જાણતી. પરંતુ જ્ઞાન તો સવિકલ્પ — સાકાર છે; તે પોતાની હયાતીને જાણે છે ને પરની હયાતીને પણ જાણે છે. જ્ઞાન સ્વ-પર બધું જાણે છે, જાણવામાં કોઈ દોષ નથી — એ વાત પંચાધ્યાયીમાં આવે છે, વીરજીભાઈ સાથે ઘણી વાર ( સંપ્રદાયમાં હતા ત્યારે ) ચર્ચાઈ ગઈ છે. પંચાધ્યાયીમાં કહ્યું છે કે — હે મહા-પ્રાજ્ઞ ! સ્વરૂપસ્થિતિ માટે પરપદાર્થથી હટીને ઉપયોગને એકાકાર કરવાની ઇચ્છાથી ખેદ ન કર. બધાને જાણ. જ્ઞાનોપયોગનો તો સ્વાભાવિક મહિમા છે કે તે સ્વ-પર બધાને જાણે.

હે જ્ઞાની ! હે ધર્મી ! તું અનંત અનંત નિજ ગુણપર્યાયરૂપ વિશેષોને કે અનંત અનંત પરપદાર્થોને જો; જોવા-જાણવાનો તો તારો સ્વભાવ છે; જોવાથી તને રાગ થશે એવું છે જ નહિ.

સ્વપર પ્રકાસક સકતિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી;
જ્ઞેયદશા દુવિધા પરગાસી, નિજરૂપા પરરૂપા ભાસી.

અહા ! સ્વ-પરને જાણવું — એ તો જ્ઞાનની તાકાત - શક્તિ છે.

પ્રશ્ન :— કોક વાર આપ જ્ઞાનનાં વખાણ કરો છો ને કોક વાર ત્રિકાળી જ્ઞાયકનાં વખાણ કરો છો ?

ઉત્તર :— દૃષ્ટિનો વિષય કહેવો હોય ત્યારે ત્રિકાળી અભેદ જ્ઞાયકની વાત આવે. દૃષ્ટિ અર્થાત્ શ્રદ્ધા નિર્વિકલ્પ છે; તે પોતાને — શ્રદ્ધારૂપ પર્યાયને કે પરને જાણતી નથી, વિશેષને જાણવું એ તેનો વિષય જ નથી. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર જ્ઞેયને — બધાંને જાણવાનો છે. તે અનંતને જાણે માટે વિકલ્પ — રાગ થાય એવું નથી.

ચૈતન્યલોકમાં જ્ઞાન, આનંદ આદિ અનંત પ્રકારનું જોવાનું છે. અહીં ગુણરૂપ ઋદ્ધિના અવલોકનમાં 'રાગને જુએ છે' એ વાત ગૌણ થઈ ગઈ છે. જ્ઞાની ધર્માત્માને પણ રાગ આવે છે, પણ તેને તે પર તરીકે જુએ છે, જ્ઞાન ને આનંદ આદિ ગુણવૈભવને સ્વદ્રવ્ય તરીકે જુએ છે. અહીં કહે છે : મુનિરાજ ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે. અહા ! બેનની તો કોઈ ભાષા છે ! સાદી, સુગમ અને ઊંડા ભાવ ભરેલી !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન : — ભાષા તો જીવને હોતી નથી ને?

ઉત્તર : — ભાષા તો શબ્દવર્ગણાની પર્યાય છે, પરંતુ ભાવને અનુરૂપ શબ્દવર્ગણા ભાષારૂપ પરિણમતાં વ્યવહારે 'જીવની ભાષા' કહેવાય છે. ભગવાનનો દિવ્યધ્વનિ કહેવાય છે ને? દિવ્યધ્વનિ તો પુદ્ગલની પર્યાય છે. ભાષા તો આત્માની નથી, પણ 'હું જ્ઞાયક આત્મા છું' એવો વિકલ્પ પણ આત્માનું પરમાર્થ સ્વરૂપ નથી. આત્મા તો પરમાર્થે નિર્વિકલ્પ અતીન્દ્રિય ચૈતન્યસ્વરૂપ છે, જેમાં સહજજ્ઞાન, સહજસુખાદિ અનંત પ્રકારનું જોવાનું છે.

સમ્યગ્દૃષ્ટિ પણ અંતર પરિણતિમાં ચૈતન્યનું અવલોકન કરે છે, પરંતુ નિર્વિકલ્પદશા વિશેષ નથી, અને મુનિરાજને, સ્વરૂપસ્થિરતા ઘણી વધી ગઈ હોવાથી, નિર્વિકલ્પદશા વારંવાર આવે છે. અહીં આ 'મુનિરાજ ચૈતન્યલોકનું અવલોકન કરે છે' બહેનનાં વચન છે. અહા! આ તે કોઈ પુસ્તક છે! બધાની પાસે આવી ગયું છે ને? 'આત્મધર્મ'ના બધા ગ્રાહકોને ભેટ અપાયું છે. લોકો તેને વાંચે તો ખરા!

મુનિરાજ અતીન્દ્રિય-આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે તે ભોજન જમે છે. ભગવાન જ્ઞાયક આત્મામાં અંદર અતીન્દ્રિય આનંદના સ્વાદિષ્ટ ભોજનના થાળ ભરેલા છે — જ્ઞાન, દર્શન, કર્તા-કરણ-કર્મ વગેરે અનંત ગુણના આનંદના થાળ ભર્યા છે. તેનો સ્વાદ લેતાં ગમે તેટલો કાળ વ્યતીત થાય તોપણ તે અમૃત કદી ખૂટે નહિ. આત્માનું સહજજ્ઞાનાદિરૂપ આવું સ્વરૂપ જાણે નહિ ત્યાં સુધી દર્શનશુદ્ધિ બની શકતી નથી. હજુ ચારિત્ર તો કયાંય છેટું રહી ગયું! ભાઈ ચારિત્રદશાની તો શી વાત! એ તો કોઈ ગજબ દશા છે! ચારિત્ર તો પરમેશ્વરપદ છે.

તે પરમેષ્ઠિપદમાં રહેલા મુનિરાજ, નિજ જ્ઞાયક સ્વભાવના ઉગ્ર અવલંબન દ્વારા, અતીન્દ્રિયઆનંદરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે તે ભોજન જમે છે. મુનિ-રાજ કોને કહેવાય? અંતરમાં દેહ ને વિભાવથી ભિન્ન નિજ જ્ઞાયક સ્વભાવના દૃઢ સમ્યક્ શ્રદ્ધાન ને જ્ઞાનના બળે ત્રણ કષાયના અભાવવાળી ઉગ્ર સ્વરૂપસ્થિરતા પરિણમી હોય અને બહારમાં નિર્વિકાર સહજ નગ્ન દિગંબરદશા હોય, અંશમાત્ર પણ વસ્ત્ર-પાત્રાદિનો પરિગ્રહ ન હોય, પરિણામમાં મહાવ્રત, સમિતિ વગેરેને પ્રયતપણે પાળવાના વિકલ્પ હોય છતાં તેનું સ્વામિત્વ નથી, સહજ અતીન્દ્રિય-આનંદસ્વરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજન જમી રહ્યા છે — એવી અદ્ભુત દશાને મુનિપણું કહે છે. અહા! ધન્ય તે મુનિદશા!

અહા! જેના ઉગ્ર અવલંબને આવી અનુપમ મુનિદશા પ્રગટે છે એવો આ જ્ઞાયક આત્મા શી ચીજ છે! એ તો અતીન્દ્રિય જ્ઞાન, શ્રદ્ધા, શાન્તિ, આનંદ, સ્વચ્છત્વ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઐશ્વર્ય, પ્રભુત્વ વગેરે અનંત અનંત ગુણસમૃદ્ધિનો અચિન્ત્ય ભંડાર છે.

**'સમરસમય અચિન્ત્ય દશા છે!'**

અહા! જ્યાં અતીન્દ્રિય-આનંદરૂપ અમૃતનાં ભોજન જમાતાં હોય એવી સમરસમય અચિન્ત્ય મુનિદશાની તો શી વાત! એ તો હાલતા-ચાલતા સિદ્ધ! મુનિરાજની પરિણતિમાં સમતારૂપી — વીતરાગતારૂપી — રસ સતત ઝરી રહ્યો છે. ભાવલિંગી સંતની અંતર્દશામાં તો સમતારસના ફુવારા છૂટ્યા છે, પણ તેના દેહનો નગ્ન દેદાર પણ નિર્વિકાર અને અંતરના સમતારસના — વીતરાગરસના — પ્રતિબિંબપણે સુશોભિત હોય છે. મુનિરાજની સાધનામય પવિત્ર પરિણતિ કોઈ અદ્‌ભુત હોય છે! તેમને આત્માના અસંખ્ય પ્રદેશોમાં ચારિત્રગુણનો સમતારૂપ રસ — વીતરાગતારૂપ અતીન્દ્રિય રસ — બધા ગુણોના પરિણમનમાં એકરસ થઈ ગયો છે. તેમને આનંદગુણ પણ અનંત ગુણોના પરિણમનમાં એકરસ થઈને પરિણમે છે. આનંદથી રસબસતી અનંત ગુણોની નિર્મળ પર્યાય — આનંદથી ભરેલા અમૃતભોજનના થાળ — અંતરમાં ભરેલ છે તેને મુનિરાજ સતત ભોગવે છે. એ છે વિકલ્પમય વિષમતા રહિત સમતારસમય અચિન્ત્ય અદ્‌ભુત દશા. ખરેખર મુનિરાજની દશા કોઈ અદ્‌ભુત છે! આ કાળે એનાં દર્શન પણ દુર્લભ છે.

હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો નથી — એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે; અને વિકલ્પનો એક અંશ પણ મને આશ્રયરૂપ છે — એવો પરાશ્રયભાવ રહે તે બંધનું કારણ છે.

— પૂજ્ય ગુરુદેવશ્રી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૪૧

તા. ૫–૧૧–૭૮

## વચનામૃત — ૩૬૪

ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઉકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્ભુત છે. ‘આત્મા’ શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. ‘ચૈતન્ય છું’, ‘જ્ઞાયક છું’ — ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશાં ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવાયોગ્ય નથી. ૩૬૪.

આ બોલમાં બહેને પોતાનો વિનય વ્યક્ત કર્યો છે. બહેનની ભક્તિ અને નિર્માનતાનાં વચનો છે. કેટલી બધી નિર્માનતા! કહે છે: ‘આત્મા’ એવો શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. ગજબ છે એમની બેહદ નિર્માનતા! આ બોલમાં અહીં માટે (પૂજ્ય ગુરુદેવ માટે) વિનયના શબ્દો બહેને કહ્યા છે. આ બોલ બધાએ પોતાની મેળે વાંચી લેવો.

— o —

## વચનામૃત — ૩૬૫

કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ. જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે. અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીનતા પ્રાપ્ત કરતો નથી; એક ને એક વિષયનું — શુભાશુભ ભાવનું — પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી. અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે. જો શુભ ભાવથી મુક્તિ થતી હોત તો તો ક્યારની થઈ ગઈ હોત! હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભ ભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે — જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે. ૩૬૫.

'કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી — જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ.'

આજે સવારે એક વિશેષ વિચાર આવ્યો હતો: આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જેથી તેને સ્વભાવતઃ વિકાર થાય. તેનામાં એવો કોઈ સ્વભાવ નથી કે જેથી તે એકલો, કર્મોદય વગેરે પરપદાર્થ સાથે જોડાયા વિના, શુભાશુભ વિકાર કરે. પુદ્ગલમાં પણ એવો કોઈ ગુણ નથી કે જેથી તે એકલું, જીવપરિણામના નિમિત્ત વિના, કર્મનોકર્મરૂપ વિકૃત અવસ્થાએ થાય. અહો! આત્મા જ્ઞાન, દર્શન, સુખ આદિ અનંત અનંત અમૂર્તિક ચૈતન્યગુણોનો અભેદ એક પિંડ છે; તેનો કોઈ ગુણ સ્વભાવતઃ કદી વિકારરૂપે પરિણમતો નથી. આત્માને પરના લક્ષે પર્યાયમાં વિકાર થાય અને ધ્રુવ સ્વભાવના આશ્રયે વિકાર જાય. પુદ્ગલપરમાણુ પણ એક પ્રદેશી કાયમ ટકનારું 'સત્' છે. તેમાં પણ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ, જીવ જેટલા જ, અનંત અનંત ગુણો છે. તેના બધા ગુણો મૂર્તિક અને અચેતન છે. તેમાં પણ કોઈ એવો ગુણ નથી જેથી તે સ્વભાવતઃ એકલો કર્મરૂપ વિભાવ-અવસ્થાએ — ઉદય, ઉપશમ, ક્ષયોપશમ વગેરે પર્યાયે — પરિણમે. જીવ અને પુદ્ગલમાં — દ્રવ્ય કે ગુણમાં — વિભાવ થાય એવો કોઈ પ્રકાર નથી, માત્ર પર્યાયમાં, અન્યોન્ય નિમિત્ત-નૈમિત્તિક સંબંધે, જીવમાં રાગાદિની અને પુદ્ગલમાં કર્માદિની વિકૃતિ થાય છે. જીવ જો વર્તમાન પર્યાયમાં નિજ ધ્રુવ જ્ઞાયક-સ્વભાવનો આશ્રય કરે તો ભાવી અનંત કાળ શુદ્ધપણે — નિર્મળપણે પરિણમે; પુદ્ગલ-પરમાણુ પણ કર્મસ્કંધથી છૂટો પડે તો શુદ્ધપણે પરિણમે; પરંતુ ફરીને અન્ય પુદ્ગલો સાથે જોડાઈને વિભાવરૂપ પરિણમે એવો તેનો પર્યાયધર્મ છે. અહો! કેવો અદ્ભુત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુસ્વભાવ, કે સ્વત: વિકારરૂપ થાય એવો દ્રવ્ય-ગુણમાં કોઈ ધર્મ જ નથી. આ વિચાર આજે આવ્યો હતો.

'કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી — જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ.' વ્યતીત કાળપ્રવાહ અનાદિ છે. તેમાં અજ્ઞાનભાવે જન્મમરણ કરનાર જીવ પણ અનાદિનો છે. જન્મમરણરૂપ ભવાટવીમાં અનાદિથી પરિભ્રમણ કરતા જીવે ભવાન્ત કરનાર બે અમૂલ્ય ચીજ પ્રાપ્ત કરી નથી : — જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ. આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જેથી તે એકલો સ્વભાવત: વિકારરૂપે પરિણમે; પર્યાયમાં વિકાર છે ખરો, પણ તે તેનો ગુણધર્મ નથી — આવું વસ્તુસ્વરૂપ જિનરાજે વર્ણવ્યું છે. જેમણે આત્માનું જ્ઞાનાનંદમય પૂર્ણ નિર્મળ સ્વરૂપ પ્રગટ કરી લીધું છે, જેમને દ્રવ્ય, ગુણ ને પર્યાયપણે જાણવાથી જાણનારને નિજ આત્મા જણાય છે અને મોહનો ક્ષય થાય છે, એવા વીતરાગ સર્વજ્ઞ જિનરાજસ્વામીને જીવે અંતરમાં કદી પ્રાપ્ત કર્યા નથી — ઓળખ્યા નથી. જિનરાજસ્વામી પ્રાપ્ત નહીં કર્યા હોવાથી, તેમણે બતાવેલો ભવાન્તકારી 'સમ્યક્ત્વ' ધર્મ પણ કદી પ્રાપ્ત કર્યો નથી.

'જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે.'

જીવને જિનરાજસ્વામી મળ્યા, અરે! અનંત વાર મળ્યા, મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને અથવા તો દેવના ભવોમાં તીર્થંકરોનાં સમવસરણમાં અનંત વાર જઈ આવ્યો, 'भवि भवि जिण पुज्जिउ वंदिउ' — ભવે ભવે જિનની પૂજા કરી, વંદના કરી, કલ્પવૃક્ષનાં ફળ-ફૂલથી અર્ચના કરી, મણિરત્નના દીવડે આરતી ઉતારી, પરંતુ જિનરાજને ઓળખ્યા નહિ, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે. જિનરાજ મોહ-રાગદ્વેષ તેમ જ ક્ષુધાતૃષા વગેરે સમસ્ત દોષો રહિત વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા છે; તેમને જે જીવ દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે યથાર્થ જાણે તે, 'આ નિજ ભગવાન આત્મા પણ સ્વભાવે તેવો જ છે' એમ પોતાના આત્માને સ્વભાવે ભગવાન જાણે — ઓળખે અને તેનો મિથ્યાત્વમોહ અવશ્ય નાશ પામે. જેમને અનંતા ગુણો પર્યાયમાં નિર્મળપણે પરિણમી ગયા છે એવા વીતરાગ સર્વજ્ઞ જિનરાજ અને આ આત્મા સ્વભાવે સરખા છે એમ જાણે તો જિનરાજને ઓળખ્યા કહેવાય, પણ જિનરાજ સદૃશ નિજ આત્માને જેણે જાણ્યો — ઓળખ્યો નથી તેણે જિનરાજને પણ યથાર્થ ઓળખ્યા નથી અને તેથી અનંત વાર સમવસરણમાં જિનરાજની વાણી સાંભળવા છતાં તે ન મળ્યા બરાબર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવે અનાદિ કાળથી ભવપરિભ્રમણમાં અનંત પરાવર્તન વ્યતીત કર્યાં : દ્રવ્ય-પરાવર્તન, ક્ષેત્રપરાવર્તન, કાળપરાવર્તન, ભવપરાવર્તન ને ભાવપરાવર્તન. કર્મનોકર્મરૂપ પુદ્ગલદ્રવ્યપરાવર્તનમાં જીવે અનંત વાર મનુષ્યપણું પ્રાપ્ત કર્યું. એક પુદ્ગલપરાવર્તનના અનંતમા ભાગમાં અનંત અવતાર થાય — એવા અનંત પુદ્ગલપરાવર્તનમાં જીવને અનંત વાર મનુષ્યભવ મળ્યો છે; અનંત વાર તે સમવસરણમાં ગયો છે, પણ અનાદિ-નિધન સ્વતઃસિદ્ધ એવી આ જ્ઞાયકવસ્તુ વિકાર વિનાની છે, તેનાં દ્રવ્ય-ગુણ વિકાર વિનાનાં છે — એમ અંતરથી નિજ આત્માને જેણે ઓળખ્યો નહિ તેણે ખરેખર જિનેન્દ્રદેવને પણ ઓળખ્યા નહિ અને તેથી જિનેન્દ્રદેવ મળ્યા તે ન મળ્યા બરાબર છે.

**'અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીનતા પ્રાપ્ત કરતો નથી; એક ને એક વિષયનું — શુભાશુભ ભાવનું — પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી.'**

જીવદ્રવ્ય અને તેના જ્ઞાનાદિ અનંત ગુણો જે ત્રિકાળ નિર્મળ છે તેમાં જીવ અનાદિ કાળથી જતો નથી, તે તરફ દૃષ્ટિ કે રુચિ કરતો નથી, જેથી પર્યાયમાં નવીનતા — નિર્મળતા પ્રાપ્ત થતી નથી. બંધ-મોક્ષ, દુઃખ-સુખ બધી રમતો માત્ર પર્યાયમાં છે; પર્યાયમાં વિકાર છે, દ્રવ્ય-ગુણમાં અર્થાત્ ત્રિકાળી સ્વભાવમાં વિકાર નથી. પર્યાય માત્ર એક સમયસ્થાયી છે, તેની પાછળ — અંદર જ્ઞાયક મહાપ્રભુ બિરાજે છે તેને ઓળખીને, તેનો મહિમા લાવીને જીવ અંદરમાં જતો નથી અને અનાદિથી જ્યાં છે ત્યાં જ — પુણ્યપાપના વિભાવોમાં — રોકાઈ ગયો છે. શુભાશુભ વિકલ્પ તો ઉપરછલી, સીમાવાળી, હદવાળી, મર્યાદાવાળી ચીજ છે અને ત્રિકાળશુદ્ધ સ્વભાવ — દ્રવ્ય-ગુણ — તો અમર્યાદિત ચીજ છે. અમર્યાદિત સ્વભાવના આશ્રયે જે પર્યાય થાય તે પણ અસીમ, અમાપ હોય.

જિનરાજની દશા અમાપજ્ઞાન, અમાપ-આનંદ, અમાપશાંતિ, અમાપસ્વચ્છતા વગેરે અનંત અમાપ નિર્મળતાઓરૂપે પરિણમી ગઈ છે. જીવ પોતે જો અંતરમાં દૃષ્ટિ કરીને જિનરાજ સદૃશ પોતાને ઓળખે નહિ અને બહારમાં એક ને એક વિષયનું — શુભાશુભ વિકારી ભાવોનું — પિષ્ટપેષણ કર્યા કરે તો અનાદિનું જે ભવભ્રમણ છે તે ચાલ્યા કરે, પર્યાયમાં કાંઈ નવીનતા, નિર્મળતા પ્રાપ્ત ન કરે. પર્યાયમાં પરલક્ષે વિકાર છે, પણ તે તો ઉપરટપકે છે, દ્રવ્ય-ગુણમાં પેસી ગયો નથી. પ્રભુ! તારું ઘર તો અનંત અનંત અનંત ગુણવૈભવથી ભરેલું છે, ત્યાં જો ને, જેથી તારી પર્યાયમાં નવીનવી નિર્મળતાઓ પ્રાપ્ત થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિજ અનંત ચમત્કારિક ગુણઋદ્ધિથી ભરેલો આ ભગવાન જ્ઞાયક આત્મા અદ્ભુત ચૈતન્યલોક છે. અજાયબઘરની જેમ તેમાં અનંત પ્રકારનું જોવાનું છે. તે ચૈતન્યમહેલમાં સંતો નિવાસ કરે છે. અનાદિ મિથ્યાત્વબુદ્ધિથી પર્યાયમાં જે નિવાસ હતો તે છોડી સાધકસંતો ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે કે જેમાં અનંત ગુણરૂપ ઓરડાઓ અનંત પ્રકારની દેખવાલાયક ચીજોથી ભરેલા છે, અતીન્દ્રિય આનંદના સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે. પ્રભુ! તું 'આ છે, આ બધું છે' એમ બહારમાં આમતેમ જુએ છે, બહારનું અવલોકન કરે છે તેના કરતાં અંતરમાં, જ્યાં આનંદામૃતના થાળ ભરેલા છે ત્યાં, જા ને.

આત્મા આનંદમય છે, તેથી આત્માથી અભિન્ન અનંત ગુણોમાં — જ્ઞાન-આનંદ, દર્શન-આનંદ, શ્રદ્ધા-આનંદ, વીર્ય-આનંદ, પ્રભુત્વ-આનંદ, સ્વચ્છત્વ-આનંદ, અસ્તિત્વ-આનંદ, પ્રમેયત્વ-આનંદ, વસ્તુત્વ-આનંદ, દ્રવ્યત્વ-આનંદ, કર્તૃત્વ-આનંદ, કર્મત્વ-આનંદ વગેરેમાં — આનંદનું રૂપ વિસ્તારીને કહીએ તો આત્મમહેલમાં અનંત અનંત આનંદના થાળ ભરેલા છે. તે અનંત ગુણોના આનંદમય ભોજનને સંતો જમે છે. અહો! સંતોની શી અચિંત્ય દશા! તેઓ તો માત્ર સમરસને ચિંતવે છે. પ્રભુ! તું એવી સ્થિતિમાં — અંતરમાં — જતો નથી ને 'આ શું છે, આ આમ છે' એમ બહારમાં જ ભટક્યા કરે છે તેથી આનંદમય નવીનતાને પ્રાપ્ત કરતો નથી; એક ને એક વિષયનું — અશુભ-માંથી શુભમાં અને શુભમાંથી અશુભમાં એમ વારંવાર એક ને એક વાતનું — લઢણ કર્યા કરે છે, ઘૂંટણ કર્યા કરે છે, થાકતો નથી.

બાપુ! આ જિંદગી તો ચાલી જાય છે; કોનું શરીર, કોનું કુટુંબ ને કોનાં માબાપ? મરણકાળે બધાંને છોડીને એકલા ચાલ્યા જવાનું છે. મુનિરાજ બધું છોડીને એકલા ચાલી નીકળ્યા છે, શરીરને શિયાળિયાં કરડી ખાય છે છતાં પોતે તો અંતર સમાધિમાં — આનંદમાં જામી ગયા છે. મુનિરાજ પોતાની પરિણતિને સંબોધીને કહે છે:

ચલો સખી જઈએ વહાં, જહાં ન અપના કોઈ;
કલેવર ભખે જનાવરાં, મરતાં રુએ ન કોઈ.

એવી અદ્ભુત દશા — નવીનતાને જીવ પ્રાપ્ત કરતો નથી, એક ને એક વિષયનું — પુણ્યપાપના વિકારનું — પિષ્ટપેષણ કર્યા કરે છે એટલે કે દળેલાને જ વ્યર્થ દળ્યા કરે છે, થાકતો નથી.

**'અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે.'**

પરદ્રવ્યનું તો આત્મા કાંઈ કરી જ શકતો નથી, પણ જે પોતાનો સ્વભાવ નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેનું અસ્તિત્વ નિજ દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ, એવા શુભાશુભ વિભાવોને પોતાના માનીને જીવ તેમને જ ફરીફરીને ઘૂંટયા કરે છે. પોતે અંદર સ્વભાવે નિર્મળાનંદ પ્રભુ બિરાજે છે, પણ તેને છોડીને જીવ હિંસા, જૂઠ વગેરે પાપભાવોમાંથી દયાદાન આદિ પુણ્યભાવોમાં જાય છે, વળી પાછો પુણ્યભાવોમાંથી પાપભાવોમાં જાય છે, અંતરમાં આનંદનિધાન જ્ઞાયક વસ્તુ છે તેમાં જતો નથી.

અહો! ભગવાન આત્મા તો કેવળજ્ઞાન આદિ અનંત પાંખડીઓથી ખીલે એવું ફૂલ છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાં અનંત અનંત ગુણો છે, અંતરમાં જવાથી એ બધા ગુણો ખીલી નીકળે છે. અંતરમાં સમ્યગ્દર્શન થતાં જ્ઞાન, સુખ વગેરે જે અનંતા ગુણો છે તે બધાના અંકુરા ફૂટી નીકળે છે. અહા! કૌસ્તુભ મણિ જેવો કીમતી જેનો એક એક સમય છે એવો આ મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે. અરે! માંડ માંડ મળેલા આ મોંઘા મનુષ્યપણાને વિષે પણ ઘણા તો નાની ઉંમરમાં જુવાન-જોધ દેહ છોડીને ચાલ્યા જાય છે. દેહ છૂટવા કાળે તેને કોણ શરણ? મરીને તે કયાં જશે? ફરી પાછું મનુષ્યપણું કયારે મળશે? સત્‌નું શ્રવણ કયારે મળશે? જ્યાં ત્રસ-પર્યાયની પ્રાપ્તિને પણ શાસ્ત્રમાં ચિંતામણિરત્ન સમાન દુર્લભ કહી છે ત્યાં મનુષ્યપણાની દુર્લભતાની તો શી વાત! મનુષ્યપણું કોને કહીએ? — मनुते जानाति इति मनुष्यः, પોતાનું જે જ્ઞાનાનંદમય સ્વરૂપ છે તેને સમ્યક્ પ્રકારે જે જાણે તેને મનુષ્ય કહીએ.

નરકગતિના કારણભૂત અશુભ ભાવો જીવે અનંત વાર કર્યા છે; તેના કરતાં સ્વર્ગ-ગતિના કારણભૂત શુભ ભાવો જીવે અસંખ્યગણા અધિક કર્યા છે — એમ શુભ-અશુભ ભાવોનું પિષ્ટપેષણ — કર્મચક્ર જીવને અનાદિથી ચાલ્યા જ કરે છે; તે ફરીફરીને અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે, થાકતો નથી.

**'જો શુભ ભાવથી મુક્તિ થતી હોત તો તો કયારની થઈ ગઈ હોત!'**

શુભ ભાવ જીવે અનંત વાર કર્યા છે, નવમી ગ્રૈવેયક જાય એવી શુકલ લેશ્યાના પરિણામ પણ જીવે અનંત વાર કર્યા છે. જો શુભ ભાવથી મુક્તિ થતી હોત તો તેની મુક્તિ કયારની થઈ ગઈ હોત.

'અત્યારે આ કાળે શુભ ભાવ જ હોય, શુદ્ધ ભાવ હોય જ નહિ;' અરે, પ્રભુ! તું આ શું કહે છે? શુભ ભાવ તો વિકૃત અવસ્થા છે, નિજ શુદ્ધાત્મદ્રવ્ય-સામાન્ય તેનું કારણ છે જ નહિ. પંચમ કાળના શ્રોતાઓ પણ દ્રવ્ય-ગુણનો — ત્રિકાળી સામાન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવનો — આશ્રય કરીને શુદ્ધતા પામે છે. અહીં એમ કહે છે કે — જો શુભ ભાવથી મુક્તિ થતી હોત તો તો ક્યારની થઈ ગઈ હોત!

**‘હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભ ભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે — જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે.’**

પરલક્ષે થયેલા શુભ ભાવોથી મને કંઈક લાભ થશે એમ વિશ્વાસ છોડી દે. અંતરમાં અનંત આનંદનો નાથ નિર્મળ શુદ્ધ જ્ઞાયક આત્મા અનંત સહજ સામર્થ્યથી ભરપૂર પડ્યો છે, તેનું લક્ષ કરવાથી, આલંબન લેવાથી, પર્યાયમાં જે અનેક પ્રકારની વિકૃતિ છે તે ટળી જશે અને પરમાનંદમય પૂર્ણ નિર્મળ દશા પ્રગટશે–એમ તેનો શ્રદ્ધાની પર્યાયમાં દૃઢ વિશ્વાસ કર; શુભ ભાવનો વિશ્વાસ છોડી પૂર્વે નહિ પ્રગટ કરેલા એવા નવીન શુદ્ધ ભાવને પ્રગટ કર. વીતરાગ જિનવર પ્રભુએ કથેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ પ્રગટ કર, તો તું જરૂર શાશ્વત સુખ પામીશ.

જિનવર ભગવાને ઉપદેશમાં તાત્પર્ય તરીકે ‘વીતરાગતા’ જ બતાવી છે. તે વીતરાગતા તો નિજ શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયે જ પ્રગટ થાય છે. ચારે અનુયોગમાં વિષયનિરૂપણ જુદું જુદું હોવા છતાં બધાનું તાત્પર્ય એકમાત્ર વીતરાગતા છે. કરણાનુયોગમાં ‘જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય, ક્રોધકર્મના ઉદયથી ક્રોધ થાય’ વગેરે જે નિમિત્ત-પ્રધાન કથન આવે છે તે, પરતંત્રતા બતાવવા માટે નથી; તે કથનનો આશય એ છે કે — તે તે કર્મના ઉદયકાળે જીવ પોતે પોતાના અપરાધથી તે તે વિભાવરૂપ પરિણમે છે. નિમિત્તથી કથન કરીને તાત્પર્ય એ સમજાવવું છે કે વિભાવ તારો સ્વભાવ નથી, કર્મના સંબંધે થયેલો છે; માટે તું તેને છોડીને સ્વભાવનો — નિજ જ્ઞાયકભાવનો આશ્રય લે. સ્વભાવનું આલંબન લેવાથી તને અવશ્ય વીતરાગતા — શાશ્વત સુખ પ્રાપ્ત થશે.

પ્રથમાનુયોગ અને ‘ભક્તામર’ વગેરે ભક્તિસ્તોત્રમાં ભગવાનને દયાળુ કહ્યા છે. ભગવાન વીતરાગ છે, તેમને જગતનાં પ્રાણીઓ પ્રત્યે દયાનો વિકલ્પ હોતો નથી. ખરેખર તો, અંદર આત્મામાં રાગાદિ દોષોની જે ઉત્પત્તિ થાય તે જ નિજ આત્માની ‘હિંસા’ છે અને તેમની, નિજ ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે, અનુત્પત્તિ તે જ ‘દયા’ છે. માટે વીતરાગતા પ્રગટ કરવા માટે નિજ દ્રવ્યસ્વભાવનો આશ્રય કર — એમ વીતરાગ જિનવરસ્વામીની આજ્ઞા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસારની 'આત્મખ્યાતિ' ટીકામાં 'उभयनयविरोधध्वंसिनी...जिनवचसि रमन्ते' આવે છે. તેનો અર્થ કેટલાક એમ કરે છે કે — નિશ્ચય અને વ્યવહાર એ બંને નયોમાં રમણતા કરવી. ભાઈ! બંને નયનો વિષય તો પરસ્પર વિરુદ્ધ છે, બંનેમાં રમણતા, બંનેનો આશ્રય કેમ થાય? બંનેમાં રમણતા ન થાય. જિનવરદેવે નિશ્ચયને — નિજ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક દ્રવ્યસ્વભાવને — ઉપાદેય તરીકે અને વ્યવહારને — ગુણભેદ, પર્યાયભેદ વગેરેને — હેય અર્થાત્ ગૌણ તરીકે કહ્યો છે. સ્વભાવના આશ્રયરૂપે અને પર્યાયની ઉપેક્ષારૂપે પરિણમવું તેને 'જિનવચનમાં રમવું' કહ્યું છે. અહા! આવી વાત જિનવર-સ્વામી સિવાય બીજે ક્યાંય નથી.

જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ત્વપરિણતિ પ્રગટ કરવી — જ્ઞાયકવસ્તુ દ્રવ્યે અને ગુણે તો શુદ્ધત્વથી ભરેલી છે પણ પર્યાયમાં જે શુભાશુભ ભાવો થાય છે તેમને, ત્રિકાળી શુદ્ધત્વસ્વભાવના આશ્રયે પરિણમીને, છોડવા — એ જ કરવા જેવું છે. ચારે અનુયોગનો ઉપદેશ — જિનવરદેવની આજ્ઞા પણ એ જ છે કે —

લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.

દંદ એટલે બે-પણું — દ્વૈતપણું. આ ગુણી છે અને આ ગુણ છે એવા દ્વૈતનો વિકલ્પ પણ છોડી દે. અહીં વેદાન્ત જેવું સર્વથા અદ્વૈતપણું કહ્યું નથી; જિનદેવે તો પર્યાય-અપેક્ષાએ જે (કથંચિત્) દ્વૈતપણું છે તેનો આશ્રય છોડીને અભેદ જ્ઞાયકતત્ત્વનો આશ્રય કરવાનું કહ્યું છે, ભેદનું લક્ષ છોડી અભેદને ગ્રહણ કરવાનું કહ્યું છે. એકડે એક ને બગડે બે; આત્માને — એકલાને — કર્મ-નોકર્મરૂપ બીજાનો સંબંધ થવો તે જ રાગાદિ વિભાવરૂપ બગાડ થયો. રાગાદિથી રહિત થવાનો જિનવરનો ઉપદેશ છે. જિનવાણીમાં ભલે વ્રત, તપ વગેરે શુભ રાગની, તેના ફળની વાત આવે, પણ તે બધું બતાવવાનું તાત્પર્ય 'વીતરાગતા પ્રગટ કરવી' તે જ છે.

ભાઈ! અનાદિ કાળથી તું ભવભ્રમણ કરી રહ્યો છે; શું તને હજી તે દુઃખમય પરિભ્રમણનો થાક લાગ્યો નથી? જો થાક લાગ્યો હોય તો તારા સ્વભાવમાં વિસામો લે ને. સર્વજ્ઞદેવ કહે છે : તને તારા સ્વભાવમાં વિસામો મળશે, ત્યાં વિસામો લેવાનું તને ગમશે. અંદર સ્વભાવમાં વિસામો લે તો તારો પરિભ્રમણનો બધો થાક ઊતરી જશે. અહા! બેનની ભાષા સાદી છે, પણ અલૌકિક છે, પુરુષાર્થની છે.

જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ત્વપરિણતિ પ્રગટ કર. ચૈતન્યમૂર્તિ નિજ પરમાનંદ જ્ઞાયકની સમ્યક્ત્વરૂપ શુદ્ધ પરિણતિ પ્રગટ કરવી તે ખરેખર કર્તવ્ય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભાશુભ ભાવો થાય છે તે તો સંસાર છે, પરિભ્રમણનું કારણ છે. શુદ્ધ પરિણતિ પ્રગટ કરે તો અવશ્ય શાશ્વત સુખને પામે. 'સાદિ અનંત, અનંત સમાધિસુખમાં; અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.'—એવી દશા નિજ સ્વભાવની શુદ્ધ પરિણતિ પ્રગટ કરે તો પામે. તે દશા શુભભાવથી કદાપિ પમાય એમ નથી. રાગની મંદતા કરવાથી સ્વભાવનો સ્વીકાર ને શુદ્ધિ પ્રગટે એવું નથી. અહા! આવો જૈનધર્મ છે. હું શુદ્ધ છું, પરિપૂર્ણ છું—એવો વિકલ્પ આવે તેથી શુદ્ધતા થાય—એમ પણ નથી. જે સ્વભાવથી જ શુદ્ધ છે એવા જ્ઞાયક નિજ આત્મતત્ત્વને બીજાની—શુભભાવની—અપેક્ષાનો પ્રશ્ન જ શો? જ્ઞાયકસ્વભાવનો દૃષ્ટિ અને સ્થિરતામાં આશ્રય લે એટલે શુદ્ધ પરિણતિ અવશ્ય પ્રગટ થાય જ. અહા! આવી વાતો છે, આ દિગંબર જૈનધર્મ છે. ત્રણ લોકના નાથ તીર્થંકર સિવાય જગતમાં બીજે ક્યાંય આ સત્ય વાત નથી. આ સત્યને કહેનાર પણ બીજું કોઈ નથી. એવા જિનવર પરમાત્માની જે આજ્ઞા છે—તેમણે જે તત્ત્વ કહ્યું છે—તેને તું પામ, તો તું અવશ્ય શાશ્વત સુખને પામીશ.

નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. આત્મવસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે તે તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ!....બાર અંગનો સાર એ છે કે આત્માને જિનવર સમાન દૃષ્ટિમાં લેવો, કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મા જેવું જ છે.

**—પૂજ્ય ગુરુદેવશ્રી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૪૨

તા. ૬-૧૧-૭૮

## વચનામૃત — ૩૬૬

જેણે આત્મા ઓળખ્યો છે, અનુભવ્યો છે, તેને આત્મા જ સદા સમીપ વર્તે છે, દરેક પર્યાયમાં શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે. વિવિધ શુભ ભાવો આવે ત્યારે કાંઈ શુદ્ધાત્મા ભુલાઈ જતો નથી અને તે ભાવો મુખ્યપણું પામતા નથી.

મુનિરાજને પંચાચાર, વ્રત, નિયમ, જિનભક્તિ ઇત્યાદિ સર્વ શુભ ભાવો વખતે ભેદજ્ઞાનની ધારા, સ્વરૂપની શુદ્ધ ચારિત્રદશા નિરંતર ચાલુ જ હોય છે. શુભ ભાવો નીચા જ રહે છે; આત્મા ઊંચો ને ઊંચો જ — ઊર્ધ્વ જ — રહે છે. બધુંય પાછળ રહી જાય છે, આગળ એક શુદ્ધાત્મદ્રવ્ય જ રહે છે. ૩૬૬.

**'જેણે આત્મા ઓળખ્યો છે, અનુભવ્યો છે, તેને આત્મા જ સદા સમીપ વર્તે છે, દરેક પર્યાયમાં શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે.'**

ભગવાન જિનેશ્વરદેવે જે કહ્યો છે તે આત્મા શરીર, ઇંદ્રિય, વાણી ને મનથી તો તદ્દન જુદો છે જ, પણ તેની અવસ્થામાં અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિ વગેરેના શુભ પરિણામ થાય છે તે પણ આત્માનો સ્વભાવ નથી. સ્વભાવ તો અંદર શુભાશુભ વિભાવથી જુદી, જ્ઞાનાનંદશક્તિમય અનુપમ ચીજ છે. એવા શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન-સ્વરૂપ નિજ આત્માને જેણે અંદર સ્વસન્મુખ દૃષ્ટિ કરીને ઓળખ્યો, વિકલ્પોથી છૂટીને અનુભવ્યો, તેને અનુભૂતિના આધારરૂપ એવો નિજ જ્ઞાયક આત્મા જ સદા સમીપ — સદા અધિકપણે, મુખ્યપણે, આશ્રયપણે — રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા વીતરાગસ્વરૂપ ચૈતન્યબિંબ છે. જો તે વીતરાગસ્વરૂપ ન હોય તો પર્યાયમાં પૂર્ણ વીતરાગતા પ્રગટશે ક્યાંથી? પૂર્ણ શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન કર્યું હોય, વિજ્ઞાનઘન શુદ્ધ આત્માને પરથી ને વિભાવથી ભિન્ન ઓળખ્યો હોય, અનુભવ્યો હોય, તો આત્મા સદા—દરેક પર્યાયમાં—મુખ્ય રહે. જ્યારે આત્મા અનુભવમાં આવ્યો ત્યારથી ધર્મની શરૂઆત થઈ કહેવાય. અતીન્દ્રિય જ્ઞાનાનંદમય ચૈતન્યપ્રભુનું જ્ઞાનની વર્તમાન પર્યાયમાં જ્ઞાન થવું — વેદન થવું તે ધર્મનું પ્રથમ સોપાન છે. તે વિના ગમે તેટલાં વ્રત, તપ, દયા, દાન વગેરે કરે તે બધો, કષાય મંદ કરે તો, શુભ રાગ છે, ધર્મ નથી.

ભગવાને નવ તત્ત્વ કહ્યાં છે ને? તેમાં જે પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ તત્ત્વ છે તે વિભાવભાવ છે, જ્ઞાયક ચૈતન્યતત્ત્વથી ભિન્ન છે — એવું જેને જ્ઞાન ને અનુભવ થાય તેને આત્મા જ સદા સમીપ — અગ્રપણે — વર્તે છે; ગમે તે પ્રસંગમાં — પરિણામ ચાહે શુભમાં આવે કે અશુભમાં આવે — પણ અંદર દૃષ્ટિમાં તો આત્મા જ સદાય ઊર્ધ્વપણે વર્તે છે. અહા! આવી વાત બીજે છે ક્યાંય?

અનાદિ કાળથી પરિભ્રમણ કરતા આ જીવે અનંત ભવો કર્યા છે; શુભ ભાવ કર્યા તો સ્વર્ગમાં ગયો, અશુભ ભાવ કર્યા તો નરકમાં ને તિર્યંચમાં ગયો; શુભ ને અશુભ ભાવોથી ન્યારા નિજ સ્વભાવનું જેમને જ્ઞાન નથી તે બધા જીવો અજ્ઞાની ને મિથ્યાદૃષ્ટિ છે; ભલે વ્રત, તપ વગેરે કરતા હોય, તોપણ શુભ રાગને ધર્મ કે ધર્મનું કારણ માનતા હોવાથી, તેઓ મિથ્યાદૃષ્ટિ છે. પૂજા, ભક્તિ વગેરેમાં દેહની જે ક્રિયા થાય છે તે તો જડની દશા છે, જડના કારણે થાય છે, શુભાશુભ ભાવ નબળાઈથી આવે, પણ સમકિતીની દૃષ્ટિમાં તો સદાય આત્મા જ સમીપ રહે છે; રાગાદિ વિભાવો તો અતિ દૂરપણે, અતિ તુચ્છપણે વર્તે છે. અહા! આવી વાતો! અરેરે! પરિભ્રમણ કરતાં અનંત કાળ ગયો, અનંત વાર દુર્લભ મનુષ્યપણું પામ્યો, અનંત વાર મુનિવ્રત લીધાં, પણ અંદર આત્મા શી અદ્‌ભુત ચીજ છે તેનું ભાન ક્યારેય કર્યું નહિ. જેણે નિજ શુદ્ધાત્મતત્ત્વનું યથાર્થ ભાન કર્યું, જ્ઞાન ને અનુભવ કર્યો તેને દરેક ક્ષણે તેની દૃષ્ટિમાં શુદ્ધ આત્મા જ અધિકપણે વર્તે છે; ગમે તેવો ઊંચો શુભ રાગ હોય, પણ તે અધિકપણાને પામતો નથી, સદાય તુચ્છપણે જ વર્તે છે.

ધર્મીને દરેક પર્યાયમાં નિજ શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે. દુનિયા અનાદિ કાળથી ભવાટવીમાં ભટકી રહી છે; તેને ન આત્મા જણાયો, ન ધર્મ થયો. ધર્મનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન જેને થયું તેને સમ્યગ્જ્ઞાન થયું. ધર્મીને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં સદાય આત્માનું જ સમીપપણું હોય છે, કોઈ પણ પર્યાયના કાળમાં —એક સમય પણ— આત્માનું સમીપપણું ખસતું નથી. અહા! દરેક અવસ્થામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ જ્ઞાયક વસ્તુ મુખ્ય થયા વિના જન્મમરણનો અંત આવવાનો નથી. અરે! નિગોદના, એકેન્દ્રિયના, તિર્યંચના, નરકના અનંત ભવો કરીને જીવનો સોથ નીકળી ગયો છે; આ મનુષ્યભવ પણ કંઈ પહેલવહેલો નથી, આવા ભવ પણ અનંત વાર મળી ચૂકયા છે. આ કાંઈ નવી ચીજ નથી. નવમી ગ્રૈવેયકનો અહમિન્દ્ર પણ અનંત વાર થયો, પણ નિજ શુદ્ધાત્મદ્રવ્યની મહત્તા ભાસી નહિ તેથી ભવભ્રમણનો અંત આવ્યો નહિ.

મહાવ્રતના પરિણામ પણ રાગ, આસ્રવ ને દુઃખમય છે. અજ્ઞાની તેને ધર્મ માની બેઠો છે. જ્ઞાયક આત્માના આશ્રય વિના સુખ નથી. જ્ઞાયકનું સમ્યક્ જ્ઞાન થતાં સુખ થાય. પણ વેપારધંધા ને સંસારનાં બીજાં પાપ આડે તેને આ તત્ત્વ સમજવાની નવરાશ નથી. સંસારનાં કામમાં ધર્મ તો નથી, પણ પુણ્યેય નથી. કદાચિત્ કષાય મંદ કરે — દયા, દાન, ભક્તિ, સ્વાધ્યાય વગેરે પુણ્યપરિણામ કરે તો સ્વર્ગ મળે, પણ એનાથી એક પણ ભવ ઘટે નહિ. પુણ્યમાં ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે, અને મિથ્યાત્વના ગર્ભમાં તો અનંત ભવો પડયા છે. ભવનો અભાવ કરવા માટે નિજ શુદ્ધાત્મદ્રવ્યનો આશ્રય ગ્રહણ કરવો તે જ એક ઉપાય છે.

**'વિવિધ શુભ ભાવો આવે ત્યારે કાંઈ શુદ્ધાત્મા ભુલાઈ જતો નથી અને તે ભાવો મુખ્યપણું પામતા નથી.'**

ગૃહસ્થદશામાં વર્તતા જ્ઞાની ધર્માત્માને પણ દયા, દાન, પૂજા, ભક્તિ વગેરેના વિવિધ શુભ પરિણામ આવે; પરંતુ તે સમયે પણ તેને આશ્રયભૂત શુદ્ધ જ્ઞાયક આત્મા અધિક રહે છે, ભુલાઈ જતો નથી, અને તે શુભ ભાવો આશ્રય તરીકે મુખ્યપણું પામતા નથી. હિંસા, જૂઠ, ચોરી વગેરે પાપભાવોની વાત તો દૂર રહી, પણ અંદર દ્રવ્યસ્વભાવને આશ્રયે વર્તતી મંદ શુદ્ધિની સાથે વર્તતો જે દયા, દાનાદિનો શુભ ભાવ તે પણ મુખ્યપણાને પામતો નથી. ધર્મીને મુખ્યપણું તો સદાય એક નિજ શુદ્ધાત્મદ્રવ્યનું જ વર્તે છે, તે જ તેને સદા સમીપ વર્તે છે.

**'મુનિરાજને પંચાચાર, વ્રત, નિયમ, જિનભક્તિ ઇત્યાદિ સર્વ શુભ ભાવો વખતે ભેદજ્ઞાનની ધારા, સ્વરૂપની શુદ્ધ ચારિત્રદશા નિરંતર ચાલુ જ હોય છે.'**

અહા! મુનિરાજ કોને કહીએ? જેમને અંતરમાં શરીરાદિ પરદ્રવ્ય અને રાગાદિ વિભાવોથી ભિન્ન ચિન્માત્ર નિજ શુદ્ધાત્મદ્રવ્યની સહજ પ્રતીતિ, જ્ઞાન અને સ્થિરતાની સાથે સાથે વિકલ્પકાળે પંચાચાર, વ્રત, નિયમ, પંચપરમેષ્ઠીની ભક્તિ વગેરે શુભ ભાવો હઠ વિના વર્તતા હોય તેમને મુનિરાજ કહીએ.

અહીં બહેન કહે છે: મુનિરાજને ભૂમિકાને યોગ્ય, પંચાચાર, વ્રત, તપ, જિનેન્દ્રભક્તિ વગેરેના શુભ ભાવ આવે તે વખતે ભેદજ્ઞાનની — દેહાદિ ને રાગાદિથી ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મજ્ઞાનની—ધારા તથા સ્વરૂપરમણતાની શુદ્ધ ચારિત્રધારા સતત ચાલુ જ હોય છે. મુનિરાજ તો સ્વાનુભૂતિયુક્ત આત્મજ્ઞાન તથા શુદ્ધ ચારિત્રવંત વીતરાગી સાચા સંત હોય છે. બહારમાં તેઓ નગ્ન દિગંબર અને અંતરમાં તેમને, મુનિને ઉચિત આત્મશુદ્ધિ સહિત પંચમહાવ્રત વગેરેના વિકલ્પો હોય છે. વિકલ્પ વખતે પણ 'રાગથી ભિન્ન હું જ્ઞાનસ્વરૂપ છું' એ ભેદજ્ઞાનની ધારા તથા સ્વરૂપસ્થિરતાની નિર્મળ દશા તેમને નિરંતર ચાલુ જ છે.

અરે! આવી દશા—સતત વહેતી ભેદજ્ઞાનની ધારા અને સ્વરૂપની શુદ્ધ ચારિત્ર-દશા—અત્યારે આ કાળે ને આ ક્ષેત્રે ક્યાં જોવામાં આવે છે? વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જેવો 'આત્મા' કહ્યો છે—બીજા અજ્ઞાનીઓ 'આત્મા, આત્મા' કહે તે નહિ—તે અતીન્દ્રિય આનંદના નાથનું જે ભેદજ્ઞાન, તે સહિત આત્મામાં ઘણી રમણતા પ્રગટે તેને ભગવાન ચારિત્ર કહે છે. સમજાય છે કાંઈ?

વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં જ આવા સાચા સંત હોય છે. 'णमो लोए सव्वसाहूणं।' જેમને સ્વરૂપની સાચી દૃષ્ટિ અને રમણતા નથી, તેઓ ભલે ને 'સાધુ' નામ ધરાવે પણ તે બધા ખોટા છે. જે સ્વરૂપના આનંદમાં રમે તે આત્મ-રામી છે, જે રાગમાં રમે તે હરામી—અજ્ઞાની છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં જે સંત થાય તેને સ્વરૂપની નિર્મળ દૃષ્ટિ અને સ્વરૂપમાં રમણતા હોય. એવા સંતને ભૂમિકા પ્રમાણે શુભ ભાવ આવે, છતાં ભેદજ્ઞાન અને શુદ્ધ ચારિત્રની ધારા નિરંતર ચાલુ જ હોય છે.

**'શુભ ભાવો નીચા જ રહે છે; આત્મા ઊંચો ને ઊંચો જ—ઊર્ધ્વ જ—રહે છે.'**

જ્ઞાની ધર્માત્માને ભૂમિકાનુસાર શુભ ભાવો આવે ખરા, પણ તે વિભાવભાવો સદા નીચા જ રહે છે, હૃદયમાં આશ્રય તરીકે તેમની મહત્તા જરા પણ આવતી નથી; તે વખતે પણ અંતરમાં આશ્રયભૂત શુદ્ધ સ્વભાવ—જ્ઞાયક આત્મા—ઊંચો ને ઊંચો જ, સર્વોપરી રહે છે. અહા! આવી વાત છે. સમજાણું કાંઈ?

(શ્રોતા—) આપ સમજાવી દો ને!

વાત તો સાદી ભાષામાં આવે છે, પ્રભુ! શું કહીએ? સમજવાનો પ્રયત્ન તો જીવે પોતાને કરવાનો છે ને? જુઓ ને, નાની ઉંમરમાં દેહની સ્થિતિ પૂરી કરીને ઘણા બીજા ભવમાં ચાલ્યા જાય છે. આત્માનું હિત હવે પછી કરશું—એમ વાયદામાં ને વાયદામાં ભવ ચાલ્યો જાય છે. બાપુ! આત્માની સાચી સમજણ અત્યારે જ કરી લે, નહીંતર ફરીને મનુષ્યભવનાં આવાં મોંઘાં ટાણાં મળવાં મુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં તો કહે છે કે ધર્મીને શુભ ભાવ વખતે પણ અંતરમાં વર્તતી ભેદજ્ઞાનની ધારા અને સ્વરૂપરમણતારૂપ ચારિત્રદશા જરા પણ ખસતી નથી, તેને જરા પણ ક્ષતિ પહોંચતી નથી. અહા! શી અદ્ભુત દશા! સમજવી કઠણ પડે. અત્યારે તો ઉપદેશકોએ આત્મજ્ઞાનશૂન્ય બહારની ક્રિયાઓમાં — વ્રત ગ્રહો, ઉપવાસ કરો, અહિંસા પાળો, ભક્તિ કરો, આ કરો ને તે કરો વગેરેમાં — ધર્મ મનાવી દીધો છે. શું થાય? જીવોની એવી જ ભવિતવ્યતા. ભગવાને તો 'चारित्तं खलु धम्मो' કહ્યું છે. સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપરમણતા અર્થાત્ ચારિત્ર તે ધર્મ છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાયક તે આત્મા છે. નિજ જ્ઞાયક આત્મામાં શ્રદ્ધાનજ્ઞાનપૂર્વક ચરવું, રમવું, જામી જવું, અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું તે, જિનેન્દ્રદેવે બતાવેલો વાસ્તવિક ધર્મ છે. આવી ચારિત્રદશા મુનિરાજને હોય છે. આવી સહજ દશા, શુભ ભાવ વખતે પણ, મુનિરાજને અંતરમાં વર્તતી હોય છે.

'વચનામૃત'ના ૩૬૬મા બોલના આ બીજા પેરેગ્રાફમાં ચારિત્રદશાની વાત કહી છે. પહેલા પેરેગ્રાફમાં 'જેણે આત્મા ઓળખ્યો છે, અનુભવ્યો છે, તેને આત્મા જ સદા સમીપ વર્તે છે,...' એટલું લઈને અહીં બીજા પેરેગ્રાફમાં, જે સ્થિરતામાં આગળ વધ્યા છે એવા મુનિરાજની વાત લીધી છે. ઝીણી વાત છે પ્રભુ! શું થાય? ત્રિલોકીનાથ શ્રી સીમંધરભગવાન મહાવિદેહમાં બિરાજે છે, વર્તમાન મોજૂદ છે, ૫૦૦ ધનુષ્યનો દેહ છે...

(શ્રોતા —) દેખાય છે?

દેખાય છે અંદર. એ સીમંધર પરમાત્મા પાસે વિ. સં. ૪૯માં શ્રી કુંદકુંદ-આચાર્યદેવ ગયેલા, ને ત્યાંથી આવીને આ સમયસાર, પ્રવચનસાર વગેરે શાસ્ત્રો રચ્યાં છે. અહાહા! એનાથી પણ આગળ...ઝીણી વાત છે...!

(શ્રોતા —) ફરમાવો!

બહેન (બહેનશ્રી ચંપાબેન) પણ મહાવિદેહમાંથી આવ્યાં છે.

(શ્રોતા —) આપ પણ મહાવિદેહમાંથી આવ્યા છો.

પોતાની વાત ન કહેવાય. બહેનની જે આ વાણી છે તે, ભગવાન પાસે સાંભળેલા દિવ્યધ્વનિમાંથી આવેલી છે; આત્માનો અનુભવ થઈને આ વાણી નીકળી છે. ઝીણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાત છે બાપુ! જગતને વિશ્વાસ આવવો કઠણ પડે. આખો દી વેપારધંધાનાં પાપમાં રચ્યો-પચ્યો રહે તેને ધર્મ શું છે તેની ખબર ક્યાંથી પડે? કદાચિત્ કંઈક નવરો થાય તો સામાયિક, પ્રતિક્રમણ ને પોસામાં—રાગની ક્રિયામાં—રોકાઈ જાય. પણ ભાઈ! પુણ્ય-પાપના વિભાવથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માનું ભેદજ્ઞાન કર્યા વિના સામાયિક એટલે કે સમતાનો ભાવ, આત્મામાં ઠરવું આવશે ક્યાંથી?

જ્ઞાનીને—ધર્મીને—સંતને સામાયિક, પ્રતિક્રમણ, જિનભક્તિ વગેરે શુભ ભાવ આવે પણ તે વિભાવભાવોની તેમને કદી અધિકતા થતી નથી; તે ભાવો સદા નીચા, ગૌણ ને મહત્ત્વહીન જ રહે છે; તેમને અધિકતા, મહત્તા ને મુખ્યતા તો એકમાત્ર આશ્રયભૂત નિજ ધ્રુવ શુદ્ધ જ્ઞાયક આત્માની જ રહે છે; શુદ્ધ આત્મા જ સર્વદા ઊંચો ને ઊંચો જ—ઊર્ધ્વ જ—રહે છે. ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર એવો જે નિજ જ્ઞાયક આત્મા તેના પરથી ધર્મીને એક ક્ષણ પણ દૃષ્ટિ ખસતી નથી. જ્ઞાનીને વખતોવખત શુભ ભાવ આવે, પણ તે નીચે રહી જાય છે, ઊંચે તો ભગવાન આત્મા જ રહે છે. અહા! આવી વાત! આપણે તો અહીં—સોનગઢમાં ૪૪ વર્ષથી આ જ વાત ચાલે છે.

ધર્મી—સમકિતી હો કે મુનિ હો—કે જેણે આત્માને ઓળખ્યો છે અને અંશે અનુભવ્યો છે તેને શુભ ભાવ વખતે પણ—શુભ ભાવ વિભાવ ને બંધનું કારણ છે તેથી—ભગવાન આત્મા જ ઊર્ધ્વ રહે છે. અહા! આવી વાત છે. દુનિયાને તેની ખબર નથી. અરેરે! દુનિયા ઊભી છે ક્યાં ને મારગ રહી ગયો છે ક્યાંય—અંતરમાં.

**'બધુંય પાછળ રહી જાય છે, આગળ એક શુદ્ધાત્મદ્રવ્ય જ રહે છે.'**

જેને ભિન્ન આત્માનું જ્ઞાન ને રમણતા વર્તે છે તેને બધુંય—સમસ્ત શુભાશુભ ભાવો—પાછળ રહી જાય છે, આગળ એટલે કે મુખ્ય તો એક નિજ શુદ્ધાત્મદ્રવ્ય જ રહે છે.

મહેમાનનું સ્વાગત કરે ત્યારે કહે કે 'આ ઘર તમારું છે', પણ અંદરમાં સમજે છે કે તે તો આગન્તુક છે, ચાલ્યો જવાનો છે; તેમ શુભાશુભ ભાવ પણ આગંતુક છે, આત્માના ઘરની ચીજ નથી—એમ જ્ઞાની સમજે છે.

અનાદિ કાળથી રખડતો આ જીવ અરે! અનંત વાર અબજોપતિ થયો, અનંત વાર નવમી ગ્રૈવેયકનો અહમિન્દ્ર થયો. તે વૈભવો પુણ્યથી પામ્યો હશે કે પાપથી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નરકના ભવ પણ અનંતા કર્યા છે. સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે જીવે નરક કરતાં સ્વર્ગના ભવ અસંખ્યાતગણા અનંત વાર કર્યા છે, પરંતુ એ પુણ્યબંધના કારણભૂત વ્રત ને ઉપવાસ વગેરેના શુભ ભાવ તે ધર્મ નથી, વિકલ્પ છે. શુક્લલેશ્યાના પરિણામ પણ ધર્મ નથી, પુણ્યબંધનું કારણ છે. અરે! આત્મા અને તેનો ધર્મ શી અદ્ભુત ચીજ છે એનું જગતને ભાન ન મળે. અહીં તો કહે છે પાપભાવ તો સંસારમાં રખડવાનું કારણ છે જ, પણ જ્ઞાનીને જે શુભ ભાવ આવે તે પણ બંધનું કારણ છે. ધર્મી જીવને ઊર્ધ્વતા, આધિકતા ને મહત્તા સદાય શુદ્ધ ભાવની — શુદ્ધાત્મસ્વભાવની — વર્તે છે, શુભ ભાવો તેને નીચા, મહત્ત્વહીન ને ગૌણ જ રહે છે. શુભાશુભ બધુંય પાછળ રહી જાય છે, આગળ એક શુદ્ધાત્મદ્રવ્ય જ રહે છે.

— * —

## વચનામૃત — ૩૬૭

**જિનેન્દ્રભગવાનની વાણીમાં અતિશયતા છે, તેમાં અનંત રહસ્ય હોય છે, તે વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે. આમ છતાં આખું ચૈતન્ય-તત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી. ચૈતન્યતત્ત્વ અદ્ભુત, અનુપમ ને અવર્ણનીય છે. તે સ્વાનુભવમાં જ ખરું ઓળખાય છે. ૩૬૭.**

**'જિનેન્દ્રભગવાનની વાણીમાં અતિશયતા છે, તેમાં અનંત રહસ્ય હોય છે, તે વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે.'**

ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ તે જિનેન્દ્ર છે. ગણધરદેવ, સકલવિરત શ્રમણ, દેશવિરત શ્રાવક, અરે! અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ 'જિન' કહેવાય છે. અરિહંત તો બધા સાધક જિનોના ઇંદ્ર હોવાથી 'જિનેન્દ્ર' કહેવાય છે. બીજી રીતે અવિરત સમ્યગ્દષ્ટિ વગેરે 'જિન', ગણધર 'જિનવર' અને તીર્થંકર અરિહંત 'જિનવરવૃષભ' કહેવાય છે. શ્રી ઋષભાદિ મહાવીર પર્યન્ત ૨૪ જિનવરવૃષભ — જિનેન્દ્રદેવ થઈ ગયા તે હાલ અશરીરી સિદ્ધપદમાં છે. વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી વગેરે જિનેન્દ્રદેવ, જેઓ હાલ શરીર સહિત વર્તે છે તેઓ, 'અરિહંત' પદમાં છે. 'णमो सिद्धाणं' — સિદ્ધપરમાત્મા અશરીરી હોવાથી તેમને વાણીનો યોગ નથી, પરંતુ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'णमो अरिहंताणं'—અરિહંત પરમાત્મા—જિનેન્દ્રદેવ સશરીર હોવાથી તેમને વાણીનો યોગ છે. તેમની વાણી અતિશયયુક્ત, અનંત રહસ્યોથી ભરપૂર અને અસંખ્ય જીવોને કલ્યાણનો માર્ગ પમાડનારી હોય છે. વીતરાગ સર્વજ્ઞની વાણી 'દિવ્યધ્વનિ'-રૂપ હોય છે; બીજાં પ્રાણીઓ કરતાં જુદી જાતની, નિરક્ષરી 'ૐ' ધ્વનિરૂપ હોય છે. હોઠ હાલે નહિ, કંઠ ધ્રૂજે નહિ, વાક્ય-પદના ક્રમોચ્ચારણ રહિત, એવો શ્રી જિનેન્દ્ર-ભગવાનનો દિવ્યધ્વનિ અનંત અતિશયતા, અદ્‌ભુતતા અને ચમત્કૃતિઓથી ભરપૂર હોય છે.

જિનેન્દ્રભગવાનની વાણીમાં અનંત રહસ્યો હોય છે. તે વાણીની ગંભીરતા અથાહ છે. જિનેશ્વરની વાણી વિષે શ્રીમદે ૧૭મા વરસે કહ્યું છે ને—

"અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;"

ભવનો અંત આણે એવી તે જિનેન્દ્રવાણીની—તેની ગહનતાની—શી વાત! એ કોઈ સાધારણ વાણી નથી, અનંત અનંત કલ્યાણદાયી રહસ્યોથી ભરપૂર છે. તે કલ્યાણી વાણી દ્વારા ઘણા જીવો—અધોલોકના અસુરો, ઊર્ધ્વલોકના સુરો અને મધ્ય-લોકના નરો અને તિર્યંચો—મોક્ષનો માર્ગ પામે છે. ભગવાનની વાણી હિતકર, મધુર અને સ્પષ્ટ હોવાથી ત્રણે જગતના જીવો દ્વારા પૂજ્ય છે. જિનવાણીનો મહિમા કરતાં શ્રીમદે કહ્યું છે:

સકળ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને, તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો રાજચંદ્ર! બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે.

જિનેન્દ્રદેવની વાણી દ્વારા અસંખ્ય જીવો ધર્મ પામે છે; તે સિવાય અન્ય કોઈ અજ્ઞાનીની વાણી દ્વારા કોઈ જીવ ધર્મ પામે એમ બનતું નથી.

**'આમ હોવા છતાં આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી.'**

દક્ષિણ ભારતમાં ૨૦ વર્ષની દીક્ષા-વયવાળા એક દિગંબર જૈન સાધુ છે. તેમણે આ 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક તથા આપણું અન્ય સાહિત્ય વાંચ્યું, વાંચીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેઓ ખૂબ પ્રસન્ન થયા છે, અને લખે છે કે—'સ્વામીજી! આપ આ વાત ક્યાંથી લાવ્યા? ૨૦૦ વર્ષમાં આવી વાત કહેનાર કોઈ નહોતું.' તે સાધુ 'વચનામૃત' પુસ્તકો અહીંથી મંગાવે છે અને શ્રાવકોને, ૨૦ મિનિટ દરરોજ વાંચવાની પ્રતિજ્ઞા લેવરાવીને, ભેટ આપે છે. જિનેન્દ્રપ્રભુએ કહેલો આ માર્ગ પ્રભુ! કોઈ જુદી જાતનો છે. તેમની વાણી અને સિદ્ધાન્તો અલૌકિક છે. તેમણે બતાવેલું શુદ્ધ પરમાનંદકંદ ચૈતન્યતત્ત્વ એવું અદ્દભુત છે કે જેનું પૂરું વર્ણન તેમની 'ૐ'કાર દિવ્યધ્વનિમાં પણ આવતું નથી. એક અપેક્ષાએ એમ કહેવાય કે શબ્દબ્રહ્મ એટલે કે જિનવાણી સર્વપદાર્થપ્રકાશનશીલ છે અને એક અપેક્ષાએ એમ પણ કહેવાય કે—

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

સર્વજ્ઞભગવાને ચૈતન્યાદિ સર્વ વસ્તુનું જે પૂર્ણ સ્વરૂપ જાણ્યું છે તેના કરતાં અનંતમા ભાગે તેમના 'દિવ્યધ્વનિ'માં આવે છે, 'દિવ્યધ્વનિ'માં જેટલું આવે છે તેના કરતાં ગણધર અનંતમા ભાગે ઝીલે છે, ગણધરભગવાને જે ઝીલ્યું છે તેના કરતાં અનંતમા ભાગે બાર અંગરૂપ શ્રુતની રચના થાય છે. એ રીતે ચૈતન્યનું અદ્દભુત સ્વરૂપ માત્ર અનુભવગમ્ય છે, વાણીમાં તેનો પૂરો ચિતાર આવી શકતો નથી. દુશ્મન મિત્રતાની વાતો કેટલી કરે? તેમ, જડ વાણીમાં આનંદનાથ ચૈતન્યનું વર્ણન કેટલું આવે? માત્ર ઇશારા આવે, પૂરું વર્ણન આવી શકે નહિ. વાણી તો માત્ર સંખ્યાત શબ્દાત્મક છે અને પ્રભુ ચૈતન્ય તો સહજ જ્ઞાન ને આનંદાદિ અનંત અનંત સમૃદ્ધિનો ભંડાર છે. ચૈતન્યપ્રભુની અનંતતાનું વર્ણન સંખ્યાત શબ્દાત્મક વાણીમાં કઈ રીતે આવે? જિનેન્દ્રદેવની વાણી દ્વારા ઘણા જીવો મોક્ષનો માર્ગ પામતા હોવા છતાં, આખું ચૈતન્યતત્ત્વ તે વાણીમાં પણ આવતું નથી.

**'ચૈતન્યતત્ત્વ અદ્દભુત, અનુપમ ને અવર્ણનીય છે.'**

અહો! ચૈતન્યતત્ત્વ કોઈ અદ્દભુત ચીજ છે. ધર્મીને અતીન્દ્રિય આનંદથી ભરેલા નિજ જ્ઞાયક આત્માનો અનુભૂતિમાં સ્વાદ આવે, પણ તેનું વર્ણન તે શું કરે? પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદનો નાથ—જેના આશ્રયે સાદિ-અનંત કાળ પૂર્ણ જ્ઞાન ને આનંદ પરિણતિમાં વહ્યા કરે એવું નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વ—તેની લોકોત્તર અદ્દભુતતા, અનુપમતા ને અવર્ણનીયતાની શી વાત! શ્રીમદ્-અમૃતચંદ્રાચાર્યદેવે સમયસારની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મખ્યાતિ ટીકામાં — એ કળશમાં — 'अद्भुताद्भुत' ને 'अद्भुत' કહ્યું છે : અહો ! આત્માનો તે આ સહજ અદ્‌ભુત વૈભવ છે કે એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે અને એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે, એક તરફથી જોતાં ક્ષણભંગુર છે અને એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે, એક તરફથી જોતાં ત્રણ લોક દેખાય છે અને એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે. આવો આત્માનો અદ્‌ભુતથી પણ અદ્‌ભુત સ્વભાવમહિમા જયવંત વર્તે છે. આવો દ્રવ્ય-પર્યાયાત્મક અનંતધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે. અજ્ઞાનીઓને તેમાં આશ્ચર્ય ઊપજે છે કે આ તો અસંભવિત જેવી વાત છે ! જ્ઞાનીઓને જો કે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્‌ભુત પરમ આનંદ થાય છે, અને તેથી આશ્ચર્ય પણ થાય છે. અહો ! આવા અદ્‌ભુત ચૈતન્યતત્ત્વને શી ઉપમા આપવી ? કોની સાથે તુલના કરવી ? એ તો અનુપમ અને અવર્ણનીય છે.

### 'તે સ્વાનુભવમાં જ ખરું ઓળખાય છે.'

તે અદ્‌ભુત ને અનુપમ જ્ઞાયકતત્ત્વ વાણી, ચેષ્ટા વિકલ્પ કે ધારણા દ્વારા નહિ પણ અતીન્દ્રિય સ્વાનુભૂતિમાં જ ખરું ઓળખાય છે. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. સમ્યગ્દર્શન એટલે કે યથાર્થ આત્મદર્શન થતાં આનંદનો નાથ ચૈતન્યપ્રભુ અનુભવમાં આવે છે, જણાય છે. સ્વાનુભવ વિના ધારણા વગેરે બધું નિરર્થક છે. સ્વાનુભૂતિમાં જ આત્મા ખરો ઓળખાય છે.

ચામડાં ઉતારીને જોડા કરીએ તોપણ ઉપકાર ન વાળી શકાય એવો ઉપકાર ગુરુ આદિનો હોય છે. એને બદલે તેમના ઉપકારને ઓળવે તે તો અનંત સંસારી છે. કોની પાસે સાંભળવું એનો પણ જેને વિવેક નથી તે, આત્માને સમજવા માટે લાયક નથી — પાત્ર નથી. જેને લૌકિક ન્યાય-નીતિનાં પણ ઠેકાણાં નથી એવા જીવો શાસ્ત્રોનું વાંચન કરે અને એને જે સાંભળવા જાય તે સાંભળનાર પણ પાત્ર નથી.

— પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૪૩

તા. ૭-૧૧-૭૮

## વચનામૃત — ૩૬૮

**પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, ઉત્તમ કુળ અને સત્ય ધર્મનું શ્રવણ ઉત્તરોત્તર દુર્લભ છે. આવા સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ અને તેમની પુરુષાર્થપ્રેરક વાણીના શ્રવણનો યોગ અનંત કાળે મહાપુણ્યોદયે પ્રાપ્ત થાય છે. માટે પ્રમાદ છોડીને પુરુષાર્થ કર. બધો સુયોગ મળી ગયો છે. તેનો લાભ લઈ લે. સાવધાન થઈ શુદ્ધાત્માને ઓળખી ભવભ્રમણનો નિવેડો લાવ. ૩૬૮.**

**'પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, ઉત્તમ કુળ અને સત્ય ધર્મનું શ્રવણ ઉત્તરોત્તર દુર્લભ છે.'**

અનાદિ કાળથી નિત્ય નિગોદ અને એકેન્દ્રિયમાં પરિભ્રમણ કરતા જીવને ત્રસપણું પામવું ચિંતામણિરત્નની પ્રાપ્તિ તુલ્ય દુર્લભ છે, ત્યાં પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, ઉત્તમ કુળ અને સત્ય ધર્મના શ્રવણની જે ઉત્તરોત્તર દુર્લભતા તેની તો શી વાત! પાંચ ઇંદ્રિયો તો પશુઓને પણ હોય છે પણ ત્યાં સત્ય ધર્મનું શ્રવણ દુર્લભ છે, મનુષ્યપણામાં ધર્મના શ્રવણનો યોગ વધુ સંભવિત છે. મનુષ્યપણું કદાચ પુણ્યોદયે મળી જાય, પણ જો પાપપ્રધાન હીન કુળમાં જન્મ થઈ જાય તો ત્યાં પણ પાપપરિણામની પ્રચુરતાને લીધે ધર્મ સાંભળવાની જિજ્ઞાસા થતી નથી; ધર્મસંસ્કારયોગ્ય ઉત્તમ કુળમાં ધર્માભિમુખ વૃત્તિ જન્મવાનો અવકાશ છે. મનુષ્યપણું અને ઉત્તમ કુળ પુણ્યયોગે મળી જાય તોપણ યથાર્થ ધર્મનું શ્રવણ પણ અતિ દુર્લભ છે. આમ ઉત્તરોત્તર દુર્લભ એવા ધર્મ પામવાના ઉત્તમ યોગ તને મળ્યા છે ભાઈ! હવે તો સાવધાન થઈને તારું કલ્યાણ કરી લે ને બાપુ!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આવા સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ અને તેમની પુરુષાર્થપ્રેરક વાણીના શ્રવણનો યોગ અનંત કાળે મહાપુણ્યોદયે પ્રાપ્ત થાય છે.'**

'આવા સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ...' એ કહીને બહેને પોતાનો વિનય તથા લઘુતા પ્રગટ કરી છે. જેનાથી ભવભ્રમણનો અંત આવે એવી આત્મસાધનાનો પુરુષાર્થ પ્રેરનારી ગુરુવાણીના શ્રવણનો યોગ અનંત કાળે ઘણા પુણ્યના થોક હોય ત્યારે માંડ માંડ પ્રાપ્ત થાય છે.

**'માટે પ્રમાદ છોડી પુરુષાર્થ કર.'**

અજ્ઞાનીએ વિજ્ઞાનની — જડની — શોધ માટે અથક પુરુષાર્થ કર્યો, પણ દેહ ને રાગથી ભિન્ન પૂર્ણાનંદનો નાથ એવા નિજ ચૈતન્યભગવાનને અંતરમાં શોધવાનો યથાર્થ પુરુષાર્થ કદી કર્યો નથી. ભાઈ! હવે પ્રમાદ છોડી અંતરમાં ચૈતન્યને પામવાનો પુરુષાર્થ કર.

**'બધો સુયોગ મળી ગયો છે. તેનો લાભ લઈ લે.'**

ઇંદ્રિયો અને તેમના વિષયભૂત પરપદાર્થોથી ભિન્ન અને અંદર મનના આશ્રયે થતા સમસ્ત સંકલ્પ-વિકલ્પથી પણ રહિત ભગવાન જ્ઞાયક, કે જે અચિન્ત્ય ચમત્કારી મહા પદાર્થ છે તેને સમજવાનો — પ્રાપ્ત કરવાનો ઉત્તરોત્તર દુર્લભ એવો બધો સુયોગ તને મળી ગયો છે, હવે તો તેનો લાભ લઈ લે, ક્ષણભર પણ આળસ ન કર.

**'સાવધાન થઈ શુદ્ધાત્માને ઓળખી ભવભ્રમણનો નિવેડો લાવ.'**

શુદ્ધ આત્મા ભગવત્સ્વરૂપ અપારમહિમાયુક્ત જ્ઞાયક મહા પદાર્થ છે. તેને સાવધાન થઈ જો, ઓળખ, જેથી ભવભ્રમણનો શીઘ્ર અંત આવી જાય. દુર્લભ મનુષ્યપણું પામીને જીવનમાં આ એક જ કરવા જેવું છે, એ સિવાય બીજું કાંઈ — સંસારની કોઈ ચીજ — કરવા લાયક નથી.

— * —

## વચનામૃત — ૩૬૯

**ચૈતન્યતત્ત્વને પુદ્‌ગલાત્મક શરીર નથી, નથી. ચૈતન્યતત્ત્વને ભવનો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિચય નથી, નથી. ચૈતન્યતત્ત્વને શુભાશુભ પરિણતિ નથી, નથી. તેમાં શરીરનો, ભવનો, શુભાશુભ ભાવનો સંન્યાસ છે.

જીવે અનંત ભવોમાં પરિભ્રમણ કર્યું, ગુણો હીણારૂપે કે વિપરીતરૂપે પરિણમ્યા, તોપણ મૂળ તત્ત્વ એવું ને એવું જ છે, ગુણો એવા ને એવા જ છે. જ્ઞાનગુણ હીણારૂપે પરિણમ્યો તેથી કાંઈ તેના સામર્થ્યમાં ઊણપ આવી નથી. આનંદનો અનુભવ નથી એટલે કાંઈ આનંદગુણ ક્યાંય ચાલ્યો ગયો નથી, હણાઈ ગયો નથી, ઘસાઈ ગયો નથી. શક્તિરૂપે બધું એમ ને એમ રહ્યું છે. અનાદિ કાળથી જીવ બહાર ભમે છે, ઘણું ઓછું જાણે છે, આકુળતામાં રોકાઈ ગયો છે, તોપણ ચૈતન્યદ્રવ્ય અને તેના જ્ઞાન-આનંદાદિ ગુણો એવાં ને એવાં સ્વયમેવ સચવાયેલાં રહ્યાં છે, તેમને સાચવવાં પડતાં નથી.

—આવા પરમાર્થસ્વરૂપની સમ્યગ્દૃષ્ટિ જીવને અનુભવયુક્ત પ્રતીતિ હોય છે. ૩૬૯.

**'ચૈતન્યતત્ત્વને પુદ્ગલાત્મક શરીર નથી, નથી.'**

ચૈતન્યતત્ત્વ શરીર, ઇંદ્રિય, વાણી વગેરે જડ પુદ્ગલતત્ત્વથી તદ્દન ભિન્ન, જ્ઞાન ને આનંદ આદિ અસાધારણ ધર્મોવાળી સ્વતઃસિદ્ધ અનાદિનિધન જીવવસ્તુ છે. ચૈતન્યમય જીવવસ્તુને અચેતન પુદ્ગલાત્મક શરીર નથી, નથી. 'નથી, નથી'—બે વાર કહીને શરીરનો આત્મામાં સર્વથા અભાવ કહ્યો છે. હે જીવ! જેનો તારામાં અત્યન્ત અભાવ છે તે શરીર આદિ પરદ્રવ્યોને મારાં માનીને તેમની સારસંભાળમાં તું જે રોકાઈ ગયો છે તે વ્યર્થ જાણીને હવે છોડ.

**'ચૈતન્યતત્ત્વને ભવનો પરિચય નથી, નથી.'**

ચૈતન્ય જ્ઞાયક પ્રભુને પુદ્ગલાત્મક શરીર—હાડમાંસનું પિંજર નથી; તેને ભવનો—જન્મમરણનો—પરિચય પણ નથી, નથી. જે ભાવે ભવ મળે તે રાગાદિ વિભાવભાવોનો પણ પરિચય આ જ્ઞાયક આત્માને પરમાર્થે નથી. અહા! સહજ તત્ત્વ આવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમાં મનુષ્ય-દેવાદિ ભવ અને ભવના કારણભૂત મિથ્યાત્વ ને રાગાદિ ભાવો નથી, જેને ભવ અને ભવના ભાવોનો બિલકુલ પરિચય નથી એવું શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલું આ ત્રિકાળશુદ્ધ સહજ જ્ઞાયકતત્ત્વ, ચૈતન્યલોક, ચૈતન્યસ્વભાવ એ કોઈ અલૌકિક અચિન્ત્ય મહા પદાર્થ છે. તેને કોઈ શરીર આદિ બહારના પદાર્થોનો સંગ તેમ જ ભવનો પરિચય નથી. 'श्रुतपरिचितानुभूता' શબ્દો સમયસારમાં આવે છે ને! અજ્ઞાનીએ અનાદિ કાળમાં પરથી ને વિભાવથી વિભક્ત અને સ્વભાવથી એકરૂપ એવું નિજ ચૈતન્યતત્ત્વ ગુરુગમે કદી સાંભળ્યું નથી, તેનો પરિચય તથા અનુભવ કર્યો નથી, પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલી માત્ર કામભોગની કથાનો જ પરિચય કર્યો છે. પ્રભુ! તારા સહજશુદ્ધ ત્રિકાળી સ્વભાવ તરફ નજર કર ને, કે જેને મનનો ને વિકલ્પનો પણ પરિચય નથી. મન ને વિકલ્પથી પાર તારી પ્રભુતા કોઈ અદ્‌ભુત છે, તેનો પરિચય કર ને, જેથી તને વિકલ્પ છૂટીને અનુપમ આનંદ પ્રગટ થશે. અહા! આવી વાતો છે.

જીવને ભવના હેતુભૂત વિભાવનો પરિચય સમયવર્તી પર્યાયમાં છે, ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક વસ્તુમાં નથી. ભવ એટલે ચોરાશી લાખના અવતાર, ને તેનાં કારણો જે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય ને યોગ—એ બધુંય જીવના સહજ સ્વભાવમાં નથી, ચૈતન્યતત્ત્વને તેનો પરિચય નથી.

**'ચૈતન્યતત્ત્વને શુભાશુભ પરિણતિ નથી, નથી.'**

વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરે જોયો છે જે જ્ઞાનસ્વરૂપ આત્મા—અજ્ઞાનીઓ પણ આત્મા આત્મા કરે છે, પણ તેમણે આત્માને યથાર્થ સ્વરૂપે જાણ્યો નથી—તેને મિથ્યાત્વ, હિંસા, ચોરી, વિષયવાસના, પૈસા રળવા વગેરે અશુભભાવની તથા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે બહુમાન, દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા, પૂજા વગેરે શુભભાવની પરિણતિ ખરેખર નથી, નથી. અંતરમાં જ્ઞાયક દ્રવ્ય શુભાશુભ પરિણતિથી ન્યારું છે; જ્ઞાયકને શુભાશુભ વિભાવનો પરિચય નથી, નથી.

નવ તત્ત્વ છે ને? તેમાં શુભાશુભ પરિણતિ તો પુણ્ય-પાપતત્ત્વમાં સમાય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક જીવતત્ત્વ તેનાથી અનેરું છે. સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત ગુણોનો સાગર એવા ત્રિકાળશુદ્ધ જ્ઞાયકને શુભાશુભ ભાવો છે જ નહિ. જીવ-તત્ત્વને ક્ષણવર્તી પર્યાયમાં શુભાશુભ ભાવો છે, પરંતુ તે વિભાવો જીવનો સ્વભાવ નથી. માટે ચૈતન્યતત્ત્વને સ્વભાવમાં શુભાશુભ પરિણતિ નથી. અહા! આવી વાત છે. અરે! કેટલાક તો એકલા બહારના જાણપણામાં રોકાઈ ગયા, કેટલાક વ્રત-તપ આદિ આત્મ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનશૂન્ય બાહ્ય ક્રિયામાં અટકી ગયા અને બહુભાગ તો વિષયકષાય ને રળવામાં રોકાઈ ગયા; પણ ભાઈ! જ્યાં શુભાશુભ ભાવ પણ સ્વરૂપમાં નથી ત્યાં બહારની ક્રિયાની વાતો આત્મામાં કયાંથી આવી? અરે! આ દુર્લભ મનુષ્યભવમાં જે કરવાનું હતું તે ન કર્યું, અને ન કરવાનું કર્યું.

અહીં બહેને ત્રણ વાત કહી છે: (૧) આત્માને જડ પુદ્ગલસ્વરૂપ શરીર નથી, (૨) ભવનો પરિચય નથી અને (૩) શુભાશુભ પરિણતિ નથી.

પ્રશ્ન: — જો શુભાશુભ પરિણતિ આત્માને નથી તો કોને છે?

ઉત્તર: — શુભાશુભ પરિણતિ આત્માની ક્ષણવર્તી પર્યાયમાં થાય છે, પરંતુ તે આત્માનો સ્વભાવભાવ નથી; માટે તે ક્ષણિક વિભાવપરિણતિ આત્માને નથી એમ કહ્યું છે. વિભાવપર્યાય તો એક સમયની છે અને દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ છે, તેથી ત્રિકાળી શુદ્ધ દ્રવ્યમાં — દ્રવ્યસામાન્યમાં — શુભાશુભ પર્યાયવિશેષ નથી એમ કહેવાય છે. અરે! અધ્યાત્મતત્ત્વની આવી વાત પડી રહી અને ઉપદેશકોએ લોકોને 'વ્રત અંગીકાર કરો, તપસ્યા કરો, ઉપધાન કરો, મંદિર બંધાવો, પ્રતિષ્ઠા કરાવો' એમ બહારના ક્રિયાકાંડમાં ચડાવી દીધા; પણ ભાઈ! એમાં તો, કષાય મંદ કર્યો હોય તો, શુભ રાગ છે, ધર્મ નથી — ભવભ્રમણનો અંત લાવે એવી તે ચીજ નથી.

**'તેમાં શરીરનો, ભવનો, શુભાશુભ ભાવનો સંન્યાસ છે.'**

વિજ્ઞાનઘન ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માને શરીર, ભવ અને શુભાશુભ પરિણતિ નથી; કેમ? — કે તે બધાંનો આત્મામાં અભાવ — ત્યાગ — સંન્યાસ છે. અરે! જેને હજી આત્મા કોણ છે? — કેવો છે? — કયાં છે? — એની ખબર ન હોય તેને સામાયિક, પ્રતિક્રમણ ને પોસા આવ્યા કયાંથી? અહીં તો એમ કહે છે કે 'સામાયિક કરું' એવો જે શુભ વિકલ્પ ઊઠે છે તે પણ આત્માનો સ્વભાવભાવ નથી. અહા! અંતર જ્ઞાયકતત્ત્વ જાણ્યા વિના, અંદર ચૈતન્યનો પ્રકાશ કર્યા વિના, પૂજા, ભક્તિ, સામાયિક વગેરે બહારનું બધું થોથાં છે, ચાર ગતિમાં રખડી મરવાના રસ્તા છે. ભાઈ! સમસ્ત વિભાવ રહિત નિજ શુદ્ધ જ્ઞાયક આત્માને યથાર્થ ઓળખીને તેનો અનુભવ કર, તો તને કલ્યાણનો રસ્તો હાથ આવશે.

**'જીવે અનંત ભવોમાં પરિભ્રમણ કર્યું, ગુણો હીણારૂપે કે વિપરીતરૂપે પરિણમ્યા, તોપણ મૂળ તત્ત્વ એવું ને એવું જ છે, ગુણો એવા ને એવા જ છે.'**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલાં એમ કહ્યું કે જીવને ભવનો પરિચય નથી, ભવનો સંન્યાસ છે, અને અહીં પાછું એમ કહે છે — 'જીવે અનંત ભવોમાં પરિભ્રમણ કર્યું'; એ શું પૂર્વાપર વિરુદ્ધ નથી? ના, પૂર્વાપર વિરોધ નથી; કેમ કે બંને કથનોમાં અપેક્ષાનો ભેદ છે. 'જીવને ભવનો પરિચય નથી' તે કથન દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ છે અને 'જીવે અનંત ભવોમાં પરિભ્રમણ કર્યું' તે કથન પર્યાય-અપેક્ષાએ છે. વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક હોવાથી બંને અપેક્ષાઓ એકસાથે જીવવસ્તુમાં બરાબર લાગુ પડે છે, તેમાં કોઈ પૂર્વાપર વિરોધ નથી.

પ્રભુ જ્ઞાયકતત્ત્વમાં જ્ઞાન ને આનંદ વગેરે ગુણો શક્તિ-અપેક્ષાએ પરિપૂર્ણ ને શુદ્ધ હોવા છતાં પર્યાય-અપેક્ષાએ જ્ઞાન-દર્શન વગેરે ગુણો હીણારૂપે ને શ્રદ્ધા, ચારિત્ર ને સુખ વગેરે ગુણો વિપરીતરૂપે પરિણમ્યા છે. તોપણ આત્માનું મૂળ તત્ત્વ તો એવું ને એવું જ છે, ગુણો પણ શક્તિએ એવા ને એવા શુદ્ધ ને પરિપૂર્ણ છે, દ્રવ્યના કે ગુણના મૂળ સ્વરૂપમાં પરિભ્રમણનો, અપૂર્ણતાનો કે વિભાવનો કોઈ ડાઘ નથી.

ગુણો શક્તિ-અપેક્ષાએ અપરિણામી છે, પરંતુ વ્યક્તિ (-પર્યાય) અપેક્ષાએ કેટલાક ગુણોના પરિણમનમાં ઊણપ કે વિભાવ થતો હોવાથી ગુણો હીણારૂપે કે વિપરીતરૂપે પરિણમ્યા એમ કહેવામાં આવે છે. જ્ઞાનગુણનું પરિણમન મતિ-શ્રુતાદિ હીણારૂપે અને શ્રદ્ધા, ચારિત્ર ને આનંદગુણનું પરિણમન મિથ્યાત્વ, અચારિત્ર ને દુઃખ — આકુળતાદિ વિપરીતરૂપ થયું છે તોપણ મૂળ જ્ઞાયકતત્ત્વ ને તેના જ્ઞાન-આનંદાદિ ગુણો એવાં ને એવાં જ છે, મૂળ સ્વરૂપમાં વિભાવ જરા પણ પ્રવેશ પામ્યો નથી. અરે! આ વાત કેમ બેસે? મિથ્યાત્વ પોતે કરે અને કહેવું કે મિથ્યાત્વનો ભાવ દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ્યો જ નથી. ભાઈ! વસ્તુસ્વરૂપ તો ત્રિકાળ ધ્રુવ પરિપૂર્ણ છે. ત્રણે કાળે એવું ને એવું શુદ્ધ પરિપૂર્ણ છે માટે 'ત્રિકાળી' કહેવાય છે. વર્તમાન વર્તતી પર્યાયના કાળે પણ વસ્તુસ્વભાવ તો શુદ્ધ અને પરિપૂર્ણ છે. વસ્તુને પોતાના મૂળ સ્વરૂપનો એક સમય પણ કદી વિરહ પડતો નથી. પર્યાયમાં ભલે અજ્ઞાન ને અસ્થિરતાને લઈને વિભાવ થઈ આવે, પરંતુ તે-કાળે પણ દ્રવ્ય ને ગુણ સ્વભાવે — શક્તિએ — સામર્થ્યપણે એવાં ને એવાં શુદ્ધ ને પરિપૂર્ણ છે. અહા! આવું તત્ત્વ છે.

**'જ્ઞાનગુણ હીણારૂપે પરિણમ્યો તેથી કાંઈ તેના સામર્થ્યમાં ઊણપ આવી નથી.'**

નિગોદના ભવમાં — લબ્ધ્યપર્યાપ્તક એકેન્દ્રિયની પર્યાયમાં — જ્ઞાનગુણની પર્યાયનો ઉઘાડ ઘટી ઘટીને સર્વજઘન્ય વિકાસરૂપ — અક્ષરના અનંતમા ભાગ જેટલો — રહી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયો તેથી કાંઈ, તે વખતે પણ, જ્ઞાનગુણના શક્તિરૂપ પરિપૂર્ણ સામર્થ્યમાં જરા પણ ઓછપ થઈ નથી. ગમે તેટલા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ ને કષાય વગેરેના વિભાવ-ભાવ કર્યા છતાં દ્રવ્યસામાન્ય ને તેના ગુણોમાં — સામર્થ્યરૂપ સ્વભાવમાં — ઊણપ આવી નથી. અહો! આવું વસ્તુસ્વરૂપ છે.

પ્રશ્ન :— તે સમજવા અમારે કરવું શું ?

ઉત્તર :— પ્રથમ એમ સમજવું કે આ વસ્તુસ્વરૂપ યથાર્થ સમજવાથી ભવ-ભ્રમણનો અંત આવશે. જો ભવમાં રખડવાનું બંધ કરવું હોય તો, રાગાદિ ક્ષણિક વિભાવની પાસે જ અંદર પરિપૂર્ણ જ્ઞાન ને આનંદાદિ સામર્થ્યથી ભરપૂર અમૃતસાગર ભગવાન જ્ઞાયક આત્મા બિરાજે છે, તેને જો, પ્રતીતિમાં લઈને તેનો અનુભવ કર. અંતરમાં જઈને પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવનો શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવમાં સ્વીકાર કર. દ્રવ્યસામાન્યનો સ્વીકાર કરનાર — આશ્રય લેનાર — છે તો દ્રવ્યની જ વર્તમાન નિર્મળ પર્યાય, પણ તે ક્ષણવર્તી નિર્મળ પર્યાય જેટલું જ દ્રવ્યસામાન્ય નથી. ત્રિકાળી દ્રવ્ય-સામાન્યના આશ્રયે પર્યાયમાં નિર્મળતા પ્રગટે છે, પર્યાયના આશ્રયે — લક્ષે પર્યાયમાં નિર્મળતા પ્રગટતી નથી. માટે સામર્થ્યથી ભરપૂર નિજ દ્રવ્યસ્વભાવનો આશ્રય કર, જેથી પર્યાયમાં પૂર્ણ નિર્મળતા પ્રગટીને ભવભ્રમણનો અંત આવે.

કોઈને પૂછ્યું : 'આ 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક વાંચ્યું છે ?' તેણે કહ્યું : 'થોડું વાંચ્યું છે.' ભાઈ! આ પુસ્તક તો ખાસ વાંચવા જેવું છે. આમાં બધું'ય છે, સાર સાર બધું'ય આમાં આવી ગયું છે. પહેલાં વાંચે તો ખરો કે આ શું છે? પછી સમજાય.

અહો! તત્ત્વ કોઈ આશ્ચર્યકારી છે. નિગોદના ભવમાં જીવને અક્ષરના અનંતમા ભાગ જેટલો જ્ઞાનનો અત્યલ્પ ઉઘાડ રહ્યો છે છતાં જીવના દ્રવ્યસ્વભાવમાં કે ગુણોમાં ક્યાંય ઓછપ આવી નથી. 'અ-ક્ષર' એટલે ન ખરે એવું જે કેવળજ્ઞાન તેના અનંતમા ભાગે એટલે કે સર્વજઘન્ય વિકાસરૂપે નિગોદમાં જ્ઞાનનો અત્યલ્પ ઉઘાડ છે, છતાં તે વખતે પણ જ્ઞાનગુણના ત્રિકાળી સામર્થ્યમાં જરા પણ ઊણપ આવી નથી. દ્રવ્ય ને ગુણસ્વભાવ તો સદાય એવાં ને એવાં પરિપૂર્ણ છે. ત્યાં નજર કરવા જેવી છે. સમ-જાણું કાંઈ?

આવો અદ્‌ભુત સ્વભાવ સમજાયો હોય, અનુભવમાં આવ્યો હોય, છતાં બોલતાં ન આવડે, સમજાવતાં ન આવડે; એ ચીજ એક કોર રહી ગઈ, એની સાથે કલ્યાણનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ સંબંધ નથી. અંતરમાં પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક ભગવાન છે તેની અદ્ભુતતામાં સમાઈ જવાની આ વાત છે. જ્ઞાયકના જ્ઞાનગુણની પર્યાયમાં ભલે ગમે તેટલી હીણપ હોય કે ભલે પરિપૂર્ણ કેવળજ્ઞાન હોય, બંને સ્થિતિમાં જ્ઞાનગુણ તો એવો ને એવો જ, એવડો ને એવડો જ રહે છે. અહા! કેવળજ્ઞાન કોને કહીએ? જ્ઞાનગુણની જે નિર્મળ પરિપૂર્ણ પર્યાય ત્રણ કાળ ને ત્રણ લોકને જાણે, દરેક દ્રવ્યના અનંત અનંત અસીમ—બેહદ ગુણોને જાણે, અનંત અનંત જ્ઞેયોને જાણનારી જ્ઞાનગુણની અનંત પર્યાયોને જાણે—બધુંય એક સાથે પ્રત્યક્ષ જાણે તેને કેવળજ્ઞાન કહીએ. અહા! શી વિસ્મયકારી ચીજ છે—'अद्भुतादद्भुत'! આ વાત વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સિવાય બીજે ક્યાંય નથી. અત્યારે લોકોને આ વાતની ખબર નથી. 'આ કરો ને તે કરો, પણ અંદરમાં સહજ જ્ઞાન ને આનંદાદિ સામર્થ્યથી ભરપૂર નિજ જ્ઞાયકતત્ત્વ શી ચીજ છે તે વાત લોકોને કાને પડી નથી.' હવે આગળ કહે છે કે—

**'આનંદનો અનુભવ નથી એટલે કાંઈ આનંદગુણ ક્યાંય ચાલ્યો ગયો નથી, હણાઈ ગયો નથી, ઘસાઈ ગયો નથી.'**

શું કહે છે? જીવને અનાદિ કાળથી પર્યાયમાં દુઃખનો—ક્લેશનો—ખેદનો—આકુળતાનો અનુભવ છે, અતીન્દ્રિય અનાકુળ આનંદનો અનુભવ પર્યાયમાં એક ક્ષણ પણ થયો નથી, તેથી કાંઈ જીવનો આનંદ નામનો અસાધારણ ગુણ ક્યાંય ચાલ્યો ગયો નથી, હણાઈ ગયો નથી, ઘસાઈ ગયો નથી. નિગોદના જીવ એક શ્વાસ જેટલા કાળમાં ૧૮ વાર જન્મમરણ કરે, તેમને કેટલું દુઃખ હશે? મિથ્યાત્વાદિ-ભાવકલંકપ્રચુર એવા તે જીવો ત્યાં સ્વભાવઘાતનું અનંત દુઃખ ભોગવે છે; તે વખતે તેમને અનાકુળ આનંદ પર્યાયમાં જરાય નથી એટલે કાંઈ આકુળતાની—કે જે આનંદગુણની વિપરીત પર્યાય છે તેની, પાસે અંતરમાં રહેલો પરિપૂર્ણ અનાકુળતાના સામર્થ્યરૂપ ત્રિકાળી ધ્રુવ આનંદ-ગુણ ક્યાંય ચાલ્યો ગયો છે—એમ નથી. સમજાણું કાંઈ?

અજ્ઞાનીને વ્યક્ત પર્યાયમાં આનંદનો અનુભવ નથી, દુઃખનો અનુભવ છે, માટે તેને આનંદ નામનો ગુણ છે જ નહિ—એમ નથી. અજ્ઞાનદશામાં જીવનો આનંદગુણ ફૂરા થઈ જાય છે, હણાઈ જાય છે અને પરમાત્મદશા પ્રગટ થતાં આનંદગુણ પોઢો થાય છે—એમ નથી. ધ્રુવ આનંદગુણ તો જીવની ગમે તે અવસ્થામાં સદાય એવડો ને એવડો—પરિપૂર્ણ રહે છે.

અરે! જીવે બહારની બધી શોધો કરી, પણ પોતાની, પોતાના ચમત્કારી સ્વરૂપની શોધ કદી કરી નહિ. વર્તમાન પ્રગટ પર્યાયમાં આનંદનો અભાવ હોવા છતાં પ્રભુ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તારો દ્રવ્યસ્વભાવ તો સદાય પૂર્ણાનંદથી ભરપૂર છે. તારા દ્રવ્યસ્વભાવને યથાર્થ ઓળખીને, તેમાં લીન થઈને, અતીન્દ્રિય આનંદનો અનુભવ પર્યાયમાં પ્રગટ કર ને. અહા! આ વાત તો માખણ છે. પર્યાયમાં પ્રગટ આનંદ નથી, તેથી શક્તિરૂપ આનંદ-ગુણ ક્યાંય ચાલ્યો ગયો છે, ઘસાઈ ગયો છે — એમ નથી.

**'શક્તિરૂપે બધું એમ ને એમ રહ્યું છે.'**

શક્તિ કહો, સ્વભાવ કહો, સામર્થ્ય કહો કે તાકાત કહો — એ રૂપે તો વસ્તુ — જ્ઞાયક આત્મા — સદાય એમ ને એમ એટલે કે પરિપૂર્ણ જ રહેલ છે. આત્માને પર્યાયમાં મિથ્યાત્વ ને દુઃખ હોવા છતાં સ્વરૂપમાં — સામર્થ્યમાં કદી ઊણપ આવી નથી. અજ્ઞાનીને પર્યાયમાં આનંદ વ્યક્ત નથી તેથી તેનો આનંદગુણ ઘસાઈ ગયો છે, અને સર્વજ્ઞ ભગવાનને પર્યાયમાં આનંદ પૂર્ણ વ્યક્ત થયો છે તેથી તેમને આનંદગુણ પુષ્ટ થયો છે — એમ નથી. બંનેમાં આનંદશક્તિ તો એટલી ને એટલી, એવડી ને એવડી છે. અહા! આવો વસ્તુસ્વભાવ ત્રિલોકનાથ શ્રી મહાવીર ભગવાન ધર્મસભામાં ઇંદ્રો, નરેન્દ્રો ને યતીન્દ્રોની સમક્ષ કહેતા હતા; સર્વજ્ઞ પરમેશ્વર શ્રી સીમંધર પરમાત્મા અત્યારે પણ એ જ પ્રમાણે મહાવિદેહક્ષેત્રમાં આત્માનો પરમાનંદસ્વભાવ દિવ્યધ્વનિ દ્વારા બતાવી રહ્યા છે.

**'અનાદિ કાળથી જીવ બહાર ભમે છે, ઘણું ઓછું જાણે છે, આકુળતામાં રોકાઈ ગયો છે, તોપણ ચૈતન્યદ્રવ્ય અને તેના જ્ઞાન-આનંદાદિ ગુણો એવાં ને એવાં સ્વયમેવ સચવાયેલાં રહ્યાં છે, તેમને સાચવવાં પડતાં નથી.'**

જીવમાં સહજ સ્વભાવપણે છે એવાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે ગુણ-સ્વરૂપ જે ચૈતન્યનિધાન તે આખું પરિપૂર્ણ છે; તેમાં જીવ નજર કરતો નથી અને બહારમાં — શુભાશુભ વિકલ્પની જાળમાં — ભમે છે, પર્યાયબુદ્ધિ છોડતો નથી ને દ્રવ્યબુદ્ધિ કરતો નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ તો પરિપૂર્ણ છે, પણ અનાદિ પર્યાય-બુદ્ધિને લીધે બહારમાં ભટકતો હોવાથી તે, પર્યાયમાં ઘણું ઓછું જાણે છે. અજ્ઞાનીને અગિયાર અંગના જ્ઞાનનો વિકાસ અનંત વાર થઈ ગયો છે, પરંતુ તે જ્ઞાન પણ, સાથે મિથ્યાત્વ હોવાથી, ઘણું વિપરીત ને ઘણું ઓછું છે. અરે! સમ્યગ્દૃષ્ટિ સંયમીને જે બાર અંગનું જ્ઞાન હોય છે તે, વિપરીત નથી પણ ઘણું ઓછું ને સ્થૂલ છે. જીવ અનાદિ અજ્ઞાનને લીધે બહાર ભમે છે, ઘણું અલ્પ જાણે છે અને આકુળતામાં રોકાઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયો છે. ત્રિકાળી અનાકુળ ચૈતન્યસત્તા તરફ દૃષ્ટિ નથી, અંતરમાં તેનો રુચિપૂર્વક સ્વીકાર નથી, 'દયા, દાન, વ્રત, ભક્તિના શુભ રાગથી મને લાભ થશે' એવી મિથ્યાત્વ-ભાવજનિત આકુળતામાં રોકાઈ ગયો છે, તોપણ જ્ઞાયક આત્મવસ્તુ અને તેના જ્ઞાન ને આનંદાદિ ગુણો એવાં ને એવાં આપોઆપ સુરક્ષિત રહ્યાં છે, તેમને સાચવવાં પડયાં માટે રહ્યાં છે — એમ નથી. તેમને સાચવવાં પડતાં નથી, સ્વયમેવ સચવાયેલાં રહ્યાં છે. અહા ! આવો ઉપદેશ છે.

રાગ આત્માનો સ્વભાવ નથી; જે કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલના સંબંધે થાય અને ટાળ્યો ટળી જાય તેને આત્માનો સ્વભાવ કેમ કહેવાય ? જે આત્મામાં સ્વતઃસિદ્ધ હોય અને કદી ટળે નહિ એવા સહજ જ્ઞાન ને સહજ આનંદાદિ ગુણો તેઓ જ આત્માનો સ્વભાવ છે. અહા ! આકરું કામ છે બાપુ ! આ તો જન્મમરણનો અંત લાવવાની વાતો છે ભાઈ ! 'ગુણો એવા ને એવા સચવાયેલા છે' — ભાષા તો જુઓ ! સાવ સાદા શબ્દો ! 'સચવાયેલા' એટલે ગુણો સ્વયમેવ ધ્રુવપણે રહેલા છે; ધ્રુવને સાચવે તો ધ્રુવ રહે — એમ નથી. અહા ! આવી વાતો છે.

કેટલાક કહે છે : સોનગઢમાં નિશ્ચયની વાતો છે, વ્યવહારનું — સામાયિક, પ્રતિ-ક્રમણ, વ્રત, તપ વગેરે આ કર્યું ને તે કર્યું — એમ કરવાનું — કાંઈ આવતું નથી. ભાઈ ! અજ્ઞાનપૂર્વકની ક્રિયામાં ધર્મ માનવાનો નિષેધ તો આવે છે. આત્માના જ્ઞાન વિના દયા, દાન વગેરેમાં કર્તાપણાનો રાગ છે, અને રાગનું જે 'કરવું' છે તે ચૈતન્યનું 'મરવું' — ભાવમરણ છે. અરેરે ! આ વાત સમજવાની કોને નવરાશ છે ? વાણિયાના હાથમાં જૈનધર્મ આવ્યો પણ તેમને તેને સમજવાની નવરાશ નથી. ભાઈ ! દયા, દાન વગેરેનો શુભરાગ પણ તારું સ્થાન નથી, તારું સ્થાન તો 'સ્વયં જ્યોતિ સુખધામ' છે. એ ચૈતન્યજ્યોતિમાં જ્ઞાન-આનંદાદિ અનંત ગુણો સ્વતઃ સચવાયેલા છે, તેમને સાચવવા પડતા નથી.

**'— આવા પરમાર્થસ્વરૂપની સમ્યગ્દૃષ્ટિ જીવને અનુભવયુક્ત પ્રતીતિ હોય છે.'**

આત્માના પરમાર્થસ્વરૂપની — પર ને વિભાવથી ભિન્ન નિજ જ્ઞાયક ધ્રુવ તત્ત્વની — જેને સ્વાનુભવ સહિત શ્રદ્ધા પ્રગટી હોય તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે. સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુની તથા જીવાદિ તત્ત્વોની જે વિકલ્પવાળી શ્રદ્ધા તેને વ્યવહારે સમકિત કહેવાય છે, પણ તે તો ખરેખર શુભ રાગ છે, આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી. પર્યાયમાં રાગદ્વેષાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકાર હોવા છતાં, જાણપણું અતિ અલ્પ હોવા છતાં, દુઃખ હોવા છતાં, આનંદ અલ્પ પ્રગટ્યો છે પણ પૂર્ણરૂપે નહિ પ્રગટ્યો હોવા છતાં, સમ્યગ્દૃષ્ટિ જીવને અંતરમાં પૂર્ણ રસકસથી ભરેલા નિજ પરમાર્થસ્વરૂપની — જ્ઞાયક મહાપ્રભુની — પ્રતીતિ અનુભવ સહિત હોય છે. અહા ! આ એક કલાકમાં ઘણી સરસ વાત આવી.

સમ્યગ્દૃષ્ટિ એટલે પહેલી ભૂમિકાનો ધર્મી. તેને સાનુભવ એવી નિર્મળ શ્રદ્ધા હોય છે કે — મારાં દ્રવ્ય ને ગુણો પરમાર્થે પૂરાં છે; પર્યાયમાં ગમે તેટલી હીણપ ને વિપરીતતા થઈ ગઈ અને અત્યારે પણ છે, તોપણ મારો દ્રવ્યસ્વભાવ એવો ને એવો જ છે, ગુણો પણ એવા ને એવા જ છે, તેમનામાં જરા પણ ઊણપ, ઘસારો કે ઘાત થયાં નથી. અહા ! આવું ભગવાને કહેલું વીતરાગ-વિજ્ઞાન છે, વિજ્ઞાનનું પણ વિજ્ઞાન છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ અને રાગ આકુળતાસ્વરૂપ — એમ જ્ઞાનીને બન્ને ભિન્ન ભાસે છે. ત્રિકાળી નિત્યાનંદ ચૈતન્યપ્રભુ ઉપર દૃષ્ટિ પ્રસરતાં સાથે જે જ્ઞાન થાય તે, ચૈતન્ય અને રાગને અત્યંત ભિન્ન જાણે છે. જેને તત્ત્વની દૃષ્ટિ થઈ છે તેને સમ્યગ્જ્ઞાન હોય; જેને દૃષ્ટિ થઈ નથી તેને ચૈતન્ય અને રાગને ભિન્ન જાણવાની તાકાત નથી.

— પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૪૪

તા. ૮–૧૧–૭૮

## વચનામૃત — ૩૭૦

**જેને આત્માનું કરવું હોય તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે. 'કાર્યો'ની ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે. પ્રવૃત્તિરૂપ 'કાર્યો' તો ભૂમિકાને યોગ્ય થાય છે.**

**જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી જે ક્રિયા થાય તેને જોયા કરે છે. તેમનાં સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે જેહને' એવું હોય છે. ધ્યેયને તેઓ ભૂલતા નથી. ૩૭૦.**

**'જેને આત્માનું કરવું હોય તેણે આત્માનું ધ્યેય જ આગળ રાખવા જેવું છે.'**

જેને આત્માનું કરવું હોય, પરનું નહિ, રાગનું નહિ, પુણ્યનું નહિ, પર્યાયનું નહિ, તેણે જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોથી પરિપૂર્ણ એવા નિજ શુદ્ધાત્માનું — જ્ઞાયક પરમ ભાવનું — ધ્યેય જ આગળ — ઊર્ધ્વ રાખવા જેવું છે. અહા! જેને આત્માનું હિત કરવું હોય તેણે પૂર્ણાનંદકંદ નિજ જ્ઞાયક આત્મા જ — નિમિત્ત નહિ, શુભાશુભ વિભાવ નહિ, પર્યાય કે ગુણભેદ નહિ — ધ્યેયપણે આગળ રાખવા યોગ્ય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક સ્વભાવ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. જેને આત્માનું સારું-ભલું-કલ્યાણ કરવું હોય તેણે ધ્રુવ ચિન્મય નિજ આત્માનું ધ્યેય જ મુખ્ય કરવા જેવું છે.

**"'કાર્યોની' ગણતરી કરવા કરતાં એક આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે."**

મેં આટલાં પુણ્ય કર્યાં, આટલી દયા પાળી, આટલાં વ્રત-નિયમ લીધાં, આટલાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપવાસ, ઉપધાન ને વરસીતપ કર્યાં, આટલાં શાસ્ત્રો વાંચ્યાં. આટલાને ઉપદેશ આપી ધર્મ પમાડ્યો; ભાઈ! આમ 'કાર્યો'ની ગણતરી કરવા કરતાં એક નિજ શુદ્ધ આત્માનું ધ્યેય જ — તેને પ્રાપ્ત કરવાનું લક્ષ જ — મુખ્ય રાખવું તે જ ઉત્તમ છે.

જેમ ચંદનઘો ભીંત સાથે ચોંટી જાય છે, ઊખડતી નથી, તેમ નિજ ભગવાન જ્ઞાયક આત્માને — ધ્યેયને જેણે લક્ષમાં — ધ્યાનમાં લીધો તે દૃષ્ટિ ધ્યેયભૂત આત્મા સાથે એવી ચોંટી જાય છે કે પછી તે ત્યાંથી જરા પણ ખસતી નથી. આવી દૃષ્ટિ જેને પરિણમી છે તેને ધ્યેયભૂત નિજ શુદ્ધાત્મા સિવાય બીજું કાંઈ મુખ્ય થતું નથી.

સૌધર્મેન્દ્રે ઋષભદેવ પરમાત્માની એક હજાર ને આઠ નામની સ્તુતિ કરી. સ્તુતિનો ભાવ શુભ છે, વિકલ્પ છે ને પુણ્યબંધનું કારણ છે. જેને આત્મા સાધવો છે તેણે એવાં સ્તુતિ-પૂજા-ભક્તિ વગેરે કાર્યોની ગણતરીમાં રોકાવા જેવું નથી. અરેરે! જગત ધર્મના નામે ક્યાં સલવાઈ ગયું છે! ભાઈ! ધર્મના નામે કહેવાતાં કાર્યોની ગણતરી કરવા કરતાં એક જ્ઞાનસ્વરૂપ નિજ આત્માનું ધ્યેય જ મુખ્ય રાખવું — પરમાનંદ બ્રહ્મ નિજ શુદ્ધ ચૈતન્ય પ્રભુને આગળ રાખવો — તે જ સર્વોત્તમ છે. આટલાં મંદિરો બંધાવ્યાં, ધર્માદામાં કરોડો રૂપિયા ખર્ચ્યા, આટલી યાત્રાઓ કરી, ભાઈ! એ બધાં શેનાં અભિમાન? એ બધી ક્રિયા તો જડ પુદ્‌ગલપરમાણુઓની છે. પુદ્‌ગલની ક્રિયા પુદ્‌ગલ-પરમાણુઓને લીધે થાય છે, જીવની ઇચ્છાથી નહિ. ઇચ્છા પણ જીવની વિકારી પર્યાય છે, જીવનો સ્વભાવભાવ નથી. જીવનો સ્વભાવ તો કેવળ જાણવું, દેખવું ને આનંદ છે. શુભાશુભ વિકલ્પ આવે તેનો તે જાણનાર છે, કર્તા નથી. અકર્તા — જ્ઞાતા પદાર્થ વિકલ્પ કરે ક્યાંથી? તેથી અહીં કહે છે કે — વિકલ્પો ને કાર્યોની ગણતરી કરવા કરતાં એક નિજ શુદ્ધ જ્ઞાયકનું લક્ષ જ મુખ્ય રાખવું તે ઉત્તમ છે.

અહો! વીતરાગમાર્ગની જાત કોઈ જુદી જ છે. હમેશાં ભગવાન પાસે જઈએ છીએ અને પૂજા-ભક્તિ કરીએ છીએ, પણ ભાઈ! ભગવાનના સમવસરણમાં પણ તું અનંત વાર જઈ આવ્યો છે — સમ્યગ્દૃષ્ટિ જીવ અનંત વાર ન જાય, કેમ કે સમ્યગ્દર્શન થયા પછી તે સંસારમાં બહુ થોડો કાળ રહે છે — પણ એ વિકલ્પો અને કાર્યોની ગણતરી ન હોય, તેમનો જ્ઞાતા બની આત્માનું ધ્યેય મુખ્ય રાખવું તે ઉત્તમ છે.

**"પ્રવૃત્તિરૂપ 'કાર્યો' તો ભૂમિકાને યોગ્ય થાય છે."**

ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને સાધક જીવને તે તે ભૂમિકાને યોગ્ય રાગાદિના વિકલ્પ અને તદનુરૂપ બહારનાં પ્રવૃત્તિરૂપ કાર્યો થાય છે પણ તેને તેમની મુખ્યતા નથી,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે કાંઈ સાધવા લાયક ચીજ નથી. જ્ઞાની તો વચ્ચે ભૂમિકાનુસાર જે વ્યવહાર આવે તેનો કેવળ જ્ઞાતા જ છે, કર્તા, ભોક્તા કે સ્વામી નથી.

**'જ્ઞાનીઓ આત્માને મુખ્ય રાખી જે ક્રિયા થાય તેને જોયા કરે છે.'**

જે શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતામાં નિજ શુદ્ધાત્મદ્રવ્યને જ સદા મુખ્ય, અગ્ર રાખે છે તેને જ્ઞાની એટલે કે ધર્મી કહીએ. ચૈતન્ય વિજ્ઞાનઘન એવા નિજ ભગવાન આત્માને આશ્રય તરીકે મુખ્ય રાખી શુભાશુભ જે ક્રિયા થાય તેને જ્ઞાની જોયા કરે છે. અજ્ઞાનીને તો 'મેં આ કર્યું', આવાં કામ કરીને બહાર પડીએ' એવું મિથ્યા અભિમાન હોય છે. જ્ઞાની તો પ્રવૃત્તિના બધા પ્રસંગોમાં જ્ઞાતાપણે જ વર્તે છે.

**"તેમનાં સર્વ કાર્યોમાં 'આત્મા સમીપ છે જેહને' એવું હોય છે."**

દર્શન, પૂજા, ભક્તિ કે વ્રત, નિયમ ને તપ વિષે, અરે! સાંસારિક-રાગકાળે પણ ધર્મીને દૃષ્ટિમાં સદા આત્મા સમીપ હોય છે. ભગવાન જ્ઞાયક આત્મા તેને દૃષ્ટિમાંથી કદી વેગળો પડતો નથી. અજ્ઞાની, ભગવાન આત્માનું ભાન નહીં હોવાથી, આંખ બંધ કરીને ધ્યાનમાં બેસે તોપણ તે વિકલ્પજાળમાં જ બેઠો છે, કેમ કે અંદર વિકલ્પાતીત જ્ઞાયક વસ્તુ શી ચીજ છે તેની તેને ખબર નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે: અંતરંગ તપોમાં પણ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ત્યાગ અને ધ્યાનરૂપ ક્રિયામાં જે બાહ્યપ્રવર્તન છે તે તો બાહ્યતપવત્ જ જાણવું...પરંતુ એવું બાહ્યપ્રવર્તન થતાં જે અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય છે તેનું નામ અંતરંગ તપ જાણવું અને ત્યાં તો નિર્જરા જ છે, બંધ થતો નથી. અરે! જેની દૃષ્ટિ અને જ્ઞાનમાં સહજશુદ્ધ ચૈતન્ય-વિજ્ઞાનઘન નિજ જ્ઞાયક પદાર્થ વાસ્તવિકપણે જણાયો નથી એ કોનું ધ્યાન કરશે? તે તો વિકલ્પની જાળને જ ધ્યાન માન્યા કરશે. અહા! ચૈતન્યના અસંખ્ય પ્રદેશે જ્ઞાનાદિ અનંત ગુણોનો પથારો પાથરીને અંતરમાં જે જ્ઞાયક બાદશાહ પડ્યો છે તેના પ્રત્યે નજરું નથી અને દયા, દાન, ભક્તિ, વ્રત આદિ પામર ક્રિયાઓમાં—તુચ્છ શુભ વિભાવોમાં—ધર્મ માની બેસે છે, પણ એ કાંઈ ધર્મ નથી. ધ્યેયભૂત નિજ જ્ઞાયક આત્માની સમીપતા ચૂકીને શુભભાવરૂપ વિભાવને ધર્મ માનનાર જીવ મિથ્યાદૃષ્ટિ છે. જેને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થયો છે તે તો આત્માને મુખ્ય રાખીને જે ક્રિયા થાય તેને જોયા કરે છે. ભક્તિ વગેરેનો રાગ આવે તે કાળે પણ, સ્વપરપ્રકાશક ને સ્વભાવ-વિભાવપ્રકાશક જ્ઞાનની પર્યાયે પરિણમતો જ્ઞાની જ્ઞાનધારામાં વર્તતો થકો તેનો જ્ઞાતા રહે છે, કર્તા કે સ્વામી થતો નથી. ધર્મીને સર્વ કાર્યોમાં આત્મા સમીપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘ધ્યેયને તેઓ ભૂલતા નથી.’**

સર્વ વિકલ્પ આદિ કાર્ય ટાણે જેને દૃષ્ટિમાં ભગવાન જ્ઞાયક આત્મા જ અધિક હોય, મુખ્ય હોય, તેને ધર્મી કહીએ. તેને પરના લક્ષે સ્વલ્પ રાગ થતો હોવા છતાં દૃષ્ટિનો વિષય જે નિજ ભગવાન આત્મા તે છૂટતો નથી. તત્ત્વ સમજવાનો કે સમજાવવાનો જે વિકલ્પ ઊઠે તે પણ રાગ છે. તે રાગથી મને કે બીજાને લાભ થશે, ધર્મ થશે — એ વાત તો અહીં છે જ નહિ પણ અસ્થિરતાને લીધે થયેલો તે રાગ ધર્મ કે લાભદાયક નથી. લાભદાયક તો રાગનું લક્ષ છોડી સ્વભાવનો આશ્રય કરવો — આત્માને સમીપ રાખવો — તે જ છે.

— * —

## વચનામૃત — ૩૭૧

**જેમ સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગતી નથી, જેમ ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી, તેમ પર પદાર્થોથી સુખી થવાતું નથી.**

**‘આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.’**

**— આ જ સુખી થવાનો ઉપાય છે. વિશ્વાસ કર. ૩૭૧.**

**‘જેમ સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગતી નથી, જેમ ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી, તેમ પર પદાર્થોથી સુખી થવાતું નથી.’**

સ્વપ્નામાં ખાધેલી સુખડીથી ભૂખ ભાંગે નહિ, તૃષાપીડિત મૃગલાંની તરસ મૃગજળથી છીપે નહિ, તેમ પર પદાર્થોથી — શરીર, ઇંદ્રિયો ને ઇંદ્રિયોના વિષયભૂત પર સામગ્રીથી — સુખ થાય નહિ. ત્રિલોકનાથ તીર્થંકર ને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ એ બધા પર પદાર્થ છે, તેમની ભક્તિનો ભાવ શુભ રાગ છે, તેનાથી સુખી થવાતું નથી, તેમાંથી સુખની આશા રાખવી તે, ઝાંઝવાના જળથી તરસ છિપાવવાની આશા રાખવા જેવું વ્યર્થ છે. શ્રી જિનેન્દ્રભગવાન તો એમ કહે છે કે — તારા સ્વરૂપ સન્મુખ જોયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિના એકલા મારા સામું જોઈશ તો તને રાગ થશે, કારણ કે અમે પણ તારા માટે પર પદાર્થ છીએ. પર પદાર્થથી કે પર પદાર્થ તરફના લક્ષથી સુખી થવાતું નથી, માત્ર જ્ઞાન ને સુખસ્વભાવી નિજ આત્માના આશ્રયે જ સુખી થવાય છે. માટે શ્રી સમયસારમાં કહ્યું છે ને —

'આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે.'

સમસ્ત શુભાશુભ વિભાવોથી ભિન્ન જે નિજ શુદ્ધ ધ્રુવ જ્ઞાયકભાવ તેમાં સદા પ્રીતિવંત બન, જિનેન્દ્રભક્તિ આદિનો જે શુભ ભાવ આવે તેની પણ પ્રીતિ છોડી દે. જેણે ભક્તિ વગેરેના શુભ રાગને ઉપાદેય માન્યો તેને શુદ્ધ વિજ્ઞાનઘન નિજ ભગવાન આત્મા હેય થઈ ગયો છે અને જેણે શુદ્ધ વિજ્ઞાનઘન નિજ ચૈતન્ય પરમ ભાવને ઉપાદેયપણે સ્વીકાર્યો તેને, ચાહે તો ભગવાનની ભક્તિનો ભાવ હોય કે જેનાથી તીર્થંકર-નામકર્મ બંધાય એવો ઊંચો શુભ ભાવ હોય તોપણ તે હેય છે. 'આમાં સદા પ્રીતિવંત બન' કહીને એમ કહ્યું કે — જ્ઞાયક સ્વભાવમાં કાયમ પ્રેમ અને એકાગ્રતા રાખ કે જેથી તે કદી ધ્યેયપણાથી છૂટે નહિ. નિજ શુદ્ધ જ્ઞાયકભાવથી સદા સંતુષ્ટ અને તૃપ્ત થા. ધર્મી જીવની દૃષ્ટિ અને રમણતા નિજ જ્ઞાયકમાં છે, તેથી તે તેમાં જ સંતુષ્ટ છે, રાગમાં, પછી ભલે ને તે ભગવાનની ભક્તિનો કે પંચ પરમેષ્ઠીના સ્મરણનો હોય, સંતુષ્ટ નથી. પ્રભુ ! તને આત્માથી તૃપ્તિ થશે, માટે તું ત્યાં જા, એનાથી તૃપ્ત થા, રાગાદિ વિભાવની ક્રિયાથી તૃપ્તિ ન માન.

'સમાધિશતક'માં તો ત્યાં સુધી કહ્યું છે કે — અરે ! અમને જે આ સમજાવવાનો વિકલ્પ ઊઠે છે તે પણ ઉન્મત્ત જેવી ચેષ્ટા છે.

'બીજા ઉપદેશે મને, હું ઉપદેશું અન્ય;
એ સૌ મુજ ઉન્મત્તતા, હું તો છું અવિકલ્પ.'

આ, ચારિત્રમોહજનિત ઉન્માદ છે, દર્શનમોહજનિત નહિ. રાગને પોતાનો માનવો, તેનાથી લાભ માનવો તે દૃષ્ટિની વિપરીતતારૂપ ઉન્માદ, ગાંડપણ કે ઘેલછા છે. દૃષ્ટિમાં સાચું ધ્યેય હોવા છતાં ઉપદેશ દેવા વગેરેનો જે વિકલ્પ આવે તે ચારિત્રસંબંધી અસ્થિરતારૂપ ઉન્માદ છે. તે વિકલ્પને પણ છોડી તું જ્ઞાયક સ્વભાવમાં જા. ત્યાં જવાથી તને ઉત્તમ સુખ થશે. અરેરે ! આ મોંઘો મનુષ્ય-અવતાર ચાલ્યો જાય છે, ભાઈ ! મોત અણધાર્યું એક વાર આવશે, તે સમાચાર મોકલીને નહિ આવે, અકસ્માત આવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

માટે, જે જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનો નાથ છે, નિજ ચૈતન્યમય અખંડ અસંખ્ય પ્રદેશે બિરાજમાન છે તે નિજ શુદ્ધ જ્ઞાયકદ્રવ્યમાં જા, તેમાં પ્રીતિવંત અને સંતુષ્ટ બન અને તેનાથી જ તૃપ્ત તૃપ્ત થા, જેથી તને કોઈ આશ્ચર્યકારી, ઉત્તમ અને અનુપમ સુખ થશે.

**'— આ જ સુખી થવાનો ઉપાય છે. વિશ્વાસ કર.'**

અતીન્દ્રિય ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું અંતરમાં સ્વસન્મુખ થઈને જે યથાર્થ ગ્રહણ થાય, તેમાં જ અંતરથી પ્રીતિ, સંતોષ ને તૃપ્તિ થાય, તે જ એકમાત્ર સુખી થવાનો ઉપાય છે. શ્રી જિનેન્દ્રભગવાને કહેલા આ સુખી થવાના ઉપાયનો વિશ્વાસ કર. આ અતીન્દ્રિય જ્ઞાયક પરમ પદાર્થને જડ ઇંદ્રિયોથી, પોતપોતાના વિષયોને ખંડખંડ ગ્રહણ કરનારી ભાવેન્દ્રિયોથી અને ઇંદ્રિયોના વિષયભૂત પર પદાર્થોથી — સાક્ષાત્ અરિહંત ભગવાન, તેમનો દિવ્યધ્વનિ, તેમની પ્રતિમા, મંદિર, શાસ્ત્રો વગેરે બધાં ઇંદ્રિયના વિષયભૂત પરપદાર્થો છે તે બધાથી — ભિન્ન લક્ષમાં લઈને, તેનો (જ્ઞાયક પરમ પદાર્થનો) આશ્રય કરવો તે જ સુખી થવાનો એકમાત્ર ઉપાય છે. જ્ઞાનીને પણ અસ્થિરતાને લીધે પરદ્રવ્ય તરફ ઉપયોગનું વલણ જાય છે, એટલો રાગ થાય છે, પણ રુચિમાં પરનો આશ્રય નથી. અહા! આવી વાતો તો વીતરાગી સંતો કહે! અરે! રાગ અને વિકલ્પની રમતમાં જે પડ્યો છે તેને આત્મા હાથ નહિ આવે. પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? વિકલ્પની આડમાં કાં સંતાઈ ગયો છે? દયા-દાન વગેરે શુભના પ્રેમમાં તારો ભગવાન અંદર ગુપ્ત થઈ ગયો છે — છુપાઈ ગયો છે. અહા! જેણે પોતાના સચ્ચિદાનંદ પ્રભુને દૃષ્ટિમાં લીધો છે તેને, શુભાશુભ વિકલ્પનો ગમે તે પ્રસંગ હોય છતાં પણ, ધ્રુવ જ્ઞાયકનું લક્ષ છૂટતું નથી. ધ્રુવ ધ્યેયને લક્ષમાં લઈ તેમાં સમાવું તે જ સુખી થવાનો ઉપાય છે. વિશ્વાસ કર.

— * —

## વચનામૃત — ૩૭૨

**જેમ પાતાળકૂવો ખોદતાં, પથ્થરનું છેલ્લું પડ તૂટીને તેમાં કાંણું પડતાં, તેમાંથી પાણીની જે ઊંચી શેડ ઊડે, તે શેડને જોતાં પાતાળમાંના પાણીનું**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અંદરનું પુષ્કળ જોર ખ્યાલમાં આવે છે, તેમ સૂક્ષ્મ ઉપયોગ વડે ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી જતાં, સમ્યગ્દર્શન પ્રગટતાં, જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે, તે પર્યાયને વેદતાં ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં — સ્પષ્ટ ખ્યાલમાં આવે છે. ૩૭૨.**

'બોટાદ' પાસે 'જનડા' ગામ છે. ત્યાં વાડી માટે કૂવો ખોદતાં શેય પાણી નીકળ્યું નહિ, થાકીને ખોદવાનું બંધ કરી દીધું, પાતાળપથ્થરનું પડ આડું રહી ગયું હતું. એક વાર એક જાન ત્યાંથી નીકળી; કૂવો જોઈને ત્યાં ઝાડના છાંયે ટુંગો કરવા રોકાઈ; પાણી માટે કૂવામાં, લાંબું દોરડું બાંધીને, ઘડો નાખ્યો પણ અંદર પાણી હોવાની ખાતરી થઈ નહિ. તેથી એક જણે ખાતરી કરવા બાજુમાં પડેલો મોટો પથ્થર અંદર ફેંકયો; વજનદાર પથ્થર પડવાના તીવ્ર વેગથી કૂવાના પાતાળપથ્થરનું પડ તૂટીને કાણું પડતાં પાણીની એવી જોરદાર શેડ ઊડી કે તેનાથી કાંઠે ઊભેલા માણસો ભિંજાઈ ગયા. ત્યાં નીચે પાણીનું એવડું મોટું દળ છે કે એકસાથે અઢાર કોસ જોડવા છતાં તે કૂવામાંથી પાણી ખૂટતું નથી.

પાણીની શેડ ભલે પાતળી હોય પણ જેમ તેની ઊંચાઈ ને જોર ઉપરથી પાતાળમાંના પાણીનું અંદરનું પુષ્કળ જોર ખ્યાલમાં આવે છે, તેમ સૂક્ષ્મ ઉપયોગ વડે ઊંડાણમાં શુદ્ધ જ્ઞાયકતત્ત્વના દળ સુધી દૃષ્ટિ પહોંચી જતાં, સમ્યગ્દર્શન થતાં, જે આંશિક શુદ્ધ પર્યાય પ્રગટે છે તેને વેદતાં ચૈતન્યમૂર્તિ જ્ઞાયકતત્ત્વનું અંદરનું શક્તિરૂપ અનંત અપાર ધ્રુવ સામર્થ્ય અનુભવમાં — સ્પષ્ટ ખ્યાલમાં આવે છે.

આ ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ અનંત અનંત સહજ સમૃદ્ધિઓનો ભંડાર અંદરમાં સદા પડ્યો છે. તેને, સૂક્ષ્મ ઉપયોગ વડે એટલે કે વર્તમાન વર્તતી જ્ઞાનપર્યાયને ધીરી કરીને, શુદ્ધ જ્ઞાયકતત્ત્વના ચિંતનના ઊંડાણમાં ઊતરીને, ગ્રહણ કરવાથી — જ્ઞાયકનો આશ્રય લેવાથી — જે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપ અંશે નિર્મળ દશા પ્રગટે છે તેનું સંવેદન કરતાં — ભલે ને તે નિર્મળતા આંશિક છે, સ્વલ્પ છે તોપણ — તે જ્ઞાયક ભગવાન ધ્રુવ આત્માનું અંદરનું સમૃદ્ધિભરપૂર પરિપૂર્ણ સામર્થ્ય સ્પષ્ટ અનુભવમાં આવે છે.

ઉપયોગ જ્ઞાનગુણની પર્યાય છે. ઉપયોગને સૂક્ષ્મ કરીને — જીવ પોતે ધીરો થઈને — ઊંડાણમાં એટલે કે જ્યાં ચૈતન્યના અસંખ્ય પ્રદેશોમાં ઉપયોગપર્યાય છે ત્યાં જ — પર્યાયની સમીપ જ — અંદર ચૈતન્યનું જે ધ્રુવતળ છે તેમાં દૃષ્ટિ પહોંચી જતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ થાય છે. સમ્યગ્દર્શન થતાં ધર્મનું પહેલું પગથિયું પ્રાપ્ત થાય છે. લોકો કહે છે : દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા અને ભક્તિ ખૂબ કરે તો સમ્યગ્દર્શન થાય, પણ એ વાત બધી જૂઠી છે, જ્ઞાયકસ્વભાવના આશ્રય વિના, તેના તળ સુધી પહોંચ્યા વિના, સમ્યગ્દર્શનરૂપી ધર્મ — મોક્ષમાર્ગનો પ્રારંભ — કદાપિ થતો નથી.

જે સ્વસન્મુખ ઉપયોગ વડે આત્મા પકડાય તેને સૂક્ષ્મ કહીએ અને જે ઉપયોગ બહાર જાય, શુભાશુભ ભાવમાં રોકાય તેને સ્થૂલ કહીએ. સ્થૂલ ઉપયોગ વડે પર અને વિભાવથી ભિન્ન ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયકપદાર્થ — આત્મા — પકડાતો નથી. સમયસારમાં અશુભ તેમ જ શુભ બંને પરિણામોને અત્યંત સ્થૂલ અને માત્ર આત્મસ્વભાવને જ સૂક્ષ્મ કહ્યો છે. ઉપયોગને સ્થૂલ એવા શુભાશુભ ભાવોથી પાછો વાળીને સૂક્ષ્મ કરે એટલે કે ઊંડાણમાં સૂક્ષ્મ એવા શુદ્ધ જ્ઞાયકતત્ત્વના તળ સુધી લઈ જાય તો ભગવાન આત્મા યથાર્થપણે પકડાય. અહો! બહુ અલૌકિક વાત છે.

સૂક્ષ્મ અર્થાત્ સ્વસન્મુખ ઉપયોગ વડે, ઊંડાણમાં — ઉપલક શુભાશુભ ભાવમાં નહિ, પણ તેની પાછળ સદા વિદ્યમાન, જ્ઞાનાદિ અનંત સામર્થ્યભરપૂર, ધ્રુવ ચૈતન્યતળમાં — દૃષ્ટિ પહોંચી જતાં, સાનુભવ સમ્યગ્દર્શન થતાં, શુદ્ધતાનો જે અંશ પ્રગટ્યો તેને ભોગવતાં ચૈતન્યતત્ત્વનું — ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસામાન્યનું — અંદરનું શક્તિરૂપ પડેલું મહાન સત્ત્વ અનુભવમાં — સ્પષ્ટ ખ્યાલમાં આવે છે. અહો! ભાષા સાદી છે પણ તેની પાછળ એકલો માલ છે.

ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસામાન્યમાં અનંત અનંત સામર્થ્ય ભરેલું છે. અનંત સામર્થ્ય-યુક્ત જ્ઞાયક આત્માનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન એટલે કે ધર્મની પહેલી શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ થતાં ધ્રુવ જ્ઞાયકનું અનંત સામર્થ્ય સ્પષ્ટ અનુ-ભવમાં આવે છે. ધ્રુવ તત્ત્વમાં કેટલી તાકાત, કેટલું બળ ને કેટલું સામર્થ્ય છે તેને, ઉપયોગને સૂક્ષ્મ કરીને તત્ત્વના ઊંડાણમાં જવાથી સમ્યગ્દર્શન થતાં, સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે. શુભાશુભ ભાવ રાગ છે, વિકલ્પ છે, તેના લક્ષે સ્વભાવના સામર્થ્યનો ખ્યાલ આવતો નથી. ઉપયોગને સૂક્ષ્મ કરીને ધ્રુવના તળિયે લઈ જતાં સમ્યગ્દર્શનરૂપી જે શેડ ફૂટે છે તેના દ્વારા નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું અંદરનું અનંત ધ્રુવ જોર સ્પષ્ટ-પણે ખ્યાલમાં આવે છે કે અહો! શું અદ્‌ભુત સામર્થ્ય!

ભગવાન આત્માનું ધ્રુવ તળિયું જોતાં, ઊંડે તળિયામાં જતાં — અરે! એ શાશ્વત તળમાં જવાય શી રીતે? બહિર્લક્ષી સ્થૂળ ઉપયોગ વડે અંદરમાં જઈ શકાતું નથી, ઉપયોગને સૂક્ષ્મ કરે, અંદર સ્વસન્મુખ કરે તો ધ્રુવ જ્ઞાયક દળ નજરે પડે છે, દૃષ્ટિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે છે—જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને અંશે સ્વરૂપાચરણચારિત્રની નિર્મળ દશા પ્રગટે છે તેની સાથે સ્વાનુભૂતિ, આનંદ, શાન્તિ, સ્વચ્છત્વ, ઈશ્વરતા, શુદ્ધતા આદિ બધા ગુણોના નિર્મળ અંશો પ્રગટ થાય છે. તે આંશિક શુદ્ધતાના વેદનમાં ભગવાન આત્માના ધ્રુવ તળની સામર્થ્યભરપૂર પૂર્ણ શુદ્ધતા અંદર કેવડી છે તેનો બરાબર સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે, આંશિક શુદ્ધતાના સંવેદન વિના ધ્રુવ તળના પરિપૂર્ણ સામર્થ્યનો ખ્યાલ આવતો નથી.

જે જ્ઞાયક ધ્રુવ તળ છે તેમાં સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર, સહજ આનંદ, સહજ શાન્તિ, સહજ સ્વચ્છતા, સહજ પ્રભુતા, સહજ પુરુષાર્થ વગેરે અનંત શક્તિઓ અનંત અનંત સામર્થ્યયુક્ત ભરી પડી છે. આવા, અનંત અનંત સમૃદ્ધિ-ભરપૂર ધ્રુવ જ્ઞાયક તળને દૃષ્ટિમાં લેતાં, સમ્યગ્દર્શનનો કણ ફૂટતાં 'એ જ્ઞાયકતળ આવડું મોટું મહાન તત્ત્વ છે' એમ તેના પરિપૂર્ણ સામર્થ્યનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે; સ્વસન્મુખ દૃષ્ટિ વડે અંશે શુદ્ધતા ખીલ્યા વિના બીજી કોઈ રીતે ધ્રુવ તળના સામર્થ્યનો ખ્યાલ આવતો નથી.

જેમાં અનંત ધર્મો ભર્યા પડ્યા છે એવા ધર્મીમાં—ભગવાન આત્મામાં—સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય પ્રગટે તોપણ પરિપૂર્ણ સામર્થ્યયુક્ત શ્રદ્ધાગુણ તો એવો ને એવો છે; સ્વરૂપાચરણચારિત્રનો અંશ કે યથાખ્યાતરૂપ પૂર્ણ ચારિત્ર પ્રગટે તોપણ અંદરમાં જે ચારિત્ર નામનો ગુણ છે તે તો પોતાના પરિપૂર્ણ સામર્થ્ય સહિત સદૈવ એવો ને એવો છે; કેવળજ્ઞાનની પર્યાય પ્રગટે તોપણ અનંત સામર્થ્ય સહિત જ્ઞાનગુણ અંતરમાં સદા ભરપૂર એવો ને એવો છે; એવી રીતે પર્યાયમાં આનંદનું વેદન ગમે તેટલું વ્યક્ત થયું હોય પરંતુ પરિપૂર્ણ અનંત સામર્થ્ય સહિત ત્રિકાળી આનંદગુણ તો અંદરમાં સદા એવો ને એવો મોજૂદ છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં આ બધા ગુણોના નિર્મળ અંશના વેદન દ્વારા ગુણોનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં—સ્પષ્ટ ખ્યાલમાં આવે છે. અહો! આવું વસ્તુસ્વરૂપ છે. આ (વચનામૃત-પુસ્તક) પોતાની મેળે વાંચી જાય તો સમજાય એમ નથી. આમાં એકેક બોલમાં કેટલું રહસ્ય ભરેલું છે!

દ્રવ્ય, ગુણ ને પર્યાય—એ ત્રણ થઈને આખી અખંડ એક વસ્તુ છે ને? આત્મા પણ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ એક આખી અખંડ વસ્તુ છે. તેના જ્ઞાનગુણની પર્યાયમાં ઉપયોગની સૂક્ષ્મતા થતાં તે, સૂક્ષ્મ સ્વરૂપને—ચૈતન્ય વસ્તુના ધ્રુવ તળને—પહોંચી જાય છે. ચૈતન્યના ધ્રુવ તળને પહોંચી જતાં શ્રદ્ધા ગુણની જે સમ્યગ્દર્શનરૂપ નિર્મળ દશા પ્રગટ થાય છે તેની સાથે જ્ઞાન, શાન્તિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત ગુણોના પણ નિર્મળ અંશો વ્યક્ત થાય છે. 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'—એ ન્યાયે બધા ગુણોની આંશિક વ્યક્તતા, સમ્યગ્દર્શન થતાં, વેદનમાં આવે છે. અનંત ગુણોની આંશિક વ્યક્તતા ભલે એક એક ગુણની જુદી પાડીને ખ્યાલમાં ન આવે, તોપણ આંશિક શુદ્ધિના વેદનમાં તે બધાનું વેદન ભેગું આવી જાય છે. ચૈતન્યની આંશિક શુદ્ધિને વેદતાં ત્રિકાળી ચૈતન્ય ધ્રુવ વસ્તુ કેવડી છે, કેટલા સામર્થ્યથી ભરપૂર છે, અંશમાં આટલી તાકાત તો ત્રિકાળી ધ્રુવ સત્ત્વમાં કેટલી તાકાત વગેરે ચૈતન્ય જ્ઞાયક તત્ત્વનું અંદરનું અનંત અનંત ધ્રુવ સામર્થ્ય સ્પષ્ટ ખ્યાલમાં આવે છે. અહો! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગનું આ ફરમાન છે. બહેનના (બહેનશ્રી ચંપાબેનના) મુખેથી આ આવ્યું છે. વસ્તુની સ્થિતિ આ છે. ભાષા તદ્દન સાદી—ગુજરાતી ને બાર અંગનો સાર! એમને તો દીકરિયું (બ્રહ્મચારિણી બહેનો) માટે કહેવું હતું ને! એમને ક્યાં કંઈ છે?

ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ....શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા એ વિષે અણુમાત્ર શંકા નથી. એ વાત એમ જ છે; કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે. યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૪૫

તા. ૯–૧૧–૭૮

## વચનામૃત — ૩૭૩

**બધાં તાળાંની ચાવી એક — 'જ્ઞાયકનો અભ્યાસ કરવો'. આનાથી બધાં તાળાં ખૂલી જશે. જેને સંસારકારાગૃહમાંથી છૂટવું હોય, મુક્તિપુરીમાં જવું હોય, તેણે મોહરાગદ્વેષરૂપ તાળાં ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી. ૩૭૩.**

**"બધાં તાળાંની ચાવી એક — 'જ્ઞાયકનો અભ્યાસ કરવો'."**

વાત બહુ સૂક્ષ્મ છે, મૂળ રકમની છે ને? બધાં તાળાંની ચાવી — 'Master Key' — એક કે 'જ્ઞાયકનો અભ્યાસ કરવો'.

પ્રશ્ન :— 'જ્ઞાયકનો અભ્યાસ કરવો' એટલે શું ?

ઉત્તર :— જ્ઞાનસ્વરૂપ અસાધારણ — શરીર, વાણી, ઘટ, પટ વગેરે અજીવ પદાર્થોમાં ન હોય એવા — લક્ષણ વડે ઓળખાતું, જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિ અનંત ગુણોના પુંજરૂપ, અમૂર્ત એવું જે આત્મદ્રવ્ય તે આખું તેના જ્ઞાનગુણની પ્રધાનતાથી 'જ્ઞાયક' કહેવામાં આવે છે. જ્ઞાયકદ્રવ્ય, તેના જ્ઞાનાદિ ગુણો અને જાણનક્રિયા આદિ તેની પર્યાયો — એમ તેનાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું પ્રથમ જ્ઞાન કરવું જોઈએ. ત્રિકાળી અખંડ જીવપદાર્થ તે દ્રવ્ય છે, તેની ત્રિકાળી અખંડ શક્તિઓ તે ગુણો છે અને દ્રવ્ય ને ગુણોની વર્તમાન પલટતી અવસ્થા તે પર્યાય છે. જેને આત્મકલ્યાણ કરવું હોય તેણે પ્રથમ આ ત્રણેનું સ્વરૂપ જેમ છે તેમ જાણીને, વર્તમાન પર્યાય અને ગુણભેદથી રહિત ત્રિકાળી ધ્રુવ અભેદ દ્રવ્યસામાન્યનો — જ્ઞાયક પરમપદાર્થનો — શ્રદ્ધા-જ્ઞાનમાં આશ્રય કરવો. ચિદાનંદસ્વરૂપ ધ્રુવ જ્ઞાયક દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે નિમિત્તથી તો ભિન્ન છે જ, પણ તેમના લક્ષે થતો જે ભક્તિનો ભાવ છે તે પણ રાગ છે અને જ્ઞાયકથી ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. કેમ કે તે વિભાવભાવ છે, જ્ઞાયકનો સ્વભાવભાવ નથી. જ્ઞાયક વિભાવથી તો ભિન્ન છે, પણ વિભાવને જાણનારી જે વર્તમાન પર્યાય છે એવડો તે નથી. જ્ઞાયક તો જ્ઞાન ને આનંદ આદિ અનંત સમૃદ્ધિથી ભરપૂર ત્રિકાળશુદ્ધ અભેદ પરમ પદાર્થ છે. તેને શ્રદ્ધા-જ્ઞાનમાં ગ્રહણ કરવા માટે જે વારંવાર પ્રયત્ન તેને અભ્યાસ કહે છે.

જ્ઞાયક આત્મામાં ગુણોના અનંત ખજાના છે, પણ અનાદિ મિથ્યાત્વથી તેમનાં તાળાં બંધ છે, કદી ખૂલ્યાં નથી. એ અનંત ખજાનાનાં તાળાં ખોલવાની ચાવી એક છે: 'જ્ઞાયકનો અભ્યાસ કરવો'. 'જ્ઞાયક' તે જીવનો ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવ છે અને 'અભ્યાસ' તે જીવદ્રવ્યની વર્તમાન પર્યાય છે. વર્તમાન પર્યાય અનાદિથી જે બહારમાં વળી રહી છે, તેને ધ્રુવ સ્વભાવ — જ્ઞાયક — તરફ વાળવી તે બધાં તાળાંની કૂંચી છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ, ભક્તિ-વ્રત-તપ-પંચપરમેષ્ઠીસ્મરણ વગેરેનો વિકલ્પ, શાસ્ત્રના અભ્યાસનો વિકલ્પ — એ બધું તો રાગ છે. તેનાથી ભિન્ન જે જ્ઞાયક પ્રભુ તેની સન્મુખ થઈને શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતાનો અભ્યાસ કરવો. અહા! આવી વાત છે. મૂળ રકમની વાત છે.

પ્રશ્ન: — અભ્યાસને બદલે જ્ઞાયકનું ધ્યાન કરીએ તો?

ઉત્તર: — ભાઈ! 'જ્ઞાયક' કોને કહેવો તે જાણ્યા વગર ધ્યાન કોનું કરીશ? ધ્યાન તો એકાગ્રતાનું નામ છે; પહેલાં તો જ્ઞાનાદિ અનંત ગુણનો પુંજ એવા નિજ ત્રિકાળશુદ્ધ જ્ઞાયકની સન્મુખતાનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કરીને તેમાં પરિણતિની જે એકાગ્રતા થાય તેને ધ્યાન કહીએ. અહા! આ શાન્તિ પ્રગટવાનો સાચો ઉપાય છે, આ સિવાય બીજી બધી અશાન્તિ છે. અજ્ઞાની જીવને અનાદિથી, ભલે ને તે દયા, દાન, ભક્તિ, પ્રભુસ્મરણ વગેરે કરતો હોય તોપણ, અશાન્તિ છે. ખરેખર અંતરની સાચી શાન્તિ જોઈતી હોય, મોક્ષ ને મોક્ષનો મારગ જોઈતો હોય, ભવભ્રમણની પીડા ટાળવી હોય, તો જેમાં ભવ ને ભવભ્રમણના હેતુભૂત વિકારી ભાવ નથી, અરે! જે વર્તમાન પર્યાય જેવડું નથી, તે અનંત સામર્થ્યવંત ધ્રુવ જ્ઞાયકતત્ત્વને ગ્રહણ કરવાનો અંતર્મુખ પરિણતિ કરીને અભ્યાસ કરવો, નિત્યાનંદ ચૈતન્યપ્રભુ તરફ રુચિનું વલણ કરવું. અહા! આવી ઝીણી વાત છે બાપુ! જગતથી સાવ જુદી જ વાત છે.

**'આનાથી બધાં તાળાં ખૂલી જશે.'**

જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત સમૃદ્ધિભરપૂર નિધાનોને, અનાદિ અજ્ઞાનને લીધે, તાળાં માર્યાં છે; જ્ઞાયકના અંતર્મુખ અભ્યાસથી એ બધાં તાળાં ખૂલી જશે. લોકો 'Master Key' કહે છે ને? બધાં તાળાંને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાગુ પડે એવી આ કૂંચી છે. આ એક ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયક સ્વભાવમાં દૃષ્ટિ સ્થાપવી; તેનું પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપ ઓળખી, તેનો વિશ્વાસ લાવી તેમાં જામી જવું. એ જ મોક્ષનો મારગ છે. નિત્ય-સ્થિર સ્વભાવના આશ્રયે દૃષ્ટિ સ્થિર થાય, પરંતુ જે સ્વયં અસ્થિર, ક્ષણિક, પલટી-બદલી જવાના સ્વભાવવાળી છે એવી એક સમયની પર્યાયના આશ્રયે દૃષ્ટિ સ્થિર શી રીતે થાય? માટે ધ્રુવ ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ જે સ્વભાવત: સ્થિર છે તેનો આશ્રય લે તો દૃષ્ટિ સ્થિર થશે. જ્ઞાયકનો અભ્યાસ ને દૃષ્ટિ થવાથી, અનાદિથી તાળાં લાગેલાં બધાં નિધાનો ખૂલી જશે. માટે સર્વપ્રથમ 'હું રાગાદિથી ભિન્ન શુદ્ધ જ્ઞાયક છું' એવો સમ્યક્ પ્રકારે અભ્યાસ કર.

જ્ઞાયકના અભ્યાસની વાત લોકોને આકરી લાગે છે; 'એકાંત છે...એકાંત છે' એમ લોકો રાડું પાડે છે; 'વ્યવહારથી — ક્રિયાકાંડથી પણ ધર્મ થાય' એમ કહો તો અનેકાંત થાય — એમ તેઓ કહે છે. ભાઈ! દયા, દાન, પૂજા, ભક્તિ વગેરે વ્યાવહારિક ભાવો તો શુભ રાગ છે, આસ્રવ છે ને બંધનું કારણ છે; આસ્રવભાવને ધર્મ એટલે કે સંવર-નિર્જરા માનવાની ભગવાને ના પાડી છે.

પ્રશ્ન :— 'પ્રચંડ કર્મકાંડથી અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ થાય' એમ શાસ્ત્રમાં આવે છે ને?

ઉત્તર :— તે કથન વ્યવહારનયની અપેક્ષાએ છે. જ્ઞાયક સ્વભાવના આશ્રયે જેને દૃષ્ટિ, જ્ઞાન ને અંશે સ્થિરતા પરિણમી છે એવા સાધક જીવને, કચાશને લીધે ભૂમિકાનુસાર જે વ્યવહાર-રત્નત્રયરૂપ — શુભ રાગરૂપ — પ્રચંડ કર્મકાંડ હઠ વિના વર્તે છે તેનામાં અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ થવાના હેતુપણાનો વ્યવહારે આરોપ કરવામાં આવે છે; ખરેખર તો સાથે વર્તતી સ્વભાવાશ્રિત શુદ્ધિ જ હેતુ છે. પ્રચંડ કર્મકાંડ એટલે કે વ્યવહાર-રત્નત્રયનો શુભ રાગ અખંડ જ્ઞાનકાંડનું — ઉગ્ર વીતરાગ પરિણતિનું — ખરેખર કારણ બની શકે નહિ, જ્ઞાયકસ્વભાવના અવલંબને પ્રગટેલી મંદ શુદ્ધિ જ આગળ વધીને ઉગ્ર વીતરાગ પરિણતિનું — અખંડ જ્ઞાનકાંડનું — સાધન બને છે. જ્ઞાનકાંડના હેતુપણાનો વ્યવહારે આરોપ માત્ર જ્ઞાનીના ભૂમિકાનુસાર શુભ ભાવમાં લાગુ પડે છે, પણ જેને ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કે અનુભૂતિ નથી એવા અજ્ઞાનીના શુભ ભાવમાં જ્ઞાનકાંડના હેતુપણાનો વ્યવહારે પણ આરોપ લાગુ પડી શકતો નથી. અહા! ઝીણી વાત છે ભાઈ! આ વાત લોકોમાં ચાલતી નહોતી અને અહીંથી (પૂજ્ય ગુરુદેવ થકી) જ્યાં બહાર આવી, ત્યાં લોકોમાં ખળભળાટ થઈ ગયો.

આત્મદ્રવ્યમાં બે ભાગ છે : એક છે ત્રિકાળી ધ્રુવ ભાગ, અને બીજો છે વર્તમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પલટતો ભાગ, આત્મવસ્તુએ પોતાના બદલતા અંશ — પરિણમતા અંશ — દ્વારા પોતાના ત્રિકાળશુદ્ધ જ્ઞાયક ધ્રુવ સ્વભાવનો અભ્યાસ કરવાનો છે. પર્યાયની મુદત એક સમયની છે અને જ્ઞાયક ધ્રુવની મુદત ત્રિકાળી છે. સર્વકાળે પરિપૂર્ણ ધ્રુવ એવા જ્ઞાનાદિ અનંત સામર્થ્યથી — અનંત ઋદ્ધિઓથી — ભરપૂર એવા નિજ દ્રવ્યસામાન્યનો — જ્ઞાયકનો પરિણતિને અંતર્મુખ કરીને અભ્યાસ કરતાં, અનંત ગુણોને રાગની એકતાનાં જે તાળાં માર્યાં હતાં તે ખૂલી જાય છે, અને જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, શાન્તિ, આનંદ, સ્વચ્છતા, ઐશ્વર્ય, જીવત્વ, કર્તા, કર્મ વગેરે અનંત સ્વભાવો પરિણમનમાં ખીલી નીકળે છે. અહો! આવી વાત છે ભાઈ!

**'જેને સંસારકારાગૃહમાંથી છૂટવું હોય, મુક્તિપુરીમાં જવું હોય, તેણે મોહરાગદ્વેષરૂપ તાળાં ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી.'**

મિથ્યાત્વ ને રાગદ્વેષના ભાવ સંસારરૂપી કારાગૃહ છે. આત્માના સ્વરૂપ વિષે ભ્રાન્તિ, વિષયાનુરાગ તથા દ્વેષરૂપ અશુભ ભાવ તો સંસારકારાગૃહ છે જ, પણ દયા, દાન, ભક્તિ, વ્રત, તપસ્યા વગેરેના જે શુભ ભાવ તે પણ સંસાર છે, તેનાથી પણ કર્મબંધરૂપ બેડી પડે છે. જ્ઞાનીને પણ શુભ ભાવ આવે, પણ તેની રુચિ ન હોય. જ્ઞાની, જ્ઞાયકની જે રુચિ થઈ છે તેમાંથી ખસે નહિ, અને અજ્ઞાની તો, જ્ઞાયકના અદ્‌ભુત સ્વભાવનું ભાન તેમ જ મહિમા નહિ હોવાથી, અશુભ પલટીને જે શુભ ભાવ કરે છે, તેની જ રુચિમાં પડયો છે. અને માને છે કે — અમે કાંઈક ધર્મમાં આવ્યા, ધર્મ કર્યો.

સંસાર તો મોહરાગદ્વેષરૂપી આકરો અંધારો કૂવો છે. એ કૂવાથી, દુઃખમય યાતનાથી, જેને છૂટવું હોય, શાશ્વત સુખની પ્રાપ્તિ કરવી હોય, તેણે સમસ્ત વિભાવથી ન્યારા નિજ જ્ઞાયકનો અભ્યાસ કરવો. પત્ની, પુત્ર, પરિવાર કે પૈસો કાંઈ સંસાર નથી; જો તે સંસાર હોય તો મૃત્યુ થતાં બધાંને એ બધું છૂટી જાય છે તો શું તેનો મોક્ષ થઈ ગયો કહેવાય? — નહિ, નહિ. સં+સાર એટલે સ્વરૂપમાંથી સંસરણ થવું; સ્વરૂપમાંથી ખસીને શુભાશુભ ભાવમાં જે એકત્વબુદ્ધિ તથા આસક્ત પરિણતિ થવી તે સંસાર છે. જેને સંસારરૂપી દુઃખમય કેદમાંથી છૂટવું હોય, પૂર્ણ પરમાનંદસ્વરૂપ મુક્તિદશા પ્રગટ કરવી હોય, તેણે સંસારપરિભ્રમણના હેતુભૂત એવાં મોહરાગદ્વેષરૂપ તાળાં ખોલવા માટે — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ નિજ નિધાન પ્રગટ કરવા માટે — જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવે તો સદા મુક્ત જ છે, દ્રવ્યસ્વભાવ કદી બંધાયો જ નથી, બંધ તો માત્ર વર્તમાન પર્યાય-અપેક્ષાએ છે. પર્યાયમાં જેને મુક્તિ પ્રાપ્ત કરવી હોય, પરમાનંદમય શાશ્વત સિદ્ધદશા જોઈતી હોય, તેણે ત્રિકાળમુક્ત એવા નિજ જ્ઞાયકનો અભ્યાસ કરવો. અહા! આવી ઝીણી વાત છે, પાંચ લીટીનો પારેગ્રાફ છે પણ અંદર ભાવો ઘણા ઊંડા છે!

પ્રશ્ન :—'જ્ઞાયકનો અભ્યાસ' અઘરો પડે છે, કાંઈક વ્રત ને પડિમાનો અભ્યાસ કરવાનું કહો ને!

ઉત્તર :—ભાઈ! વ્રત ને પડિમાનો અભ્યાસ કરવાનું શું કહેવું? સાચાં વ્રત ને પડિમા કોને હોય? પ્રથમ ચિદાનંદમૂર્તિ નિજ જ્ઞાયકનો સમ્યક્ અભ્યાસ થતાં મિથ્યાત્વ ને અજ્ઞાનનાં તાળાં ખૂલી જઈને જેને અંતરમાં ધ્રુવ જ્ઞાયકના આશ્રયે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને અંશે સ્વરૂપાચરણચારિત્રની શુદ્ધિ પ્રગટી હોય તે સાધક જીવને, શુદ્ધિમાં—સ્થિરતામાં આગળ વધતાં સાથે રહેલી ચારિત્રની કમજોરીને લીધે, વ્રત ને પડિમાના શુભ વિકલ્પ હોય છે. તે શુભ વિકલ્પ બંધનું કારણ છે, સંવર, નિર્જરા કે મોક્ષનું નહિ. જેને હજુ જ્ઞાયકનું ભાન જ નથી તેને વ્રત કે પડિમા સાચાં હોઈ શકે નહિ. માટે ભગવાને પહેલાં જ્ઞાયકનો અભ્યાસ કરવાનું કહ્યું છે, વ્રતાદિનો નહિ. જ્ઞાયકનો અભ્યાસ અનાદિ અણઅભ્યાસને લીધે અઘરો લાગે, પણ જો અંદરની સાચી લગનીપૂર્વક કરવામાં આવે તો તે અભ્યાસ સહેલો થઈ જાય છે.

ધર્મસ્થાનકે જઈને સામાયિક, પ્રતિક્રમણ વગેરે બાહ્ય ક્રિયા કરે અને તેમાં ધર્મ માને, પણ ભાઈ! તે બધો કલેશ છે. આ સાંભળીને લોકો રાડ નાખે, પણ ભાઈ! સમયસારમાં કહ્યું છે ને—મહાવ્રત ને તપના ભારથી તૂટી મરતા થકા કલેશ પામો તો પામો; પણ સમસ્ત કલેશ વિનાનું આ જ્ઞાનપદ જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે પ્રાપ્ત કરી શકાતું નથી. વળી ખરું ધર્મસ્થાનક તો પોતાનો ધ્રુવ જ્ઞાયક આત્મા છે. તેમાં એકાગ્રતા થતાં શાન્તિ ને આનંદ મળે છે. માટે મોહરાગદ્વેષનાં તાળાં ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી.

પ્રશ્ન :—'એક જ ચાવી લગાડવી' એ તો એકાન્ત થઈ ગયો!

ઉત્તર :—હા, સમ્યક્ એકાન્ત જ છે. 'અનેકાન્ત પણ સમ્યક્ એકાન્ત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.' 'જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી' પણ બીજી—બાહ્ય જ્ઞાન, ભંગભેદનાં પલાખાં, ધારણાજ્ઞાન, પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગ, શરીરાદિની ક્રિયા વગેરે-રૂપ—ખોટી ચાવી લગાડવી નહિ;—એમ તેમાં 'અનેકાન્ત' આવી ગયો.

—*—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૭૪

**શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે, મોક્ષની રુચિ નથી. જે મંદ કષાયમાં સંતોષાય છે, તે અકષાયસ્વભાવ જ્ઞાયકને જાણતો નથી તેમ જ પામતો નથી. ગુરુદેવ પોકારી પોકારીને કહે છે કે જ્ઞાયકનો આશ્રય કરી શુદ્ધ પરિણતિ પ્રગટ કર; તે જ એક પદ છે, બાકી બધું અપદ છે. ૩૭૪.**

**'શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે, મોક્ષની રુચિ નથી.'**

મેં આટલી દયા પાળી, આટલું સત્ય બોલ્યો, નવ વાડે બ્રહ્મચર્ય પાળ્યું, આટલાં મહાવ્રત પાળ્યાં — એવી જેને શુભ રાગની રુચિ છે તેને ભવની રુચિ છે, મોક્ષની રુચિ નથી. શુભ રાગ પણ ભવનો હેતુ છે, અને ભગવાન જ્ઞાયક આત્મા તો ભવ અને ભવના હેતુસ્વરૂપ ભાવોના અભાવસ્વરૂપ — અભવસ્વરૂપ છે. જેને ભવના હેતુની રુચિ છે તેને તેના ફળસ્વરૂપ ભવની જ રુચિ છે. તે ન્યાયે જેને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિસ્વરૂપ શુભ રાગની રુચિ છે તેને ભવની જ રુચિ છે, અભવસ્વરૂપ નિજ જ્ઞાયકની રુચિ નથી; અને જેને મુક્તિના આશ્રયભૂત જ્ઞાયકની રુચિ નથી તેને ખરેખર મોક્ષની જ રુચિ નથી. જ્ઞાનીને પણ અસ્થિરતાને લીધે વ્રતાદિના શુભ ભાવો આવે ખરા, પણ અંતરમાં તેમની રુચિ નથી; તેને રુચિ તો માત્ર નિજ ત્રિકાળશુદ્ધ જ્ઞાયક-ભાવની જ છે. અહા! આવી વાત છે; આમાં કોઈ મોટી પંડિતાઈ જોઈએ કે ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ જોઈએ એવું કાંઈ નથી.

અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચો સમકિતી છે. હજાર જોજનનું માછલું પણ સમકિત પામે છે. તેને અંદર ધ્રુવ જ્ઞાયકનું પોસાણ થઈ ગયું છે. ભગવાન જ્ઞાયક આત્મા સિવાય, રુચિમાં રાગનો એક અંશ પણ પોસાતો નથી. દૃષ્ટિમાં તો આલંબન-ભૂત ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયક જ તેને પોસાય છે, પર્યાય કે ગુણભેદ પણ પોસાતો નથી.

મિથ્યાત્વ એ મહાસંસાર છે; શુભ રાગ પણ સંસાર છે; શુભ રાગની રુચિ તે મહાસંસાર છે. જેને પૂજા, ભક્તિ આદિ શુભ ભાવની રુચિ છે તેને શુભાશુભ સમસ્ત વિભાવથી રહિત એવા મોક્ષની રુચિ નથી. શુભ રાગની રુચિ તે ભવની રુચિ છે, મિથ્યાત્વ છે. મિથ્યાત્વભાવ તો સંસારનું મૂળ છે જ, પણ બહેન તો અહીં કહે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે—રાગ પણ સંસાર છે. શ્રી યોગીન્દુદેવે પરમાત્મપ્રકાશમાં કહ્યું છે: જેને શુભ રાગ ઉપાદેય છે તેને રાગરહિત નિજ શુદ્ધાત્મા હેય છે; જેને શુભ ભાવનો—વ્યવહાર-રત્નત્રયનો—પ્રેમ છે તેને ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયકભાવનો તિરસ્કાર છે; જેને જ્ઞાયકભાવ ઉપાદેય છે તેને શુભાશુભ સમસ્ત વ્યવહારભાવ હેય છે. જ્ઞાનીને રાગભાવ આવે પણ અંતરમાં તેને તે હેય છે, તેની રુચિ નથી.

**'જે મંદ કષાયમાં સંતોષાય છે, તે અકષાયસ્વભાવ જ્ઞાયકને જાણતો નથી તેમ જ પામતો નથી.'**

શું કહે છે? ક્રોધ, માન, માયા ને લોભ—એ ચાર કષાય છે. ક્રોધ ને માન દ્વેષમાં અને માયા ને લોભ રાગમાં સમાય છે. જે રાગ ને દ્વેષની મંદતામાં એટલે કે ક્રોધ, માન, માયા ને લોભની મંદતામાં સંતુષ્ટ થઈ જાય છે તે પોતાના અકષાય-સ્વભાવી જ્ઞાયક મહા પદાર્થનો અનાદર—તિરસ્કાર કરે છે, તેને ભગવાન જ્ઞાયક આત્મા યથાર્થપણે જાણવામાં આવતો નથી તેમ જ પ્રાપ્ત થતો નથી.

અજ્ઞાની રાગની મંદતામાં સંતોષાઈને માને છે કે—મેં ઘણું કર્યું. શું કર્યું? દુકાનના ધંધા છોડયા, પત્ની, પુત્ર ને પરિવારનો સંગ છોડયો, જીવદયા પાળી, ગરીબોને દાન આપ્યાં, મંદિરો બંધાવ્યાં, પ્રતિષ્ઠાઓ કરાવી, જિનેન્દ્રભગવાનના ગજરથ ચલાવ્યા, અહાહા! કેટલું બધું કર્યું?—એમ ધર્મના નામની બહારની ક્રિયાઓ અને રાગની મંદતામાં જે સંતોષાઈ જાય છે, તે અંતરમાં વીતરાગમૂર્તિ જ્ઞાયકસ્વભાવી નિજ આત્માને જાણતો તથા પ્રાપ્ત કરતો નથી. અહા! આવી સાદી ગુજરાતી ભાષા છે.

અરેરે! મંદ કષાયના પ્રેમી—કેટલાક દિગંબર નામધારી સાધુ પણ—કહે છે કે: અત્યારે આ પંચમ કાળમાં શુભોપયોગ જ હોય, શુદ્ધોપયોગ હોય જ નહિ. અરે ભાઈ! આ તું શું કહે છે? 'આ કાળે શુદ્ધોપયોગ હોય જ નહિ' એટલે શું આ કાળે ધર્મધ્યાન હોય જ નહિ? જો ધર્મધ્યાન ન હોય તો આ કાળે ધર્મ જ નથી—એમ ઠર્યું. ભગવાને ધર્મધ્યાનરૂપ શુદ્ધોપયોગ તો પંચમ કાળના અંત સુધી કહ્યો છે. ધર્મનો વિચ્છેદ તો છઠ્ઠા આરામાં કહ્યો છે. મોક્ષપાહુડમાં શ્રી કુંદકુંદાચાર્યદેવે પંચમ કાળમાં શુદ્ધોપયોગરૂપ ધર્મધ્યાન કહ્યું છે—

ભરતે દુષમકાળેય ધર્મધ્યાન મુનિને હોય છે;
તે હોય છે આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે. ૭૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભોપયોગ તો રાગ છે; તેને શાસ્ત્રમાં હેય ને વિષકુંભ કહ્યો છે. જેને અંતરમાં આત્માશ્રિત શુદ્ધિરૂપ નિશ્ચય પરિણમ્યો છે તેના, ભૂમિકાનુસાર વર્તતા શુભ રાગને વ્યવહારે અમૃત કહેવાય, પણ નિશ્ચયદૃષ્ટિએ તે પણ ઝેર છે. સમયસારના મોક્ષ-અધિકારમાં કહ્યું છે:

પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,
વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા — એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.

એ રીતે પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત્ત, ભગવાનની પૂજા, દર્શન વગેરે બધા શુભ ભાવ ઝેર છે, અરે! જે ભાવે તીર્થંકર-નામકર્મ બંધાય તે શુભ ભાવ પણ ઝેર છે; જેને તેની રુચિ છે તેને ઝેરની — ભવની રુચિ છે.

શું કહીએ? આકરી પડે એવી વાત છે. ખરેખર તો, શુભ રાગમાં ધર્મ અને વસ્ત્રપાત્ર સહિત મુનિપણું માનનાર ને મનાવનાર બધા નામધારી જૈન સાધુ મિથ્યાદૃષ્ટિ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે તો સૂત્રપાહુડમાં કહ્યું છે કે —

નહિ વસ્ત્રધર સિદ્ધિ લહે, તે હોય તીર્થંકર ભલે;
બસ નગ્ન મુક્તિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. ૨૩.

અંતરમાં જેને વિકલ્પ રહિત આનંદનો નાથ — જ્ઞાયક જાગ્યો છે તેને જો ભાવ તેમ જ દ્રવ્ય નિર્ગ્રંથ દશા — અંતરમાં મિથ્યાત્વ ને અવિરતિજનિત રાગાદિ અને બહારમાં શરીર ઉપર વસ્ત્રનો ટુકડો પણ નહિ એવી સહજ દશા — પ્રગટે તો જ મુક્તિ-માર્ગ અર્થાત્ મુનિદશા કહેવાય છે. તે સિવાય વસ્ત્રપાત્રસહિત મુનિપણું મનાવનાર બધા ઉન્માર્ગી છે. પંડિત ટોડરમલજીએ તેમને જૈનમતમાં નહિ પણ અન્યમતમાં જ ગણ્યા છે. ભાઈ! વાત છે જરા આકરી, પણ છે હિતની.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે સૂત્રપાહુડમાં એમ કહ્યું છે કે — અંતરમાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી આદિ કષાયની ત્રણ ચોકડીના અભાવજનિત જેને નિર્વિકલ્પ આનંદમય રમણતા અને બહારમાં વસ્ત્ર રહિત નગ્નપણું હોય છે તેને મોક્ષ પ્રગટે છે; પરંતુ જે વસ્ત્રનો કટકો પણ રાખીને મુનિપણું માને, મનાવે અને માનતાને રૂડું જાણે તે 'जाइ णिग्गोदं' — નિગોદમાં જાય છે.

જન્મ્યા પ્રમાણે રૂપ, તલતુષમાત્ર કરમાં નવ ગ્રહે,
થોડુંઘણું પણ જો ગ્રહે તો પ્રાપ્ત થાય નિગોદને. ૧૮.

બાપુ! આ, તારા હિતની વાત છે હો! તારા અનાદરની વાત નથી. તેં એવા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત ભવ કર્યા, ભાઈ! તું ત્યાગી થઈને અને વ્રત લઈને પાટે બેઠો એટલે વર્તમાનમાં લોકો — વેપારમાં મશગૂલ અને તત્ત્વનું ભાન નહિ એવા બિચારા સાધારણ વાણિયા — તને સાધુ માનશે, પરંતુ વસ્ત્રાદિના પરિગ્રહ સહિત દશાને જે મુનિપણું માનવું-મનાવવું તેનું ફળ બહુ આકરું પડશે. અહીં તો એ વાત ચાલે છે કે — જે મંદ કષાયમાં સંતુષ્ટ થઈ જાય છે તે પોતાના સહજશુદ્ધ અકષાય જ્ઞાયકભાવને જાણતો નથી તેમ જ પામતો નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પ્રભુનું નામસ્મરણ, શાસ્ત્રવાચન વગેરેમાં થતો જે શુભ રાગ — કષાયની મંદતા તેમાં જે જીવ સંતોષાઈ જાય છે તે વીતરાગસ્વરૂપ નિજ જ્ઞાયક સ્વભાવને જાણતો નથી તેમ જ પામતો નથી. પછી બહેનના શબ્દો છે કે —

**'ગુરુદેવ પોકારી પોકારીને કહે છે કે જ્ઞાયકનો આશ્રય કરી શુદ્ધ પરિણતિ પ્રગટ કર; તે જ એક પદ છે, બાકી બધું અપદ છે.'**

ત્રિકાળશુદ્ધ, જ્ઞાન ને આનંદ આદિ અનંત અખૂટ ઋદ્ધિઓથી ભરપૂર, ચૈતન્ય વિજ્ઞાનઘન એવા નિજ જ્ઞાયક દ્રવ્યસામાન્યનો દૃષ્ટિ ને જ્ઞાનમાં આશ્રય ગ્રહણ કરી પરિણતિમાં અતીન્દ્રિય આનંદમય શુદ્ધતા પ્રગટ કરવી તે જ વીતરાગ જિનેન્દ્રદેવે પ્રરૂપેલો સાચો ધર્મ છે, એ સિવાય બીજો કોઈ 'ધર્મ' છે જ નહિ. ભલે અગિયાર અંગ ભણી ગયો હોય, ભાષણ આપીને લાખો માણસોને રાજી કરતો હોય, પણ એ કાંઈ ધર્મ નથી, ધર્મ તો અંતરની કોઈ જુદી જ ચીજ છે!

અહીં બહેને જ્ઞાયકનો આશ્રય લેવાનું કહ્યું અને સમયસારની અગિયારમી ગાથામાં ભૂતાર્થનો આશ્રય કરવાનું કહ્યું — તે બંને એક જ વાત છે. ભૂતાર્થ, સત્યાર્થ, પરમાર્થ, પરમ ભાવ, સત્ય સાહેબ, પૂર્ણાનંદનો નાથ વગેરે કહો કે જ્ઞાયકભાવ કહો એ બધું એક જ છે. ભૂતાર્થ એવા નિજ જ્ઞાયકનો આશ્રય લે તો શુદ્ધ દશા પ્રગટે, ધરમ પ્રગટે, બાકી ધરમ-બરમ છે નહિ.

શુદ્ધ પરિણતિ પ્રગટ કરવા માટે ત્રિકાળશુદ્ધ જ્ઞાયક જ એક પદ છે, બાકી બધું અપદ છે. સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાના ૧૩૮મા કળશમાં કહ્યું છે ને — હે અંધ પ્રાણીઓ! અનાદિ સંસારથી માંડીને પર્યાયે પર્યાયે આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે — ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે — અપદ છે, (તમારું સ્થાન નથી,) એમ તમે સમજો. આ તરફ આવો — આ તરફ આવો, તમારું પદ આ છે — આ છે જ્યાં શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ — જ્ઞાયકભાવ નિજ રસની અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે — અવિનાશી છે.

ધ્રુવ જ્ઞાયક પદનો આશ્રય કરી, તેને વિશ્વાસમાં લઈ, અંતરમાં નિર્મળ દૃષ્ટિ પ્રગટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર. જ્ઞાયકનો આશ્રય કરતાં પરિણતિમાં જે શુદ્ધિ પ્રગટી તે જ એક પદ છે, કરવા યોગ્ય ચીજ છે, બાકી દયા, દાન કે વ્યવહારરત્નત્રયનો શુભ રાગ — એ બધું અપદ છે, આસ્રવભાવ છે, અશુચિ, વિપરીત, બંધનું કારણ ને દુ:ખરૂપ ભાવ છે. જેને અંતરમાં જ્ઞાયકના આલંબને નિશ્ચય-રત્નત્રયરૂપ પરિણતિ પ્રગટી હોય તેને જ સાચા વ્યવહારરત્નત્રયના શુભભાવ હોય, પરંતુ છે એ અપદ ને દુ:ખરૂપ. અરેરે! લોકોને અંતરના ધર્મની ખબર નથી એટલે બહારમાં આકર્ષાઈને, અગ્નિમાં પતંગિયાની પેઠે, ક્રિયાકાંડમાં ઝંપલાવે, મહિના-મહિનાના ઉપવાસ કરે, વરસીતપ કરે, પણ તેથી શું? અંતરમાં મિથ્યાત્વ ને આસક્તિનો ત્યાગ શું અને સ્વભાવનું ગ્રહણ શું — એની ખબર વિના તે શેનો ત્યાગી છે? તે તો સ્વધર્મનો ત્યાગી ને રાગનો ગ્રાહી છે. અને એનાથી વિપરીત સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની, ભલે ને છ ખંડના રાજમાં હોય તોપણ તે અંતરમાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી રાગાદિનો ત્યાગી છે. તે ખરેખર યથાર્થ ત્યાગી છે. તે અનુક્રમે શુદ્ધિની વૃદ્ધિ કરતો-કરતો આગળ વધે છે. ત્યાગધર્મની શરૂઆત તો મિથ્યાત્વના ત્યાગથી થાય છે. એ વિના બહારનો ત્યાગ કરીને જેણે રાગમાં રમતું માંડી છે તે તો મોટો ધર્મનો ત્યાગી છે; તેણે વીતરાગતારૂપ ધર્મનો ત્યાગ અને શુભ રાગરૂપ અધર્મને ગ્રહણ કર્યો છે. અહા! આવી વાતો છે ભાઈ! વાદવિવાદે કાંઈ પાર પડે એમ નથી.

....ક્રિયાકાંડ મોક્ષમાર્ગ નથી, પરંતુ પારમાર્થિક આત્મા તથા સમ્યગ્દર્શન વગેરેનું સ્વરૂપ નક્કી કરી સ્વાનુભવ કરવો તે માર્ગ છે; અનુભવમાં વિશેષ લીનતા તે શ્રાવકમાર્ગ છે અને તેનાથી પણ વિશેષ સ્વરૂપરમણતા તે મુનિમાર્ગ છે. સાથે વર્તતાં બાહ્ય વ્રત-નિયમો તો અધૂરાશની — કચાશની પ્રગટતા છે. અરેરે! મોક્ષમાર્ગની મૂળ વાતમાં આટલો બધો ફેર પડી ગયો છે.

— પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૪૬

તા. ૧૦-૧૧-૭૮

## વચનામૃત — ૩૭૫

આ ચૈતન્યતત્ત્વને ઓળખવું. ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો — એ જ કરવાનું છે. એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય. આત્મા ચૈતન્યતત્ત્વ છે, જ્ઞાયકસ્વરૂપ છે — એને ઓળખવો. જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું. પણ પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે, જ્ઞાયક છે. પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી, પરમાંથી કાંઈ આવતું નથી. આ સમજવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બાહ્ય નિમિત્તો હોય છે, પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું જે પ્રગટે છે, તે પોતામાંથી જ પ્રગટે છે. એ મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે. બીજું બહારનું તો અનંત કાળમાં ઘણું કર્યું છે. શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો, પણ ધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે. શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, એમાં ક્યાંય શાન્તિ નથી. જોકે શુભભાવ આવ્યા વિના રહેતા નથી તોપણ ત્યાં શાન્તિ તો નથી જ. શાન્તિ હોય, સુખ હોય — આનંદ હોય એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે. નિવૃત્તિમય ચૈતન્યપરિણતિમાં જ સુખ છે, બહારમાં ક્યાંય સુખ છે જ નહિ. માટે ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો તે જ ખરું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રેયરૂપ છે. તે એક જ મનુષ્યજીવનમાં કરવાયોગ્ય—હિતરૂપ—કલ્યાણરૂપ છે. ૩૭૫.

**'આ ચૈતન્યતત્ત્વને ઓળખવું.'**

શું કહે છે? જેને ધર્મનું મૂળ, સાધનાનું પ્રથમ સોપાન, ભવાન્તનો અચૂક ઉપાય એવું જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેણે આ પ્રત્યક્ષ સંવેદનગમ્ય એવા નિજ ચૈતન્યતત્ત્વના સ્વરૂપને ગુરુગમે બરાબર ઓળખવું. ચૈતન્યતત્ત્વ એટલે કે ભગવાન જ્ઞાયક આત્મા શરીર, ઇંદ્રિયો ને વાણી વગેરેથી તદ્દન જુદો છે. શરીરાદિ તો મૂર્તિક અચેતન પુદ્ગલદ્રવ્યનું પરિણમન છે અને જ્ઞાયક આત્મા તો અમૂર્તિક, અનાદિનિધન, સ્વયંસિદ્ધ, ચેતન જીવદ્રવ્ય છે; જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય બંને એક કેમ હોઈ શકે?—ન જ હોઈ શકે; બંને અત્યંત જુદાં જ છે. વળી જીવની અવસ્થામાં જે દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે તથા કામ-ક્રોધ વગેરે શુભ તેમ જ અશુભ ભાવો થાય છે તેમનાથી પણ આ નિજ ચૈતન્યતત્ત્વ જુદું છે, કેમ કે તે ભાવો વિકારી હોવાથી આત્માનો સ્વભાવ નથી. સૂક્ષ્મ વાત છે ભાઈ! અનંત વાર મુનિવ્રત ધારણ કર્યાં પરંતુ અંશે પણ કલ્યાણ થયું નહિ, કેમ કે પંચમહાવ્રત વગેરે શુભ પરિણામ તો આસ્રવતત્ત્વ છે, તે કાંઈ આત્મા, ધર્મ કે સંવર-નિર્જરાતત્ત્વ નથી. જેને કલ્યાણ કરવું હોય, ભવભ્રમણનો અંત આણવો હોય, સાચું સુખ પ્રાપ્ત કરવું હોય તેણે સર્વપ્રથમ ત્રિકાળશુદ્ધ નિત્યજ્ઞાયક એવા આ નિજ ચૈતન્યતત્ત્વના સ્વરૂપને ઓળખવું જોઈએ, તેનું જ્ઞાન કરવું જોઈએ.

**'ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો—એ જ કરવાનું છે.'**

શુભાશુભ વિભાવપરિણામથી જુદો અને જ્ઞાનલક્ષણથી ઓળખાતો આ જે જ્ઞાયક આત્મા તે હું છું—એમ નિજ ચૈતન્યતત્ત્વને ઓળખવાનો, સમજવાનો વારંવાર અભ્યાસ કરવો, સ્વપરના તેમ જ સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાનનો સતત અભ્યાસ કરવો—એ જ ખરેખર કરવા જેવું છે ભાઈ! આ જીવે પૂર્વે અનંત વાર વ્રત, તપ, પૂજા ને ભક્તિ વગેરે બહારનું બધું કર્યું પણ તેનાથી નિજ ચૈતન્યતત્ત્વની ઓળખાણ કે સ્વભાવ-વિભાવનું ભેદજ્ઞાન ન થયું; કેમ કે તે તો બહિર્લક્ષી શુભ ભાવ છે, તે કાંઈ આત્માનો ધર્મ કે ધર્મનું કારણ નથી. સૂક્ષ્મ વાત છે ભાઈ! આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિજ્ઞાનઘન પરમ પદાર્થ છે, તેને રાગાદિથી ભિન્ન ઓળખવો તથા ભિન્ન કરવો તે જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની રીત છે અને તે જ કરવા યોગ્ય છે.

**‘એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય.’**

રાગાદિ ક્ષણિક ઔપાધિક વિભાવભાવોથી ભિન્ન નિજ જ્ઞાયકતત્ત્વને ઓળખવાનો ને ભિન્ન કરવાનો અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિ સમસ્ત વિભાવોથી ભિન્નતા બરાબર સમજાય અને આત્માનું સ્વરૂપ અનુભવમાં પ્રાપ્ત થાય.

પ્રશ્ન :— ભેદજ્ઞાનનો અભ્યાસ કઈ રીતે કરવો ?

ઉત્તર :— ભાઈ ! ભગવાને નવ તત્ત્વ કહ્યાં છે ને ? તેમાં જે આ જાણવું...જાણવું એવા ઉપયોગસ્વરૂપ જે અમૂર્ત પદાર્થ છે તે જીવતત્ત્વ છે, જે મૂર્ત અચેતન શરીર ને કર્મ વગેરે છે તે અજીવતત્ત્વ છે, આત્મભ્રાન્તિ, હિંસા, જૂઠ, વિષયવાસના વગેરે જીવના ભાવો પાપતત્ત્વ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાનો તથા જાત્રા વગેરેનો શુભ ભાવ પુણ્યતત્ત્વ છે. પુણ્ય કે પાપ એ કાંઈ આત્માનો સ્વભાવભાવ નથી, આત્મસ્વભાવ તો તે સમસ્ત વિભાવોથી ભિન્ન ત્રિકાળશુદ્ધ અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ છે — એમ રાગાદિથી આત્માની ભિન્નતાની ઓળખાણ કરતાં કરતાં આત્માનું રાગાદિથી ભિન્ન શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થઈ જાય. અહા ! આત્માને પ્રાપ્ત કરવાની આ રીત છે.

પહેલાં આત્મજ્ઞાન થયા વિના વ્રત, તપ, ભક્તિ વગેરે બધું વ્યર્થ છે.

પ્રશ્ન :— આત્મજ્ઞાન કેવી રીતે થાય ?

ઉત્તર :— આ જ્ઞાનસ્વરૂપ આત્મા દેહ, ઇંદ્રિય, વાણી ને કર્મથી તો સાવ જુદો જ છે, પણ તેની પર્યાયમાં જે રાગાદિના વિકલ્પો છે તેમનાથી આત્માને પરિણતિમાં જુદો પાડતાં પાડતાં અને અંતરમાં ચૈતન્યસ્વભાવનો મહિમા ઘૂંટતાં ઘૂંટતાં આત્માની જે સાનુભવ દૃષ્ટિ અને જ્ઞાન થાય છે તેનું જ નામ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન છે. રાગાદિ વિભાવથી જ્ઞાયકને પરિણતિમાં જુદો કરવો — એવું જે ભેદજ્ઞાન, તેનો અભ્યાસ કરવો તે એક જ કર્તવ્ય છે.

રાજ્ય છોડ્યું, હજારો રાણીઓ છોડી, ગૃહસ્થપણું છોડી મહાવ્રત પાળ્યાં પણ એ બધું તો રાગ છે, વિકલ્પ છે ને આસ્રવ છે. આસ્રવભાવ તો અશુચિ, આત્મ-સ્વભાવથી વિપરીત, અધ્રુવ, દુઃખ અને દુઃખનું કારણ છે, આત્મજ્ઞાન સિવાય બીજે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યાંય જરા પણ સુખ નથી;—એમ સમજી તેનાથી ભિન્ન નિજ જ્ઞાયકને ઓળખવાનો અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા અંતરમાં ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય. દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે શુભ રાગથી આત્માને ભિન્ન કરવાને બદલે તેનાથી લાભ માનવો તે મિથ્યાત્વભાવ છે, તે જૈનધર્મ નથી. ભગવાને જૈનધર્મ તો મિથ્યાત્વ ને રાગદ્વેષ રહિત આત્માના શુદ્ધ પરિણામને કહ્યો છે. ભાવપાહુડમાં કહ્યું છે ને—

પૂજાદિમાં વ્રતમાં જિનોએ પુણ્ય ભાખ્યું શાસને;
છે ધર્મ ભાખ્યો મોહક્ષોભવિહીન નિજ પરિણામને. ૮૩.

રાગાદિ વિભાવથી આત્માને ભિન્ન કરવાનો જે અભ્યાસ તેને ભેદજ્ઞાન કહે છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે: જે કોઈ સિદ્ધ થયા છે તે બધા ભેદજ્ઞાનથી જ સિદ્ધ થયા છે, અને જે કોઈ બંધાયા છે તે બધા ભેદજ્ઞાનના અભાવથી જ બંધાયા છે. માટે મોક્ષપદની પ્રાપ્તિ માટે ભેદજ્ઞાનનો અભ્યાસ નિરંતર કરવા યોગ્ય છે.

**‘આત્મા ચૈતન્યતત્ત્વ છે, જ્ઞાયકસ્વરૂપ છે—એને ઓળખવો.’**

જેનો સ્વભાવ કેવળ જાણવું ને દેખવું છે એવા આ ભગવાન આત્માને ચૈતન્ય-તત્ત્વ કહો, જાણનસ્વભાવ કહો, જ્ઞાયકભાવ કહો, નિત્યાનંદનો નાથ કહો, ધ્રુવ સ્વભાવ કહો, સામાન્યસ્વભાવ કહો કે ત્રિકાળી સાદૃશ્યસ્વરૂપ કહો—બધું એક જ છે. તે જાણનસ્વભાવી આત્માને—કે જે ત્રિકાળશુદ્ધ ચૈતન્યતત્ત્વ છે, જ્ઞાયકસ્વરૂપ છે તેને—ઓળખવો, તેનું યથાર્થ જ્ઞાન કરવું. અહા! આવી વાત છે. અરે! તત્ત્વ શું છે ને જગત શું માની બેઠું છે? અહીં તો, વીતરાગે કહ્યું છે તે પ્રમાણે જ તત્ત્વ કહેવામાં આવે છે.

**‘જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું શું કરી શકું છું.’**

શું કહે છે? અજ્ઞાની જીવને એવી ભ્રાન્તિ છે કે—હાલવું-ચાલવું, ખાવું-પીવું, બોલવું, લખવું, વાંચવું વગેરે જે અજીવ શરીરની ક્રિયા છે તેને હું કરી શકું છું. પણ ભાઈ! મોતીના દાણા જેવા ગોળ અક્ષરો લખવા તે તો જડ પુદ્ગલની ક્રિયા છે, તેનો કર્તા આત્મા નથી. હોંશિયાર માણસ નામું સારું લખી શકે—એમ જડ અક્ષરનો કર્તા આત્માને માનવો તે મહા ભ્રમ છે. ભગવાન આત્મા તો કેવળ જ્ઞાન-સ્વરૂપ છે, તે પરની ક્રિયા કઈ રીતે કરી શકે? પરદ્રવ્યમાં આત્મા કાંઈ પણ કરી શકે—એવી જે માન્યતા છે તે મિથ્યાત્વરૂપી મહાન પાપ છે, અનંત પરિભ્રમણનું કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાયક ચૈતન્યતત્ત્વ પરદ્રવ્યને જાણે કે કરે? એમાંથી એક કરે — કાં તો પરનો જ્ઞાતા રહે અને કાં તો પરનો કર્તા થાય. ભાઈ! નવ તત્ત્વમાં અજીવ એક સ્વતંત્ર તત્ત્વ છે કે નહિ? તે સ્વતંત્ર શરીરાદિ અજીવતત્ત્વની ક્રિયા જીવ કરે તો તે કાળે અજીવે શું કર્યું? તે વખતે અજીવતત્ત્વ શું પોતાની ક્રિયા વિનાનું રહ્યું? ક્રિયા વિનાનું કોઈ દ્રવ્ય રહે — એમ કદી બની શકે નહિ. પરદ્રવ્ય સ્વયં પોતાની ક્રિયા કરે છે, ત્યાં અજ્ઞાની જીવને એવો ભ્રમ થાય છે કે 'પરદ્રવ્યનું હું કરી શકું છું'.

જીવદ્રવ્ય પૂર્ણ શક્તિશાળી છે, તેનો અર્થ એમ નથી કે પરદ્રવ્યનું કંઈક કરી શકે માટે પૂર્ણ શક્તિશાળી છે. અરે! આંખની પાંપણ ફેરવવી તે પણ આત્માની શક્તિની બહાર છે. ચશ્માંથી જ્ઞાન થાય — એ વાત તો છે જ નહિ, પણ ચશ્માંને આંખે ચડાવવાની ક્રિયા પણ જડની છે, આત્માની નહિ. તેનો કર્તા આત્માને માનવો તે મિથ્યાત્વ છે. ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર શ્રી અરિહંતદેવનો પંથ કોઈ નિરાળો છે! અત્યારે તો 'જૈન' નામના સંપ્રદાયોમાં પણ તત્ત્વના સ્વરૂપ વિષે મોટા ગોટા ઊઠ્યા છે. 'હું આ દાંત ચલાવી શકું, રોટલીના ટુકડા કરી શકું' વગેરે પરદ્રવ્યની અવસ્થાના કર્તાપણાનો અજ્ઞાની જીવને ભ્રમ છે.

પ્રશ્ન :— જીવ રોટલીના ટુકડા કરે છે — એમ પ્રત્યક્ષ દેખાય છે ને?

ઉત્તર :— ભાઈ! રોટલીના ટુકડા થાય છે — એમ દેખાય છે, તેમાં 'જીવ કરે છે' એમ ક્યાં દેખાય છે? જો જીવ પરદ્રવ્યના ટુકડા કરી શકતો હોય તો આકાશના ટુકડા કરી દે ને! રોટલીના ટુકડા સ્વયં થાય છે ત્યારે જીવની ઇચ્છા અને હાથની ક્રિયા અનુકૂળપણે નિમિત્ત હોય છે ત્યાં સંયોગથી જોવાની દૃષ્ટિવાળો અજ્ઞાની જીવ માની બેસે છે કે જીવે ટુકડા કર્યા, પરંતુ એ તેનો ભ્રમ છે.

**'પણ પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી.'**

શરીર, વાણી, જીવદયા, અષ્ટપ્રકારી પૂજા, દાન વગેરે પરદ્રવ્યની ક્રિયા આત્મા કરી શકતો નથી, બહુ તો તે ક્રિયાને અનુકૂળ એવો પોતાની પર્યાયમાં રાગ કરે, પરંતુ રાગથી પરદ્રવ્યની ક્રિયા કરી શકે — એ ત્રણ કાળમાં બને નહિ. પોતામાં થતા રાગના કાળે પરપદાર્થની ક્રિયા તદનુરૂપ સ્વયં થાય છે, ત્યાં અજ્ઞાની ભ્રમથી એમ માને છે કે — 'હું કરું છું'. ભગવાન આત્મા તો સહજ જ્ઞાનમૂર્તિ છે. આંખ તો માત્ર દેખે જ; તે શું ખાડા-ટેકરા કરી શકે? 'જયમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે! જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને.' પરદ્રવ્યની ક્રિયા હું કરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શકું છું અને રાગની ક્રિયા મારો સ્વભાવ છે — એવું માનવાવાળો જીવ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે; તે જૈન નથી, અજૈન છે.

'ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન;
મતિમદિરાકે પાનસોં, મતવાલા સમુઝે ન.'

ત્રિકાળ જિનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ આત્મા અંદર શક્તિપણે બિરાજે છે. પરિણતિમાં રાગથી જુદો પડીને જિનસ્વરૂપ આત્માનો અનુભવ કરે તે જૈન. સ્વમતિરૂપી દારૂ પીવાથી પાગલ થયેલો અજ્ઞાની, જિન અને જૈનસ્વરૂપ પોતાના આત્માને સમજતો નથી.

**'દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.'**

શ્રી સર્વજ્ઞ પરમાત્માએ દ્રવ્યો છ પ્રકારનાં કહ્યાં છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ. તેમાં દરેક દ્રવ્ય, રજકણ હો કે આત્મા હો, પોતાની પર્યાય કરવામાં સંપૂર્ણ સ્વતંત્ર છે. પુસ્તકનું પાનું ફરે છે તે સ્વયં તેના કારણે, આંગળીથી નહિ; રોટલી સ્વયં વણાય છે, વેલણથી નહિ; દુકાનમાં પૈસાની લેવડ-દેવડ પુદ્ગલો સ્વતંત્રપણે સ્વયં કરે છે, જીવની ઇચ્છાથી નહિ; કેમ કે જગતનું દરેક દ્રવ્ય, અરે! એકે એક પુદ્ગલપરમાણુ પોતાની પર્યાય કરવામાં સંપૂર્ણ સ્વતંત્ર છે. જીવ ખાવું-પીવું, ચાલવું, બોલવું, ગાવું વગેરે પુદ્ગલની ક્રિયા કરી શકે તે વાત ત્રણ કાળ ને ત્રણ લોકમાં સત્ય નથી. અહા! આવી વાતો છે; કેટલાકને આ વાત પાગલ જેવી લાગે; ભાઈ! દુનિયા મોહ ને અજ્ઞાનથી પાગલ છે, તેને જ્ઞાનીની વાત પાગલ જેવી જ લાગે ને? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે — જગતનું દરેક દ્રવ્ય પોતાની ક્રિયા કરવામાં સંપૂર્ણ સ્વતંત્ર છે, તેમાં બીજા અન્ય કોઈ દ્રવ્યની ઘાલમેલ ચાલતી નથી.

**'પોતે જાણનારો છે, જ્ઞાયક છે.'**

ભગવાન આત્મા પોતે સ્વભાવથી જ જાણનારો છે, જ્ઞાયક છે. શરીર, ઇંદ્રિયો, મગજ વગેરે સ્વયં માટીની માફક જડ છે. તેઓ કાંઈ જાણતાં નથી. આત્મામાં જાણવાની ક્રિયા પોતાથી થાય છે, ઇંદ્રિયો વગેરેથી નહિ.

**'પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી, પરમાંથી કાંઈ આવતું નથી.'**

આત્માનું સ્વપર-પ્રકાશક જ્ઞાન પરપદાર્થને જાણતાં તેમાં ચાલ્યું જતું નથી; જ્ઞાન પોતે પોતાના ક્ષેત્રમાં રહીને પરપદાર્થને જાણી લે છે. જાણવા માટે જ્ઞાન જેમ પર-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પદાર્થમાં જતું નથી, તેમ પરમાંથી જ્ઞાનમાં કાંઈ આવતું પણ નથી. મારું જ્ઞાન બધે ફરી વળે છે — તેનો અર્થ એવો નથી કે જ્ઞાન આત્મામાંથી બહાર નીકળીને જ્ઞેયભૂત પદાર્થોમાં પેસી જાય છે, જ્ઞાન તો જ્ઞાનમાં જ — આત્મામાં જ રહે છે; અને જ્ઞેયનું પણ કાંઈ — દ્રવ્ય, ગુણ કે પર્યાય — જ્ઞાનમાં આવતું નથી. આત્મા અને જગતના પદાર્થ સ્વયંસિદ્ધ સ્વતંત્ર પદાર્થ છે, સૌ પોતપોતાની પર્યાયપણે સ્વયં પરિણમે છે. આત્મા અને જગતને માત્ર જાણનાર અને જણાનાર — એવો વ્યવહારે સંબંધ છે.

**'આ સમજવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બાહ્ય નિમિત્તો હોય છે, પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું જે પ્રગટે છે, તે પોતામાંથી જ પ્રગટે છે.'**

ક્ષુધાતૃષાદિ અઢાર દોષ રહિત સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા તે દેવ, શુદ્ધાત્મજ્ઞાની, પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનવર્તી નિર્ગ્રંથ, જ્ઞાનધ્યાનરત મુનિવર તે ગુરુ અને સર્વજ્ઞ પરમાત્માની વાણી તે શાસ્ત્ર; એ ત્રણે મોક્ષમાર્ગ સમજવામાં નિમિત્ત છે, પરંતુ મોક્ષ-માર્ગ પ્રગટ કરવાનું તથા તેમાં પ્રવર્તવાનું કામ તો પોતે જ કરવાનું છે.

દિગંબર જૈન સંપ્રદાયમાં પર્યુષણપ્રસંગે શ્રી ઉમાસ્વામી-આચાર્યદેવ-પ્રણીત તત્ત્વાર્થસૂત્ર વંચાય છે. તેમાં પહેલું સૂત્ર 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' છે. સમ્યગ્દર્શન મોક્ષમહેલનું પ્રથમ સોપાન છે. તે પોતાના દ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે, દેવ-શાસ્ત્ર-ગુરુના લક્ષે નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુ બાહ્ય નિમિત્ત હોવા છતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું પોતામાંથી જ, પોતાના ત્રિકાળશુદ્ધ દ્રવ્યસ્વભાવના આશ્રયે જ પ્રગટ થાય છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ સાધકભાવ દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બાહ્ય નિમિત્તથી તો નહિ, પણ વ્યવહાર-રત્નત્રયના શુભ રાગથી પણ પ્રગટ થતો નથી.

પ્રશ્ન :— વ્યવહાર-રત્નત્રયને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે ને!

ઉત્તર :— દેવાદિની શ્રદ્ધા, આગમનું જ્ઞાન અને મહાવ્રતાદિનું પાલન — એ વ્યવહાર-રત્નત્રયનો શુભ રાગ આસ્રવભાવ છે ને બંધનું કારણ છે, તેને ખરેખર મોક્ષ-માર્ગ કેમ કહેવાય? પરંતુ આત્માશ્રિત વર્તતી શુદ્ધ પરિણતિરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ સાથે, નીચલી ભૂમિકામાં, એવા વિકલ્પો આવતા હોવાથી વ્યવહારે તેમને મોક્ષમાર્ગ કહેવાય છે. નિશ્ચયથી તો વ્યવહાર-રત્નત્રયના વિકલ્પો બંધમાર્ગ નથી. અહા! આકરી વાત છે ભાઈ! વાત તો પોતાના ઘરની છે માટે 'સહેલી' છે, પરંતુ અભ્યાસ નથી એટલે 'કઠણ' કહેવામાં આવે; શાસ્ત્રમાં 'બોધિદુર્લભ ભાવના' કહી છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'એ મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે.'**

જીવાદિ નવ વિશેષ તત્ત્વોમાં મૂળતત્ત્વ — ભૂતાર્થતત્ત્વ — આશ્રય કરવાયોગ્ય તત્ત્વ જે પોતાનો ત્રિકાળશુદ્ધ જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ મહા પદાર્થ તેને ઓળખવો, જાણવો અને અનુભવવો તે જ મુખ્ય કર્તવ્ય છે. અહા! આવી વાત છે. અત્યારે શ્રી સીમંધરભગવાન સમવસરણમાં ગણધરો, ઇન્દ્રો અને નરેન્દ્રો સમક્ષ આ વાત કહે છે. બે હજાર વર્ષ પહેલાં વિક્રમ સંવતના પ્રારંભમાં — સંવત ૪૯માં — દિગંબર સંત શ્રી કુંદકુંદાચાર્યદેવ ત્યાં ગયા હતા, આઠ દિવસ રહી ત્યાંથી આવીને આ સમયસાર, પ્રવચનસાર વગેરે શાસ્ત્રો બનાવ્યાં. તે આ વાણી છે; જગતને આકરી પડે, પણ શું થાય?

છ દ્રવ્ય, પંચાસ્તિકાય ને નવ તત્ત્વમાં — બધામાં 'જીવ' પહેલાં લીધો છે, કેમ કે તેમાં જાણવાનો સ્વભાવ હોવાથી બધામાં તે મુખ્ય છે. તેનો જાણવાનો સ્વભાવ પરથી ને પરમાં નથી, પોતાથી ને પોતામાં છે. બીજાં જે પાંચ દ્રવ્યો છે તેઓ પોતાને કે પરને જાણતાં નથી, તેમનામાં જાણવાનો સ્વભાવ જ નથી; માટે તેઓ જડ છે. આ બધું સમજીને શ્રદ્ધા ને જ્ઞાનના આશ્રયભૂત મૂળ જ્ઞાયકતત્ત્વને ઓળખવું તે જ કર્તવ્ય છે.

**'બીજું બહારનું તો અનંત કાળમાં ઘણું કર્યું છે.'**

આત્મસ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન સિવાય બીજું — બાહ્ય દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ વગેરે શુભ તેમ જ કામ, ક્રોધ વગેરે અશુભ — બધું તો અનંત કાળમાં અનંત વાર કર્યું છે. તે કાંઈ અપૂર્વ નથી, અપૂર્વ તો અંતરમાં આત્માની સાધના કરવી તે છે.

**'શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો, પણ ધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે.'**

શુક્લલેશ્યાના શુભ પરિણામ કરી જીવ અનંત વાર નવમી ગ્રૈવેયકનો અહમિન્દ્ર થયો, પરંતુ આત્મજ્ઞાન વિના લેશ પણ સુખ પામ્યો નહિ. શુક્લલેશ્યા અને શુક્લધ્યાન એ બંને તદ્દન જુદી વસ્તુ છે. શુક્લધ્યાન તો સમ્યગ્દૃષ્ટિ સાધક સંતને શ્રેણીમાં હોય છે અને શુક્લલેશ્યા તો મિથ્યાદૃષ્ટિ અભવ્યને પણ હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવને જે જે શુભભાવો સંભવે છે તે તે શુભ ભાવોની બધી ક્રિયાઓ જીવે અનંત વાર કરી છે એમ અહીં કહેવું છે. તીર્થંકરનામકર્મના બંધનને યોગ્ય શુભભાવ જીવે કર્યો નથી, કેમ કે તે ભાવ સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી જ હોય છે; જોકે તે શુભભાવ પણ આસ્રવ છે, અશુચિ, સ્વભાવથી વિપરીત અને બંધનું કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માના લક્ષ વિના પંચમહાવ્રત, કલ્પવૃક્ષનાં ફૂલ-ફળથી ભગવાનની પૂજા, હીરાના દીપકથી આરતી વગેરે બહારની બધી ક્રિયા અનંત વાર કરી, પરંતુ તે ક્રિયાઓ કે શુભભાવો કાંઈ ધર્મ નથી, છતાં તે શુભભાવોમાં ધર્મ માન્યો; શ્રી સમ્મેદ-શિખર, ગિરનાર, શત્રુંજય વગેરે તીર્થોની યાત્રાઓ કરી અને તે વિવિધ શુભભાવોમાં ધર્મ માન્યો; પણ શુભભાવમાં ધર્મ માનવો તે તો મિથ્યાત્વ છે.

શુભભાવમાં ધર્મ નથી, ધર્મ તો ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વભાવના આશ્રયે થતા આત્માના શુદ્ધભાવમાં જ છે. અરે ! જેને હજુ ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક આત્મા શી ચીજ છે, કયાં છે, તેનો આશ્રય કઈ રીતે પ્રાપ્ત થાય વગેરે ખબર નથી, ધ્રુવ શુદ્ધ આત્મા ઓળખવામાં આવ્યો નથી તે જીવ શુદ્ધ જ્ઞાયકના આશ્રયથી શુદ્ધભાવરૂપ ધર્મ થાય તે વાત કયાંથી લાવે ? અનંત વાર મુનિપણાં લીધાં પરંતુ તે શુભક્રિયાનો જેટલો શુભભાવ છે તે ધર્મ નથી, ધર્મનું કારણ નથી; કેમ કે —

**‘ શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, એમાં કયાંય શાન્તિ નથી. ’**

દયા, દાન, પૂજા, ભક્તિ વગેરે શુભ ભાવ તો વિકાર છે, સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. તે શુભ ભાવ આકુળતારૂપ, દુઃખરૂપ છે, એમાં કયાંય શાન્તિ નથી. વેપારધંધામાં તો એકલું પાપ છે પણ જ્ઞાનીને જે શુભ ભાવ આવે છે તે પણ વિભાવ ને ખંડખંડ દશા છે, તેમાં કયાંય શાન્તિ નથી, નિરાકુળતા કે સુખ નથી.

**‘ જોકે શુભભાવ આવ્યા વિના રહેતા નથી તોપણ ત્યાં શાન્તિ તો નથી જ. ’**

ધર્મીને શુભભાવ આવે પણ તેમાં તે એકાગ્ર થઈ રમતો નથી. અહા ! ધર્મી તો અંદર તળમાં — જ્ઞાયકસ્વભાવમાં — રમે છે. શું કહ્યું ? વ્રત, તપ, ભક્તિ, યાત્રા ને નામસ્મરણ વગેરે શુભભાવ જોકે આવ્યા વિના રહેતા નથી તોપણ ત્યાં શાન્તિ, સમાધિ કે સુખ તો નથી જ.

**‘ શાન્તિ હોય, સુખ હોય — આનંદ હોય એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે. ’**

શુભભાવમાં શાન્તિ નથી તો શાન્તિ કયાં છે ? શાન્તિ, સુખ — આનંદ તો ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયક આત્મામાં જ છે. જે શાન્તિનો સમુદ્ર ને સુખનો — આનંદનો મહાસાગર છે એવા નિજ ત્રિકાળી ચૈતન્યતત્ત્વનો આશ્રય લે તો અંતરમાંથી શાન્તિ ને સુખ મળે. અહા ! આવી વાતો છે. લોકોને આકરી પડે, પણ શું થાય ? અંતરની વાત સમજાય નહિ એટલે લોકો ચડી ગયા બહારમાં; પણ ભાઈ ! વ્રતાદિ બધી ક્રિયામાં સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ છે અને રાગમાં તો આકુળતા છે, દુઃખ છે, એમાં ક્યાંય આત્માની સાચી શાન્તિ કે સુખ નથી. આત્મા તો અકષાયસ્વરૂપ છે અને શુભભાવ તો કષાયભાવ છે. શુભભાવ તો ચારે ગતિના જીવોને હોય છે — ક્ષણમાં અશુભ ને ક્ષણમાં શુભ; પરંતુ તે શુભભાવ કાંઈ ધર્મ નથી. અરેરે! દુનિયા વ્રત ને ઉપવાસ વગેરે શુભભાવમાં ધર્મ માને છે, પણ ભાઈ! તે ધૂળેય ધર્મ નથી.

ધર્મ કહો કે શાન્તિ, સુખ ને આનંદ કહો — એવું તત્ત્વ તો શુદ્ધ ચૈતન્ય જ છે. જ્ઞાનાનંદમૂર્તિ ત્રિકાળશુદ્ધ નિજ ચૈતન્યતત્ત્વનો આશ્રય કરવાથી જ અંતરમાં શાન્તિ, સુખ ને અનાકુળતા મળે છે.

**‘નિવૃત્તિમય ચૈતન્યપરિણતિમાં જ સુખ છે, બહારમાં ક્યાંય સુખ છે જ નહિ.’**

શુભાશુભ રાગથી રહિત નિવૃત્તિમય ચૈતન્યપરિણતિ જ સુખ છે; બહારમાં — વ્રતાદિના શુભરાગમાં — ક્યાંય કાંઈ સુખ કે શાન્તિ છે જ નહિ.

**‘માટે ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો તે જ ખરું શ્રેયરૂપ છે.’**

ચૈતન્ય જ્ઞાયક તત્ત્વમાં — આનંદસાગર આત્મામાં — અતીન્દ્રિય આનંદ છલોછલ ભર્યો છે, પણ તેના તરફ દૃષ્ટિ જાય તો તેનો મહિમા ખ્યાલમાં આવે. જ્ઞાનની પર્યાય ત્રિકાળી ધ્રુવ સ્વભાવ તરફ — જ્ઞાયકતત્ત્વ તરફ — ઝૂકે તો તેની ખબર પડે. આવા જ્ઞાનાનંદમય ચૈતન્યતત્ત્વની યથાર્થ ઓળખાણ કરી તેમાં સ્થિર થવાનો ઉદ્યમ કરવો. જ્ઞાયક ધ્રુવ સ્વભાવને જાણીને તેમાં ઠરી જવાનો પ્રયત્ન કરવો તે જ ખરું કલ્યાણ-સ્વરૂપ છે, શ્રેયરૂપ છે. અહા! ભગવાન આત્માનું યથાર્થ જ્ઞાન કરીને તેમાં ઠરી જવું તે શ્રેયરૂપ છે.

**‘તે એક જ મનુષ્યજીવનમાં કરવાયોગ્ય — હિતરૂપ — કલ્યાણરૂપ છે.’**

જ્ઞાયકસ્વભાવી ભગવાન આત્માને ઓળખી — જાણીને તેમાં ઠરી જવું તે એક જ આ દુર્લભ મનુષ્યભવનું કર્તવ્ય છે. તે જ હિત ને પરમ કલ્યાણસ્વરૂપ છે. તે સિવાય બીજું કાંઈ જગતમાં કલ્યાણ કે હિતસ્વરૂપ છે જ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૪૭

તા. ૧૧-૧૧-૭૮

## વચનામૃત — ૩૭૬

પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે. આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમપારિણામિકભાવનું આલંબન. જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું — વ્યક્ત થતી વિભૂતિઓનું — વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી — તેના ઉપર જોર હોતું નથી. જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે. ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે. સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે. માટે બધું છોડી, એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે — અખંડ પરમપારિણામિકભાવ પ્રત્યે — દૃષ્ટિ કર, તેના ઉપર જ નિરંતર જોર રાખ, તેના જ તરફ ઉપયોગ વળે તેમ કર. ૩૭૬.

**'પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે.'**

આ બોલમાં બહુ સાર સાર આવ્યું છે. આત્મદ્રવ્ય જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય આદિ અનંત પૂર્ણ ગુણોથી અભેદ એવો અખંડ પરિપૂર્ણ અમૂર્તિક મહા પદાર્થ છે. તેના જ્ઞાનાદિ ગુણો પૂર્ણ સામર્થ્યવાળા છે, કેમ કે સ્વભાવ હંમેશાં સીમા રહિત— અસીમ જ હોય. વળી વસ્તુને અનંત ગુણાત્મક કહી, તેથી ત્યાં અંદર અનંત ગુણો

કાંઈ જુદા જુદા નથી; અનંત ગુણોનો અખંડ — અભેદ એક પિંડ તે જ વસ્તુ છે. સામર્થ્યની વધઘટ તો માત્ર પર્યાયમાં હોય છે, ગુણો તો સદાય — જીવ સિદ્ધમાં હો કે નિગોદમાં હો — પરિપૂર્ણ સામર્થ્યવાળા છે. આવા જ્ઞાનાદિ પૂર્ણ ગુણોથી અભેદ એવા નિજ પૂર્ણ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, અનાદિ-અનંત એવા નિજ જ્ઞાયકપ્રભુના પૂર્ણ આલંબનથી, ભગવાન આત્માને પર્યાયમાં પૂર્ણતા — પરમાત્મદશા — પ્રગટ થાય છે. અહા! ભાષા તો ઘણી સાદી છે — ગુજરાતી. એક વાકયમાં કેટલું સમાડી દીધું છે? તેમાં ત્રણ વાર 'પૂર્ણ' શબ્દ આવ્યો છે: (૧) 'પૂર્ણ' ગુણોથી અભેદ, ઊંધી, ઊણી કે પૂરી પર્યાયોથી અભેદ — એમ નહિ; (૨) 'પૂર્ણ' આત્મદ્રવ્ય એટલે કે અનંત ગુણોથી પરિપૂર્ણ, એક પણ ગુણ ઓછો નહિ; (૩) 'પૂર્ણતા' પ્રગટ થાય છે એટલે કે પૂર્ણ ગુણોથી અભેદ એવા નિજ પૂર્ણ આત્મદ્રવ્યનું પૂરેપૂરું આલંબન લેવાથી પર્યાયમાં પણ પૂર્ણતા પ્રગટ થાય છે — કેવળજ્ઞાન ને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. અહા! આ તો મૂળ વાત છે. અન્યમતીઓ પણ વાંચીને ખુશ થાય એવી આ (વચનામૃત-પુસ્તક) ચીજ છે.

**'આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમપારિણામિકભાવનું આલંબન.'**

ઉપર એમ કહ્યું કે 'પૂર્ણ ગુણોથી અભેદ એવું પૂર્ણ આત્મદ્રવ્ય.' પરંતુ તે શી ચીજ છે? તે હવે કહે છે: જે પૂર્ણ આત્મદ્રવ્ય છે તે જ અખંડ એક પરમપારિણામિકભાવ છે; તેને અખંડ દ્રવ્ય કહો, દ્રવ્યસામાન્ય કહો, ધ્રુવ કહો કે જ્ઞાયક કહો — બધું એક જ છે. તે શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું જ આલંબન લેવાથી સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીની બધી નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે.

**'જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક પર્યાયોનું — વ્યક્ત થતી વિભૂતિઓનું — વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી — તેના ઉપર જોર હોતું નથી.'**

ધર્મી જીવને અખંડ એક ત્રિકાળશુદ્ધ જ્ઞાયક પરમપારિણામિકભાવસ્વરૂપ દ્રવ્યસ્વભાવના આલંબનથી જે શ્રદ્ધા ને ચારિત્રગુણની ઔપશમિક, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ને વીર્યની ક્ષાયોપશમિક અને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ને વીર્ય વગેરેની ક્ષાયિક પર્યાયો પ્રગટ થાય છે — પર્યાયમાં નિર્મળતારૂપી વિભૂતિઓ વ્યક્ત થાય છે — તેમનું વેદન, અનુભવન ને રસાસ્વાદન હોય છે પણ તે નિર્મળ પર્યાયોરૂપ વિભૂતિઓનું આલંબન હોતું નથી, તેમનો આશ્રય કે તેમના ઉપર જોર હોતું નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલાં એમ કહ્યું કે પૂર્ણ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણ પર્યાય — મોક્ષપર્યાય — પ્રગટ થાય છે; હવે કહે છે કે ઔપશમિક અને ક્ષાયોપશમિકભાવે પ્રગટતી સાધકભાવની નિર્મળતાઓ પણ તે જ ધ્રુવ પૂર્ણ આત્મદ્રવ્યના આલંબને જ પ્રગટ થાય છે. જ્ઞાનીને તે નિર્મળ પર્યાયોનું વેદન હોય, તેમનું આલંબન કે તેમના ઉપર આશ્રયપણાનું જોર ન હોય. અહા! આવી વાત છે. પૂર્ણપ્રગટ એવી ક્ષાયિક પર્યાય અને અપૂર્ણ પ્રગટ એવી ક્ષાયોપશમિક પર્યાય તથા ઔપશમિક પર્યાય — પૂરી ને અધૂરી દશા બંને — વેદનમાં આવે પણ તે વેદનની પર્યાયનું આલંબન ધર્મીને ન હોય. જ્ઞાનીને દ્રવ્યનું આલંબન હોય ને પર્યાયનું વેદન હોય, દ્રવ્યનું વેદન ન હોય ને પર્યાયનું આલંબન ન હોય. દ્રવ્યનું વેદન હોતું નથી, કેમ કે દ્રવ્ય અર્થાત્ શુદ્ધ દ્રવ્યત્વ-સામાન્ય તો ધ્રુવ ને અપરિણામી છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્યના આલંબનથી ઔપશમિકાદિ ત્રણ પ્રકારની નિર્મળતા જે પ્રગટ થાય છે તેનું વેદન હોય છે, ધ્રુવ દ્રવ્યનું વેદન હોતું નથી. અરે! સંપ્રદાયમાં આવી વાતો ચાલતી જ નથી, અત્યારે તો માર્ગ આખો ફરી ગયો છે. સર્વજ્ઞ ભગવાનનું એવું ફરમાન છે — અનંત ગુણોનો પિંડ અને સહજ જ્ઞાયકસ્વરૂપ એવી જે તારી ચીજ તે કોઈ એવી અદ્ભુત છે કે તેના આલંબનથી પર્યાયમાં સહજ ઔપશમિકાદિ નિર્મળતા પ્રગટે છે; પરંતુ વેદન પર્યાયનું હોય છે, આલંબનભૂત દ્રવ્યત્વસામાન્યનું નહિ.

ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન ચારિત્ર, શાન્તિ, આનંદ વગેરે ગુણોની જે નિર્મળ પર્યાય થાય તેના વેદનની અહીં વાત ચાલે છે. રાગનું પણ વેદન હોય છે, પણ તેની અહીં વાત નથી. શક્તિના આલંબને જે વ્યક્ત થાય તેના વેદનની વાત છે, રાગ કાંઈ શક્તિના — ગુણસ્વભાવના — આલંબને પ્રગટતો નથી, તે તો પરલક્ષે કે પરવશે થયેલી વિકૃતિ છે. ઔપશમિકાદિ ભાવ તો દ્રવ્યના આશ્રયે થયેલી નિર્મળ વ્યક્ત દશા છે અને પુણ્ય-પાપનો જે વિકાર તે કાંઈ દ્રવ્યત્વસામાન્ય કે ગુણના આશ્રયે થતો નથી; એ તો પર્યાયમાં કર્માદિ નિમિત્તને આધીન થયેલી વિકારી દશા છે. તેના વેદનની અહીં વાત નથી.

પર્યાયનું વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી — તેના ઉપર જોર હોતું નથી. પર્યાય, હાલત, અવસ્થા, પરિણામ ને દશા — એ બધા એકાર્થવાચક શબ્દો છે. તે દશાના બે પ્રકાર છે: ધર્મ ને અધર્મ. ઔપશમિકાદિ શુદ્ધ દશા ધર્મ છે અને મિથ્યાત્વ, રાગ દ્વેષ, પુણ્ય-પાપ, વ્રત-અવ્રત ને કામ-ક્રોધાદિ અશુદ્ધ દશા અધર્મ છે. અધર્મદશા નિમિત્તના વશે ઉત્પન્ન થાય છે અને ઔપશમિકાદિ ધર્મરૂપ દશા સ્વના વશે — ધ્રુવ સ્વભાવના આલંબને — ઉત્પન્ન થાય છે. અહા! ભાષા તો ઘણી સાદી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે પણ ભાવ ઘણા ઊંડા છે. અનંત કાળમાં પૂર્વે નહિ સાંભળેલી એવી અપૂર્વ વાત છે, કદાચિત્ સાંભળવામાં આવી તો કાનસોંસરી કાઢી નાખી કે — આ તો નિશ્ચયની વાત છે. ભાઈ! નિશ્ચયની જે વાત છે તે જ યથાર્થ ને ઉપાદેય કરવા યોગ્ય છે, વ્યવહારની વાત યથાર્થ ને ઉપાદેય કરવા યોગ્ય નથી. ધર્મીને પણ નિમિત્તાધીન જે વિકારી પર્યાય છે તેનું વેદન છે પણ તે દુઃખરૂપ વેદન છે, અને જેટલું ત્રિકાળી જ્ઞાયકસ્વભાવના આલંબને પ્રગટેલું નિર્મળ વેદન છે તે સુખરૂપ વેદન છે. અહા! ભારે વાત! શું કહ્યું તે સમજમાં આવ્યું? જ્ઞાનીને વ્યક્ત થતી વિભૂતિઓનું — નિર્મળ પર્યાયોનું — વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી — તેના ઉપર આશ્રય તરીકેનું જોર - વજન હોતું નથી.

**'જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે.'**

જ્ઞાનાદિ પૂર્ણ ગુણોથી અભેદ, અખંડ, એક, પરમપારિણામિકભાવસ્વરૂપ નિજ શુદ્ધ દ્રવ્યત્વસામાન્ય ઉપર જ જ્ઞાનીને જોર હોય છે. નિયમસારમાં કહ્યું છે ને કે ઔદયિકાદિ ચાર ભાવ વિભાવભાવ છે! ઔદયિકભાવ તો વિભાવ છે જ, પણ ક્ષાયિકભાવને પણ વિભાવભાવ કહ્યો છે. શા માટે? ક્ષાયિકભાવમાં પણ કર્મના અભાવની અપેક્ષા હોવાથી, તે સહજ પારિણામિકભાવ નથી, વિશેષ ભાવ છે. વિશેષ ભાવ હોવાથી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક — એ ત્રણે ભાવોને વિભાવભાવ કહેવામાં આવે છે. વિશેષ અવસ્થા પ્રત્યે આલંબનનું જોર ન હોય, જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય.

દૃષ્ટિ અર્થાત્ નજર છે તો પર્યાય, પણ જેને નજરમાં લીધું છે તે તો દ્રવ્ય અર્થાત્ ભૂતાર્થ ત્રિકાળી પરમભાવ છે. પર્યાયે જ્યારે તેને નજરમાં લીધું ત્યારે પર્યાયમાં ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવની વ્યક્તતા થઈ. અહા! આવો માર્ગ છે. સમ્યગ્દૃષ્ટિને સદાય અખંડ એક શુદ્ધ દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ હોય છે, આશ્રય, આલંબન કે જોર ભૂતાર્થસ્વરૂપ પરમપારિણામિકભાવનું એટલે કે પૂર્ણ ગુણોથી અભેદ એવા નિજ અખંડ દ્રવ્યસ્વભાવનું જ હોય છે, ક્ષાયિક પર્યાયનું પણ નહિ. અહા! આવી વાતો? આવો ઉપદેશ કયાંથી કાઢયો? આવું તો અમે કયાંય સાંભળ્યું નહોતું. અરે ભાઈ! અનાદિનો માર્ગ આ છે, મહાવિદેહક્ષેત્રમાં પ્રભુ પાસે આ માર્ગ વર્તે છે. આ તો બહેન (બહેનશ્રી ચંપાબેન) રાતે દીકરિયુંમાં અનુભવસિદ્ધ વાતો કરતાં હતાં તે લખાણમાં આવી ગયું બહાર.

દ્રવ્યના આલંબને જે નિર્મળ પર્યાય પ્રગટી તેના પર જોર ન દેવું કે 'જો આવું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીશ તો તેના ( પર્યાયના ) આશ્રયથી ધર્મમાં આગળ વધીશ.' અરેરે! ધર્મના નામે પણ વિકારનો આધાર, અવલંબ ને અભ્યાસ! પણ વિકાર વિનાની અંતરમાં ત્રિકાળી ભૂતાર્થ ચીજ શી છે તેની ખબર ન મળે! અહા! આવી વાત ભાગ્યશાળીને કાને પડે, બાપા! શું થાય? મહાવિદેહમાં સર્વજ્ઞપ્રભુ શ્રી સીમંધરભગવાન સાક્ષાત્ બિરાજે છે, તેમની આ વાણી છે. બહેન પણ ત્યાં સાંભળવા જતાં હતાં; બહેન શેઠના દીકરા હતા. તે એમ કહે છે કે ભગવાને તો એવું કહ્યું છે — પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ આત્મા જે છે તે શાશ્વત વસ્તુ છે, પદાર્થ છે, તત્ત્વ છે, હયાતીવાળી ચીજ છે. તે સ્વભાવથી જ શુદ્ધ અને પરિપૂર્ણ છે, પર્યાયમાં જે અશુદ્ધતા અને અપૂર્ણતા છે તે તેનો સ્વભાવ નથી. સ્વભાવના આલંબને જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તેનું આત્માને વેદન હોય છે, પણ આલંબન નહિ. માટે અધૂરી કે પૂરી કોઈ પર્યાય પર જોર ન આપવું, ત્રિકાળ-શુદ્ધ દ્રવ્યત્વસામાન્ય ઉપર જ જોર આપવું.

ભગવાન આત્મામાં જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણો છે; તેની સત્તા તો અનાદિ-અનંત રહેવાવાળી છે. અરેરે! આવી અદ્ભુત ચીજનો આશ્રય ન લીધો અને બહારમાં — પર્યાયના પ્રેમમાં — જિંદગી ગુમાવી, પ્રભુ! ક્યાં જઈશ? ચાર ગતિ ને ચોરાશીના અવતારમાં જ્યાં ત્યાં રખડશે. કરોડપતિ મરીને ભૂંડમાં, કાગડામાં, કીડીમાં કે નરકાદિમાં જાય. માંસ ખાવાના તીવ્ર સંક્લેશ પરિણામ હોય તે નરકે જાય. વાણિયા માંસ ન ખાય. અહીં તો દ્રવ્યસ્વભાવના આલંબન ને જોર વડે ભવનો અભાવ કરવાની વાત છે.

**'ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે.**

સમ્યક્ત્વ, ચારિત્ર વગેરેના ક્ષાયિકભાવનો પણ આશ્રય, આલંબન કે આધાર ન લેવાય કેમ કે તે ક્ષાયિકભાવ પણ નિર્મળ પર્યાય છે, આત્માનો વિશેષભાવ છે, સામાન્ય દ્રવ્યસ્વભાવ નહિ. પલટતી પર્યાય તે વિશેષભાવ છે અને ટકતું દ્રવ્ય તે સામાન્યભાવ છે. વિશેષ વિના સામાન્ય કદી હોતું નથી, તોપણ આલંબન તો સામાન્યનું જ લેવાય, વિશેષનું નહિ. વિશેષ પોતાનું હો કે પરનું હો — કોઈ પણ વિશેષ પોતપોતાના સામાન્ય વિના હોતું નથી. ક્ષાયિક સમ્યક્ત્વ હો કે કેવળજ્ઞાન હો, પણ તે વિશેષભાવ છે, સામાન્યભાવ નહિ. ત્રિકાળ એકરૂપ રહેનારું વસ્તુનું સદૃશ સ્વરૂપ તે સામાન્ય છે અને આ જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે વસ્તુની પલટતી પર્યાય છે તે વિશેષ છે. સામાન્ય ને વિશેષ — બંને થઈને વસ્તુનું આખું સ્વરૂપ છે. જીવ વગેરે બધા પદાર્થોમાં પર્યાયરૂપ વિશેષ છે તે પરના કારણે નથી પણ સામાન્યની જેમ વિશેષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ વસ્તુગત સ્વભાવ છે. નયદૃષ્ટિથી વસ્તુ સામાન્ય કે વિશેષપણે અંશાત્મક દેખાય છે, અને પ્રમાણદૃષ્ટિથી તે જ વસ્તુ ઉભયાત્મક દેખાય છે. અરે! જીવોને આ વાત સાંભળવામાં પણ આવી નથી, સાંભળવામાં આવે તો વિચારમાં આવે, વિચારમાં આવે તો અંતર્મુખ પુરુષાર્થ કરે, પણ જ્યાં હજુ અંદરની ચીજ સાંભળી જ નથી ત્યાં અંતરમાં જાય ક્યાંથી? અહીં કહે છે કે સ્વભાવનો પૂર્ણ આશ્રય લેતાં જે ક્ષાયિકભાવરૂપ પૂરી પર્યાય પ્રગટે છે તેનું પણ આલંબન ન લેવાય, કારણ કે તે તો વિશેષભાવ છે. વિશેષના આશ્રયે રાગનો વિકલ્પ ઊઠે, શુદ્ધિ પ્રગટે નહિ. જ્યાં ક્ષાયિક-ભાવનું પણ આલંબન લેવા યોગ્ય નથી ત્યાં વ્રતાદિ ઔદયિકભાવના આલંબનની વાતો તો ક્યાંય રહી ગઈ. તેની તો અહીં વાત જ નથી.

ત્રિકાળી દ્રવ્યસ્વભાવના આશ્રયે જ સાધનાની નવી પર્યાય પ્રગટ થાય; વ્યવહાર-રત્નત્રયના શુભ રાગથી તો નહિ, પણ પૂર્વની નિર્મળ પર્યાયથી પણ નવી પર્યાય થાય એમ પણ નથી. નિયમસારમાં ક્ષાયિકભાવને પણ વિભાવભાવ કહ્યો છે. અહીં વિભાવ-ભાવનો અર્થ મલિનભાવ નહિ પણ વિશેષભાવ છે. શુદ્ધ દ્રવ્ય છે તે અખંડ સામાન્ય છે અને પર્યાય છે તે વિશેષ છે. વિશેષભાવ તો ઔપશમિક ને ક્ષાયોપશમિક ભાવ પણ છે, પણ અહીં ક્ષાયિકભાવની વાત ચાલે છે.

અંદર સ્વભાવની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય, અંતરમાં વિશેષ સ્થિરતા અને બહારમાં સહજ નગ્ન દશા થતાં તુરત જ ધ્યાનમાં સપ્તમ ગુણસ્થાન આવે, અંદરમાં પૂર્ણ સ્થિરતા થતાં કેવળજ્ઞાન પ્રગટે;—એવી પૂર્ણ પર્યાયનું વેદન પ્રગટે છતાં તેનું આલંબન ન હોય. શું કહ્યું? અરે! ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય, કેમ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે.

**‘સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે.’**

પેરેગ્રાફ બહુ સરસ આવ્યો છે. જેને અખંડ, પૂર્ણ ગુણોથી અભેદ એવું પૂર્ણ આત્મદ્રવ્ય ને પરમપારિણામિકભાવ કહ્યો હતો તેને જ અહીં ‘સામાન્ય’ કહ્યું છે. તે શુદ્ધાત્મદ્રવ્યસામાન્યના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ શુદ્ધ વિશેષ પ્રગટે છે, કોઈ નિમિત્ત, વ્યવહાર કે પર્યાયના આશ્રયે નહિ.

પ્રશ્ન:—આમાં ‘એકાન્ત’ ન થઈ જાય?

ઉત્તર:—ભાઈ! આ ‘સમ્યક્ એકાન્ત’ જ ખરો ‘અનેકાન્ત’ છે. કથંચિત્ સામાન્યના આશ્રયે ને કથંચિત્ નિમિત્ત, વ્યવહાર કે પર્યાયના આશ્રયે શુદ્ધ વિશેષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટે એવો 'અનેકાન્ત' નથી. આશ્રય ને આલંબન તો હંમેશાં એકમાત્ર 'ભૂતાર્થ'નું જ—સામાન્યનું જ હોય. ભૂતાર્થસ્વરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યના આશ્રયે જ મોક્ષમાર્ગસ્વરૂપ શુદ્ધ વિશેષ પ્રગટે અને દેવ-ગુરુ આદિ નિમિત્ત, વ્રતાદિ વ્યવહાર ને ઔપશમિક આદિ નિર્મળ પર્યાયના આશ્રયે—અરે! ગુણગુણી-ભેદના આશ્રયે પણ—સમ્યગ્દર્શન આદિ શુદ્ધ વિશેષ ન પ્રગટે—એ જ ખરો 'અનેકાન્ત' છે. સામાન્ય દ્રવ્યસ્વભાવના આશ્રયે જ ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક ભાવસ્વરૂપ શુદ્ધ વિશેષ પ્રગટે—એ જ ખરો 'સમ્યક્ એકાન્ત'રૂપ વીતરાગ માર્ગ છે. અહા! આ ફકરામાં તો અમૃત રેડયાં છે!

ધર્મરૂપ શુદ્ધ વિશેષ પ્રગટે કયાંથી?—કે સામાન્ય દ્રવ્યસ્વભાવના આશ્રયે. અહા! ત્રણ લોકના નાથનો—જિનેન્દ્રદેવનો—જે પોકાર છે તે આ વાણી છે. અત્યારે તો આ વાત સાંભળવા મળવી પણ મુશ્કેલ છે. પ્રભુ! તું કોણ છો? કેટલો છો? તારું સામાન્ય સ્વરૂપ શું છે?—તો કહે છે કે તું અંદર અનંત અનંત પૂર્ણ ગુણોથી ભરેલું અભેદ એક અખંડ દ્રવ્ય છો. તે અખંડ દ્રવ્યને જ ઔપશમિકાદિ પર્યાય વિનાનો અખંડ પરમપારિણામિકભાવ અર્થાત્ જ્ઞાયકભાવ કહ્યો છે. તે જ્ઞાયક-ભાવસ્વરૂપ દ્રવ્યસામાન્યના આશ્રયે જ ઔપશમિક, ક્ષાયોપશમિકાદિ મોક્ષમાર્ગરૂપ શુદ્ધ વિશેષ પ્રગટ થાય છે.

ત્રિલોકીનાથ જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે અહીં બહેન (ચંપાબેન) કહી રહ્યાં છે કે—પ્રભુ! તું શરીર, વાણી, મન ને કર્મથી તદ્દન ભિન્ન છો, અંદર દયા, દાન, વ્રત ને તપના જે શુભભાવ થાય છે તે વિભાવભાવથી પણ તારો સ્વભાવ, તારી મૂળ ચીજ, તારું શુદ્ધ અસ્તિત્વ ભિન્ન છે. પરથી અને વિભાવથી ભિન્ન ત્રિકાળ-શુદ્ધ જ્ઞાયકભાવસ્વરૂપ જે તારું 'સામાન્ય' તેના આશ્રયે ધર્મપર્યાયરૂપ શુદ્ધ 'વિશેષ' પ્રગટે છે, કોઈ નિમિત્ત, દયા-દાનાદિ વિભાવના આશ્રયે તો નહિ જ, પણ 'સામાન્ય'ના આશ્રયે પ્રગટનારા શુદ્ધ વિશેષના આશ્રયે પણ નવું શુદ્ધ વિશેષ પ્રગટતું નથી. અહા! આ વાત ભગવાન પરમેશ્વર ગણધરો, મુનિઓ, ઇંદ્રો અને નરેન્દ્રો સમક્ષ કહેતા હતા. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા પણ જે કહે છે તે આ વાત છે. જિનેશ્વરદેવે કહેલ માર્ગમાં રહેલાને પણ આ અધ્યાત્મતત્ત્વની કાંઈ ખબર ન મળે; શું થાય! ખરેખર શ્રી જિનેશ્વરદેવે કહેલો એવો માર્ગ બીજે કયાંય છે જ નહિ.

જેનો કોઈ પાર નથી એવા સહજ જ્ઞાન, સહજ આનંદ, સહજ શાન્તિ આદિ અનંત અનંત પરિપૂર્ણ ગુણોથી અભેદ એકરૂપ એવું જે નિજ શુદ્ધાત્મદ્રવ્ય તે 'સામાન્ય' છે, અને તેના આશ્રયે ધર્મની વિશેષ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને કેવળજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરે પ્રગટે છે. તે વિશેષ પર્યાયનું વેદન હોય છે પણ તેના અવલંબને નવી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. દ્રવ્યત્વસામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવ જ્ઞાયકના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે. નિર્મળ પર્યાયનું પ્રગટવું, રહેવું ને વધવું — બધું ત્રિકાળશુદ્ધ દ્રવ્યસામાન્યના આશ્રયે જ થાય છે. અહા! માર્ગ આ છે ભાઈ! આ વિના બધા ચાર ગતિમાં રખડી મરશે. લાખો-કરોડો રૂપિયાનાં દાન કરે, જીવોની દયા પાળે, પણ એ કાંઈ મૂળ ચીજ નથી, રાગની ક્રિયા છે, ધર્મ નથી. તો ધર્મની પર્યાય કેમ પ્રગટે? — ધ્રુવ સામાન્યના આશ્રયે.

પ્રશ્ન :— તો શું વ્રત, ભક્તિ, તીર્થયાત્રા વગેરે ધર્મની ક્રિયા નથી?

ઉત્તર :— ભાઈ! ધર્મની ક્રિયા તો અંતરમાં જે શુદ્ધતા, પવિત્રતા ને આનંદના વેદનની દશા પ્રગટે તેને કહે છે. ધર્મની ક્રિયા બહારમાં કે બહારનાં સાધનથી થતી નથી પણ આત્મામાં ને આત્માથી થાય છે, ત્રિકાળી 'સામાન્ય'ના આલંબને થાય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકના આશ્રયે જ ધર્મની પર્યાય થાય છે. અરે! હજી દ્રવ્ય શું, ગુણ શું ને પર્યાય શું — એનાં નામની પણ ખબર ન મળે, ત્યાં તેના સ્વરૂપની સમજણ ક્યાંથી લાવે? પૂર્ણ ગુણોથી અભેદ એવું પૂર્ણ આત્મદ્રવ્ય તે ધર્મી, તેના ત્રિકાળી ધ્રુવ ગુણો તે ધર્મો અને તે પૂર્ણ ગુણધર્મોથી અભેદ એવા નિજ આત્મદ્રવ્ય-સામાન્યના આલંબને જે નિર્મળતા પ્રગટી તે ધર્મની પર્યાય. અહા! આમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય આવી ગયાં.

આવી વાત સાંભળવા મળે નહિ એટલે પોતાની દૃષ્ટિથી ચલાવ્યે જાય. વ્રત, તપ ને જાત્રા જાણે ધર્મ હોય એમ તેમાં મંડી પડે, પણ તેમાં ધૂળેય ધર્મ નથી; કષાય પાતળો પાડ્યો હોય તો શુભ રાગ છે, પુણ્ય છે. તેને પુણ્ય તો વ્યવહારે કહેવાય છે, ખરેખર તો આત્મસ્વભાવના આશ્રયે પ્રગટેલી પવિત્રતા તે જ નિશ્ચયથી પુણ્ય છે. શુભભાવ પણ રાગ છે અને જે રાગ છે તે, શુદ્ધત્વસ્વરૂપથી પતિત થવારૂપ ભાવ છે માટે, પરમાર્થે પાપ છે. અહા! આકરી વાત છે પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે અમને જે કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયરૂપ પર્યાય પ્રગટ થઈ, તે વિશેષ પર્યાય થઈ ક્યાંથી? ત્રિકાળી દ્રવ્યસ્વભાવના આલંબને થઈ છે.

હજુ તો 'દ્રવ્ય' એટલે શું — એ પણ ખબર ન મળે. દ્રવ્ય એટલે શું પૈસા હશે? ભાઈ! પૈસાની અહીં વાત નથી; અહીં તો 'દ્રવ્ય' એટલે સમસ્ત પર્યાયોથી રહિત અને પૂર્ણ અનંત ગુણોથી અભેદ એવી પૂર્ણ શુદ્ધ આત્મવસ્તુ છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી શુદ્ધતાની શરૂઆત, વૃદ્ધિ ને પૂર્ણતા થાય છે;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! આવી વાત છે, ન સમજે તેને પાગલ જેવી લાગે. સમાજમાં તો એકદમ હોહા ને હરીફાઈ ચાલતાં હોય કે—આ કરું ને તે કરું. ભાઈ! 'કરું, કરું'માં તો રાગ છે અને રાગનું 'કરવું' તે તો ચૈતન્યનું 'મરવું'—ભાવમરણ છે. ચૈતન્યમૂર્તિ જ્ઞાયકને 'રાગ કરવાનું' સોંપવું તે તો ચક્રવર્તીને 'વાસીદું કાઢવાનું' સોંપવા જેવું છે.

અહા! ચક્રવર્તીના પચીસ પચીસ વર્ષના જુવાન રાજકુંવરો—પુણ્યનાં પૂતળાં—બધી બાહ્ય ઋદ્ધિને છોડી, ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના, નિજ શુદ્ધાત્મદ્રવ્ય-સામાન્યના આશ્રયે શુદ્ધપર્યાયરૂપ વિશેષને વધુ ખિલવવા વનમાં ચાલી નીકળ્યા તો તેમને શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય સર્વથી મહિમાવંત, સર્વથી અધિક આશ્ચર્યકારી લાગ્યું હશે અને બીજું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને? માટે હે જીવ! તું પણ આવા આશ્ચર્યકારી 'દ્રવ્યત્વસામાન્ય'નો મહિમા લાવી તેના આલંબને નિર્મળ પર્યાયરૂપ વિશેષને પ્રગટ કર.

પહેલાં એમ કહ્યું કે—પૂર્ણ ગુણોથી અભેદ એવું જે પૂર્ણ આત્મદ્રવ્ય, તેને જ પછી પરમપારિણામિકભાવ ને સામાન્ય કહ્યું; હવે તેને 'ધ્રુવ' કહે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्'માં જે ઉત્પાદ ને વ્યય છે તે તો પલટતો અંશ—પર્યાય છે, અને જે 'ધ્રૌવ્ય'-અંશ છે તે ત્રિકાળી શુદ્ધ 'સામાન્ય' છે. તે ધ્રુવના આલંબને જ નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય છે.

**'માટે બધું છોડી, એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે—અખંડ પરમપારિણામિક-ભાવ પ્રત્યે—દૃષ્ટિ કર, તેના ઉપર જ નિરંતર જોર રાખ, તેના જ તરફ ઉપયોગ વળે તેમ કર.'**

માટે બધું છોડી—વિષયાનુરાગ અને તેના આલંબનભૂત પરપદાર્થોનો આશ્રય છોડી, ધર્માનુરાગ અને તેના નિમિત્તભૂત દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય છોડી, બુદ્ધિના ઉઘાડનો અરે! સમસ્ત અધૂરી-પૂરી પર્યાયોનો પણ આશ્રય છોડી—એક અખંડ પરમ-પારિણામિકભાવસ્વરૂપ ત્રિકાળી નિજ શુદ્ધાત્મદ્રવ્ય—સકળવિમળ એક જ્ઞાયક પરમભાવ—પ્રત્યે દૃષ્ટિ કર; પૂર્ણાનંદનો નાથ ભગવાન જ્ઞાયક અંતરમાં અનંત અનંત ગુણોના વૈભવ સહિત બિરાજે છે ત્યાં દૃષ્ટિ દે; તેના ઉપર જ નિરંતર પ્રતીતિનું જોર રાખ; અચિન્ત્ય અસાધારણ મહિમાયુક્ત એવા તે નિજ દ્રવ્યસામાન્ય તરફ ઉપયોગ વળે તેમ કર. વર્તમાન જે જ્ઞાનનો જાણવા-દેખવાનો ભાવ, તે અંદર ધ્રુવ જ્ઞાયકમાં વળે એમ કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જોનાર-જાણનાર બીજાને — નિમિત્તને ને રાગને — જોવા-જાણવામાં રોકાઈ ગયો છે તે જોનાર-જાણનારનો વર્તમાન વ્યાપાર અંતરમાં વળીને સ્વયં જોનાર-જાણનારને જુએ-જાણે એમ કર. અંદર જ્ઞાયકતત્ત્વ કોણ છે, કેવું તેનું સ્વરૂપ ને મહિમા છે — તે અંતર્મુખ થઈને જાણ્યા વિના કલ્યાણ થશે નહિ, તે વિના ધર્મ થશે નહિ, સંસારનો અંત આવશે નહિ.

અહા! ૩૭૬મો બોલ ઘણો સરસ આવ્યો છે, બાર અંગનો સાર છે. પૂર્ણાનંદનો નાથ જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તેના આશ્રયે પ્રગટ થતી જે અતીન્દ્રિય આનંદસ્વરૂપ ધર્મની પર્યાય તેનો પણ આશ્રય લેવો યોગ્ય નથી, તેના ઉપર જોર દેવું યોગ્ય નથી, કેમ કે પર્યાયના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. માટે અંતરમાં સદા સ્થિત નિજ શુદ્ધાત્મદ્રવ્ય — અખંડ પરમપારિણામિકભાવ — પ્રત્યે દૃષ્ટિ કર, જોર પણ ત્યાં જ આપ. પ્રગટ પર્યાયમાં જોર ન દેવું. અહા! આ બોલ બહુ સરસ આવી ગયો છે. ત્રિકાળી આનંદકંદ જ્ઞાયક તરફ જ ઉપયોગને — જાણવાના વર્તમાન વ્યાપારને — વાળ, ધ્રુવ સ્વભાવ તરફ લઈ જા. 'આ કર્યું ને તે કર્યું' એમ ઉપયોગ જે બહારની કડાકૂટમાં પડ્યો છે, પરમાં ને શુભાશુભ વિભાવમાં રોકાઈ ગયો છે તેને અંતરમાં જોડી દે. એમ કરવાથી પર્યાયમાં શુદ્ધતા પ્રગટશે, વધશે અને પૂર્ણ થશે.

આત્મામાં રોટલા વગેરે કોઈ પણ જડ પદાર્થનાં ગ્રહણ-ત્યાગ નથી. હું નિરાવલંબી જ્ઞાયકસ્વભાવી છું એવી શ્રદ્ધાના જોરે અંદર સ્વરૂપમાં એકાગ્ર થતાં આહારાદિનો વિકલ્પ છૂટી જાય તે તપ છે અને અંતરની લીનતામાં જે આનંદ તે તપશ્ચર્યાનું ફળ છે.

— પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૪૮

તા. ૧૨–૧૧–૭૮

## વચનામૃત — ૩૭૭

સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે મુનિરાજ જંગલમાં વસ્યા છે. તે માટે નિરંતર પરમપારિણામિકભાવમાં તેમને લીનતા વર્તે છે, — દિન-રાત રોમે રોમમાં એક આત્મા જ રમી રહ્યો છે. શરીર છે પણ શરીરની કાંઈ પડી નથી, દેહાતીત જેવી દશા છે. ઉપસર્ગ ને અપવાદની મૈત્રીપૂર્વક રહેનારા છે. આત્માનું પોષણ કરીને નિજ સ્વભાવને પુષ્ટ કરતા થકા વિભાવભાવોનું શોષણ કરે છે. જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક કાંઈક મુશ્કેલી દેખાતાં વિશેષ જોરથી છેડો પકડી લે છે, તેમ મુનિ પરીષહ-ઉપસર્ગ આવતાં પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે. 'આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ!' એવા મનોરથ સમ્યગ્દૃષ્ટિને વર્તે છે. ૩૭૭.

'સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે મુનિરાજ જંગલમાં વસ્યા છે.'

સમ્યગ્દૃષ્ટિ જીવને કેવી ભાવના, કેવા મનોરથ હોય તે વાત બહેને આ બોલમાં બતાવી છે. નિમિત્તની, શુભાશુભ વિભાવની ને ઊણી-પૂરી પર્યાયની બુદ્ધિ, રુચિ ને પ્રેમ છોડીને સમ્યગ્દૃષ્ટિ જીવને સહજશુદ્ધ ત્રિકાળી નિજ જ્ઞાયકસ્વભાવની રુચિ, બુદ્ધિ ને પ્રીતિ પરિણમી ગઈ છે; અંતરમાં સિદ્ધસદૃશ અતીન્દ્રિય આનંદનો અંશ સ્વાદ આવે છે. તે સ્વાદને — અતીન્દ્રિય આનંદને — સ્વભાવના આલંબને વિશેષ પ્રગટ કરવા માટે મુનિરાજ એકાન્ત નિર્જન જંગલમાં વસે છે. સમ્યગ્દૃષ્ટિને મુનિરાજ થવાની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—'ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો?' એવી—ભાવના અંતરમાં વર્તતી હોય છે.

'આત્માવલોકન' ગ્રંથમાં 'કર્મ છે તો વિકાર છે' એમ જે કહ્યું છે તેનો શો આશય છે? શુભાશુભ વિકાર કર્મનિમિત્તક અનિત્ય ભાવ છે, સ્વાભાવિક ભાવ નથી, નૈમિત્તિકભાવ હોવાથી સ્વભાવના આલંબને તે ટળી શકે છે એમ બતાવવાનો ત્યાં આશય છે. વિકાર ક્ષણિક ઔપાધિક ભાવ છે ને સ્વભાવના આશ્રયે ટાળ્યો ટળી જાય છે તે બતાવવા—તેનું ઔપાધિકપણું સમજાવવા—'કર્મ છે તો વિકાર છે' એમ કહ્યું છે. કર્મ વિકાર કરાવે છે અથવા જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી વિકાર કરવો પડે—એવો તેનો અર્થ નથી.

નિત્યાનંદ ભગવાન આત્માનો સ્વભાવ નથી, તે તો કર્મોદયના આશ્રયે ઉત્પન્ન થતો

શાસ્ત્રમાં પુણ્ય-પાપ, જીવસ્થાન, ગુણસ્થાન, માર્ગણાસ્થાન વગેરેને પૌદ્‌ગલિક કહ્યાં છે. તેનો અર્થ એ છે કે જીવને પુણ્ય-પાપ વગેરે ભાવો પુદ્‌ગલકર્મના સંબંધે થાય છે, તેઓ આત્માના સ્વભાવભાવ નથી. તેમનો આત્મા સાથે નિત્ય તાદાત્મ્યસંબંધ નથી કેમ કે તે કર્મના આશ્રયે ઊપજેલા ક્ષણિક ઔપાધિક ભાવ છે. જો તેમનો જીવ સાથે નિત્ય તાદાત્મ્યસંબંધ હોય તો તે વિભાવો જીવનો સ્વભાવ ઠરે અને તેથી તેમનો કદી નાશ થાય નહિ; વળી જ્યાં જ્યાં જીવ હોય ત્યાં ત્યાં પુણ્ય-પાપ હોય અને પુણ્ય-પાપ વિના જીવ ન હોય—એમ થાય, પણ એમ વસ્તુનું સ્વરૂપ જ નથી; કેમ કે સિદ્ધદશામાં જીવ છે પણ પુણ્ય-પાપ નથી, પુણ્ય-પાપ વિના પણ ત્યાં જીવ છે. માટે વિભાવ સાથે જીવનો નિત્ય તાદાત્મ્યસંબંધ નથી, તે માત્ર ક્ષણિક ઔપાધિક ભાવ છે, સ્વભાવના આશ્રયે ટાળ્યો ટળી જાય છે અને પુદ્‌ગલકર્મના સંબંધે થયેલો છે તેટલું બતાવવા વિભાવને પૌદ્‌ગલિક કહ્યો છે. તેનો અર્થ એમ નથી કે પુણ્ય-પાપનો ભાવ પુદ્‌ગલ છે કે પુદ્‌ગલે કરાવ્યો છે.

પુણ્ય-પાપના ભાવને, જીવનો સ્વભાવ નહિ હોવા છતાં, જીવના કહેવા તે વ્યવહાર-નયનું કથન છે. પંથી લુટાતાં પંથ લુટાય છે એમ લોકો કહે છે; એ રીતે એક સમયનો સંબંધ દેખીને પુણ્ય-પાપ જીવનાં છે એમ વ્યવહારે કહેવાય છે. નિશ્ચયથી ત્રિકાળી જ્ઞાયકભાવ સાથે વિભાવને તાદાત્મ્યસંબંધ નથી. વિભાવને પુદ્‌ગલકર્મ સાથે સંબંધ છે, કેમ કે જ્યાં જ્યાં વિભાવ છે ત્યાં ત્યાં પુદ્‌ગલકર્મ છે, પુદ્‌ગલકર્મ વિના વિભાવ હોય નહિ. આ કથન ઉપરથી કોઈ એમ ખેંચી જાય કે 'કર્મને લઈને વિભાવ થાય છે', તો એમ નથી. વિભાવ થાય છે જીવના જ અપરાધથી, પણ તે થાય છે નિમિત્તના આશ્રયે; સ્વભાવના આશ્રયે વિભાવ ન થાય. બસ, તે કથનનો એટલો જ અર્થ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકારનું ઉપાદાનકારણ જીવ પોતે જ છે, પણ તે સમયે તેનું લક્ષ નિમિત્ત ઉપર છે. પુદ્‌ગલકર્મના લક્ષે થયો હોવાથી તે વિકાર પુદ્‌ગલનો છે એમ પણ કહેવામાં આવે છે. અહા! આવી વાત છે; એક ન્યાય ફરે તો આખી વસ્તુ ફરી જાય, બાપુ!

અહીં તો બહેન મુનિરાજની વાત કહે છે. સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા માટે મુનિરાજ જંગલમાં વસે છે. શુભાશુભ વિભાવ અને પર્યાયની રુચિ છોડીને જેણે અભેદ જ્ઞાયકની રુચિ પ્રગટ કરી છે તેને જ્ઞાયકમાં રહેલી સર્વ શક્તિઓનો નિર્મળ અંશ એકસાથે વ્યક્ત થઈ ગયો છે. તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય વગેરેના અંશોની સાથે અતીન્દ્રિય આનંદનો અંશ પણ વ્યક્ત થયો છે. સમ્યગ્દર્શન થતાં આનંદસાગર ધ્રુવ ચૈતન્યના આશ્રયે જે આનંદાંશ પ્રગટ થયો તેમાં અતિશય વૃદ્ધિ કરવા માટે મુનિરાજ—જ્યાં વાઘ ત્રાડ નાખતા હોય, સિંહ ગર્જતા હોય, કાળા નાગ ફૂંફાડા મારતા હોય એવા—ઘોર જંગલમાં, બસ એકલા, આનંદમૂર્તિ જ્ઞાયકમાં જ વસી ગયા છે. સ્વભાવમાંથી વિશેષ વિશેષ સ્વરૂપાનંદ પ્રગટ કરવા અર્થે મુનિરાજ એકાન્ત નિર્જન જંગલમાં જઈ વસ્યા છે. આવી દશા ક્યારે પ્રગટે એવી ભાવના સમ્યગ્દૃષ્ટિને હોય છે.

**'તે માટે નિરંતર પરમપારિણામિકભાવમાં તેમને લીનતા વર્તે છે,—દિન-રાત રોમે રોમમાં એક આત્મા જ રમી રહ્યો છે.'**

પરિણતિમાં આનંદની વૃદ્ધિ કરવા માટે મુનિરાજને પરમપારિણામિકભાવસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ નિજ સહજ જ્ઞાયકભાવમાં નિરંતર મગ્નતા વર્તે છે; ભૂમિકા પ્રમાણે મહાવ્રત વગેરેના પરિણામ વર્તે છે પણ તે કાંઈ પરમાર્થ મુનિપણું નથી. જ્ઞાયક શુદ્ધ પરમભાવના આલંબને અવિરત સમ્યગ્દૃષ્ટિને આનંદાંશયુક્ત જે લીનતા વર્તે છે તેના કરતાં એકાન્ત જંગલમાં વસીને સાધના સાધનારા મુનિરાજને અતીન્દ્રિય-આનંદજનની સ્વરૂપ-લીનતા ઘણી વધી ગઈ હોય છે. શ્રીમદે ભાવના ભાવી છે ને—

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.

—અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાનીને, લક્ષ્મી કે પુત્રપરિવાર વધવાની ભાવના ન હોય, અંતરમાં સ્વભાવના આશ્રયે આનંદનો સાગર ઊછળી જાય એવી જ ભાવના હોય છે; અને તે માટે જ્ઞાની મુનિરાજને સ્વભાવમાં સતત લીનતા વર્તે છે, દિન-રાત રોમે રોમમાં એક શુદ્ધ જ્ઞાયક-ભાવ જ રમી રહ્યો છે, અરે! જાગ્રત થયેલો આત્મા ઊંઘમાં પણ જાગ્રત જ વર્તે છે. અહો! મુનિરાજની દશા આવી અદ્‌ભુત છે!**

બહેનના આ 'વચનામૃત' પુસ્તકમાંથી મુનિને લગતા બોલોનો સંગ્રહ કરીને 'ધન્ય મુનિદશા!' નામની એક પુસ્તિકા છાપવામાં આવી છે. જગતમાં ધન્ય દશા કઈ છે? સ્વર્ગની દશા, ચક્રવર્તીની પદવી કે લક્ષ્મીપતિની દશા શું ધન્ય છે? એ ધન્ય નહિ, બાપુ! એ તો જડના સંયોગ છે, એની સ્થિતિ કેટલી? સમકિતીને, ચક્રવર્તીના વૈભવમાં પડ્યો હોય છતાં, અંતરમાં તો 'સદનનિવાસી તદપિ ઉદાસી, તાતૈં આસ્રવ છટાછટી' એ ન્યાયે રાગથી ભિન્નતાની ભાવના જ સતત વર્તતી હોય છે, અને દિન-રાત રોમે રોમમાં જ્યાં એક શુદ્ધ આત્મા જ રમી રહ્યો છે — એવી મુનિદશા ક્યારે અમે પામીએ એવા મનોરથ વર્તતા હોય છે. મુનિરાજને તો રોમે રોમમાં આનંદ આનંદ વર્તે છે — એક શુદ્ધ જ્ઞાયકભાવ જ રમી રહ્યો છે.

**'શરીર છે પણ શરીરની કાંઈ પડી નથી, દેહાતીત જેવી દશા છે.'**

અશરીરી જ્ઞાયક ભગવાન આત્માની જેમને દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા વર્તી રહી છે એવા નિર્ગ્રંથ મુનિરાજને 'માત્ર દેહ તે સંયમહેતુ હોય જો' — સંયમમાં નિમિત્તભૂત શરીર છે. પણ શરીરની કાંઈ પડી નથી, દેહાતીત જેવી દશા થઈ ગઈ છે. એવી સાધનામગ્ન દશાની ભાવના સમકિતીને હોય છે, શ્રાવક પણ સંયમના મનોરથ સેવે છે. શ્રીમદે પણ દિગંબર દશાની ભાવના ભાવી છે ને? —

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ રોમ નખ કે અંગે શૃંગાર નહિ,
દ્રવ્ય-ભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. ...અપૂર્વ૦

અહો! મુનિરાજને દેહ છે પણ દેહની કાંઈ દરકાર નથી, એક નિજાત્મસાધના સિવાય બીજી એમને કાંઈ પડી નથી, સંઘ, શિષ્ય કે સંસ્થાની તો નહિ પણ કથંચિત્ સંયમના હેતુભૂત એવા શરીરની પણ કાંઈ પડી નથી, 'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત' એવી સહજ દશા થઈ ગઈ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘ઉત્સર્ગ ને અપવાદની મૈત્રીપૂર્વક રહેનારા છે.’**

મુનિમહારાજ નિશ્ચય અને વ્યવહારના સુમેળપૂર્વક સાધના સાધનારા છે. ઉત્સર્ગ એટલે આનંદમય નિર્વિકલ્પ શુદ્ધિમાં રહેવું તે, અને અપવાદ એટલે આનંદમય નિર્વિકલ્પ શુદ્ધિમાં વિશેષ ટકી શકતા નથી તેથી વ્યવહાર-રત્નત્રયના વિકલ્પમાં જરી આવવું થાય છે તે. અઠ્યાવીસ મૂળગુણરૂપ વિકલ્પમાં આવવા છતાં તે કાળે પણ ધ્યેય તો ઉત્સર્ગમાં—આનંદમય ઉગ્ર શુદ્ધ પરિણતિમાં—જ જવાનું છે. અંતરમાં—ઉત્સર્ગમાં જવાની તેઓ હઠ કરતા નથી તેમ જ શિથિલતા કરીને બહારમાં—અપવાદમાં—વ્યવહારમાં રહેવું—એમ તેઓ કરતા નથી. તેમની સાધના સહજપણે ઉત્સર્ગ ને અપવાદની મૈત્રીપૂર્વક વર્તી રહે છે. અંદર આનંદમાં સહજપણે રમતા—રહેતા મુનિરાજ અંતરમાં વિશેષ રહી શકે નહિ ત્યારે હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર શુભભાવમાં આવે, પણ શુભભાવમાં રહેવું છે—એવું ધ્યેય નથી. અહો! આવો વીતરાગનો માર્ગ છે.

**‘આત્માનું પોષણ કરીને નિજ સ્વભાવભાવોને પુષ્ટ કરતા થકા વિભાવભાવોનું શોષણ કરે છે.’**

જ્ઞાયકસ્વભાવનો ઉગ્ર આશ્રય લઈને આનંદ અને શાન્તિની વૃદ્ધિ કરવી એ જ ‘આત્માનું પોષણ’. મુનિરાજ આત્માનું આનંદ ને શાન્તિમય પોષણ કરીને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, ધ્યાન વગેરે સાધનાની નિર્મળ શુદ્ધિઓને—નિજ સ્વભાવભાવોને—પુષ્ટ કરતા થકા રાગ, દ્વેષ, પ્રમાદ, કષાય વગેરે વિભાવોનું શોષણ કરે છે. પોષણ અને શોષણ કરે છે, પણ કોનું? સ્વભાવનું—નિર્મળ શુદ્ધિઓનું પોષણ અને વિભાવનું શોષણ અર્થાત્ નાશ કરે છે. વિકૃત અવસ્થાનો નાશ અને અવિકૃત અવસ્થાની—શુદ્ધિની—વૃદ્ધિ થતી જાય છે.

**‘જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક કાંઈક મુશ્કેલી દેખાતાં વિશેષ જોરથી છેડો પકડી લે છે, તેમ મુનિ પરીષહ-ઉપસર્ગ આવતાં પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે.’**

માના સાડલાનો છેડો પકડીને ચાલતું નાનું બાળક, ભસતું કૂતરું નજીક આવે અથવા બીજી કોઈ મુશ્કેલી આવે તો પકડેલો છેડો વિશેષ જોરથી પકડી લે છે; તેમ મુનિરાજ પરીષહ કે ઉપસર્ગ—પ્રતિકૂળતાના સંયોગ—વખતે,—કોઈ ચીજ પ્રતિકૂળ છે જ નહિ પરંતુ દુનિયા એને પ્રતિકૂળ કહે છે તે અપેક્ષાએ વાત કરી છે, ખરેખર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તે માત્ર જ્ઞેય છે, — સર્પ, વીંછી, ચાલતા માણસને પણ ઉડાડી દે એવાં આકરાં વાવાઝોડાં વગેરે પ્રતિકૂળ સંયોગોના પ્રસંગમાં સ્વસન્મુખતાના પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજ શુદ્ધાત્મદ્રવ્યને અવલંબીને પ્રચુર અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા હોય છે; ભગવાન જ્ઞાયકનો આશ્રય વિશેષ ઉગ્રતાથી પકડીને જાય છે અંદર. અહા! ધન્ય એ દશા! એ દશા પ્રગટ કર્યે જ છૂટકો છે હો! એ દશા વિના મુક્તિ નથી.

કામધેનુ ગાય જ્યારે દોહીએ ત્યારે દૂધ આપે, તેમ મુનિરાજનો આ ભગવાન આત્મા કામધેનુ ગાય જેવો છે કે જ્યારે તે અંતર્મુખ એકાગ્ર થાય ત્યારે અંતરમાંથી અતીન્દ્રિય આનંદ ઝરે, કેમ કે ગમે તેવી પ્રતિકૂળતા વખતે પણ તે પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મ-દ્રવ્યને વળગે છે. તેમને પંચમ કાળ, નબળું સંહનન, સેવા કરનારનો અભાવ વગેરે કાંઈ નડે નહિ. અહા! —

ચલો સખી વહાઁ જાઈએ, જહાઁ ન અપના કોઈ;
કલેવર ભખે જનાવરાં, મૂઆ રુએ ન કોઈ.

દેહ છૂટી જાય તો રોનારા ત્યાં કોઈ નથી. રોનાર કોણ હોય? કોઈ નહિ. ગુફા મધ્યે અંતર-આનંદમાં પડ્યા હોય. અહા! જુઓ, આવું મુનિપણું તે એક વસ્તુસ્થિતિ છે. આવી દશા પ્રગટ કરવી પડશે, પ્રભુ! આ વિના મુક્તિ નથી ભાઈ! એકલા સમ્યગ્દર્શન ને જ્ઞાનથી કાંઈ મુક્તિ થતી નથી. શ્રાવકને ત્રણ મનોરથ હોય છે: ક્યારે પરિગ્રહ છોડું? ક્યારે મુનિપણું લઉં? અને ક્યારે સંથારો કરું? મુનિરાજ, પરીષહ ને ઉપસર્ગ આવતાં, અભ્યન્તરના પ્રચુર પુરુષાર્થપૂર્વક નિજ જ્ઞાયકભાવને અવલંબે છે.

**“ ‘આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ!’ એવા મનોરથ સમ્યગ્દૃષ્ટિને વર્તે છે.”**

ધર્મી જીવને —

ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો?
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

—આવી પવિત્ર મુનિદશા અંતરમાંથી પ્રગટ કરવાના મનોરથ વર્તે છે.

—*—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૭૮

જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે એવા સાચા આત્માર્થીને વિષય-કષાયોનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગતી હોય છે. તેને ચૈતન્યસ્વભાવની સમજણમાં નિમિત્તભૂત દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા આવે છે. ગમે તે કાર્ય કરતાં તેને નિરંતર શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કરવાની ખટક રહ્યા જ કરે છે.

ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીને શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વધારા નિરંતર વર્ત્યા કરે છે. પરંતુ પુરુષાર્થની નબળાઈને લીધે અસ્થિરતારૂપ વિભાવપરિણતિ ઊભી છે તેથી તેને ગૃહ-સ્થાશ્રમને લગતા શુભાશુભ પરિણામ હોય છે. સ્વરૂપમાં સ્થિર રહેવાતું નથી તેથી તે વિવિધ શુભભાવોમાં જોડાય છે: — 'મને દેવ-ગુરુની સદા સમીપતા હો, ગુરુનાં ચરણકમળની સેવા હો' ઇત્યાદિ પ્રકારે જિનેન્દ્રભક્તિ-સ્તવન-પૂજન અને ગુરુસેવાના ભાવો હોય છે તેમ જ શાસ્ત્રસ્વાધ્યાયના, ધ્યાનના, દાનના, ભૂમિકાનુસાર અણુવ્રત તથા તપ વગેરેના શુભભાવો તેને હઠ વિના આવે છે. આ બધાય ભાવો દરમ્યાન જ્ઞાતૃત્વપરિણતિની ધારા તો સતત ચાલુ જ હોય છે.

નિજસ્વરૂપધામમાં રમનારા મુનિરાજને પણ પૂર્ણ વીતરાગદશાના અભાવે વિધવિધ શુભભાવો હોય છે: — તેમને મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, પંચાચાર, સ્વાધ્યાય, ધ્યાન ઇત્યાદિ સંબંધી શુભભાવો આવે છે તેમ જ જિનેન્દ્રભક્તિ-શ્રુતભક્તિ-ગુરુભક્તિના ઉલ્લાસમય ભાવો પણ આવે છે. 'હે જિનેન્દ્ર! આપનાં દર્શન થતાં, આપનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં, મને શું ન પ્રાપ્ત થયું? અર્થાત્ આપ મળતાં મને બધુંય મળી ગયું.' આમ અનેક પ્રકારે શ્રી પદ્મનંદી આદિ મુનિવરોએ જિનેન્દ્રભક્તિના ધોધ વહાવ્યા છે. — આવા આવા અનેક પ્રકારના શુભભાવો મુનિરાજને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ હઠ વિના આવે છે. સાથે સાથે જ્ઞાયકના ઉગ્ર આલંબનથી મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાતૃત્વધારા પણ સતત ચાલુ જ હોય છે.

સાધકને—મુનિને તેમ જ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને—જે શુભભાવો આવે છે તે જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી આકુળતારૂપે—દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે, છતાં તે ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી.

સાધકની દશા એકસાથે ત્રણપટી (—ત્રણ વિશેષતાવાળી) છે:—એક તો, તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે જેમાં અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે; બીજું, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે; અને ત્રીજું, અશુદ્ધ પર્યાયાંશ—જેમાં વ્રપ, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે—દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.

સાધકને શુભભાવો ઉપાધિરૂપ જણાય છે—એનો અર્થ એવો નથી કે તે ભાવો હઠપૂર્વક હોય છે. આમ તો સાધકના તે ભાવો હઠ વિનાની સહજ દશાના છે, અજ્ઞાનીની માફક 'આ ભાવો નહિ કરું તો પરભવમાં દુઃખો સહન કરવાં પડશે' એવા ભયથી પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી; છતાં તેઓ સુખરૂપ પણ જણાતા નથી. શુભભાવોની સાથે સાથે વર્તતી, જ્ઞાયકને અવલંબનારી જે યથોચિત નિર્મળ પરિણતિ તે જ સાધકને સુખરૂપ જણાય છે.

જેમ હાથીને બહારના દાંત—દેખાવના દાંત જુદા હોય છે અને અંદરના દાંત—ચાવવાના દાંત જુદા હોય છે, તેમ સાધકને બહારમાં ઉત્સાહનાં કાર્ય—શુભ પરિણામ દેખાય તે જુદા હોય છે અને અંતરમાં આત્મ-શાન્તિનું—આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદું હોય છે. બાહ્ય ક્રિયાના આધારે સાધકનું અંતર ઓળખાતું નથી. ૩૭૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે એવા સાચા આત્માર્થીને વિષય-કષાયોનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગતી હોય છે.'**

જ્ઞાન, આનંદ આદિ અનંત અનંત ગુણોનો ભંડાર એવા નિજાત્મસ્વભાવનો — પોતાના ચિન્મય શુદ્ધ અસ્તિત્વનો — જેને અંતરથી સાચો મહિમા જાગ્યો છે, 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ' એવી આત્માને સમજવાની જેને તીખી જિજ્ઞાસા જાગી છે, નિજશુદ્ધાત્મસ્વભાવ સિવાય અન્યનો — શરીર, ઇંદ્રિય, આબરૂ, લક્ષ્મી, મકાન, સ્ત્રી, પુત્ર, ચક્રવર્તી ને ઇંદ્ર સરીખા ભોગોપભોગ વગેરે પરપદાર્થનો તેમ જ શુભ - અશુભ પરભાવોનો — મહિમા જેને અંતરમાંથી છૂટી ગયો છે એવા સાચા આત્માર્થીને વિષય-કષાયોનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગતી હોય છે.

દુનિયામાં તો પગાર અથવા કમાણી વધે ત્યાં તો કહે 'મૂકો લાપસીનાં આંધણ'. ભાઈ! જરી લક્ષ્મી વધી તેમાં આટલો બધો પોરસ ચડી ગયો? લક્ષ્મી વધવી તે તો પુણ્યનું ફળ છે. જેને પુણ્યનો મહિમા છે, તેને જડનો મહિમા છે, આત્માનો મહિમા નથી; તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. જેને અંતરથી આત્માનો મહિમા હોય તેને 'આત્માર્થી' કહીએ. અનંત ગુણોથી સમૃદ્ધ નિજ ચૈતન્યરત્નનો જેને અંદરમાં મહિમા જાગ્યો છે એવા સમ્યગ્દૃષ્ટિ ઇંદ્રને કરોડો અપ્સરાનો ભોગ હોય, સ્વર્ગીય અદ્‌ભુત વૈભવો હોય, છતાં તે સર્વનો મહિમા તેને અંતરમાં તૂટી ગયો છે. જ્ઞાનીને રાગ આવે પણ કાળા નાગ જેવો ભયાવહ લાગે. સ્વભાવનો મહિમા ને વિષય-કષાયોનો મહિમા — એમ બે તલવાર એક મ્યાનમાં ન રહી શકે. જેને પુણ્ય-પાપના ભાવનો ને અનુકૂળ સંયોગોનો મહિમા તેમ જ આશ્ચર્ય ટળી ગયું છે અને કેવળ આત્મસ્વભાવ સાધવાનું જ પ્રયોજન છે તે જ સાચો 'આત્માર્થી' કહેવાય.

પ્રશ્ન : — સાચો અને ખોટો — એમ 'આત્માર્થી' બે પ્રકારના હોય છે?

ઉત્તર : — ભાઈ! કેટલાક, અંદરથી આત્માની સાચી રુચિ ન હોય છતાં, 'આત્માર્થી' કહેવરાવે છે ને? માટે અહીં જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે તેને સાચો આત્માર્થી કહ્યો છે.

જે ખરો આત્માર્થી હોય તેને ઇંદ્રિયના વિષયભૂત પદાર્થો, વિષયવાસનાઓનો અને કષાયોનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગતી હોય છે. જે આત્માર્થી ન હોય તેને બહારનો — દુનિયા પાસેથી માન મેળવવું, આવડતની બહારમાં પ્રસિદ્ધિ થવી, કરોડો રૂપિયાની મૂડી થવી વગેરે બાહ્ય ચીજોનો — મહિમા ભાસે છે, નિજ-શુદ્ધાત્મસ્વભાવનો અચિન્ત્ય મહિમા ભાસતો નથી. જ્ઞાનીને શુભભાવ આવે, તેનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તીર્થંકરત્વ વગેરેનાં ઊંચાં પુણ્ય બંધાય, ઇંદ્રપદ વગેરે પ્રાપ્ત થાય પણ તેનો અંતરમાં મહિમા નથી. અહો! આ બોલમાં બહેને બહુ સરસ વાત કહી છે, આત્માર્થીથી શરૂ કરીને ઠેઠ મુનિદશાની વાતો લીધી છે.

પાંચ ઇંદ્રિયના વિષયોની મીઠાશ તથા ક્રોધ-માન-માયા-લોભનો મહિમા જેને અંતરથી ઊડી ગયો છે તેને મહિમા કરવા યોગ્ય એકમાત્ર ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયકભાવ જ લાગે છે, બાકી આખું જગત તુચ્છ લાગે છે; જેને જગત — વિષય-કષાયો અધિક લાગે છે તેને આત્માનો મહિમા નથી.

**'તેને ચૈતન્યસ્વભાવની સમજણમાં નિમિત્તભૂત દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા આવે છે.'**

આત્માર્થી જીવને નિશ્ચયથી મહિમા તો અંતરંગ ધ્રુવ ચૈતન્યસ્વભાવનો છે, પણ તેને, તથા વિકલ્પના કાળમાં જ્ઞાનીને પણ, વ્યવહારે ચૈતન્યસ્વભાવની સમજણમાં નિમિત્તસ્વરૂપ એવાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા આવે છે. 'અરહંત શ્રુતસિદ્ધાન્ત ગુરુ-નિર્ગ્રંથ નિત પૂજા રચું' ને 'જાસોં પૂજોં પરમ પદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન' — પહેલા નંબરે દેવ, બીજા નંબરે જિનવાણી ને ત્રીજા નંબરે નિર્ગ્રન્થ ગુરુ — એ ત્રણેયનો જ્ઞાનીને મહિમા આવે, પણ સ્વભાવનો મહિમા છોડીને નહિ, અંતરમાં સ્વભાવનો મહિમા સદા અધિક છે. સદા અધિકપણે વર્તતા સ્વભાવના મહિમા વખતે પણ આવા જ્ઞાયકસ્વભાવની સમજણમાં ઉપકારી એવા દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા આવે છે.

**'ગમે તે કાર્ય કરતાં તેને નિરંતર શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કરવાની ખટક રહ્યા જ કરે છે.'**

વેપાર, રાજ્ય, કુટુંબ, સમાજ કે સ્વાધ્યાય-પૂજા-ભક્તિ વગેરે ગમે તે કામ કરતાં ખરા આત્માર્થીને નિરંતર અંતરમાં પરમાનંદમૂર્તિ એવા સદાશુદ્ધ નિજ જ્ઞાયકભાવની પ્રાપ્તિ કરવાની — પરિણતિમાં શુદ્ધ સ્વભાવનું ગ્રહણ કરવાની — ખટક રહ્યા જ કરે છે. અંતરમાં ગરજ, ખટક, તડપ, લગની, તાલાવેલી, તીવ્ર પિપાસા એકમાત્ર શુદ્ધ ચૈતન્યસ્વભાવની પ્રાપ્તિની સતત રહ્યા જ કરે છે.

**'ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીને શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વધારા નિરંતર વર્ત્યા કરે છે.'**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘરસંસારમાં રહેલા આત્મજ્ઞાનીને ભક્તિ-પૂજા, દયા-દાન વગેરે શુભ તથા વિષય-કષાયના અશુભ ભાવ આવે, પરંતુ તે વખતે પણ, અરે! સદાય, શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયક પરમભાવને અવલંબનારી જ્ઞાતાપણાની પરિણતિ વર્ત્યા કરે છે. સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાના ૧૧૦ મા કળશમાં આવે છે ને—

"જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિને બે ધારા રહે છે—શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બંને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી. તે સ્થિતિમાં કર્મ પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો કે વ્રતનિયમના વિકલ્પો—શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં—કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે."

સ્વભાવસન્મુખતાની જે નિર્મળ દશા થઈ તે તો કાયમ ચાલુ જ છે; અશુભ ભાવ વખતે પણ 'હું તો સહજ જ્ઞાયકતત્ત્વ જ છું' એવી ચૈતન્યના શુદ્ધ પરિણમનની ધારા ચાલુ જ છે. જ્ઞાયકને આશ્રયે પરિણમેલી જ્ઞાતાદૃષ્ટાપણાની જે નિર્મળ ધારા તે તો જ્ઞાનીને ગૃહસ્થદશામાં પણ સતત વર્તે છે.

**'પરંતુ પુરુષાર્થની નબળાઈને લીધે અસ્થિરતારૂપ વિભાવપરિણતિ ઊભી છે તેથી તેને ગૃહસ્થાશ્રમને લગતા શુભાશુભ પરિણામ હોય છે.'**

પરિણતિમાં પુરુષાર્થની અલ્પતાને લીધે આસક્તિરૂપ અસ્થિરતા હોવાથી જ્ઞાની ગૃહસ્થને ઘરસંસારને લગતા વેપારધંધાના અશુભ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ઉપાસના, સ્વાધ્યાય વગેરેને લગતા શુભ પરિણામ હોય છે. અંદર ચૈતન્ય જ્ઞાયક ભગવાનને ભાળ્યો, જાણ્યો, અનુભવ્યો છે, પણ પુરુષાર્થની મંદતા હોવાથી તેમાં વિશેષ ઠરી શકતો નથી તેથી તેને ગૃહસ્થાશ્રમને લગતા શુભાશુભ ભાવ આવે છે.

**"સ્વરૂપમાં સ્થિર રહેવાતું નથી તેથી તે વિવિધ શુભભાવોમાં જોડાય છે:—'મને દેવ-ગુરુની સદા સમીપતા હો, ગુરુનાં ચરણકમળની સેવા હો' ઇત્યાદિ પ્રકારે જિનેન્દ્રભક્તિ-સ્તવન-પૂજન અને ગુરુસેવાના ભાવો હોય છે તેમ જ શાસ્ત્રસ્વાધ્યાયના, ધ્યાનના, દાનના, ભૂમિકાનુસાર અણુવ્રત તથા તપ વગેરેના શુભભાવો તેને હઠ વિના આવે છે."**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનાનંદસ્વરૂપ નિજ સ્વભાવમાં વિશેષ ઠરી શકાતું નથી તેથી જ્ઞાની ગૃહસ્થ અનેક પ્રકારના નિજ ભૂમિકાને ઉચિત શુભભાવોમાં જોડાય છે. વીતરાગ દેવ-ગુરુનો સત્સમાગમ, ગુરુની સેવાશુશ્રૂષા, જિનેન્દ્રદેવની ભક્તિ - સ્તુતિ - પૂજા, ગુરુવાણીશ્રવણ, શાસ્ત્રાભ્યાસ, ધ્યાન, ગુરુને આહારદાન, ભૂમિકા પ્રમાણે અણુવ્રત તથા અનશનાદિ તપ વગેરેના શુભભાવો જ્ઞાની શ્રાવકને હઠ વિના સહજપણે આવે છે. અહા ! પ્રવચનસારના પ્રારંભમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવને પંચ પરમેષ્ઠી પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી છે ! પાંચેય પરમેષ્ઠીભગવંતોને યાદ કરીને ભક્તિભાવપૂર્વક કેવા નમસ્કાર કર્યા છે ! ત્રણે કાળના તીર્થંકરભગવંતોને — સાથે સાથે મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન તીર્થંકરભગવંતોને જુદા યાદ કરીને — 'સૌને ભેગા તેમ જ પ્રત્યેક-પ્રત્યેકને હું વંદન કરું છું' એમ કહીને અતિ ભક્તિભીના ચિત્તે આચાર્ય ભગવાન નમી પડયા છે. આવા ભક્તિના ભાવ મુનિરાજને તેમ જ જ્ઞાની ધર્માત્માને આવ્યા વિના રહેતા નથી. આવા ભક્તિ આદિના શુભભાવ આવે ત્યારે પણ જ્ઞાનીને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે, શુભ ભાવ તો ઉપર ઉપર તરે છે તથા સ્વભાવથી વિપરીતપણે વેદાય છે.

'મને દેવ-ગુરુની સદા સમીપતા હો' વગેરે ભાવના વખતે પણ અંતરમાં તો શુદ્ધાત્મા જ સમીપ વર્તે છે, પણ વ્યવહારે 'દેવ-ગુરુ સમીપ હો' એવી ભાવના જ્ઞાની ગૃહસ્થને આવે છે. નિર્ગ્રંથ ગુરુને નવધા ભકિતપૂર્વક નિર્દોષ આહાર-પાણી દેવાનો ભાવ વ્યવહારે આવે, નિશ્ચયથી તો સ્વભાવના આશ્રયે પ્રગટ કરેલી શુદ્ધિ પોતાને આપવી તે જ સંપ્રદાન અર્થાત્ સાચું દાન છે. જ્ઞાનાદિ અનંત ગુણસાગર ભગવાન આત્મામાં એકાગ્રતા થઈને પરિણતિમાં જે આનંદ અને શાન્તિ પ્રગટ થઈ તેને પોતામાં રાખવી તે સાચું દાન છે, પણ જ્ઞાની શ્રાવકને આવા વ્યવહાર દાનનો પણ વિકલ્પ આવે છે. પાંચમા ગુણસ્થાનની ભૂમિકાનુસાર અહિંસાદિ બાર અણુવ્રતના, સ્વાધ્યાયના, ધ્યાનના વિકલ્પો આવે, પણ તેઓ બંધનું કારણ છે, મુક્તિનું કારણ નથી. ભાવપાહુડમાં કહ્યું છે ને —

પૂજાદિમાં વ્રતમાં જિનોએ પુણ્ય ભાખ્યું શાસને;
છે ધર્મ ભાખ્યો મોહક્ષોભવિહીન નિજ પરિણામને. ૮૩.

વ્રતાદિ શુભભાવોથી તો ભગવાને પુણ્યબંધ કહ્યો છે, ધર્મ કહ્યો નથી; ધર્મ તો જ્ઞાયકસ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતા મોહક્ષોભરહિત શુદ્ધ પરિણામને કહ્યો છે. જ્ઞાનીને ભૂમિકા પ્રમાણે શુભ ભાવ આવે, પણ તે વખતે તેને અંતરમાં જે જ્ઞાતૃત્વધારા નિરંતર ચાલુ છે તે જ ધર્મ છે, શુભ રાગ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આ બધાય ભાવો દરમ્યાન જ્ઞાતૃત્વપરિણતિની ધારા તો સતત ચાલુ જ હોય છે.'**

જ્ઞાની શ્રાવકને ભૂમિકાનુસાર વ્રત-તપાદિ શુભ ભાવો હઠ વિના આવે છે ત્યારે પણ— એ બધાય શુભ ભાવો દરમ્યાન પણ — તેને અંતરમાં સ્વભાવના આશ્રયે 'હું કેવળ જ્ઞાતાદ્રષ્ટા છું' એવી પરિણમનની ધારા તો સતત ચાલુ જ હોય છે. અહા! પહેલાં સાચા આત્માર્થીની તેમ જ તેની સ્વભાવપ્રાપ્તિ માટે ખટકની વાત કરી, ત્યાર પછી ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીની વાત કહી, હવે મુનિરાજની વાત કહે છે.

જેમ ઘોર નિદ્રામાં સૂતેલાને આસપાસના જગતનું ભાન નથી રહેતું, તેમ ચૈતન્યની અત્યંત શાન્તિમાં ઠરી ગયેલા મુનિવરોને જગતના બાહ્ય વિષયોમાં જરા પણ આસક્તિ થતી નથી; અંદર સ્વરૂપની લીનતામાંથી બહાર નીકળવું જરાય ગોઠતું નથી; આસપાસ વનના વાઘ ને સિંહ ત્રાડ પાડતા હોય તોપણ તેનાથી જરાય ડરતા નથી કે સ્વરૂપની સ્થિરતાથી જરાય ડગતા નથી. અહા! ધન્ય એ અદ્ભુત દશા!

**— પૂજ્ય ગુરુદેવશ્રી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૪૯

તા. ૧૩-૧૧-૭૮

## વચનામૃત — ૩૭૮ (ચાલુ)

**'નિજસ્વરૂપધામમાં રમનારા મુનિરાજને પણ પૂર્ણ વીતરાગદશાના અભાવે વિધવિધ શુભભાવો હોય છે :— તેમને મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, પંચાચાર, સ્વાધ્યાય, ધ્યાન ઇત્યાદિ સંબંધી શુભભાવો આવે છે તેમ જ જિનેન્દ્રભક્તિ-શ્રુતભક્તિ-ગુરુભક્તિના ઉલ્લાસમય ભાવો પણ આવે છે.'**

નિજ સુખસ્વરૂપ ધામમાં વસનારા મુનિરાજને પણ અનેક પ્રકારના શુભભાવો આવે છે. અહીં 'પણ' શબ્દ કેમ આવ્યો?—કે ચોથે ગુણસ્થાને અવિરતિ સમ્યગ્દષ્ટિને અને પાંચમે ગુણસ્થાને દેશવિરતિ શ્રાવકને તો અંતરમાં જ્ઞાતૃત્વધારા સતત વર્તતી હોવા છતાં, તે તે ભૂમિકાને ઉચિત શુભભાવો આવે છે, પરંતુ મુનિરાજ સ્વરૂપ-સ્થિરતામાં આગળ વધી ગયા છે માટે તેમને શુભભાવ ન જ હોય-એમ નથી. ત્રણ કષાયના અભાવજનિત વીતરાગતા પ્રગટી હોવા છતાં તેમને પણ, પૂર્ણ વીતરાગદશા હજુ નહિ પ્રગટી હોવાથી, મહાવ્રત, સમિતિ, સામાયિક આદિ ષટ્ આવશ્યક, પંચાચાર, સ્વાધ્યાય, ધ્યાન વગેરે સંબંધી શુભભાવો આવે છે.

અહા! મુનિરાજ કોને કહીએ? 'સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત રહે તદ્ ધ્યાન મહીં'—મુનિરાજને તો મુખ્ય બે જ કાર્ય હોય છે: ધ્યાન અને સ્વાધ્યાય. પૂર્ણ વીતરાગદશાના અભાવે તેમને અઠ્યાવીશ મૂળ ગુણ વગેરે તેમ જ સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રદેવ, આપ્તપ્રણીત વીતરાગ શ્રુત અને વીતરાગ નિર્ગ્રંથ ગુરુની ભક્તિ, ઉપાસના વગેરેના ઉલ્લાસમય શુભભાવો પણ આવે છે. ભૂમિકાનુસાર આવા વિવિધ ભાવો વખતે પણ તેમને નિજ શુદ્ધાત્મદ્રવ્યના ઉગ્ર આલંબનજનિત મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાનધારા તો સતત ચાલુ જ હોય છે.

સર્વત્ર 'વીતરાગતા' એ જ જૈનધર્મ છે. અવિરત સમ્યગ્દષ્ટિ હો, દેશવિરત શ્રાવક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હો કે સર્વવિરત મુનિરાજ હો, બધેય — ભૂમિકાને ઉચિત શુભભાવો હોવા છતાં — પરિણતિમાં જેટલી **વીતરાગતા** પરિણમી છે તેટલો ધર્મ છે, સાથે વર્તતો શુભરાગ એ કાંઈ ધર્મ કે ધર્મનું પરમાર્થ સાધન નથી. પહેલાં સાચા આત્માર્થીની ને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થની વાત કરી, હવે અહીં નિજસ્વરૂપધામમાં રમનારા સર્વવિરત મુનિરાજની વાત કહે છે.

સુખનિધાન નિજ જ્ઞાયક-બાગમાં રમનારા મુનિરાજને પણ હજી પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ દશા પ્રગટી નથી; પૂર્ણ દશા તો અરિહંત પરમાત્માને પ્રગટી છે. પૂર્ણ **વીતરાગ** દશા પ્રગટી નહિ હોવા છતાં, મુનિરાજને વીતરાગસ્વભાવી નિજ જ્ઞાયક ભગવાનના ઉગ્ર આલંબનથી વીતરાગતા ઘણી ઉત્પન્ન થઈ છે. 'આત્માવલોકન'ના 'ગુરુ-અધિકાર'ના ગાથામાં આવે છે ને? —

वियरायं वियरायं जीयस्स णिय ससरूवो वियरायं ।
मुहु मुहु गणदि वियरागं, सो गुरुपयं भासदि सया ॥

જીવનું નિજ સ્વરૂપ વીતરાગ છે — એમ જે વારંવાર કહે છે તે જ સદા ગુરુપદે શોભે છે. મુનિરાજ પોતાને તો વીતરાગરૂપે અનુભવે છે જ પણ જો બીજાને ઉપદેશ આપે તો બીજું બધું છોડીને માત્ર જીવના એક નિજ વીતરાગસ્વરૂપને જ વારંવાર કહે. તેમને બીજો કાંઈ અભ્યાસ નથી, આ જ એક અભ્યાસ છે. પોતે પણ અંતરંગમાં પોતાને વીતરાગરૂપ અભ્યાસે છે અને બાહ્યમાં પણ જ્યારે બોલવાનો વિકલ્પ આવે ત્યારે 'આત્માનું સ્વરૂપ વીતરાગ છે' — એ જ વચન બોલે છે. આ કારણે જ તેમને ગુરુની પદવી શોભે છે, અન્ય સરાગીને નહિ. જેના ઉપદેશમાં એવું આવે કે વ્રત, તપ, ભક્તિ, સ્વાધ્યાય વગેરે શુભરાગ કરવાથી ધર્મ થાય છે તે મુનિ નથી, ધર્મી નથી, તેનો ઉપદેશ તત્ત્વથી વિપરીત છે. રાગથી — ભલે ને તે શુક્લ લેશ્યારૂપ હોય — કદી ધર્મ થાય નહિ, કેમ કે તે તો આસ્રવ છે ને બંધનું કારણ છે, અને ધર્મ તો સંવર-નિર્જરાસ્વરૂપ છે ને મોક્ષનું કારણ છે; શુભરાગ અને ધર્મ — બન્નેનું સ્વરૂપ પરસ્પર વિપરીત છે.

રાગ અને જ્ઞાન (ધર્મ) — બન્નેનું સ્વરૂપ અન્યોન્ય વિરુદ્ધ હોવા છતાં સાધકને — જ્ઞાની ગૃહસ્થ તેમ જ મુનિરાજને પણ — બન્ને ધારા એકસાથે હોય છે. મુનિરાજને પણ, પૂર્ણ વીતરાગદશાનો અભાવ હોવાથી, ભિન્ન ભિન્ન પ્રકારના — કોઈ વાર વ્રતના, કોઈ વાર ભક્તિ, પૂજા કે ભગવત્સ્મરણના, કયારેક અઠ્યાવીશ મૂળગુણના, કયારેક પંચાચારમાંથી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચારના, કયારેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્રસ્વાધ્યાયના અને ક્યારેક તત્ત્વચિંતન ને ધ્યાનના—શુભભાવો આવે છે. 'હું ધ્યાન કરું, હું ધ્રુવ શુદ્ધ જ્ઞાયક છું' એવા વિકલ્પ પણ—આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં—શુભરાગ, આસ્રવ ને બંધનું કારણ છે.

શુભરાગ આસ્રવ ને બંધનું કારણ હોવા છતાં જ્ઞાની ધર્માત્માને પણ—મુનિરાજને પણ—જિનેન્દ્રભક્તિ, શ્રુતભક્તિ ને ગુરુભક્તિના ઉલ્લાસમય ભાવો, અંતરમાં સમસ્ત રાગ પ્રત્યે હેયબુદ્ધિ રાખીને, આવે છે, કેમ કે સાધકદશા હજુ અધૂરી છે, પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી. પૂર્ણ વીતરાગને વંદ્યવંદકભાવ ન હોય, અરે! અપ્રમત્તદશા થતાં જ બુદ્ધિપૂર્વકના વિકલ્પનો અભાવ થવાથી વંદ્યવંદકનો વ્યવહાર છૂટી જાય છે. પરંતુ સવિકલ્પદશામાં જ્ઞાની ગૃહસ્થને 'વસુવિધિ અર્ઘ સંજોયકે, અતિ ઉછાહ મન કીન, જાસોં પૂજોં પરમ પદ, દેવ-શાસ્ત્ર-ગુરુ તીન' એમ પૂજનસામગ્રીથી અને મુનિરાજને ભાવથી જિનેન્દ્રભક્તિ, શ્રુતભક્તિ ને ગુરુભક્તિના ઉલ્લાસમય શુભભાવો પણ, અંતરમાં જ્ઞાનધારારૂપ વીતરાગ પરિણતિનો મહિમા અધિક રાખીને, આવે છે.

નિજસ્વરૂપધામનું ક્ષેત્ર છે અસંખ્ય પ્રદેશમાં, પણ તેમાં ગુણો છે અપરિમિત અનંત. દરેક ગુણનો સ્વભાવ પણ અનંત છે: જ્ઞાન અનંત, દર્શન અનંત, આનંદ અનંત. જે સ્વભાવ હોય તેને અંત, મર્યાદા, હદ કે સીમા ન હોય. બેહદ સ્વભાવસ્વરૂપ નિજ જ્ઞાયકધામમાં રમનારા મુનિરાજને પણ, પૂર્ણ વીતરાગસ્વરૂપ પરમાત્મદશા પ્રગટી નહિ હોવાથી, ભૂમિકાનુસાર વ્રતાદિના તથા ધ્યાનાદિના શુભભાવ આવે છે. મિશ્ર ભૂમિકા હોવાથી શુદ્ધભાવનું તથા થોડું શુભભાવનું વેદન છે, પણ વેદનનું આલંબન નથી. જેનું આલંબન તેનું વેદન નહિ અને જેનું વેદન તેનું આલંબન નહિ. વ્યવહાર-રત્નત્રયસ્વરૂપ શુભભાવ અવલંબન કરવા લાયક નથી, અવલંબન કરવા લાયક તો ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વરૂપ નિજ ચૈતન્યધામ છે.

**"'હે જિનેન્દ્ર! આપનાં દર્શન થતાં, આપનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં, મને શું ન પ્રાપ્ત થયું? અર્થાત્ આપ મળતાં મને બધુંય મળી ગયું.' આમ અનેક પ્રકારે શ્રી પદ્મનંદી આદિ મુનિવરોએ જિનેન્દ્રભક્તિના ધોધ વહાવ્યા છે."**

જેમને નિજ જ્ઞાયક પરમભાવના ઉગ્ર આશ્રયે અંતરમાં ત્રણ કષાયના અભાવસ્વરૂપ શુદ્ધતા પરિણમી છે એવા શ્રી પદ્મનંદી આદિ નિર્ગ્રંથ મુનિવરો પણ, પર્યાયમાં પૂર્ણ વીતરાગ દશા પ્રગટી નહિ હોવાથી, ઉલ્લસિત ભાવે જિનેન્દ્રભક્તિના ધોધ વહાવતા થકા કહે છે કે—'હે જિનેન્દ્ર! હે વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા! આપનાં દર્શન થતાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં. મને શું ન પ્રાપ્ત થયું ? અરે ! આપ મળતાં મને બધુંય મળી ગયું, જગતની સર્વોત્કૃષ્ટ વસ્તુ નિજ જ્ઞાયકદેવ મળી ગયો, સ્વર્ગ-મોક્ષનો દાતા મોક્ષમાર્ગ મળી ગયો. હે નાથ ! આપનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં મને, જેની પાસે ચૌદ બ્રહ્માંડનું રાજ્ય પણ તુચ્છ છે એવી, નિજશુદ્ધાત્મદૃષ્ટિ અને વીતરાગતા મળી ગઈ; એથી બીજું મારે શું જોઈએ ?' આ ઉલ્લાસમય ભક્તિભાવ છે તો શુભ રાગ, આસ્રવ ને બંધનું કારણ, પણ સાધક-દશામાં એવા ભાવો આવ્યા વિના રહેતા નથી. નબળાઈભાવે પર્યાયમાં તેનું વેદન છે પણ દૃષ્ટિમાં તેનું આલંબન નથી. વેદનમાં સવિકલ્પ દશા છે તે સમયે પણ અંતરમાં આલંબન તો ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયકનું જ છે. પર્યાયમાં ગમે તો શુભનું કે શુદ્ધનું વેદન હો, અરે ! મુનિરાજને કદાચિત્ થોડું આર્તધ્યાન ને જ્ઞાની શ્રાવકને થોડું રૌદ્રધ્યાન પણ આવી જાય, તે વખતે પણ આલંબન તો ધ્રુવનું જ છે. શુભ, અશુભ કે શુદ્ધ પર્યાયનું વેદન છે, પણ આલંબન નથી. સાધનામાં મુખ્યતા પર્યાયની નથી પણ આશ્રયભૂત ધ્રુવ દ્રવ્યસ્વભાવની છે.

**'—આવા આવા અનેક પ્રકારના શુભભાવો મુનિરાજને પણ હઠ વિના આવે છે. સાથે સાથે જ્ઞાયકના ઉગ્ર આલંબનથી મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાતૃત્વધારા પણ સતત ચાલુ જ હોય છે.'**

હું મુનિ છું માટે મારે વ્રત-તપ, જિનેન્દ્રભક્તિ-સ્તવન તેમ જ સ્વાધ્યાય-ધ્યાન વગેરે શુભભાવ કરવા જોઈએ, આવા ભાવ નહિ કરું તો મારી દુર્ગતિ થશે, પાપ-કર્મનું બંધન થશે, પ્રતિષ્ઠામાં હાનિ થશે—એમ હઠપૂર્વક નહિ, પણ સહજપણે એવા અનેક પ્રકારના શુભભાવ ભૂમિકાનુસાર મુનિરાજને પણ આવે છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત શ્રાવક કે સર્વવિરત મુનિરાજ—બધાને પોતપોતાની ભૂમિકાનુસાર વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાના તેમ જ બીજા અનેક પ્રકારના જે શુભભાવ આવે છે તે સહજપણે હઠ વિના આવે છે. શુભભાવ વખતે પણ અંતરમાં તેમને તેના પ્રત્યે કર્તૃત્વબુદ્ધિ કે ઉપાદેયબુદ્ધિ નથી. તે વખતે પણ સાથે સાથે જ્ઞાયકના આલંબનસ્વરૂપ ભૂમિકાનુસાર જ્ઞાતૃત્વધારા તો અંતરમાં સતત ચાલુ જ છે.

સાધકનું પરિણમન મિશ્રભાવરૂપ છે; જેટલું જ્ઞાયકના આલંબનસ્વરૂપ છે તેટલી જ્ઞાનધારા છે અને જેટલું ઉદયને અનુરૂપ—શુભાશુભ ભાવરૂપ—છે તેટલી કર્મધારા છે. જ્ઞાની મુનિરાજને સતત વર્તતી નિજસ્વરૂપના ઉગ્ર આલંબનસ્વરૂપ જ્ઞાતૃત્વધારા સાથે જે અનેક પ્રકારના શુભભાવ આવે છે તે હઠ વિના, સહજપણે આવે છે, પરંતુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પ્રત્યે કર્તૃત્વ, સ્વામિત્વ કે ઉપાદેયપણું અણુમાત્ર પણ નથી. જ્ઞાનીને પ્રત્યેક ભાવમાં જે જ્ઞાનધારા છે તે ધર્મધારા છે અને જે કર્મધારા છે તે અધર્મધારા છે. શુભ ને અશુભ ભાવ બંને અધર્મધારા છે અને માત્ર એક શુદ્ધ ભાવ જ ધર્મધારા છે. અરેરે ! લોકોને આ વાત આકરી પડે છે. તેઓ વિરોધ કરે છે અને કહે છે કે—'સોનગઢ નિમિત્ત અને શુભ-ભાવથી ધર્મ થાય એમ માનતું નથી.' જે નિમિત્તથી ને રાગથી ધર્મ માનતા હોય, તેમની દૃષ્ટિમાં સોનગઢની વાત વિરુદ્ધ લાગે—એ વાત સાચી છે. ભાઈ ! નિમિત્તથી ને શુભ રાગથી કદી ધર્મ થાય નહિ, ધર્મ તો ત્રિકાળ વીતરાગસ્વરૂપ નિર્વિકલ્પ નિજ જ્ઞાયક ભગવાન આત્માના અંતર્મુખ આલંબને જ થાય; નિજ સ્વભાવના આલંબન સિવાય બીજા કોઈ ઉપાયે ધર્મ થાય નહિ.

જ્ઞાનીને અંતરમાં ધર્મપરિણતિની સાથે સાથે ભૂમિકાનુસાર શુભાશુભ વિભાવભાવ આવે છે; ચોથા ગુણસ્થાને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે મહિમાના તથા વિષયના તેમ જ વેપાર-ધંધાના, પાંચમા ગુણસ્થાને અણુવ્રતાદિના અને વિષયવાસનાના અને છઠ્ઠે ગુણસ્થાને મુનિરાજને વ્રત-તપના તેમ જ કદાચિત્ આર્તધ્યાનના ભાવ આવે છે, તે સમયે પણ સૌને પોતપોતાની ભૂમિકા પ્રમાણે અંદરમાં જ્ઞાનધારા તો નિરંતર ચાલુ જ હોય છે. ભૂમિકા પ્રમાણે એટલે કે મુનિરાજને વીતરાગ જ્ઞાનધારા અંતરમાં ઘણી વિશેષ છે, ગૃહસ્થ શ્રાવકને તેમના કરતાં અનંતમા ભાગે છે. સમ્યગ્દૃષ્ટિ રાજા લડાઈમાં હોય તે વખતે પણ તેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન ધારા ચાલુ જ હોય છે. અહા ! આવો છે વીતરાગનો માર્ગ ! લોકોને આમાં 'એકાન્ત' લાગે છે, કેમ કે આમાં વ્રતાદિની ક્રિયા તથા શુભભાવ ધર્મ અથવા ધર્મનું કારણ છે—એમ આવતું નથી. ભાઈ! એ માન્યતા તો અનાદિનું મિથ્યાત્વશલ્ય છે. એવી ક્રિયાઓ અને શુભરાગ તો જીવ પૂર્વે અનંત વાર કરી ચૂકયો છે, એ કાંઈ અપૂર્વ નથી. અપૂર્વ તો નિજ શુદ્ધ જ્ઞાયકસ્વભાવના આશ્રયે વીતરાગી જ્ઞાનધારા પ્રગટ કરવી તે છે. મુનિરાજને તો સ્વભાવનો આશ્રય ઉગ્ર-પણે વર્તતો હોવાથી, ભલે અનેક પ્રકારના શુભભાવો હઠ વિના આવે છે, તોપણ સાથે સાથે જ્ઞાયકના પ્રચુર ને પ્રબળ આલંબનથી મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાતૃત્વધારા પણ સતત ચાલુ જ હોય છે.

**'સાધકને—મુનિને તેમ જ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને—જે શુભભાવો આવે છે તે જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી આકુળતારૂપે—દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે, છતાં તે ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી.'**

ભગવાન જ્ઞાયક આત્મા વીતરાગતારૂપ અમૃતનો સાગર છે, તેના અવલંબને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિમાં જે વીતરાગતા થઈ તે તો અકષાય આનંદની ધારા છે. સાધકને — મુનિને, શ્રાવકને તેમ જ અવિરતિ સમ્યગ્દૃષ્ટિને — જ્ઞાતૃત્વપરિણતિ મંદ હોવાથી, સાથે જે શુભ ભાવો આવે છે તે અકષાય આનંદધારાથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાને લીધે આકુળતારૂપે — દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે, છતાં તે ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી. અરે! સોનગઢની (પૂજ્ય ગુરુદેવની) વાત લોકોને આકરી પડે છે, પણ ભાઈ! આ વાત સોનગઢની છે કે ભગવાનના ઘરની? ભગવાને તો પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન વગેરે શુભભાવોને વિષકુંભ કહ્યા છે, અમૃતનો કુંભ તો આનંદામૃતસાગર નિજ જ્ઞાયક એવા સ્વભાવના આલંબને પ્રગટતી નિર્મળ જ્ઞાનધારાને કહેલ છે.

જ્ઞાનીને જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપરમણતારૂપ ચારિત્ર છે તે અમૃતધારા છે; તેને જે શુભભાવો આવે છે તે રાગસ્વરૂપ હોવાથી વિરુદ્ધ સ્વભાવવાળા છે, વિષધારા છે. લોકો તો — અરે! ઉપદેશક સાધુઓ, ત્યાગીઓ અને પંડિતો પણ — વિરુદ્ધ સ્વભાવવાળા શુભભાવોથી લાભ થાય છે, ધર્મ થાય છે — એમ માને છે ને મનાવે છે. પ્રભુ! આ તને ન શોભે; શુભભાવરૂપ મલિન ભાવથી શુદ્ધભાવરૂપ નિર્મળતા પ્રગટે એમ માનવું ને મનાવવું નાથ! એ તને ન શોભે. શુભભાવ તો આકુળતા છે, ને આકુળતા દુઃખરૂપ છે. દુઃખરૂપ ભાવ તો અનાકુળ સુખરૂપ જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધ છે. મુનિરાજને, શ્રાવકને ને સમકિતીને, નિરાકુળ જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધ સ્વભાવ-વાળા હોવા છતાં, વિવિધ શુભભાવો આવે છે, પણ તે દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે. જ્ઞાનીને પણ નીચલી દશામાં એટલું રાગનું — દુઃખનું વેદન કથંચિત્ છે. જ્ઞાનીને દુઃખનું વેદન સર્વથા ન જ હોય — એ વાત બરાબર નથી. જ્યાં સુધી વીતરાગતા પરિપૂર્ણ પ્રગટી ન હોય ત્યાં સુધી જ્ઞાનીને — મુનિરાજને પણ — શુભ રાગ આવે છે, પણ તે દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે.

પૂર્ણ શુદ્ધ દશા પ્રગટી ન હોય ત્યાં સુધી મિશ્રધારારૂપ સાધકદશામાં વીતરાગતા પરિણમી છે તે અનાકુળ આનંદરૂપ છે અને અસ્થિરતાનો જે રાગ રહી ગયો છે તે આકુળતારૂપ — દુઃખરૂપ છે. ક્ષપકશ્રેણીમાં પણ જે અબુદ્ધિપૂર્વક રાગ છે તે દુઃખરૂપ છે. શુભ હો કે અશુભ હો, રાગમાત્ર જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધ સ્વભાવવાળો હોવાથી દુઃખરૂપ છે. જ્ઞાનીને શુભભાવો દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે, સુખરૂપ ને ઉપાદેયરૂપ તો એકમાત્ર નિજ જ્ઞાયકસ્વભાવના આલંબને પ્રગટેલી જ્ઞાતૃત્વધારા જ વેદાય છે ને જણાય છે. જ્ઞાયકના અવલંબનથી જે જ્ઞાનધારા ઉત્પન્ન થઈ તેનું વેદન સુખરૂપ છે અને તેની સાથે જે વ્રતાદિનો શુભભાવ આવ્યો — કર્મધારા, ઉદયધારા પ્રગટ થઈ — તેનું વેદન જ્ઞાનધારાથી વિરુદ્ધ દુઃખરૂપ — આકુળતારૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મીને શુભરાગ આવે છે પણ 'યહ રાગ-આગ દહૈ સદા' — એ ન્યાયે તે ભઠ્ઠી સમાન દુઃખરૂપ લાગે છે. રાગની એકતા તોડીને અને સ્વભાવની એકતા કરીને જેણે પર્યાયમાં અંશે વીતરાગતા અને નિર્વિકલ્પ આનંદ પ્રગટ કર્યો છે તેને મિશ્રભાવરૂપ પર્યાયના એક ભાગમાં, અસ્થિરતાને લીધે, રાગ અને દુઃખ પણ છે.

અહીં સાધકની વાત લીધી છે ને? મુનિ, શ્રાવક અને સમકિતી — ત્રણેય સાધક છે. અહા! ભાષા સાદી ને માલ ઊંચો. જે કોઈ આ (બહેનશ્રીનાં વચનામૃત) વાંચે છે એને એમ થઈ જાય છે કે 'અહાહા! બહુ સરસ વાત છે.' આ વસ્તુ તો કુદરતે સહજ આવી ગઈ છે. અહીં તો એમ કહેવું છે કે સાધકને પૂર્ણ વીતરાગદશાના અભાવે વ્રત, તપ, ભક્તિ, સ્વાધ્યાય વગેરે વિધવિધ શુભભાવો આવે છે પણ તેઓ ત્રિકાળશુદ્ધ જ્ઞાયકના આશ્રયે પ્રગટેલી જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધ સ્વભાવવાળા — રાગ-સ્વભાવવાળા હોવાથી આકુળતારૂપે — દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ જણાય છે. હઠ વિના તેવા પ્રકારનો રાગ આવવો તે, સરાગ ભૂમિકાનું સ્વરૂપ છે. છ ઢાળામાં આવે છે ને —

મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયૌ.

— તેનો અર્થ શું થયો? અનંત વાર પંચમહાવ્રત લીધાં, અઠ્યાવીશ મૂળગુણ નિર્દોષ પાળ્યા, પણ તેનાથી પુણ્યબંધ થયો, સ્વર્ગમાં ગયો; પરંતુ નિજ આતમજ્ઞાન વિના અંશમાત્ર પણ સુખ પામ્યો નહિ. માટે એ સિદ્ધ થયું કે મહાવ્રત વગેરે શુભભાવો શુદ્ધ જ્ઞાનપરિણતિથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે, માત્ર આત્મજ્ઞાન અર્થાત્ જ્ઞાતૃત્વપરિણતિ જ સુખરૂપ છે.

અહા! આવું નિરાલંબી તત્ત્વ તે પરના ને વિભાવના આલંબનથી પ્રગટ ન થાય. અન્યના આલંબનથી તો નહિ જ, પણ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનથી તથા શરીરથી જાવજીવ વ્રત ને બ્રહ્મચર્ય પાળવાના શુભભાવથી પણ સમકિત ન થાય; કેમ કે શરીરની ક્રિયા તો જડ છે અને શુભભાવ તો રાગ છે. શરીરાદિ જડથી ભિન્ન અને રાગાદિ વિભાવથી રહિત ત્રિકાળશુદ્ધ વીતરાગમૂર્તિ જિનસ્વરૂપી જ્ઞાયક પ્રભુ અંતરમાં જે પારિણામિકભાવે સદા બિરાજે છે તેના આલંબને જ પરિણતિમાં વીતરાગભાવ પ્રગટ થાય છે. પોતાના વીતરાગ સ્વભાવના અવલંબન વિના, પરના અવલંબને તો રાગાદિ વિભાવ જ થાય. સાધકને, ભૂમિકા અધૂરી છે માટે રાગ — શ્રાવકને અણુવ્રતાદિના ને મુનિરાજને મહાવ્રતાદિના શુભભાવ — આવે છે, પણ તે સાધનામય જ્ઞાનપરિણતિથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિરુદ્ધ સ્વભાવવાળો હોવાથી આકુળતારૂપે—દુઃખરૂપે વેદાય છે, હેયરૂપ વર્તે છે.

જ્ઞાની ધર્માત્માને—ગૃહસ્થ હો કે મુનિ હો—જેથી તીર્થંકર નામકર્મ બંધાય એવા દર્શનવિશુદ્ધિ, વિનયસંપન્નતા વગેરે શુભભાવ આવે છે પણ તેનું વેદન દુઃખરૂપ —આકુળતારૂપ છે, કેમ કે શુભભાવ તો આસ્રવ ને બંધનું કારણ છે, તેનાથી ધર્મ એટલે કે વીતરાગ પરિણતિ થતી નથી. નિશ્ચયથી તો તે શુભરાગ પુણ્ય છે—અધર્મ છે. ધર્મ તો અબદ્ધ દ્રવ્યસ્વભાવના આલંબને જે અબદ્ધ પરિણામ—વીતરાગ દશા થાય તે છે. સમ્મેદશિખર વગેરે તીર્થોની યાત્રાનો ભાવ પણ શુભરાગ છે, દુઃખ છે. 'એક વાર વંદે જો કોઈ, તાહિ નરક-પશુ ગતિ નહિં હોઈ' પણ એમાં શું? શુભભાવ હોય તો મનુષ્યાદિ ભવ મળે, તેનાથી કાંઈ ભવનો અભાવ ન થાય. રાગભાવ, શુભ હો કે અશુભ હો, આગ છે, ભઠ્ઠી છે. શુભરાગને ભઠ્ઠી કહી ત્યાં એક ભાઈ ભડકી ગયા. વળી તે કહે કે—'જ્ઞાની રાગને—દુઃખને વેદે છે કે છેદે છે? જ્ઞાની રાગને—દુઃખને વેદતો નથી, છેદે જ છે.' ભાઈ! જ્ઞાનીને રાગનું સ્વામિત્વ કે કર્તૃત્વ નથી, પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી ત્યાં સુધી અસ્થિરતાજનિત રાગનું વેદન જ્ઞાનીને પણ હોય છે, સ્વરૂપસ્થિરતાનો વિશેષ પુરુષાર્થ અંતરમાંથી સહજ થાય ત્યારે રાગનું છેદન થાય છે. અહીં બહેનના આ બોલમાં ચોખ્ખું કહ્યું છે કે—સાધકને જે શુભભાવો આવે છે તે જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી આકુળતા-રૂપે—દુઃખરૂપે વેદનમાં આવે છે, હેયરૂપ જણાય છે, છતાં ભૂમિકાનુસાર તે આવ્યા વિના રહેતા નથી. મુનિરાજને પણ જેટલું રાગરૂપ પરિણમન છે તેટલું દુઃખરૂપ વેદન છે. 'પુરુષાર્થસિદ્ધ્યુપાય'માં કહ્યું છે કે—જેટલી રાગાદિ વિભાવભાવોની ઉત્પત્તિ છે તેટલી સ્વરૂપહિંસા છે, રાગાદિની અનુત્પત્તિ તે જ અહિંસા, અનાકુળતા ને સુખ છે. અહા! વીતરાગની આવી વાતો છે.

આનંદનું પૂર્ણ વેદન પરમાત્માને, દુઃખનું પૂર્ણ વેદન મિથ્યાદૃષ્ટિને હોય છે, સાધકને—મુનિને પણ—આનંદનું પૂર્ણ વેદન નથી, જેટલો શુભ રાગાંશ છે તેટલું દુઃખ છે. પરમાત્માને અંશમાત્ર દુઃખ નથી, મિથ્યાદૃષ્ટિને અંશે પણ સુખ નથી. સાધકને, દશામાં અપૂર્ણતા હોવાથી, હજુ બાધકપણું છે. જેટલો બાધકભાવ—શુભરાગ છે તેટલું દુઃખ છે. અહીં સ્પષ્ટ કહ્યું છે કે—અનેક પ્રકારના શુભભાવો મુનિરાજને પણ હઠ વિના આવે છે, પણ તેઓ, અંતરમાં સતત વર્તતી ઉગ્ર જ્ઞાતૃત્વધારાથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી આકુળતારૂપે—દુઃખરૂપે વેદાય છે. અહા, આ વાણી! 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'થી પણ આ (બહેનશ્રીનાં વચનામૃત) ઊંચી ચીજ છે. આમાં તો એકલો માલ જ આવ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'સાધકની દશા એકસાથે ત્રણપટી (-ત્રણ વિશેષતાવાળી) છે :— એક તો, તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે જેમાં અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે; બીજું, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે; અને ત્રીજું, અશુદ્ધ પર્યાયાંશ — જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે — દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.'**

અહા! માલ માલ આવ્યો છે! જ્ઞાની ધર્માત્માની સાધનામાં એકસાથે ત્રણ વિશેષતા છે. એક મહત્ત્વભરી વિશેષતા એ છે કે — તેને જ્ઞાયકનો આશ્રય એટલે કે નિજ શુદ્ધાત્મ-દ્રવ્યસામાન્ય તરફનું જોર — 'હું કેવળ શુદ્ધ જ્ઞાયક છું, પરનો કર્તા-હર્તા-ધર્તા કે સ્વામી નથી તેમ જ શુભાશુભ વિભાવ મારો સ્વભાવ નથી' એવું સાનુભવ શ્રદ્ધાનું બળ — ઉપયોગ અંતરમાં હોય કે બહારમાં — સદાય સતત વર્તે છે. ભગવાન આત્માને તેના સ્વપર-પ્રકાશક અસાધારણ જ્ઞાનસ્વભાવની પ્રધાનતાથી 'જ્ઞાયક' કહ્યો છે. જ્ઞાનીને લડાઈ કે વિષયોપભોગ વખતે પણ ધ્યેયભૂત — આલંબનભૂત — ધ્રુવ જ્ઞાયકનું જોર એક ક્ષણ પણ ખસતું નથી. અહા! અજર પ્યાલા છે! અજર-અમર થઈ જવાની વાતો છે. સતત વર્તતા નિજ શુદ્ધદ્રવ્યાશ્રિત જોર વખતે જ્ઞાનીને દશામાં અંશે શુદ્ધતારૂપ જ્ઞાનધારા અને અંશે શુભાશુભરૂપ કર્મધારા પણ વર્તે છે, પરંતુ તેને તે બંને પર્યાયરૂપ અંશોની ઉપેક્ષા હોય છે, તેનું આલંબન કે તેના પ્રત્યે આશ્રય તરીકેનું જોર હોતું નથી.

દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થતાં સાથે જે જ્ઞાન, આનંદ આદિ સર્વ ગુણાંશ — શુદ્ધતા — પર્યાયમાં પ્રગટ થયેલ છે તેની પણ ઉપેક્ષા છે, પર્યાયાંશનો આશ્રય, આલંબન કે આદર નથી, આદર ને જોર તો માત્ર એક નિજ ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયકભાવનું જ છે; એક ક્ષણ પણ જ્ઞાયકભાવ પ્રત્યેનો આશ્રય (જોર) ખસી જાય તો સાધકની સાધના જ છૂટી જાય, મિથ્યાદૃષ્ટિ થઈ જાય. અહા! આવો છે વીતરાગનો માર્ગ! વીતરાગનો માર્ગ એટલે જિનસ્વરૂપ નિજ પ્રભુનો — જ્ઞાયક દ્રવ્યનો — હો! લોકોએ તો — અરે! હાલના ઉપદેશકોએ પણ — રાગમાં ધર્મ મનાવી દીધો છે. તેઓ કહે છે કે સમકિતની આપણને ખબર ન પડે, માટે બહારની ક્રિયા — વ્રત, તપ, ઉપવાસ, સામાયિક વગેરે — કરો, ધર્મ થઈ જશે. ભાઈ! 'સમકિતની ખબર ન પડે' એ જ બતાવે છે કે તું હજી મિથ્યાત્વમાં પડ્યો છે; મિથ્યાદૃષ્ટિને અંશે પણ ધર્મ હોતો નથી.

અહીં તો કહે છે કે ધર્માત્માને પોતાના ધ્રુવ જ્ઞાયક પ્રભુ પ્રત્યેના આશ્રયરૂપ જે સતત જોર વર્તે છે તેની તેને ખબર પડે છે, તેને ધ્રુવ સ્વભાવના આલંબને જે શુદ્ધતા પર્યાયમાં પ્રગટી છે તેનું અતીન્દ્રિય વેદન પણ હોય છે, પરંતુ તે પ્રગટેલી શુદ્ધતા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાકી રહેલી અશુદ્ધતા — બંને પર્યાયાંશો પ્રત્યે ઉપેક્ષા વર્તે છે. ચારિત્ર પણ દ્રવ્ય-સ્વભાવના વિશેષ આલંબને પ્રગટે છે; દ્રવ્યદૃષ્ટિમાં તેનો (ચારિત્રનો) આશ્રય નથી, અવલંબન નથી; અવલંબન ને આશ્રય તો પ્રારંભથી અંત સુધી એકમાત્ર ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયક ધ્રુવ સ્વભાવનો જ છે. ધ્રુવ પર બાંધેલો દૃષ્ટિનો દોર કદી ખસે નહિ.

સાધકને એકસાથે વર્તતી ત્રિપટી દશામાં બીજી વિશેષતા એ છે કે — પર્યાયમાં ધ્રુવ સ્વભાવના આશ્રયે પ્રગટેલી શુદ્ધતા સુખરૂપે વેદાય છે, અને ત્રીજી વિશેષતા એ છે કે — અશુદ્ધ પર્યાયાંશ, જેમાં વ્રત, તપ, પૂજા, ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય વગેરે શુભ-ભાવો સમાય છે તે, દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે. અહીં અશુદ્ધતામાં શુભભાવની મુખ્યતાથી કહ્યું છે, બાકી જ્ઞાની ગૃહસ્થને પર્યાયમાં વર્તતા બધા અશુભ તેમ જ શુભભાવો દુઃખરૂપે વેદાય છે.

સાધનાના આશ્રયભૂત ભગવાન જ્ઞાયક આત્માનો ધ્રુવ સ્વભાવ તદ્દન પૂર્ણ વીતરાગ-સ્વરૂપ છે, તેમાં રાગનો કણ પણ નથી; તેના આલંબને પ્રગટ થનારી સાધકદશા વીતરાગભાવનો અંશ છે અને ધ્રુવ સ્વભાવના પરિપૂર્ણ આશ્રયે પ્રગટનારી દશા પણ પૂર્ણ વીતરાગતા ને કેવળજ્ઞાનસ્વરૂપ છે. એ રીતે ત્રણેયમાં — આશ્રયમાં, સાધકદશામાં અને સાધ્યદશામાં કેવળ વીતરાગતા જ આવે છે. સાધકદશામાં અંશે વીતરાગતાની સાથે થોડો રાગાંશ છે પણ તે દુઃખરૂપે ને હેયરૂપે વેદાય છે. સાધકને પર્યાયમાં જે શુદ્ધતા છે તે કર્તવ્યની અપેક્ષાએ ઉપાદેય હોવા છતાં આશ્રય-અપેક્ષાએ તેની તદ્દન ઉપેક્ષા છે, કેમ કે શુદ્ધ પર્યાયના આશ્રયે પણ નવી શુદ્ધતા પ્રગટતી કે વધતી નથી, માત્ર ધ્રુવ દ્રવ્યસ્વભાવના આશ્રયે જ પર્યાયમાં શુદ્ધતાનું પ્રગટવું, ટકવું, વધવું ને પૂર્ણ થવું થાય છે. અહાહા! ત્રિપટીનો આ કોઈ પેરેગ્રાફ છે! આ વાત ઘણી વાર કહેવાઈ ગઈ છે, પણ બહેને અહીં તે વાત થોડા શબ્દોમાં તદ્દન સાદી ભાષામાં કહી છે. જ્ઞાનીને આશ્રય (જોર) નિરંતર જ્ઞાયકનો હોય છે; શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની ઉપેક્ષા હોવા છતાં તેનું વેદન છે, શુદ્ધતા સુખરૂપ વેદાય છે અને અશુદ્ધતા દુઃખરૂપ વેદાય છે. અહા! આવું વસ્તુનું સ્વરૂપ છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૫૦

તા. ૧૪–૧૧–૭૮

## વચનામૃત — ૩૭૮ (ચાલુ)

**'સાધકને શુભભાવો ઉપાધિરૂપ જણાય છે— એનો અર્થ એવો નથી કે તે ભાવો હઠપૂર્વક હોય છે.'**

શું કહે છે? જેને ત્રિકાળશુદ્ધ નિજ ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસામાન્યના આશ્રયે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપમગ્નતા અને અતીન્દ્રિય આનંદ આદિ નિર્મળ દશા પ્રગટ થઈ છે એવા સાધક જીવને જે દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ ને સ્વાધ્યાય આદિ શુભભાવો, આવે છે તે ઉપાધિરૂપ જણાય છે; ઉપાધિરૂપ જણાય છે એનો અર્થ એવો નથી કે તે શુભભાવો હઠપૂર્વક હોય છે. સાધકને સ્વભાવાશ્રિત જે રત્નત્રયરૂપ શુદ્ધતા વર્તે છે તે જ મોક્ષમાર્ગ છે, સાથે હઠ વિના વર્તતા શુભભાવો તે કાંઈ મોક્ષમાર્ગ નથી. 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.' ત્રણે કાળે વીતરાગતા તે એક જ મોક્ષમાર્ગ છે.

સાધક કેમ થાય તે વાત પહેલાં કરી, હવે સાધકને શું હોય તે વાત કરે છે. ભગવાન આત્મા રાગાદિ વિભાવથી ભિન્ન છે પણ એક સમયવર્તી જે અધૂરી-પૂરી નિર્મળ પર્યાય તે પૂરતો પણ નથી; તે તો ત્રિકાળશુદ્ધ પરિપૂર્ણ જ્ઞાયક દ્રવ્યસામાન્ય છે. તેને દૃષ્ટિમાં લેવાથી, તેનો જ આશ્રય કરવાથી સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્ર વગેરે સંવર-નિર્જરારૂપ નિર્મળ પર્યાય — ધર્મ — પ્રગટે છે. લોકો તો, અરે! ઉપદેશકો પણ, દયા-દાન વગેરે શુભભાવને ધર્મ તથા ધર્મનું કારણ માને છે. અરેરે! ધર્મની વાતમાં ઘણો ફેર પડી ગયો છે; પણ શું થાય? સાધકને દયા, દાન, વ્રત, તપ વગેરેના શુભભાવ ભૂમિકા પ્રમાણે આવે ખરા, પણ તેને તે ભાવો દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.

પ્રશ્ન :— એમ કહેશો તો કોઈ વ્રતાદિ ધારણ કરશે નહિ!

ઉત્તર :— ભાઈ! વ્રતાદિમાં બહારની ક્રિયા તો કોણ કરી શકે છે? અંતરમાં જેને સ્વભાવના આશ્રયે સ્વરૂપદૃષ્ટિ ને સ્વરૂપસ્થિરતા પરિણમી છે તે સાધક જીવને નીચલી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભૂમિકામાં એવા શુભભાવ, દુઃખરૂપ ને ઉપાધિરૂપ જણાય છે છતાં, આવ્યા વિના રહેતા નથી. ઉપવાસ કરું, ભગવાનનો વિનય કરું — વગેરે શુભભાવ આવે પણ છે અને ઉપાધિરૂપ પણ લાગે છે; ઉપાધિરૂપ લાગે છે તેનો અર્થ એવો નથી કે તે શુભભાવો હઠપૂર્વક હોય છે. ભૂમિકાને અનુરૂપ એવા તે શુભભાવો હઠ વિના સહજપણે આવે છે.

**“આમ તો સાધકના તે ભાવો હઠ વિનાની સહજદશાના છે, અજ્ઞાનીની માફક ‘આ ભાવો નહિ કરું તો પરભવમાં દુઃખો સહન કરવાં પડશે’ એવા ભયથી પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી; છતાં તેઓ સુખરૂપ પણ જણાતા નથી.”**

સાધક જીવને નિજ જ્ઞાયકસ્વભાવના આશ્રયે પર્યાયમાં શુદ્ધતા — વીતરાગતા — પરિણમી છે, પરંતુ પુરુષાર્થની નબળાઈ હોવાથી હજુ પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી. સાધકદશા અધૂરી હોવાથી મિશ્રભાવરૂપ છે. એક જ પરિણતિમાં અંશે શુદ્ધતા (જ્ઞાનધારા) અને અંશે અશુદ્ધતા (કર્મધારા) છે. જ્ઞાનધારાની સાથે વર્તતી કર્મધારાના અવયવરૂપ — ભૂમિકાની તે તે શુદ્ધિ સાથે સુમેળવાળા — જે વ્રતાદિ શુભભાવો આવે છે તેઓ હઠ વિનાની સહજદશાના છે. જ્ઞાયકભાવના આલંબનના બળે પરિણમેલી સાધનારૂપ અંતરંગ શુદ્ધિને લીધે સાધકનું જીવન જ — પરિણમન જ — એવું સહજ થઈ ગયું હોય છે કે અધૂરાશના કારણે વર્તતા વિકલ્પના કાળે, ઊંચી ભૂમિકાનો પુરુષાર્થ નહિ ઊપડતો હોવાથી અને નીચલી ભૂમિકાને અતિક્રમી ગયા હોવાથી, ભૂમિકાનુસાર વિવિધ પ્રકારના શુભભાવો હઠ વિના સહજ આવે છે. મુનિરાજને ગૃહસ્થોચિત અવિરતિના — વેપારધંધાના કે જિનેન્દ્ર-અભિષેક ને દ્રવ્યપૂજાના — ભાવો, અંતરમાં ત્રણ કષાયના અભાવના બળે પ્રગટેલી સ્વરૂપસ્થિરતારૂપ સહજ શુદ્ધિને લીધે, ઊપજતા નહિ હોવાથી અને સ્વરૂપરમણતામાં પૂર્ણપણે જામી જવાનો પુરુષાર્થ — નબળાઈને લીધે — ઊપડતો નહિ હોવાથી, તેમનું જીવન જ એવું બની ગયું છે કે તેમને વ્રત, તપ, સમિતિ, ગુપ્તિ કે ધ્યાન વગેરેના વિકલ્પો સહજપણે ઉઠે છે. હઠ વિના સહજપણે એવા શુભ વિકલ્પો આવે, છતાં તેઓ છે દુઃખરૂપ અને હેયરૂપ.

અહા! શરૂઆતથી ઠેઠ સુધીનું બધું ઘણું સ્પષ્ટ આવ્યું છે. બેડો પાર થઈ જાય એવું આ એક અસાધારણ પુસ્તક છે. બહુ જ ટૂંકામાં આખો સત્યનો સંગ્રહ છે. આ આખા પુસ્તકમાં એટલું બધું ભર્યું છે કે જે કોઈ વાંચે છે તે એમ કહે છે: ‘અહા! આવું તત્ત્વ, છતાં કેવી સાદી ભાષા! પુસ્તક હાથમાંથી હેઠે મૂકવાનું મન ન થાય.’

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાકી તો જેને આગ્રહ હોય તેને એમ થાય કે આમ કેમ? ભાઈ! આ તો સહજ અનુભવની વાણી છે.

વળી, તે દુઃખરૂપ ને હેયરૂપ જણાતા (ભૂમિકાને યોગ્ય) શુભભાવો, અજ્ઞાનીની માફક 'આ દયા, દાન, પૂજા, ભક્તિ વગેરેના ભાવો નહિ કરું તો પરભવમાં દુઃખો સહન કરવાં પડશે' એવા ભયથી પરાણે કષ્ટપૂર્વક — આર્તધ્યાન થાય એ રીતે — કરવામાં આવતા નથી; છતાં જ્ઞાની ધર્માત્માને તેઓ સુખરૂપ પણ લાગતા નથી. તે શુભભાવો ખેદપૂર્વક કરવામાં આવતા નથી અને હઠ વિનાની સહજદશાના છે, તેનો અર્થ એમ નથી કે તે સુખરૂપ, ધર્મરૂપ કે મોક્ષનું કારણ છે. સુખરૂપ, ધર્મરૂપ ને મોક્ષનું કારણ તો ત્રણે કાળે એક શુદ્ધ વીતરાગભાવ જ છે.

અત્યારે આ કાળે શુભભાવ જ હોય એમ ઉપદેશકો — દિગંબર મુનિ સુદ્ધાં — કહે છે, તેથી લોકોને અહીંનું — સોનગઢનું કથન — આકરું પડે છે. આટલાં કષ્ટ સહન કરીએ, પરિષહ સહન કરીએ તે ધર્મ નહિ? ભાઈ! જ્યાં નિજ જ્ઞાનાનંદસ્વભાવનું ભાન જ નથી, સ્વભાવના આશ્રયે પર્યાયમાં ચિદાનંદની જરા પણ ખીલવટ થઈ નથી ત્યાં, એ બધાં કષ્ટ કરો તો કરો પણ, અંશેય ધર્મ નથી. સમયસારના નિર્જરા - અધિકારમાં કહ્યું છે ને —

'क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।... અને બીજા કોઈ જીવો મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી તૂટી મરતા થકા કલેશ પામો તો પામો; પરંતુ જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, રોગાદિ સમસ્ત કલેશ વિનાનું પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી. જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયા-કાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.'

જ્ઞાની સાધક જીવને મહાવ્રત તથા તપ વગેરે શુભભાવ હોય છે, પણ તે હઠ વિના સહજ આવે છે, પરાણે કષ્ટપૂર્વક — ખેદપૂર્વક કરવા પડે છે એમ નથી. સહજપણે આવે છે છતાં તે સુખરૂપ લાગતા નથી. અહો! આવી વાતો આકરી પડે. વાણિયાના હાથમાં જૈનધર્મ આવ્યો, પણ એ ઘૂસી ગયા વ્યાપારની લોતાળમાં, જૈનધર્મનું વાસ્તવિક સ્વરૂપ શું છે એનો વિચાર કરવાની નવરાશ ન મળે. ભાઈ! આ બધા વ્યાપાર આદિનાં પરિણામોથી જુદો પડી — પરિણામોથી હો, વ્યાપાર આદિની બાહ્ય ક્રિયા તો આત્મા જરીય કરી શકતો નથી — અંદર એકદમ જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળશુદ્ધ ત્રણ લોકના નાથને — નિજ જ્ઞાયકપ્રભુને જગાડવો એ જ પહેલામાં પહેલો ધર્મ છે. વેપાર વગેરેનો રાગ તો કૃત્રિમ, વિકાર ને ઉપરનો વેશ છે, તે કાંઈ આત્માના મૂળ સ્વરૂપમાં નથી. તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો ક્ષણિક વિકારી પર્યાય છે. જ્ઞાનીને પર્યાયબુદ્ધિ હોતી નથી. તેને હઠ વિના સહજપણે શુભભાવો આવે છે, છતાં તેઓ સુખરૂપ જણાતા નથી.

**'શુભભાવોની સાથે સાથે વર્તતી, જ્ઞાયકને અવલંબનારી જે યથોચિત નિર્મળ પરિણતિ તે જ સાધકને સુખરૂપ જણાય છે.'**

ભૂમિકાને અનુસાર હઠ વિના સહજપણે વર્તતા વિવિધ શુભભાવોની સાથે સાથે વર્તતી, નિજશુદ્ધાત્મદ્રવ્યસામાન્યને — જ્ઞાયકને — અવલંબનારી જે યથોચિત — અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત શ્રાવક ને સર્વવિરત મુનિરાજને ઉચિત — સાધનામય શુદ્ધ પરિણતિ તે જ તે તે સાધકને સુખરૂપ જણાય છે. જ્ઞાની ધર્માત્માને જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ચૈતન્ય ભગવાનને અવલંબનારી યથોચિત નિર્મળ પરિણતિ પ્રગટ થઈ છે, તેથી સ્વભાવાવલંબી તે નિર્મળ પરિણતિ સુખરૂપ લાગે છે; અને જેટલો રાગાંશ હજુ બાકી છે તેટલું દુઃખ છે. ભગવાન કહે છે કે — અમે પણ તારા માટે પરદ્રવ્ય છીએ. જેટલું દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પરદ્રવ્ય તરફ લક્ષ જાય તેટલો રાગ, દુઃખ ને ચૈતન્યની દુર્ગતિ છે. મોક્ષપ્રાભૃતમાં કહ્યું છે ને —

પરદ્રવ્યથી દુર્ગતિ, ખરે સુગતિ સ્વદ્રવ્યથી થાય છે;
— એ જાણી, નિજદ્રવ્યે રમો, પરદ્રવ્યથી વિરમો તમે. ૧૬.

પ્રભુ ! તારી પ્રભુતામાં અતીન્દ્રિય જ્ઞાન, શાન્તિ ને આનંદ વગેરે નિધાન ભર્યાં પડયાં છે. તેના પર દૃષ્ટિ દેવાથી તારી પર્યાયમાં શાંતિ ને આનંદનો અંશ પ્રગટ થશે. જ્ઞાનીને તે પરિણતિ સુખરૂપ લાગે છે, અને સાથે જે શુભરાગ આવે છે તે દુઃખરૂપ લાગે છે. અહા ! આવી વાત છે. આ ચીજ બહુ દુર્લભ છે. આમ છે તો સહજ; પોતાનું સ્વરૂપ છે ને; પણ અભ્યાસ નથી એટલે દુર્લભ લાગે. અરેરે ! શું થાય ? દુર્લભ છે તોપણ આ કર્યે જ છૂટકો છે.

**'જેમ હાથીને બહારના દાંત — દેખાવના દાંત જુદા હોય છે અને અંદરના દાંત — ચાવવાના દાંત જુદા હોય છે, તેમ સાધકને બહારમાં ઉત્સાહનાં કાર્ય — શુભ પરિણામ દેખાય તે જુદા હોય છે અને અંતરમાં આત્મશાન્તિનું — આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદું હોય છે.'**

હાથીને બહારના, દેખાવના, શોભાના દાંત — દંતૂશળ જુદા હોય છે અને અંદરના ચાવવાના દાંત જુદા હોય છે, તેવી રીતે સમકિતી, શ્રાવક કે મુનિને બહારમાં જે ઉત્સાહનાં કાર્ય કે શુભ પરિણામ દેખાય તે જુદા હોય છે અને અંદર સ્વભાવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આલંબને પ્રગટેલી આત્મશાન્તિનું — આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદું હોય છે. શુભભાવના પરિણમનથી આત્મતૃપ્તિરૂપ શુદ્ધ પરિણમન જુદું હોય છે. અહા! બન્ને એક સમયમાં અને મિશ્રભાવરૂપ એક જ અવસ્થામાં! ઝીણી વાત છે ભાઈ!

સર્વજ્ઞદેવે જૈનશાસનમાં જે ભગવાન આત્મા કહ્યો છે તેની આ વાત છે. અજ્ઞાની સમજ્યા વિના 'આત્મા, આત્મા' કરે છે તેની આ વાત નથી. ભગવાન સર્વજ્ઞદેવે આત્મા જેવો જોયો અને કહ્યો, તેવો પોતાના આત્માને જીવ જ્યારે દેખે ત્યારે અંતરમાં આત્મશાન્તિ — આત્મતૃપ્તિ મળે છે. તે શાન્તિની ધારા — જ્ઞાનધારા — જ્ઞાનીને સુખરૂપ લાગે છે. સાથે જે શુભરાગ આવે છે તે ઉપરછલ્લો ને દુઃખરૂપ લાગે છે. સાધકને, શુદ્ધ અને શુભ બન્ને પરિણમન એક કાળે ને એક અવસ્થામાં હોવા છતાં, બહારનાં ઉત્સાહનાં કાર્ય ને અંતરમાં આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદાં હોય છે. આત્મતૃપ્તિ સુખરૂપ લાગે છે ને ઉત્સાહનાં કાર્ય — શુભરાગ દુઃખરૂપ લાગે છે.

**'બાહ્ય ક્રિયાના આધારે સાધકનું અંતર ઓળખાતું નથી.'**

બહારમાં કદાચિત્ અજ્ઞાની પૂજા, ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય વગેરે ધર્મની ક્રિયા કરતો દેખાય અને જ્ઞાની વેપાર, લગ્ન વગેરે પાપની ક્રિયા કરતો દેખાય; અવિરતિ સમકિતી કદાચિત્ ધર્મશ્રવણ કરતો દેખાય અને દેશવિરત શ્રાવક વિષયોપભોગ કરતો દેખાય; કદાચિત્ શ્રાવક સામાયિકની ક્રિયા કરતો દેખાય અને મુનિરાજ આહાર કરતા દેખાય; — એ પ્રમાણે બહારની ક્રિયાના આધારે અંતરંગ પરિણતિનું માપ નથી. જ્ઞાનાનંદપ્રભુના આશ્રયે પ્રગટેલી શુદ્ધ પરિણતિનો ખ્યાલ એકાંત બાહ્ય ક્રિયાના આધારે નથી આવી શકતો. શ્રીમદ્દે પણ કહ્યું છે ને કે — મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે. બહેને પણ એમ જ કહ્યું છે: બાહ્ય ક્રિયાના આધારે સાધકનું અંતર ઓળખાતું નથી. અહા! આ બોલ મોટો છે, એમાં ઘણા ઊંડા ભાવો આવી ગયા છે.

— * —

## વચનામૃત — ૩૭૯

**જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમાં ચૈતન્યરસ ને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી અને પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે! પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ નથી,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તું નકામો ભ્રમણાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે અને તારું બૂરું કરી રહ્યો છે! ૩૭૯.**

**'જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે.'**

'જગત' શબ્દ દ્વારા પ્રથમ છ પ્રકારનાં દ્રવ્યોના સમુદાયસ્વરૂપ વિશ્વનું અસ્તિત્વ કહ્યું. પોતપોતાના મૂળ સ્વરૂપે કાયમ રહીને પ્રતિક્ષણ નવી નવી અવસ્થારૂપે જે જન્મે — પરિણમે — ઊપજે એવા જીવ-પુદ્ગલાદિ છ દ્રવ્યના સમૂહને જગત કહે છે. જગતમાં ઊંચામાં ઊંચી વસ્તુ, સારામાં સારી ચીજ, સર્વોત્કૃષ્ટ મહિમાયુક્ત પદાર્થ તારો જ્ઞાનાનંદસ્વભાવી આત્મા જ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ, સર્વોત્કૃષ્ટ નિજ જ્ઞાયક પદાર્થને સમજવામાં ઉત્કૃષ્ટ નિમિત્ત હોવાથી, વ્યવહારે સર્વોત્કૃષ્ટ — લોકોત્તમ કહેવાય, પરંતુ તેઓ પણ પરવસ્તુ હોવાથી આ (પોતાના) આત્મા માટે પરમાર્થે સર્વોત્કૃષ્ટ ચીજ નથી. નિશ્ચયે તો પોતાનો ત્રિકાળશુદ્ધ પરમાનંદપિંડ નિજ જ્ઞાયક આત્મા જ લોકોત્તમ — સર્વોત્કૃષ્ટ પરમ પદાર્થ છે.

અરેરે! કેટલાક તો એમ કહે છે કે સાધકને તો વ્યવહાર જ હોય, નિશ્ચય તો સિદ્ધને હોય. અરર! કાળા કેર કરી નાખ્યા છે ને! સ્વભાવના આશ્રયરૂપ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રનું અંશે શુદ્ધ પરિણમન — નિશ્ચય — ન હોય તો તે સાધક જ કેમ કહેવાય? અરે! શું થાય? ત્રણ લોકના નાથની ગેરહાજરી, પુણ્યની પણ ગેરહાજરી, એટલાં પુણ્ય નહિ કે દેવ આવીને કહે: 'આ સાચું છે.' વિશ્વધર્મ કોને કહેવાય? જૈનધર્મ અર્થાત્ આત્મધર્મ એ જ વિશ્વધર્મ છે. લોકો કહે છે કે 'જૈનધર્મ' તો વાણિયાનો ધર્મ છે. પૂજા, ભક્તિ, વ્રત ને ઉપવાસ વગેરે ક્રિયાઓ કરવી તે વાણિયાનો ધર્મ છે. ભાઈ! વ્રતાદિની બાહ્ય ક્રિયા કે શુભરાગ 'ધર્મ' નથી, ધર્મ તો મોહરાગદ્વેષ રહિત આત્માનો વીતરાગ પરિણામ છે. વીતરાગભાવ તે વાણિયાનો નહિ પણ આત્માનો ધર્મ છે. જૈનધર્મ કોઈ પક્ષ કે વાડો નથી, વસ્તુધર્મ છે.

ચિંતામણિ, કલ્પવેલી, કામધેનુ, સુરતરુ વગેરે બધી ઉપમાઓ જેની પાસે તુચ્છ લાગે છે એવો તારો અભેદ જ્ઞાયક આત્મા જ સર્વોત્કૃષ્ટ છે, તારા માટે જગતની બીજી કોઈ વસ્તુ સાર કે ઉત્કૃષ્ટ નથી; દેવ-ગુરુ વગેરે નિમિત્ત, શુભરાગ, એક સમયની પર્યાય કે ગુણ-ગુણીભેદ વગેરે કોઈ ઉત્કૃષ્ટ નથી.

**'તેમાં ચૈતન્યરસ ને આનંદ ભરેલા છે.'**

ભગવાન આત્મા દેહથી, વાણીથી, મનથી, કર્મથી ને પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનાનંદસ્વરૂપ અભેદ ચૈતન્યરસથી ભરેલો છે. પરદ્રવ્યમાં લક્ષ જશે તો શુભાશુભ વિકલ્પો ઊઠશે અને અભેદ ચૈતન્યરસથી ને આનંદથી ભરપૂર સર્વોત્કૃષ્ટ નિજ જ્ઞાયક તરફ દૃષ્ટિ કરીશ તો તને સમ્યગ્દર્શન, જ્ઞાન ને અનુપમ આત્મશાન્તિ થશે. અહા ! શું થાય? પોતે, સર્વોત્કૃષ્ટ પરમેશ્વર હોવા છતાં, પોતાને ભૂલી ગયો છે. જેમ કોઈ માણસ પોતાની મૂઠીમાં રાખેલું સોનું ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સોનાને દેખે, તેમ આ આત્મા પોતાના જ્ઞાનાનંદભરપૂર પરમેશ્વર આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો થકો પોતે પોતાને અનુભવમાં પ્રાપ્ત કરે છે.

જ્ઞાનરસ, દર્શનરસ, આનંદરસ, વીર્યરસ આદિ અનંત અનંત ગુણરસરૂપ અભેદ એક શુદ્ધ ચૈતન્યરસ જેમાં ભર્યો પડયો છે એવો સર્વોત્કૃષ્ટ પદાર્થ ભગવાન આત્મા 'અરસ' છે. તેમાં ખાટો, મીઠો વગેરે મૂર્તિક રસ નથી માટે તે 'અરસ' છે અને ચૈતન્ય-રસથી પરિપૂર્ણ હોવાથી 'સરસ' છે. આત્મામાં ચૈતન્યરસ ને આનંદરસ, કોઠીમાં જુવારની જેમ નહિ પણ સાકરમાં મીઠાશ ને સફેદીની જેમ, સદાય ભર્યો છે.

**'તે ગુણમણિઓનો ભંડાર છે.'**

ભગવાન જ્ઞાયક આત્મા અનંત અનંત ગુણમણિઓનો ભંડાર છે. ચૈતન્યસ્વરૂપ ગુણમણિઓમાં સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, આનંદ, શાન્તિ વગેરે ગુણો મુખ્ય છે. સર્વોત્કૃષ્ટ જ્ઞાનાદિ ગુણમણિઓનો ભંડાર એવા નિજ જ્ઞાયક આત્માનું લક્ષ કરવાથી, તેનું આલંબન લેવાથી, તે ગુણમણિઓ પર્યાયમાં નિર્મળપણે પરિણમે છે.

**'આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી અને પર-વસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે!'**

પોતાની દિવ્યતાની મહત્તા ભાસ્યા વિના પર ચીજની મહત્તા હૃદયમાંથી ટળતી નથી. જેમ અજાયબઘરમાં ઘણું અવનવું જોવાનું હોય છે, તેમ ગુણમણિઓનો ભંડાર તારો આત્મા પણ એક અદ્‌ભુત અમૂર્તિક અજાયબઘર છે. અનંત અનંત દિવ્યતાથી પરિપૂર્ણ તારા દિવ્યસ્વરૂપને તું અંતર્મુખ દૃષ્ટિ કરીને ઓળખતો નથી અને શરીર વગેરે મૂર્તિક અચેતન પરવસ્તુને કીમતી ગણીને તેને પ્રાપ્ત કરવા માટે તથા તેના રખોપા માટે વ્યર્થ મહેનત કરી રહ્યો છે. અંદર અમૂલ્ય તત્ત્વનું મૂલ્ય — કિંમત ભાસ્યા વિના પરની કિંમત અંતરમાંથી હઠતી નથી. શરીર ઠીક છે, આબરૂ ઠીક છે, રાગ ઠીક છે, શુભભાવ ઠીક છે — એમ પર ને વિભાવમાં અટકી ગયો, પણ અંતરમાં પોતે તેમનાથી ભિન્ન મહામૂલ્યવાન વસ્તુ છે તેની કિંમત ભાસી નહિ. પરની કિંમત લાગી તેથી તેને પ્રાપ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવા માટે તું મહેનત કરી રહ્યો છે. શરીર બહુ સરસ, વાણી બહુ સરસ, મકાન બહુ સરસ, આબરૂ બહુ સરસ, પૈસા સરસ — એમ પર ચીજને મૂલ્યવાન ગણીને તેને મેળવવા માટે રાત-દી મહેનત કરી રહ્યો છે! આમ રળું ને તેમ રળું — એમ પરમાં ઉધામા કરી રહ્યો છે, પરંતુ અંતરમાં પોતાનો જ્ઞાયક પ્રભુ બિરાજે છે તેની દિવ્યતાને ઓળખવાનો પ્રયત્ન પણ કરતો નથી. અંદર મહામૂલી ચીજ છે તેની કિંમત — મહિમા કરતો નથી અને બાહ્ય ચીજોની કિંમત કરવા મથી રહ્યો છે!

**'પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ નથી, તું નકામો ભ્રમણાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે અને તારું બૂરું કરી રહ્યો છે!'**

શરીર, પત્ની, પુત્ર, પૈસો, આબરૂ, કીર્તિ વગેરે પરપદાર્થો ત્રણ કાળમાં કદી આત્માના થયા છે? ૧૬ હજાર દેવો જેની તહેનાતમાં હતા, અપ્સરા જેવી જેને ૯૬ હજાર રાણીઓ હતી એવો વિષયલુબ્ધ બ્રહ્મદત્ત ચક્રવર્તી મણિરત્નના પલંગ પર સૂતો સૂતો, 'કુરુમતી! કુરુમતી!' એમ સ્ત્રીરત્ન — પટરાણી માટે વિલખતો વિલખતો મરીને સાતમી નરકે ગયો. શું કોઈ એને શરણ થયું? સાતમી નરકમાં હજુ તેને એક પલ્યોપમ જેટલો પણ કાળ થયો નથી, ત્યાં તેને ૩૩ સાગરોપમ સુધી દુઃખ ભોગવવાનાં છે. ભાઈ! નરકમાં કેવાં ભયંકર દુઃખો હોય છે તેનો કે દી વિચાર કર્યો છે? જેનાં એક ક્ષણનાં દુઃખો કરોડો જીભે ને કરોડો ભવે વર્ણવી ન શકાય એવા નરકમાં ૩૩ સાગરની સ્થિતિએ એ ૯૬ હજાર સ્ત્રીઓનો સાહેબો, મિથ્યાત્વશલ્ય ને તીવ્ર વિષયાનુરાગને કારણે, જઈને પડયો. અહા! મિથ્યાત્વના ગર્ભમાં આવા અનંતા ભવો પડયા છે!

ભગવાન આત્માની કિંમત ન ભાસે અને પરની કિંમત ભાસે તે મિથ્યાત્વભાવ છે. ૬૦ વર્ષે દીકરો થાય તો રાજી રાજી થઈ જાય કે 'હવે મારું નામ રહેશે, મારો વંશ રહેશે.' અરેરે! ભાઈ! આ તું શું કરે છે? કોનું નામ ને કોનો વંશ? તું પરવસ્તુનો સંબંધ ઇચ્છે છે, પણ શું પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ છે? પરવસ્તુ કોઈની કદી થઈ નથી અને સ્વવસ્તુ — જ્ઞાયક ચીજ — કોઈની કદી ગઈ નથી. તારી સ્વવસ્તુને તું અંતરમાં ઓળખીને ગ્રહણ કર તો એ કદી જાય એવી નથી. જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણમણિઓનો ભંડાર એવા નિજ જ્ઞાયક પ્રભુ સામે જો. ત્યાં દૃષ્ટિ દે, તેને 'મારો' કરીને માન તો એ પરિણતિમાંથી કદી નહિ જાય, પણ પરને 'મારાં' તરીકે માનીશ તો એ તારાં કદી નહિ થાય. પરવસ્તુ તો તારી કદી નહિ જ થાય, પણ પરને લક્ષે થતો રાગ પણ તારો નહિ થાય. મનપસંદ રાગને રાખવા માગીશ તોપણ તે તારો રાખ્યો રહેશે નહિ. જેમ શરીર, સ્ત્રી, પુત્ર, આબરૂ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરે **ચીજો** આત્માથી પર છે, તેમ રાગ પણ, આત્માનો સ્વભાવ નથી તેથી, આત્માથી ભિન્ન છે.

પરવસ્તુ ત્રણ કાળમાં કદી આત્માની થઈ નથી, તું નકામો ભ્રાન્તિથી તેને પોતાની કરવા મથામણ કરી રહ્યો છે; એમ કરવાથી તારું અહિત જ થઈ રહ્યું છે. સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ ગુણરત્નોથી સદા ભરપૂર એવું પોતાનું સ્વરૂપ જે નિત્ય છે અને પોતાનું થઈને કાયમ રહેશે તેની તો ખબર નથી, તેથી તું ભ્રમણાથી પરવસ્તુને નિત્ય રાખવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહ્યો છે, પણ તેથી તને શો લાભ છે? ઊલટું તારું બૂરું—અહિત—થઈ રહ્યું છે. 'અત્યારે પૈસા કમાઈ લઈએ, પછી વૃદ્ધાવસ્થામાં તે કમાણી કામ આવશે', અરે ભાઈ! આ તું શું કહે છે? અંતરની સ્વચીજને, જે શાશ્વત છે અને સદા સાથે રહેવાની છે તેને, ભૂલીને પરને પોતાની કરવા મથી રહ્યો છે, પણ તે કદી તારી થઈ નહોતી, થઈ નથી ને થશે નહિ. એ ખોટી મથામણથી તું તારું અત્યંત બૂરું કરી રહ્યો છે, અનંત ભવભ્રમણના કારણરૂપ ભ્રાન્તિને—મિથ્યાત્વને સેવી રહ્યો છે!

એક શુદ્ધ જ્ઞાયકભાવનો સ્વભાવ ત્રણ કાળને યુગપદ્ જાણવાનો છે. જીવે અનાદિથી પોતાના સર્વજ્ઞસ્વભાવને કદી જાણ્યો નથી. પરિભ્રમણના દરેક ભવમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવના જે જે પ્રસંગમાં આવ્યો ત્યાં ત્યાં તેટલું તેટલું જાણીને અનંત ભવ કર્યા, પણ એક સમયમાં ત્રણ કાળને જાણનાર એવા પોતાને જાણ્યો નથી. અહીં તો એમ કહે છે કે પરવસ્તુ એ કાંઈ આત્માની ચીજ નથી. 'આટલા શ્રાવક બનાવ્યા', 'આટલા મને માનનારા છે'—ભાઈ! આ બધું શું છે? તું નકામો ભ્રમણા સેવીને પોતાનું અહિત કરી રહ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૫૧

તા. ૧૫-૧૧-૭૮

## વચનામૃત — ૩૮૦

**જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. ૩૮૦.**

**'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી.'**

આ ૩૮૦મા બોલમાં બહુ સાદા દૃષ્ટાંતથી સિદ્ધ કર્યું છે. સોનાને કદી કાટ લાગતો નથી. સોનું કદી કાદવમાં પડયું હોય તોપણ શું તેને કાટ લાગે? કાટ તો લોખંડ, પિત્તળ કે તાંબાને લાગે, સોનાને કદી નહિ. બીજો દાખલો અગ્નિનો આપ્યો છે. શું અગ્નિને કદી ઊધઈ લાગે? ઊધઈ તો પોચી રાંક જાત છે, તડકો જરી આકરો થાય ત્યાં સડ સડ થઈ મરી જાય; અગ્નિની નજીક આવતાં જ સડ સડ થઈને જે મરી જાય તે ઊધઈ અગ્નિને કઈ રીતે લાગે? ઊધઈ પુસ્તક કે લાકડાં વગેરેને લાગે, પણ અગ્નિને કદી લાગે નહિ.

એ રીતે જેમ સુવર્ણને કાટ લાગતો નથી ને અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ આનંદકંદ એવા આ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. જ્ઞાયકસ્વભાવ, દ્રવ્યસ્વભાવ, શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય, ધ્રુવ પરમભાવ, કારણપરમાત્મા કે નિજ શુદ્ધ અસ્તિત્વસામાન્ય — બધાંનો અર્થ એક જ છે. સહજ એકત્વમાં સદા સુસ્થિત એવા ભગવાન જ્ઞાયકમાં — દ્રવ્યસ્વભાવમાં — આવરણ કદી આવતું નથી. મૂળ દ્રવ્ય-સ્વભાવને જો આવરણ આવે તો વસ્તુ જ અવસ્તુ થઈ જાય — વસ્તુનો જ નાશ થઈ જાય. જ્ઞાનાવરણીય વગેરે આવરણના નિમિત્તપણાનો અને રાગાદિ વિભાવનો સંબંધ જીવની એક સમયવર્તી પર્યાય સાથે છે, ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વભાવી ધ્રુવ વસ્તુસામાન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે નહિ; તેથી જ્ઞાયકવસ્તુને કદી આવરણ આવતું નથી. અહાહા! આ તો મૂળ ચીજ છે!

જેનો જે સ્વભાવ હોય તે હંમેશાં પરિપૂર્ણ જ હોય, સ્વભાવને કદી અપૂર્ણતા — ઊણપ — મર્યાદા — સીમા — હદ હોય નહિ. જ્ઞાન ને આનંદ આદિ અનંત ચેતન ગુણોના રસકંદસ્વરૂપ ધ્રુવ જ્ઞાયકસ્વભાવમાં પણ કદી ઊણપ આવતી નથી. જીવને ઊણપ તો જ્ઞાન, દર્શન, વીર્ય વગેરેમાં પર્યાય-અપેક્ષાએ આવે છે, ત્રિકાળપરિપૂર્ણ ધ્રુવ દ્રવ્ય-સ્વભાવની અપેક્ષાએ નહિ. જ્ઞાયકવસ્તુ સ્વભાવે તો સદા પરિપૂર્ણ અર્થાત્ શક્તિએ કેવળજ્ઞાનાદિનો કંદ જ છે, તેનામાં ઊણપ કદી આવતી નથી.

જ્ઞાયકસ્વભાવમાં અશુદ્ધિ પણ આવતી નથી. વસ્તુસ્વભાવમાં અશુદ્ધિ કેવી ? ચાંદી, તાંબુ વગેરે અન્ય ધાતુના મિલાપથી સુવર્ણને પર્યાય-અપેક્ષાએ અશુદ્ધિ આવે, એકલા સુવર્ણને અશુદ્ધિ કઈ રીતે આવે ? આત્માને કર્મ-નોકર્મના અનાદિ-પ્રવાહરૂપ સંયોગના નિમિત્તે એકસમયવર્તી પર્યાયમાં રાગાદિરૂપ કે મનુષ્યાદિરૂપ અશુદ્ધિ છે, પરંતુ વસ્તુ — જ્ઞાયકસ્વભાવ — તો ત્રિકાળ શુદ્ધ-શુદ્ધ જ છે. ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વભાવમાં — દ્રવ્યસામાન્યમાં — કદી અશુદ્ધિ આવતી નથી.

જેમ સોનાને કાટ લાગતો નથી ને આગને ઊધઈ લાગતી નથી, તેમ ત્રિકાળ-નિરાવરણ, પરિપૂર્ણ ને ત્રિકાળશુદ્ધ એવા જ્ઞાયકસ્વભાવમાં આવરણ, અધૂરપ કે અશુદ્ધિ આવતી નથી. અહાહા! આ તો એકલો માલ-માલ છે!

**‘તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.’**

ત્રિકાળનિરાવરણ, પરિપૂર્ણ ને શુદ્ધ એવા નિજ ધ્રુવ જ્ઞાયકસ્વભાવને ગુરુગમે બરાબર સમજી તેના ઉપર દૃષ્ટિ દે તો તને સમ્યગ્દર્શન — આત્માવલોકન — આત્મ-સાક્ષાત્કાર પ્રગટ થશે. અહા! ભગવાન આત્માના ધ્રુવ જ્ઞાયકસ્વભાવને આવરણ, ઊણપ કે અશુદ્ધિ કયારેય આવી નથી. તું આવા સહજશુદ્ધ પરિપૂર્ણ જ્ઞાયકતત્ત્વને સમ્યક્ રીતે ઓળખીને તેમાં **લીન** થા, તેનું યથાર્થ જ્ઞાન કરીને તેમાં મગ્ન થઈ જા તો તારાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ આદિ સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. જ્ઞાયકને જાણે — સાક્ષાત્ કરે — તે જ ખરું ‘જ્ઞાન’ છે; જ્ઞાયકને ચૂકીને બહારનું બધું જાણપણું ધારણાનો બોજો છે, ‘જ્ઞાન’ નથી.

આ **ઝીણી** વાત સમજાય નહિ એટલે લોકો કહે છે કે — આ તો નિશ્ચયની વાત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, પણ 'વ્યવહારથી ધર્મ થાય' એમ કંઈક બતાવો ને. ભાઈ! વ્યવહારથી અર્થાત્ શુભરાગથી કદાપિ ધર્મ (શુદ્ધભાવ) થતો નથી; પરંતુ જે અબુધ શિષ્ય અભેદ તત્ત્વને સમજી શકતો ન હોય તેને અભેદમાં ભેદ ઉપજાવીને સમજાવવાની જે રીત તેને વ્યવહાર કહે છે. સમયસારની આઠમી ગાથાના વ્યાખ્યાનમાં ઘણો ખુલાસો આવી ગયો છે. ત્યાં કહ્યું છે કે: 'બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું — એ વચનથી વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.' અભેદ જ્ઞાયક તત્ત્વમાં, સમજાવવા માટે, જેટલા ભેદ-ભંગ પાડવામાં આવે તે અનુસરણ — આશ્રય — કરવા યોગ્ય નથી. સમયવર્તી પર્યાયમાં રાગ છે, વ્યવહાર-રત્નત્રયનો વિકલ્પ છે, જ્ઞાનધારા ને કર્મધારારૂપ મિશ્રભાવ છે, વધુ-ઓછો વિકાસ છે, પણ એ બધું — અરે! પ્રતિસમય પરિણમતી કેવળજ્ઞાન વગેરે પૂર્ણ પર્યાય પણ — આશ્રય કરવાયોગ્ય નથી; આશ્રય કરવાયોગ્ય, આલંબન લેવા યોગ્ય તો ત્રિકાળશુદ્ધ નિત્ય જ્ઞાયકભાવ છે. તેને ઓળખ, તેનું અવલંબન લે. અહા! આવી વાત છે!

ચિદાનંદઘન ધ્રુવ જ્ઞાયકસ્વભાવને — જેમાં ક્યારેય આવરણ નથી, ક્યારેય ઊણપ નથી ને ક્યારેય અશુદ્ધતા નથી એવી નિજ અનુપમ ચીજને — ઓળખી તેમાં ઓતપ્રોત થઈ જા તો તારા સર્વ ગુણોની પર્યાયમાં નિર્મળતાની કોઈ અદ્‌ભુત ચમક પ્રગટ થશે. ધ્રુવ જ્ઞાયકસ્વભાવ તે દ્રવ્ય અને સહજજ્ઞાન ને સહજાનંદ વગેરે તેની શક્તિઓ તે ગુણો; દ્રવ્યસ્વભાવને જેમ આવરણ, ઊણપ કે અશુદ્ધિ નથી તેમ તેના ત્રિકાળશુદ્ધ સર્વ ગુણોને પણ આવરણ, ઊણપ કે અશુદ્ધિ નથી. અનંત ગુણસ્વરૂપ જ્ઞાયક આત્માને ઓળખીને તેમાં લીન થા. લીન થવાની ક્રિયા તે, આત્માની પર્યાય છે. ગુણો બધા પરિપૂર્ણ છે, દ્રવ્યસ્વભાવમાં લીનતા થતાં તે બધા ગુણોની સ્વભાવભૂત ચમક પર્યાયમાં પ્રગટ થશે. અહાહા! આવી સાદી ભાષા!

'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' કહ્યું છે ને? જ્ઞાનાદિ બધા ગુણોની પર્યાયમાં શક્તિમાંથી યથાયોગ્ય વ્યક્તતા થશે. દ્રવ્ય ને ગુણો તો — જ્ઞાયકસ્વભાવ તો — અનાવરણ, પૂર્ણ ને શુદ્ધ હયાતી ધરનારી 'સત્' ચીજ છે, પણ તેને ઓળખીને તેમાં એકાગ્રતા થતાં તેની પર્યાયમાં પણ શુદ્ધતાની ચમક પ્રગટ થશે. ઓળખવાનું કાર્ય પર્યાયમાં થાય છે. ધ્રૌવ્યમાં તો કોઈ ક્રિયા થતી નથી, તેથી દ્રવ્યને અર્થાત્ ધ્રૌવ્યને ઓળખવાનું કાર્ય ધ્રૌવ્યથી — દ્રવ્યથી બની શકે નહિ, પર્યાયથી થાય. તું દ્રવ્યને — જ્ઞાયકસ્વભાવને — ઓળખવારૂપ પર્યાયે પરિણમીને તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની નિર્મળ ચમક પર્યાયમાં પ્રગટ થશે.

લોકો તો એમ માને છે કે દયા, દાનાદિ કે પૂજા, પ્રતિષ્ઠાદિ વ્યવહાર કરતાં કરતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કલ્યાણ થઈ જશે. શાસ્ત્રમાં પણ એવું આવે કે જ્ઞાની જવ જેટલી પણ પ્રતિમા સ્થાપે તો એનાં પુણ્યનો મહિમા સરસ્વતી પણ કરી શકતી નથી. પણ તેનો અર્થ શું? જેને આત્મજ્ઞાન થયું છે, 'હું પૂર્ણાનંદ પ્રભુ છું' એવું સ્વસંવેદન જેને પ્રગટ થયું છે એવા જ્ઞાનીને નીચલી ભૂમિકામાં વિકલ્પના કાળે, અંતરમાં વીતરાગ દેવનું સહજ બહુમાન હોવાથી, પ્રતિમાસ્થાપન વગેરેના શુભભાવ આવે છે, પણ તે શુભભાવથી પુણ્યાનુબંધી પુણ્યબંધ થાય છે, તેનાથી આત્માના ધર્મનો (શુદ્ધતાનો) લાભ થતો નથી. શુભભાવ વખતે પણ જ્ઞાનીની દૃષ્ટિ ત્રિકાળશુદ્ધ નિજ ચૈતન્ય ઉપર પડી છે. ચૈતન્યના આલંબનથી જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે શુભભાવને જાણે છે, પણ તે શુભભાવ ભલો છે, મારો છે ને મારું કર્તવ્ય છે — એમ જાણતી નથી.

અરેરે! ચોરાશી લાખ યોનિમાં અવતરવાનું કારણ મિથ્યાત્વ — પર્યાયબુદ્ધિ છે. ભગવાન આત્મા સ્વભાવે સદા નિરાવરણ, પૂર્ણ ને શુદ્ધ છે, તેને ઓળખી જ્ઞાનમાં જ્ઞેય બનાવી દે, તેમાં લીન થા, તો તારા પરિભ્રમણનો શીઘ્ર અંત આવી જશે. જેવો ત્રિકાળશુદ્ધ સ્વભાવ છે તેવી દૃષ્ટિ જ્યાં થઈ ત્યાં શુભાશુભ વિકલ્પ-અવસ્થા જે ઉપર-ઉપર તરતી હતી તે નીકળી જાય છે અને પર્યાયમાં સ્વભાવ જેવી નિર્મળ ચમક પ્રગટ થાય છે. અહા! આવી વાતો છે! ભાષા તદ્દન સાદી ને એકલો બાર અંગનો સાર છે.

તું તારા જ્ઞાયક દ્રવ્યસામાન્યને ઓળખી તેમાં લીન થા તો તેમાં રહેલાં તારાં શક્તિરૂપ ગુપ્ત સર્વ ગુણરત્નોની ચમક અંદર પર્યાયમાં પ્રગટ થશે; અંતરમાં શાન્તિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા — એવી બધી શક્તિઓની ચમક પ્રગટ થશે. અહા! આવી વાત છે! શું થાય? આવી વાત સમજનાર જગતમાં થોડા જ હોય. યોગસારમાં કહ્યું છે ને —

> વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
> વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ. ૬૬.

અહા! આ ૩૮૦મો બોલ છે નાનો, પણ તેમાં ભાવોની ઊંડપ કેટલી છે! દ્રવ્ય, ગુણ અને પર્યાય — ત્રણેની વાત આવી ગઈ છે. આ તત્ત્વ સમજ્યા વિના બહારમાં લાખો કરોડો રૂપિયાનાં દાન કરે, પણ એ કાંઈ ધર્મ નથી, અંતરમાં લોભ ઘટાડ્યો હોય તો શુભભાવ છે, માન માટે કર્યું હોય તો તે પાપ છે. અહા! આવી વાતો! આકરી બહુ! અહીં (આ બોલમાં) ટૂંકામાં એકલો માલ કહી દીધો છે. શરૂઆતથી પૂર્ણતા સુધીની વાત કહી દીધી છે.

— * —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૮૧

જીવ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે, પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે, જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે. બધું ભણી ગયો, ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણા વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ? શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે. ૩૮૧.

'જીવ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે, પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે, જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે.'

જીવ ભલે ગમે તેટલાં ધર્મનાં શાસ્ત્રો ભણી નાખે, અહાહા! જુઓ તો ખરા, દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ સાધુ અગિયાર અંગ ને નવ પૂર્વ ભણી જાય, શાસ્ત્રોના વિવિધ વિષયોને વાદવિવાદ દ્વારા સ્થાપી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપ વગેરેથી વ્યાપ્તિજ્ઞાન વડે વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને ચારે બાજુથી વિશેષ વિશેષ વિચારોમાં ફેરવે — વાચના, પ્રચ્છના, અનુપ્રેક્ષા, પરિવર્તના વગેરે સ્વાધ્યાયનાં અંગોમાંથી ઉપયોગને નવરો પડવા ન દે, પણ જો તે જીવ સ્વસન્મુખ થઈને અંતરમાં સહજ-જ્ઞાનસ્વરૂપ નિજ આત્માના અસ્તિત્વને પકડે નહિ, જાગતો જીવ ઊભો છે તેને જાણે નહિ, હયાતીસ્વરૂપ ત્રિકાળશુદ્ધ નિજ ચીજને સ્વીકારે નહિ, વર્તમાન પરિણમનને દ્રવ્યસ્વભાવમાં વાળે નહિ, તો બહારનું બધું જાણવાથી શો લાભ થાય?

પોતાની વર્તમાન પરિણતિ વડે પોતાના ત્રિકાળી જ્ઞાયક અસ્તિત્વમાં 'અહં'-પણું આવી જવું જોઈએ, શાસ્ત્રાદિના બહિર્લક્ષી જ્ઞાનમાં જે 'હું' પણું છે તે મિથ્યાત્વ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ છે, મોટા વાદવિવાદ કરે, અનેક પ્રકારની તર્કણા આવડે, પણ તેથી શું? પૂર્ણાનંદનો નાથ એવા નિજ ભગવાન આત્માને ગ્રહણ ન કરે, સત્-સત્-સતસ્વરૂપ પરિપૂર્ણ પ્રભુને ન પકડે, જ્ઞાનાનંદમય આત્માના અસ્તિત્વરૂપ ન પરિણમે, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે; ત્યાં સુધી બહિર્લક્ષવાળા તે જીવે આત્માનું હિત કાંઈ કર્યું નથી.

ધારણાબળે લાખો શાસ્ત્રો કંઠસ્થ કરે અને વારંવાર ફેરવી જાય, પણ પોતાના જ્ઞાયક પ્રભુને લક્ષમાં લે નહિ, ગ્રહણ કરે નહિ, દૃષ્ટિમાં તેનો આશ્રય લે નહિ અને દૃષ્ટિમાં તેનો આશ્રય કરીને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયવિમૂઢ મિથ્યાદૃષ્ટિ રહે છે. બહિર્લક્ષી શાસ્ત્રજ્ઞાન, લાખો કરોડો શ્લોકોની ધારણા વગેરે પરજ્ઞેયનિમગ્ન જ્ઞાન છે, તેમાં સ્વજ્ઞેય-નિમગ્નપણું અર્થાત્ જ્ઞાનનિમગ્નપણું ન આવ્યું. જ્ઞાનસ્વરૂપ આત્માના શુદ્ધ અસ્તિત્વના ગ્રહણરૂપ ને તદ્રૂપ પરિણમનસ્વરૂપ જે જ્ઞાન પ્રગટે તે સ્વજ્ઞેયનિમગ્ન જ્ઞાન યથાર્થ છે. જીવ જો બહારમાં — શાસ્ત્રનાં વાંચન-વિચારમાં રોકાઈ ગયો છે, પણ અંતરમુખ થઈને જ્ઞાનસ્વરૂપ નિજ આત્માને ગ્રહણ કરી તદ્રૂપ પરિણમતો નથી, તો તે પરજ્ઞેયનિમગ્ન રહે છે. અહા! શુભાશુભ રાગમાં જે નિમગ્ન હોય તે તો મિથ્યાદૃષ્ટિ છે જ, પણ અહીં તો એમ કહે છે કે જે શાસ્ત્રનાં જાણપણામાં રોકાઈ ગયો છે તે પણ પરજ્ઞેયનિમગ્ન મિથ્યાદૃષ્ટિ છે.

સંપ્રદાયમાં અમે ૩–૩ કલાક વહેલાં ઊઠીને ૧૫૦૦–૨૦૦૦ શ્લોકોની સ્વાધ્યાય કરતા, પણ એ તો બહારની વાત છે; એ મૂળ વસ્તુ નહિ. જેમ ભોગોપભોગની પરવસ્તુ અનાદિથી અનંત વાર મળી છે, રાગ ને નિમિત્ત પણ અનાદિથી આવે છે — મળે છે, તેમ અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન પણ અનાદિમાં અનંત વાર થઈ ચૂક્યું છે; શાસ્ત્ર ભણ્યો હોય ને તત્ત્વની વાતો કરતાં ઘણી આવડે માટે તે સ્વજ્ઞેયમાં નિમગ્ન છે — એમ નથી. રાગમાં નિમગ્ન તો મિથ્યાદૃષ્ટિ છે જ, પણ પરલક્ષી શાસ્ત્ર-જ્ઞાનમાં નિમગ્ન પણ મિથ્યાદૃષ્ટિ છે. અહા! ગજબની વાત કરી છે! એકલો સાર સાર કહ્યો છે.

અહીં બહેને બે વાત કરી છે: (૧) શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે,— તર્કણા કરે કે નિશ્ચયથી આત્મા અભેદ એકરૂપ છે અને વ્યવહારથી ભેદ ને અનેકરૂપ છે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વારંવાર ફેરવે, પણ જો તેણે નિજ જ્ઞાયક આત્માના અસ્તિત્વનું ગ્રહણ કર્યું નથી અને તે-રૂપ પરિણતિ પ્રગટ કરી નથી તો તે જીવ જ્ઞેયનિમગ્ન છે, જ્ઞાનનિમગ્ન નથી. (૨) પણ જો તે જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને ગ્રહીને તદ્રૂપ પરિણમે તો તે જ્ઞાનનિમગ્ન — જ્ઞાયકનિમગ્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



— સ્વભાવ-સમારૂઢ છે. અહા! વાત બહુ સારી આવી ગઈ. થોડી ભાષા... સીધી સાદી ભાષા, અહા, રામબાણ છે!

સ્વજ્ઞેય એવો જે નિજ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ, પવિત્રસ્વરૂપ પરિપૂર્ણ પ્રભુ છે, તેને ઓળખી તેમાં નિમગ્ન અર્થાત્ તદ્રૂપ પરિણમન ન હોય તો શાસ્ત્રાદિના જાણપણાવાળો જીવ પરજ્ઞેયમાં નિમગ્ન છે, મિથ્યાદૃષ્ટિ છે. આ બાજુના (આત્માના અસ્તિત્વના) જ્ઞાનમાં જે નિમગ્ન ન હોય તે પરજ્ઞેયનિમગ્ન અજ્ઞાની છે, અને આ બાજુ જે પૂર્ણાનંદનો નાથ ભગવાન જ્ઞાયકસ્વભાવ છે તેમાં જે નિમગ્ન છે — તેને ગ્રહણ કરીને તદ્રૂપ પરિણમન પ્રગટ કર્યું છે — તે સ્વજ્ઞેયનિમગ્ન છે, અર્થાત્ જ્ઞાનનિમગ્ન જ્ઞાની છે. જેની દૃષ્ટિનો ઝુકાવ ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વભાવ તરફ નથી તે શાસ્ત્રજ્ઞાની પરજ્ઞેયોમાં નિમગ્ન છે; જો તે પરજ્ઞેયોમાં નિમગ્ન ન હોય તો એવું ભણતર તો અનંત વાર કર્યું છે, સ્વજ્ઞેયનિમગ્નપણું કેમ ન આવ્યું? પરજ્ઞેયનિમગ્નપણાથી સ્વજ્ઞેયનિમગ્નપણાનો લાભ કદી થતો નથી.

શું કહ્યું? પૂર્ણાનંદ પ્રભુ જ્ઞાયક તરફ દૃષ્ટિ કરીને તેમાં લીન થવું — એ તો ન થયું પણ બહારમાં — શાસ્ત્રજ્ઞાનમાં — રોકાઈ ગયો; પણ ભાઈ! સમયસારમાં આચારાંગાદિ શાસ્ત્રજ્ઞાનને શબ્દશ્રુત કહ્યું છે, આત્મજ્ઞાન કહ્યું નથી. અહા! એકલા જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ નિજ પ્રભુને ઓળખ્યો નહિ, તે તરફ દૃષ્ટિ દીધી નહિ અને તદ્રૂપ પરિણમન કર્યું નહિ, માટે તે પરજ્ઞેયનિમગ્ન રહી ગયો. પોતામાં 'છે' તેની પ્રાપ્તિ કરવાની છે અને 'નથી' તેને છોડી દેવાનું છે. બહિર્લક્ષી 'શાસ્ત્રજ્ઞાન' પણ 'આત્મજ્ઞાન' નથી. અરે! અત્યારે તો કંઈક શાસ્ત્રજ્ઞાન થાય તો માની બેસે કે અમે જ્ઞાની થઈ ગયા, આગળ વધી ગયા; પણ આત્માના ગ્રહણ ને પરિણમન વિના તે જીવ મિથ્યા અભિપ્રાયમાં મગ્ન છે.

જ્ઞેયનિમગ્ન જીવ જે જે બહારનું જાણે તેમાં તે તલ્લીન થઈ જાય છે. અંદર આત્માનું જ્ઞાન તો છે નહિ અને બહાર જે જે જાણવામાં આવે — ચારેય અનુયોગનો અભ્યાસ કરે, તેમાં તેની મતિ તલ્લીન — શાસ્ત્રાકાર થઈ જાય છે, અંતરનો ધ્રુવ જ્ઞાયક ભગવાન તો લક્ષમાં જ ન આવ્યો. શાસ્ત્રાભ્યાસ કરતાં, જ્ઞાન જાણે શાસ્ત્રમાંથી — બહારથી આવતું હોય એવો ભાવ જ્ઞેયનિમગ્ન જીવ વેદ્યા કરે છે. ખરેખર તો જ્ઞાનનો વિકાસ અંતરમાંથી થાય છે, પણ જેને જ્ઞાનસ્વરૂપ આત્માનું અસ્તિત્વ ભાસ્યું નથી તેને એવો જ ભાવ વેદાયા કરે છે કે જ્ઞાન બહારથી — જ્ઞેયથી — શાસ્ત્રથી આવે છે. તે જીવ જ્ઞેયનિમગ્ન મિથ્યાદૃષ્ટિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'બધું ભણી ગયો, ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણા વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ?'**

શ્રીમદે કહ્યું છે ને—

'નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો;'
'નિજ કલ્પનાથી કોટી શાસ્ત્રો, માત્ર મનનો આમળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.'

બધું ભણી ગયો, ચારે અનુયોગ જાણી લીધા, અનેક ન્યાય અને યુક્તિઓ જાણી— તર્કતીર્થ ને ન્યાયાચાર્ય થઈ ગયો, તત્ત્વના અનેક વિચારો કર્યા, પરંતુ એ બધું જાણવાવાળાને—નિજ જ્ઞાયક પ્રભુને—ન જાણ્યો. બધાંનો જાણવાવાળો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે તેને તો જાણ્યો નહિ. સમવસરણમાં ભગવાનનો દિવ્યધ્વનિ સાંભળતાં જે જ્ઞાનની પર્યાય વિકાસ પામે છે તે પોતાથી પોતામાં થાય છે, પણ જ્ઞેયનિમગ્ન જીવ જાણે જ્ઞાન દિવ્યધ્વનિમાંથી—બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે. જે જ્ઞાનનો ખજાનો છે, જેમાં જ્ઞાન જ ભર્યું છે તે જ્ઞાયકને—જાણનારને જાણ્યો નહિ, જ્ઞાનની અસલી ભૂમિ દૃષ્ટિગોચર થઈ નહિ, તો તે બહારનું બધું જાણ્યાનું ફળ શું? અહા! બહેનની ભાષા તો જુઓ! એ તો બોલાઈ ગયું, અને દીકરીઓએ લખી લીધું. એમને ક્યાં ખબર હતી કે આ બધું બહાર પડશે? આ તો જગતનાં ભાગ્ય કે આવી વાત લખાઈ ગઈ ને બહાર આવી.

બહિર્લક્ષી શાસ્ત્રભણતર, પ્રમાણ-નય-નિક્ષેપથી વસ્તુની તર્કણા, ધારણા વગેરે જ્ઞાનની નકલી ભૂમિ છે, જ્ઞાનની અસલી ભૂમિ—મૂળ ભૂમિ તો જ્ઞાનસ્વરૂપ આત્માનું સહજ અસ્તિત્વ છે. તેનું ગ્રહણ કરવાથી અને તદ્રૂપ પરિણમવાથી જ્ઞાન સમ્યક્રૂપે પ્રગટ થાય છે. અહા! આ (બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક તો કોઈ અલૌકિક ચીજ છે; આ તો સગાંવહાલાંને પણ ભેટ દેવા જેવી કીમતી ચીજ છે. બોલ બહુ ટૂંકા, ઘણા સાદા અને ભાષા તદ્દન સાદી ને ગુજરાતી!

અહીં શું કહે છે? બહારનું બધું જાણ્યું, પણ જાણનાર જ્ઞાયકને જાણ્યો નહિ, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું ફળ શું? જ્ઞાનની અસલી ભૂમિ તો સહજજ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે, તે તો નજરે પડ્યો નહિ, દૃષ્ટિમાં આવ્યો નહિ, તો તે બધું જાણ્યાનું ફળ કાંઈ આવ્યું નહિ, અજ્ઞાન ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભવભ્રમણ એવાં ને એવાં ઊભાં રહ્યાં. સમજમાં આવ્યું કાંઈ? શાસ્ત્રો બધાં ભણી ગયો, યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણાં પડખે તત્ત્વના વિચારો કર્યા, પરંતુ મૂળ વસ્તુને જાણી નહિ—જાણનાર એવા પોતાના આત્માને જાણ્યો નહિ, તો તે બહુ જાણવાનું ફળ શું? —શાસ્ત્રાભ્યાસ વગેરેનો લાભ શો? અહા! માનીનાં માન ગળી જાય એવું છે આમાં.

**‘શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે.’**

સમયસારના બંધ-અધિકારમાં જે કથન આવ્યું છે તેનો આશય પણ એ જ છે કે—શાસ્ત્રાભ્યાસ આદિનું પ્રયોજન તો અંતરમાં જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો. જ્ઞેયનિમગ્ન જીવને તે પ્રયોજન તો સધાયું નહિ અને રોકાઈ ગયો શાસ્ત્રોમાં, તર્કણામાં ને વિચારોમાં, અને તેમાં જ સંતોષાઈ ગયો. અહા! આકરું કામ છે બાપુ! કથન તો ઘણું સ્પષ્ટ ને પરમ સત્ય છે. નિમિત્ત ને રાગમાં રોકાઈ જાય તે તો મિથ્યાદૃષ્ટિ છે જ, પણ એકલા શાસ્ત્રજ્ઞાનમાં રોકાઈ જાય તે પણ મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને ગ્રહણ કરવું અને તદ્રૂપ પરિણમવું તે શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન છે—જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માને જાણવો, અનુભવવો તે જ શાસ્ત્રાભ્યાસ વગેરેનું પ્રયોજન છે.

પ્રશ્ન:—જેમ સ્વદ્રવ્ય આદરણીય છે તેમ તેની ભાવનારૂપ નિર્મળ પર્યાય આદરણીય કહેવાય?

ઉત્તર:—હા. રાગ હેય છે તેની અપેક્ષાએ નિર્મળ પર્યાયને આદરણીય કહેવાય; અને દ્રવ્યની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર છે, તે આશ્રયયોગ્ય નહિ હોવાથી હેય કહેવાય. ક્ષાયિક પર્યાય પણ દ્રવ્યની અપેક્ષાએ હેય કહેવાય, પણ રાગની અપેક્ષાએ ક્ષાયિક ભાવને આદરણીય કહેવાય.

—પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૫૨

તા. ૧૩-૧૧-૭૮

## વચનામૃત — ૩૮૨

આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. તે કાયમ રહીને પલટે છે. તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે. તેમાં અનંત ગુણ-રત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'. તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ. ૩૮૨.

**'આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે.'**

આત્માને પ્રતિસમય થનારા ઉત્પાદ-વ્યય પર્યાય-અપેક્ષાએ છે અને ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન સાથે સદા એકરૂપ રહેનારું ધ્રૌવ્ય દ્રવ્ય-અપેક્ષાએ છે. જગતનો દરેક પદાર્થ 'સત્' છે; 'સત્'નું સ્વરૂપ ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ અર્થાત્ 'હયાતી' છે. ભગવાન આત્મા પણ, અમૂર્તિક ચિન્મય 'પદાર્થ' હોવાથી, ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યની એકતાયુક્ત છે. સમયસારમાં 'ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ' નામની એક શક્તિ પણ આત્મામાં કહી છે. ત્યાં ક્રમવૃત્તિરૂપ પર્યાયને ઉત્પાદ-વ્યયરૂપ અને અક્રમવૃત્તિરૂપ ગુણને ધ્રુવત્વરૂપ કહેલ છે. દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી સ્પર્શિત, સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ આત્મામાં હોવાથી તે યુગપદ્ સદૃશ અર્થાત્ ધ્રૌવ્યરૂપ અને વિસદૃશ અર્થાત્ ઉત્પાદ-વ્યયરૂપ છે. આત્મા, યુગપદ્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ હોવા છતાં, અખંડ નિર્વિકલ્પ એક 'સત્' છે. તેને ત્રણ ભેદરૂપે વિચારમાં લેવો તે પણ વિકલ્પનું કારણ છે. નિયમસારના પરમાવશ્યક અધિકારમાં તો, જે જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં (અર્થાત્ તેમના વિકલ્પોમાં) મન જોડે છે, તે પણ અન્યવશ છે — એમ કહ્યું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના ભેદ રહિત અખંડ આત્મામાં દૃષ્ટિ દેવી તે સમ્યગ્દર્શન છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**'તે કાયમ રહીને પલટે છે.'**

આત્મા જ્ઞાન ને આનંદાદિ મૂળ સ્વરૂપે કાયમ એકરૂપ રહીને અવસ્થા-અપેક્ષાએ ક્ષણે ક્ષણે પલટે છે; વસ્તુસ્વરૂપે નિત્ય રહીને પર્યાય-અપેક્ષાએ અનિત્યતારૂપ પરિણમે છે. જીવત્વસ્વભાવે કાયમ રહીને મનુષ્યાદિ કે રાગાદિ પર્યાયે પરિણમે છે.

**'તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે.'**

દ્રવ્ય-અપેક્ષાએ 'ટકવું' અને પર્યાય-અપેક્ષાએ 'બદલવું' જેનું સનાતન સ્વરૂપ છે એવા આ આત્માનું ધ્રૌવ્ય અર્થાત્ કાયમ રહેનારું સ્વરૂપ કાંઈ ખાલીખમ નથી, પરંતુ સહજજ્ઞાન ને સહજ-આનંદ આદિ અનંત અનંત ગુણસમૃદ્ધિઓથી ભરપૂર ભરેલું છે. અહા! કેટલી સાદી ભાષા છે! આત્મા અનંત ગુણોનો ભંડાર છે—એમ શ્રી ગુરુએ ઉપદેશમાં બતાવ્યું અને શિષ્યે તેને ખ્યાલમાં લીધું, પરંતુ ખ્યાલમાં લેવા માત્રથી સમ્યગ્દર્શન થઈ જતું નથી. ગુરુની વાણી તો નિમિત્તરૂપ વ્યવહાર છે, સમ્યગ્દર્શનરૂપ કાર્ય તો ઉત્પાદ-વ્યયરૂપ નિજ પરિણતિને ધ્રુવ જ્ઞાયક તરફ—નિશ્ચય સ્વભાવ તરફ—ઝુકાવવાથી પ્રગટે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટવાની અસલી આધારભૂમિ તો ત્રિકાળશુદ્ધ જ્ઞાયકભાવ છે, શ્રવણ કે શાસ્ત્ર તે કાંઈ જ્ઞાનની અસલી આધારભૂમિ નથી, સાધનામય જ્ઞાનની મૂળ આધારભૂમિ તો ત્રિકાળી ભરપૂર જ્ઞાયકભાવ છે.

'બહેનશ્રીનાં વચનામૃત' વાંચીએ છીએ ને? અહા! આ તો અલૌકિક વાત છે. બેન તો અંતરમાંથી રાત્રિના વાંચનમાં થોડું થોડું બોલી ગયાં હતાં. ૬૪ બાળબ્રહ્મચારી દીકરિયું છે ને? તેમાંથી ૯ દીકરિયુંએ લખી લીધું. હિંમતભાઈએ એ વાંચીને આ (પુસ્તક) બનાવ્યું ને બહાર આવ્યું. તે પુસ્તકમાંથી ૩૮૨મો બોલ અત્યારે આપણે વાંચીએ છીએ. વિષય સૂક્ષ્મ છે. ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. ધન, મકાન, કુટુંબ વગેરે તો આ આત્માથી ભિન્ન છે જ, પણ આત્મા સાથે એકક્ષેત્રે રહેલાં શરીર, વાણી, ઇંદ્રિયો, કર્મ પણ ભિન્ન જ છે, અરે! પુણ્ય-પાપના જે વિકલ્પો થાય છે તે પણ આત્માનો સ્વભાવ નથી. આત્મા 'સત્' હોવાથી તેનું સ્વરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. તે સ્વભાવે કાયમ એકરૂપ રહીને નવી નવી અવસ્થારૂપે પલટે છે. ઓછી-વત્તી અવસ્થારૂપે પલટવાના સમયે પણ આત્માનું કાયમ રહેનારું સ્વરૂપ—ધ્રૌવ્ય—કાંઈ ઓછુંવત્તું કે ખાલી નથી, પરંતુ ભરપૂર ભરેલું છે.

**'તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.'**

આત્માનું કાયમ રહેનારું સ્વરૂપ અનંત અનંત ગુણોથી ભરેલો ભરપૂર ભંડાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. તે અભેદ પરિપૂર્ણ જ્ઞાયકભંડાર પર દૃષ્ટિ દેવાથી, અંતરમાં તેનો યથાર્થ મહિમા આવવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અરેરે! આત્માની કોને પડી છે? મારું શું થશે? આ દેહ છૂટયા પછી ઉતારા કયાં થશે? — તેનો કદી વિચાર કર્યો છે ભાઈ? ભગવાન આત્મા તો કાયમ રહેનાર ધ્રુવ પદાર્થ છે, તે કયાં જાય? જાગતો જીવ ઊભો છે તે પોતાના મૂળ સ્વરૂપે કાયમ રહીને નવી નવી અવસ્થારૂપે ઉત્પાદ-વ્યય કર્યા કરે છે. રંગ, રાગ ને ભેદથી પણ રહિત અભેદ જ્ઞાયક ઉપર દૃષ્ટિ દેવાથી શાશ્વત સુખના હેતુભૂત આત્મદર્શન ને આત્મજ્ઞાન પ્રગટે છે. માટે, હે જીવ! તું પણ, જેમાં જ્ઞાન, દર્શન, સુખ વગેરે અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે એવા પરિપૂર્ણ કાયમ રહેનારા જ્ઞાયકસ્વરૂપમાં દૃષ્ટિ લગાવી દે.

અહા! જેમનું સ્થાન શાસનમાં ત્રીજે નંબરે આવે છે — પહેલે નંબરે 'मंगलं भगवान् वीरो', બીજે નંબરે 'मंगलं गौतमो गणी' અને ત્રીજે નંબરે 'मंगलं कुन्दकुन्दार्यो' — એવા મહાન આચાર્યદેવ કહે છે કે — પ્રભુ! એક વાર ધ્યાન દઈને સાંભળ. તારી ચીજ જે ધ્રુવ છે તેમાં અનંત અનંત ગુણો ભરેલા છે; તે ધ્રુવને પકડીને ધ્યાનનો વિષય બનાવી દે તો તને અવશ્ય સમ્યગ્દર્શન થશે.

ભગવાન જ્ઞાયક-આત્મા તો ચિદ્‌બિંબ, જિનબિંબ, વીતરાગબિંબ છે, અનંત શક્તિઓનો પિંડ સાક્ષાત્ પ્રભુ છે. અરે! એનો વિશ્વાસ કયારે આવે? એ ધ્રુવ વસ્તુ પર દૃષ્ટિ દેવાથી ધ્રુવ સ્વભાવનો ભરોસો — વિશ્વાસ આવે છે, સમ્યગ્દર્શન થાય છે. ધ્રુવ તેમ જ ગુણભરપૂર સ્વભાવની દૃષ્ટિ વિના બીજું બધું થોથાં છે. માટે, અનંત ગુણોથી ભરપૂર એવા નિજ ત્રિકાળશુદ્ધ જ્ઞાયકને ધ્યેય બનાવીને, ત્યાં રોકાઈ જા, દૃષ્ટિને ત્યાં સ્થાપી દે. સ્વભાવ સ્થિર હોવાથી દૃષ્ટિ ત્યાં ટકી જાય છે; પર્યાય અસ્થિર છે તેથી દૃષ્ટિ ત્યાં ટકી શકતી નથી. પર્યાય છે ખરી, પણ તે અસ્થિર અને પલટવાવાળી છે. 'પલટવા' ઉપર દૃષ્ટિ દે તો દૃષ્ટિ સ્થિર કઈ રીતે થાય? માટે, પર્યાયની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવાનું ભગવાને કહ્યું છે. અહા! આઠ આઠ વર્ષના રાજકુમારો — ચક્રવર્તીના પુત્રો તીર્થંકરના સમવસરણમાં વાણી સાંભળતાં વેંત સમ્યગ્દર્શન પામતા હશે — એ યોગ કેવો હશે! અંતરમાં ધ્રુવ જ્ઞાયક પર થાપ મારી — મીટ માંડી — ને તરત જ અંદરથી આનંદ આવ્યો, રાજપાટ વગેરે બધું લૂખું લૂખું થઈ ગયું.

દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ભગવાન આત્માના કાયમી સ્વરૂપમાં — ધ્રુવ સ્વભાવમાં — અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. સહજજ્ઞાન, સહજદર્શન, સહજસુખ વગેરે દરેક ગુણ-ઓરડામાં અનંત અનંત ગુણશક્તિ તથા અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયો થવાનું સામર્થ્ય ભરેલું છે. જ્ઞાનાદિ દરેક ગુણ પોતાના સ્વરૂપે રહે છે અને અન્ય અનંત સ્વરૂપે થતો નથી—એવી અનંત શક્તિ-તાકાત દરેક ગુણ-ઓરડામાં છે. જ્ઞાન વગેરે દરેક ગુણ-ઓરડામાં અનંત પરપણે ન હોવું—એવા અનંત નાસ્તિત્વ-ભાવ તથા અનંત પરથી જુદાપણે રહેવું—એવા અનંત અન્યત્વભાવ ભરેલા છે. ચિદ્‌વિલાસમાં આવે છે: (૧) એક એક ગુણમાં અનંત શક્તિ; (૨) એક એક ગુણમાં અનંતી પર્યાય.—એમ બે બોલ લીધા છે. જ્ઞાન, શાન્તિ વગેરે એક એક ગુણ, એવા અનંતા ગુણ—અનંત અનંત ગુણ; એક એક ગુણમાં અનંત અનંત શક્તિ; અન્ય ગુણરૂપે ન થવું, અન્ય ગુણના અભાવસ્વરૂપે રહેવું—એવું સામર્થ્ય, શક્તિ એકેએક ગુણમાં છે.—અહા, આવો ચૈતન્યચમત્કાર છે!

જીવને અનાદિથી પર્યાય પર દૃષ્ટિ છે તેથી, અનંત ગુણોથી ભરપૂર નિજ જ્ઞાયક-વસ્તુ સમીપ છે, પોતે જ છે છતાં, તેને તેનો પત્તો નથી. અંદર સ્વભાવ ઓળખીને ગ્રહણ કરે તો કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ એવી ભેદજ્ઞાનજ્યોતિ—વિવેકજ્યોતિ—પ્રગટ થાય. શાસ્ત્ર સાંભળવાથી થયેલું જ્ઞાન કેવળજ્ઞાનનું કારણ થતું નથી, પરંતુ અંતરમાં જ્ઞાયકને પકડીને થયેલું ભેદજ્ઞાન જ ચારિત્ર અને કેવળજ્ઞાન વગેરેનું કારણ થાય છે. ગુરુએ અનુગ્રહ કરી શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો, આ જીવે તેને લક્ષમાં લીધો, પરંતુ એટલામાત્રથી આત્માનું જ્ઞાન થઈ જાય છે—એમ નથી. દેખાડનારે દેખાડ્યું કે—'અંતરમાં જા, તારો ધ્રુવ સ્વભાવ અંદરમાં છે'; પણ ચાલનારે ચાલવાનું તો પોતાને છે ને? અંદરમાં જાય, સ્વભાવને ગ્રહણ કરે તો ભગવાન આત્મા પ્રાપ્ત થાય.

**"તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'."**

અહા! સાર આવ્યો છે. પહેલાં એ વાત સિદ્ધ કરી કે ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે; તેનું જે ધ્રુવ રૂપ છે તે સ્થાયી છે—સ્થિર છે, તેની પર્યાયો પલટે છે. કાયમ એકરૂપ રહેનારું તેનું ધ્રુવ સ્થાયી રૂપ કાંઈ ખાલી નથી, પણ અનંત ગુણોથી—અનંત રસકસથી ભરપૂર ભરેલું છે. અનંત ગુણરત્નના ઓરડાઓથી ભરેલું તે ધ્રુવ તત્ત્વ કોઈ ચમત્કારી અદ્‌ભુત ચીજ છે. તે આશ્ચર્યકારી અનંત અનંત ગુણ-ઋદ્ધિવંત એવા નિજ ધ્રુવ જ્ઞાયકસ્વરૂપ પર દૃષ્ટિ દે, અંતરમાં ઊંડાણથી તેનો મહિમા લાવ, તો તને ધરપત થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'.

જૈનદર્શન અલૌકિક છે, સમજવું કઠણ છે; તે કોઈ પક્ષ કે વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ—ભગવાન આત્મા જિનસ્વરૂપ છે; એમાં દૃષ્ટિ દે તો જૈન થાય; જિન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર દૃષ્ટિ દે તે જૈન થાય. પં. બનારસીદાસજીએ કહ્યું છે ને —

ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન;
મતિ-મદિરાકે પાનસૌં, મતવાલા સમુઝૈ ન.

દરેકના હૃદયમાં જિનરાજ અને જૈનધર્મનો નિવાસ છે, પરંતુ મતપક્ષરૂપી દારૂ પીધો હોવાથી મતાન્ધ જીવો અંતરમાં રહેલાં જિનપણાને ને જૈનપણાને સમજતા નથી. જે જીવો પર્યાયબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ ને નિમિત્તબુદ્ધિથી મદોન્મત્ત છે તેઓ શુદ્ધ તત્ત્વને સમજી શકતા નથી. અહા! આવો માર્ગ! લોકોને સમજવો અઘરો પડે તેથી 'એકાન્ત' કહીને કાઢી નાખે. પ્રભુ! વસ્તુ સૂક્ષ્મ છે. દૃષ્ટિ, જે અનાદિથી પર્યાય તરફ છે તેને, દ્રવ્ય તરફ વાળ; વર્તમાન પર્યાયને — દૃષ્ટિને — દ્રવ્ય પર સ્થાપ. કલ્યાણ માટે વસ્તુનું સ્વરૂપ જ આવું છે, એમાં બીજું શું થાય? વ્રત, તપ વગેરે શુભ પરિણામ પણ અત્યંત સ્થૂલ છે, તેનાથી સૂક્ષ્મ એવો ત્રિકાળશુદ્ધ ભગવાન આત્મા નહિ પકડાય. સ્વભાવમાં દૃષ્ટિ થંભાવ તો તને સંતોષ થશે કે 'હું તો સદા પરિપૂર્ણ ને કૃતકૃત્ય છું'.

પર્યાય પર દૃષ્ટિ હોવાથી દુઃખ છે. જ્યાં ભર્યા ભંડાર છે તે જ્ઞાયકવસ્તુમાં દૃષ્ટિ સ્થાપ; તો તને આનંદ પ્રગટ થશે. સ્વભાવમાં દૃષ્ટિ સ્થાપવાથી સંતોષ થશે. કેવો સંતોષ? — કે 'હું તો સદા કૃતકૃત્ય છું'. ત્રિકાળી જ્ઞાયક વસ્તુ સ્વભાવે તો સદા કૃતકૃત્ય જ છે, પરંતુ તેના ઉપર દૃષ્ટિ સ્થાપતાં પર્યાયમાં દ્રવ્યરૂપ કૃતકૃત્યતાનો સ્વીકાર આવ્યો, પર્યાયમાં કૃતકૃત્યતાનો અંશે અનુભવ થયો. અહા! એક પેરામાં કેટલું સહજ આવ્યું છે! બહેને લખ્યું નથી, લખાવ્યું નથી, દીકરિયુંઓએ લખી લીધું; હિંમતભાઈએ બહુ સરખું કર્યું ને એ બહાર આવ્યું.

'હું તો દ્રવ્યે સદા કૃતકૃત્ય છું' એવા સંતોષભાવે પરિણમીને જીવ પર્યાય દ્વારા ધ્રુવ સ્વભાવનો સ્વીકાર કરે છે, આશ્રય કરે છે. સ્વભાવનો આશ્રય કરતાં પર્યાયમાં જે આનંદ આવ્યો, શ્રદ્ધા થઈ, અંશે સ્થિરતા થઈ, તેનાથી જીવને સંતોષ થયો કે 'આ ભગવાન આત્મા વસ્તુએ તો સદા કૃતકૃત્ય છે'. દ્રવ્યસ્વભાવમાં કાંઈ કરવાનું નથી, એ તો સદા કૃતકૃત્ય જ છે.

**'તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ.'**

'હું તો દ્રવ્યસ્વભાવે સદા કૃતકૃત્ય છું' — એમ પર્યાયમાં ધ્રુવ સ્વભાવનું યથાર્થ ગ્રહણ કરીને તેમાં ઠરતાં — દ્રવ્યની અર્થાત્ ત્રિકાળશુદ્ધ વસ્તુની દૃષ્ટિ થતાં, આનંદ, શ્રદ્ધા, જ્ઞાન વગેરે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે દ્વારા જીવ એમ માને, જાણે, અનુભવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે 'હું તો દ્રવ્યે સદા કૃતકૃત્ય છું'. સ્વભાવે કૃતકૃત્ય છું તો તેમાં સ્થિર થવાથી અનુક્રમે પર્યાયે પણ હું પૂર્ણ કૃતકૃત્ય થઈ જઈશ.

અહા! કેવી સરસ વાત! ભાવનગરથી એક અર્ધમાગધીના પ્રોફેસરનો પત્ર આવ્યો છે. 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક વાંચીને ઘણી ખુશી બતાવી છે. અરે! આ પુસ્તક કોઈ એવું અદ્‌ભુત છે કે—ભણેલાનાં અભિમાન-પાણી ઊતરી જાય!

શું કહે છે અહીં?—કે ભગવાન જ્ઞાયક આત્મા કે જે સ્વભાવે નિત્ય ધ્રુવ છે, તેના ઉપર દૃષ્ટિ દેવાથી તને પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન ને આનંદ વગેરે બધું પ્રગટ થશે. તને સંતોષ થશે કે સ્વભાવે કૃતકૃત્ય છું, તો તેમાં દૃષ્ટિ કરવાથી, તેનો આશ્રય કરવાથી, પર્યાયમાં પણ હું કૃતકૃત્ય થઈ જઈશ. અહા, આવો છે આ દિગંબર જૈન ધર્મ! આ કોઈ પક્ષ કે વાડો નથી, વસ્તુધર્મ છે. ભાગ્યવાનને તો કાને પડે એવી દુર્લભ આ વાત છે. લાખો રૂપિયા મળે એ કાંઈ 'ભાગ્યવાન' નહિ, આ સત્ય વાત સાંભળવા મળે તે સાચો 'ભાગ્યવાન' છે. વીતરાગના દિવ્યધ્વનિમાં જે આવી છે તે આ વાણી છે. તે વાણી ન્યાય સહિત કાને પડે અને અંતરમાં ઊતરીને તેને ગ્રહણ કરે, તો ન્યાલ થઈ જાય એવી આ વાત છે.

દ્રવ્ય સ્વભાવે કૃતકૃત્ય અર્થાત્ પૂર્ણાનંદસ્વરૂપ હોવાથી, તેના અવલંબને પર્યાયમાં કૃતકૃત્યતા—પૂર્ણાનંદ પ્રગટ થઈ જશે. દ્રવ્યમાં ઠરતાં પર્યાયમાં સહજપણે પરમાનંદ પ્રગટ થાય છે, હઠથી કે કૃત્રિમ કરવો પડતો નથી. ભગવાન આત્મા સ્વભાવે તો કેવળજ્ઞાનનો કંદ છે; તેને દૃષ્ટિમાં લઈને સ્થિરતા થતાં પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ જશે, પછી ક્યાં કંઈ કરવાનું બાકી રહે છે?

લોકો, અને ઉપદેશકો પણ, કહે છે કે—ભગવાને પણ સાડા બાર વર્ષનાં તપ કર્યાં હતાં, પણ ભાઈ! તું માને છે એવાં તપ નહિ. ભગવાને તો અતીન્દ્રિય આનંદમાં મસ્ત રહીને સ્વરૂપનું જે પ્રતપન કર્યું—સાધનાની દેદીપ્યતા પ્રગટાવી તે તપ છે. અનંત ગુણોનો પિંડ એવો જે નિજ જ્ઞાયક આત્મા તેની પર્યાયમાં સ્વભાવના ઉગ્ર અવલંબને આનંદ, શાન્તિ ને સ્થિરતાનું જે પ્રતપન થાય—અંદર સ્વરૂપરમણતાનો ઉગ્ર પુરુષાર્થ થાય—તે તપ છે. આત્મદર્શન—સમ્યગ્દર્શન વિના ઉપવાસ વગેરે તપ તો કેવળ લાંઘણ છે. અનંત ચમત્કારિક ઋદ્ધિઓથી સંપન્ન એવા નિજ જ્ઞાયકની સમીપમાં જઈને વસવું, આનંદભાવે પરિણમીને તેમાં ઠરવું, તેનું નામ ઉપવાસ છે. અહા! આ વાત વ્યવહારપ્રધાન સંપ્રદાયવાળાને આકરી પડે એવી છે. આ વાત દિગંબરોનાં શાસ્ત્રોમાં ભરી પડી છે, પણ એમને ખબર ન મળે; અને ચરણાનુયોગમાં આમ કહ્યું છે ને કરણાનુયોગમાં આમ કહ્યું છે—એમ બહારના કુટારામાં રોકાઈ જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે ને?—તો વીતરાગતા કઈ રીતે ને કયારે થાય? અરાગી આનંદકંદ નિજ શુદ્ધ જ્ઞાયકની દૃષ્ટિ કરવાથી, પરિણતિમાં તેનું ગ્રહણ કરવાથી ને તેમાં લીનતા થવાથી પર્યાયમાં વીતરાગતા પ્રગટે છે. જેમાં વીતરાગતા સ્વભાવ-અપેક્ષાએ પરિપૂર્ણ ભરી પડી છે તે જ્ઞાન ને આનંદમૂર્તિ ભગવાન આત્માનો રુચિમાં ને પરિણતિમાં આશ્રય કરવાથી પર્યાયમાં સાધકભાવરૂપ વીતરાગતા પ્રગટ થશે. ધ્રુવ સ્વભાવનું આલંબન લેનારી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને વીતરાગતારૂપ પર્યાયે પરિણત જીવ એમ જાણે છે કે—નિર્મળ પર્યાયના આલંબનભૂત ત્રિકાળશુદ્ધ એવો હું તો સદા કૃતકૃત્ય છું. આત્મા વસ્તુએ પૂર્ણ પરમાત્મા છે, તેમાં કાંઈ કરવા-ધરવાનું હોતું નથી. સ્વભાવે કૃતકૃત્ય એવા તેના સ્વરૂપમાં ઠરવાથી પર્યાય-અપેક્ષાએ કૃતકૃત્યતા પ્રગટ થશે. પર્યાયમાં કૃતકૃત્યતા પ્રગટવા માટે ત્રિકાળી કૃતકૃત્ય સ્વભાવમાં, તેને યથાર્થ ગ્રહણ કરીને, સ્થિર થવાનું કહ્યું છે; કોઈ ઉપવાસ વગેરે બહારની ક્રિયા કે શુભરાગ કરવાથી તે પ્રગટ થાય—એમ કહ્યું નથી.

અહા! એક બોલમાં કેટલું ભર્યું છે? સહેજે વાત આવી ગઈ છે. આ, ચંપાબેનની વાણી છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ શ્રી સીમંધરસ્વામી મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, તેમની પાસેથી આ વાણી આવી છે. ચંપાબેન 'શેઠના દીકરા' પણ ત્યાં હતાં. ત્યાંથી તેમનો આત્મા અહીં આવ્યો છે. બહેન કહે છે: આત્માનું કાયમ રહેવાવાળું સ્વરૂપ નિત્ય ધ્રુવ છે. તે નિત્ય સ્વરૂપ કાંઈ ખાલી નથી, તેમાં જ્ઞાન, આનંદ, શાન્તિ આદિ અનંત ગુણો ભરચક ભર્યા છે. તે કાયમી સ્વરૂપમાં અનંત ગુણચિંતામણિના ઓરડા ભરેલા છે. એક એક ગુણરત્નમાં અનંત પર્યાય થવાની તાકાત છે. એવી તાકાતથી પરિપૂર્ણ અનંત ગુણરત્નોના ઓરડા ભગવાન આત્મામાં ભરેલા છે. તે અદ્ભુત ઋદ્ધિયુક્ત નિત્ય ધ્રુવ સ્વરૂપ પર દૃષ્ટિ દે, તેનું યથાર્થ ગ્રહણ કર, તો તને સંતોષ—ધરપત થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું.' અહીં બે વાત કહી: (૧) દ્રવ્યસ્વભાવે તો હું સદા કૃતકૃત્ય છું, અને (૨) તેમાં સ્થિર થવાથી પર્યાયમાં પણ કૃતકૃત્ય થઈ જઈશ; પછી પર્યાયમાં કાંઈ કરવાનું બાકી નહિ રહે. આવો માર્ગ છે. અહા! ભાષા તો જુઓ!

———*———

## વચનામૃત — ૩૮૩

**જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કરી, મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ જે બહારમાં જાય છે તેને અંદરમાં સમેટી લેવો, બહાર જતા ઉપયોગને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાયકના અવલંબન વડે વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો, તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે. જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જ શિવપુરીની સડક છે, તે જ મોક્ષનો માર્ગ છે. બીજા બધા તે માર્ગને વર્ણવવાના ભિન્નભિન્ન પ્રકારો છે. જેટલા વર્ણનના પ્રકારો છે, તેટલા માર્ગો નથી; માર્ગ તો એક જ છે. ૩૮૩.**

**'જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કરી, મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ જે બહારમાં જાય છે તેને અંદરમાં સમેટી લેવો, બહાર જતા ઉપયોગને જ્ઞાયકના અવલંબન વડે વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો, તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે.'**

'પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,...'—એમ સમયસાર ગાથા ૧૪૪ ની 'આત્મખ્યાતિ' ટીકામાં આવે છે, તે વાત અહીં બહેને લીધી છે. અહા! સમયસાર પરમાગમમાં તો રત્નો ભરેલાં છે; કેવળજ્ઞાનના પટારામાંથી નીકળેલી વાતો એમાં ભરી છે. પ્રથમ, 'હું કેવળ જ્ઞાયકભાવ છું'—એમ આગમના અભ્યાસ વડે જ્ઞાનસ્વભાવ નિજ આત્માનો નિર્ણય કરીને, વિકલ્પના કાળે પણ વિકલ્પથી ભિન્ન જ્ઞાનસ્વભાવી નિજ શુદ્ધ અસ્તિત્વને ગ્રહણ કરીને, મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનનો વેપાર જે બાહ્ય વિષયોમાં જાય છે તેને, સ્વભાવના મહિમાના બળે, અંદરમાં સમેટી લેવો, શરીર, વાણી, મકાન, લક્ષ્મી વગેરે કે દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે બાહ્ય પદાર્થો પ્રત્યે ભટકતા ઉપયોગને, પૂર્ણાનંદના રસકસયુક્ત જ્ઞાયકના આલંબન વડે, વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો, તે જ મોક્ષપુરી પહોંચવાનો ધોરી માર્ગ છે.

**'જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જ શિવપુરીની સડક છે, તે જ મોક્ષનો માર્ગ છે.'**

શીતળ સ્વભાવથી ભરપૂર ચૈતન્યચંદ્રને—જ્ઞાયક આત્માને—અંતરમાં ગ્રહણ કરી, તે જ જાણનસ્વભાવી આત્માની—કે જે અનંત ગુણરત્નોથી ભરેલો છે તેની—નિર્વિકલ્પ અનુભૂતિ પ્રગટ થવી તે જ મોક્ષપુરીનો સરિયામ રસ્તો છે, તે જ મુક્તિ-નગરીમાં પહોંચવાનો રાજમાર્ગ છે.

'જાણવું... જાણવું... જાણવું' જેનો અસાધારણ સ્વભાવ છે એવા, શરીર ને કર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરેથી તદ્દન ભિન્ન અને શુભાશુભ વિભાવોથી રહિત, નિજ જ્ઞાયક આત્માનો પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબન વડે પાકો નિર્ણય કરીને, તેની ( સ્વાનુભૂતિમાં ) પ્રાપ્તિ કરવા માટે મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનના જે વેપાર — ઉપયોગ ઇંદ્રિય અને મન દ્વારા બાહ્ય વિષયોમાં પ્રવર્તતા હતા તેમને અંતરમાં વાળીને આત્મસન્મુખ કરવા, ત્રિકાળશુદ્ધ આનંદકંદ જ્ઞાયકના અંતર્મુખ આલંબન વડે ઉપયોગને વારંવાર અંદર સ્વરૂપમાં સ્થિર કર્યા કરવો, તે જ શિવપુરીની સડક છે, તે જ મોક્ષનો માર્ગ છે. શિવનગરીનો પંથ ભાવપ્રાભૃતમાં પ્રયત્નસાધ્ય કહ્યો છે ને —

છે ભાવ પરથમ, ભાવવિરહિત લિંગથી શું કાર્ય છે ?
હે પથિક ! શિવનગરી તણો પથ યત્નપ્રાપ્ય કહ્યો જિને. ૬.

જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનું ધ્રુવ ધામ એવો જે નિજ જ્ઞાયકભાવ તેમાં દૃષ્ટિ દઈ સ્થિર થઈ જા. અંતરમાં વારંવાર સ્થિરતાનો પ્રયત્ન કર્યા કરવો, જ્ઞાયક આત્માની અનુભૂતિની નિર્મળતાઓ વધતી જવી, તે જ મોક્ષનગરીનો મારગ છે. વ્રત, તપ વગેરે શુભરાગરૂપ વ્યવહારની વાત અહીં કાઢી નાખી છે, કેમ કે શુભરાગરૂપ વ્યવહાર આસ્રવ-બંધનું કારણ છે, સંવર-નિર્જરા અર્થાત્ મોક્ષપુરીનો પંથ નથી.

જ્ઞાનીને, વ્રતાદિ વ્યવહારના વિકલ્પકાળે પણ, અંતરમાં જ્ઞાનધારારૂપ સ્થિરતાનો પ્રયત્ન સતત વર્તે છે. જ્ઞાયકના આલંબને પરિણમતી જ્ઞાનધારારૂપ સ્થિરતા — બહાર વળતા જ્ઞાનપરિણમનરૂપ ઉપયોગને આનંદકંદ જ્ઞાયકના અવલંબને અંદરમાં વારંવાર સ્થિર કર્યા કરવો — તે જ શિવનગરી પહોંચવાનો રાજમાર્ગ — જાહેર રસ્તો છે. અહા ! આ તે પુસ્તક ! આનો પ્રચાર હજી તો આગળ વધશે; લોકો વાંચશે ત્યારે તો...! લોકોનાં ભાગ્ય ! એમાં વળી આ વ્યાખ્યાનો થશે, બહાર પડશે, ત્યારે લોકોને ખ્યાલ આવશે કે આ શી ચીજ છે ! અહાહા ! 'ચલો સખી વહાં જાઈએ, જહાં ન અપના કોઈ'; બસ, જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જ એક શિવપુરીની સડક છે. જ્ઞાયકની અનુભૂતિ અર્થાત્ પર્યાયમાં જ્ઞાયકના અવલંબને નિર્વિકલ્પ આનંદનું વેદન તે જ શિવનગરીની સડક છે.

પ્રશ્ન :— તેનું કોઈ સાધન ?

ઉત્તર :— 'જ્ઞાનસ્વભાવ આત્માના અવલંબને પરિણતિને વારંવાર અંતરમાં સ્થિર કર્યા કરવી તે એક જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે' — એમ પ્રથમ પાકી શ્રદ્ધા તો કર. જ્ઞાયકસ્વભાવ આત્માનો પ્રથમ દૃઢ નિર્ણય કરીને વીર્યને — ઉદ્યમને — પ્રયત્નને જ્ઞાયક તરફ વાળી દે. બસ, એ જ મોક્ષનો માર્ગ છે, શિવપુરીની સડક છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘બીજા બધા તે માર્ગને વર્ણવવાના ભિન્નભિન્ન પ્રકારો છે.’**

અખંડાનંદ જ્ઞાયક પ્રભુમાં દૃષ્ટિ લગાવીને અંતરમાં સ્થિર થઈ જવું — આ એક જ માર્ગ છે. ‘એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.’ બીજા બધા તે રાજમાર્ગને સમજાવવાના જુદા જુદા પ્રકારો છે.

**‘જેટલા વર્ણનના પ્રકારો છે, તેટલા માર્ગો નથી; માર્ગ તો એક જ છે.’**

સમજૂતીના પ્રકારો અનેક હોય, પણ વસ્તુનું સ્વરૂપ તો એક જ હોય. શ્રદ્ધા અને સ્થિરતારૂપ માર્ગનું વિવેચન જુદી જુદી રીતે હોય, પરંતુ માર્ગ — વીતરાગતા — તો સદા એક જ હોય.

શેરડીમાં રસ છે પણ કૂચાના સંયોગને જોતાં રસ જુદો દેખાતો નથી, છતાં ‘રસ ને કૂચા જુદા છે’ એવા જ્ઞાનના જોરે રસ અને કૂચા જુદા પાડે છે; તલમાં જે ખોળ છે તે તલનું સ્વરૂપ નથી છતાં ‘તેમાં વર્તમાનમાં તેલ છે’ એમ જાણે તો પછી તેલના લક્ષે ખોળને જુદો પાડે; તેમ ભગવાન આત્માને પુદ્ગલકર્મના સંયોગથી અવસ્થામાં જે રાગદ્વેષ ને અજ્ઞાનના વિકારી ભાવ થાય છે તે વર્તમાન એકેક સમય પૂરતા છે અને અંદર અખંડ સ્વભાવ પૂર્ણ અવિકારી ધ્રુવ છે — એમ જાણે તો વિકાર ટાળી શકે. ભેદના લક્ષે રાગ થાય છે અને અખંડ સ્વભાવના લક્ષે રાગ ટળે છે.

**— પૂજ્ય ગુરુદેવશ્રી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૫૩

તા. ૧૭–૧૧–૭૮

## વચનામૃત — ૩૮૪

તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે. અનંતગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી, અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે. તારામાં આવાં નિધાન છે, તો પછી તું બહાર શું લેવા જાય છે? તારામાં છે તેને જો ને! તારામાં શી ખામી છે? તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે. સુખ ને જ્ઞાન તો શું પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી. એક વાર તું અંદરમાં પ્રવેશ કર, બધું અંદર છે. અંદર ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે અને તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ. પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ. ૩૮૪.

'તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે.'

ત્રિકાળશુદ્ધ સામર્થ્યભરપૂર સહજજ્ઞાન, સહજદર્શન, સહજ-આનંદ, સહજવીર્ય વગેરે ગુણોને — શક્તિઓને — ધ્રુવ ધર્મોને અહીં નિધાન કહ્યાં છે. પ્રભુ! તારા આત્મામાં જ્ઞાનાદિ અનંત ગુણનિધાન ઠાંસી ઠાંસીને ભરેલાં છે એટલે કે આત્મા અનંત ગુણોથી ભરચક ભરેલો છે.

'અનંતગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી, અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે.'

જ્ઞાન, દર્શન, સુખ વગેરે અનંત ગુણોને રહેવા માટે અનંત પ્રદેશોની જરૂર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પડતી નથી. જીવનું નિજ જે અમૂર્તિક ચિન્મય ક્ષેત્ર લોકપ્રમાણ અખંડ અસંખ્યાત પ્રદેશ છે તે જ ક્ષેત્રમાં સર્વત્ર—પ્રત્યેક પ્રદેશે—તે જ્ઞાનાદિ અનંત ગુણો, જીવદ્રવ્યથી અભિન્ન સહભાવી અંશોપણે, સદા અવગાહીને ઠસોઠસ રહેલા છે. અસંખ્યાતપ્રદેશી જીવદ્રવ્યમાં તો અનંત ગુણો ઠાંસોઠાંસ ભર્યા છે પણ પુદ્ગલપરમાણુ કે જેનું નિજ ક્ષેત્ર માત્ર એક-પ્રદેશપ્રમાણ છે તેમાં પણ તેના મૂર્તિક અચેતન સ્પર્શ-રસાદિ અનંત ગુણો ઠસોઠસ ભરેલા છે. સંખ્યાએ જેટલા અનંત ગુણો જીવના જીવમાં છે તેટલા જ સંખ્યાએ પોતપોતાના અનંત ગુણો પુદ્ગલાદિ અન્ય દ્રવ્યોમાં છે. આકાશનું ક્ષેત્ર સર્વવ્યાપી અર્થાત્ અનંતપ્રદેશી અને પુદ્ગલપરમાણુનું ક્ષેત્ર માત્ર એકપ્રદેશી છે, છતાં તે બંને દ્રવ્યોમાં પોતપોતાના અનંત ગુણો રહેલા છે. માટે અનંત ગુણોને વસવા માટે અનંત પ્રદેશોની જરૂર નથી. જીવના અસંખ્યાતપ્રદેશી—મધ્યમ પરિમાણયુક્ત—ક્ષેત્રમાં જ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે.

**'તારામાં આવાં નિધાન છે, તો પછી તું બહાર શું લેવા જાય છે?'**

અસંખ્યાતપ્રદેશી તારા દ્રવ્યમાં આવાં જ્ઞાન, શાન્તિ ને આનંદ આદિ અનંત નિધાન ઠસોઠસ ભરેલાં છે, તો પછી તું તારા દ્રવ્યસ્વભાવથી ખસીને બહાર શા માટે જાય છે? શું બહારથી કંઈ જ્ઞાન, શાન્તિ કે સુખ મળશે? શું દેવ-શાસ્ત્ર-ગુરુ કંઈ આપી દેશે? અરે! રાગની મંદતાના ક્ષણિક વિભાવપરિણામ પણ શું સાચી ને શાશ્વત શાન્તિ આપી દેશે? જે કાંઈ વાસ્તવિક સુખ-શાન્તિ મળે છે તે અંતર નિધાનમાંથી મળે છે, બહારથી કે બહિર્લક્ષી મંદ કષાયથી સાચું સુખ કે સાચી શાન્તિ વગેરે કાંઈ મળતું નથી; તો પછી તું બહાર શું લેવા જાય છે?

**'તારામાં છે તેને જો ને! તારામાં શી ખામી છે?'**

ચિન્મય ગુણનિધાનસ્વરૂપ તારા દ્રવ્યસ્વભાવમાં જ્ઞાન, શાન્તિ, સમાધિ, સુખ વગેરે જે બધું ભર્યું પડ્યું છે તેને જો ને! તારામાં શી ખોટ છે કે જેથી તું બહાર લેવા જાય છે?

**'તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે.'**

દૃષ્ટિના આશ્રયભૂત ભગવાન જ્ઞાયક આત્મામાં પરિપૂર્ણ આનંદ, પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ શાન્તિ, પરિપૂર્ણ વીર્ય, પરિપૂર્ણ પ્રભુત્વ આદિ બધુંય—અનંત અનંત સામર્થ્યપૂર્ણ ગુણો—ભરપૂર પડેલ છે; પરંતુ અંતરમાં તેનો વિશ્વાસ આવવો, પરિપૂર્ણ અભેદ સ્વભાવ પર દૃષ્ટિ પડવી, કઠણ છે. વસ્તુસ્વભાવમાં—જ્ઞાયકભાવમાં—પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખ અને પૂર્ણ જ્ઞાન — એમ મુખ્ય બે પ્રધાન ગુણોનો ઉલ્લેખ કરીને, તેમના અવિનાભાવી બધાય ગુણો છે એમ કહ્યું. શાસ્ત્રમાં આચાર્યો પણ જ્ઞાન ને સુખ — એ બે મુખ્ય ગુણોને લઈને કથન કરે છે. 'સહજ ચિદાનંદ'માં પણ ચિદ્ (જ્ઞાન) ને આનંદ એ બે ગુણો લીધા છે. તત્ત્વજ્ઞાનતરંગિણીમાં પ્રાય: દરેક શ્લોકમાં 'चिद्रूपोऽहम्' અને શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવે 'ज्ञानानन्द' એમ બંને ગુણો સાથે લીધા છે. બે ગુણને મુખ્ય લઈને કથન કરવામાં આવતું હોવા છતાં આત્મવસ્તુમાં પૂર્ણ સ્વચ્છત્વ, પૂર્ણ સ્વસ્થત્વ, પૂર્ણ જીવત્વ, પૂર્ણ ચિતિશક્તિ, પૂર્ણ સુખશક્તિ, પૂર્ણ દ્રષ્ટાશક્તિ, પૂર્ણ વિભુત્વશક્તિ વગેરે બધુંય — અનંતા ગુણ — રહેલ છે.

**'સુખ ને જ્ઞાન તો શું પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી.'**

ભગવાન ચૈતન્ય પદાર્થ પોતાના ગુણવૈભવથી એવો ભરચક ભરેલો છે કે જ્ઞાન ને સુખ તો શું પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી. આનંદ, શાન્તિ કે સમાધિ કાંઈ પણ બહાર લેવા જવું પડે એમ નથી. કર્તા, કર્મ કે સાધન વગેરે કાંઈ બહાર ગોતવા જવું પડે એમ નથી. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ કારકશક્તિઓવાળો આત્મા છે. પોતાના જ્ઞાન ને આનંદ આદિ નિર્મળ ગુણપર્યાયોનું દાન પોતે પોતાને જ આપે એવી સંપ્રદાન નામની શક્તિ આત્મામાં છે, તેથી કાંઈ પણ — પર્યાયમાં પ્રગટ થતી નિર્મળતાઓ — ક્યાંયથી લેવા જવું પડે એમ નથી. આહાર કે પૈસા વગેરે બાહ્ય વસ્તુની લેવડ-દેવડ તો આત્માના સ્વરૂપમાં છે જ નહિ. અહીં તો આત્મઋદ્ધિની વાત છે. તું પોતે પોતામાંથી પોતાની ઋદ્ધિ પોતાને જ આપે એવી સંપ્રદાનશક્તિ તારામાં છે પ્રભુ! પોતે પાત્ર અને પોતે દાતા — એવો આત્માનો સહજ ગુણ છે.

દ્રવ્યસામાન્ય પર્યાયનો દાતા નથી — એવી વાત અન્યત્ર આવે છે તે પણ સાચી છે. અહીં તો એમ કહેવું છે કે — દ્રવ્ય-પર્યાયસ્વરૂપ આત્મા પોતે ધ્રુવ સ્વભાવના આલંબને પ્રગટેલી નિર્મળતાનું દાન પોતે પોતાને જ આપે છે, કેમ કે તેનામાં સંપ્રદાન-શક્તિ છે. પોતે લેનાર ને પોતે દેનાર છે. જો કે ધ્રૌવ્ય તો સદા એકરૂપ રહે છે, તેમાંથી કાંઈ નીકળતું નથી, તોપણ તેના આલંબને આત્માને પર્યાય-અપેક્ષાએ નિર્મળતા પરિણમે છે, તેથી તેમાંથી નિર્મળતા આવી એમ કહેવાય છે.

પ્રશ્ન :— બહાર કંઈ પણ લેવા જવું પડે એમ નથી, તો શું અંદર આત્મામાં દાણા છે? દાણા વગર ખાવું શું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્તર:— હા, આત્મામાં અતીન્દ્રિય આનંદના દાણા છે. શાન્તિનાં ત્યાં નિધાન છે. જ્ઞાન, આનંદ ને શાન્તિ એ જ જીવનો ખોરાક છે, ઘઉં કે જાર-બાજરાનો ખોરાક તો જડ, અચેતન, માટી છે, તેનો આત્મા કર્તા કે ભોક્તા નથી. આત્મા સ્વરૂપાનંદનો કર્તા ને ભોક્તા છે, જડનો ને રાગનો તો સ્વભાવથી જ અકર્તા ને અભોક્તા છે. માટે પ્રભુ! બહારમાં કાંઈ લેવા જવું પડે એવું તારી ચીજમાં નથી.

**'એક વાર તું અંદરમાં પ્રવેશ કર, બધું અંદર છે.'**

પૂર્ણ અકષાય સ્વભાવથી ભરેલો, પૂર્ણ વીતરાગી ગુણોથી સદા ભરપૂર, નિજ જ્ઞાયક ભગવાન આત્મામાં તું એક વાર અંદર નજર કર, અંદર સ્વભાવમાં પ્રવેશ કર, અને તેમાં જો કે — આ મારા દ્રવ્યસ્વભાવમાં અંદર શું શું ભર્યું પડ્યું છે! અંદર પ્રવેશ કરીને જોતાં તને ભાસશે કે — અહા! મારામાં અંદર બધું ભર્યું પડ્યું છે. જ્ઞાન, આનંદ, શાન્તિ, સ્વચ્છતા, સમાધિ વગેરે જે કાંઈ જોઈએ તે બધુંય — અનંત ગુણો — અંદર દ્રવ્યસ્વભાવમાં પરિપૂર્ણ ભર્યા પડ્યા છે; બહાર કાંઈ લેવા જવાનું નથી.

અંદર આત્મસ્વભાવમાં સહજ જ્ઞાન ને સહજ આનંદ વગેરે અનંત ગુણો ભર્યા પડ્યા છે, પણ બહારનું બીજું કાંઈ નથી; શરીર, વાણી, મન કે તેમની ક્રિયા તો આત્મામાં નથી જ, પણ દયા-દાન કે વિષયવિકારના વિકલ્પો — શુભાશુભ વિભાવો — પણ આત્મસ્વભાવમાં નથી, અરે! આત્માની એક સમયની અધૂરી-પૂરી પર્યાય પણ તેના ધ્રુવ ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવમાં પ્રવેશ પામતી નથી. સાધકપર્યાય જેના લક્ષે — આશ્રયે — આલંબને થાય છે તે નિજ દ્રવ્યસામાન્ય તો ગુણસામર્થ્યથી ત્રિકાળ પરિપૂર્ણ છે. જીવને જે કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાય પ્રગટ થાય છે તે, અંદર દ્રવ્યસ્વભાવમાં જે જ્ઞાનશક્તિ પરિપૂર્ણ ભરી પડી છે તેના આશ્રયે થાય છે, મોક્ષમાર્ગરૂપ અધૂરી પર્યાયના આશ્રયે નહિ. ત્રિકાળિક પૂર્ણના આશ્રયે પર્યાયમાં પૂર્ણતા પ્રગટે, અધૂરાના આશ્રયે — લક્ષે પૂર્ણતા પ્રગટે નહિ. ૩૭૬મા બોલમાં આવી ગયું ને! — કે 'પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે.... જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી — તેના ઉપર જોર હોતું નથી. જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે. ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે. સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે. માટે બધું છોડી, એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે દૃષ્ટિ કર, તેના ઉપર જ નિરંતર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોર રાખ, તેના જ તરફ ઉપયોગ વળે તેમ કર.'

અહીં કહે છે: તું અંદર આનંદકંદ દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કર, બધું અંદર છે. સુખ જોઈતું હોય, સંતોષ જોઈતો હોય, શાન્તિ જોઈતી હોય, નીરોગતા જોઈતી હોય તો તે બધું અંદર છે. આત્મા નીરોગતાથી ભરેલો છે. આત્માની નીરોગતા હો! જડ શરીરની નીરોગતાનું આત્માને શું કામ છે? અરે! શરીરનો શો ભરોસો? ક્ષણમાં છૂટી જાય, કમળામાંથી કમળો થઈને દેહ છૂટી જાય. બાપુ! દેહ છૂટવાનો જે કાળ નિશ્ચિત છે તે એક સમયમાત્ર પણ આઘોપાછો નહિ કરી શકાય. તેને સાચવવાની નજર ન રાખ; અંદર આત્મસ્વભાવમાં સ્વયં ને સ્વતઃ સચવાયેલા જ્ઞાન ને આનંદ આદિ શાશ્વત ગુણો પડ્યા છે ત્યાં નજર નાખ ને! સ્વયં સચવાયેલા ગુણોના આલંબને તને સુખ, શાન્તિ, સમાધિ વગેરે બધું પર્યાયમાં પ્રગટ થશે.

**'અંદર ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે અને તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ.'**

અંદર ઊંડે ઊંડે પ્રવેશ કરતાં... બહેનનાં વચનામૃતમાં 'ઊંડે ઊંડે' શબ્દ બહુ આવે છે. શુભાશુભ વિભાવો કે મતિજ્ઞાન વગેરે પર્યાયો ઉપર-ઉપર — છીછરી છે; તે પર્યાયોની સમીપ, તે દશાઓની પાછળ, અંતરમાં જે ટંકોત્કીર્ણ શુદ્ધ ધ્રુવ તળ, ગુણસમૃદ્ધિથી ભરપૂર દ્રવ્યસામાન્યરૂપ દળ પડ્યું છે તેને બહેન 'ઊંડું' શબ્દથી કહેવા માગે છે.

અહા! અંદર ઊંડે ઊંડે પ્રવેશ કરતાં, અંતરમાં જ્ઞાયક ધ્રુવ દળનું સાચું દર્શન થતાં, તને તેમાં ભરલાં તારાં સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત ગુણનિધાન દેખાશે અને 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' — એ ન્યાયે તે સર્વ ગુણનિધાનના યથાસંભવ પ્રગટ અંશને વેદી — આસ્વાદી તું તૃપ્ત થઈ જઈશ.

ભગવાન આત્મામાં એક પ્રભુત્વ અર્થાત્ ઐશ્વર્ય નામની શક્તિ છે. તે શક્તિના કારણે આત્માની મોટપનો પાર નથી. એ મોટપ આત્મસ્વભાવમાં ઊંડે ઊંડે પ્રવેશ કરવાથી મળશે. લોકો બહારની મોટપ — રાજ્યની પદવી — માટે ચૂંટણીમાં ઝાઝા મત મેળવવા આકાશ-પાતાળ એક કરે, ભિખારા 'મત'ની ભીખ માગ્યા કરે, પણ પ્રભુ! તારા અંતરમાં 'મોટપ' ક્યાં ઓછી છે કે જેથી તું બહારમાં ભીખ માગ્યા કરે છે? તારું શુદ્ધાત્મદ્રવ્ય ઐશ્વર્યથી — મોટપથી ભરચક ભરેલું હોવાથી, તેના બધા ગુણો ઐશ્વર્યથી ભરેલા છે. જ્ઞાનગુણ, દર્શનગુણ, ચારિત્રગુણ, સ્વચ્છત્વગુણ, જીવત્વગુણ, વીર્યગુણ વગેરે બધા ગુણો ઐશ્વર્યથી શોભી રહ્યા છે. તું ત્યાં નજર કર ને! તેના પર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નજર કરતાં, સમ્યગ્દર્શન થતાં, તને અનંત અનંત મોટપથી ભરેલાં તારાં જ્ઞાનાદિ નિધાન દેખાશે અને તેમના પ્રગટ અંશને — સ્વભાવના આશ્રયે પ્રગટેલી નિર્મળતાના વ્યક્ત અંશને — અનુભવીને તું કૃતાર્થ થઈ જઈશ.

લોકો વીતરાગદેવના જૈનધર્મનો અન્ય ધર્મો સાથે સમન્વય કરવા માગે છે. બાપુ! ક્યાં સનાતન સત્ય વીતરાગ જૈનધર્મ અને ક્યાં કલ્પિત ને રાગપોષક અન્ય ધર્મો? જગતમાં સત્ય અને કલ્પિત બંને 'છે'-અપેક્ષાએ બરાબર છે, પરંતુ 'બંને સાચાં છે' એ વાત જરા પણ સત્ય નથી. વીતરાગ સર્વજ્ઞ જૈન પરમેશ્વરે આત્માનાં નિધાન અંતરમાં જોયાં અને કહ્યું કે તું ત્યાં જો, અંદર સ્વરૂપમાં ઊંડે પ્રવેશ કર, તો તને તારાં તે નિધાન દેખાશે અને તેનું સમ્યક્ દર્શન થતાં તે સર્વ નિધાનના વ્યક્ત અંશના સંવેદન વડે તું તૃપ્ત થઈશ.

રાગમાં ઊભા રહીને અંતરનાં નિધાન દેખાશે નહિ; ભગવંત! તારા અતીન્દ્રિય વીતરાગી મહિમાનો કોઈ પાર નથી; તે બાહ્ય નિમિત્તોથી કે અભ્યંતર રાગના વિકલ્પોથી જણાય એવો નથી, માત્ર નિજ આત્માવલંબી શુદ્ધ પરિણતિ ને શુદ્ધોપયોગમાં — 'आत्मानुभवैकगम्यमहिमा' ફક્ત સ્વાનુભવમાં — જણાય એવો છે. અહો! આવો છે વીતરાગ માર્ગ! લોકો બિચારા જૂની રૂઢિના માણસો, તેમને આ સમજવું આકરું લાગે!

અરેરે! આ જીવ અનંત કાળથી — અનાદિ કાળથી — અંતરનાં ચૈતન્ય-નિધાનને ભૂલી, બહારમાં રખડીને મરી ગયો છે. જીવ સ્વભાવે શાશ્વત છે, તે ક્યાં મરે છે? પણ પોતાના આનંદનિધાન ચૈતન્યસ્વભાવનું અનાદિથી વિસ્મરણ કરીને, તેની શુદ્ધ સત્તાને નહિવત્ ગણીને, તેને મરણતુલ્ય કરી નાખ્યો છે. અનંતગુણ-નિધાન નિજ શુદ્ધ 'અસ્તિત્વ'નો અનાદર કરીને, દયા-દાન વગેરેના ક્ષણિક રાગને પોતાનું 'અસ્તિત્વ' માનીને પોતાના ચિદાનંદ પ્રભુને મરણતુલ્ય કરી નાખ્યો છે. 'શુભરાગથી આત્માને લાભ — ધર્મ થાય' — એમ રાગને મોટપ આપવાની પોતે જે અનાદિથી ભ્રાન્તિ સેવી છે તે, પરમગુરુનો ઉપદેશ સાંભળવાથી ટળે છે. પરમગુરુ શ્રી તીર્થંકર અરિહંતદેવ અને અપરગુરુ શ્રી ગણધરદેવથી માંડીને પોતાના પરમોપકારી પ્રત્યક્ષ ગુરુ ઉપદેશમાં એમ કહે છે કે — તારા આત્મામાં જ્ઞાન ને આનંદ આદિ અનંત નિધાન ઠસોઠસ ભરેલાં છે તેના ઉપર નજર કર, તેનો અંદરથી આદર કર, એને જ ઉપાદેય માન. ઉપદેશના નિમિત્તથી નિધાનભરપૂર સ્વભાવ લક્ષમાં આવ્યો; પછી ઉપદેશનું લક્ષ છોડી અંતરમાં ગુણનિધાન સ્વભાવનો આશ્રય કર્યો ત્યારે અનાદિની જે ભ્રાન્તિ ટળી, તેને 'ગુરુના ઉપદેશથી ટળી, એમ વ્યવહારથી કહેવામાં આવે છે; ખરેખર તો પોતે પોતાના સ્વસન્મુખતાના પુરુષાર્થ વડે અંદર સ્વભાવમાં ઊંડે પ્રવેશ કરવાથી ભ્રાન્તિ ટળીને સમ્યગ્દર્શન થયું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ! અંદર જ્ઞાયકસ્વભાવમાં ઊંડે પ્રવેશ કરતાં, અંતરમાં ચૈતન્યસ્વભાવનું યથાર્થ ભાવભાસન થતાં, સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે, દેવ-શાસ્ત્ર-ગુરુ તરફના શુભ રાગથી કે વ્યવહાર-શ્રદ્ધાના વિકલ્પોથી — નવ તત્ત્વના વિકલ્પોથી નહિ દેખાય. એ નિધાનપુંજ અર્થાત્ શુદ્ધ પરમભાવ અંદર સ્વભાવને અવલંબનારી શુદ્ધ પરિણતિથી દેખાશે; એ પરમભાવ કોઈ અશુદ્ધ તત્ત્વ નથી કે જે વ્યવહારરૂપ અશુદ્ધ પરિણતિથી દેખાય. અહા! આવું તત્ત્વ છે, વાતમાં જરા ફેર પડે તો આખું તત્ત્વ ફરી જાય એમ છે.

અંદર ચૈતન્યસ્વભાવમાં ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં, તને તારાં જે જ્ઞાન-આનંદ આદિ અનુપમ નિધાન દેખાશે તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી — આસ્વાદી તું તૃપ્ત થઈશ. એ નિધાનના પ્રગટ અંશને આસ્વાદવાથી તને કોઈ એવી અદ્ભુત તૃપ્તિ થશે કે જે વિષે કોઈ બીજાને પૂછવા જવું નહિ પડે; તું સ્વયમેવ તેનો રસાસ્વાદ ચાખીશ — અનુભવીશ. તે અનુપમ વેદન પાસે રાગનું ને વ્યવહારનું વેદન તને અત્યંત તુચ્છ અને દુઃખરૂપ લાગશે.

**‘પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ.’**

પ્રભુ! જ્ઞાયકસ્વભાવ તરફનું વલણ જે શરૂ થઈ ગયું તેને એમ ને એમ સતત ચાલુ રાખજે. અનાદિથી વલણ લક્ષ્મી, શરીર આદિ બાહ્ય નિમિત્ત, રાગ ને પર્યાય તરફ હતું, તેને ફેરવીને જ્ઞાનાદિ અનંત નિધાનના પુંજસ્વરૂપ નિજ ચૈતન્યમાં વાળી દીધું. પર ને વિભાવ તરફના વલણથી એકલું દુઃખ હતું, હવે પ્રભુ! તું તારા અંતરનાં નિધાનને જોઈશ તો તને તારી વર્તમાન શુદ્ધ પરિણતિમાં કોઈ અનુપમ આનંદ વેદાશે. શુદ્ધ પરિણતિમાં ત્રિકાળશુદ્ધ પરમભાવનું આલંબન હોય છે, વેદન નહિ; વેદન તો પરમભાવના આશ્રયે પરિણમેલી શુદ્ધ પરિણતિનું હોય છે. આશ્રય દ્રવ્યસ્વભાવનો ને રસાસ્વાદ — વેદન નિર્મળ દશાનું — સ્વાનુભૂતિનું હોય છે.

સ્વભાવસન્મુખ થવાથી જે દશા પ્રગટ થઈ, તેના આસ્વાદથી જે અનુપમ તૃપ્તિ થઈ, તે દશા સતત ટકાવવા માટે પુરુષાર્થ ચાલુ જ રાખજે. જો પાછો પડી જઈશ તો ભગવાન જ્ઞાયક આત્મા પાછો હાથ નહિ આવે. જો બહારનાં માન-સન્માન ને મોટપમાં ઘૂસી ગયો તો બસ, થઈ રહ્યું! તું સ્વભાવનો પુરુષાર્થ ચૂકી ગયો. અહીં તો બહેન કહે છે: સ્વભાવને અનુભૂતિમાં પામ્યા પછી પણ પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પર્યાયમાં પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અંતરમાં રહેલાં શક્તિભૂત જ્ઞાનાદિ સર્વ નિધાનને જો તો તેના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ, પછી તે સ્વભાવની સન્મુખતાના વલણરૂપ આશ્રય ચાલુ જ રાખજે જેથી તું પૂર્ણ નિધાનનો ભોક્તા થઈશ. ત્રિકાળશુદ્ધ સ્વભાવની અપેક્ષાએ નિધાન તો જે પૂર્ણ છે તે સદા છે જ; પણ પર્યાયમાં તેનું વેદન અપૂર્ણ છે, તેથી પુરુષાર્થ સતત ચાલુ જ રાખજે, જેથી તું પૂર્ણ નિધાનનો ભોક્તા થઈશ. 'તું પૂર્ણ નિધાનનો ભોક્તા થઈશ' એટલે પરિપૂર્ણ પુરુષાર્થ વડે ધ્રુવ પૂર્ણ નિધાનનો પૂરો આશ્રય કરતાં પ્રગટતી પરિપૂર્ણ પર્યાયોનો તું ભોક્તા થઈશ. ધ્રુવસ્વભાવનું ભોગવવાપણું — વેદન હોય નહિ, જ્ઞાન હોય; વેદન તો પર્યાયનું હોય પણ ધ્રુવ સ્વભાવનો આશ્રય કરીને જે તૃપ્તિરૂપ વેદન થાય તેને ધ્રુવ સ્વભાવનું — પૂર્ણ નિધાનનું વેદન પણ કહેવામાં આવે છે.

આગળ ૪૩૦મા બોલમાં 'નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય? દ્રવ્યનું કે પર્યાયનું ?' — એ પ્રશ્નનો ઉત્તર આપતાં બહેને કહ્યું છે : દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે; વેદાય છે આનંદાદિ પર્યાય. સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે જે ફરતું નથી, બદલતું નથી. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે.

વળી, ૩૭૮મા બોલમાં ત્રણપટી દશાની વાત કરતાં કહ્યું છે ને! — સાધકની દશા એકસાથે ત્રણપટી (— ત્રણ વિશેષતાવાળી) છે :— એક તો, તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે જેમાં અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે; બીજું, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે; અને ત્રીજું, અશુદ્ધ પર્યાયાંશ — જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે — દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.

પ્રશ્ન :— વ્રત, તપ, ભક્તિ વગેરે શુભભાવો જ્ઞાનીને શું દુઃખરૂપે વેદાય છે?

ઉત્તર :— બાપુ! એ શુભભાવો રાગ છે, વિકલ્પ છે ને દુઃખરૂપ છે. કોઈ કહે કે — એ ભાવોથી શુદ્ધભાવમાં જવાશે — ધર્મ થશે. પ્રભુ! પ્રભુ! આ તું શું કહે છે? ભાઈ! શુભરાગને ધર્મ ને ધર્મનું કારણ માનીને તું ક્યાં જઈશ? તેનાથી શુદ્ધ જ્ઞાન-સ્વરૂપ ભગવાન આત્મા હાથ નહિ આવે, ચાર ગતિમાં રખડવાનું બંધ નહિ થાય. દુનિયા 'વાહ! વાહ!' કહીને તારી પીઠ થાબડશે, તને પણ એમ લાગશે કે 'મેં કાંઈક કર્યું' પણ એ અજ્ઞાનભાવનાં ફળ આવશે ત્યારે આકરાં પડશે.

અહીં પહેલાં એમ કહ્યું કે — 'તે સર્વનિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ' અને પછી એમ કહ્યું કે 'પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પૂર્ણ નિધાનનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ.' અહા! અનંત અનંત જ્ઞાનાદિ ગુણ-વૈભવની સાહેબી જેમાં ભરપૂર ભરી પડી છે એવા નિજ પરમાત્મ-બાદશાહને તું અંદર ઊંડે પ્રવેશ કરીને — શુદ્ધ પરિણતિથી — જો, પર્યાયમાં તેના પ્રગટ અંશનું વેદન કર. તે શાન્તિ અને આનંદસ્વરૂપ પ્રગટ અંશને વેદીને તું તૃપ્ત થઈશ. પછી પણ સ્વભાવ તરફ સ્થિરતાનું વલણ ચાલુ જ રાખજે, જેથી પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થતાં પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ. અરે! આ દ્રવ્ય અને પર્યાયની — સ્વભાવ ને સાધનાની — વાતને લોકો, ન સમજી શકે એટલે, 'એકાન્ત' ઠરાવે છે. ભાઈ! આ ગહન વાતને તું પહોંચી ન શકે તેથી કાંઈ શ્રદ્ધામાં ગરબડ ન ચાલે. ચરણાનુયોગનાં શાસ્ત્રોમાં વ્રતાદિના શુભભાવને મોક્ષનું સાધન કહ્યું છે, પણ બાપુ! એ તો વ્યવહારનયનું કથન છે. શુભરાગ બધો દુઃખમય અને બંધનું કારણ છે. નિશ્ચયનય તો વ્યવહારભાવોનો પ્રતિષેધક છે. 'વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી; નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' માટે અંદર ઊંડે પ્રવેશ કરીને નિશ્ચય જ્ઞાયક સ્વભાવને જો. અરેરે! દેહ છૂટવાના સમયે બાપુ! તારો પુરુષાર્થ સ્વ તરફ નહિ હોય તો તું ત્યારે શું કરીશ? બહારના જાણપણાં કાંઈ કામ નહિ આવે. બહારથી તૃપ્તિ નહિ આવે, સાચી અને કાયમી તૃપ્તિ માટે અંતરનો પુરુષાર્થ કામ આવશે.

કોઈ દ્રવ્ય કોઈ બીજા દ્રવ્યનું કાંઈ પણ કરવા સમર્થ નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ પરને જાણતાં પરનું કાંઈ પણ કરવા સમર્થ નથી, જેમ આંખ બરફ ને અગ્નિની ક્રિયાને કરવા સમર્થ નથી તેમ. ....શુદ્ધ સ્વભાવનું ગ્રહણ કરવાથી પરદ્રવ્યનું કર્તાપણું છૂટી જાય છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૫૪

તા. ૧૮–૧૧–૭૮

## વચનામૃત — ૩૮૫

જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નહિ. દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી, જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય — આત્માની પ્રાપ્તિ થાય. તે સિવાય બહારથી જેટલાં ફાંફાં મારવામાં આવે તે ફોતરાં ખાંડ્યા બરાબર છે. ૩૮૫.

**'જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નહિ.'**

'જીવે બધું કર્યું' એટલે શું? વ્યવહાર શ્રદ્ધાના ને વ્રત-તપ-ભક્તિ વગેરેના શુભ ભાવ તેમ જ વિષય-કષાયના અશુભ ભાવ — બધું જીવે કર્યું. ક્યારે અને કેટલી વાર? ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં અનાદિ કાળથી અનંત વાર શુભાશુભ ભાવો અને બહિર્લક્ષી જાણપણું કર્યું; પણ સમસ્ત શુભાશુભ ભાવો તથા બહારનાં જાણ-પણાંથી જુદા નિજ આત્માને — પોતાના શુદ્ધ અસ્તિત્વમય પ્રભુને — ઓળખ્યો નહિ, પોતાના શુદ્ધ ચૈતન્યદળ તરફ નજર કરી નહિ.

**'દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી, જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય — આત્માની પ્રાપ્તિ થાય.'**

વીતરાગ દેવ-ગુરુ આત્માનું સહજ શુદ્ધ સ્વરૂપ શું કહે છે તે બરાબર ધ્યાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપીને અંતરની જિજ્ઞાસાથી સાંભળ્યું નહિ; કદાચિત્ ભાગ્યયોગે સાંભળવામાં આવ્યું, તો તેનો ઊંડાણથી વિચાર કર્યો નહિ; તેથી આત્માની સાચી ઓળખાણ થઈ નહિ. હવે, જો દેવ-ગુરુનો ઉપદેશ અંદરની જિજ્ઞાસાથી બરાબર સાંભળી, તેનો વિચાર કરે તો નિજ જ્ઞાયક આત્માની નક્કર ધ્રુવ ભૂમિ — અસલ વિજ્ઞાનઘન, કાયમ એકરૂપ રહેનારું વજ્રોપમ એકલું જ્ઞાનદળ, જેમાં પરિણમતી પર્યાયોનો પ્રવેશ નથી અને જે સ્વયં પર્યાયમાં કદી આવતું નથી — પર્યાયરૂપ થતું નથી, એવું આનંદ તેમ જ શાન્તિનું ધ્રુવ તળ — ખ્યાલમાં આવે; અને તે ધ્રુવ નક્કર ભૂમિને — નિજ શુદ્ધ અસ્તિત્વને — બરાબર ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા યથાર્થ ઓળખાય — તેની સાનુભવ પ્રાપ્તિ થાય. દેવ-ગુરુનું કહેવું એ છે કે — બહારની બીજી લાખ વાત છોડીને અંદર ધ્રુવ નક્કર ચૈતન્ય ભગવાનને — નિજ જ્ઞાયકદેવને — જો, તે તરફ જા. છ ઢાળામાં કહ્યું છે ને —

લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.

'ધ્યાઓ' તે પર્યાય છે. કોને ધ્યાવું? જેનું ત્રિકાળશુદ્ધ અસ્તિત્વ — સત્તા મહાન છે એવા નિજ જ્ઞાયક મહાપ્રભુને. દેવ-ગુરુની વાણીથી — તેના પ્રત્યક્ષ શ્રવણથી — ખ્યાલમાં લઈને નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય. પ્રથમ ખ્યાલમાં લે તો લીનતા થઈ શકે ને? ત્રિકાળ ધ્રુવ ઝળહળતી ચૈતન્યજ્યોતિને ખ્યાલમાં લે તો તેમાં લીનતા કરે. આવે છે ને! — 'અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.' આત્માની નક્કર ભૂમિને — નિજ શુદ્ધ અસ્તિત્વને — ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરે તો આત્મા ઓળખાય — આત્માની પ્રાપ્તિ થાય.

દેવ-ગુરુના ઉપદેશમાં એમ આવ્યું કે — આ આત્મા વીતરાગમૂર્તિ નિત્યાનંદ ચેતન ધ્રુવ વસ્તુ છે. આત્મા પોતાના ધ્રુવ સ્વરૂપને જાણે છે પોતાની પર્યાય દ્વારા; કેમ કે જાણવાની અર્થક્રિયા પર્યાયમાં હોય છે ધ્રૌવ્યાંશમાં નહિ. આત્મા પોતાની પર્યાય વડે શું જાણે? — કે આત્માની નક્કર અસલી ભૂમિ — ચૈતન્યમય શુદ્ધ અસ્તિત્વ તે જ મારું મૂળ સહજ સ્વરૂપ છે. પોતાના જ્ઞાનાનંદ શુદ્ધ અસ્તિત્વને લક્ષમાં લઈ તેમાં લીનતા કરે તો અનુભૂતિમાં આત્માની પ્રાપ્તિ થાય. અહો! આ એક બોલમાં આખા સિદ્ધાન્તનો સાર ભરી દીધો છે. ભાષા બહુ ટૂંકી, પણ છે એકદમ સિદ્ધાન્તનો સાર. જેણે ધ્રુવપણું ધારી રાખ્યું છે એવી ચૈતન્યધાતુના સહજશુદ્ધ અસ્તિત્વને ખ્યાલમાં લઈ, તેમાં લીનતા કરે તો આત્મા ઓળખાય — આત્માની પ્રાપ્તિ થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તે સિવાય બહારથી જેટલાં ફાંફાં મારવામાં આવે તે ફોતરાં ખાંડયા બરાબર છે.'**

અહા! આ પ્રમાણે શાસ્ત્રો વાંચશું, ભગવાને કહેલી દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ વગેરે ક્રિયાઓ કરશું, આગમ-અનુસાર ૨૮ મૂળગુણોનું નિર્દોષ પાલન કરશું, આ કરશું ને તે કરશું, પણ ભાઈ! અંતરમાં આત્માની સાચી ઓળખાણ વિના એ બધાં બહારનાં ફાંફાં છે. આત્મજ્ઞાનશૂન્ય બહારનાં જાણપણાંનાં ને બહારના ક્રિયાકાંડનાં જેટલાં ફાંફાં મારવામાં આવે તે કણ વિનાનાં ફોતરાં ખાંડવા બરાબર છે—આત્મહિત માટે સાવ નિરર્થક છે. અંદર કણ તો જ્ઞાનાનંદમય આત્મ-અસ્તિત્વ છે; તેને બરાબર ખ્યાલમાં લઈ, ઓળખાણ કરે તો આત્માની પ્રાપ્તિ થાય. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય, જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક—એવી જે પોતાની નક્કર અસલી ભૂમિ તેની યથાર્થ ઓળખાણ કરીને તેમાં લીનતા કર તો તને નિજ શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિ પ્રાપ્ત થશે.

અહા! બહેનનું આ પુસ્તક બહુ સરસ, બહુ સરસ!! આ એક પેરેગ્રાફમાં બધી વિધિ આવી ગઈ છે. દેવ-ગુરુને શું કહેવું છે—એ વાત પણ તેમાં આવી ગઈ છે. દેવ-ગુરુ ને ચારે અનુયોગનું કહેવું એક જ છે કે—તારી ધ્રુવ ચૈતન્ય ધાતુને—આત્માના શુદ્ધ અસ્તિત્વને—બરાબર ખ્યાલમાં લઈ, તેમાં લીનતા કર તો આત્મા ઓળખાશે—આત્મા અનુભૂતિમાં પ્રાપ્ત થશે. દેવ-ગુરુએ માર્ગનો ખ્યાલ આપ્યો, પણ એકાગ્ર તો પોતાને થવાનું છે ને? શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા—એ ત્રણેય થઈને માર્ગ છે ને? ધ્રુવ જ્ઞાયકનો શ્રદ્ધામાં આશ્રય કરી, તેનું જ્ઞાન કરી, તેના સ્વરૂપમાં આસીન થવું—સ્થિર થવું તે જ સાચી ઉદાસીનતા એટલે કે આત્મપ્રાપ્તિનો સાચો માર્ગ છે. તે સિવાય બીજું બધું—શાસ્ત્રનાં બહિર્લક્ષી ભણતર, મહાવ્રત-સમિતિ વગેરેનું પાલન, ઉપસર્ગ-પરિષહનું સહન કરવું, જંગલમાં વસવું વગેરે—બહારમાં ફાંફાં મારવા જેવું છે. તે બધું કણ વિનાનાં ફોતરાં ખાંડયાની જેમ વ્યર્થ છે, તેમાં જરાય આત્મલાભ નથી.

—✱—

## વચનામૃત — ૩૮૬

**બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, જ્ઞાન માર્ગ દેખાડે છે. મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ. માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગપ્રાપ્તિનાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રબળ નિમિત્ત છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે. આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે. ૩૮૬.**

**'બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, જ્ઞાન માર્ગ દેખાડે છે.'**

શરીરના બળિયા ઉપવાસ વગેરે બહારની ક્રિયાઓમાં, ધર્મ માનીને, ચડી જાય અને બુદ્ધિના બળિયા શાસ્ત્રોના બહિર્લક્ષી અભ્યાસ, જાણપણાં વગેરેમાં ચડી જાય, પણ એ બધી બહારની વાતો છે, તે કાંઈ અંદર આત્મપ્રાપ્તિનો માર્ગ દેખાડતી નથી; તે પ્રસંગે જો અંતરમાં કષાય પાતળો પાડ્યો હોય તો તે પુણ્યબંધનો હેતુ છે, મોક્ષનો નહિ. અનાદિથી અજાણ્યો એવો આત્મપ્રાપ્તિનો માર્ગ આત્માની ખરી રુચિથી સ્વસન્મુખ થયેલું જ્ઞાન દેખાડે છે, બહારની ક્રિયાઓ કે બહારનું જાણપણું નહિ.

વ્રત, તપ, પરિષહસહન, આતાપનયોગ વગેરે બહારની આકરી ક્રિયાઓ કરે, પ્રભુની ભક્તિમાં ઓતપ્રોત થઈ જાય, આખી જિંદગી શાસ્ત્રો વાંચ્યાવાંચ કરે, પણ ભાઈ! એ બહારની બહિર્લક્ષી પ્રવૃત્તિઓથી ધૂળેય ધર્મ નહિ થાય. શરીર આદિ પરપદાર્થોથી તદ્દન ભિન્ન અને શુભાશુભ વિભાવભાવોથી રહિત આત્માને — કે જે એક ટંકોત્કીર્ણ શુદ્ધ જ્ઞાનાનંદમય ચૈતન્યધાતુ છે તેને — અંતરમાં યથાર્થપણે ગ્રહણ કરનાર જે સ્વસન્મુખ જ્ઞાન, તેનાથી ધર્મ થાય છે, તેનાથી આત્માની પ્રાપ્તિ, મોક્ષમાર્ગ અને પૂર્ણાનંદની ઉપલબ્ધિસ્વરૂપ સિદ્ધિ થાય છે. આત્માના જ્ઞાન વિના અજ્ઞાનીઓને પણ બહારના જાણપણાનો ઉઘાડ ઘણો ખીલે છે, કોઈ કોઈને તો વિભંગજ્ઞાન પ્રગટે છે, જેનાથી સાત દ્વીપ અને સાત સમુદ્ર, ઇંદ્રિયોની સહાય વિના, સીધા દેખે; પણ તેથી શું? અંદર પરિણતિમાં મિથ્યાત્વ પડ્યું છે તેથી તે બહિર્લક્ષી જ્ઞાન પાછું અવરાઈ જવાનું; અનુક્રમે નિગોદમાં જઈને અક્ષરના અનંતમા ભાગે થઈ જવાનું.

બંધ અને મોક્ષ — એ તો આત્માની પર્યાય છે. આત્માના ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયક-સામાન્યમાં એ બંને પર્યાયભેદ નથી. ધ્રુવ સામાન્યમાં બંધ-મોક્ષના પર્યાયભેદ માનવા તે પણ એક મિથ્યા અભિપ્રાય છે. આત્માની બંધ-મોક્ષરૂપ પર્યાયો તરફથી લક્ષ ઉઠાવીને આત્માના ત્રિકાળ ધ્રુવસ્વરૂપ તરફ લક્ષ કર અને એમાં સ્થિર થા, તો તને પર્યાયમાં, જે અનાદિથી રાગની પ્રાપ્તિ હતી તે પલટીને, પૂર્ણાનંદકંદ નિજ આત્માની પ્રાપ્તિ થશે. ભાઈ! બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી. ઉનાળામાં દુર્ધર આતાપનયોગ કરે, પોષ મહિનાની હિમ જેવી ઠંડી ઉઘાડા શરીરે સહન કરે, વર્ષાના ઠંડા પવનની બાધાઓ સહે, પણ એ કોઈ આત્મપ્રાપ્તિનો માર્ગ દેખાડે એવી ચીજ નથી. આત્મ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રાપ્તિનો માર્ગ તો માત્ર જાણનસ્વભાવ સન્મુખ થયેલું જ્ઞાન જ બતાવે છે. સઘળા બાહ્ય વિષયો તરફથી રુચિ ખસેડીને સ્વસન્મુખ જ્ઞાન વડે અંદર જ્ઞાયકનું ગ્રહણ કરે તો આત્મા પ્રાપ્ત થાય.

આત્માનો અસાધારણ સ્વભાવ જ્ઞાન છે. સ્વ અને પરનું, સ્વભાવનું ને પરભાવનું યથાર્થ પ્રકાશન કરવું — જાણવું તે જ્ઞાનનું લક્ષણ છે. સ્વ-પર-પ્રકાશક જ્ઞાનસ્વભાવી નિજ ભગવાન આત્માના ભિન્ન શુદ્ધ અસ્તિત્વની ઓળખાણ થઈ, પ્રતીતિ થઈ, નિર્મળ અનુભૂતિ થઈ ત્યારે જ્ઞાન, તેનો સ્વભાવ સ્વપર-પ્રકાશક હોવાથી, પરપદાર્થોને પોતાના સ્વરૂપમાં ભેળવ્યા વિના પરજ્ઞેય તરીકે જાણે; પણ પરને જાણે માટે 'આ પદાર્થ ઠીક છે અને આ પદાર્થ અઠીક છે' એવો ભેદ પાડવા તે બેસતું નથી. જગતના બધા પદાર્થોમાં પ્રમેયત્વ નામની શક્તિ છે, તેથી તેઓ પ્રમેય — જ્ઞેય તરીકે પ્રમાણનો — જ્ઞાનનો વિષય થાય. જગતની વસ્તુ તો પોતાના સ્વરૂપે જે છે તે છે, તેમાં 'આ અનુકૂળ ને આ પ્રતિકૂળ' — એવી કોઈ છાપ કે ગુણ નથી; જીવ, માત્ર પોતાની મોહવૃત્તિથી પદાર્થમાં ઠીક-અઠીકપણાનો ભેદ કલ્પે છે.

સમયસારમાં આવે છે ને! — બહુ પ્રકારનાં નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે પુદ્ગલો પરિણમે છે; તેમને સાંભળીને અજ્ઞાની જીવ 'મને કહ્યું' એમ માનીને ગુસ્સે થાય છે તથા ખુશી થાય છે. નિંદાના અને સ્તુતિના શબ્દો જડ પુદ્ગલદ્રવ્યની પર્યાય છે. તેઓ માત્ર જ્ઞાનનાં જ્ઞેય છે. તેઓ સ્વપર-પ્રકાશનસ્વભાવી જ્ઞાનસ્વરૂપ આત્માને કાંઈ કહેતા નથી, કે 'તું અમને જાણ'; અને જ્ઞાનસ્વભાવી આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને જાણવા માટે તેમના પ્રત્યે જતો નથી. પોતાના સ્વપર-પ્રકાશક જ્ઞાનસ્વરૂપથી જ જાણતા એવા આત્માને, પોતપોતાના સ્વભાવથી જ પ્રમેયપણે — જ્ઞેયપણે પરિણમતા નિંદાદિકના શબ્દો જરા પણ વિકાર કરતા નથી. આવો વસ્તુ-સ્વભાવ છે, તોપણ મોહી જીવ નિંદા-પ્રશંસા વગેરે પરજ્ઞેયોને સારાં-નરસાં માની રાગદ્વેષ કરે છે, તે અજ્ઞાન છે.

અહા! જેને પ્રતીતિ, જ્ઞાન ને અનુભૂતિમાં જ્ઞાનમાત્ર નિજ આત્મા પ્રાપ્ત થયો તેને નિંદા-પ્રશંસા, શત્રુ-મિત્ર, કંચન-કથીર, સરોગતા-નીરોગતા વગેરે પરજ્ઞેયોમાં ઠીક-અઠીકપણું નહિ, પણ કેવળ જ્ઞેયપણું જ ભાસે છે. જ્ઞેયભૂત પરપદાર્થોમાં કોઈ સારો-નરસો નથી, છતાં તેમાં જે એવા ભેદ પાડે તે મિથ્યાદૃષ્ટિ — અજ્ઞાની — મૂઢ છે. સ્વપર-પ્રકાશક સ્વભાવ હોવાથી, જ્ઞાન સ્વને ને પરને જેમ છે તેમ જાણે, પણ 'આ સારું અને આ ખરાબ', 'આ મારું ને આ તારું' — એવા ભેદ જ્ઞેયભૂત સામી ચીજોમાં પણ નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને એવા ભેદ કરવા તે જ્ઞાનના સ્વભાવમાં પણ નથી. જ્ઞાન ઠીક-અઠીકની કલ્પના રહિત કેવળ જાણનાર છે અને વિષયભૂત પદાર્થો ઠીક-અઠીકના ભેદ રહિત કેવળ જ્ઞેય છે.

પ્રશ્ન :— શ્રીમદે વાઘ-સિંહના પ્રતિકૂળ સંયોગને 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો' — એમ કહ્યું છે ને?

ઉત્તર :— એ અપેક્ષા જુદી છે. ખરેખર તો વાઘ-સિંહ પણ જ્ઞાનના કેવળ જ્ઞેય જ છે. પરંતુ સાધક મુનિરાજને શરીર પ્રત્યે પણ અત્યંત નિસ્પૃહતા પરિણમી છે. તેમને જે શરીર જોઈતું નથી તે કોઈ લઈ જાય તો તે પરમ મિત્ર ગણાય. તેનો અર્થ એમ નથી કે મુનિરાજને શરીર પ્રત્યે અઠીક-બુદ્ધિ ને વાઘ-સિંહ પ્રત્યે ઠીક-બુદ્ધિ છે; શરીર ને વાઘ બન્ને કેવળ જ્ઞેય જ છે.

અહા! જેણે આનંદસાગર વીતરાગ ધ્રુવ ચૈતન્યધાતુને અંદરથી પકડી તેને જગતમાં કહેવાતું અનુકૂળ-પ્રતિકૂળ બધું જ્ઞાનના જ્ઞેય તરીકે જાણવામાં આવે છે. સમ્યગ્દર્શન થતાં વેંત આટલો પ્રતીતિ-અપેક્ષાનો સમતાભાવ તો આવે જ. અસ્થિરતાને લઈને જે ઠીક-અઠીકનો વિષમભાવ આવે તે શ્રદ્ધાનો દોષ નથી. સમજાણું કાંઈ? શ્રદ્ધામાં તો કોઈ પરપદાર્થ અનુકૂળ કે પ્રતિકૂળ નથી, બધા સમાન એકરૂપ જ્ઞેય છે; જ્ઞાની બધાને જ્ઞેયપણે માત્ર જાણે જ છે. જ્ઞાનીને દુનિયા શું કહેશે. તેની પડી નથી, તે જાણવા રોકાતું નથી. અહીં કહે છે કે — વ્રત, તપાદિ બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, અંદર સ્વસન્મુખ થયેલું જ્ઞાન માર્ગ દેખાડે છે.

**'મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ.'**

શરીર, વાણી, કર્મ વગેરે પરદ્રવ્ય તે આત્મા નહિ, દયા, દાન કે વિષયવ્યાપારના શુભાશુભ ભાવ તે આત્માનો મૂળ સ્વભાવ નહિ અને પ્રતિક્ષણ પરિણમતી પર્યાય તે આત્માનું આખું અસ્તિત્વ નહિ — એમ પરથી જુદા અને વિભાવ તેમ જ પર્યાયથી પણ કથંચિત્ જુદા એવા પોતાના ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયકને પકડતાં — અંતરમાં તેનું ગ્રહણ કરતાં — જે જ્ઞાન થયું તે સાચી સમજણ છે. મોક્ષના માર્ગની શરૂઆત અંદર સત્ય સમજણથી થાય છે, બાહ્ય ક્રિયાઓથી નહિ. ગમે તેટલા ક્રિયાકાંડ કરે, તે સંબંધી ગમે તેટલા શુભ ભાવો — શુભ વિકલ્પો કરે, પણ તેનાથી સાચી સમજણ કે મોક્ષના માર્ગની શરૂઆત થતી નથી.

અનુભવપ્રકાશ અને આત્માવલોકન ગ્રંથમાં સાધ્યસાધકના બોલોમાં 'શુભભાવ સાધક અને મોક્ષ સાધ્ય' — એમ આવે છે. તે કથનનો મર્મ સમજે નહિ એટલે વ્યવહારના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આગ્રહી જીવો તેમાંથી એમ પકડે કે જુઓ! વ્યવહારને અર્થાત્ શુભભાવને શાસ્ત્રમાં મોક્ષનું સાધન કહ્યું છે. પણ ભાઈ! તું કહે છે એમ તેનો અર્થ નથી. શુભભાવ અર્થાત્ રાગભાવ વીતરાગતાનું—મોક્ષનું સાધન કદી બની શકે જ નહિ. ત્યાં જે વાત છે તે જ્ઞાનીના શુભભાવની વાત છે. જ્ઞાનીના શુભભાવને મોક્ષનું સાધન કહેવું તે વ્યવહારનયનું કથન છે. તે કથનનો ખરો અર્થ એમ છે કે આત્માશ્રિત જે મંદ શુદ્ધિના સદ્ભાવમાં જ્ઞાનીને હઠ વિના વ્રત-તપાદિના શુભભાવો સહજપણે આવે છે, તે મંદ આત્મશુદ્ધિ જ ખરેખર પરંપરાએ મોક્ષનું ખરું સાધન છે; તોપણ તે મંદ શુદ્ધિના પરંપરા-સાધનપણાનો આરોપ, સાથે વર્તતા વ્રતાદિ શુભભાવોમાં વ્યવહારનયથી કરવામાં આવે છે.

સમયસારમાં પણ આવે છે ને!—"... સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહાર-સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પાકના પ્રકર્ષની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા આ આત્માને,...પોતે સાધક રૂપે પરિણમતું, તથા ... પોતે સિદ્ધ રૂપે પરિણમતું એવું એક જ જ્ઞાનમાત્ર ઉપાય-ઉપેયભાવ સાધે છે." પણ તેનો અર્થ શું? અંદર આત્માશ્રિત શુદ્ધતાનું ભાન અને વેદન જેને પ્રગટ થયું છે એવા જ્ઞાનીને શુદ્ધિની મંદતાના કાળે વ્યવહારરત્નત્રયસ્વરૂપ શુભભાવો આવે છે. તે શુભભાવથી અનુક્રમે વિશેષ શુદ્ધિરૂપે સ્વરૂપમાં આરોહણ થાય છે એમ કહેવું તે ખરેખર વ્યવહારનયજનિત આરોપિત કથન છે; ખરેખર તો વ્યવહારરત્નત્રયના શુભભાવ વખતે જ્ઞાનીને અંતરમાં વર્તતી આત્માશ્રિત મંદ શુદ્ધિ જ પ્રકર્ષપણાને પામીને અનુક્રમે વિશેષ શુદ્ધિરૂપે પરિણમે છે. અજ્ઞાનીને તો સ્વભાવનો આશ્રય જ પ્રગટ્યો નથી, તેથી તેના શુભરાગમાં મોક્ષના પરંપરા-સાધનપણાનો આરોપ ઘટી શકતો નથી. જ્ઞાનીને શુદ્ધ સ્વભાવનો આશ્રય પ્રગટ્યો છે; તેને અવ્રતાદિ પરિણામ સમયે સ્વભાવનો આશ્રય થોડો છે; વ્રતાદિ શુભ પરિણામ વખતે સ્વભાવનો આશ્રય વધ્યો છે, પરંતુ તે વૃદ્ધિ, શુભ રાગને લઈને નહિ પણ, અંદર સ્વભાવના આશ્રયથી થઈ છે. શુદ્ધોપયોગ કાળે સ્વભાવનો આશ્રય વિશેષ વધ્યો છે. પ્રત્યેક જ્ઞાનીને સતત વર્તતી શુદ્ધ પરિણતિમાં સ્વભાવનો—ધ્રુવ ધ્યેયનો આશ્રય તો કાયમ હોય છે જ.

એ તો ૩૭૮મા બોલમાં ત્રણપટીની વાતમાં આવી ગયું ને!—કે દરેક સાધક જીવને ધ્રુવ ધ્યેયનો—જ્ઞાયક પરમભાવનો—આશ્રય તો કાયમ હોય છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કરતાં દેશવિરતિ શ્રાવકને અંશે સ્થિરતા વધી છે, કારણ કે સ્વભાવનો આશ્રય વિશેષ થયો છે. આ જ આશ્રય વિશેષ ઉગ્ર થતાં શુભાશુભથી રહિત એવી શુદ્ધોપયોગરૂપ દશા પરિણમે છે. શુભભાવથી શુદ્ધોપયોગ થાય છે એમ તો નથી જ, પરંતુ શુદ્ધોપયોગરૂપ પર્યાયના આશ્રયે વિશેષ શુદ્ધોપયોગરૂપ દશા થાય છે એમ પણ નથી;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધકદશાના આલંબનભૂત ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વભાવના વિશેષ આશ્રયે જ શુદ્ધોપયોગ-રૂપ દશા પ્રગટે છે અને વૃદ્ધિ પામે છે.

પંચાસ્તિકાયસંગ્રહમાં પણ આવે છે: 'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને સુગમપણે મોક્ષ-માર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે.... કર્તવ્ય, અકર્તવ્ય, કર્તા અને કર્મરૂપ વિભાગોના અવલોકન વડે જેમને કોમળ ઉત્સાહ ઉલ્લસિત થાય છે એવા તે પ્રાથમિક જીવો ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે; ... આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે એવા ભિન્નસાધ્યસાધનભાવ-વાળા પોતાના આત્માને વિષે ... થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને ... ભગવાન આત્મામાં પોતાને સ્થિર કરતા થકા, ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી પરમ વીતરાગ-ભાવને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.'—આ કથન પણ વ્યવહારનયની પ્રધાનતાથી છે. 'ધીમે ધીમે રાગાદિને ઉખેડતા જાય છે' અને 'થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને'—એ વિધિ જ્ઞાનીને ભેદરત્નત્રયરૂપ શુભરાગથી નહિ, પણ અંતરમાં સ્વભાવ-આશ્રિત જે મંદ શુદ્ધિ છે તેના, સ્વભાવના વિશેષ આશ્રયે, વધવાથી થાય છે. સ્વભાવપરિણતિ સહિત રાગની મંદતા વખતે જ્ઞાનીને, પહેલાં (નીચલી દશામાં) સ્વભાવનો સ્થિરતા-અપેક્ષાએ જે આશ્રય હતો તેના કરતાં, થોડો આશ્રય વધે છે, શુદ્ધો-પયોગ થતાં સ્વભાવનો આશ્રય વિશેષ વધે છે, અને તેથી તેને અંતરમાં શાન્તરસ સતત વધતો જાય છે. આવા વીતરાગ શાન્તરસરૂપ મોક્ષમાર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, શુભ રાગ અને બાહ્ય ક્રિયાથી નહિ.

**'માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગ-પ્રાપ્તિનાં પ્રબળ નિમિત્ત છે.'**

આત્માની સાચી સમજણ, યથાર્થ પ્રતીતિ, મોક્ષમાર્ગ વગેરેની પ્રાપ્તિમાં આત્મ-જ્ઞાની પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ પ્રબળ નિમિત્ત છે, પરોક્ષ પુરુષનો નહિ. શ્રીમદ્‌માં આવે છે ને!—

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.

અહીં કહે છે કે—પ્રત્યક્ષ જ્ઞાની ગુરુનો તત્ત્વોપદેશ અને સમયસાર, પ્રવચનસાર વગેરે પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન આત્મપ્રાપ્તિનાં બળવાન નિમિત્ત છે. નિમિત્ત છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હો! ઉપાદાન નહિ. ઉપાદાન તો, પ્રત્યક્ષ જ્ઞાની ગુરુના તત્ત્વોપદેશ અને પરમાગમના શુદ્ધાત્મલક્ષી પ્રયોજનભૂત જ્ઞાન અનુસાર, અંતરમાં આત્મપ્રાપ્તિના પુરુષાર્થરૂપે પરિણમેલો પોતાનો આત્મા જ છે. પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન એટલે શું? જે આત્માને સ્પર્શે — બતાવે તે પ્રયોજનભૂત જ્ઞાન છે; બીજા અનેક વિષયોનું જાણપણું, કે જે મોક્ષમાર્ગ પ્રગટવામાં ઉપયોગી નથી તે, પ્રયોજનભૂત જ્ઞાન નથી. પ્રત્યક્ષ જ્ઞાની ગુરુનો ઉપદેશ અને પરમાગમના અભ્યાસથી થતું — જીવાદિ છ દ્રવ્ય ને તેમની સંપૂર્ણ સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, નવ તત્ત્વ, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ — પ્રયોજનભૂત વિષયોનું જ્ઞાન માર્ગ-પ્રાપ્તિનું પ્રબળ નિમિત્ત છે. 'પ્રબળ નિમિત્ત' એમ સૂચવે છે કે બીજાં પણ નિમિત્તો છે. જેમ કે — શાસ્ત્રમાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં જિનબિંબદર્શન, આકરી વેદના, દેવ-ઋદ્ધિદર્શન, જાતિસ્મરણ, તીર્થંકર-કલ્યાણક-દર્શન, જિનેન્દ્રમહિમા વગેરે અનેક નિમિત્તકારણો કહ્યાં છે; પરંતુ પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગપ્રાપ્તિનું બળવાન નિમિત્ત છે.

**'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે.'**

'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી' એટલે શું? અંતરમાં શરીર, વાણી, કર્મ વગેરે પરદ્રવ્યથી ભિન્ન અને શુભાશુભ વિભાવભાવોથી રહિત પોતાના ત્રિકાળશુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માનું યથાર્થ ભેદવિજ્ઞાન થઈને જે અતીન્દ્રિય આનંદ-યુક્ત આત્માનુભવ થાય તેનો સંબંધ પામીને વિકલ્પકાળે તત્ત્વની જે વાણી નીકળે તેને ચૈતન્યસ્પર્શી — આત્મસ્પર્શી વાણી કહે છે. સ્વાનુભવયુક્ત તે વાણીમાં નિમિત્ત-પણાનો એવો અતિશય હોય છે કે આત્માર્થીને તેના ભાવો હૃદયમાં સોંસરવટ ઊતરી જાય છે, જિજ્ઞાસુઓના હૃદયને અસર કરે છે. વાણી તો ભાષાવર્ગણારૂપ પુદ્‌ગલની પર્યાય છે અને જ્ઞાનાનંદમય સ્વાનુભવ આત્માની નિર્મળ પર્યાય છે; બંને પરસ્પર અત્યંત ભિન્ન અને સ્વતંત્ર છે, એકબીજાના કર્તા નથી, તોપણ તત્ત્વોપદેશમાં જ્ઞાનીના સ્વાનુભવયુક્ત જ્ઞાન ને વિકલ્પનું નિમિત્તપણું હોવાથી તે વાણીને ચૈતન્યસ્પર્શી અર્થાત્ આત્માને સ્પર્શીને નીકળતી વાણી કહેવામાં આવે છે. ખરેખર તો વિશ્વનો દરેક પદાર્થ પોતપોતાના અનંત ધર્મોને ચુંબે છે — સ્પર્શે છે પણ પરસ્પર એકબીજાના ધર્મને ચુંબતો — સ્પર્શતો નથી. વસ્તુનું સ્વરૂપ એકબીજાના ધર્મને નહિ સ્પર્શતું હોવા છતાં જ્ઞાનીના જ્ઞાનનું ને વિકલ્પનું નિમિત્ત પામીને સ્વયમેવ પરિણમતી આત્મસંબંધી વાણીને 'ચૈતન્યસ્પર્શી' કહેવામાં આવે છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને અંતરમાં બેસી જાય છે. કોને બેસે? અંતરથી સાચો મુમુક્ષુ, સાચો જિજ્ઞાસુ હોય તેને. સાચી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુતા હોવી તે શ્રોતાની પોતાની જવાબદારી છે. તેને ગુરુવાણીના ભાવ હૃદયસોંસરા ઊતરી જાય છે.

બેંકના એક મેનેજર આજે કહેતા હતા કે — 'અહો! આ પુસ્તક બહુ સરસ છે.' ખરેખર બહુ સરસ છે. જે કોઈ વાંચે, ભલે ને અન્યમતી હોય પણ મધ્યસ્થ થઈને વાંચે તો, તેને એમ થઈ જાય કે આ કોઈ અદ્ભુત પુસ્તક છે. એવી શૈલીથી સહેજે આવી ગયું છે કે તે બધાને ગમે.

**'આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.'**

આત્મસ્પર્શી વાણી સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય, પણ મુદ્દાની શરત એ કે અંદરથી એકદમ રુચિપૂર્વક શ્રવણ કરવું જોઈએ. શ્રી પદ્મનંદી-આચાર્યદેવે કહ્યું છે ને! —

तत्प्रति प्रीतिचित्तेन येन वार्ताऽपि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम् ॥

અહો! આ જ્ઞાનસ્વરૂપ આત્મા તે શી ચીજ છે! — એમ અંતરના પ્રેમથી ને રુચિથી જેણે આત્માની વાત પણ સાંભળી છે તે ભવિષ્યમાં થનારી મુક્તિનો અધિકારી બની જાય છે. તેને અંતરમાં આત્માનું પોસાણ થઈ ગયું છે તેથી તે અલ્પ કાળમાં સિદ્ધદશાનું ભાજન થઈ જશે — મોક્ષદશા પ્રાપ્ત કરી લેશે. અહો! આવી વાત છે, લોકોને આકરી લાગે. એકદમ અંદરની રુચિપૂર્વક આત્માની વાત સાંભળે તો જીવ જરૂર સમ્યક્ત્વની નજીક થઈ જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૫૫

તા. ૧૯–૧૧–૭૮

## વચનામૃત — ૩૮૭

આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે. તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે. જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી. તું તેનું જ અવલોકન કર ને! તેની અંદર એક વાર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે. ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ. બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી જશે. તું પરથી વિરક્ત થઈશ. ૩૮૭.

'આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે.'

અહીં આ બોલમાં શું કહેવું છે? પૂજા, ભક્તિ, વ્રત, તપ, દાન ને દયા વગેરે બહાર જડ શરીરની ક્રિયા અને અંદર આત્મામાં થતા પુણ્ય-પાપના પરિણામની વિભાવક્રિયા—એ કાંઈ આત્મા નથી, આત્માનું સ્વરૂપ નથી, કલ્યાણનો માર્ગ નથી. શરીરાદિ પરદ્રવ્ય અને શુભાશુભ વિભાવપરિણામથી ભિન્ન, સહજ જ્ઞાન ને આનંદ-સ્વરૂપ નિજ શુદ્ધ આત્માનું અંતરમાં યથાર્થ જ્ઞાન કરે, તેનો અનુભવ કરે તો કલ્યાણનો માર્ગ શરૂ થાય. માટે ભગવાન સર્વજ્ઞ તીર્થંકર પરમેશ્વરે જેવો જોયો, જાણ્યો, અનુભવ્યો ને કહ્યો એવા આત્માને પ્રથમ જાણવો જોઈએ. નિજ આત્માને ઓળખ્યા વિના બહારના—વ્રત, તપ, ભક્તિ વગેરેના—ક્રિયાકાંડ અનંત વાર કર્યા, પણ અંતરમાં આત્મા શી અદ્દભુત ચીજ છે એનો મહિમા કદી આવ્યો નહિ. અનંત વાર દિગંબર દ્રવ્યલિંગી સાધુ થયો પણ અંદર આત્મા શી અજાયબ ચીજ છે તેને જોવાનો અંતર્મુખ પ્રયત્ન કદી કર્યો નહિ, ને બહારનું બધું જોવામાં રોકાઈ ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બાપુ! આત્મા તો એક ઉત્કૃષ્ટ અજાયબઘર છે. દેહથી, કર્મથી, પુણ્ય-પાપની ક્રિયાથી, વિષયકષાયના ભાવથી ભિન્ન, અરે! દયા, દાન, વ્રત ને ભક્તિ વગેરેના શુભ રાગથી પણ કથંચિત્ ભિન્ન, આ જ્ઞાનસ્વરૂપ આત્મા તો કોઈ આશ્ચર્યકારી અદ્‌ભુત અજાયબઘર છે. અહા! કોઈ પચીસ-પચાસ લાખ રૂપિયાનું મોટું સુંદર મકાન હોય ને તેના અનેક ઓરડાઓમાં આશ્ચર્યકારી જોવાયોગ્ય વસ્તુઓ રાખી હોય, તે જોઈને લોકોને વિસ્મય થાય કે 'કેવું સુંદર અજાયબઘર છે!' પણ ભાઈ! એ બહારના અજાયબઘરમાં તો માત્ર જડ વસ્તુઓનો સંગ્રહ છે. ખરું અજાયબઘર તો ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા છે. ઉત્કૃષ્ટ અજાયબઘર કહીને બહેને કેવી સાદી ભાષામાં આત્માનો આશ્ચર્યકારી મહિમા પ્રગટ કર્યો છે?

## 'તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે.'

ભગવાન આત્મા કે જે આ દેહદેવળમાં, દેહ-વાણી-મનથી તદ્દન જુદી, અંદર જાણવું... જાણવું... જાણવું — એવા જ્ઞાનલક્ષણથી ઓળખાતી ત્રિકાળી ચૈતન્યવસ્તુ છે, તેમાં સહજજ્ઞાન, સહજદર્શન, સહજશ્રદ્ધા, સહજચારિત્ર, સહજસુખ, સહજવીર્ય, સહજ-પ્રભુત્વ, સહજસ્વચ્છત્વ વગેરે અનંત અનંત અનંત ગુણરૂપ અમૂર્તિક ચિન્મય અલૌકિક અજાયબીઓ — જોવા લાયક, અનુભવ કરવા યોગ્ય, આશ્ચર્યકારી શક્તિરૂપ વિશેષતાઓ — ભરી પડી છે. અનંત એટલે કેટલી? અનંતને અનંત વડે અનંત વાર ગુણાકાર કરો; તેમાં જે પહેલું 'અનંત' છે તેમાં પણ 'આ છેલ્લો' — એમ અંત ન આવે. તે 'અનંત' કરતાં અનંતગણા ગુણોરૂપ ઉત્કૃષ્ટ ને અલૌકિક અજાયબીઓ આત્મારૂપ અજાયબઘરમાં ભરી છે. અજ્ઞાની જીવ આવી પોતાની લોકોત્તર નિધિને જોતો નથી અને પૂજા, ભક્તિ, વ્રત, તપ, ઉપવાસ વગેરે રાગની ક્રિયામાં ધર્મ માનીને તેને જુએ છે અને તેમાં રચ્યોપચ્યો રહે છે, પરંતુ તે શુભભાવરૂપ વિભાવમાં જરાય અજાયબી નથી, એકલું દુઃખ ને આકુળતા છે; તેમાં આત્માની સાચી શાન્તિ કે સુખ નથી. ભગવાન આત્મા તો સ્વભાવે અનંત સુખ, શાન્તિ વગેરે અનંત અનંત અનંત ગુણ-સમૃદ્ધિનો અપાર ભંડાર છે. અરે! આત્મા કોણ છે અને તેની અનંત શક્તિઓ કેવી છે એવી અજ્ઞાનીને ક્યાં ખબર છે? દરેક ગુણમાં બાકીના અનંત ગુણોરૂપે નહિ થવાની અનંત 'નાસ્તિ' શક્તિ — તાકાત છે, પોતાની અનંત પર્યાયરૂપે પરિણમવાની તાકાત છે અને અનંત અન્ય પદાર્થોથી પોતાનું સદા ભિન્નત્વ રાખનારી અનંત અન્યત્વશક્તિ છે. અહા! તેના અનંતપણાના વિસ્તારની શી વાત કરવી! પ્રભુ! તને અનંત ગુણ-સ્વરૂપ ઉત્કૃષ્ટ અજાયબીઓથી ભરપૂર એવા તારા ભગવાન આત્માના ચમત્કારી સ્વરૂપની ખબર નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે ! ઘણાને તો, જૈનકુળમાં જન્મ્યા છતાં, જીવ કોને કહેવાય તેની પણ ખબર નથી. હાલે-ચાલે તે જીવ, ન હાલે-ચાલે તે જડ, હાલેચાલે તે ત્રસજીવ અને સ્થિર રહે તે સ્થાવરજીવ; પણ ભાઈ ! હાલવું-ચાલવું કે સ્થિર રહેવું તે જીવનું અસાધારણ લક્ષણ નથી, હાલવા-ચાલવાની કે સ્થિર રહેવાની ક્રિયા તો જડ પુદ્‌ગલમાં પણ હોય છે. માટે તે ક્રિયાથી જીવની સાચી ઓળખાણ થઈ શકે નહિ. અરે ! હજુ જીવના લક્ષણનું પણ ભાન ન હોય તેને જૈન કહે કોણ ? ભગવાન એને જૈન જ કહેતા નથી. જિનેન્દ્રના અનુયાયી જૈન તો એને કહેવાય કે જે અનંત ગુણસ્વરૂપ ઉત્કૃષ્ટ અજાયબીઓથી ભરપૂર જિનસ્વરૂપ નિજ ભગવાન જ્ઞાયક આત્મામાં દૃષ્ટિને સ્થાપીને, તેમાં 'અહં 'પણું કરીને, મિથ્યાત્વ ને રાગદ્વેષ પર વિજય મેળવે. 'જૈન' એ કોઈ વાડો નથી, જિનના માર્ગનું અનુસરણ કરે તેને 'જૈન' કહે છે. જેમાં આનંદ આદિ અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી પડી છે એવા નિજ ઉત્કૃષ્ટ અજાયબઘરમાં — આત્મામાં — નજર કરે, તેમાં દૃષ્ટિ સ્થાપી તેનો અનુભવ કરે તેને સાચો 'જૈન' કહેવાય.

**'જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી.'**

અહા ! જોવા જેવું બધુંય, નજર ઠરે એવો બધો અદ્‌ભુત વૈભવ, તારા નિજ અજાયબઘરમાં છે, બહાર કાંઈ લેવા જવાનું નથી. અરે ! અહીં તો પાંચ-પંદર લાખ રૂપિયાનું એક મકાન કરે તો તેના વાસ્તુપ્રસંગે મોટા મોટા માણસોને બોલાવે ને હરખ કરે; પણ ભાઈ ! આ વાત સાંભળ તો ખરો ! તારા નિજ અજાયબઘરમાં તેં કદી વાસ્તુ કર્યું નથી. અનંત ગુણથી ભરેલા એવા તારા નિજ ચૈતન્યઘરની અજાયબી જોવા જેવી છે. જોવા જેવું બધુંય, વિસ્મયકારી એવું સઘળુંય, ત્યાં ભર્યું પડ્યું છે, બહારમાં ક્યાંય જોવા જેવું નથી.

દીકરીને લાખ–બે લાખનો કરિયાવર કરે અને બધાં સગાંવહાલાંને બોલાવીને બતાવે, પણ ભાઈ ! એ ધૂળમાં કાંઈ જોવાનું નથી; અનંત અજાયબીઓથી ભરપૂર આશ્ચર્યકારી ચીજ તો તારા અંતરમાં પડી છે — અનંત ચમત્કારભરી અજાયબીઓ તારા ઘરમાં પડી છે, તેમના તરફ નજર નાખ ને ! જોવા જેવું ને વિસ્મયકારી તો તારું અજાયબઘર — ચૈતન્યદ્રવ્ય છે. સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવની વાણીમાં પણ જેનો અપાર મહિમા પૂરેપૂરો આવી શકતો નથી એવા, ચૈતન્ય ગુણરત્નોથી ભરેલા નિજ અજાયબઘરને જો ને ! જોવા જેવું બધુંય એમાં છે. દયા, દાન, વ્રત ભક્તિ, વગેરે પરિણામ તો શુભ રાગ છે, વિકાર તેમ જ દુ:ખનાં કારણ છે; એમાં કે બહારમાં બીજે ક્યાંય જોવા જેવું નથી. અહા ! આ વાત કેમ બેસે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ સારું ચલચિત્ર (ફિલ્મ) હોય તો લોકો જોવા જાય, પણ ભાઈ ! એમાં ધૂળેય જોવા જેવું નથી. તેને જુએ છે તેના કરતાં તેના જોનારને જો ને ! અરેરે ! જે જોવા જેવું છે તે ચૈતન્ય ગુણરત્નોથી ભરપૂર એવું પોતાનું જ્ઞાયક-ઘર કદી જોયું નહિ, અને જે પોતામાં નથી એવી બહારની ચીજોને જોવામાં — તેનો મહિમા કરવામાં રોકાઈ ગયો. શું કહ્યું ? આ બધું જે છે તેમાં જોવા જેવું જે કાંઈ હોય તે બધુંય અહીં અંદર છે, જોનારની બધી ગુણસમ્પત્તિ અંદર જોનારમાં — જ્ઞાયકમાં છે; તેને જો — એમ ત્રિલોકીનાથ વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરદેવ ઇન્દ્રો, નરેન્દ્રો ને ગણધરોની સમક્ષ જે કહેતા હતા તે આ વાત છે.

અરે ! જરાક પાંચ-પચીસ હજાર રૂપિયા મળે ત્યાં રાજી રાજી થઈ જાય, 'પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ' એમ પૈસા પાછળ ગાંડો થઈ જાય, એ તો આત્માનું ખૂન કરી નાખે છે, અજાયબીભરી પોતાની જ્ઞાનાદિ અનંત સમ્પત્તિઓનો અનાદર કરે છે. જેણે ભગવાન આત્માની ચૈતન્યમય જીવનજ્યોતિને બહારમાં — રાગ ને પૈસામાં — અટકાવી દીધી તેણે આત્માને મારી નાખ્યો. 'અલિંગગ્રહણ'ના બોલોમાં (પ્રવચનસાર ગાથા ૧૭૨ની ટીકામાં) કહ્યું છે ને ! — લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇંદ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે (જીવ) અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર ને આર્તવને અનુસરીને થનારો નથી. શું કહ્યું ? — પૈસા, પત્ની, પુત્ર ને પરિવાર એ પરવસ્તુ ક્યાંય રહી ગઈ, પણ આત્મા સાથે જે એકક્ષેત્ર સંબંધપણે છે તે દેહ, ઇંદ્રિય ને મન પણ તેનું જીવતર નથી. જીવ ચૈતન્યનિધિથી ભરપૂર પોતાના ઉત્કૃષ્ટ અજાયબઘરને જોતો નથી ને પરને જોવામાં અટકી ગયો છે.

અહા ! ત્રણ વાત કરી : (૧) આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે, (૨) તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે, ને (૩) જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી. જ્ઞાન, આનંદ, શાન્તિ, સ્વચ્છત્વ, પ્રભુત્વ, ઈશ્વરતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ આદિ અનંત અજાયબીઓ — શક્તિઓ — અંદર આત્મામાં ભરી પડી છે. તે અજાયબીઓ, નિગોદની પર્યાય વખતે જરા પણ હાનિ પામતી નથી અને કેવળજ્ઞાનની પર્યાય વખતે જરા પણ વૃદ્ધિ પામતી નથી, ત્રણે કાળે પરિપૂર્ણ એકરૂપ રહે છે. અહા ! જોવા જેવું આવું બધુંય, આશ્ચર્યકારી આવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી; તોપણ તું તેના તરફ જોતો નથી અને બહારમાં નજર રોકીને — દયા પાળું, સામાયિક કરું, પ્રતિક્રમણ કરું એમ — રાગની ક્રિયાના કરવાપણાની ભ્રાન્તિમાં અટકી ગયો, પણ ભાઈ ! 'કરવું...કરવું' એ તો ચૈતન્યનું 'મરવું' છે — ભાવમરણ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકોને જાદુગરના પ્રયોગોમાં, હાથચાલાકીમાં આશ્ચર્ય લાગે, પણ એક પ્રસિદ્ધ જાદુગરે પોતે કબૂલ કર્યું હતું કે— મહારાજ ! આ જાદુગરી તો અમારું હાથચાલાકીનું ધતિંગ છે, લોકોને છેતરવાનો ધંધો છે. ભાઈ! એ બહારના જાદુમાં કે બીજે ક્યાંય જોવા જેવું ને આશ્ચર્યકારી નથી, જોવા જેવું ને આશ્ચર્યકારી બધુંય તારા નિજ અજાયબઘરમાં — જ્ઞાયક આત્મામાં છે. પ્રભુ ! એ ઇન્દ્રાસનો, કરોડો અપ્સરાઓ, નવ નિધાનો, ૯૬ હજાર પદમણી જેવી રાણીઓ વગેરે કાંઈ પણ તારું નથી, તારામાં નથી; એ કોઈ જોવા જેવી આશ્ચર્યકારી ચીજો નથી. જોવા જેવો હોય, જ્ઞાનમાં મહિમાભાવે જ્ઞેય બનાવવા યોગ્ય હોય, તો તે જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓથી ભરેલો તારો જ્ઞાયક આત્મા છે. અરે ! આ વાત કેમ બેસે ? કોઈ દિવસ આ વાત સાંભળી ન હોય, આખી જિન્દગી એમ ને એમ મૂઢતામાં ગઈ હોય, તેને આત્માની આ વાત આકરી લાગે. બાપુ ! આ ભગવાન આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે, તેમાં અનંત ગુણરૂપ લોકોત્તર અજાયબીઓ ભરી છે; જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું સઘળુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં — વ્રત, તપ, ભક્તિ વગેરે વ્યવહારભાવોમાં — કાંઈ જ નથી. અરે! તીર્થંકર-નામકર્મના હેતુભૂત દર્શનવિશુદ્ધિ, વિનયસમ્પન્નતા વગેરે સોળ ભાવનાઓમાં પણ કાંઈ નથી, કેમ કે તેઓ તો શુભરાગ છે, વિકાર છે. તે શુભરાગ પણ તારા સ્વરૂપમાં નથી, તારી જાત નથી, કજાત છે; કજાતને જોવા રોકાણો, પણ સજાતને— સ્વજાતને, ચૈતન્ય જ્ઞાયકને — જોવા પ્રયત્ન કરતો નથી, તો આશ્ચર્યકારી એવો નિજ આત્મા કેમ પ્રાપ્ત થાય ?

**'તું તેનું જ અવલોકન કર ને !'**

જોવા લાયક, આશ્ચર્યકારી અનંત મહિમાવાળી, અંતરમાં જે તારી જ્ઞાયક-ચીજ છે તેને જોવા જા ને ! અત્યારે તો ધર્મના ઉપદેશકો પણ, આત્મા પડયો રહ્યો ને આત્મા સિવાય બીજી બધી વાતો કરવા મંડી પડયા. આત્મા કોણ છે ને કેવો છે ? — એ મુખ્ય વાત પડી રહી ને વર વગરની જાન જોડી દીધી; પણ તેને જાન કહેવાય જ નહિ, એને તો માણસોનાં ટોળાં કહેવાય. આશ્ચર્યકારી અનંત ગુણોના ભંડારને — પોતાના જ્ઞાયક-અજાયબઘરને — ભૂલીને સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરે તે તો 'વર વગરની જાન' જેવું છે. પ્રભુ ! અરિહંત ભગવાનને જે પૂર્ણ આનંદ પ્રગટયો તે તો પર્યાય છે, પણ સાદિ-અનંત કાળ એવો આનંદ પ્રગટયા કરે તોપણ જરાય ખૂટે નહિ એવા અનંત સામર્થ્યવાળા તારા ભગવાન આત્માનું જ અંતરમાં અવલોકન કર ને ! અરે ! હજુ જેને ગુણ શું કહેવાય ને પર્યાય શું કહેવાય — તેની ખબર ન હોય તેને જૈન કેમ કહેવાય ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેની અંદર એક વાર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે.'**

શું કહે છે ? જ્ઞાનાદિ અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓથી ભરપૂર ઉત્કૃષ્ટ અજાયબઘર એવા નિજ શુદ્ધાત્મતત્ત્વમાં એક વાર ડોકિયું કરતાં, શ્રદ્ધા ને જ્ઞાનની વર્તમાન પરિણતિને ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયકભાવમાં વાળતાં, તને — પૂર્વે કદી નહિ અનુભવેલો એવો — અપૂર્વ આનંદ થશે. ત્રિકાળી શુદ્ધ આત્મસ્વભાવમાં એક વાર દૃષ્ટિ કરતાં, તને સમ્યગ્દર્શન થશે, સમ્યગ્જ્ઞાન થશે, અંશે સ્વરૂપ-રમણતા થશે અને અનંત આનંદનો અંશ સ્વાદમાં આવશે. પ્રભુ ! તારો ભગવાન આત્મા અનંત અનંત ઐશ્વર્યથી ભરેલો છે. તેનામાં, અખંડિત જેનો પ્રતાપ છે એવા સ્વાતંત્ર્યથી શોભિત એવી, એક અચિન્ત્ય પ્રભુત્વશક્તિ છે, જેના કારણે તેના અખંડ પ્રતાપને કોઈ ખંડખંડ કરી શકે નહિ. અહા ! આવી અદ્ભુત પ્રભુતાથી ભરપૂર એવા તારા ઉત્કૃષ્ટ અજાયબઘરમાં — શુદ્ધ જ્ઞાયકભાવમાં — એક વાર ડોકિયું તો કર; સ્વરૂપની અંદર ડોકિયું કરતાં તને અનંત કાળમાં કદી નહિ થયેલો એવો અપૂર્વ આનંદ થશે.

**'ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ.'**

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વડે અંદર, ચૈતન્યની અનંત સમૃદ્ધિથી ભરપૂર નિજ જ્ઞાયક-અજાયબઘરમાં ડોકિયું કરતાં તને એવો અપૂર્વ આનંદ થશે કે જેથી તને નિજ અજાયબઘરમાંથી બહાર નીકળવું ગમશે જ નહિ. અહા ! આ તે ભાષા છે કાંઈ !!

**'બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી જશે.'**

અહા ! આ વચનામૃત-પુસ્તકમાં એકલા હીરા ભર્યા છે હીરા ! આ, દુનિયાના જડ હીરાની વાત નથી, ભગવાન ચૈતન્ય-હીરલાની વાત છે. અહા ! અંદર જ્ઞાયક પ્રભુની આશ્ચર્યકારી અસાધારણ ગુણ-અજાયબીઓ જોતાં અને અંશે અનુભવતાં તને બહારની બધી ચીજો પ્રત્યેનું — ઇંદ્રના કે ચક્રવર્તીના વૈભવોનું તેમ જ બહિર્લક્ષી જાણપણાના પ્રકારોનું — આશ્ચર્ય, વિસ્મય, અહોભાવ કે અદ્ભુતપણું તૂટી જશે.

**'તું પરથી વિરક્ત થઈશ.'**

જ્ઞાયક દ્રવ્યસ્વભાવમાં કોઈ અનુપમ આનંદકારી આશ્ચર્ય ભાસ્યું હોવાથી, તું તેમાં સહજપણે રક્ત થતાં સમસ્ત પરદ્રવ્યોથી ને પરભાવોથી વિરક્ત થઈશ. અનાદિ કાળથી અજ્ઞાનને લીધે, આનંદદાયી નિજ જ્ઞાયક પ્રભુની અદ્ભુત ગુણસમૃદ્ધિઓનું આશ્ચર્ય નહિ ભાસ્યું હોવાથી, પરમાં ને રાગાદિ વિભાવમાં રક્ત હતો; હવે સ્વભાવમાં રક્ત થતાં તું પરથી વિરક્ત થઈ જઈશ. પ્રથમ દૃષ્ટિ-અપેક્ષાએ આખા વિશ્વથી વિરક્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈશ અને પછી અનુક્રમે સ્થિરતા-અપેક્ષાએ પણ વિરક્ત થઈશ. અબજો રૂપિયાની પેદાશ હોય કે બહારની બધી અનુકૂળતાઓના ઢગલા હોય, તને આત્મા સિવાય બીજે ક્યાંય રસ લાગશે નહિ. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ થયો નથી ત્યાં સુધી અવિરત ગૃહસ્થદશામાં વિષયવાસનાના, વેપારધંધાના, શરીર કે કુટુંબ વગેરેના વિકલ્પો આવશે, તથા દયા, દાન વગેરેના વિકલ્પો પણ આવશે, પરંતુ એ બધા શુભાશુભ વિભાવો તને, માત્ર સ્વભાવ જ સુખરૂપ ભાસ્યો હોવાથી, દુઃખરૂપ લાગશે. અહા! ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર ભગવંતોનો આ પોકાર છે કે—સ્વભાવમાં રક્ત થતાં તું સ્વયમેવ પરથી ને વિભાવથી વિરક્ત થઈ જઈશ. પરમાં ને વિભાવમાં રક્ત જીવ કર્મબંધન કરીને સંસારમાં પરિભ્રમણ કરે છે અને અનંત દુઃખ ભોગવે છે. તે અનંત દુઃખોથી છૂટવાનો આ એક જ ઉપાય છે: સ્વભાવમાં રક્તિ ને વિભાવથી વિરક્તિ. સમયસારમાં આવે છે ને!—

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
—એ જિન તણો ઉપદેશ તેથી ન રાચ તું કર્મો વિષે.

અહા! આ કોઈ સાધારણ વાત નથી. અંદર સમ્યગ્દર્શન થતાં, આત્માનો અંશે આનંદ પ્રગટ થતાં, જીવ દૃષ્ટિ-અપેક્ષાએ સમસ્ત પરદ્રવ્યોથી ને પરભાવોથી એકસાથે વિરક્ત થઈ જાય છે. સમ્યગ્દર્શન કોને કહેવાય? જેમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત અજાયબ ગુણરત્નો ભર્યાં છે એવા નિજ ત્રિકાળી જ્ઞાયક-અજાયબઘરમાં ડોકિયું કરતાં તેનું જે જ્ઞાન, પ્રતીતિ ને આનંદાંશયુક્ત સ્વાનુભવ થાય તે સમ્યગ્દર્શન કહેવાય. આવી દશા થતાં તને અંતરમાંથી બહાર નીકળવું નહિ ગોઠે. જોકે અસ્થિરતા છે તેથી અશુભ તેમ જ શુભ રાગના વિકલ્પ આવશે ખરા, પણ તે વિકલ્પો દુઃખદાયક અને કાળા નાગ જેવા ભયાવહ લાગશે.

અરે! પાપના રાગની તો શી વાત કરવી, પણ દયા, દાન, વ્રત, ઉપવાસ, તપ, ભક્તિ, જાપ ને ભગવાનનું નામસ્મરણ વગેરેના શુભ વિકલ્પો પણ જ્ઞાનીને—આત્માના અનુભવીને—ભટ્ઠી ને કાળા નાગ જેવા દુઃખકારી લાગે છે. અમૃતના અનંત ઓરડા જ્યાં ભરપૂર ભર્યા છે એવા ભગવાન જ્ઞાયક આત્માને જેણે જોયો, અનુભવ્યો તેને બહારમાં—વિકલ્પમાં એક ક્ષણ પણ કેમ ગોઠે? ભગવાન આત્માને જોયો ક્યારે કહેવાય?—કે વર્તમાન પર્યાયમાં તેને જોયાનો આનંદ આવ્યો ત્યારે. ભગવાન આત્માને જોતાં તેના અનંત ગુણોના અંશો વેદનમાં—અનુભવમાં આવી જાય છે. શ્રીમદે કહ્યું છે ને!—'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'. અંતરમાં અનંત ગુણસ્વરૂપ નિજ ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માનું જ્ઞાન થઈને તેની નિર્વિકલ્પ પ્રતીતિ થતાં, આત્મદ્રવ્યમાં સંખ્યાએ જેટલા ગુણો છે તે બધા પરિણતિમાં અંશે પ્રગટ થશે, તે બધાનો નિર્મળ અંશ પ્રગટ થશે. અરે ! આત્માનો જે અયોગ નામનો ગુણ છે તે પણ, સમ્યગ્દર્શન થતાં, અંશે પ્રગટ થશે. જ્ઞાની સમકિતીને પર્યાયમાં આત્મપ્રદેશોના પરિસ્પંદરૂપ યોગ તો છે, પરંતુ તે યોગમાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાય આદિ જે ૪૧ પ્રકૃતિઓનો આસ્રવ કરવાની શક્તિ ક્ષીણ થઈ છે તેટલા અંશે પર્યાયમાં અયોગ ગુણ પ્રગટ્યો કહેવાય છે. પ્રતિજીવી ગુણોની પૂર્ણ નિર્મળ પર્યાય સિદ્ધદશા થતાં થાય છે, પણ તે ગુણોનો એક અંશ નીચે સમકિતની સાથે પ્રગટ થઈ જાય છે.

શું કહે છે ? આ ભગવાન આત્મા અનંત અનંત આશ્ચર્યકારી ગુણોથી ભરેલું અજાયબઘર છે. તે અનંત ગુણોમાં એક યોગ નામનો ગુણ પણ છે. આત્મપ્રદેશોના પરિસ્પંદનને દ્રવ્યયોગ અને તે પરિસ્પંદનમાં જે કર્મગ્રહણશક્તિ છે તેને ભાવયોગ કહે છે. પરિસ્પંદ અને તેમાં કર્મગ્રહણશક્તિનો પરિપૂર્ણ અભાવ ચૌદમા ગુણસ્થાને થાય છે; પરંતુ સમ્યગ્દર્શન થતાં — અંદર જ્ઞાયકતત્ત્વ પર દૃષ્ટિ પડતાં — પરિસ્પંદમાં અંશે કર્મગ્રહણશક્તિનો અભાવ થાય છે, તેથી સમકિતની સાથે તેટલો અયોગ ગુણ પ્રગટ્યો કહેવાય છે. અહા ! અનંત ગુણના નિધાનસ્વરૂપ ભગવાન આત્માને જોતાં, તેનું આશ્ચર્ય લાગતાં, જગતની બીજી બધી ચીજોનું આશ્ચર્ય — વિસ્મયતા તૂટી જશે. સ્વરૂપ આશ્ચર્યકારી લાગતાં, સ્વમાં રક્તતાને લીધે, તું બધાથી — શરીર, ઇંદ્રિય આદિ સમસ્ત પરદ્રવ્યથી અને શુભાશુભ રાગાદિ સમસ્ત વિભાવોથી — વિરક્ત થઈ જઈશ. અહા ! આ તો હજુ સમ્યગ્દૃષ્ટિની વાત છે, ચારિત્રની વાત તો હજુ આઘી છે. સમજાણું કાંઈ ?

અત્યારે તો લોકોએ, અને ઉપદેશકોએ પણ, શુભ રાગમાં ધર્મ મનાવી દીધો છે. અંદર આત્માની વાતની જરીયે ખબર ન મળે, સવારમાં ઊઠીને સંપ્રદાયની રૂઢિ પ્રમાણે પોતે માનેલી સામાયિક કરે, જિનમંદિર જઈને ભગવાનનાં દર્શન, પૂજા તેમ જ ભક્તિ કરે; પણ ભાઈ ! તારાં દર્શન — નિજ જ્ઞાયકદેવનાં દર્શન — કરવા તું અંદર તો જા. બાપુ ! સમ્યગ્દર્શનનું સ્વરૂપ તે કોઈ બીજી — અલૌકિક ચીજ છે. અરેરે ! લોકોને આ સત્ય જ્યાં સાંભળવા જ મળ્યું નથી ત્યાં તે 'સત્' ને કઈ રીતે શોધે ? શોધવા જેવો તો અંદર અનંત ગુણ-અજાયબીઓથી ભરેલો તારો આત્મા જ છે. જોવા જેવું ને વિસ્મયકારી બધું તારા આત્મામાં છે, પણ પ્રભુ ! તને તે વાતની ખબર નથી. તું જે, પરને જોવા રોકાયેલો છે તેને સ્વને જોવામાં રોકી દે. જોનારને જો; જોનાર પોતાને ભૂલીને કેવળ પરને જુએ છે, પણ તે પરપદાર્થ તારામાં નથી. જોનારમાં — જ્ઞાયકમાં —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોનારરૂપ ચીજ છે તેમાં, જોવા યોગ્ય બાહ્ય વસ્તુનું — જ્ઞેયનું — કાંઈ નથી. જોનારને જો — એ જ ખરી ચાવી છે. તેનાથી અનંત ગુણરૂપ ઓરડાનાં તાળાં ખૂલી જશે.

અહા! રાગની સાથે એકતા કરીને તેને જોવા રોકાઈ ગયો ત્યાં અનંત ગુણને તાળાં મરાઈ ગયાં. તે તાળાં ખોલવા માટે, ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે કે — પ્રભુ! તું જે બહારમાં — પરમાં જોવા ગયો છે તેને બદલે આમ અંતર જ્ઞાયકસ્વભાવમાં જો. જોનાર કેવડો છે? તેનું અચિંત્ય સ્વરૂપ કેવું છે? — તેના તરફ નજર કર. બહારનું આટલું આટલું જુએ માટે તે જોનાર છે — એમ નથી, પણ સહજ સ્વભાવથી જ પોતે સ્વયમેવ જોવાના — જાણવાના સ્વભાવવાળો છે. અહા! આવા જ્ઞાનસ્વભાવી તારા આત્માને જોઈશ તો તને પરથી વિરક્તતા થઈ જશે. ભલે અસ્થિરતાને લીધે રાગ આવશે, રાગના આલંબનભૂત સંયોગો પણ દેખવામાં આવશે, પણ ત્યાં તને રક્તપણું નહિ થાય. અહા! જુઓ આ કેવી સાદી ભાષા છે! — પણ ભાવ ઊંડા છે.

ધર્મીનું ધ્યેય વીતરાગતા છે. જેમ સારો ખેડૂત ખડ માટે નહિ, પણ અનાજ માટે વાવણી કરે છે; અનાજ સાથે ખડ પણ ઘણું થાય છે; તેમ ધર્મીનો પ્રયત્ન વીતરાગતા માટે છે, રાગ માટે નહિ; ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ સાધતાં સાધતાં વચ્ચે પુણ્યરૂપી ઊંચું ઘાસ પણ ઘણું પાકે છે. જેમ ઘાસ કાંઈ માણસ ન ખાય, માણસ તો અનાજ ખાય, તેમ ધર્મીજીવ રાગને કે પુણ્યને આદરણીય ન માને, વીતરાગભાવને જ આદરણીય માને.

—પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૫૬

તા. ૨૦–૧૧–૭૮

## વચનામૃત — ૩૮૮

મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ મુનિરાજની આ દૃઢ સંયમ-પરિણતિ ફરે એમ નથી. બહારથી જોતાં તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે, પણ અંદરમાં જોતાં અનંત ગુણથી ભરપૂર સ્વરૂપ-નગરમાં તેમનો વાસ છે. બહારથી જોતાં ભલે તેઓ ક્ષુધાવંત હોય, તૃષાવંત હોય, ઉપવાસી હોય, પણ અંદરમાં જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે. બહારથી જોતાં ભલે તેમની ચારે તરફ ઘનઘોર અંધારું વ્યાપ્યું હોય, પણ અંદરમાં જોતાં મુનિરાજના આત્માને વિષે આત્મજ્ઞાનનાં અજવાળાં પ્રસરી ગયાં છે. બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતા હોય, પણ અંદરમાં તેઓ સંયમરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે. ઉગસર્ગનાં ટાણાં આવે ત્યારે મુનિરાજને એમ થાય છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને મોકો મળ્યો માટે ઉપસર્ગ મારો મિત્ર છે'. અંતરંગ મુનિદશા અદ્ભુત છે; દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે. ૩૮૮.

**'મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે.'**

હવે મુનિરાજની વાત કરે છે. અહા! મુનિરાજ કહેવા કોને? સહજજ્ઞાન, સહજ-દર્શન, સહજચારિત્ર, સહજ-આનંદ આદિ અનંત ગુણરૂપ અજાયબીઓનો ભંડાર એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિજ જ્ઞાયક ભગવાન આત્માના ઉગ્ર અવલંબને જેમને આત્મામાંથી વીતરાગ સંયમદશા પ્રગટ થઈ છે તેમને મુનિરાજ કહેવામાં આવે છે. 'શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને' એમ કેમ કહ્યું? શુદ્ધાત્મતત્ત્વનું અવલંબન તો ગૃહસ્થદશામાં સ્થિત અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ છે, સમ્યગ્દૃષ્ટિ દેવ, તિર્યંચ ને નારકીને પણ છે; પરંતુ ચારિત્રદશામાં શુદ્ધાત્મતત્ત્વનું જેટલું ઉગ્ર અવલંબન હોય તેટલું અસંયમદશામાં હોતું નથી, મંદ હોય છે. મુનિરાજને નિજ શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર આશ્રયે આત્મામાંથી વીતરાગ સંયમદશા પ્રગટ થઈ છે. સંયમદશા આત્માના આશ્રયે પ્રગટ થાય છે, છ કાયની દયા પાળવાના કે પાંચ ઇંદ્રિયોના વિષયોને છોડવાના શુભ વિકલ્પથી નહિ. શુભ વિકલ્પ પણ રાગ છે, રાગથી વીતરાગ સંયમ કદી પ્રગટ ન થાય. અહા! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ મુનિરાજનું જે સ્વરૂપ કહ્યું છે તે અહીં બહેનની વાણીમાં આવ્યું છે.

અરેરે! આવી વાતો જગતને આકરી પડે છે, પણ શું થાય, બાપુ? મરીને ક્યાં ઉતારા થશે તેની ખબર છે? કોઈ સગું નહિ, વહાલું નહિ એવા અજાણ્યા સંયોગમાં, અજાણ્યા ક્ષેત્રમાં, અજાણ્યા કાળમાં ક્યાંય ફેંકાઈ જઈશ. આશ્ચર્યકારી નિજ 'જાણનાર' તત્ત્વને જેણે જોયું નહિ ને જેને સંયોગમાં જ આશ્ચર્ય લાગ્યું તે પોતાના પરિણામ અનુસાર જન્મ-મરણના સંયોગમાં જ ભટકશે. અહીં તો તેનો અભાવ કેમ થાય તેની વાત છે. અહીં તો મુનિરાજને સંયમદશા કઈ રીતે પ્રગટ થઈ છે—એ વાત કહી છે. પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ થતાં અંતરમાં અતીન્દ્રિય આનંદ અંશે આવે, ત્યારે અંદર સ્વરૂપમાં રક્ત થાય અને પરથી ને વિભાવથી વિરક્ત થાય—એ વાત ૩૮૭ મા બોલમાં કરી. હવે, ભૂમિકા આગળ વધતાં જે સાચી મુનિદશા થાય છે તે નિજ ત્રિકાળશુદ્ધ આત્માના ઉગ્ર આલંબને પ્રગટ થાય છે, તે વાત કહે છે. બહેનનાં વચનામૃતમાંથી મુનિદશાને લગતા બોલોની 'ધન્ય મુનિદશા!' નામની જે નાની પુસ્તિકા પ્રકાશિત થઈ છે તેમાં પણ આ ૩૮૮મો બોલ આવી ગયો છે.

શુદ્ધાત્મતત્ત્વના અંતર્મુખ ઉગ્ર અવલંબને આત્મામાંથી જે સહજ સંયમદશા પ્રગટ થાય એવું મુનિપણું અરે! અત્યારે ક્યાં જોવામાં આવે છે? બાહ્ય પંચ મહાવ્રત પાળે અને નગ્ન થઈને ફરે માટે તે મુનિ છે—એમ નથી. વસ્ત્રપાત્ર સહિત મુનિપણું માને—મનાવે તે તો મુનિ છે જ નહિ, ગૃહીત મિથ્યાદૃષ્ટિ કુલિંગી છે; પણ જે વસ્ત્રરહિત નગ્ન થઈને મહાવ્રત વગેરે શુભ રાગમાં ધર્મ માનીને અટકી ગયા છે તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે. તેને, શુદ્ધાત્મતત્ત્વનું જઘન્ય આલંબન પણ નથી તો, ઉગ્ર આલંબનરૂપ સંયમદશાની વાત જ ક્યાં રહી? આવી વાત જગતને આકરી પડે, પણ શું થાય? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવનું ફરમાન તો આ પ્રમાણે છે: નિજ શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર આલંબને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ આત્મામાંથી સંયમ પ્રગટ થાય છે. સં+યમ; 'સં' એટલે આત્માના સમ્યગ્દર્શન અને અનુભવપૂર્વક, 'યમ' એટલે સ્વરૂપસ્થિરતા. અરે! આવી સહજ મુનિદશા અત્યારે તો જોવા પણ મળવી મુશ્કેલ છે. આત્મામાંથી મુનિરાજને સંયમ પ્રગટ થયો છે; કયા કારણે? 'શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને' કહીને કારણ પણ બતાવ્યું છે.

**'આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ મુનિરાજની આ દઢ સંયમપરિણતિ ફરે એમ નથી.'**

મુનિરાજ તો એમને કહીએ કે જેમને અંતરમાં સ્વભાવના આશ્રયે પ્રચુર સ્વ-સંવેદનસ્વરૂપ અતીન્દ્રિય આનંદની ધારા વહેતી હોય. આત્માના જઘન્ય આલંબનમાં જે દૃષ્ટિ અને જ્ઞાન થયાં તેમાં પણ સાથે અતીન્દ્રિય આનંદના અંશનું વેદન છે, પરંતુ મુનિદશામાં તે શુદ્ધાત્માવલંબન ઉગ્ર કોટિનું હોવાથી આનંદની ધારા વિશેષ હોય છે. ધ્રુવ જ્ઞાયક સ્વભાવનું ઉગ્ર અવલંબન કરવાથી આત્મામાંથી સંયમ પ્રગટ્યો છે, મહાવ્રતના વિકલ્પો કે નગ્નપણાથી પ્રગટ્યો નથી. અહા! ઝીણી વાત છે ભાઈ! ભગવાન કુંદકુંદાચાર્ય તો એમ કહે છે: બહારમાં વસ્ત્રરહિત નગ્નપણારૂપ દ્રવ્યલિંગ થાય અને અંતરમાં મિથ્યાત્વ ને અવિરતિના વિકલ્પ રહિત સંયમચારિત્ર પ્રગટ થાય તે એક જ મુનિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. અહા! આ તો નગ્ન સત્ય છે. પરમ સત્ય પરમાત્મા જિનેશ્વરનો આ પોકાર છે.

શાશ્વત જે ત્રિકાળશુદ્ધ નિજ આત્મદ્રવ્ય તેના ઉગ્ર આલંબનથી મુનિરાજને જે દૃઢ સંયમપરિણતિ પ્રગટ થઈ છે તે, આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ, ફરે — ચલિત થાય એમ નથી. શાશ્વત દ્રવ્યસ્વભાવ કદી પોતાના સ્વરૂપથી ચલિત થાય નહિ, એમ તેના ઉગ્ર અવલંબને પ્રગટેલી મુનિરાજની દૃઢ સંયમપરિણતિ પણ ચળે — ફરે એમ નથી. આવી વાત છે, સમજાય છે કાંઈ?

**'બહારથી જોતાં તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે, પણ અંદરમાં જોતાં અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં તેમનો વાસ છે.'**

વીતરાગ જૈન મુનિ કેવા હોય છે તેની આ વાત છે. સાચા જૈન મુનિનાં — વીતરાગ દિગંબર સંતનાં — દર્શન પણ આ કાળે દુર્લભ થઈ ગયાં છે; અત્યારે તો હિન્દુસ્તાનમાં એવા સાચા ભાવલિંગી મુનિ કોઈ જોવામાં આવતા નથી. શું થાય? લોકોને આકરું લાગે. બહારથી જોતાં આત્મજ્ઞાની સંસારવિરક્ત મુનિરાજ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મસાધના માટે નિર્જન વનમાં એકલા વસે છે, પણ અંદરમાં જોતાં તેમનો વાસ સહજજ્ઞાન ને સહજ-આનંદ આદિ અનંત ગુણથી ભરપૂર એવા નિજ સ્વરૂપનગરમાં છે. સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા જેમને મુનિ કહે છે અને જેમણે નિજ જ્ઞાયકસ્વભાવના ઉગ્ર આલંબને આત્મામાંથી સંયમપરિણતિ પ્રગટ કરી છે એવા નિર્ગ્રંથ દિગંબર સાધકસંત વનમાં એકલા વસે છે; પરંતુ અંદરમાં જોતાં તેઓ એકલા નથી પણ અનંત ગુણરૂપ વસ્તીથી ભરેલા એવા નિજ ચૈતન્યનગરમાં તેમનો વાસ છે. અહા! તેમણે અંદર સ્વરૂપનગરમાં 'વાસ્તુ' લીધું છે. આ વાક્યમાં 'બહારથી જોતાં'ની સામે 'અંદરમાં જોતાં', 'વનમાં' સામે 'સ્વરૂપનગરમાં' અને 'એકલા' સામે 'અનંત ગુણથી ભરપૂર'—એમ ત્રણ પ્રકારે શબ્દનો મેળ આવી ગયો છે. અનંત ગુણથી ભરેલા નિજ સ્વરૂપનગરમાં આત્મસાધના માટે મુનિરાજનો વાસ છે. પાંચ મહાવ્રત પાળે, છકાયની દયા પાળે—એમાં તો ધૂળેય સાધકપણું નથી; શુદ્ધાત્માની અંતરમાં સાધના કરે તેને સાધુ કહેવાય છે. અહા! ભાષા તો જુઓ! એક એક શબ્દની પાછળ ઊંડા ભાવ ભરેલા છે.

**'બહારથી જોતાં ભલે તેઓ ક્ષુધાવંત હોય, તૃષાવંત હોય, ઉપવાસી હોય, પણ અંદરમાં જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે.'**

આત્મસ્વરૂપની સાધનામાં મસ્ત એ મુનિવરોને બે, ચાર કે છ દિવસ સુધી વિધિ-પૂર્વક, અધઃકર્મ કે ઉદ્દેશિક વગેરે દોષો રહિત, નિર્દોષ આહારનો યોગ બન્યો ન હોય, તેઓ ક્ષુધાવંત-તૃષાવંત હોય, ઉપવાસી હોય, પેટ મળી ગયેલ હોય, તોપણ અંતરમાં જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે, અતીન્દ્રિય આનન્દામૃતના ભોજનથી તૃપ્ત-તૃપ્ત થઈ ગયા છે. અહા! આવી દશાને મુનિપણું કહેવાય. વીતરાગ સર્વજ્ઞે કહેલું મુનિપણું કોઈ અલૌકિક છે. પ્રચુર આનંદનો સ્વાદ જેઓ સાધનારૂપ પર્યાયમાં અનુભવી રહ્યા છે તેમને મુનિ કહેવાય. બહારથી જોતાં ભૂખ, તરશ કે ઉપવાસ હોય, પણ અંતરમાં તેઓ ભગવાન આત્માના આનંદામૃતને આસ્વાદી રહ્યા છે. અરે! મુનિપણું કેવું હોય એની લોકોને ખબર નથી, શ્રદ્ધા નથી.

**'બહારથી જોતાં ભલે તેમની ચારે તરફ ઘનઘોર અંધારું વ્યાપ્યું હોય, પણ અંદરમાં જોતાં મુનિરાજના આત્માને વિષે આત્મજ્ઞાનનાં અજવાળાં પ્રસરી ગયાં છે.'**

અહા! અષાઢ માસની ઘનઘોર મેઘલી રાત હોય, જંગલમાં ચારે કોર ગાઢ અંધકાર વ્યાપેલો હોય, પણ મુનિરાજને અંદર આત્માને વિષે આત્મજ્ઞાનનાં—આત્માનુભૂતિનાં—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજવાળાં પથરાઈ ગયાં છે. અહા ! આ તે શી વાત છે ! ચૈતન્યની જે અનંત શક્તિ છે તેમાંથી, તેના ઉગ્ર અવલંબને, મુનિરાજને પ્રકાશનાં પૂર આવ્યાં છે. બહારમાં ભલે અંધારું હોય, પણ અંદરમાં તેમને આત્મજ્ઞાનનો અનુપમ પ્રકાશ પ્રસરી ગયો છે.

**'બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતા હોય, પણ અંદરમાં તેઓ સંયમરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે.'**

ઉપર અંધકારની વાત કહી, હવે અહીં તાપની વાત કહે છે. બહારથી જોતાં મુનિરાજ ભલે સૂર્યના પ્રચંડ તાપમાં — શરીર બળું-બળું થાય એવા ખરા તડકામાં — ધ્યાન કરતા હોય, પણ અંદરમાં તેઓ સ્વરૂપરમણતારૂપ કલ્પવૃક્ષની **શીતળ** છાયામાં બિરાજી રહ્યા છે. અતીન્દ્રિય જ્ઞાન-આનંદસ્વભાવી ભગવાન આત્માના ઉગ્ર અવલંબને પર્યાયમાં પ્રગટેલી જે અતીન્દ્રિય શીતળ છાયા તેમાં મુનિરાજ બિરાજે છે.

કલ્પવૃક્ષ સમ સંયમ કેરી અતિ **શીતળ** જ્યાં છાયા જી,
ચરણ-કરણ-ગુણધાર મહામુનિ મધુકર મન લોભાયા જી.

મુનિરાજ સૂર્યના પ્રચંડ તાપમાં નહિ, પણ શીતળ સ્વભાવના આશ્રયે પ્રગટેલી સંયમની કલ્પવૃક્ષસમ **શીતળ** છાયામાં બિરાજી રહ્યા છે.

**"ઉપસર્ગનાં ટાણાં આવે ત્યારે મુનિરાજને એમ થાય છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને મોકો મળ્યો માટે ઉપસર્ગ મારો મિત્ર છે'."**

વનવાસી એ મુનિવરોને બહારના અનેક પ્રકારના ઉપસર્ગો આવે — વીંછી કરડે, સર્પ કરડે, દુષ્ટ મનુષ્યો પ્રહાર કરે, પૂર્વનો વિરોધી જીવ, પાર્શ્વનાથને કમઠની જેમ, દેવ થઈને પ્રતિકૂળતાનો વરસાદ વર્ષાવે, પાણી, પથ્થર ને અગ્નિ વગેરેની વર્ષા કરે — ત્યારે તેમને અંતરમાં એમ થાય છે કે 'અહા ! આ તો મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો, મારી સહજ દશાની કસોટી કરવાનો, મને મોકો મળ્યો માટે ઉપસર્ગ મારો મિત્ર છે'.

શ્રીમદે કહ્યું છે ને —

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો... અપૂર્વ૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! જેમનું લક્ષ નિજ દ્રવ્યસામાન્ય પર છે, દૃષ્ટિ ને સંયમના આશ્રયભૂત ત્રિકાળશુદ્ધ જ્ઞાયકભાવના ઉગ્ર આલંબનથી સ્વરૂપરમણતાની શીતળ છાયા જેમને પ્રગટી છે, તે મુનિવરોને બહારનો કોઈ પણ ઉપસર્ગ સ્વરૂપસ્થિરતામાંથી ચળાવી શકતો નથી. ઉપસર્ગની પ્રતિકૂળતા વખતે પણ તેમને અંદર અંતરની આનંદધારા સતત વહેતી હોય છે.

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો. ... અપૂર્વ૦

અહા! મુનિરાજ કહે છે કે 'ઉપસર્ગ તો મારી સ્વરૂપસ્થિરતાની અજમાયશ કરવાનું ટાણું છે'.

**'અંતરંગ મુનિદશા અદ્ભુત છે; દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે.'**

ખરેખર એ અંતરંગદશા અદ્ભુત છે. અંતરમાં જ્ઞાયકસ્વભાવના ઉગ્ર આલંબને કષાયની ત્રણ ચોકડીનો અભાવ થયો હોવાથી અંદર પરિણતિમાં તો સુખ તેમ જ શાન્તિની ધારા ખૂબ વધી ગઈ છે પણ બહાર શરીરના દેદારમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે. શરીરનો દેખાવ પણ શાન્ત...શાન્ત...શાન્ત, જાણે સંસારથી સાવ મરી ગયા હોય એવો, સહજ બની ગયો છે.

પ્રશ્ન:— આ તો ચોથા આરાના સાધુની વાત છે ને?

ઉત્તર:— અરે! આ તો પાંચમા આરાના સાધુની વાત છે. પંચમ કાળમાં સાધુપણું કેવું હોય છે તે અહીં બતાવે છે. ચોથા આરાના હોય કે પાંચમા આરાના હોય, સાધુના સ્વરૂપમાં કાંઈ ફેર પડતો નથી. 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.' ત્રણે કાળે મુનિપણું એક જ પ્રકારે હોય છે. જેમ વસ્તુનું મૂળ સ્વરૂપ ત્રણે કાળે પવિત્ર અને શુદ્ધ—એક પ્રકારનું—હોય છે, તેમ તેના આલંબને પ્રગટતી પવિત્રતા ને શુદ્ધતા—મુનિદશા—પણ ત્રણે કાળે એક પ્રકારની જ હોય છે. શુભ યોગથી—શુભ ભાવથી તે પવિત્ર દશા પ્રગટતી નથી; શુભ તો નિમિત્તના આશ્રયે પ્રગટે છે, તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદર જ્ઞાયકસ્વભાવના ઉગ્ર આલંબને શાન્તિ અને આનંદની પ્રચુર ધારા વહે એવી સહજ મુનિદશા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એકલાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને (માત્ર અનંતાનુબંધી કષાયના અભાવે પ્રગટતા.) સ્વરૂપાચરણ-ચારિત્રથી મુક્તિ થઈ જાય એમ નથી. તેને અવશ્ય મુક્તિ થશે જ એ વાત બરાબર છે, પણ એટલામાત્રથી (અસંયમ-દશાનાં કે દેશસંયમદશાનાં દર્શન-જ્ઞાન-ચારિત્રથી) નહિ. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક સ્થિરતા-અપેક્ષાએ સ્વભાવના ઉગ્ર આલંબનથી પ્રચુર સ્વસંવેદનયુક્ત સહજ મુનિદશા પ્રગટ કરીને સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા થતાં મુક્તિ પ્રાપ્ત થાય છે. મુનિદશા તે સાધન અને મુક્તિ તે સાધ્ય — એ પણ વ્યવહારનયનું કથન છે. મુનિદશાપૂર્વક જ મુક્તિ થાય છે, માટે મુનિદશાને સાધન અને મુક્તિને સાધ્ય કહ્યું. ખરેખર તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય-સ્વભાવનું સ્થિરતાભાવે પૂર્ણ આલંબન લે છે ત્યારે કેવળજ્ઞાન વગેરે પૂર્ણ દશા — મુક્તિ — પ્રગટે છે. કેવળજ્ઞાન દ્રવ્યસ્વભાવના પૂર્ણ આલંબને પ્રગટે છે.

મુનિરાજને દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા છે. શાન્ત...શાન્ત...શાન્ત, શરીરમાં, અરે! વચનમાં પણ, ક્યાંય ચપળાઈ કે ચંચળતા દેખાય નહિ એવા શાન્ત-રસના ઢાળા ઢળી ગયા છે. એવા મુનિરાજને નિર્ગ્રંથ ગુરુ કહેવામાં આવે છે. તેમને દેહનું નગ્નપણું નિમિત્તપણે હોય જ, પણ એ કાંઈ, અરે! મહાવ્રતના શુભ વિકલ્પ પણ, ચારિત્ર નથી; એનાથી મોક્ષ નથી. મોક્ષ તો, અંદર શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવના ઉગ્ર આલંબને જે સ્વરૂપસ્થિરતા પ્રગટે છે તેનાથી થાય છે. એ સ્વરૂપસ્થિરતા તે મુનિદશા છે. અંતરંગમાં પ્રગટ થતી તે સહજ મુનિદશા અદ્ભુત છે; દેહમાં પણ પ્રશમરસના ઢાળા ઢળી ગયા હોય છે; મુનિરાજનો દેદાર પણ શાન્તરસથી નીતરતો હોય છે. અહો! આવી વાત છે.

— * —

## વચનામૃત — ૩૮૯

દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ — ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે. દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે. હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે.—આવો અચળ નિર્ણય હોય છે. સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઊંચે ચડીને —ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે. ૩૮૯.

**'દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ — ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી.'**

જેને નિજ ત્રિકાળશુદ્ધ દ્રવ્યસ્વભાવની યથાર્થ દૃષ્ટિ પ્રગટ થાય છે તેને પરનું — શરીરનું, વાણીનું, કુટુંબનું, દેશનું, ગરીબોનું — હું, સેવા વગેરે, કાંઈ પણ કરી શકું છું એવી ભ્રાન્તિ ટળી જાય છે અને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ — નિજ ચૈતન્ય-દ્રવ્યસામાન્ય જ ભાસે છે, શરીર વગેરે બીજું કાંઈ ભાસતું નથી. ગામના, પ્રાન્તના કે રાષ્ટ્રના કાર્યકરો અભિમાન કરે કે — અમે બધાની સેવા કરીએ છીએ. ભાઈ ! કોઈ જીવ અન્ય જીવની સેવા તો કરી શકતો નથી, પણ સેવા વગેરેમાં જડ દેહની ને વાણીની જે ક્રિયા થાય તેને પણ આત્મા કરી શકતો નથી; અરે ! સેવા કરવાનો જે રાગભાવ થાય તે પણ આત્માની મૂળ ચીજ નથી, અને તે રાગને જાણનારી એક સમયની પર્યાય જેટલો પણ આત્મા નથી. આત્મા તો પરથી, વિભાવથી ને એક સમયની પર્યાયથી પાર ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ વસ્તુ છે. તેની યથાર્થ દૃષ્ટિ જેને પ્રગટ થાય છે તેને અંતરમાં જ્ઞાયક જ ભાસે છે, શરીર, રાગ કે બીજું અન્ય કાંઈ પોતાપણે ભાસતું નથી.

ભગવાન આત્મા કેવળ જાણનાર-દેખનાર જ્ઞાયક જ છે — એવું દૃષ્ટિનું યથાર્થ જોર ચોથે ગુણસ્થાને — સમ્યગ્દર્શન થતાં જ — પ્રગટ થાય છે. દૃષ્ટિના જોરમાં તેને એકલો ધ્રુવ ચૈતન્ય પ્રકાશ જ ભાસે છે, બીજું — શરીર કે શુભ યોગ વગેરે — કાંઈ ભાસતું નથી. અહા, જુઓને ! આ તે કોઈ પુસ્તક આવ્યું છે બહાર !! કહે છે કે — જ્ઞાનીને દૃષ્ટિમાં એકલો આત્મા જ ભાસે છે. પર્યાયમાં રાગ છે, એને ભલે જ્ઞાનમાં જાણે, પણ દૃષ્ટિનું જોર તો ત્રિકાળ દ્રવ્યસ્વભાવ પર છે; દૃષ્ટિના વિષયમાં એકલો જ્ઞાયક જ છે. અહા ! આવી વાતો છે. અરે ! આખો દી વેપારધંધાનાં પાપમાંથી સાંભળવા માટે નવરો પણ ન થાય, તેને આ વાત કઈ રીતે બેસે ? દૃષ્ટિનો વિષય નિર્વિકલ્પ અભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાયકદ્રવ્ય છે, તેથી દૃષ્ટિના જોરમાં જ્ઞાનીને એકલો જ્ઞાયક જ ભાસે છે; શરીર, રાગ, દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે નિમિત્તો કાંઈ પણ ભાસતું જ નથી, કેમ કે તે દૃષ્ટિનો વિષય જ નથી.

**'ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે.'**

દૃષ્ટિની — શ્રદ્ધાની — વાત કહી, હવે તેની સાથે અવિનાભાવી એવા જ્ઞાનની પરિણતિ વિષે કહે છે. દ્રવ્યદૃષ્ટિ થતાં સાથે જે ભેદજ્ઞાન થયું તે શરીર આદિ સમસ્ત પરદ્રવ્યથી અને રાગાદિ સઘળા વિભાવોથી ભગવાન આત્માનું યથાર્થ ભિન્નપણું બરાબર જાણે છે. જ્ઞાનીને ભેદજ્ઞાનની દશા એવી પાકી થઈ જાય છે કે જાગતાં તો શું, પણ સ્વપ્નમાં પણ આત્મા શરીર ને વિભાવથી સ્પષ્ટ જુદો ભાસે છે.

**'દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે.'**

ઉપર નિદ્રાની વાત ન કહી, પણ નિદ્રામાં જે સ્વપ્ન આવે તેમાં પણ જ્ઞાનીને, ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ ગઈ હોય છે કે જેથી, આત્મા શરીરથી જુદો ભાસે છે — એમ સ્વપ્નની વાત કહી. હવે કહે છે કે — દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. સ્વપ્નમાં 'જુદો ભાસે છે' અને ઊંઘમાં 'નિરાળો રહે છે' — એમ 'ભાસે છે' અને 'રહે છે' શબ્દનો પ્રયોગ કર્યો છે. અહા ! આ તો સહજપણે નીકળેલી ભાષા છે, તેમાં એકે એક શબ્દની કિંમત છે.

ત્રણ વાત કહી : (૧) દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ ભાસે છે, (૨) સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે, (૩) જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ ઊંઘમાં પણ આત્મા નિરાળો રહે છે. ઊંઘમાં આત્માનું દેહ સાથે કાંઈ એકત્વ થઈ ગયું નથી. ઊંઘ વખતે 'હું ઊંઘમાં છું' એમ ભલે જ્ઞાનમાં ભાસે નહિ તોપણ તે વખતે પણ આત્મા નિરાળો જ રહે છે.

**'નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.'**

વસ્તુસ્વભાવે તો આત્મા ત્રિકાળ નિરાળો છે જ પણ પર્યાયમાં પ્રગટપણે નિરાળો થઈ જાય છે. ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવે તો મુક્ત અને અબંધસ્વરૂપ જ છે. દ્રવ્ય સ્વભાવે નિરાળું તો છે જ, પણ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરતાં તે પર્યાયમાં પણ પ્રગટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિરાળું થઈ જાય છે. અહા ! બહુ સરસ, બહુ મીઠી-મધુરી ભાષા છે. પોતાની મેળે વાંચે તો સમજાય એવું નથી.

અહા! એક પેરેગ્રાફમાં ઘણી વાત આવી ગઈ. ભાષા ગૂઢ ને ગંભીર છે. દૃષ્ટિના જોરમાં ચૈતન્ય જ ભાસે છે, દયા આદિ નહિ; ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે; જાગતાં જ્ઞાયક નિરાળો રહે — પર્યાયમાં હો! — પણ રાત્રે ઊંઘમાં પણ નિરાળો જ રહે છે; પછી કહે છે કે — આત્મા વસ્તુપણે નિરાળો તો છે જ પણ પર્યાયમાં પણ પ્રગટ નિરાળો થઈ જાય છે. સમજાણું કાંઈ? આત્મા રાગથી નિરાળો ભાસવો, નિરાળો રહેવો, તેનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. અહા! આવી વસ્તુ છે.

**'તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાનવૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે.'**

પ્રશ્ન: — જો આત્મા નિરાળો રહે છે, તો મુનિને પાંચ મહાવ્રતના વિકલ્પો આવે છે તેનું શું?

ઉત્તર: — આત્મા શ્રદ્ધા, જ્ઞાન ને આંશિક સ્થિરતા અપેક્ષાએ નિરાળો રહેતો હોવા છતાં, જ્ઞાનીને ભૂમિકા પ્રમાણે વિકલ્પ તેમ જ બાહ્ય આચરણ હોય છે, પણ ગમે તે પ્રસંગમાં તેની જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે.

પ્રશ્ન: — 'ભૂમિકા પ્રમાણે' કેમ કહ્યું?

ઉત્તર: — ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવર્તી સાધક જીવને પોતપોતાની ભૂમિકા પ્રમાણે વિકલ્પ અને બાહ્ય વર્તન હોય છે. ચોથા ગુણસ્થાને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ, વિનય વગેરેના વિકલ્પો હોય, વ્રત-તપના ન હોય; પાંચમા ગુણસ્થાને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ, વિનય વગેરે ઉપરાંત અણુવ્રતના વિકલ્પ તેમ જ વર્તન હોય; છઠ્ઠા ગુણસ્થાને મુનિરાજને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ, વિનય વગેરે ઉપરાંત પંચમહાવ્રત આદિ ૨૮ મૂળગુણ વગેરેના વિકલ્પ તથા તદનુરૂપ પ્રવર્તન હોય; પણ ગમે તે સંયોગમાં ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને વર્તતા સમકિતીની સહજ જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે. સમયસારમાં (નિર્જરા અધિકાર) આવે છે ને — '**सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः**' — ભગવાન જ્ઞાયકનું યથાર્થ ગ્રહણ તે જ્ઞાન ને રાગાદિનો અભાવ તે વૈરાગ્ય. અહા! જ્ઞાનીની એ જ્ઞાન-વૈરાગ્યધારા કોઈ અલૌકિક જ હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે. —આવો અચળ નિર્ણય હોય છે.'**

પર્યાયમાં, બહારના વર્તન પ્રમાણે, વિકલ્પ આવે પણ તેની સાથે મારું કદી એકત્વ થયું નથી, હું તો સ્વભાવે સદા જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું. અજ્ઞાન-દશામાં પણ જ્ઞાન ને રાગ એક થયાં નહોતાં પણ અનાદિ અભ્યાસને લીધે 'એક થઇ ગયાં છે' એમ માન્યું હતું. ખરેખર તો સ્વભાવ અને વિભાવ કદી એક થયા નહોતા, થયા નથી અને થશે પણ નહિ. જ્ઞાયકસ્વભાવ તો સદાય છૂટો જ છે, ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે.—જ્ઞાની ધર્માત્માને આવો દૃઢ નિર્ણય હોય છે. માત્ર 'નિર્ણય' હોય છે એમ કહ્યું નથી, પણ 'અચળ' નિર્ણય હોય છે એમ કહીને પોતાના જ્ઞાયક-સ્વરૂપ વિષે પ્રતીતિની અત્યંત દૃઢતા કહી છે. અહા! ટૂંકાણમાં ઘણું જ કહી નાખ્યું છે. આ પુસ્તક તો સૌ પાસે આવ્યું છે; હવે 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ પણ આપવામાં આવ્યું છે. વાંચ્યું હોય તેને સમજવામાં ઠીક પડે. પોતે સમજી રાખ્યું છે તેના કરતાં આમાં કંઈ જુદું જ નીકળે છે એમ તેને લાગે.

**'સ્વરૂપ-અનુભવમાં અત્યન્ત નિઃશંકતા વર્તે છે.'**

જ્ઞાની ધર્માત્માને 'હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, શુભાશુભ વિભાવ ને હું કદી એક નથી થયા' એવી ભેદજ્ઞાનની પરિણતિ વડે જ્ઞાન-વૈરાગ્યની એવી કોઈ અચિન્ત્ય શક્તિ પ્રગટી છે કે જેને લીધે તેની દશા પર ને વિભાવથી જુદી જ રહે છે; અને તેથી તેને સ્વરૂપ-અનુભવમાં અત્યન્ત નિઃશંકપણું વર્તે છે.

**'જ્ઞાયક ઊંચે ચડીને—ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે.'**

શુભાશુભ રાગ હોય કે મતિજ્ઞાન આદિની ઓછીવત્તી પર્યાય હોય, પણ જ્ઞાયક એટલે કે નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય તેમનાથી ભિન્નપણે ઊંચે ચડીને, મુખ્ય થઈને, ઊર્ધ્વપણે—અધિકપણે બિરાજે છે, બીજું બધું—ગુણભેદ, પર્યાય કે શુભાશુભ વિભાવ વગેરે સઘળું—નીચે રહી ગયું હોય છે, ગૌણ અર્થાત્ મૂલ્યહીન તુચ્છ થઈ ગયું હોય છે. રાગના કાળે પણ જ્ઞાયકભાવ રાગથી ભિન્ન નિરાળો જ વર્તે છે. જ્ઞાયક 'ઊંચે ચડીને' બિરાજે છે એટલે કે જ્ઞાયક રાગાદિથી 'જુદો' ને 'અધિકપણે' વર્તે છે. જ્ઞાયકભાવ સદા ઊર્ધ્વપણે વર્તે છે અને બીજું બધું—દયા, દાન, વ્રત, તપ, પૂજા,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભક્તિ, અરે! પર્યાયમાત્ર ને ગુણભેદ પણ—હેઠે રહી ગયું હોય છે. અહા! આવું છે વસ્તુનું સ્વરૂપ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે કહ્યું છે તે આ રીતે છે. 'બીજું બધું નીચે રહી ગયું હોય છે'—તેનો અર્થ એમ છે કે અધિક ને પરિપૂર્ણ એવો જે જ્ઞાયકભાવ તેનાથી બીજું બધુંય નીચે અર્થાત્ ભિન્ન રહી જાય છે. જ્ઞાયકસ્વભાવને મુખ્ય કહ્યો તો તેની સામે બીજા બધા ભાવોને ગૌણ કહ્યા. જ્ઞાયકની મુખ્યતામાં બીજા બધા ભાવો ગૌણ થઈ જાય છે. શુભાશુભ વિભાવો, ઓછીવત્તી પર્યાયો કે ગુણભેદને ગૌણ કરીને શુદ્ધ, પરિપૂર્ણ ને અભેદ એવા નિજ જ્ઞાયકભાવને દૃષ્ટિ તેમ જ જ્ઞાનમાં મુખ્યપણે ગ્રહવો તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

જેમને પૂર્ણ પરમાનંદ પ્રગટ થઈ ગયો છે એવા પરમાત્મા ફરીને અવતાર લેતા નથી, પરંતુ જગતના જીવોમાંથી કોઈ જીવ ઉન્નતિક્રમે ચડતાં ચડતાં જગદ્ગુરુ 'તીર્થંકર' થાય છે. જગતના જીવોને ધર્મ પામવાની લાયકાત તૈયાર થાય છે ત્યારે એવું ઉત્કૃષ્ટ નિમિત્ત પણ તૈયાર થાય છે.

જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે શુભ ભાવ પણ આત્માને (વીતરાગતાનો) લાભ કરતો નથી. તે શુભ રાગ તૂટશે ત્યારે ભવિષ્યમાં વીતરાગતા ને કેવળજ્ઞાન થશે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૫૭

તા. ૨૧-૧૧-૭૮

## વચનામૃત — ૩૯૦

મુનિરાજ સમાધિપરિણત છે. જ્ઞાયકને અવલંબી વિશેષ વિશેષ સમાધિ-સુખ પ્રગટાવવાને તેઓ ઉત્સુક છે. મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે મુનિ 'સકળવિમળ કેવળજ્ઞાનદર્શનના લોલુપ' છે. 'ક્યારે સ્વરૂપમાં એવી જમવટ થાય કે શ્રેણી ઊપડીને વીતરાગદશા પ્રગટે? ક્યારે એવો અવસર આવે કે સ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે અને આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાન — કેવળજ્ઞાન પ્રગટ થાય? ક્યારે એવું પરમ ધ્યાન જામે કે આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં જ રહી જાય?' આવી મુનિરાજને ભાવના વર્તે છે. આત્માના આશ્રયે એકાગ્રતા કરતાં કરતાં તેઓ કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે. ઘણી શાન્તિ વેદાય છે. કષાયો ઘણા મંદ પડી ગયા છે. કદાચિત્ કાંઇક ઋદ્ધિ — ચમત્કાર પણ પ્રગટતાં જાય છે; પણ તેમનું તે પ્રત્યે દુર્લક્ષ છે. 'અમારે આ ચમત્કાર નથી જોઈતા. અમારે તો પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે. તેના સાધનરૂપે, એવું ધ્યાન — એવી નિર્વિકલ્પતા — એવી સમાધિ જોઇએ છે કે જેના પરિણામે અસંખ્ય પ્રદેશે દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય, ચૈતન્યનો પૂર્ણ વિલાસ પ્રગટે.' આ ભાવનાને આત્મામાં અત્યંત લીનતા વડે મુનિરાજ સફળ કરે છે. ૩૯૦.

**'મુનિરાજ સમાધિપરિણત છે.'**

નિજ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થતાં પ્રથમ શુદ્ધોપયોગ હોય છે. ઉપયોગના ત્રણ ભેદ છે: શુભ, અશુભ અને શુદ્ધ. શુભ અને અશુભ — એ બંને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગ રાગસ્વરૂપ હોવાથી આસ્રવ-બંધનું કારણ છે અને શુદ્ધ-ઉપયોગ અરાગસ્વરૂપ હોવાથી સંવર-નિર્જરાનું કારણ છે.ચોથું ગુણસ્થાન અર્થાત્ સમ્યગ્દર્શન તો નિજ શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાયકવસ્તુને શુદ્ધોપયોગપૂર્વક ગ્રહણ કરવાથી, પ્રતીતિમાં લેવાથી, પ્રગટ થાય છે. ૩૮૯મા બોલમાં આવી ગયું ને — સમ્યગ્દર્શનમાં ‘ જ્ઞાયક ઊંચે ચડીને — ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે.’ પર્યાયમાં અસ્થિરતાજનિત રાગાદિ હોય છે પણ એ સદા ગૌણપણે રહે છે; આત્મા જ સદા ઊર્ધ્વપણે રહે છે, રાગાદિ વગેરે બીજું બધું નીચે રહી જાય છે.

સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ સહિત આત્માના અવલંબને અંતરમાં વિશેષ સ્વરૂપ-સ્થિરતા પ્રગટ થતાં મુનિપણું પ્રગટ થાય છે. અહા ! મુનિરાજ તો સમાધિપરિણત હોય છે. આધિ, વ્યાધિ ને ઉપાધિથી ત્રણે કાળે મુક્ત, શાન્ત અને વીતરાગ સમાધિસ્વરૂપ નિજ જ્ઞાયકસ્વભાવના આશ્રયે પરિણતિમાં આધિ, વ્યાધિ ને ઉપાધિ રહિત જે નિરાકુળ શાન્ત અને વીતરાગદશા થઈ તેને ‘ સમાધિ ’ કહે છે. અન્યમતીના બાવાઓ કરે છે તે કાંઈ સમાધિ નથી. આત્માના ભાન વિના સમાધિ કેવી ? મનમાં થતા સંકલ્પ-વિકલ્પ તે આધિ, શરીરમાં થતા રોગ તે વ્યાધિ અને સ્ત્રી-પુત્ર કે વેપારધંધાની જંજાળ તે ઉપાધિ — એ ત્રણેથી રહિત આત્માની જે આનંદમય દશા તે સમાધિ. મુનિરાજ આવી સમાધિરૂપ પરિણત છે. બહારથી એકલું નગ્નપણું કે પંચમહાવ્રત વગેરેના શુભ પરિણામ એ કાંઈ પરમાર્થ મુનિપણું નથી. જે સહજપણે સમાધિપરિણત હોય તે જ મુનિ કહેવાય.

**‘ જ્ઞાયકને અવલંબી વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટાવવાને તેઓ ઉત્સુક છે. ’**

મુનિરાજ સમાધિપરિણત તો છે, પણ સનાતનશુદ્ધ નિજ જ્ઞાયક દ્રવ્યસામાન્યનું અવલંબન લઈને વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટ કરવા માટે તેઓ અતિ આતુર છે. જેમ પાંચ લાખ રૂપિયાનો આસામી પચીસ લાખ કમાવાની ભાવના કરે, તેમ મુનિરાજ નિજ જ્ઞાયકના ઉગ્ર અવલંબને પ્રચુર સમાધિસુખ પ્રગટાવવાને અતિ ઉત્સુક છે.

**“ મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે મુનિ ‘ સકળવિમળ કેવળ-જ્ઞાનદર્શનના લોલુપ ’ છે. ”**

અજ્ઞાની મનુષ્ય પૈસા, આબરૂ ને વૈભવના લોલુપ — તૃષ્ણાતુર હોય છે, ધર્મી જીવો આત્મસાધનાના લોલુપ — લગનીવાળા હોય છે. મુનિરાજ તો વિશેષ આત્મસાધનાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોલુપી અર્થાત્ પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન ને કેવળદર્શન આદિ અનંત ક્ષાયિક લબ્ધિઓ પ્રગટ કરવાના લોલુપ છે.

મુનિરાજ નિજ ધ્રુવ જ્ઞાયકસ્વભાવને અવલંબી વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટ કરવાને અતિ આતુર છે. પર્યાય-અપેક્ષાએ હજુ જે રાગ-દ્વેષરૂપ અસમાધિ છે તે કાંઈ ચારિત્રમોહનીય કર્મને લઈને નથી, પોતાની નબળાઈથી છે. જડકર્મનો તો આત્મામાં અભાવ છે; આત્મા અને કર્મ બન્ને તદ્દન જુદાં દ્રવ્ય છે; સૌ દ્રવ્ય પોતપોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, અરસપરસ એકબીજાના ગુણ-પર્યાયને કદી ચુંબતાં નથી. અનુકૂળ અને અનુરૂપપણાનો અરસપરસ નિમિત્તનૈમિત્તિક સંબંધ પર્યાય-અપેક્ષાએ હોવા છતાં તેઓ એકબીજામાં બળજોરીપૂર્વક કાંઈ ઘાલમેલ કરી શકતાં નથી. રાગદ્વેષરૂપ અસમાધિના પરિણામ પોતાની પરિણતિમાં જીવ પોતે સ્વતંત્રપણે કરે છે, કર્મની બળજોરીથી નહિ. જડકર્મનો સંબંધ તો દ્રવ્યસંસાર છે, ભાવસંસાર તો કર્મોદયને અનુરૂપ થતી આત્માની અમૂર્તિક વિકારી પર્યાય છે.

જીવને સંસારથી મુક્ત થવાની અભિલાષા થાય છે, પણ સંસાર કહેવો કોને? શું સ્ત્રી, પુત્ર ને પરિવાર સંસાર છે? શું એનાથી મુક્ત થવું છે? મરતાં એ બધું અજ્ઞાની જીવને પણ છૂટી જાય છે તો શું જીવની મુક્તિ થઈ કહેવાય? ખરેખર એ સંસાર છે જ નહિ; સંસાર જીવની પોતાની મોહરાગદ્વેષમય વિભાવપરિણતિ છે; તેનો અભાવ થતાં જીવની મુક્તિ થાય છે. સ્વભાવે તો જીવ કર્મથી ને વિભાવથી સદા મુક્ત જ છે, પણ પર્યાયમાં પોતાના અપરાધથી જે વિકૃતિ થઈ છે તેનાથી, સ્વભાવના આશ્રયે, મુક્ત થવાનું છે.

પ્રશ્ન:— કર્મ ને આત્માને કેટલો સંબંધ છે?

ઉત્તર:— પરમાર્થે કાંઈ સંબંધ નથી. કર્મનું બધું — પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ વગેરે — કર્મમાં છે અને આત્માનું બધું — ગુણો, સ્વભાવપર્યાય, વિકારી પર્યાય વગેરે — આત્મામાં છે. જેમ કર્મમાં તેનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ વગેરે છે, તેમ તે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગને અનુરૂપ યોગ્યતા — વિભાવ-પરિણમન — જીવમાં છે. જીવની તે યોગ્યતા જીવના પોતાના કારણે છે, કર્મને લઈને નહિ; કેમ કે એક દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યના પરિણામને સ્પર્શતા નથી, દરેક દ્રવ્ય પોતાના જ પરિણામને ચુંબે છે.

મિથ્યાત્વ ને રાગદ્વેષરૂપ જે ભાવ છે તે જ અસમાધિ, દુઃખ ને સંસાર છે. સ્વના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આલંબનથી ભ્રાન્તિનો નાશ કરી જેણે સમ્યગ્દર્શન ને અનંતાનુબંધી કષાયના અભાવ-સ્વરૂપ સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ કર્યું તે મિથ્યાત્વરૂપી સંસારથી મુક્ત થયો. સ્વરૂપમાં સ્થિરતારૂપ પૂર્ણ ચારિત્ર પ્રગટ થતાં તે અચારિત્રરૂપ સંસારથી મુક્ત થાય છે. મુનિરાજ તો, વિકારથી ઘણા ભિન્ન થઈ ગયા હોવાથી, પ્રચુરપણે સમાધિપરિણત છે, મિથ્યાત્વ ને અવિરતિરૂપ સંસારથી મુક્ત થઈ ગયા છે. જેટલો અસમાધિનો નાશ થયો એટલી સમાધિ પ્રગટ થઈ છે. 'લોગસ્સ'ના પાઠમાં આવે છે ને — 'સમાહિ-વરમુત્તમં દિન્તુ'; તે સમાધિ કઈ? જ્ઞાયક આત્મામાં શક્તિપણે જે આનંદ, શાન્તિ ને સમાધિ ભરી પડી છે તેના આલંબને પર્યાયમાં જે આનંદ ને શાન્તિરૂપ નિર્મળતા પ્રગટે તેને સમાધિ કહે છે. જેમ લાડુના ભોજનથી લોકોને તૃપ્તિ થાય છે તેમ સાધક જીવને અંતરમાં સ્વભાવના આશ્રયે આનંદના ભોજનરૂપ સમાધિથી તૃપ્તિ થાય છે. સમાધિ-પરિણત મુનિવર તો નિજ જ્ઞાયકના ઉગ્ર અવલંબને વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટ કરવા માટે અતિ લાલાયિત છે, સકળવિમળ કેવળજ્ઞાનદર્શનના લોલુપ છે.

**"'ક્યારે સ્વરૂપમાં એવી જમાવટ થાય કે શ્રેણી ઊપડીને વીતરાગદશા પ્રગટે? ક્યારે એવો અવસર આવે કે સ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે અને આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાન — કેવળજ્ઞાન પ્રગટ થાય? ક્યારે એવું પરમ ધ્યાન જામે કે આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં જ રહી જાય?' આવી મુનિરાજને ભાવના વર્તે છે."**

મુનિરાજ હજુ સાધકદશામાં — અપૂર્ણ શાન્તિ ને સમાધિમાં — વર્તી રહ્યા છે, પણ સ્વરૂપસ્થિરતા ઉગ્ર કરીને પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરવા માટે તેઓ અતિ ઉત્સુક છે, લોલુપ છે. અહો! જુઓ આ મુનિદશા! અનાકુળ આનંદના સાગરસ્વરૂપ જ્ઞાયકપ્રભુમાં — નિજ ચૈતન્યસ્વરૂપમાં — એવી અતિ પ્રચુર સ્થિરતા ક્યારે થશે કે જેથી શ્રેણી ઊપડીને પૂર્ણ વીતરાગદશા પ્રગટે? મુનિરાજને ત્રણ કષાયના અભાવ જેટલી સ્વરૂપ-સ્થિરતા તો છે, પણ પૂર્ણ વીતરાગદશા પ્રગટે એવી ધારાવાહી શુદ્ધિની શ્રેણીના કારણ-સ્વરૂપ ઉગ્ર સ્વરૂપસ્થિરતા ક્યારે થશે? જેના ફળમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ ને અનંત વીર્ય આદિ ક્ષાયિક લબ્ધિઓ પ્રગટે એવી બારમા ગુણસ્થાનની પૂર્ણ વીતરાગતા, નિજ જ્ઞાયકસ્વરૂપમાં ઉગ્ર જમાવટ થઈને, ક્યારે પ્રગટે? એવી ભાવના મુનિરાજને વર્તે છે. મુનિરાજ કહે છે: અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે. એવી પૂર્ણ દશા અમને ક્યારે પ્રગટે? આવી ભાવના વખતે પણ મુનિરાજની દૃષ્ટિ તો સદાશુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ છે.

અહા! વીતરાગતા એ જ મોક્ષનો માર્ગ છે. જીવનું નિજ સ્વરૂપ વીતરાગ છે, વીતરાગ છે, વીતરાગ છે — એમ જે વારંવાર કહે છે તે જ ગુરુપદવીએ શોભે છે, એ જ મુનિરાજનો ઉપદેશ છે. વ્રતાદિનો — વ્યવહારનો — જે ઉપદેશ છે તે તો ભૂમિકાનુસાર કેવો રાગ અને કેવું આચરણ હોય છે તેનું જ્ઞાન કરાવવા માટે છે, પણ પ્રગટ કરવાયોગ્ય તો ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકસ્વભાવના અવલંબને થતી વીતરાગતા જ છે. ચોથે, પાંચમે ને છઠ્ઠે ગુણસ્થાને ભૂમિકા પ્રમાણે વ્યવહારનો વિકલ્પ હોવા છતાં અંતરમાં પોતપોતાની દશા પ્રમાણે સમ્યગ્દર્શન-જ્ઞાન ને અંશે સ્વરૂપસ્થિરતારૂપ વીતરાગતા હોય છે. વીતરાગી સાધનાએ પરિણત મુનિરાજ સકળવિમળ કેવળજ્ઞાન-દર્શનના લોલુપ છે. વ્રત, તપ, ભક્તિ, સ્વાધ્યાય વગેરે વિકલ્પના લોલુપ નથી, જ્ઞાતા છે, અને જ્ઞાનની — સાધનાની — પર્યાયને પૂર્ણ કરવાના લોલુપ છે. સહજજ્ઞાનસાગર નિજ જ્ઞાયકવસ્તુના આલંબને અંતરમાં — પર્યાયમાં — ભરતી આવી છે, સમ્યક્ મતિશ્રુતજ્ઞાનનાં મોજાં ઊછળે છે, પણ દરેક સમયમાં પરિપૂર્ણ એવું જે કેવળજ્ઞાન તેના, મુનિરાજ અભિલાષી છે. અહા! એવી સ્વરૂપસ્થિરતા ક્યારે થાય કે શ્રેણી ઊપડીને પૂર્ણ વીતરાગદશા પ્રગટે? ક્યારે એવો અપૂર્વ અવસર આવે કે સહજસ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે અને આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાન — ક્ષાયિક કેવળજ્ઞાન પ્રગટ થાય? એવી ભાવના મુનિરાજને વર્તે છે. શાસ્ત્રોમાં એમ આવે છે કે વ્રતોની રક્ષા અર્થે પાંચ-પાંચ ભાવના — પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવના — કરવી; પણ એ તો ભૂમિકા પ્રમાણે, અશુભ ભાવોથી બચવા માટે, શુભ વિકલ્પની વાત છે; ખરેખર તો અવયવરૂપ સમ્યક્ મતિશ્રુતજ્ઞાનરૂપે પરિણત મુનિરાજ સહજસ્વરૂપમાં ઉગ્ર રમણતા સાધીને અવયવી એવું પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરવાના લોલુપ — આતુર છે. મતિશ્રુતજ્ઞાન તે અંશ છે ને કેવળજ્ઞાન તે અંશી છે. પૂર્ણ અંશીને પ્રાપ્ત કરવાની મુનિરાજને અભિલાષા છે. અહા! આવી વાત છે, સમજાણું કાંઈ?

જૈન મુનિદશા એ કોઈ અલૌકિક ચીજ છે; તે દશા કાંઈ એકલા શુભ વિકલ્પમાં કે બહારના ક્રિયાકાંડમાં નથી. જંગલમાં વસવું, નગ્નપણે રહેવું, મહિના મહિનાના ઉપવાસ કરવા તે કાંઈ અંતરંગ મુનિદશા નથી. મુનિરાજ તો અંદર પોતાના સ્વરૂપમાં વસે છે, જંગલમાં વસે છે એમ કહેવું તે તો બાહ્ય વ્યવહાર છે; તેઓ તો અંતરમાં અતીન્દ્રિય આનંદનાં ભોજન જમે છે, રોટલાના ત્યાગરૂપ ઉપવાસી કહેવા એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનું કથન છે. મુનિરાજને તો સહજ જ્ઞાનાનંદસ્વરૂપમાં ઉગ્ર રમણતા વડે ક્ષાયિક જ્ઞાન — કેવળજ્ઞાન પ્રગટ કરવાની ભાવના વર્તે છે.

ક્યારે એવું પરમ ધ્યાન જામે કે આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં જ રહી જાય ? — આવી ભાવના મુનિરાજને વર્તે છે. સહજજ્ઞાનસ્વરૂપ ને સહજઆનંદસ્વરૂપ એવો નિજ ભગવાન આત્મા જ્યાં, દૃષ્ટિ ને જ્ઞાનપૂર્વક, અનુભવમાં આવ્યો, તેના અવલંબને પ્રગટતા અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ આવ્યો, ત્યાં એ પૂર્ણાનંદનો નાથ પર્યાયમાં પૂર્ણાનંદપણે ક્યારે પ્રગટશે, પૂર્ણાનંદના સાધનરૂપ એ પરમ ધ્યાન ક્યારે જામે કે જેથી આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં જ રહી જાય, — એવી ભાવના મુનિઓને હોય છે.

દુનિયાને હું સમજાવું, દુનિયા મારી પાસેથી સમજે, હું શાસ્ત્ર ક્યારે બનાવું ? વગેરે ભાવના મુનિરાજને હોતી નથી, અરે ! વિકલ્પમાત્રની કે અપૂર્ણ દશાની ભાવના પણ તેમને હોતી નથી; તેમને તો એવી ભાવના રહે છે કે ક્યારે એવું પરમ ધ્યાન જામે કે જેથી આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં — સાદિ અનંત અનંત સમાધિસુખમાં — સમાઈ જાય ? નિયમસારના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવે ટીકાના આરંભમાં કહ્યું છે ને — ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ ? તોપણ હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે. એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની આ ટીકા રચાય છે. ટીકાકાર મુનિરાજ કહે છે કે નિયમસારમાં પ્રરૂપિત ગૂઢ ભાવો તો ગણધરો અને શ્રુતધરોની પરંપરાથી ચાલ્યા આવે છે; એ ભાવોને ટીકામાં ભરનાર અમે મંદબુદ્ધિ તે કોણ ? અહા ! જેમણે પંચમ પરમપારિણામિકભાવ — ત્રિકાળશુદ્ધ કારણપરમાત્મા — ટીકામાં ખૂબ ગાયો છે, તે ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ પોતાની લઘુતા વ્યક્ત કરતાં કહે છે કે નિયમસારની ટીકા રચનાર અમે મંદબુદ્ધિ તે કોણ ? તેમણે પરમપારિણામિકભાવને 'સ્વભાવ'પણે એવો દીપાવ્યો છે, લડાવ્યો છે, શોભાવ્યો છે, કે તેની સામે ક્ષાયિક-ભાવરૂપ પૂર્ણ પર્યાય પણ 'પરભાવ' છે. શુદ્ધ નિશ્ચયનયે ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ને ઔદયિક — એ ચારે ભાવ પરભાવ છે, એક પરમપારિણામિકભાવ જ, આશ્રય કરવા યોગ્ય હોવાથી, સ્વભાવ છે. જ્ઞાનીને આલંબનરૂપે ક્ષાયિકભાવરૂપ પૂર્ણ પર્યાયની પણ ભાવના નથી; કેમ કે ક્ષાયિકભાવરૂપ પર્યાયના અવલંબને નવી નિર્મળ પર્યાય પ્રગટતી નથી. જેમાં અનંત અનંત ગુણરત્નો ભર્યાં પડયાં છે એવા ત્રિકાળશુદ્ધ પરમ-પારિણામિકભાવસ્વરૂપ ભગવાન જ્ઞાયક આત્માના અવલંબને, તેના આશ્રયે, તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવનાથી મોક્ષમાર્ગ અને મોક્ષરૂપ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. જ્ઞાની એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિક-પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડ-જ્ઞાનરૂપ હું છું'. અરે ! વ્યવહાર-રત્નત્રયના શુભ રાગની ભાવના તો નહિ, પણ સમકિતનો જે ક્ષાયિક ભાવ પ્રગટ થયો તેની પણ ભાવના નહિ, કેમ કે તે તો પર્યાયની ભાવના છે; પર્યાયની ભાવનાથી શું વળે ? ત્રિકાળી પરમભાવની ભાવનાથી, તેના આલંબનથી જ ધર્મની બધી પર્યાયો પ્રગટે છે. અહીં તો એ વાત ચાલે છે કે — 'ક્યારે સ્વરૂપમાં એવી જમવટ થાય કે શ્રેણી ઊપડીને પૂર્ણ વીતરાગદશા પ્રગટે ? ક્યારે એવો અવસર આવે કે સ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે અને આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાન — કેવળજ્ઞાન પ્રગટ થાય ? ક્યારે એવું પરમ ધ્યાન જામે કે આત્મા શાશ્વત-પણે આત્મસ્વભાવમાં જ સમાઈ જાય ?' — આવી મુનિરાજને ભાવના વર્તે છે.

**'આત્માના આશ્રયે એકાગ્રતા કરતાં કરતાં તેઓ કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે.'**

પરમ જ્ઞાયકભાવરૂપ આત્માના આશ્રયે — પ્રગટ થયેલી નિર્મળ પર્યાયના આશ્રયે નહિ — એકાગ્રતા કરતાં કરતાં શ્રી કુંદકુંદાચાર્યદેવ, અમૃતચંદ્રાચાર્ય વગેરે મુનિવરો કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે. અહો ! પંચમ કાળના સંતો પણ એવી ભાવના કરે છે. આ તો પાંચમા આરાના મુનિની વાત છે ને ? સાચા વીતરાગી સંતો એવી ભાવના કરતાં કરતાં કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે.

**'ઘણી શાન્તિ વેદાય છે.'**

પ્રચુર સ્વસંવેદન એ જ મુનિરાજનો નિજ વૈભવ છે. નિરંતર આસ્વાદમાં આવતો, સુંદર જે અતીન્દ્રિય આત્મિક આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન તે જ મુનિરાજનું અંતરંગ લક્ષણ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા શ્રી જિનેન્દ્રદેવના પંથના મુનિ એ કહેવાય કે જેમને સ્વભાવના આલંબને પરિણતિમાં પ્રચુર શાન્તિનું વેદન હોય. અરે ! અત્યારે તો કેટલાક નામધારી દિગંબર સાધુઓ પણ એમ કહે છે કે છઠ્ઠા ગુણસ્થાન સુધી એકલો શુભ રાગ અર્થાત્ વ્યવહાર જ હોય; તો શું ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને અંદર સ્વભાવના આશ્રયે પ્રગટતી શુદ્ધિરૂપ નિશ્ચય પરિણતિ નથી ? જો નિશ્ચય પરિણતિ નથી તો ધર્મ શાનો ? શ્રદ્ધાગુણની સમ્યગ્દર્શનરૂપ નિશ્ચય પરિણતિ તો ચોથા ગુણસ્થાને શરૂ થઈ જાય છે અને તેની ક્ષાયિકરૂપ પૂર્ણતા પણ કેટલાક જીવોને ત્યાં જ થઈ જાય છે. મુનિરાજને તો સમ્યક્ શ્રદ્ધા ને જ્ઞાન ઉપરાંત સ્વરૂપસ્થિરતા પણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહુ વધી ગઈ છે, તેથી તેમને અંતરમાં ઘણી જ શાન્તિ વેદાય છે.

**'કષાયો ઘણા મંદ પડી ગયા છે.'**

મુનિરાજને ત્રિકાળશુદ્ધ અકષાયસ્વભાવી જ્ઞાયકતત્ત્વના—શ્રદ્ધાન, જ્ઞાન ને સ્થિરતા-ભાવે—પ્રચુર અવલંબનથી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય ને પ્રત્યાખ્યાના-વરણીય સંબંધી કષાયોની ત્રણ ચોકડીનો અભાવ તો થઈ ગયો હોય છે અને સંજ્વલન કષાયનો ઉદય વર્તે છે, પરંતુ તે પણ ઘણો મંદ. પંચમહાવ્રત વગેરે અઠ્ઠાવીસ મૂળ-ગુણના જે વિકલ્પો આવે છે તેમના પણ તેઓ જ્ઞાતા છે, કર્તા નથી. પ્રચુર સ્વસંવેદનને લીધે કષાયો ઘણા મંદ પડી ગયા છે.

**'કદાચિત્ કાંઈક ઋદ્ધિ—ચમત્કાર પણ પ્રગટતાં જાય છે; પણ તેમનું તે પ્રત્યે દુર્લક્ષ છે.'**

કોઈ કોઈ મુનિરાજને શુદ્ધાત્મસાધનાની પવિત્રતા સાથે કદાચિત્ કાંઈક ઋદ્ધિ—લબ્ધિ—ચમત્કાર પણ પ્રગટી જાય. આહારગ્રહણ પ્રસંગે શ્રાવકના ઘરે થાળીમાં રહેલા બે લાડુ પર મુનિરાજની દૃષ્ટિ પડે તો તેમની લબ્ધિના પ્રતાપે ચક્રવર્તીની આખી સેના જમી જાય તોપણ લાડુ ખૂટે નહિ—એવી મુનિરાજને ઋદ્ધિ પ્રગટી હોય, પણ તેમનું તેના પ્રત્યે લક્ષ નથી. વિષ્ણુકુમાર મુનિરાજને વિરાટ ને વામન રૂપ ધારણ કરવાની લબ્ધિ પ્રગટી હતી, પણ પોતાને ખબર નહિ. હસ્તિનાપુરના ઉપવનમાં અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિવરો પર બલિરાજાએ અગ્નિનો ઉપસર્ગ કર્યો. દૂરવર્તી ક્ષેત્રમાં રહેલા કોઈ મુનિરાજને પોતાના અવધિજ્ઞાન દ્વારા તેનો ખ્યાલ આવ્યો. તેમણે પુષ્પદંત ક્ષુલ્લકને વિષ્ણુકુમાર મુનિરાજ પાસે, તેમની ઋદ્ધિ વડે આ મહા અનર્થ થતો રોકવા મોકલ્યા. વિષ્ણુકુમાર મુનિ તો પોતાની સ્વરૂપસાધનામાં મગ્ન હતા, પોતાને પ્રગટ થયેલી લબ્ધિની ખબર પણ ન હતી. ક્ષુલ્લકે કહ્યું: પ્રભો! આપને નાનુંમોટું રૂપ ધારણ કરવાની ઋદ્ધિ પ્રગટ થઈ છે, આપ આપનો હાથ લાંબો કરો. વિષ્ણુકુમાર મુનિરાજે લાંબો કરેલો હાથ માનુષોત્તર પર્વત સુધી પહોંચી ગયો. અહા! મુનિરાજને આત્માના જ્ઞાનાનંદમય ચૈતન્યચમત્કાર આગળ બહારના ચમત્કારો પ્રત્યે જરાય લક્ષ નથી. ચમત્કાર પ્રગટ થયો, દુનિયાને બતાવું ને મને માન મળે, મારી ખ્યાતિ વધે, લોકો મને પૂજે—એવી હીન ભાવના તો દૂર રહી, પણ જે ઋદ્ધિ કે ચમત્કાર પ્રગટ્યો હોય તે પ્રત્યે લક્ષ જ નથી. તેમને તો એકમાત્ર કેવળજ્ઞાન ને પૂર્ણાનંદસ્વરૂપ અંતરંગ સ્વભાવઋદ્ધિ શીઘ્ર પ્રગટ કરવાની ભાવના છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"'અમારે આ ચમત્કાર નથી જોઈતા. અમારે તો પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે. તેના સાધનરૂપે, એવું ધ્યાન—એવી નિર્વિકલ્પતા—એવી સમાધિ જોઈએ છે કે જેના પરિણામે અસંખ્ય પ્રદેશે દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય, ચૈતન્યનો પૂર્ણ વિકાસ પ્રગટે.' આ ભાવનાને આત્મામાં અત્યંત લીનતા વડે મુનિરાજ સફળ કરે છે."**

મુનિરાજને એવી લબ્ધિ પ્રગટે કે તેમના શરીરને સ્પર્શેલો પવન રોગીને અડે તો તેનો ગમે તેવો ભયંકર અસાધ્ય રોગ મટી જાય; પણ તેથી શું? તે તો પુણ્યપ્રકૃતિનું ફળ છે, તેમાં આત્મા ક્યાં આવ્યો? મુનિરાજ કહે છે: અમારે આ બહારના ચમત્કાર નથી જોઈતા; અમારે તો પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યચમત્કાર જોઈએ છે. કેવળજ્ઞાનના લોલુપને આવા બહારના ચમત્કારોથી શું સાધ્ય છે? મારે ઘણો માર્ગ કાપવો છે, માટે હું આવા ચમત્કારોમાં રોકાઈશ નહિ. ગામ જતો મુસાફર, વચ્ચે કોઈ સારી સરભરા ને બહુમાન આપીને રોકે તોપણ, રોકાય નહિ, અંધારું થયા પહેલાં ગામ પહોંચી જાય; તેમ મુનિરાજ, મોક્ષમાર્ગમાં પ્રયાણ કરતાં વચ્ચે અનેક લબ્ધિઓ પ્રગટે તોપણ, તેમાં રોકાય નહિ, બાકી રહેલો માર્ગ કાપી **શીઘ્ર** કેવળજ્ઞાને—મોક્ષનગરીએ—પહોંચી જાય. અમારો આત્મા પૂર્ણાનંદથી ભરેલો છે; તે પર્યાયમાં પ્રગટપણે પૂર્ણાનંદ લે—એ જ અમારો ચૈતન્યચમત્કાર છે. મુનિરાજ એવી ભાવના ભાવે છે કે—અમને અંતરમાં જે વીતરાગ કેળવણી ચાલે છે તે વૃદ્ધિ પામીને પૂર્ણ વીતરાગરૂપ થઈ જાઓ.

તેના સાધનરૂપે, એવું ધ્યાન—પૂર્ણાનંદ જ્ઞાયકમાં લીનતા—જોઈએ છે કે જેના પરિણામે આત્માના પ્રદેશે પ્રદેશે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ, અનંત વીર્ય વગેરે પરિપૂર્ણ ગુણપર્યાયો પ્રગટ થાય. કેવળજ્ઞાન ને પૂર્ણાનંદ આદિ પૂર્ણ પર્યાયો પ્રગટ કરવાનું સાધન શું? પંચમહાવ્રત વગેરે વિકલ્પો કે મજબૂત સંહનન વગેરે પરવસ્તુ સાધન નથી, પણ નિજ શુદ્ધાત્માના આલંબને પ્રગટેલી સ્વરૂપલીનતા, સ્વરૂપમગ્નતારૂપ ધ્યાન, નિર્વિકલ્પ સ્થિરતા, સ્વરૂપસમાધિ તે કેવળજ્ઞાન આદિ પૂર્ણ ચૈતન્યઋદ્ધિઓ પ્રગટવાનું સાધન છે. કેવળજ્ઞાન ને પૂર્ણાનંદસ્વરૂપ ચૈતન્યચમત્કાર પ્રગટવાના સાધનરૂપે એવી સમાધિ જોઈએ છે કે જેના પરિણામે નિજ અસંખ્ય પ્રદેશોમાં પરમાનંદની લીલા-લહેર થઈ જાય, બધા ગુણો પોતપોતાની પરિપૂર્ણ પર્યાયે વિકસી નીકળે. આ ભાવનાને મુનિરાજ આત્મામાં અત્યન્ત **લી**નતા વડે સફળ કરે છે. અહાહા! ભાષા તો જુઓ! કેવી સરળ, સરસ ને સુગમ છે?

મુનિરાજ ભાવના કરે છે કે—કેવળજ્ઞાન આદિ પૂર્ણ દશાના સાધનરૂપે એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્યાન — એવી નિર્વિકલ્પતા — એવી સમાધિ જોઈએ છે કે જેથી અસંખ્ય પ્રદેશે દરેક ગુણ તેની પૂર્ણ પર્યાયે પ્રગટ થાય. અહા! જીવના અસંખ્ય પ્રદેશ પણ સિદ્ધ કર્યા; અસંખ્ય પ્રદેશની વાત વીતરાગ સર્વજ્ઞ સિવાય બીજે કયાંય છે જ નહિ. આત્માના અસંખ્ય પ્રદેશમાં તેનો દરેક ગુણ વ્યાપે છે. ધ્યાનના પરિણામે અસંખ્ય પ્રદેશે બધા ગુણો પોતપોતાની પરિપૂર્ણ પર્યાયે — પરિપૂર્ણ વિકસીને — પ્રગટ થાઓ. આમ કહીને જીવને અસંખ્યપ્રદેશી 'દ્રવ્ય' સિદ્ધ કર્યું, તેમાં અનંત ગુણો સિદ્ધ કર્યા ને દરેક ગુણનો પર્યાયમાં પરિપૂર્ણ વિકાસ સિદ્ધ કર્યો. અસંખ્ય પ્રદેશમાં પ્રત્યેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ હો — એમ કહીને એ સિદ્ધ કરવું છે કે એક ગુણની પર્યાયના પરિપૂર્ણ પરિણમનમાં અન્ય ગુણની પર્યાયનું પૂર્ણ પરિણમન સાધન નથી, પરંતુ અનંત ગુણો સ્વયં પોતે પોતાની પૂર્ણ પર્યાયે પ્રગટ થાય છે. એવી પૂર્ણ દશા પ્રગટ કરવાની મુનિરાજને ભાવના હોય છે.

પ્રત્યેક ગુણ પર્યાયમાં પરિપૂર્ણ પ્રગટ થાઓ — એવી ભાવના મુનિરાજને હોય છે. દરેક ગુણ પર્યાયમાં અંશે તો ચોથા ગુણસ્થાનથી પ્રગટ થાય છે, મુનિરાજને તો તેના ઘણા અંશો પ્રગટ થયા છે — પર્યાયમાં હો! 'શ્રીમદ્'માં આવે છે ને — 'સર્વગુણાંશ તે સમકિત'. પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં 'ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ ગુણો એકદેશ પ્રગટ થાય છે' એમ કહ્યું છે. 'પ્રત્યેક ગુણ પર્યાયમાં પરિપૂર્ણ પ્રગટ હો' તેનો અર્થ એ કે 'ચૈતન્યનો પૂર્ણ વિલાસ પ્રગટ હો'. શું કહ્યું? અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા જે જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરેલો છે તેનો પૂર્ણ વિલાસ પ્રગટ હો. અહા! પંચમ આરાના સંત પણ આવી ભાવનાવાળા હોય છે.

આ ભાવનાને મુનિરાજ આત્મામાં અત્યન્ત લીનતા વડે સફળ કરે છે. મુનિરાજને આત્મામાં લીનતા તો છે, પણ તેમાં અત્યન્ત લીનતા કરીને તેઓ ભાવનાને સફળ કરે છે. અહા! કેવા સરસ પેરેગ્રાફ છે? મુનિરાજ આત્મામાં લીનતા દ્વારા પોતાની ભાવનાને સફળ કરે છે, કોઈ નિમિત્ત કે રાગ દ્વારા નહિ. અહા! આવી વાત છે! આનું નામ સિદ્ધાન્ત કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૫૮

તા. ૨૨–૧૧–૭૮

## વચનામૃત — ૩૯૧

અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે અને પોતે બહાર રખડ્યા કરે છે. જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે, બધું બહારથી શોધે છે. પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.

જ્ઞાનીએ ચૈતન્યમહેલનાં તાળાં ખોલી નાખ્યાં છે. અંદરમાં જ્ઞાન-આનંદ આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, અને થોડી ભોગવીને, તેને પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઈ ગઈ છે. ૩૯૧.

**'અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે અને પોતે બહાર રખડ્યા કરે છે.'**

અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ અનંત સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને અજ્ઞાનીએ અનાદિ કાળથી તાળાં મારી દીધાં છે. રાગનો કણ, દયાદાન આદિ શુભભાવનો અંશ મારો છે — એવી જેની દૃષ્ટિ છે તેણે રાગાદિથી ભિન્ન, જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરેલા ચૈતન્યમહેલને — ભગવાન આત્માને — તાળાં માર્યાં છે. રાગનો સૂક્ષ્મ કણ — ગુણગુણીના ભેદનો વિકલ્પ આવે એ પણ રાગ છે — એ ખરેખર આત્માનો સ્વભાવ નથી, પુદ્‌ગલના સંબંધે થતો હોવાથી, પૌદ્‌ગલિક છે. એની જેણે એકતા — ત્રિકાળી સ્વભાવ સાથે રાગની એકતાબુદ્ધિ — કરી છે તેણે આનંદ આદિ નિજ સમૃદ્ધિથી ભરેલા ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે.

અહા! વસ્તુ છે આખી, પૂર્ણાનંદ ને અનંત જ્ઞાન આદિ સ્વભાવોથી — સમૃદ્ધિથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભરેલી. 'આદિ' શબ્દથી જ્ઞાન ને આનંદની સાથે શ્રદ્ધા, વીર્ય, દર્શન, પ્રભુત્વ વગેરે અનંત ગુણો લેવા. આવા વૈભવથી ભરેલા નિજ આત્મ-મહેલમાં અંદર પ્રવેશ કરવો જોઈએ, એને ઠેકાણે તાળાં માર્યાં; અરે! પ્રભુ આ શું કરે છે?... બહુ ટૂંકાં વાકયો છે બેનનાં, પણ છે એકદમ ગૂઢ-ગૂઢ.

હમણાં, ભાવનગરની કૉલેજમાં 'અર્ધમાગધી' ભણાવનાર પ્રોફેસરનો કાગળ આવેલો; એમાં લખેલું કે 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક વાંચ્યું; એમાં તો એકલાં રત્નો જ ભર્યાં છે. વાંચીને એને ઘણો ઉલ્લાસ આવ્યો છે. જાતિએ બ્રાહ્મણ છે, જૈનેતર છે. તે લખે છે કે, હવે હું વચનામૃતમાં કહ્યું છે એ રીતે મારા આત્માને ઉજ્જવળ કરવા પ્રયત્ન કરીશ. અહા! બેનનું આ પુસ્તક ઘણું સરસ છે. વાંચશે, સમજશે એને લાભનું કારણ છે.

અહીં એમ કહે છે: પ્રભો! તારું તત્ત્વ છે એમાં ન જતાં, રાગ, પુણ્યપાપ ને બહારમાં એકત્વબુદ્ધિ—સ્વભાવની એકતા તોડી નાખીને રાગની એકતા—કરી. અહા! એ અનંત અનંત ગુણોથી ભરેલા ભગવાનને તેં તાળાં માર્યાં, પ્રભુ! ભલે અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો હોય,—અગિયાર અંગમાં તો અબજો-અબજો શ્લોકો આવે છે—પણ એ ભણેલા જ્ઞાનની પર્યાય છે પરલક્ષી. એમાં જે લીન છે તેણે ચૈતન્યની સમૃદ્ધિને તાળાં માર્યાં છે. રાગ અને પરલક્ષી જ્ઞાનનો જેને મહિમા છે તેણે અનંત સમૃદ્ધિથી ભરપૂર પ્રભુને સજ્જડ તાળાં માર્યાં છે. અહા! આવી વાત! કહી છે બહુ ટૂંકામાં.

ગુણસમૃદ્ધિથી ભરેલા નિજ આત્મ-મહેલને તાળાં મારીને પોતે બહાર રખડયા કરે છે. આ શુભ વિકલ્પ ને આ અશુભ વિકલ્પ, આ ઠીક ને આ અઠીક—એમ શુભાશુભ ભાવમાં શાંતિ શોધી રહ્યો છે. અનંત અનંત વિભૂતિઓથી ભરેલા પોતાના ભગવાન સન્મુખ ન જતાં, તેનાથી વિમુખ થઈને શુભ રાગમાં અને શાસ્ત્રજ્ઞાનમાં—જાણે આમાં કાંઈક છે, આમાં કાંઈક છે એમ માની, બહારમાં—રખડી રહ્યો છે. અરે! એ રખડાઉ થઈ ગયો છે.

**'જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે, બધું બહારથી શોધે છે.**

**સ્વયં જ્ઞાનસ્વરૂપી ભગવાન છે તેમાં ન જતાં જ્ઞાન જાણે બહારથી આવતું હોય —શાસ્ત્ર સાંભળવાથી ને ભણવાથી—એવો ભાવ વેદ્યા કરે છે. એ બહિર્લક્ષી જ્ઞાનને ખરેખર જ્ઞાન કહેતા નથી. અંતરના સ્વભાવમાંથી આવે તેને જ્ઞાન કહીએ.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે મહાપ્રભુ જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણોની સમૃદ્ધિથી ભરેલો ભગવાન છે તેને જોતા નથી અને વિકલ્પની જાળમાં રોકાઈને બહારનાં જ્ઞાન ને રાગને જુએ છે — બહાર રખડયા કરે છે. મુદ્દાની રકમ છે. વાત ઝીણી પડે, બાપુ! સમજાય છે કાંઈ? પ્રભુ! તું મહાપ્રભુ છો, ભાઈ! એ પ્રભુતાને તેં તાળાં માર્યાં અને પામર એવા રાગ ને પર્યાયને મહત્તા આપી.

હવે, 'પોતે બહાર રખડયા કરે છે' એની વ્યાખ્યા: જ્ઞાન બહારથી શોધે છે. સાદી ભાષામાં બે વાત કરી — (૧) અંદર પ્રભુતાને તાળાં માર્યાં છે ને (૨) જ્ઞાન બહારમાં શોધે છે. બહાર એટલે શું? જ્ઞાન બહારથી શોધે છે; જાણે વાંચું ખૂબ અને સાંભળું ખૂબ તો મને જ્ઞાન થશે; પણ ભાઈ! જ્ઞાન તો અંતરમાં — સ્વભાવમાં છે, એમાં એકાગ્ર થતાં જે જ્ઞાન આવે તે 'જ્ઞાન' છે. તેને ઠેકાણે બહારમાં — જાણે અહીંથી જ્ઞાન થાય, રાગ મંદ કરું તો જ્ઞાન થાય એમ પરમાં — શોધે છે. નિગોદમાં અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાન છે; તે ત્યાંથી નીકળી માણસ થઈ નગ્ન દિગંબર સાધુ થાય ને અગિયાર અંગનું જ્ઞાન થાય; એ કંઈ 'જ્ઞાન' નથી, અંદર સ્વભાવમાંથી પ્રગટે તે 'જ્ઞાન' છે. અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનનું નિધાન છે; એમાંથી કેવળજ્ઞાનની પર્યાય અનંતી અનંતી કાઢયા જ કરીએ તોપણ ખૂટે નહિ એવો ચમત્કારિક જ્ઞાનભંડાર છે! તેમાંથી જ્ઞાન કાઢતો નથી અને બહાર રખડયા કરે છે.

પ્રશ્ન: — જ્ઞાન દેખે તો કાઢે ને?

ઉત્તર: — માટે જ કહે છે: એ દેખવા અંતરમાં જા ને, અહીં બહારમાં કયાં પડયો છે તું?

આત્માને અંદર જ્ઞાનસ્વભાવમાં વાળ, ત્યારે સાચું જ્ઞાન થાય; બાકી બહારથી જેટલું ભણતર, એ બધું જ્ઞાન નથી. એ ભણતરના જ્ઞાનમાં પણ જેને એકત્વબુદ્ધિ છે તેણે જ્ઞાનસ્વરૂપી ભગવાનને તાળાં માર્યાં છે. આવી અદ્‌ભુત વાત છે ભાઈ! બહુ શાસ્ત્ર ભણાવું ને ઘણાં શાસ્ત્ર લખીને બહાર પાડું તો મારું જ્ઞાન બહાર પડે, એ બધી બહિર્બુદ્ધિ છે.

તે જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે; જાણે કે સ્રીમાં સુખ છે, આબરૂમાં સુખ છે ને પૈસામાં સુખ છે. અરે! અશુભ ભાવમાં સુખ છે ને શુભ ભાવમાં સુખ છે — એમ માને છે ને ત્યાં અટકે છે.

જ્ઞાન અને આનંદ એ બે બોલ મુખ્ય લઈને કહે છે કે 'બધું બહારથી શોધે છે'.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ રીતે બધું — શાંતિ, સમાધિ, સંતોષ, તૃપ્તિ વગેરે — બહારથી શોધે છે. 'જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા...', તેમાં 'આદિ' શબ્દ છે તેનો મેળ કરી કહ્યું કે શાંતિ, સમાધિ વગેરે બધું બહારથી શોધે છે.

બહુ વાંચું, બહુ ભણું ને બહુ સાંભળું તો મને જ્ઞાન થાય એમ માને છે. આનંદ પણ બહારથી ગોતે છે અર્થાત પૈસામાં સુખ છે, સ્ત્રીના વિષયમાં સુખ છે, આબરૂમાં સુખ છે, બહારમાં કોઈ મારા વખાણ કરે એમાં સુખ છે, મારી કોઈ પ્રશંસા કરે તો મને ઠીક પડે — એમ માને છે. એ પ્રમાણે બધું બહારથી શોધે છે. જ્ઞાન, આનંદ અને બીજું બધું — એમ ત્રણ વાત કહીને હવે તેનો સાર કહે છે:

**'પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.'**

પોતાનામાં બધું પડ્યું હોવા છતાં — પોતે ભગવાન હોવા છતાં બહારથી કંઈક મળે એમ ભીખ માગ્યા કરે છે. પોતે પોતાની સંપત્તિવાળો પ્રભુ છે, છતાં બહાર ભિક્ષા માગે છે; ભિક્ષા માગે છે એટલું જ નહિ, બધાંની ભીખ માગે છે — જ્ઞાન, શાંતિ વગેરે બધું બહારથી માગે છે.

આ પ્રમાણે એક પેરેગ્રાફમાં અજ્ઞાનીની વાત કહીને તેની સામે હવે જ્ઞાનીની — ધર્મીની વાત કહે છે:

**'જ્ઞાનીએ ચૈતન્યમહેલનાં તાળાં ખોલી નાખ્યાં છે.'**

અહા! અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા, તેની સન્મુખ એવી એકાગ્રતા થઈ કે રાગની એકાગ્રતા તૂટી ગઈ, અને સ્વભાવની એકતા થઈ. અહા! ખૂલી ગયાં નિધાન. ભલે જ્ઞાન થોડું હોય — ઉઘાડ થોડો હોય, પણ એ જ્ઞાનને વિજ્ઞાન કહ્યું છે. આત્માના સ્વરૂપનું સાચું ભાન નથી એવા અજ્ઞાનીના — અગિયાર અંગ ને નવ પૂર્વના — જ્ઞાનને અજ્ઞાન કહ્યું છે. ધર્માત્માને દ્રવ્યસ્વભાવનું, વસ્તુના સ્વભાવમાં એકાગ્ર થઈને, જે જ્ઞાન થયું છે તે ભલે થોડું હોય, છતાં તે વિજ્ઞાન છે; તેને અંદર ચૈતન્યમાં પર અને રાગની સાથે એકતાબુદ્ધિનાં તાળાં ખૂલી ગયાં છે. આવો ભગવાનનો ઉપદેશ છે.

ઉપર અજ્ઞાનીની વાત કહી હતી કે તેણે અંદરમાં જ્ઞાન-આનંદ આદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે, હવે એ વાત સવળી કરીને કહે છે: જ્ઞાનીએ અંદરમાં જ્ઞાન ને આનંદ આદિ — આદિ કહેતાં શાંતિ, સમાધિ વગેરે બધું આવી ગયું — અખૂટ સમૃદ્ધિવાળા નિજ ચૈતન્યમહેલનાં તાળાં ખોલી નાખ્યાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'અંદરમાં જ્ઞાન-આનંદ આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, અને થોડી ભોગવીને, તેને પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઈ ગઈ છે.'**

અનંત અજાયબીઓથી — ગુણોથી — ભરેલું અજાયબ-ઘર એણે અંદર જોયું અને અનુભવ્યું. જ્ઞાન-આનંદ આદિ અખૂટ સંપત્તિ દેખીને — અંદર ખૂટે નહિ એવો અનંત ગુણોનો ખજાનો છે તેને જોઈને — તથા સ્વલ્પ ભોગવીને, તેને પહેલાં કયારેય નહોતી અનુભવી એવી પરમ નિરાંત થઈ જાય છે. જાણવામાં — દેખવામાં અખૂટ સમૃદ્ધિ પૂર્ણ આવી, પણ ભોગવવામાં હજુ પૂર્ણ આવી નથી, તેથી કહ્યું: 'થોડી ભોગવીને'. અનંત અનંત ગુણની સમૃદ્ધિનાં તાળાં ખૂલી ગયાં છે પણ ખિલવટમાં પર્યાય આવી છે તે હજી અલ્પ છે.

ત્રિકાળી ગુણોનો દરિયો એવો જે ભગવાન નિજ આત્મા, એમાંથી એક નમૂનો બહાર આવ્યો — સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ, આનંદ — એને ભોગવીને, તેને (જ્ઞાનીને) પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઈ ગઈ છે. તેણે પૂર્વે કયારેય ભોગવી નહોતી એમ અહીં કહ્યું. અનંત આનંદમાંથી થોડો આનંદ, થોડું જ્ઞાન, થોડું વીર્ય — વીર્ય એટલે અનંત ગુણોની શુદ્ધ પરિણતિની રચનાશક્તિ — તેને ભોગવીને, તેને પહેલાં કયારેય નહોતી અનુભવી, અનંત કાળના પ્રવાહમાં નહોતી ભોગવી, એવી નિરાંત — શાંતિ થઈ ગઈ છે. જેને હવે બહારથી કાંઈ જોઈતું નથી, અંદરમાં અખૂટ ખજાનો જેણે જાણ્યો-જોયો અને એમાંથી થોડો બહાર અનુભવ્યો, તેને પૂર્વે કદી અનુભવી નહોતી એવી પરમ શાંતિ થઈ ગઈ છે.

— * —

## વચનામૃત — ૩૯૨

**એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય. તે ચૈતન્ય તો તારી પાસે જ છે, તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ? જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્ગલને પહોંચાડે છે, જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ. તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે. તો પછી તને ડર શાનો? સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર, ભય છોડી દે. ૩૯૨.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે.'**

એક ચૈતન્યતત્ત્વ જ — ચૈતન્યવસ્તુ, ચૈતન્યસત્ત્વ એ જ — ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. પહેલાં ૩૭૯મા બોલમાં 'જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમાં ચૈતન્ય-રસ અને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી...' — એમ આવી ગયું છે. હવે અહીં બીજી વાત કરે છે: એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે.

**'વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય.'**

વિશ્વમાં — અનંત અનંત પદાર્થોથી વિશ્વ ભરેલું છે તેમાં — કોઈ એવી વિભૂતિ — ચીજ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય — મહાન હોય. ચક્રવર્તીનું રાજ કે ઇંદ્રનાં ઇંદ્રાસનો — એ કંઈ ચૈતન્યથી વિશેષ નથી. એ તો બહારની ધૂળ છે.

**'તે ચૈતન્ય તો તારી પાસે જ છે, તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ?'**

મુંબઈમાં હમણાં કમળાનો રોગ છે. લીવરમાં કાંઈક થાય છે ને બે-ચાર દીમાં ફટાક દેહ છોડીને જીવ ચાલ્યો જાય છે. આત્મા રોગ અને રાગથી સદા રહિત છે. તે એક સેકંડમાં રાગથી છૂટીને અંદરમાં જઈ શકે છે. અહા! એ નીરોગી વસ્તુ! ભગવાન! એને પકડ ને! કમળાનો રોગ આવે, ક્ષયરોગ થઈ જાય, સર્પ કરડે, વીંછી કરડે, હૃદયની ગતિ અટકી જાય વગેરે ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ?

**'જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્ગલને પહોંચાડે છે, જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ.'**

રોગ છે તે તો શરીરમાં છે, છરાના ઘા પડે છે તે પણ શરીરમાં છે. ભગવાન આત્માને શું કોઈ બાધા પહોંચાડી શકે છે? જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ અને તારું હોય તે છૂટે નહિ. બીજા બહારના સંયોગોની વાતો શી કરવી? આ તો શરીર વિષેની વાત છે. અહીં તો કહે છે — શરીર ઉપર ઉપસર્ગ આવે તો તે કાંઈ આત્મામાં નથી આવ્યો. છૂટે તે તારું છે જ નહિ.

**'તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે.'**

તારું તત્ત્વ, તારું સ્વરૂપ મંગલસ્વરૂપ છે, તું આશ્ચર્યકારી અદ્ભુત તત્ત્વ છો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘તો પછી તને ડર શાનો ? સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર, ભય છોડી દે.’**

દેહ છૂટવાનો પ્રસંગ આવશે; ખ્યાલમાં પણ આવે કે હવે આ દેહ છૂટી જવાનો છે. એ છૂટશે, — છૂટું હતું તો છૂટશે. તેનો ભય શો ? અંદર આનંદસ્વરૂપમાં — સમાધિમાં — જા ને ! અંદર અવિનાશી ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં ધ્યાન લગાવીને — સમાધિમાં સ્થિર થઈને — ભય છોડી દે. સમાધિ એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિ રહિત વીતરાગી શાંતિ. અહા ! એનની ભાષા જુદી અને બહુ સાદી ! બાપુ ! આ કોઈ જુદી ચીજ છે. ભગવાન આત્મા સમાધિસ્વરૂપ જ છે. તેનામાં આધિ-વ્યાધિ-ઉપાધિ છે જ નહિ. એના ઉપર અંદર દૃષ્ટિ કરી, એનું સ્થિર ધ્યાન ધર, પર્યાયને દ્રવ્યમાં વાળી લે. લક્ષ પરમાં ને રાગમાં છે તેને સ્વભાવમાં વાળી દે. સમાધિમાં — અંદર અતીન્દ્રિય શાંતિમાં — સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર. ‘ભગવાન-ભગવાન’ કરવું, ‘णमो अरिहंताणं, णमो सिद्धाणं...’ કર્યા કરવું એ કંઈ આત્માનું ધ્યાન નથી, એ તો શુભ વિકલ્પ છે. શુભ વિકલ્પ પણ દુઃખરૂપ છે. ભગવાનની ભક્તિ, દેવસ્તુતિ વગેરે શું છે ? પ્રભુ ! એ તો વિકલ્પ છે અને વિકલ્પ તો દુઃખરૂપ છે. અહા ! તારો નાથ અંદરમાં બિરાજે છે તેને યાદ કરી અંતરમાં જા ને ! તારી વસ્તુનો અનુભવ કર ને ! અંદર એકાગ્ર થા ને ! બહારના ભગવાનને ક્યાં યાદ કરવા જાય છે તું ? આનંદ આદિ ગુણોથી પરિપૂર્ણ એવા વસ્તુસ્વભાવની દૃષ્ટિ થઈને વેદન થયું છે, તો હવે તું ત્યાં જા.

અહીં, ઉપસર્ગના કાળે ને દેહના છૂટવા કાળે — એમ બે વાત લીધી છે. જિંદગીમાં — જીવન-મૃત્યુમાં — પહેલાં ઉપસર્ગ કાળે અને પછી મૃત્યુ વખતે, બેય આવી ગયું. સમાધિમાં સ્થિર થઇ માત્ર એક નિજ આત્માનું ધ્યાન કર. ણમોકાર મંત્રનું ધ્યાન કર, ગુરુને યાદ કર ને ભગવાનનું સ્મરણ કર વગેરે અહીં લીધું નથી. એક આત્માનું ધ્યાન કર. પરનું ધ્યાન તો નહિ — પરમાં દેવ-ગુરુ આવી ગયા — પણ પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય — એ ત્રણનુંય નહિ; કારણ કે ત્રણનું ધ્યાન કરવા જાય ત્યાં વિકલ્પ — રાગ — દુઃખ થશે. નિયમસારમાં કહ્યું છે :

‘જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,
તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે !’

— તેથી, દ્રવ્ય-ગુણ-પર્યાયના વિકલ્પોથી પાર એવા એક નિજ આત્માનું, સમાધિમાં સ્થિર થઈ, ધ્યાન કર — એમ અહીં કહ્યું છે. વસ્તુમાં દ્રવ્ય છે, એના ગુણો છે, એની પર્યાયો છે, પણ એ ત્રણના ભેદમાં રોકાઈશ તો એ પણ રાગ છે, આકુળતા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક આત્માનું ધ્યાન કહ્યું; ત્યાં આત્મા તે ત્રિકાળી દ્રવ્ય, અને તેનું એકાગ્રતારૂપ ધ્યાન — આત્મા તરફ વળેલી દશા — તે પર્યાય. મરવા ટાણે કહે કે 'મને સંભળાવો'. પણ એ તો બધો વિકલ્પ છે, રાગ છે. અહીં તો, બહારના બધા વિકલ્પ છોડી, અંદર એક આત્મા છે તેનું ધ્યાન કર — એમ કહ્યું છે. આત્માનું ધ્યાન કર — એમ અસ્તિથી કહીને, ભય છોડી દે — એમ નાસ્તિથી વાત કરી.

અરે! શરીર છૂટવાનો કાળ આવે એટલે એમ થાય કે — 'હાય-હાય ક્યાં જઈશું'?' — ક્યાં જાય? અંદરમાં જા ને! તું તારું ધ્યાન રાખ. અહા! બેનના શબ્દો સાદા, પણ ભાવ ઊંડા છે. વાંચીને પેલો પ્રોફેસર તેના કાગળમાં લખે છે: અહો! આપે મને આ 'વચનામૃત' પુસ્તક — ચૈતન્યના ભાવોનું નિધાન — આપ્યું! હું ઘણો ભાગ્યશાળી. આમાં તો ચૈતન્યરત્નના ખજાના ભર્યા છે. એણે પુસ્તકની કેટલી કિંમત કરી?!

અહીં આ બોલમાં કહે છે: તું ભય છોડી દે અને સમાધિમાં સ્થિર થઈ, મંગળકારી, આશ્ચર્યકારી એવા તારા નિજ આત્માનું શરણ ગ્રહણ કર — તેનું ધ્યાન કર, તો તને શાશ્વત પરમ શાંતિ થશે.

— ✻ —

## વચનામૃત — ૩૯૩

**જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો. જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે? જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતાં કરતાં, નિર્મળતા પ્રગટ થતી જાય છે.**

**સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાંને; — તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો, તેમના સાધક-બાધકપણાનો ઇત્યાદિનો વિવેક વર્તે છે. સાધકદશામાં સાધકને યોગ્ય અનેક**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પરિણામો વર્તતા હોય છે પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે. પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે. — આવી સાધકપરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે. ૩૯૩.**

**'જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો.'**

અમારે ભવભ્રમણ નથી કરવું, નથી કરવું, એવી વાતો કરે, પણ ખરેખર અમારે ભવ જોઈતો જ નથી એવી અંદરમાં તીવ્ર ભાવના જાગે નહિ ત્યાં સુધી ભ્રમણથી છૂટવાનું કાર્ય થાય નહિ. ભવની રુચિ હોય તે ભવથી કયાંથી મુકાય? પ્રભુ! ભવ કરવા એ તો કલંક છે. ભગવાનને ભવ? આ શું? જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી — ભગવાન આત્મા પરદ્રવ્યથી ભિન્ન છે એમ નક્કી કરી, જેને રાગ અને કર્મ સાથે કાંઈ સંબંધ જ નથી એવી ચીજ છે એવો નિર્ણય કરી, — પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી, અંદર સાચી સમજણનો પુરુષાર્થ કરવો. પરદ્રવ્યમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પણ આવી ગયાં; પરમાર્થે રાગથી માંડીને કર્મ, શરીર વગેરે બધાંય પરદ્રવ્ય છે, એ બધું અજીવ છે. ભગવાન આનંદ-સ્વરૂપ છે તેને રાગાદિ બીજા બધા પરપદાર્થથી જુદો પદાર્થ નક્કી કરી, ધ્રુવજ્ઞાયક-સ્વભાવનો મહિમા લાવી, આત્માની સાચી શ્રદ્ધા — સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો.

સમયસારના જીવ-અધિકારમાં આવ્યું છે: ધર્માદિ હું નથી, એમ પર જીવ પણ હું નથી. પર જીવ નથી એટલે દેવ-ગુરુ કે સિદ્ધ પણ હું નથી. લોકોને આકરું લાગે, અને કહે: 'સિદ્ધ પણ પર? એ તો શુદ્ધ છે ને!' ભાઈ! સિદ્ધભગવાન 'શુદ્ધ' છે તેથી શું? એ છે તો આ આત્માથી 'પર'. તેની ભક્તિથી શુભ રાગ થાય, ધર્મ ન થાય.

કોઈ એમ કહે કે, દેવ-ગુરુ એ તો શુદ્ધ છે, પવિત્ર છે, એને પરદ્રવ્ય કહેવાય? અરે! પંચપરમેષ્ઠી છે એ પણ પરદ્રવ્ય છે, પ્રભુ! પોતાને એ પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પોતાનો જે ધ્રુવ જ્ઞાયકસ્વભાવ છે તેનો મહિમા પર્યાયમાં લાવી — ત્રિકાળી પૂર્ણાનંદ જ્ઞાયક ભગવાનનો પર્યાયમાં મહિમા લાવી, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉદ્યમ કરવો, આત્માનો અનુભવ પર્યાયમાં પ્રગટ કરવાનો પ્રયાસ કરવો, કારણ કે અનુભવ તો પર્યાયમાં થાય છે, કાંઈ ધ્રુવમાં અનુભવ નથી. છતાં શાસ્ત્રમાં કથન આવે કે પર્યાયનો અનુભવ ને ધ્રુવનો અનુભવ; ધ્રુવ જે વસ્તુ છે તે અનુભવનું આલંબન હોવાથી 'ધ્રુવનો અનુભવ' એમ કહેવામાં આવે છે. ખરેખર ધ્રુવ કાંઈ પર્યાયરૂપ થઈ જતું નથી.

ધ્રુવસ્વભાવી પોતાનો ભગવાન આત્મા જ્ઞાયક છે. તેમાં જ્ઞાન, શાંતિ, સમાધિ વગેરે અનંતી સમૃદ્ધિ ભરી પડી છે. એવો જે આ ભગવાન આત્મા, તેનો મહિમા લાવી, —પરદ્રવ્ય, રાગ ને પર્યાયનો મહિમા છોડી દઈ, પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ સ્વભાવનો મહિમા લાવી, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો.

સમ્યગ્દર્શન નામ પ્રથમ ધર્મની દશા. જો કે ધર્મ તો ચારિત્ર છે, 'चारित्तं खलु धम्मो'; પણ એનું મૂળ—કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોઈ શકે નહિ. સમ્યગ્દર્શન—નિજ શુદ્ધ આત્માની સાચી પ્રતીતિ તથા તેનો નિર્વિકલ્પ અનુભવ—થયેલ નથી તેને તો સાચું ચારિત્ર હોઈ શકે જ નહિ. ભલે એ વ્રત, તપ ને ભક્તિ લાખ-કરોડ વર્ષ કરે, પણ એ ચારિત્ર નથી. તેથી જ અહીં બહેન વચનામૃતમાં કહે છે કે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો.

**'જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે?'**

અહા! આ ભગવાન આત્મા ધ્રુવ પદાર્થ છે. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्।' અખંડ નિત્યાનંદ પ્રભુ આત્માનો, 'ધ્રૌવ્યરૂપ જ્ઞાયકભૂમિ'નો આશ્રય ન હોય—એકલું ધ્રૌવ્ય એમ નહિ, કેમ કે પરમાણુ પણ ધ્રુવ છે, તેથી કહ્યું: આ 'ધ્રુવ જ્ઞાયકભૂમિ'નો આશ્રય ન હોય—તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરશે? મોક્ષનો માર્ગ—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—જે સાધના છે, તે સાધનાનું બળ ધ્રુવ જ્ઞાયકભૂમિના આશ્રય વિના કોના આધારે પ્રગટ કરે? શું પર્યાયના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટ થાય? શું દયા, દાન, વ્રત, તપ વગેરેના—વ્યવહાર રત્નત્રયના—આશ્રયે આ સાધના પ્રગટ થાય? ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવને સાધનાનું બળ કદી પ્રગટ થાય નહિ. અહા! બહુ થોડા સાદા શબ્દોમાં પરમ સત્ય કહ્યું છે. ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે જ સાધનાનું બળ પ્રગટ થાય—એ સિદ્ધાંત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ સાધનાના આશ્રયે પણ સાધના પ્રગટ ન થાય—કેમ કે પર્યાયના આશ્રયે પર્યાય પ્રગટ ન થાય—પણ અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આલંબને નિર્મળ સાધના પ્રગટ થાય. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ? અહા? બહુ ટૂંકામાં સમજાવ્યું છે.

ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આધારે ધર્મ થાય છે. આમ તો પરમાણુ યે ધ્રુવ છે પણ એ જ્ઞાયકભૂમિ નથી. વાડામાં કહે: આવો કઠણ ધર્મ! વ્રત કરો ને ઉપવાસ કરો; શ્રેણિક રાજાની રાણીએ ઉપવાસ કર્યા હતા; તમે પણ વ્રત-તપ-ઉપવાસ કરશો તો કર્મની નિર્જરા થશે. ભાઈ! ઉપવાસ કોને કહેવો? અંદર ત્રિકાળી વસ્તુ — જ્ઞાયક-સ્વભાવ — તેની સમીપમાં વસવું તેને ઉપવાસ કહેવાય. જ્ઞાયકસ્વભાવના ભાન વિના ઉપવાસ નહિ, અપવાસ — માઠો વાસ — થાય, જો રાગની મંદતા હોય તો પુણ્ય થાય પણ ધર્મ થાય નહિ.

પં૦ દીપચંદજીએ 'આત્માવલોકન' પુસ્તકમાં કહ્યું છે: વિકારમય પરિણામો દ્વારા પોતાના નિજ સ્વભાવનો ઘાત ન કરવો તથા પોતાના સ્વભાવનું પાલન કરવું તે દયા છે. સ્વભાવનું પાલન કરવું તેનું નામ દયા છે. પરની દયા જીવ શું કરે? ત્યાં વ્રત-તપ વગેરે બધાંનાં લક્ષણ આપ્યાં છે. ઇંદ્રિય, મન અને ભોગ આદિ તરફ જતા પોતાના પરિણામોને રોકવા તે વ્રત છે. શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, મિત્ર, શત્રુ વગેરે પરજ્ઞેયોને છોડવાં એટલે કે તેમાં મમતા રહિત પરિણતિ થવી, તેમાં તૃષ્ણા રહિત થવું અને પોતાના સ્વભાવમાં શોભિત થવું — સ્થિરતા થવી એવી જે તપશ્ચર્યા તે જ તપ છે. બહારના અપવાસ-બપવાસ કરવા એ સાચું તપ નથી, એ તો લાંઘણ છે. રાગ મંદ કર્યો હોય તો પુણ્ય થાય. 'तृष्णाया रहितं भावशोभनं तपनं तदेव तपः ।' અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં તપન કરવું, સ્થિરતા કરવી, અતીન્દ્રિય આનંદનું વેદન કરવું તે તપ છે. સરસ વ્યાખ્યા કરી છે. પહેલાંના પંડિતો શાસ્ત્ર પ્રમાણે વાત કરતા હતા.

અહીં શું કહે છે? પૂર્ણ સ્વભાવને સાધવાનું સાધન — નિર્મળ સાધના — જ્ઞાયકના આશ્રય વિના કોના બળે પ્રગટ કરશે? અનિત્યના આશ્રયે સાધના ને તપનું બળ ન આવે — રાગને આશ્રયે ન આવે, પર્યાયના આશ્રયે ન આવે, અને ગુણ-ગુણીના ભેદના આશ્રયે ન આવે; પરંતુ એકમાત્ર ધ્રુવ-સત-જ્ઞાયકભૂમિના આશ્રયે સાધનાનું બળ આવે. અહા! ભાષા છે બહુ ટૂંકી, પણ એકદમ દળ-કસ ભરેલી છે.

**'જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતાં કરતાં, નિર્મળતા પ્રગટ થતી જાય છે.'**

ચૈતન્યનું દળ ધ્રુવ છે, તેની ભૂમિ એટલે સ્થાન, તેમાં દૃષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થતી જાય છે. ત્રિકાળી ધ્રુવના —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાનંદ પ્રભુ ભગવાન આત્માના — આશ્રયે જ સાધનાનું બળ પ્રગટ થાય છે. બાકી અનિત્ય એવી શુદ્ધાશુદ્ધ પર્યાયના આશ્રયે એ બળ પ્રગટ થતું નથી. અહા! આ પુસ્તક એમ ને એમ વાંચી જાય તો સમજાય એવું નથી. આમાં તો ઘણો માલ ભર્યો છે. અન્યમતીને પણ વાંચીને એક વાર એમ થઈ જાય છે કે — 'અહા! આ પુસ્તક તે શી ચીજ છે!'

પ્રભુ! તારી ચીજમાં બે અંશ છે : એક ત્રિકાળશુદ્ધ અનંત શક્તિયુક્ત ધ્રુવ અંશ અને બીજો એક સમયસ્થાયી પર્યાયાંશ. જો તારે ખરેખર ભવથી રહિત થવું હોય તો તારી વર્તમાન પર્યાયમાં તારા અનંત-સામર્થ્યભરપૂર ધ્રુવાંશના — જ્ઞાયક એક શુદ્ધ પરમ ભાવના — અવલંબને ભવાન્તકારી સમ્યગ્દર્શન પ્રગટ કર. ભાઈ! ધ્રુવ પરમ ભાવના અવલંબન વિના કોના બળે તું સમ્યગ્દર્શન ને મોક્ષમાર્ગ પ્રગટ કરીશ? સમ્યગ્દર્શન ને મોક્ષમાર્ગ પ્રગટ કરવા માટે એકમાત્ર ધ્રુવ જ્ઞાયક પરમ ભાવ જ શરણ છે. ભગવાનની વાણીનો આ સંક્ષિપ્ત સાર છે. લોકો પત્રમાં લખે છે ને? — 'થોડું લખ્યું ઘણું કરીને વાંચજો'.

અનાદિ-અનંત સચ્ચિદાનંદ એવો જે નિજ જ્ઞાયક પરમભાવ તેની ધ્રુવ ભૂમિમાં — ધ્રુવ ધામમાં, ધ્રુવ દળમાં, ધ્રુવ તળમાં — દૃષ્ટિ જામતાં, તેમાં લીનતાનો ઉદ્યમ કરતાં કરતાં, સાધક જીવને પરિણતિમાં વિશેષ નિર્મળતા પ્રગટ થતી જાય છે.

પ્રશ્ન :— આ સિવાય બીજો કોઈ સહેલો ઉપાય છે કે નહિ?

ઉત્તર :— ભાઈ! 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ'. ત્રણે કાળે મોક્ષનો આ એક જ ઉપાય છે. મંદિર બનાવવાં, પ્રતિષ્ઠા કરાવવી, દયા પાળવી, માળા ગણવી, ભક્તિ કરવી વગેરે શુભ રાગના પરિણામ કાંઈ મુક્તિનો ઉપાય અર્થાત્ ધર્મ નથી; શુભ રાગ તો સંસાર છે, બંધનું કારણ છે.

આ પુસ્તકની ૮૦,૦૦૦ પ્રત તો બહાર પડી ગઈ છે. કોઈ પણ મધ્યસ્થ થઈને વાંચે તો તેને ખબર પડે કે — ખરેખર, માર્ગ તો આ છે.

ભગવાન આત્માની — જ્ઞાયકની — નક્કર ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં, તેમાં પ્રચુર મગ્નતાનો પુરુષાર્થ કરતાં કરતાં, જ્ઞાની સાધક સંતને સ્વરૂપ-સ્થિરતારૂપ વિશેષ નિર્મળતા પ્રગટ થતી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૧૫૯

તા. ૨૩-૧૧-૭૮

## વચનામૃત — ૩૯૩ (ચાલુ)

**'સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાંને;—તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો, તેમના સાધક-બાધકપણાનો ઇત્યાદિનો વિવેક વર્તે છે.'**

આ ૩૯૩મા બોલનો પહેલો પેરેગ્રાફ ગઈ કાલે ચાલી ગયો છે, આજે તેનો બીજો પેરેગ્રાફ લેવાનો છે.

મોક્ષમાર્ગની સાધના કરનાર જ્ઞાની જીવની દૃષ્ટિ સતત નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય ઉપર હોય છે. શું કહે છે? જેને અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ થયું છે તેની દૃષ્ટિ ત્રિકાળશુદ્ધ નિજ ચૈતન્ય દ્રવ્યસામાન્ય ઉપર હોય છે. દૃષ્ટિ પોતે શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે, પણ તેનો આશ્રય નિજ ધ્રુવ સ્વભાવ છે. ભૂમિકાનુસાર પર્યાયમાં અનેક પ્રકારના શુભાશુભ વિકલ્પો આવતા હોવા છતાં, જ્ઞાની ધર્માત્માની દૃષ્ટિ તો નિરંતર નિજ શાશ્વત ચૈતન્યસ્તંભ ઉપર—શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવ ઉપર—જામેલી તે જામેલી જ રહે છે. જ્ઞાનીની દૃષ્ટિ કર્મનોકર્મરૂપ નિમિત્તો પર, શુભાશુભ વિભાવ પર, ઓછીવત્તી પર્યાય પર કે ગુણભેદ પર ચોંટી જતી નથી; તે તો પરદ્રવ્ય તેમ જ પરભાવરૂપ બધા ભેદોને કાઢી નાખી, નિજ દ્રવ્યસામાન્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. એ રીતે જ્ઞાની ધર્માત્માની દૃષ્ટિ સતત શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે; છતાં જ્ઞાની, દૃષ્ટિની સાથે વર્તતી પોતાની જ્ઞાનની પર્યાયમાં જાણે છે બધાંને;—ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકભાવ સદા આશ્રય કરવાયોગ્ય છે એમ જાણે, પોતાની શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે અને તે જાણતાં ત્રિકાળી શુદ્ધ સ્વભાવના અવલંબને પ્રગટતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ શુદ્ધપર્યાય—જ્ઞાનધારા—કર્તવ્ય-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ ઉપાદેય અર્થાત્ પ્રગટ કરવાયોગ્ય છે ને શુભાશુભરૂપ અશુદ્ધ પર્યાયો—ઔદયિક કર્મધારા—હેય અર્થાત્ વિનાશ કરવાયોગ્ય છે, જ્ઞાનધારાનું વેદન સુખરૂપ ને કર્મધારાનું વેદન દુઃખરૂપ છે, જ્ઞાનધારારૂપ શુદ્ધ પર્યાય મોક્ષની સાધક છે ને કર્મધારારૂપ અશુદ્ધ પર્યાય—શુભાશુભ ભાવ—મોક્ષ માટે બાધક છે ઇત્યાદિ વિવેક વર્તે છે.

અહા! આવો વિવેકયુક્ત મારગ છે વીતરાગનો. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં માર્ગનું સ્વરૂપ જે આવ્યું છે તેને સંતો—વીતરાગ નિગ્રંથ દિગંબર સંતો—જગતમાં જાહેર કરે છે. તેઓ દાંડી પીટીને કહે છે કે—જ્ઞાની ધર્માત્માની દૃષ્ટિ નિરન્તર આનંદનો રસકંદ એવા નિજ ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક પ્રભુ ઉપર હોય છે; છતાં તેને સાથે જે જ્ઞાન પ્રગટ થયું છે તે, ત્રિકાળી શુદ્ધ સ્વભાવને સદા આલંબન લેવા યોગ્ય મહા કીમતી અંશપણે જાણે ને સાધકભાવરૂપ શુદ્ધ પર્યાયને, બાધકભાવરૂપ અશુદ્ધ પર્યાયને—જેમાં સમસ્ત શુભાશુભ ભાવ સમાઈ જાય છે એવા વિભાવભાવને—આલંબન લેવા માટે અયોગ્ય તુચ્છ અંશપણે જાણે—એવો વિવેક જ્ઞાનીને વર્તે છે.

અરેરે! લોકોને, અરે! હાલના ઉપદેશકોને પણ, વીતરાગ માર્ગના મૂળ સ્વરૂપની ખબર નહિ એટલે ચડાવી દે બીજે રસ્તે—વ્રત પાળો, તપ કરો, ભક્તિ કરો, શાસ્ત્રનું જાણપણું કરો, ઉપવાસ કરો, આંબેલ કરો, તો ધર્મ થઈ જશે; પણ ભાઈ! એ બહારના ક્રિયાકાંડ ને બહારનાં જાણપણાંમાં ધૂળેય ધર્મ નથી. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે, સ્વાનુભૂતિયુક્ત સ્વાત્મદર્શન જ મોક્ષમહેલનું પ્રથમ સોપાન છે. છ ઢાળામાં કહ્યું છે ને—

મોક્ષમહલકી પરથમ સીઢી, યા બિન જ્ઞાન-ચરિત્રા,
સમ્યક્તા ન લહે, સો દર્શન, ધારો ભવ્ય પવિત્રા.

દેહાદિ પરદ્રવ્યોથી તદ્દન ભિન્ન ને રાગાદિ વિભાવોથી રહિત, જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણસમૃદ્ધિથી સદા ભરપૂર એવા નિજ અભેદ ત્રિકાળી ચૈતન્ય દ્રવ્ય-સ્વભાવને દૃષ્ટિમાં લેવાથી, તેનો અનુપમ મહિમા અંતરમાં ભાસવાથી, સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ નામનો શરૂઆતનો ધર્મ પ્રગટ થાય છે. ચારિત્રધર્મ તો સમ્યગ્દર્શન થયા પછી પ્રગટે છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં દૃષ્ટિ તો સદા ને સતત જ્ઞાન-આનંદ આદિ અનંત રસકસથી ભરેલા નિજ જ્ઞાયક દ્રવ્યસામાન્ય ઉપર જ હોય છે, છતાં સાથે પ્રગટેલા સમ્યગ્જ્ઞાનમાં શુદ્ધાત્મદૃષ્ટિવંત જ્ઞાની જીવને ધ્રુવ સ્વભાવ પ્રત્યેનું જોર, સ્વભાવ-વિભાવ પર્યાયોનું સમ્યક્ જાણપણું, સ્વભાવપર્યાય સુખરૂપ છે ને વિભાવપર્યાય દુઃખરૂપ છે એમ તેમનું વેદન અને તેમનું મોક્ષ માટે સાધક-બાધકપણું ઇત્યાદિનો વિવેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તે છે. જો કે શુદ્ધ-અશુદ્ધ પર્યાય, તેમનું સુખદુઃખરૂપ વેદન અને તેમનું સાધક-બાધકપણું તથા ગુણગુણીનો ભેદ વગેરે દૃષ્ટિનો વિષય નથી, દૃષ્ટિ તેમનું આલંબન લેતી નથી, છતાં દૃષ્ટિ સાથે જે જ્ઞાન પ્રગટે છે તેમાં આ બધાનો યથાર્થ વિવેક અવશ્ય હોય છે. અહો ! આવી વાત છે. ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના દિવ્યધ્વનિમાં જે આવ્યું છે તે, બેનનાં વચનોમાં આવી ગયું છે, સહેજે બોલાઈ ગયું છે.

જેને મોક્ષમાર્ગ સાધવો છે એવા ધર્માત્માની દૃષ્ટિમાં નિરન્તર નિજ શુદ્ધાત્મદ્રવ્ય જ અધિકપણે બિરાજે છે, તેનો જ આદર, તેનું જ અવલંબન અને તેનું જ શરણ વર્તે છે. દૃષ્ટિનો વિષય ધ્રુવ જ્ઞાયક પરમભાવ છે, પણ સાથે રહેલું જ્ઞાન જાણે છે બધાંને—સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલી સ્વાનુભૂતિને જાણે, જેટલી અશુદ્ધતા બાકી છે તેને પણ જાણે, દયા-દાન-વ્રત-તપ વગેરે શુભભાવ ને હિંસા-જૂઠ-ચોરી વગેરે અશુભભાવ, અરે ! જ્ઞાનીને લડાઈનો ભાવ પણ આવે—ભરત ને બાહુબલી બંને સમકિતી ને જ્ઞાની હતા છતાં બંનેએ માંહોમાંહે લડાઈ કરી—અને અસ્થિરતાને લીધે થયેલા તે ભાવોને બરાબર જાણે. તે ભાવોને જાણવામાં દોષ નથી પણ તેને આશ્રયપણે અવલંબવામાં દોષ છે.

મિથ્યાદૃષ્ટિને એકલું દુઃખ છે, કેવળીને એકલું (પરિપૂર્ણ) સુખ છે અને સાધક જીવને સ્વભાવને આશ્રયે થોડું સુખ અને ઉદયમાં અંશે જોડાણને લીધે થોડું દુઃખ—બંને છે. સાધક જીવની દૃષ્ટિ,—અભિપ્રાયનું વજન—તો નિરન્તર નિજ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર જ છે, છતાં સ્વભાવ-વિભાવના સુખ-દુઃખપણાને બરાબર જાણે છે. શુદ્ધ-અશુદ્ધ પર્યાયના સાધક-બાધકપણાનો વિવેક વર્તે છે. સમકિતીને પોતાના ત્રિકાળી સ્વરૂપનું પણ ભાન છે અને અસ્થિરતાને લીધે થનારા શુભાશુભ વિકારી ભાવોનું પણ ભાન છે. નિર્મળ-અનિર્મળ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સુખ-દુઃખરૂપ વેદનનો તેમ જ સાધક-બાધકપણાનો વિવેક તેને સદા વર્તે છે. તેની દૃષ્ટિ ધ્રુવ સ્વભાવ ઉપરથી કદી ખસતી નથી, પરંતુ સાથે જે જ્ઞાન છે તે બધાંને જાણે છે, બધાનો વિવેક કરે છે: દુઃખને દુઃખ જાણે છે, સુખને સુખ જાણે છે. અહીં આત્માના સુખની વાત છે. બહારમાં—વિષયોમાં ક્યાંય સુખ નથી. વિષયસુખમાં મગ્ન બધાં પ્રાણીઓ દુઃખી જ છે. એ રીતે જ્ઞાનીને સુખ ને દુઃખરૂપ વેદનનો વિવેક વર્તે છે.

**“સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે પણ ‘હું પરિપૂર્ણ છું’ એવું બળ સતત સાથે ને સાથે રહે છે.”**

પવિત્રતાનું ધ્રુવધામ એવા નિજ શુદ્ધ ચૈતન્યપ્રભુને—જ્ઞાયક પરમભાવને—દૃષ્ટિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લેવાથી પર્યાયમાં જેને નિર્મળ દશા થઈ તે સાધક જીવને સાધક ભૂમિકાને યોગ્ય અનેક શુભાશુભ પરિણામો વર્તે છે, પણ તે વખતે પણ 'હું પરિપૂર્ણ જ્ઞાયકતત્ત્વ છું' એવું સ્વાનુભવયુક્ત બળ તેને સતત સાથે ને સાથે રહે છે. સમુદ્રમાં રાત્રે નાવિક 'ધ્રુવ' તારાને લક્ષમાં રાખીને નાવ ચલાવે છે; તેમ આ ધ્રુવ જ્ઞાયક વસ્તુના લક્ષે પર્યાયમાં સમ્યગ્દર્શન ને સ્વાનુભવ વગેરે નિર્મળતા પ્રગટે છે, આત્મજ્ઞાન ને આત્માનુભવ વિના જે વ્રત, તપ ને ભક્તિ કરે તે બધો સંસાર ને રખડવાની ચીજ છે. અહા! આવી વાત છે; લોકોને સાંભળવી આકરી પડે, પણ શું થાય, ભાઈ! અરે! આવો અમૂલ્ય મનુષ્યભવ મળ્યો, વીતરાગ માર્ગ સાંભળવા મળ્યો, અને જો આ વખતે આત્માનું કામ નહિ કરે તો પ્રભુ! કે દી કરીશ?

જ્ઞાનીને દેવ-શાસ્ત્ર-ગુરુનો વિનય, ભક્તિ વગેરે શુભભાવ ચોથે, પાંચમે ને છઠ્ઠે ગુણ-સ્થાને પોતપોતાની ભૂમિકા અનુસાર આવે છે, પણ 'હું સમસ્ત વિભાવ રહિત પરિપૂર્ણ એક જ્ઞાયકભાવ છું' એવું અંતરનું જોર સદા ને સતત સાથે ને સાથે રહે છે. 'હું પરિપૂર્ણ જ્ઞાયક છું' એ દૃષ્ટિ જ્ઞાનીને જરાય ખસતી નથી, હઠતી નથી; દૃષ્ટિનું બળ સતત સાથે ને સાથે રહે છે.

**'પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.'**

પુરુષાર્થરૂપ ક્રિયા એટલે સ્વભાવસન્મુખ ઝૂકવારૂપ પરિણતિ. જ્ઞાયક ધ્રુવ સ્વભાવના અવલંબને અંતરંગ શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાનો પ્રયત્ન પોતાની પરિણતિમાં થાય છે અને જ્ઞાની ધર્માત્મા જીવ પોતામાં થતી તે ક્રિયાને જાણે છે, છતાં તે વખતે પણ તેને દૃષ્ટિના વિષયભૂત એવું જે નિજ નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે. ક્રિયા હંમેશાં પર્યાયમાં થાય, ધ્રૌવ્યમાં નહિ. આત્માની પર્યાયમાં અનેક પ્રકારની પુરુષાર્થરૂપ ક્રિયા વર્તતી હોય, તેને સાધક જીવ જાણે છે, પણ શુદ્ધ પર્યાય પ્રત્યે પણ તેનું જોર હોતું નથી; જોરના આલંબનપણે—આશ્રયભૂતપણે તો ત્રિકાળશુદ્ધ અક્રિય દ્રવ્યસ્વભાવ જ રહે છે. અરે! દ્રવ્ય શું ને પર્યાય શું? એની પણ ખબર ન મળે, ત્યાં આત્મસાધના ક્યાંથી બને?

પુરુષાર્થરૂપ ક્રિયા પર્યાયમાં થાય છે; એ ક્રિયા હોવા છતાં નિષ્ક્રિય ધ્રુવ દ્રવ્ય જ્ઞાનીને આલંબનમાં અધિક ને અધિક રહે છે. તે પુરુષાર્થ પર્યાય ભલે સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની કે સમ્યક્ ચારિત્રની હોય, મોક્ષમાર્ગની હોય, છતાં તેના આલંબનરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે નિષ્ક્રિય ધ્રુવ જ્ઞાયક દ્રવ્ય તે તો સદા મુખ્ય જ રહે છે. પર્યાયમાં ગમે તેટલી પુરુષાર્થરૂપ ક્રિયા હોય, છતાં તેના આલંબનરૂપ નિષ્ક્રિય ધ્રુવ દ્રવ્યસ્વભાવ તો સદા ઊર્ધ્વ જ — અધિક જ રહે છે. દ્રવ્યસામાન્ય અર્થાત્ ધ્રૌવ્ય તે નિષ્ક્રિય અને પર્યાય તે સક્રિય. શું કહે છે? પર્યાયમાં દ્રવ્યસામાન્યને અવલંબવારૂપ પુરુષાર્થની ક્રિયા હોવા છતાં, નિષ્ક્રિય એવું જે નિજ ત્રિકાળશુદ્ધ દ્રવ્યસામાન્ય તે સદા અધિક ને અધિક અર્થાત્ ઊંચું ને ઊંચું રહે છે. સમજાય છે કાંઈ? આવો મારગ છે. અહા! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની જે વાણી તે સન્તોની વાણી, સન્તોની જે વાણી તે સમ્યગ્દૃષ્ટિની વાણી!!

અંદર સ્વસન્મુખતાના પુરુષાર્થની ક્રિયારૂપ પર્યાયમાં આખું નિષ્ક્રિય દ્રવ્ય આવી જતું નથી. શું કહે છે? જ્ઞાનની પર્યાયમાં ને શ્રદ્ધાની પર્યાયમાં નિષ્ક્રિય ધ્રુવ દ્રવ્યનું જ્ઞાન ને શ્રદ્ધાન એટલે કે આલંબન હોય છે; આલંબનરૂપ ક્રિયા થાય છે પર્યાયમાં, છતાં દૃષ્ટિ ને જ્ઞાનમાં આલંબનના આશ્રયભૂત નિષ્ક્રિય ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસામાન્ય સદા અધિક રહે છે. અહા! આવો મારગ? આવો ધર્મ? લોકો તો, વ્રત કરવાં, જાત્રા કાઢવી, ગજરથ કાઢવા, મંદિર બનાવવાં વગેરેને ધર્મ કહે છે. ભાઈ! એ તો ધૂળેય ધર્મ નથી. મંદિર બનવું તે તો પુદ્‌ગલદ્રવ્યની ક્રિયા છે, તેને શું આત્મા કરી શકે છે? તે વખતે જીવને જો મંદકષાયના ભાવ હોય તો તે શુભ રાગની ક્રિયા છે, તેમાં જરીયે ધર્મ નથી. જીવ પરદ્રવ્યની ક્રિયા તો કરી શકતો નથી, પણ જે શુભ રાગ આવે તેમાં પણ જ્ઞાનીને કર્તૃત્વબુદ્ધિ નથી. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં પર્યાય-અપેક્ષાએ જે રાગ થાય છે તે આત્માનું પરમાર્થે કાર્ય નથી; છતાં પરિણમનની અપેક્ષાએ જ્ઞાન જાણે છે કે આ રાગરૂપ વિભાવપરિણમન મારામાં થયું છે. જ્ઞાની અસ્થિરતારૂપ રાગની પરિણતિ કે સાધનામય પુરુષાર્થની પરિણતિ જે થાય તેને જાણે છે, છતાં તેને દૃષ્ટિના વિષયભૂત નિષ્ક્રિય જ્ઞાયકદ્રવ્ય સદા અધિક ને અધિક રહે છે.

**'— આવી સાધકપરિણતિની અટપટી રીતેને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે.'**

જ્ઞાની ધર્માત્માને શ્રદ્ધાનું જોર સતત નિજ દ્રવ્યસ્વભાવ ઉપર હોય છે, છતાં તે પર્યાયમાં વર્તતી શુદ્ધિ-અશુદ્ધિને, તેના સ્વભાવ-વિભાવપણાને, તેના સુખ-દુઃખરૂપ વેદનને, તેના સાધક-બાધકપણાને જાણે છે અને તે જાણતાં તેના ગ્રહણ-ત્યાગરૂપ વિવેક પણ વર્તે છે; સાધકદશામાં ભૂમિકાને અનુરૂપ અનેક પરિણામો વર્તતા હોય છે પણ 'હું એક શુદ્ધ પરિપૂર્ણ દ્રવ્ય છું' એવું જોર સતત સાથે ને સાથે રહે છે; સાધનારૂપ ક્રિયા પોતાના પુરુષાર્થથી પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિના આલંબનભૂત એવું જે ત્રિકાળશુદ્ધ નિષ્ક્રિય ધ્રુવ દ્રવ્ય તો તેને સદા અધિક ને અધિક અર્થાત્ સદા મુખ્ય રહે છે.—આવી સાધકપરિણતિની આંટીઘૂંટીવાળી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે.

સાધનામય પુરુષાર્થની ક્રિયા પોતાની પર્યાયમાં છે, જ્ઞાની તેને જાણે પણ છે, છતાં નિષ્ક્રિય ધ્રુવ દ્રવ્ય જ આશ્રયપણે અધિક ને અધિક રહે છે, શુદ્ધ પર્યાય કે ગુણભેદ પણ નહિ. સાધકપરિણતિની આવી અટપટી વાત જ્ઞાની જ જાણી શકે, અજ્ઞાનીને તેનો પત્તો ન લાગે. ભરત ચક્રવર્તી ને બાહુબલી બન્ને ભાઈ સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની ને તદ્‌ભવ મોક્ષગામી છે. તે બંને ભાઈઓએ માંહોમાંહે દૃષ્ટિયુદ્ધ, મલ્લયુદ્ધ ને જલયુદ્ધ કર્યું ત્યારે પણ તેમની દૃષ્ટિ તો નિરન્તર ધ્રુવ નિષ્ક્રિય જ્ઞાયકદ્રવ્ય ઉપર છે. અહા! સાધક-પરિણતિની આવી અટપટી રીતને જ્ઞાની જ સમજી શકે છે, બીજાને સમજવું મુશ્કેલ પડે છે. પં. દૌલતરામજીએ કહ્યું છે ને—

> चिन्मूरत दृग्धारीकी मोहि रीति लगत है अटापटी ।
> बाहिर नारकि कृत दुख भोगै, अन्तर सुखरस गटागटी ।
> रमत अनेक सुरनि संग पै तिस परनतितैं नित हटाहटी ॥ चिन्मूरत०

અહા! આવી વાતો વીતરાગ સિવાય બીજે ક્યાંય નથી.

આજે ઇતિહાસ સંબંધી એક લખાણ આવ્યું છે. તેમાં લખ્યું છે કે જૈનોના એક સંપ્રદાયના સૂત્રમાં 'મહાવીર ભગવાન માંસ ખાતા હતા' એવી વાત આવે છે. મહાવીર ભગવાનને શું માંસનો આહાર? અરેરે! કાળો કેર કહેવાય ને! કેવળી ભગવાનને માંસ તો શું? પણ કોઈ પણ પ્રકારનો કવળાહાર ન હોય. જ્યાં પરિપૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન ને પરિપૂર્ણ અતીન્દ્રિય સુખ પ્રગટ થયું છે ત્યાં કવળાહાર કેવો?—દાળભાત ને રોટલાનો આહાર કેવો? માંસનો આહાર તો સમ્યગ્દૃષ્ટિને પણ હોતો નથી.

પ્રશ્ન:— કેવળી ભગવાનને ક્ષુધાવેદનીય અને અશાતાવેદનીય કર્મનો ઉદય તો હોય છે ને?

ઉત્તર:— કેવળી ભગવાનને શું ભૂખ લાગે અને રોગ થાય એવો ઉદય હોય છે? સર્વજ્ઞ કેવળી ભગવાન તો ક્ષુધા, તૃષા, રોગ વગેરે અઢાર દોષ રહિત હોય છે. ભગવાનને ભૂખ તથા તેને શમાવવા દાળભાત અને રોટલાનો આહાર, રોગ અને તેના શમન માટે દવાનું ગ્રહણ વગેરે કાંઈ હોતું નથી. ભગવાનને માંસ? અરરર... પ્રભુ! આ તું શું કરે છે? ભગવાનના વિરહ પડ્યા એટલે શું ભગવાનના નામે આવો જૂઠો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફેલાવો ? પ્રભુ ! તારા આત્માને ઘણું નુકસાન થશે. જ્યાં અનંત અનંત પરિપૂર્ણ પરમાનંદનો અનુભવ વર્તી રહ્યો છે ત્યાં આહાર લેવાનો કે બીજાને વંદન કરવાનો વિકલ્પ કેવો ? વિકલ્પ તો રાગદશામાં હોય, પરિપૂર્ણ વીતરાગને સૂક્ષ્મ કે સ્થૂલ કોઈ પ્રકારનો વિકલ્પ હોતો નથી. માટે કેવળી ભગવાનને રોટલા-પાણીનો કવળાહાર હોઈ શકતો જ નથી. ભગવાનને આહાર-પાણી માનનાર અજ્ઞાની છે.

અહીં આ બોલમાં તો એ વાત ચાલે છે કે — જ્ઞાનીને ભૂમિકાને યોગ્ય અનેક પ્રકારના રાગાદિ પરિણામ આવે છે અને તેને તે જાણે પણ છે, છતાં દૃષ્ટિના વિષયભૂત એવો જે નિજ શુદ્ધ જ્ઞાયકભાવ તે સદા મુખ્ય ને મુખ્ય જ રહે છે. સાધકપરિણતિની આવી અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને — અજ્ઞાનીને — સમજવું અઘરું પડે છે. જ્ઞાનીને રાગ હોય છે પણ તે તેનો કર્તા નથી — રાગ કરવા લાયક છે એમ તે માનતો નથી. અહા ! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ શ્રી સીમંધર પરમાત્મા મહાવિદેહ-ક્ષેત્રમાં રહી ગયા; ત્યાં તેઓ સમવસરણમાં બિરાજીને દિવ્યધ્વનિમાં જે વાત કહે છે તે વાત આ પંચમ કાળમાં અહીં આવી છે. અરેરે ! ભગવાનની વાતમાં — વીતરાગ માર્ગમાં — લોકોએ બહુ ફેરફાર કરી નાખ્યો; માર્ગને વિકૃત કરી નાખ્યો.

—※—

## વચનામૃત — ૩૯૪

**મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે. તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે. આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે. ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય, સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય, મેઘલી રાત જામી હોય, ચારે કોર અંધકાર વ્યાપ્ત હોય, ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે. આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય. સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે. મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે. અદ્ભુત દશા છે ! ૩૯૪.**

**'મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે.'**

હવે મુનિરાજની વાત આવે છે. અહા ! મુનિપણું એટલે શું ? જેમને અંતરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આલંબન વડે પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે, પ્રચુર સ્વસંવેદન વડે અંદર આનંદનો નાથ પ્રગટ થયો છે, તેમને યથાર્થ મુનિપણું પ્રગટ થયું કહીએ. અંદર અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદન વિના બહારથી નગ્નપણું, પંચમહાવ્રતના શુભ પરિણામ કે ઉપવાસ આદિ તપની બાહ્ય ક્રિયા — એ કાંઈ મુનિપણું નથી. મુનિરાજના અંતરમાં, બહારની ક્રિયા કે શુભરાગ નહિ પણ, એક અભેદ પરિપૂર્ણ નિજ શુદ્ધ ધ્રુવ જ્ઞાયક આત્મા જ બિરાજે છે. અહા! ધ્રુવ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ? મુનિરાજને ધ્રુવ ધણી — જ્ઞાયકદેવ — પર દૃષ્ટિ છે અને તેને લીધે સ્વરૂપસ્થિરતા ઘણી પરિણમી હોવાથી અતીન્દ્રિય સ્વસંવેદનમાં આનંદનો પ્રચુર સ્વાદ આવે છે. અહા! આનંદમય પ્રચુર સ્વસંવેદનને મુનિપણું કહેવાય કે બહારની ક્રિયાને ને રાગને? બહારની ક્રિયા તો જડની અવસ્થા છે અને વ્રતાદિનો જે રાગ આવે છે તે તો આસ્રવ-બંધનું કારણ છે, તેને મુનિપણું કેમ કહેવાય? મુનિપણું તો મોક્ષનો માર્ગ છે, બંધનો નહિ. મુનિરાજના હૃદયમાં તો 'એક' ભગવાન આત્મા જ બિરાજે છે. ('એક' શબ્દ ગુણભેદ કે પર્યાય રહિત અભેદ પરિપૂર્ણપણું બતાવવા કહ્યો છે.) તેઓ આત્માના ઉગ્ર આલંબને અંતરમાં અતીન્દ્રિય આનંદને ઘટક ઘટક પી રહ્યા છે. અહા! આવો છે ભગવાનનો મારગ.

**'તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે.'**

મુનિરાજનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે. આત્મામય એટલે આનંદમય, સ્વરૂપ-રમણતામય. મહાવ્રત આદિ અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો વચ્ચે આવે છે પણ તેઓ કાંઈ સાધકદશા નથી, આત્મામય પ્રવર્તન નથી. ભૂમિકાનુસાર રાગ આવે પણ મુનિરાજ તેના કેવળ જ્ઞાતા છે; જ્ઞાતામય અર્થાત્ આનંદમય પરિણમન એ જ તેમનું પ્રવર્તન છે. અહા! આવી વાતો છે.

એકલા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનથી મુક્તિ થતી નથી, ચારિત્ર-અપેક્ષાએ પણ સર્વ પ્રવર્તન આત્મામય થવું જોઈએ; એ દશા વિના મુક્તિ નથી. બહારમાં વ્રત, તપ ને ભક્તિરૂપ કે ઉપદેશાદિરૂપ પ્રવર્તન હોય, પણ તે સર્વ પ્રવર્તનપ્રસંગમાં નિજ જ્ઞાયક આત્મા જ અંદર અધિક ને અધિક વર્તે છે તેથી તેમનું સર્વ પ્રવર્તન આત્મામય અર્થાત્ જ્ઞાનમય જ છે. આત્મામય પ્રવર્તન એટલે આત્મામાં — જ્ઞાનમાં, શ્રદ્ધામાં, આનંદમાં, ઈશ્વરતામાં — એકાગ્રતારૂપ પરિણમન. અહા! મુનિરાજ તો અંતરમાં શુદ્ધ ધ્રુવ ચૈતન્ય તરફ ઢળી ગયા છે. તેના તરફનું બધું પ્રવર્તન — શુદ્ધ પર્યાયરૂપ બધું પ્રવર્તન — આત્મામય જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લૂગડાં છોડી, પંચમહાવ્રત ધારણ કરી, નગ્ન દિગંબર સાધુ થયો, પણ અંતરમાં સમ્યગ્દર્શન કોને કહેવું તેનો પત્તો ન લાગ્યો. સમ્યગ્દર્શન કોને કહેવું? કેવળજ્ઞાન ને પૂર્ણાનંદનો કંદ એવો જે નિજ જ્ઞાયકભાવ તેનો ભેટો જ્યાં સુધી પર્યાયમાં ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક સ્વરૂપસ્થિરતા થતાં મુનિરાજનું સર્વ પ્રવર્તન આત્મામય જ — જ્ઞાનધારામય જ — સહજ બની જાય છે.

**'આત્માના આશ્રયે ઘણી નિર્ભયતા પ્રગટી છે.'**

પૂર્ણાનંદ જ્ઞાયક પ્રભુના આશ્રયે મુનિરાજને ઘણી નિર્ભયતા પ્રગટી છે. આનંદના નાથમાં પ્રચુરપણે રમનારા સંતોને બહારના ભય શા? જેમને અંતરમાં, જ્ઞાન ને શાન્તિમાં રમતાં રમતાં, ઘણી નિર્ભયતા પ્રગટી છે તેમને મુનિરાજ કહીએ. તેમને ભય કોનો? ત્રાડું નાખતા સિંહ ને વાઘ નજરમાં આવે છતાં ભય ન થાય. શ્રીમદે કહ્યું છે ને —

ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦

આનંદમય આત્મસ્થિરતા એટલી બધી વધી ગઈ છે કે ગમે તેવા આકરા પરિષહ કે ઉપસર્ગ આવી પડે છતાં તેના ભયથી મુનિરાજ જરા પણ ચલિત થતા નથી. આત્માના આશ્રયે ઘણી નિર્ભયતા પ્રગટી છે. વળી શ્રીમદ્ કહે છે:

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦

બહારથી જોતાં મુનિરાજ એકલા વિચરે છે, અંદરમાં જોતાં તેઓ અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં વિચરે છે; બહારથી જોતાં તેઓ સ્મશાનમાં આત્મસાધના અર્થે બેઠા છે, પણ અંદરમાં જોતાં નિજ આનંદધામમાં બેઠા છે. સિંહ, વાઘ કે અન્યકૃત ઉપસર્ગનાં ટાણાં આવે ત્યારે મુનિરાજ, નિજ દ્રવ્યસ્વભાવને પ્રબળ પુરુષાર્થપૂર્વક પકડીને, એમ માને છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને અવસર મળ્યો માટે ઉપસર્ગ મારો પરમ મિત્ર છે'. મુનિરાજ ભીષણ ઉપસર્ગ ને પરિષહના કાળે આનંદકંદ નિજ જ્ઞાયકમાં પ્રચુરપણે લીન થઈ જાય છે, કેમ કે તેમને આત્માના સહજ આશ્રયે ઘણી નિર્ભયતા પ્રગટ થઈ છે.

**'ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય, સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય,**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**મેઘલી રાત જામી હોય, ચારે કોર અંધકાર વ્યાપ્ત હોય, ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે.'**

નિર્જન ભયંકર વન હોય, સૂર્યનાં કિરણ પણ ન પહોંચી શકે એવી ગીચ ઝાડી હોય, જેમની ગર્જના સાંભળતાં માણસોનાં કાળજાં ભયથી કંપી જાય એવા વિકરાળ સિંહ-વાઘ નજીકમાં આંટા મારતા હોય, ઘનઘોર મેઘલી રાત જામી હોય, ચારે કોર અંધારું વ્યાપી ગયું હોય, ત્યાં પહાડની ગુફામાં કે કોઈ વૃક્ષતળે મુનિરાજ તો અંદર નિજાનંદમાં કેલી કરે છે. વનરાજની ત્રાડ સાંભળી ભયભીત થઈ માણસ ભાગે, મુનિરાજ તો ત્રાડ સાંભળીને અંદરમાં જાગે — સ્વરૂપાનંદમાં ઉગ્રપણે જામી જાય. અહો! મુનિપણું એ તો કોઈ અલૌકિક વસ્તુ છે. જ્યાં સમ્યગ્દર્શન પણ કોઈ અલૌકિક ને અનુપમ ચીજ છે ત્યાં મુનિદશાની અલૌકિકતા ને અનુપમતાની શી વાત કરવી! 'णमो लोए सव्वसाहूणं'માં જેમને, બાર અંગ ને ચૌદ પૂર્વની રચના કરનાર શ્રુતકેવળી ગણધર ભગવાનના ભાવનમસ્કાર પહોંચે એ મુનિદશા કેવી અદ્ભુત હશે?

અંતરમાં ઉપયોગ જામી જાય છે ત્યારે મુનિરાજને પર્યાયમાં અતીન્દ્રિય આનંદની મોટી ભરતી આવે છે; જે અનંત ગુણોના અભેદ પિંડસ્વરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યના આશ્રયે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયું છે તે ચૈતન્યમય દ્રવ્યસ્વભાવમાં જ તેઓ એકલા મસ્ત થઈને વસે છે.

**'આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય.'**

ધ્યાન ને નિર્વિકલ્પ આનંદમાંથી બહાર આવે તો મુનિરાજ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલાં શ્રુતાદિના ચિંતવનમાં કે દેવ-શાસ્ત્ર-ગુરુના વિનયાદિમાં ચિત્ત લગાડે અને પાછા સ્વરૂપમાં જામી જાય છે, સ્વરૂપ ગુપ્ત થઈ જાય છે, બહાર આવ્યા — ન આવ્યા ને અંદર ચાલ્યા જાય છે, સાતમા અપ્રમત્ત ગુણસ્થાનના અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદમાં ઝૂલે છે, વિકલ્પના કાળે — છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાને — શાસ્ત્રસ્વાધ્યાય વગેરેમાં ઉપયોગ જોડે અને પાછા સ્વરૂપમગ્ન થઈ જાય છે. શાસ્ત્રસ્વાધ્યાય આદિના ચિંતવનરૂપ વિકલ્પથી અંદર જવાય છે એમ નથી, પણ સ્વસન્મુખતાના સહજ પુરુષાર્થથી અંદરમાં જાય છે. સમાજ, સંઘ કે બહારની કોઈ વસ્તુની એમને કાંઈ પડી નથી. કર્મપ્રક્રમ — રોજ નિયમસર ઉપદેશ આપવો, પાઠશાળા કે અન્ય સંસ્થાઓમાં હાજરી આપવી, પુસ્તક બનાવવાં — છપાવવાં, છાપામાં લેખ લખવા વગેરે અનેક પ્રકારનાં કામનો માથા પર બોજો — તેઓ રાખતા નથી; વિકલ્પ આવે અને યથોચિત સહજ યોગ હોય તો સ્વાધ્યાય કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રુતાદિની રચના થઈ જાય અને પાછા સ્વરૂપમાં સમાઈ જાય છે, અંદર આનંદના સાગરમાં મગ્ન થઈ જાય છે.

**'સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે.'**

જે આવા સાચા ભાવલિંગી મુનિરાજ છે તે તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા હોય છે, સ્વરૂપાનંદમાં ડૂબી જાય છે. આનું નામ મુનિપણું છે. આવી સહજ દશા હોય તેમને મુનિ માનવા. એથી વિરુદ્ધદશાવાળાને મુનિ માનવા તે તો વિપરીત શ્રદ્ધા છે. અહા! વાત આકરી બહુ; પણ શું થાય? વીતરાગે કહેલા મુનિમાર્ગનું સ્વરૂપ જ આવું છે.

**'મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે.'**

જ્ઞાયકમાં — આનંદસ્વરૂપ નિજ ભગવાન આત્મામાં — લીનતા સાધવી તે એક જ કામ મુનિરાજ સતત કરી રહ્યા છે. તેમને સંયમના હેતુએ સ્વરૂપના લક્ષે અને જિનાજ્ઞા અનુસાર મન-વચન-કાયાના યોગમાં સ્વલ્પ જોડાણ વર્તે છે, પરંતુ તે પણ ક્ષણે ક્ષણે ઘટતી જતી સ્થિતિમાં હોય છે અને અંતે નિજાનંદસ્વરૂપમાં લીન થઈ જાય છે, કેમ કે માત્ર આત્મલીનતા જ એમનું કામ છે.

**'અદ્ભુત દશા છે.'**

અહા! મુનિપણું તો કોઈ અદ્ભુત દશા છે! જેમને ગણધરના ભાવનમસ્કાર પહોંચે એ દશા કેવી હોય, ભાઈ? જ્યાં જ્ઞાયકસ્વભાવના ઉગ્ર આલંબને અંતરમાં ઉપશમરસનો સાગર ઊછળે છે અને બહાર દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે એવું જે સહજ મુનિપણું તે ખરેખર કોઈ અદ્ભુત દશા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૬૦

તા. ૨૪–૧૧–૭૮

## વચનામૃત — ૩૯૫

**ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે. માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ. વિભાવને તોડવાનો એ જ ઉપાય છે. વિભાવમાં ઊભાં ઊભાં વિભાવ નહિ તૂટે; મંદ થશે, અને તેથી દેવાદિની ગતિ મળશે, પણ ચાર ગતિનો અભાવ નહિ થાય. ૩૯૫.**

**'ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે.'**

શું કહે છે? ચેતન અર્થાત્ પૂર્ણાનંદસ્વરૂપ જે નિજ જ્ઞાયક આત્મા, તેના સહજ દ્રષ્ટા-જ્ઞાતારૂપ ચૈતન્યસ્વરૂપને ઓળખી તેનો યથાર્થ અનુભવ કરતાં વિભાવ સાથે એકતાનો રસ તૂટી જાય છે.

એક વાત એમ છે કે — છ દ્રવ્ય, પંચાસ્તિકાય, નવ તત્ત્વ વગેરેને અવિરોધપણે યથાર્થ જાણે ત્યારે તો હજી તેમને યથાર્થપણે ગ્રહણ કરનાર જ્ઞાનની પર્યાય માની કહેવાય; નિજ દ્રવ્યસામાન્યને માનવાની વાત તો કોઈ જુદી જ છે! એ રીતે યથાર્થ દેવ-શાસ્ત્ર-ગુરુને જાણે — તેમની ભક્તિના ભાવ તો રાગ છે, એ રાગની વાત તો દૂર રહી, પણ તેમનું જે જ્ઞાન થયું — તે પણ પર્યાય છે; જાણપણારૂપ તે પર્યાયમાં ઊભા રહીને પૂર્ણાનંદકંદ નિજ ચૈતન્યનું જ્ઞાન નહિ થાય. અહા! આવી વાતો છે, સાંભળી ન હોય તે બિચારા શું કરે?

કોઈ કહે કે — અમે બધું જાણીએ છીએ, પણ અમલમાં મૂકી શકતા નથી. શું અમલમાં મૂકી શકતા નથી? વ્રત ને તપ? ભાઈ! વ્રત ને તપ વગેરે બહારની ક્રિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો આત્મા ધૂળેય કરી શકતો નથી. અરે! દ્રવ્ય-પર્યાયસ્વરૂપ જે નિજ ચૈતન્યવસ્તુ છે તેને પર્યાયમાં છ દ્રવ્ય વગેરેનું જ્ઞાન થાય ત્યારે તો 'પર્યાયની એટલી તાકાત છે' એવું જાણપણું થયું કહેવાય; નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો આશ્રય કરીને તેનું જ્ઞાન થવું તે વાત જુદી જ છે. દેવ-શાસ્ત્ર-ગુરુનું જે જ્ઞાન થયું તે તો પરદ્રવ્યનું જ્ઞાન છે, સ્વદ્રવ્યનું નહિ. અહા! આવો મારગ છે.

ભાઈ! પર્યાય ઉપર જેને લક્ષ છે તેને વિભાવ ઉપર લક્ષ છે, પરદ્રવ્ય ઉપર પ્રેમ છે; તેને ચેતનના ત્રિકાળશુદ્ધ ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન નથી; તેને જે છ દ્રવ્ય વગેરેનું જ્ઞાન થયું તે પર્યાયમાત્ર રહ્યું, ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસ્વરૂપનો આશ્રય નહિ થવાથી તેને દ્રવ્યનું જ્ઞાન થયું નહિ. ભગવાન આત્મામાં બે અંશ છે: (૧) ચેતનના ચૈતન્યસ્વરૂપ—શુદ્ધાત્મદ્રવ્યસામાન્યસ્વરૂપ—ધ્રુવ અંશ, ને (૨) પ્રતિસમય પરિણમતો પર્યાય-અંશ. તે બે અંશોમાં જે અંશ છ દ્રવ્યો, તેમના ગુણ-પર્યાયો, નવ તત્ત્વો વગેરેને તથા દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરેને જાણે તે વર્તમાન પરિણમતો પર્યાય-અંશ છે, અને તે પર્યાય-અંશ સિવાયનું જે આખું, ત્રિકાળશુદ્ધ, અપરિણામી, અનંત શક્તિવાળું, ચૈતન્યદળ છે તે ધ્રુવ દ્રવ્યાંશ છે. સમસ્ત પર્યાયાંશને ગૌણ કરી, ચેતનના ધ્રુવ ચૈતન્યસ્વરૂપને ઓળખી તેનો આશ્રય ને અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે.

એક બાજુ એમ કહે કે—અરિહંતને દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે જે જાણે તે પોતાના આત્માને જાણે અને તેનો મોહ અવશ્ય લય પામે; બીજી બાજુ એમ કહે કે—દેવ-શાસ્ત્ર-ગુરુનું જ્ઞાન પણ પર્યાય-જ્ઞાન છે, દ્રવ્યનું જ્ઞાન નહિ. ભાઈ! અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતાં પોતાના આત્માને જાણે—તે કથન નિમિત્ત ને વ્યવહારની અપેક્ષાનું છે. અરિહંતને વ્યવહારે જાણ્યા ત્યારે કહેવાય કે જ્યારે અરિહંતને દ્રવ્ય-ગુણ-પર્યાયપણે જાણી, પછી પોતાના દ્રવ્યસ્વભાવ તરફ—ચેતનના ધ્રુવ ચૈતન્યસ્વરૂપ તરફ—વળી, પર્યાયોને અને ગુણભેદને ગૌણ કરી, કેવળ દ્રવ્યસામાન્યના આશ્રયે પરિણામી-પરિણામ-પરિણતિના ભેદનો વિકલ્પ ટાળી નિજ નિષ્ક્રિય ચિન્માત્ર સ્વરૂપને પામે. અહા! સંતોના સિદ્ધાન્ત ગહન ઘણા! બહુ ગજબ વાત! શી એમની શૈલી!

અહીં, ચેતનના ચૈતન્યસ્વરૂપને ઓળખી—એમ સ્વથી વાત કરી છે, પર્યાયમાં દેવ-શાસ્ત્ર-ગુરુને—પરને—ઓળખી એમ વાત લીધી નથી. નિજ ધ્રુવ ચૈતન્યસ્વરૂપને ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે. વિભાવનો રસ તૂટવાનો આ એક જ ઉપાય છે. અહા! આ વાત લોકોને આકરી પડે છે, કેમ કે જગતમાં ચાલતી નથી ને! અભ્યાસ નથી ને! અભ્યાસ કરે તો, વસ્તુ તો સાવ સીધી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ.'**

ભાઈ! તારે જો મોહરાગદ્વેષરૂપ વિભાવને તોડવો હોય તો તે કાર્ય ચૈતન્યસ્વરૂપની ધ્રુવ જ્ઞાયકભૂમિ ઉપર ઊભા રહેવાથી — નિજ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ સ્થાપવાથી — બની શકશે; માટે તું તારા ચૈતન્યસ્વભાવને ઓળખવાનો તથા તેનો અનુભવ કરવાનો અન્તર્મુખ ઉદ્યમ કર. અહા! સાદા તેમ જ સ્વલ્પ શબ્દોમાં કેવું ઊંડું તત્ત્વ ભર્યું છે બાપુ!

દેવ-ગુરુની ભક્તિ, વ્રત, તપ, યાત્રા વગેરે શુભભાવો તો વિકલ્પ છે, રાગ છે; તેમાં ઊભા રહેવાથી, જાગરૂક — સાવધ થવાથી, વિભાવ તોડી શકાતો નથી. અરે! દેવ-ગુરુનું જે જ્ઞાન કર્યું તે પણ પરલક્ષી જ્ઞાન — પર્યાયજ્ઞાન છે; એ પર્યાયજ્ઞાનમાં વળી કેટલી તાકાત? એમાં ઊભા રહીને, તેનો આશ્રય કરવાથી વિભાવ કદી નહિ તૂટે. ધ્રુવ જ્ઞાયકની ભૂમિ ઉપર ઊભો રહીને, તેનો અંતરમાં આશ્રય કરીને તું વિભાવને તોડી શકીશ. 'વિભાવને તોડીશ' એ કથન પણ અપેક્ષાએ છે. સ્વભાવનો આશ્રય કરતાં અર્થાત્ જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થતાં વિભાવ જે સ્વયં તૂટી જાય છે તેને 'વિભાવને તોડ્યો' એમ કહેવાય છે. એ, કથન સિવાય સમજાવવું શી રીતે? સમયસારની ૩૪મી ગાથાની ટીકામાં આવે છે ને? — આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે. પહેલાં જે જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે. એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, જ્ઞાન સિવાય બીજો કોઈ ભાવ નથી. જ્ઞાયકની ભૂમિ ઉપર ઊભા રહેવું તે જ વિભાવનું તૂટવું છે — વિભાવનું પ્રત્યાખ્યાન છે.

**'વિભાવને તોડવાનો એ જ ઉપાય છે.'**

વિભાવને એટલે કે દુઃખની દશાને ટાળવાનો અને નિરાકુળ સુખદશા પ્રાપ્ત કરવાનો અમોઘ ઉપાય, નિજ ત્રિકાળશુદ્ધ પરમાનંદકંદ ચૈતન્યસ્વરૂપને ઓળખી તેનો અનુભવ કરવો — એ જ છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ વગેરે શુભભાવ સ્વયં વિભાવભાવ છે; વિભાવ વડે વિભાવનો — દુઃખરૂપ દશાનો — નાશ કદી પણ ન થાય. અહા! આવી વાત છે. વાત તો સરળ છે, પણ લોકોએ એવી કરી નાખી છે કે — 'અમને પકડાય નહિ'. ભાઈ! પકડાય નહિ એટલે શું? તને પકડતાં તો આવડે છે; પર્યાયને પકડીને બેઠો છે — पर्यायमूढा: परसमया: — તે પકડને પલટીને ત્રિકાળશુદ્ધ નિજ દ્રવ્યસામાન્યને પકડવાનું છે, તેના ઉપર રુચિનું જોર આપવાનું છે. અજ્ઞાનીને ધ્યાન કરતાં તો આવડે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. શું આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કરતાં નથી આવડતું? જો ઊંધું ધ્યાન કરતાં આવડે તો, નિજ ચૈતન્યસ્વરૂપને દૃષ્ટિમાં લઈને તેનું સવળું ધ્યાન કરતાં કેમ ન આવડે? સમજાણું કાંઈ? કયાં જોર દેવું? સવળામાં કે ઊંધામાં? સવળામાં જોર આપવું — ચૈતન્યસ્વરૂપને ઓળખી તેના અનુભવનો ઉદ્યમ કરવો — એ જ વિભાવને તોડવાનો એકમાત્ર ઉપાય છે.

**'વિભાવમાં ઊભાં ઊભાં વિભાવ નહિ તૂટે; મંદ થશે, અને તેથી દેવાદિની ગતિ મળશે, પણ ચાર ગતિનો અભાવ નહિ થાય.'**

શુભાશુભ વિભાવમાં ને દેવ, ગુરુ કે તત્ત્વના બહિર્લક્ષી જાણપણારૂપ પર્યાયમાં ઊભાં ઊભાં, તેમાં રુચિપૂર્વક રચ્યાપચ્યા રહેવાથી, વિભાવ તોડી નહિ શકાય; દેવ-ગુરુ પર ફિદા ફિદા થઈ જાય, પણ ભાઈ! પર્યાયમાં — વિકલ્પમાં ઊભા રહીને — સાવધ રહીને વિભાવ નહિ તૂટે; મંદ થશે, અને તેનાથી સ્વભાવનો પર્યાયમાં ઘાત તથા દેવાદિની ગતિ પ્રાપ્ત થશે, પણ પર્યાયમાં સ્વભાવની પ્રાપ્તિ કે ચાર ગતિનો અભાવ નહિ થાય. દેવ-ગુરુની ભક્તિનો રાગ પણ ઘાતિકર્મને બાંધે છે, અઘાતિકર્મમાં તે મુખ્ય-પણે પુણ્યને બાંધે છે. મંદ કષાયથી ભલે પુણ્યકર્મ બંધાય, પરંતુ તે વિભાવ પણ નિજ ગુણનો ઘાતક હોવાથી સાથે ઘાતિકર્મ તો અવશ્ય બંધાય છે. આત્માના ધ્રુવ ચૈતન્ય-સ્વરૂપને ચૂકી દેવ-ગુરુને જાણે, છ દ્રવ્ય ને નવતત્ત્વને જાણે, અરે! અંદર જે રાગની મંદતા થઈ તેને જ્ઞાન થયું જાણે, પણ એ બધી પર્યાયબુદ્ધિ છે; તેથી પુણ્યબંધ થશે અને તેના ફળમાં મનુષ્ય કે દેવ થશે, પણ ચાર ગતિના અભાવસ્વરૂપ પૂર્ણાનંદમય સિદ્ધદશા નહિ થાય. અહા! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે બાપુ! અરે! વસ્તુસ્થિતિ જ શી છે તેનું હજી જ્ઞાન ન હોય તેને ધર્મ કયાંથી થાય?

વ્યવહારના પક્ષવાળાને આ વાત આકરી લાગે. ભક્તિ તો મોક્ષની નિસરણી છે, દેવ-ગુરુની ભક્તિથી જો મોક્ષ ન થાય તો મોક્ષનું બીજું સાધન શું છે? — એમ કહી દેવ-ગુરુની શ્રદ્ધા તેમ જ ભક્તિને તેઓ મોક્ષનો ઉપાય માને છે. ભાઈ! દેવ-ગુરુ તો પરદ્રવ્ય છે, તેમને માનવા એ તો શુભ વિકલ્પ છે — રાગ છે, અને તે સંબંધી જે જ્ઞાન છે તે પણ પરલક્ષી છે — વિભાવ છે; તેમાં સાવધ રહેવાથી કષાય મંદ થશે, અને તેથી પાછી બીજી ગતિ મળશે, ગતિનો અભાવ નહિ થાય — સિદ્ધગતિ નહિ મળે.

વિભાવભાવથી, ભલે મંદ હોય, ગતિ મળશે. ફરીને ગતિ ન થાય — એમ નહિ બને; કષાય વિશેષ મંદ હોય તો દેવગતિ થાય, મધ્યમ મંદ હોય તો મનુષ્ય થાય, દેવકુરુ ને ઉત્તરકુરુનો — ભોગભૂમિનો — મનુષ્ય થાય, પણ તે તો ગતિ જ છે, તે કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માની જાત નથી. દેવ-ગુરુની શ્રદ્ધા-ભક્તિ કે તત્ત્વના બહિર્લક્ષી જાણપણારૂપ પર્યાયમાં — વિભાવમાં — જાગરૂક રહેવાથી વિભાવ નહિ તૂટે; રાગની મંદતા થશે, અને તેથી દેવ કે મનુષ્યની ગતિ મળશે, પણ ચાર ગતિના પરિભ્રમણનો અભાવ નહિ થાય, પૂર્ણ પરમાનંદસ્વરૂપ સિદ્ધદશા પ્રાપ્ત નહિ થાય. સિદ્ધદશાનો ઉપાય અર્થાત્ વિભાવને તોડવાનો ઉપાય તો પોતાના ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને ઓળખી તેનો અનુભવ તથા તેમાં પૂર્ણ સ્થિરતા કરવી એ જ છે. અહા! આવી વાત છે આમાં (વચનામૃતમાં)! અહીંની વળી કોઈ ટીકા કરે છે કે — લો, શ્રી કુંદકુંદાચાર્યના શાસ્ત્રને બદલે બહેનનું શાસ્ત્ર વ્યાખ્યાનમાં વાંચે છે. ભાઈ! વસ્તુસ્વરૂપ જે છે તે જ છે; શ્રી કુંદકુંદાચાર્યદેવ પણ એ જ કહે છે અને આ (બહેનનાં વચનામૃત) પણ એ જ કહે છે. અહા! આ એક પેરેગ્રાફ તો જુઓ! જે વસ્તુસ્થિતિ છે તે જ બતાવી છે ને!

— * —

## વચનામૃત — ૩૯૬

**ત્રણ લોકને જાણનારું તારું તત્ત્વ છે તેનો મહિમા તને કેમ નથી આવતો? આત્મા પોતે જ સર્વસ્વ છે, પોતામાં જ બધું ભરેલું છે. આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દ્રષ્ટા અને અનંત શક્તિનો ધરનાર છે. તેનામાં શું ઓછું છે? બધી ઋદ્ધિ તેનામાં જ છે. તો પછી બહારની ઋદ્ધિનું શું કામ છે? જેને બહારના પદાર્થોમાં કુતૂહલતા છે તેને અંદરની રુચિ નથી. અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી, સુખ પ્રગટતું નથી. ૩૯૬.**

**'ત્રણ લોકને જાણનારું તારું તત્ત્વ છે તેનો મહિમા તને કેમ નથી આવતો?'**

ભગવાન નિજ જ્ઞાયક આત્માનું ત્રિકાળી સહજસ્વરૂપ સમસ્ત સ્વપરને — ત્રણ લોકને ને ત્રણ કાળને — જાણવાના સ્વભાવવાળું છે. આવા તારા અચિન્ત્ય અદ્ભુત સ્વરૂપનો તને અંતરમાંથી મહિમા કેમ નથી આવતો? નિજ શુદ્ધાત્મદ્રવ્ય-સામાન્યના આશ્રયે જે પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેનો સ્વભાવ પણ સ્વને તેમ જ ત્રણ લોકના સમસ્ત ભાવોને સહજપણે જાણવાનો છે, તો આ ત્રિકાળી આત્મદ્રવ્ય તો જાણવાના પરિપૂર્ણ સામર્થ્યથી સદા ભરપૂર છે; તેનો ત્રણ લોકને — વિશ્વના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયને — જાણવાનો જે અચિન્ત્ય સ્વભાવ તેના મહિમાની તો વાત જ શી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિયમસારમાં કારણ-ઉપયોગ ને કાર્ય-ઉપયોગની વાત આવે છે. ત્યાં કારણ-ઉપયોગ સ્વને અર્થાત્ નિજ ત્રિકાળી ધ્રુવ આત્મવસ્તુને, ત્રિકાળી ગુણોને તથા આત્માના સમસ્ત પર્યાયોને તેમ જ પરને અર્થાત્ લોકાલોકને—લોકનાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયને—જાણવાની શક્તિરૂપ સ્વભાવવાળો કહ્યો છે. અહા! તારું ત્રિકાળી તત્ત્વ આવું અદ્‌ભુત છે; તેનો મહિમા તને કેમ નથી આવતો? ને દયા, દાન, ભક્તિ વગેરે વિભાવપરિણામમાં તને કેમ રસ આવે છે? અનંત અનંત તીર્થંકરો ને દેવ-ગુરુ વગેરેના તથા છ દ્રવ્ય, નવ તત્ત્વ ઇત્યાદિના જાણપણારૂપ પર્યાયનો મહિમા તને કેમ આવે છે? ખરેખર મહિમા કરવા યોગ્ય તો નિજ ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવ છે; પરંતુ સંસારમાં રચ્યાપચ્યા પ્રાણીને તે અનંત મહિમાવંત નિજ ધ્રુવ જ્ઞાયક તત્ત્વ સમજવું કઠણ પડે છે. અહા! ત્રણ લોકને જાણનારું અર્થાત્ ત્રણ લોકને જાણતાં સદા શુદ્ધ જ્ઞાતાપણે રહેનારું જે તારું અનુપમ તત્ત્વ, ખરેખર તેનો જ મહિમા કરવા જેવો છે.

**'આત્મા પોતે જ સર્વસ્વ છે, પોતામાં જ બધું ભરેલું છે.'**

સર્વ = બધી + સ્વ = સંપત્તિ; આત્મા પોતે જ પોતાની સર્વ સંપત્તિથી, જ્ઞાન ને આનંદ આદિ અનંત સમૃદ્ધિથી ભરેલો છે. જ્ઞાન, શાંતિ, સમાધિ, સુખ વગેરે બધુંય આત્મામાં જ ભરેલું છે, કાંઈ પણ બહાર લેવા જવાનું નથી. જ્ઞાનાનંદસ્વરૂપ નિજ જ્ઞાયક દ્રવ્ય પોતે જ સર્વસ્વ, ઊર્ધ્વ, અધિક, મુખ્ય ને કીમતી છે, તેની આગળ વિશ્વની બીજી બધી ચીજો તુચ્છ છે, ગૌણ છે. અહા! ધ્યાન રાખે તો આ વાત સમજાય. 'આત્મા પોતે જ સર્વસ્વ છે'—એમાં એકાન્ત નથી થઈ જતું? એ જ સમ્યક્ એકાન્ત છે. આત્મામાં જ્ઞાન ને આનંદ આદિ બધું ભરેલું છે, માટે આત્મા પોતે જ પોતાનું સર્વસ્વ છે, તેને બહારથી કાંઈ લેવાનું નથી. સંપ્રદાયમાં આ વાત ચાલતી નથી એટલે લોકો આ વાતને 'એકાંત' કહે, પણ બિચારા બીજું શું કહે? કેમ કે પોતાને તત્ત્વની તો કાંઈ સૂઝ નથી.

પ્રભુ! તું તો સ્વપર-પ્રકાશક જ્ઞાયકદળ છો ને! પરપદાર્થ છે તેથી તું જાણે છે—એમ નથી, તારો સર્વસ્વ સ્વભાવ જ સ્વપરને પોતાથી જાણવાનો છે. સામે આટલી ચીજો છે—લોકાલોક છે—માટે અહીં જ્ઞાન થાય છે—એમ નથી, પરંતુ પોતે જ જ્ઞાનસર્વસ્વ છે, સ્વપરને જાણવાનો જ્ઞાનસર્વસ્વનો સહજ સ્વભાવ છે. અરે! જીવને પોતાના ચૈતન્યતત્ત્વનો મહિમા આવ્યો નથી અને એના વિના બહારની—શુભ ક્રિયા ને શુભ રાગની—કડાકૂટ કરીને, બહારમાં રખડપટ્ટી કરીને, તે મરી ગયો.

પ્રશ્ન:— આત્મા પોતે જ સર્વસ્વ છે, તો જગતમાં બીજી વસ્તુ છે કે નહિ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર : — શરીર, વાણી, મન વગેરે બીજી વસ્તુ એના પોતામાં ભલે રહી, પણ આત્મામાં તેનો અભાવ છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ આત્માનું સર્વસ્વ છે. પરચીજ છે માટે આત્મા જાણે છે? પર છે માટે અહીં આત્મામાં જાણવાનું કામ થાય છે? નહિ; આત્મા પોતે જ જાણનસ્વરૂપ જ્ઞાનસર્વસ્વ છે. અરે! કેટલાકને તો આ વાત કાને પડવી પણ મુશ્કેલ છે. એમને તો એમ લાગે કે — જૈનધર્મ આવો હશે? બાપુ! જૈનધર્મ તો વસ્તુનો સ્વભાવ છે. વસ્તુસ્વરૂપ જ આવું છે. પોતાના દ્રવ્યને, પોતાના અનંત ગુણોને, પોતાની ત્રણે કાળની પર્યાયોને તેમ જ અન્ય અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયોને પોતાથી જાણે એવું ચૈતન્યનું સહજ સર્વસ્વસ્વરૂપ છે.

આત્મા પોતે જ સર્વસ્વ છે, કેમ કે પોતામાં જ જ્ઞાન ને આનંદાદિ બધું ભરેલું છે. પોતામાં પોતાનું બધું ભરેલું છે, પર અર્થાત્ લોકાલોક અંદર જ્ઞાનમાં ભરેલા છે — એમ નહિ. જ્ઞાન લોકાલોકને જાણે, પણ તેને જાણતાં આત્મા તો પોતાના જ્ઞાનસર્વસ્વથી જ ભરેલો છે, પરથી નહિ

**'આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દ્રષ્ટા અને અનંત શક્તિનો ધરનાર છે.'**

વિશ્વ એટલે જગતનાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાય; ભગવાન આત્મા તેમનો કેવળ જ્ઞાતા-દ્રષ્ટા છે, કર્તા, ભોક્તા કે સ્વામી નથી. તેનું જ્ઞાતા-દ્રષ્ટાપણું વિશ્વના ચેતન-અચેતન, મૂર્ત-અમૂર્ત, વર્તમાન-અવર્તમાન, વિચિત્ર ને વિષમ પદાર્થોને લીધે નહિ, પણ પોતાના સહજ સ્વભાવથી જ છે. અહા! ઝીણી વાત છે, ઝીણું પડે જ ને? આ ધંધો કર્યો છે જ કે દી? 'જગતના ધંધા હું કરી શકું છું' એમ માનીને, તેમાં રોકાઈને, મરી ગયો છે અનાદિથી. બાપુ! તું સ્વભાવે સમસ્ત વિશ્વનો કેવળ જ્ઞાતા-દ્રષ્ટા અને અનંત શક્તિનો ધરનાર છે, તારી પ્રભુતા આશ્ચર્યકારી ને અલૌકિક છે. અહા! સહજ જ્ઞાન, સહજ આનંદ, સહજ રમણતા, સહજ સમાધિ આદિ અનંત શક્તિથી ભરપૂર એવા નિજ ત્રિકાળી પ્રભુની સાચી સમજણ કરવા જેવી છે. જેણે આવો પોતાનો ભગવાન આત્મા જાણ્યો હશે તેને અરે! મૃત્યુકાળે — રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની ને આર્તધ્યાનની ભીંસમાં નહિ ભિંસાતાં — દેહ છૂટી જશે જ્ઞાન ને આનંદમાં.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જેને 'ભગવાન' કહે છે તે જ આ, સમસ્ત વિશ્વનો જ્ઞાતા-દ્રષ્ટા આત્મા છે. પ્રભુ! તું વિશ્વનો જાણનાર-જોનાર છો, તેનો કર્તા, વ્યવસ્થાપક કે અધિષ્ઠાતા નથી, ને તેને લઈને તારું જ્ઞાતા-દ્રષ્ટાપણું પણ નથી; તું અને વિશ્વ બંને પરિપૂર્ણ સ્વતંત્ર અને પૃથક્ છો. અહા! તારી જ્ઞાતા-દ્રષ્ટામય પ્રભુતાને એક વાર જો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો ખરો! તારો સ્વભાવ જ લોકાલોકને — અનંત દ્રવ્યને, તેમના અનંત ગુણોને તથા ત્રિકાળવર્તી અનંત પર્યાયોને, આકાશના અનંત ક્ષેત્રને, કાળના અનંત સમયોને, ભાવની અનંત અનંત સૂક્ષ્મતાને અર્થાત્ આખા વિશ્વને — સહજપણે જાણ્યા કરે એવડો મહાન ને અચિન્ત્ય તારો સ્વભાવ છે. અહા! જુઓ, આ વીતરાગનો માર્ગ! અરે! લોકોએ તેને ક્યાંનો ક્યાંય કલ્પી નાખ્યો છે — પરની દયામાં ને શરીરની ક્રિયામાં ધર્મ માની રાખ્યો છે. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ; અનંત જીવ મુક્તિ ગયા, દયા તણાં ફળ જાણ.' પણ ભાઈ! દયા કહેવી કોને? અંતરમાં તત્ત્વની સાચી સમજણ ને વીતરાગભાવની પર્યાય પ્રગટ કરીને પોતાના આત્માને ક્ષણે ક્ષણે થતા ભાવમરણથી બચાવવો તે જ સાચી દયા છે. આત્માવલોકન ગ્રંથમાં કહ્યું છે:

यत् निजस्वभावं विकारभावेन न घातयति, न हिनस्ति, निजस्वभावं पालयति तदेव (सैव) दया।

વિકારમય પરિણામો દ્વારા પોતાના સ્વભાવનો ઘાત ન કરવો, તેની હિંસા ન કરવી તથા પોતાના સ્વભાવનું પાલન કરવું તે જ દયા છે. ગણધરો, ઇંદ્રો ને ચક્રવર્તીની શમક્ષ સમવસરણમાં સર્વજ્ઞ પરમાત્માએ દયાનું ખરું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે. અહા! શી અદ્દભુત ભગવાનની એ દિવ્ય વાણી! જાણે અમૃતના મેઘ વરસતા હોય!

વચનામૃત વીતરાગનાં, પરમ-શાન્તરસ-મૂળ;<br>
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

અહા! જેને એકાવતારી ઇંદ્રો પણ ગલૂડિયાંની માફક અતિ નમ્ર થઈને વિનય-પૂર્વક સાંભળે તે વાણી કેવી હશે?

કોઈ પર જીવની દયા પાળવાની, કોઈનું ભલું-બૂરું કરવાની, કોઈને કાંઈ લેવા-દેવાની કે કોઈનું અણુમાત્ર પણ કરવાની શક્તિ તારામાં નથી. જ્યાં વિશ્વનો દરેક પદાર્થ સંપૂર્ણ સ્વતંત્ર ને સ્વાધીન છે, ત્યાં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું શું કરે? પ્રભુ! તારો સ્વભાવ તો કેવળ જાણવા-જોવાનો છે. એ રીતે જ્ઞાન ને દર્શન એ બે ગુણની વાત કહીને હવે કહે છે કે — આત્મા, તે ઉપરાંત, અનંત શક્તિઓનો ધરનાર છે — સુખ. વીર્ય, પ્રભુત્વ, જીવત્વ વગેરે અનંત ગુણોનો સમુદાય છે. આત્મા દ્રવ્ય છે ને? ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. અહા! આ પુસ્તક તે પુસ્તક!! ભાવનગરનો પેલો જૈનેતર બ્રાહ્મણ પ્રોફેસર પણ વાંચીને આશ્ચર્યચકિત થઈ ગયો. તે લખે છે: 'આવી વસ્તુ! અરે! આમાં તો રતનના ખજાના ભર્યા છે!'

**'તેમાં શું ઓછું છે?'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ ! તારો જ્ઞાયક સ્વભાવ અનંત અનંત ગુણસમૃદ્ધિથી સદા પરિપૂર્ણ છે. તારામાં શું ઓછું છે, શેની ખામી છે — કે તું બહારમાં જ્ઞાન, શાન્તિ ને સુખ લેવા જાય છે ? જ્ઞાન શું દેવ-શાસ્ત્ર-ગુરુ કે તેમની ભક્તિમાંથી આવશે ? સુખ શું પુણ્ય ને પુણ્યનાં ફળમાંથી આવશે ? અરે ! આ તને શું થઈ ગયું છે બાપુ !— કે બહારમાં જ ફાંફાં મારે છે ? સત્પુરુષનો સમાગમ કર, આગમનો અભ્યાસ કર, તો તારું કલ્યાણ થશે — એમ શાસ્ત્રમાં કથન આવે છે, પણ તેનો અર્થ એ છે કે સત્સમાગમ ને આગમના અભ્યાસ વડે અંતર્મુખ પુરુષાર્થ કરીને પોતાનું સ્વરૂપ સમજવું, સમજીને અંતરમાં સાધના પ્રગટ કરવી; પણ એકલા બહિર્લક્ષી અભ્યાસમાં રોકાઈ ન જવું.

દર્શન અને જ્ઞાન — એ બે ગુણ દ્વારા અહીં વાત કરી છે, પણ એવા અનંત ગુણોરૂપ સમૃદ્ધિથી સદા ભરપૂર ભગવાન જ્ઞાયક આત્મા, પર્યાયની સમીપ — પર્યાયરૂપ પડદાની પાછળ, અંતરમાં સદા બિરાજમાન છે; અરે ! તે અનંત મહિમાવંત નિજ ધ્રુવ પદાર્થને તેં કદી નજરમાં લીધો નથી. અહા ! 'વચનામૃત'ની ભાષા તો સાવ સાદી છે, ચાર ચોપડી ભણેલો પણ સમજી શકે એવી સરળ છે. અહીં કહે છે કે — તારી પ્રભુતા, તારું સત્ત્વ, જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણોથી ભરપૂર છે; તેનામાં શી ખોટ છે, શી ઓછપ છે, કે તે બહારમાં લેવા જાય છે ? આત્મા જ્ઞાન ને દર્શનની અનંત શક્તિથી તો ભરપૂર છે જ, પણ તે ઉપરાંત બીજા અનંત ગુણોથી પણ ભરપૂર છે. એમાં શું ઓછું છે ?

## 'બધી ઋદ્ધિ તેનામાં છે.'

આત્મા તો અનંત ઋદ્ધિસંપન્ન કોઈ અદ્‌ભુત અજાયબઘર છે. જોવા જેવું બધુંય, વિસ્મયકારી એવું બધુંય અનંત ઋદ્ધિયુક્ત એવા નિજ આત્મામાં જ છે, બહારમાં કાંઈ જ નથી. તું તેનું જ અવલોકન કર ને ! અહા ! આવી વાતો ! લોકોને તો બહારમાં કંઈક વ્રત, ઉપવાસ, તપ કે ત્યાગ કરે તો કાંઈક કર્યું લાગે. અરે ! ભાઈ ! આ પરિપૂર્ણ શુદ્ધ ભગવાન જ્ઞાયક આત્માને અનાદિથી જે રાગાદિ વિભાવવાળો, અલ્પજ્ઞ ને ઓછપ-વાળો અભિપ્રાયમાં માની રાખ્યો હતો, તે હવે શુદ્ધ, સર્વજ્ઞસ્વભાવી ને પરિપૂર્ણપણે માન્યતામાં, પ્રતીતિમાં આવ્યો તે શું ઊંધી માન્યતાનો ત્યાગ નથી ? અંતરમાં દોષ ને અપૂર્ણતાનો ત્યાગ તે જ સાચો ત્યાગ છે. લોકો બહારમાં ત્યાગ માને છે. શું થાય ? દૃષ્ટિ જ બહારમાં છે. ભગવાન ! તું કેવડો મોટો છે, અનંત અનંત પ્રભુત્વથી ભરેલી તારી એક એક શક્તિ કેટલી મોટી છે, એ કદી વિચાર કર્યો છે ? જ્ઞાન ને દર્શનની પર્યાય નિજ આત્માને તેમ જ શેષ સમસ્ત લોકાલોકને એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષ જાણી-દેખી લે એવું મહાન સામર્થ્ય તારામાં શક્તિરૂપે સદા ભર્યું છે; અરે ! તે સિવાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજા સુખ, વીર્ય આદિ અનંત ગુણો ને તે ગુણોનો ધરનાર તું બેહદ છે. શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, પુરુષાર્થ, કર્તા, કર્મ, કરણ, અધિકરણ વગેરે બધી ઋદ્ધિ તારામાં જ છે.

**'તો પછી બહારની ઋદ્ધિનું શું કામ છે?'**

સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. અહા! જેને સ્વઋદ્ધિનું ભાન અને અંશે વેદન થયું તેને બહારની — જડ પુદ્ગલની — ઋદ્ધિ કે વૈભવનું શું કામ છે? તેને તો —

सिद्धि रिद्धि वृद्धि दीसे घटमें प्रगट सदा,
अन्तरकी लच्छिसौं अजाची लच्छपती हैं।
दास भगवन्तके उदास रहैं जगतसौं,
सुखिया सदैव ऐसे जीव समकिती हैं॥

— એવી અદ્ભુત દશા થઈ ગઈ હોય છે. બહારની ચીજો — સોનું, ચાંદી, રત્નો વગેરે — ધૂળેય લક્ષ્મી નથી; સમ્યગ્દૃષ્ટિ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને આત્માનુભૂતિરૂપ અંતરની લક્ષ્મી વડે, બહારની લક્ષ્મીનો અયાચક — અભિખારી ને નિજ ધ્રુવ ધ્યેયરૂપ લક્ષ્યનો પતિ થઈ ગયો છે. તે નિજ જ્ઞાયક ભગવન્તનો દાસ અર્થાત્ ઉપાસક અને વિશ્વના અન્ય સમસ્ત ભાવોથી ઉદાસીન થઈ ગયો છે. અહા! આવા સમકિતી જીવ સદૈવ સુખી છે. પોતાની ઋદ્ધિ જ્યાં અંદરથી પ્રગટ થઈ, ત્યાં તેમને બહારની ઋદ્ધિનું શું કામ છે?

**'જેને બહારના પદાર્થોમાં કુતૂહલતા છે તેને અંદરની રુચિ નથી.'**

જેને, નિજ જ્ઞાયક ભગવાન આત્માની મોટપ સિવાય, બહારના પદાર્થોમાં — પર્યાયમાં, બુદ્ધિના ઉઘાડમાં, રાગાદિ વિભાવમાં — વિસ્મયતા, કુતૂહલતા ને અદ્ભુતતા લાગે છે તેને અંતરમાં અનંત અનંત આશ્ચર્યકારી ચૈતન્યઋદ્ધિના ધારક એવા નિજ જ્ઞાયક પરમાત્માની રુચિ નથી. અહા! કેવા સાદા ને રહસ્યગંભીર શબ્દો આવ્યા છે! અને —

**'અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી, સુખ પ્રગટતું નથી.'**

અહા! આ બોલમાં બધું સરસ આવ્યું છે. બહારની કુતૂહલતા લાગે, ઘણા માણસો માને, વ્યાખ્યાનમાં લાખો માણસો સાંભળવા આવે, પણ એ શી ચીજ છે? એ કોઈ વિસ્મયકારી ચીજ છે? વિસ્મયકારી, આશ્ચર્યકારી, અનુપમ ચીજ તો તું પોતે જ — નિજ શુદ્ધ ત્રિકાળી એક જ્ઞાયકભાવ જ — છો ને! જેને અંતરમાં આશ્ચર્યકારી નિજ ભગવાન આત્માની રુચિ નથી અને બહારમાં કાંઈ વિશેષતા લાગે છે, તે અંદરમાં — જ્ઞાયકસ્વભાવમાં — જઈ શકતો નથી અને તેને આત્માનું સાચું સુખ પ્રગટતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૬૧

તા. ૨૫-૧૧-૭૮

## વચનામૃત — ૩૯૭

**ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને! — આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે. પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ. ૩૯૭.**

**'ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું.'**

અહા! આ બોલમાં એકલું માખણ છે. સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત દિવ્ય ગુણોથી ભરપૂર જે આ નિજ ચૈતન્ય — ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયક આત્મા — તે જ મારો દેવ છે; — એવું અંદર જોર આવ્યા વિના, અંતરમાં તેનું માહાત્મ્ય લાગ્યા વિના, દૃષ્ટિ ત્યાં જામશે નહિ. દૃષ્ટિના વિષયભૂત જે નિજ શુદ્ધ જ્ઞાયક દેવ, તેને જ હું દેખું છું; મેં તેનો જ આશ્રય ગ્રહણ કર્યો છે. અંતરમાં આ એક જ કામ કરવાનું છે, બાકી બહારમાં કોઈ કોઈનું શું કરી શકે? દિવ્ય શક્તિનો સ્વામી આત્મા પોતાની પર્યાય સિવાય શરીર, વાણી વગેરે પુદ્‌ગલ-પર્યાયોમાં કાંઈ કરી શકતો નથી. 'પરનું હું કરી શકું છું' — એમ માનવું તે ભ્રાન્તિ છે. જેમ આત્મા પરમાં કાંઈ કરી શકતો નથી, તેમ દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પર પણ આ આત્માનું કાંઈ કરી શકતાં નથી. અહા! આવી વાત છે.

આત્મામાં દેવ-શાસ્ત્ર-ગુરુનું જે જ્ઞાન થાય તે જ્ઞાનપર્યાય પણ પરલક્ષી છે; ત્યાં પણ દૃષ્ટિ, ધ્યાન કે જોર દેવા જેવું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પરદ્રવ્ય છે, તેમના તરફ આત્માએ લક્ષ કે જોર આપવા જેવું નથી. સ્વદ્રવ્ય એટલે કે નિજ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર જ લક્ષ, ધ્યાન ને જોર દેવા જેવું છે. દેખવા, શ્રદ્ધવા ને અનુભવવા યોગ્ય તો મારો એક શુદ્ધ ચૈતન્યદેવ છે; તેને જ હું દેખું છું. મને મારી દૃષ્ટિમાં નિજ ધ્રુવ શુદ્ધ ચૈતન્યસામાન્યનો જ — જ્ઞાયક એક શુદ્ધ પરમભાવનો જ — સ્વીકાર છે, તે સિવાય ગુણભેદનો, અધૂરી-પૂરી પર્યાયનો, શુભાશુભ વિભાવનો કે નિમિત્તનો નહિ. હું દેખનાર એવા નિજ ચૈતન્યને જ આશ્રયરૂપે દેખું છું, પણ પરને, પુણ્યપાપના વિભાવને કે અધૂરી-પૂરી પર્યાયને આશ્રયરૂપે દેખતો નથી; તેમના પ્રત્યે આશ્રય તરીકેનું જોર દેવા જેવું નથી. સમજાણું કાંઈ? અહા! 'વચનામૃત'માં ઘણું ભરી દીધું છે. અન્યમતીઓના હાથમાં આ પુસ્તક જાય છે; તેઓ વાંચે છે અને વાંચતાં તેમને એમ થાય છે કે 'અહા, આ તે શી ચીજ છે!' ભાવનગરથી અર્ધમાગધીના એક પ્રોફેસર આવ્યા હતા. તેમને આ પુસ્તક આપ્યું; લઈ જઈને તેમણે વાંચ્યું. તે લખે છે કે — 'મહારાજશ્રી! આપનાં કરકમળે જે 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક મને આપ્યું તેમાં એકે-એક પેરેગ્રાફ રતનનાં નિધાનથી ભરેલો છે.' અહા! આવી એ વસ્તુ છે.

**'બીજું કાંઈ મને દેખાતું જ નથી ને! — આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે.'**

અંતરમાં નિત્યાનંદથી પરિપૂર્ણ જે જ્ઞાયક વસ્તુ તે જ મારો દેવ છે; તેને જ — જ્ઞાનાદિ અનંત ગુણરૂપ ચમત્કારી દિવ્યતાથી સદા ભરપૂર મારા જ્ઞાયક દેવને જ — હું આશ્રય તરીકે દેખું છું. 'જ' શબ્દ મૂકીને એમ કહે છે કે સાધકદશાના આલંબનરૂપે જ્ઞાયકભાવ સિવાય બીજું કાંઈ — દેવ-શાસ્ત્ર-ગુરુ કે વ્રત-તપ-ભક્તિ વગેરે — મને દેખાતું જ નથી ને! — આવું જ્ઞાયક ઉપર જોર અંતરમાંથી આવે, નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યની જ અધિકતા રહે, તો જ્ઞાન, શ્રદ્ધા, સ્થિરતા વગેરે બધું નિર્મળ થતું જાય છે.

જ્યાં દેખું ત્યાં, અંદર અભિપ્રાયમાં આલંબનભૂત નિજ દ્રવ્યસામાન્યની અધિકતા હોવાથી, નિજ જ્ઞાયક દેવને જ દેખું છું. અન્યમતમાં કહે છે ને —

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,
મારું જીવન સફળ તબ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે,
ઓધા જીવનદોરી અમારી રે.

— પણ હરિ કયો? નિજ જ્ઞાયક દેવ જ પોતાનો 'હરિ' છે. તેના આશ્રયે, તેના ઉપર દૃષ્ટિ દેવાથી, મોહરાગદ્વેષ આદિ સમસ્ત પાપસમૂહનું હરણ — ટળવું થાય છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી તે જ સાચો 'હરિ' છે. મારા હરિને જ હું દેખું છું, બીજું કાંઈ મને દેખાતું જ નથી ને! — અહાહા! અંતરમાં એવું જ્ઞાયક દ્રવ્ય ઉપર જોર આવે, આશ્રયમાં નિજ દ્રવ્યસ્વભાવની જ અધિકતા રહે — નિમિત્તની, રાગની, જ્ઞાનના ઉઘાડની, અરે! પ્રગટનારી નિર્મળ પર્યાયની પણ અધિકતા ન રહે — તો પર્યાયમાં બધું નિર્મળ થતું જાય છે, પર્યાયમાં નવનવી નિર્મળતા વધતી જાય છે. અહા! આવી વાત છે. અરે! આ દેહની સ્થિતિ! દેહાદિ પરને દેખવાનું તો રહેવા દે, પણ દેખનારની જે દેખવા-રૂપ પર્યાય છે તેને પણ જોવાનું રહેવા દે — આમ કેવળ દ્રષ્ટા એવા નિજ જ્ઞાયક દ્રવ્ય ઉપર જોર આવે, પર્યાયમાં જ્ઞાયકદેવની જ અધિકતા જણાય તો પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે બધું નિર્મળ થતું જાય છે. અહા! જુઓ આ પેરેગ્રાફ!

**'પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા.'**

પોતે જે બહારમાં — નિમિત્ત, રાગ ને પર્યાયમાં લક્ષ કરીને — રખડતો હતો તે જ્યાં પોતાના જ્ઞાનઘરમાં ગયો, જ્યારે પર્યાયને સ્વસન્મુખ કરી નિજ જ્ઞાયકમાં પ્રવેશ્યો, અનંત અનંત નિધાન — ગુણરતનના ઓરડા — જેમાં ભર્યાં છે એવા નિજ જ્ઞાયક બાદશાહને જ્યાં દેખવા લાગ્યો, 'આ ચૈતન્ય જ મારો દેવ છે' એમ જ્યાં જોયું, દ્રવ્ય ઉપર જોર આવ્યું, ત્યાં પરદ્રવ્ય ને રાગાદિ વિભાવ સાથે એકતાબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા, ફીકા થઈ ગયા. અરે! આવો ઉપદેશ! મારગ તો આ છે. પ્રભુ! તારી પ્રભુતા અનંત ગુણની મોટપથી બિરાજે છે. જેણે અનંત અનંત ગુણના ભંડારસ્વરૂપ નિજ ચૈતન્યદેવને ભાળ્યો, જોયો ને અનુભવ્યો, તેને જગતના બીજા રસ તૂટી જાય છે — ઢીલા પડી જાય છે. તેને રાજ્ય કે રાણી પ્રત્યેનો રસ ઢીલો પડી જાય છે. આસક્તિનો રાગ જરા રહે પણ તેને આસક્તિનો રસ રહેતો નથી.

**'સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી.'**

આનંદકંદ નિજ ભગવાન આત્માના સહજ સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં — સંસારના રાગાદિ વિભાવરસમાં — અનંતી મોળાશ આવી ગઈ. ભલે અસ્થિરતા થોડી રહી, પણ તેમાં મોળાશ આવી ગઈ. મીંદડીની કેડ ભાંગે તે પછી તે ચાલે, પણ ચાલમાં જેમ મોળાશ આવી જાય છે, તેમ રાગ સાથે એકત્વબુદ્ધિની કેડ ભાંગી ગયા પછી અસ્થિરતાના રાગાદિ આવે, પણ તેમાં અનંતી મોળાશ આવી જાય છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે — અતીન્દ્રિય આનંદનો નાથ જે નિજ જ્ઞાયકદેવ તેના સ્વરૂપનો રસ પ્રગટતાં — રસનો અર્થ છે જ્ઞાનનું એક વિષયમાં એકાકાર થવું — અન્ય રસમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતી મોળાશ આવી જાય છે. સમયસારમાં પં. જયચંદ્રજીએ કહ્યું છે : 'સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઇચ્છા ન રહે તે રસ છે.' અહીં કહે છે કે—સ્વરૂપનો રસ પ્રગટ થતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી ગઈ.

એક વાર, ઘણાં વર્ષ પહેલાં—સંસારમાં હતા ત્યારે—ભાવનગર ગયેલા. ત્યાં ધ્રુવનું નાટક જોયું હતું. ધ્રુવ, રાજાનો કુંવર હતો; તેની નાની ઉંમરમાં મા મરી ગઈ. સંસાર પ્રત્યે વૈરાગ્ય થવાથી, નાની ઉંમરમાં સંન્યાસી થઈ ગયો. તેને સંન્યાસથી ચળાવવા માટે સ્વર્ગમાંથી અપ્સરા આવે છે. અપ્સરા શરીરની વિવિધ પ્રકારે કામોત્તેજક ચેષ્ટાઓ કરીને કહે છે : હે કુમાર! અમારા આ સુંદર શરીર સામું તો જો! કેવાં કોમળ અમારાં અંગ છે? ધ્રુવ કહે છે : હે માતા! મારે હવે ભવ કરવો નથી, પણ કદાચિત્ ભવ થાય તો તારી કૂખે અવતાર લઈશ, એ સિવાય બીજી વાત ન કરીશ. અહા! વૈરાગ્યનો એ દેખાવ!—એમ જેને અંતરમાં આનંદનો રસ લાગ્યો છે તેને બહારની કોઈ ચીજ લલચાવી કે ખેંચી શકે એમ નથી; તેને તો અંતરમાં સ્વભાવનું ખેંચાણ થઈ ગયું છે. અહા! ધર્મ તો કોઈ અપૂર્વ ચીજ છે. સાધારણ દયા પાળે કે દાનાદિ કરે એ કાંઈ ધર્મ નથી. પરની દયા કોણ પાળે? દયાના ભાવ તો શુભ રાગ છે, શુભ રાગ પણ આત્માની હિંસા છે. શુભાશુભ રાગ રહિત આત્માની વીતરાગ પરિણતિ તે જ ખરી અહિંસા છે. અહા! વીતરાગની અહિંસા કોઈ અલૌકિક છે. અહીં કહે છે કે—જેને અંતરમાં સ્વરૂપનો રસ પ્રગટયો તેને બહારના અન્ય રસમાં અનંતી મોળાશ આવી જાય છે.

**'ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો.'**

દેહ ને રાગાદિ વિભાવથી ભિન્ન નિજ જ્ઞાયક દ્રવ્ય ઉપર જોર આવતાં, નિજ શુદ્ધ દ્રવ્યસામાન્યની જ અધિકતા ભાસતાં, જીવ અંતરમાં ન્યારો, બધાથી—આખા સંસારથી—અભિપ્રાયમાં ન્યારો થઈ જાય છે, તેને સંસારનો રસ અનંતો ઘટી જાય છે.

**'દિશા આખી પલટાઈ ગઈ.'**

દશાની દિશા જે પર તરફ હતી,—લક્ષ પર ને વિભાવ તરફ હતું,—તે પલટીને સ્વ તરફ થઈ ગઈ. અહા! પરિણતિની દિશા પલટતાં આખી દશા જ ફરી ગઈ. દ્રવ્ય ઉપર જોર આપતાં દશામાં બધું નિર્મળ થવા લાગ્યું.

—*—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૯૮

**મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય— નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી. મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી. — આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે. ૩૯૮.**

**'મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે.'**

જ્ઞાની ધર્માત્મા અંતરથી એમ જાણે છે કે મેં જે મારા પરમભાવને — વીતરાગ સમરસે ભરેલા આનંદનિધાન નિજ ત્રિકાળી જ્ઞાયક પ્રભુને — મહિમાપૂર્વક ગ્રહણ કર્યો તે પરમભાવ પાસે ત્રણ લોકનો વૈભવ — ઇંદ્રનાં ઇંદ્રાસન, કરોડો અપ્સરાઓ, ચક્રવર્તીના ભોગોપભોગ વગેરે બધાંય પુણ્યફળો — તુચ્છ છે, સડેલાં તરણાં ને વિષ્ટાના ઉકરડા જેવાં છે. સમ્યગ્દૃષ્ટિ જીવને પોતાના સહજશુદ્ધ સ્વરૂપનો અંશે અનુભવ થયો છે; તેને સ્વરૂપના વૈભવની મહત્તા આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ લાગે છે.

સમયસારની ૩૨૦ મી ગાથાની શ્રી જયસેનાચાર્યકૃત ટીકામાં આવે છે : "આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષ-પ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું'." ધ્યાતા પુરુષ, એટલે કે અંદર નિજ શુદ્ધાત્માનું ધ્યાન કરવાવાળો સાધક સમ્યગ્દૃષ્ટિ જીવ, એમ ભાવે છે કે 'હું તો એક શુદ્ધ પરિપૂર્ણ ત્રિકાળી જ્ઞાયક પરમભાવ જ છું', પણ તે એમ નથી ભાવતો કે 'શરીરાદિ પરદ્રવ્યના સંબંધવાળો, પુણ્યપાપના વિભાવવાળો, પરલક્ષી જ્ઞાનના ઉઘાડવાળો કે અધૂરી-પૂરી પર્યાય જેટલો હું છું'. ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટ થતી નિર્મળ પર્યાયે પરિણમેલો સાધક જીવ એમ જાણે છે કે 'હું તો ત્રિકાળશુદ્ધ આનંદનિધાન જ્ઞાયક પરમભાવ જ છું; મારા અનંત મહિમાવંત પરમભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આગળ ત્રણ લોકનો વૈભવ સડેલાં તરણાં જેવો તુચ્છ છે'.

**'બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય — નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી.'**

સહજ જ્ઞાનાનંદનો નાથ એવા નિજ જ્ઞાયક પરમભાવ આગળ ત્રણ ભુવનની ઋદ્ધિ પણ તુચ્છ છે. એ તો ઠીક પણ મારી જે સાધનામય શુદ્ધ પર્યાય દ્રવ્યસ્વભાવના — પરમભાવના — આલંબને પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના જોરે કહું છું કે, મારી નથી. બાયડી, છોકરાં, કુટુંબ ને બીજો ધૂળધમાસો તો ક્યાંય રહી ગયો, દયા, દાન, વ્રત ને ભક્તિ વગેરે શુભભાવ પણ ક્યાંય રહી ગયા, અહીંયાં તો દ્રવ્યદૃષ્ટિના જોરે સ્વના આશ્રયે પ્રગટતી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ નિર્મળ પર્યાય પણ આત્માનું મૂળ સ્વરૂપ નથી. દ્રવ્યદૃષ્ટિના બળે જ્ઞાની એમ કહે છે કે — સ્વભાવના અવલંબને મને જે નિર્મળ પર્યાય પ્રગટી તેની પણ મને કિંમત કે મહત્તા નથી; મારે તો, આશ્રય તરીકે તો, પૂર્ણાનંદ જ્ઞાયક પ્રભુ જ જોઈએ છે, આલંબન માટે મને તે એકની જ મહત્તા અને કિંમત છે. અહા! જુઓ આ, જ્ઞાનીની દૃષ્ટિનું જોર, ચોથા ગુણસ્થાનની — ધર્મના એકડાની — દશા. અરે! હજી તો સમ્યગ્દર્શન કોને કહેવું ? — આ જ્ઞાયક ધ્રુવ તત્ત્વ કોણ છે ? ક્યાં છે ? — એ કાંઈ ખબર જ ન મળે ને લોકો વ્રત, તપ ને ભક્તિની બાહ્ય ક્રિયામાં માની બેઠા ધર્મ. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની તો અંદર દ્રવ્યદૃષ્ટિના જોરે એમ માને છે કે — હું તો, સ્વભાવના આશ્રયે જે નિર્મળ પર્યાય — સાધકદશા — પ્રગટી તેનાથી પણ કથંચિત્ ભિન્ન જ્ઞાયક પરમદેવ છું; નિર્મળ પર્યાય જેવડો હું તો આ ત્રિકાળશુદ્ધ ધ્રુવ પારિણામિક દ્રવ્ય છું.

અરેરે! કલ્યાણની આવી વાતો સાંભળવા મળી નથી કોઈ દી ને જિંદગી એમ ને એમ ચાલી જાય છે. જિંદગી પૂરી થાય ને જાય રખડવા. ક્યાં ગયો એનો પણ પત્તો નહીં લાગે. અરે! શરીર વગેરે પરચીજ કે દી એની હતી કે એની પાસે રહે? જ્યાં રાગ પણ એનો સ્વભાવ નથી ત્યાં પરદ્રવ્ય તો તેનું ક્યાંથી થાય? અહીં તો કહે છે: જે નિર્મળ પર્યાય થઈ તે પણ, મારા ત્રિકાળશુદ્ધ જ્ઞાયક પરમભાવને જોતાં, અરે! દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી. 'તું હી દેવનો દેવ.' તું કોણ છો? હું આનંદકંદ પરમાત્મા, પરમભાવ પરમસત્ત્વ છું. તેની દૃષ્ટિના જોરે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ મારું ત્રિકાળી સ્વરૂપ નહિ. અહા! આવી છે ધર્મની વાતો; વીતરાગ પરમાત્માનો આ માર્ગ છે.

અહીં બેન એમ કહે છે કે — નિજ જ્ઞાયક પરમભાવ પાસે ત્રણ લોકનો વૈભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તુચ્છ છે. બીજી વાત તો શું કરવી ?—એટલે કે આ સ્ત્રી, પુત્ર ને પરિવાર, લક્ષ્મી, આબરૂ ને મકાન વગેરે બાહ્ય ચીજો તો બધી ક્યાંય રહી ગઈ; અને રાગદ્વેષ ને શુભાશુભ વિભાવ પણ મારો સ્વભાવ નહિ, તે પણ ઠીક, અંતરમાં આનંદસ્વરૂપ જે શુદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા તેના આશ્રયે પ્રગટ થયેલી જે મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાય તે પણ, ત્રિકાળશુદ્ધ નિજ દ્રવ્યની દૃષ્ટિથી—શુદ્ધ જ્ઞાયક દ્રવ્યસામાન્યના આલંબનના જોરે—કહું છું કે, મારી નથી. આલંબન લેવા માટે—આશ્રય કરવા માટે—કીમતી ચીજ ધ્રુવ દ્રવ્યસામાન્ય છે, પર્યાયાંશ નહિ. અહા! ગજબની વાત છે; આ વાત લોકોને કાને પડી નથી, કદી સાંભળી નથી. ભગવાન જે કહે છે તે જ બહેન કહે છે; બહેનની વાણી તે પરમાત્માની વાણી છે, પરમાત્મા પાસેથી આવેલી છે.

બીજી ચીજ તો કોઈ મારી નથી—શિષ્ય, ગુરુપદ, દેવ-શાસ્ત્ર-ગુરુ કે પંચપરમેષ્ઠી વગેરે મારાં નહિ—પણ ધ્રુવ સ્વભાવના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી; કેમ કે હું તો—મારું સનાતન સ્વરૂપ તો—ત્રિકાળ ધ્રુવ શુદ્ધ જ્ઞાયક છું. શુદ્ધ પર્યાય ઉપર જો નજર—જોર રહે તોપણ દૃષ્ટિ મિથ્યા થઈ જાય. અહાહા! કેવળીના કેડાયત દિગંબર સંતોની વાતો આવી છે ભગવાન!

ઘણા ઉપદેશકો ઉપદેશમાં કહે છે કે—બીજાનું ભલું કરવું, ગરીબોને મદદ કરવી અને બધા સાથે સંપ કરવો; પણ ભાઈ! દ્રવ્યને—આત્માને—સાધના પ્રગટ કરવા માટે પોતાની નિર્મળ પર્યાયનો પણ આશ્રય નથી તો બીજા સાથે સંપ રાખવાની વાત તો ક્યાંય રહી ગઈ. જ્ઞાયકદ્રવ્યને નિર્મળ પર્યાયનું પણ આલંબન નથી, તો હવે તારે કોની સાથે સંપ કે સંબંધ રાખવો છે? એક સમયવર્તી જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ તે પણ બીજે સમયે વિલય થઈ જાય છે, તો હવે તારે બીજા કોના સંગમાં, સંપમાં કે સંબંધમાં રહેવું છે? અહીં તો કહે છે કે—ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ જે નિજ શુદ્ધાત્મ-દ્રવ્ય તે જ હું છું; તેના આશ્રયના બળથી કહું છું કે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ મારી નથી.

**'મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે.'**

'અહા! દ્રવ્યસ્વભાવની શી અગાધતા! મારા દ્રવ્યમાં જ્ઞાન, આનંદ, વીર્ય આદિ અનંત ગુણ-ઓરડાઓ અનંત અનંત ઋદ્ધિઓથી ભરેલા છે. દ્રવ્યસ્વભાવનું તળિયું પકડતાં આવડે તેને તેનો અગાધ ને અમાપ મહિમા હાથ લાગે. અહીં 'મારો દ્રવ્યસ્વભાવ' કહીને ત્રિકાળી જ્ઞાયકની અગાધતા ને અમાપતા કહેવી છે; 'પર્યાય'ની વાત અહીં કહેવી નથી. સ્વભાવને સીમા હોય નહિ, તે તો અગાધ ને અમાપ જ હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણસમુદ્ર ભગવાન આત્મા અગાધ છે, અમાપ છે; બહિર્લક્ષી જ્ઞાનથી કે વિકલ્પથી તેનો પાર પામી શકાતો નથી માટે તે દ્રવ્યસ્વભાવ અમાપ છે. સમજાણું કાંઈ? અરેરે! વાણિયાઓને આખો દી પાપના વેપારધંધા આડે આ વાત સાંભળવાની પણ નવરાશ ન મળે! બે-ચાર કલાક સત્સમાગમનો કે શાસ્ત્ર વાંચવાનો સમય પણ ન કાઢે, અરે, ભાઈ! તારે મરીને જાવું છે ક્યાં? ભાઈ! સત્સમાગમના પ્રતાપે સ્વભાવ પ્રત્યેનું અંતરમાં બહુમાન આવે તો, ભલે હજી સ્વભાવ દીઠો ન હોય તોપણ, તે દેહ છોડીને સ્વર્ગમાં જાય. પોતાથી દિવ્ય શક્તિનું ભાન જે પ્રગટ કરે તેને, દેવનો એકાદ ભવ કરીને મોક્ષની પ્રાપ્તિ થાય. અંતરનો જ્ઞાયક દેવ તો કોઈ અગાધ ને અમાપ છે! તેનામાં એટલાં ગુણરત્નો છે કે તેની અનંતતાનો, અગાધતાનો તાગ વિકલ્પથી કે બહિર્લક્ષી બુદ્ધિથી આવી શકે એવો નથી.

અગાધ દ્રવ્યસ્વભાવ વિકલ્પગમ્ય નથી છતાં તેને ગ્રહણ કરવાનું, જાણવાનું, માપી લેવાનું સામર્થ્ય — તાકાત દ્રવ્યની પર્યાયમાં છે. પર્યાય અમાપનું માપ લઈ લે, છતાં એ અમાપ દ્રવ્ય પર્યાયમાં આવે નહિ — પર્યાયમાત્ર થઈ જાય નહિ; દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તે તેની પૂર્ણ પર્યાયમાં વ્યક્ત થઈ ગયું. અરે! આ વાત તો લોકોએ નેવે મૂકી અને લોકો કહે કે — સામાયિક કરો, પોસા કરો, પ્રતિક્રમણ કરો, ભક્તિ કરો ને યાત્રા કરો, અને બહુ તો ઉપધાન કરો; બસ થઈ ગયો ધર્મ! પણ ભાઈ! તારો પંથ કોઈ નિરાળો છે. તારો દ્રવ્યસ્વભાવ કોઈ અગાધ ને અમાપ છે, તેના ઉપર દૃષ્ટિનું જોર આપવાથી કલ્યાણનો પંથ શરૂ થશે.

અસંખ્યાત યોજનના વિસ્તારવાળો સ્વયંભૂરમણ સમુદ્ર અગાધ છે; તેના તળિયે એકલાં રત્નો ભર્યાં છે. સ્વયંભૂરમણ સમુદ્રની જેમ આત્મામાં પણ અનંત અનંત અનંત ગુણરત્નો ભર્યાં છે. અહા! આત્મસ્વભાવ તો અગાધ ને અમાપ છે.

**'નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.'**

અહા! અગાધ ને અમાપ એવા દ્રવ્યસ્વભાવના આશ્રયે પર્યાયમાં આત્માને આનંદનું વેદન પ્રગટ્યું, પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી. આનંદનો નાથ એવા નિજ જ્ઞાયક પ્રભુનો જેને અંદર પર્યાયમાં સ્વીકાર થયો, જ્ઞાયકનો સ્વીકાર — આશ્રય થતાં આત્માની પર્યાયમાં નિર્મળતા થઈ, પણ તે નિર્મળ પર્યાયની પણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય આગળ કિંમત નથી, વિશેષતા નથી; કિંમત ને વિશેષતા તો આશ્રયભૂત ભગવાન આત્માની છે. દયા, દાન, ભક્તિ કે અન્ય રાગની તો શી વાત કરવી? એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો કિંમત છે જ નહિ, પણ દ્રવ્યસ્વભાવના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેની પણ દ્રવ્યશક્તિ પાસે કિંમત નથી. અહા! ગજબનો અધિકાર આવી ગયો છે.

વેદનસ્વરૂપ તો પર્યાય છે, દ્રવ્ય નહિ; દ્રવ્ય તો ત્રિકાળ ધ્રુવ છે. નિર્મળ પર્યાયનું સાધક જીવને વેદન ભલે હો પણ સામર્થ્યભરપૂર ત્રિકાળી દ્રવ્ય પાસે તેની કિંમત કે વિશેષતા નથી. અહા! આ બોલમાં માલ-માલ આવી ગયો છે, કુદરતે જગતનાં પુણ્ય છે ને! આ તો ધાર્યા બહાર, વાત બહુ અલૌકિક આવી ગઈ છે.

મારો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ, જ્ઞાયકભાવ કોઈ અગાધ છે, તેની આગળ પર્યાયની કિંમત શી? એક સમયની નિર્મળ પર્યાયમાં જ્ઞાયકનો અમાપ સ્વભાવ જાણવામાં આવ્યો, છતાં પણ વસ્તુસ્વભાવ તો અમાપ છે, છદ્મસ્થ જ્ઞાન — ચાર જ્ઞાન પણ — તેનો પાર પામી શકતું નથી. અહા! ગજબ વાત છે ને!

નિર્મળ પર્યાયનું વેદન ભલે હો — અનુભવ અર્થાત્ વેદન પર્યાયમાં હોય છે, ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસામાન્યમાં નહિ — પરંતુ દ્રવ્યસ્વભાવ આગળ તેની વિશેષતા નથી.

**'— આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે.'**

જેની આગળ ત્રણ લોકનો વૈભવ સડેલાં તરણાં જેવો છે તે નિજ પરમભાવને ગ્રહણ કરનારી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે જ્યારે અંતરમાં શરીરાદિ પરદ્રવ્ય ને શુભાશુભ સમસ્ત વિભાવથી રહિત, જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ચમત્કારી ગુણોથી સદા ભરપૂર, એવા નિજ શુદ્ધ ચૈતન્યસામાન્યનો મહિમા લાવી, બધાથી — નિમિત્ત, રાગ ને પર્યાયભેદથી — પાછો ફરી, જીવ પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવ તરફ વળે ત્યારે. અહા! આવી દૃષ્ટિ ક્યારે પ્રગટ થાય? — જીવ પોતા તરફ વળે ત્યારે. જીવ, બધાથી પાછો ફરી, પોતા તરફ વળે — જ્ઞાયકનો આશ્રય કરે — ત્યારે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય. અહા! ભાષા છે સીધી ને સાદી, પણ ભાવ ગંભીર છે. આ તો તદ્દન સિદ્ધાન્તનું દોહન છે. અરે! જગતનાં ભાગ્ય કે આવી વસ્તુ બહાર આવી ગઈ; બરાબર ટાણે આવી ગઈ છે.

વસ્તુસ્વભાવ ઉપર જીવની દૃષ્ટિ ક્યારે જાય કે બધાંથી પાછો વળી અંતરમાં વળે ત્યારે. અહા! ભાષા સાદી છે પણ ગંભીરતા ઘણી છે. મારા દ્રવ્યસ્વભાવ આગળ આખું જગત તુચ્છ છે. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ તો, શરીરાદિ પરદ્રવ્યોનો તથા દયા, દાન, વ્રત, તપ, ભક્તિ વગેરે શુભ રાગના વિકલ્પોનો મહિમા તો છે જ નહિ, પણ સ્વભાવના લક્ષે થયેલી પોતાની નિર્મળ પર્યાયોનો પણ, આલંબન લેવા માટે, મહિમા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. ત્રિકાળશુદ્ધ જ્ઞાયક ધ્રુવ આત્માની આગળ પર્યાયની વિશેષતા નથી. અંતરમાં ચૈતન્યસામાન્યની દૃષ્ટિ, આલંબન ને મહિમા પ્રગટે છે ત્યારે નિર્મળ દશા સહજ થાય છે. સમજમાં આવ્યું ? દ્રવ્યદૃષ્ટિ અને આત્માનો મહિમા કયારે પ્રગટ થાય ? — કે આત્માની વર્તમાન પરિણતિ, બધાથી પાછી ફરીને, જ્ઞાયક દ્રવ્યસામાન્ય તરફ ઝૂકે ત્યારે. પોતાની વર્તમાન પર્યાય દ્રવ્યસ્વભાવ તરફ ઝૂકે ત્યારે તેનો સાચો મહિમા આવે છે, તે પહેલાં સાચો મહિમા આવતો નથી. અરે ! અજાણ્યા માણસને એવું થાય કે — આ શું ? આવી વાતો ? આમાં દયા, દાન, વ્રત, ઉપવાસ કે ભક્તિ વગેરે કરવાનું તો કાંઈ આવતું નથી ! ભાઈ ! આત્માને ઓળખ્યા વિના ઉપવાસ — રોટલા છોડવા — એ તો બધી લાંઘણ છે, કદાચિત્ કષાય મંદ કર્યો હોય તો શુભ વિકલ્પ છે. તે આત્માનો ધર્મ કે ભવપરિભ્રમણના અંતનો ઉપાય નથી. નિજ શુદ્ધાત્મતત્ત્વના જ્ઞાન ને અનુભવ વિના ભવભ્રમણનો અંત કદી આવતો નથી.

'આત્માવલોકન' ગ્રંથમાં દાન, તપ ને દયા વગેરેનું સ્વરૂપ કહ્યું છે ને —

નિજ સ્વભાવભાવ — શક્તિરૂપ જ જીવદ્રવ્ય છે. અવ્યક્ત જે નિજ સ્વભાવભાવ તેની અભિવ્યક્તિ થતાં જે સમયે જીવ સ્વરૂપે પરિણમન કરે છે — પોતાને સ્વભાવ-પરિણમન દે છે — તે જ દાન છે.

શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઇષ્ટ મિત્ર, શત્રુ વગેરે પરજ્ઞેયોને છોડવાં અર્થાત્ તેમના પ્રત્યે મમતા રહિત પરિણતિ થવી તથા તેમના પ્રત્યેની તૃષ્ણા છૂટી જવી અને પોતાના સ્વભાવમાં સ્થિરતારૂપ શોભન — પ્રતપન થવું તે જ તપ છે.

વિકારમય પરિણામો દ્વારા પોતાના નિજસ્વભાવનો ઘાત નહિ કરવો તથા પોતાના સ્વભાવનું પાલન કરવું તે જ દયા છે.

અહા ! બહિર્લક્ષી દયા, દાન, તપ ને ભક્તિ વગેરે બધાથી પાછો ફરી, પોતાના ત્રિકાળી નિત્યશુદ્ધ જ્ઞાયક દ્રવ્યનો અંતરમાં મહિમા લાવી, જીવ પોતા તરફ વળે — જ્ઞાયક આત્માને ગ્રહણ કરે — ત્યારે સાચી દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૬૨

તા. ૨૬–૧૧–૭૮

## વચનામૃત — ૩૯૯

સમ્યગ્દષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. જ્ઞાનપરિણતિ દ્રવ્ય તેમ જ પર્યાયને જાણે છે પણ પર્યાય ઉપર જોર નથી. દૃષ્ટિમાં એકલા સ્વ પ્રત્યેનું — દ્રવ્ય પ્રત્યેનું બળ રહે છે. ૩૯૯.

**'સમ્યગ્દષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે.'**

જેને પૂર્ણાનંદના નાથની—નિજ ધ્રુવ જ્ઞાયક પરમભાવની—દૃષ્ટિ પ્રગટ થઈ છે એવા ચતુર્થ ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિને ભલે સ્વાનુભવ હજી પૂર્ણ — કેવળીને હોય એટલો — નથી પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ જ્ઞાયક આત્મા છે. અહો! સાધકને પૂર્ણાનંદસ્વરૂપ ચૈતન્ય પરમભાવનો અનુભવ થતાં પર્યાયમાં જે નિર્મળ વેદન આવ્યું તે પૂર્ણ નથી, — પૂરું તો કેવળીને હોય — છતાં, અધૂરી અનુભૂતિ હોવા છતાં, દૃષ્ટિમાં તો પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. સમ્યગ્દૃષ્ટિને અનુભૂતિની પર્યાય ભલે અલ્પ હો, પણ અનુભૂતિના આલંબનમાં પૂર્ણ જ્ઞાયક ભગવાન છે.

ધર્મ તો ચારિત્ર છે પણ તેનું મૂળ સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શન કઈ રીતે પ્રગટ થાય? પોતાના પરિપૂર્ણ જ્ઞાયક શુદ્ધ આત્માને દૃષ્ટિમાં ને અનુભૂતિમાં લેવાથી. સમ્યગ્દર્શન પ્રગટ થતાં ભલે હજી સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી — પૂર્ણ એટલે જેટલી દ્રવ્યસ્વભાવમાં શક્તિરૂપે છે તેટલી પરિપૂર્ણ — પણ દૃષ્ટિમાં તો પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. શક્તિભૂત વસ્તુ સદા પરિપૂર્ણ છે, તેના ઉપર દૃષ્ટિ દેવાથી પૂર્ણ આત્માની જે પ્રતીતિ અને જ્ઞાન થાય છે તે સમ્યક્ દર્શન કહેવાય છે. તે સમ્યગ્દર્શન વ્રત, ઉપવાસ કે ઉપધાન વગેરે દેહની ક્રિયાથી થાય એમ નથી, અરે! એમ તો નથી પણ દયા, દાન,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્રત, ભક્તિ કે જાત્રાના જે ભાવ થાય તેનાથી પણ સમ્યગ્દર્શન થાય એમ નથી. સમ્યગ્દર્શનરૂપ પરિણમન તો નિત્યાનંદ ધ્રુવ એક શુદ્ધ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડવાથી થાય છે. એ દૃષ્ટિ થતાં તેને પરિપૂર્ણ નિજ આત્માનું જ્ઞાન ને પ્રતીતિ થાય છે. અહા! વાત જરા ઝીણી છે.

'સમ્યગ્દૃષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી' એટલે શું? દૃષ્ટિમાં આશ્રય તો પોતાના પરિપૂર્ણ ધ્રુવ તત્ત્વનો છે, છતાં અનુભૂતિ પૂરણ — કેવળજ્ઞાનીને છે એટલી — નથી. અનુભૂતિ એટલે શાન્તિ ને આનંદના વેદનની દશા. દૃષ્ટિના વિષયભૂત નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય પરિપૂર્ણ છે, પણ નીચે અધૂરી દશામાં સ્વાનુભૂતિ પોતે પરિપૂર્ણ નથી. અરેરે! માર્ગ છે કોઈ અંદરનો ને જીવ તેને શોધે છે બહારમાં! સર્વજ્ઞ જિનેશ્વરે જે પૂર્ણાનંદસ્વરૂપ આત્મા જોયો તેને જ્ઞાનમાં લઈ, પ્રતીતિ કરી, અનુભવમાં લીધો ત્યારે તો સમ્યગ્દર્શન — ધર્મનું પહેલું પગથિયું — થયું કહેવાય, ત્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ સર્વ ગુણોની આંશિક વ્યક્તતા વેદનમાં આવી. અરે! આવો ધર્મ ક્યાંથી કાઢયો? બાપુ! વસ્તુસ્વરૂપ આ છે.

સત્યદૃષ્ટિ એટલે શ્રદ્ધાને ત્રિકાળી સત્ય ધ્રુવ જ્ઞાયકભાવ ઉપર 'અહં'પણાની માન્યતામાં જોડવી તે. દૃષ્ટિ પોતે શ્રદ્ધાગુણની પર્યાય છે, તેનો વિષય જે પરિપૂર્ણ ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસામાન્ય છે તેનો આશ્રય કરતાં જે સ્વાનુભવ પ્રગટ થયો તે હજી પૂર્ણ નથી; પૂર્ણ સ્વાનુભવ તો સર્વજ્ઞ પરમેશ્વરને હોય. સમ્યગ્દૃષ્ટિને ભલે અનુભવ પોતે પૂર્ણ નથી પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ આનંદકંદ ધ્રુવ જ્ઞાયક આત્મા છે. તેની દૃષ્ટિ ને જ્ઞાન થતાં જે આંશિક સ્વરૂપરમણતા થઈ તે ધર્મ છે. અહા! આવો ધરમ છે. બાકી મન, વચન ને કાયાની સરળતા કરવી તે કાંઈ ધર્મ નથી; તે તો શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે. લોકોએ શુભ યોગમાં ને બહારની ક્રિયામાં ધર્મ માની લીધો છે પણ અંતરમાં જે પૂર્ણાનંદનો નાથ નિજ જ્ઞાયક ભગવાન છે તેની તેમને ખબર નથી; અને ખબર પડવાનો જે અંદરનો પંથ છે તે તેમને કઠણ લાગે છે. શું થાય?

અહીં કહે છે કે — દૃષ્ટિનો વિષય ને સ્વાનુભૂતિનો આધાર તો એક શુદ્ધ પરિપૂર્ણ ધ્રુવ જ્ઞાયક નિજાત્મદ્રવ્ય છે, પણ પર્યાયમાં સ્વાનુભૂતિ હજી પૂર્ણ નથી. સમજાય છે કાંઈ? અપૂર્ણ ને પૂર્ણ એમ સામસામી બે વાત કહી છે: સમ્યગ્દૃષ્ટિને સ્વાનુભૂતિની પર્યાય પોતે પૂર્ણ નથી પણ તેનો વિષય જે નિજ શુદ્ધાત્મદ્રવ્ય છે તે સદા પરિપૂર્ણ છે. અપૂર્ણ સ્વાનુભૂતિ વખતે પણ દૃષ્ટિનો વિષય ને સ્વાનુભૂતિનું આલંબન તો પરિપૂર્ણ ધ્રુવ જ્ઞાયક આત્મા છે. શું કહ્યું? સમજાણું કાંઈ? અહા! સર્વજ્ઞ પરમાત્માનો પંથ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ અલૌકિક છે; ક્યાંય સાંભળવા મળે નહિ તો વિચારે ક્યાંથી ? અહીં એક વાક્યમાં કેટલો મર્મ ભરી દીધો છે ? ભાષા તો સાદી છે પ્રભુ !

**‘ જ્ઞાનપરિણતિ દ્રવ્ય તેમ જ પર્યાયને જાણે છે પણ પર્યાય ઉપર જોર નથી. ’**

શું કહે છે ? અનુભૂતિ પોતે અપૂર્ણ હોવા છતાં તેનું આલંબન તો પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. હવે પરિપૂર્ણ ધ્રુવ આત્માનો વિષય કરનાર દૃષ્ટિ સાથે જે જ્ઞાન છે તે દ્રવ્ય તેમ જ પર્યાય બંનેને જાણે છે; પરંતુ તે જ્ઞાનપરિણતિમાં પર્યાય ઉપર આશ્રયપણાનું વજન હોતું નથી. દૃષ્ટિ તો માત્ર ધ્રુવ દ્રવ્યસામાન્યને જ સ્વીકારે છે, પરંતુ સાથે વર્તતું જ્ઞાન ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને પણ જાણે અને વર્તમાન પર્યાયને પણ જાણે. જ્ઞાનપર્યાય, અભિપ્રાયમાં આશ્રયભૂત દ્રવ્યસામાન્યની અધિકતા રાખીને, નિમિત્તને, રાગને ને ભંગ-ભેદને જાણે, પણ તેથી કાંઈ પર્યાય ઉપર જોર આવી જતું નથી. જ્ઞાનનો તો દ્રવ્ય ને પર્યાયને, જેમ છે તેમ, જાણવાનો સ્વભાવ છે. અરે ! આ પુસ્તક તો કેટલા વખતથી બહાર પડી ગયું છે પણ માણસોને વાંચવાની ને સમજવાની નવરાશ જોઈએ ને ? લોકો રૂપિયામાં રોકાઈ ગયા છે.

અહીં ‘ જ્ઞાન ’ શબ્દ સમ્યગ્જ્ઞાનરૂપ પર્યાયના અર્થમાં છે, ત્રિકાળી ધ્રુવ જ્ઞાન-ગુણની વાત નથી. સમ્યગ્દર્શન સાથે પરિણમેલું સમ્યગ્જ્ઞાન દ્રવ્ય તેમ જ પર્યાય બંનેને જાણે. દૃષ્ટિ તો એકમાત્ર પરિપૂર્ણ ધ્રુવ દ્રવ્યસામાન્યને જ દેખે-માને; સાથે પ્રગટેલું જ્ઞાન દ્રવ્ય તેમ જ પર્યાય, સ્વ તેમ જ પર — બધું જાણે.

દૃષ્ટિ સાથે પ્રગટ થયેલું જ્ઞાન જાણે છે બધાંને; — તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો, તેમના સાધક-બાધકપણાનો ઇત્યાદિનો વિવેક વર્તે છે. તે જાણતાં પર્યાય ઉપર જોર આવી જતું નથી; જ્ઞાનીને, જ્ઞાનમાં પણ, જોર તો ત્રિકાળશુદ્ધ ધ્રુવ દ્રવ્યસામાન્ય ઉપર જ છે. અહા ! આ વાત સમજાય નહિ એટલે લોકો ચડી જાય વ્રત, તપ ને ભક્તિ ઉપર. ભાઈ ! સાચા દેવ-ગુરુ પ્રત્યે ભક્તિના ભાવ આવે ખરા, પણ તે શુભભાવ છે, ધર્મ નથી. નિયમસારની ટીકામાં શ્રી વિદ્યાનંદસ્વામીનો એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે; તેમાં કહ્યું છે : મુક્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ સર્વજ્ઞદેવથી થાય છે; માટે મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજ્ય છે, કેમ કે કરેલા ઉપકારને સજ્જનો ભૂલતા નથી. ‘ સર્વજ્ઞની કૃપા ’-નો અર્થ એ છે કે સર્વજ્ઞની વાણીના આધારે જે શાસ્ત્રો રચાયાં તેમનો મર્મ સ્વાનુભવી ગુરુ પાસે સાંભળીને જેને પોતાના આત્માનું જ્ઞાન થયું તેને સર્વજ્ઞની વાણી નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ. તેને દેવ-ગુરુની કૃપા થઈ એમ કહેવાય. જેમની કૃપાથી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયું તેમનો ઉપકાર સજ્જનો ભૂલતા નથી. એ રીતે ઉપકારથી ભિંજાયેલા હૃદયવાળાને દેવ-ગુરુ પ્રત્યે ભક્તિનો ભાવ આવે પણ તે શુભભાવ ઉપર જ્ઞાનીને જોર નથી; આશ્રયનું જોર તો કેવળ એક ધ્રુવ જ્ઞાયકભાવ ઉપર જ છે. નિશ્ચયથી તો પોતાનો ધ્રુવ જ્ઞાયક આત્મા જ પૂજવાયોગ્ય છે પણ વ્યવહારે, જેમની વાણીથી સુશાસ્ત્રની ઉત્પત્તિ થઈ અને જેમના દ્વારા આત્મા સમજાયો એવા દેવ-ગુરુ પણ પૂજવાયોગ્ય છે.

ખરેખર તો દેવ-શાસ્ત્ર-ગુરુ તો આત્મા સમજવામાં માત્ર નિમિત્ત છે, તેમના લક્ષે આત્માનું જ્ઞાન થતું નથી. તે તો માત્ર દિશા દેખાડી અળગા રહે. શી દિશા દેખાડે? — કે ભાઈ! તું અંદર પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક ભગવાન છો, તેના ઉપર દૃષ્ટિ દે, તેના ઉપર 'અહં'પણાનું જોર આપ, તો તને આત્માનું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થશે. — આવો માર્ગ છે; અજાણ્યો લાગે, પણ છે તારા ઘરનો ભાઈ! જ્ઞાન દ્રવ્ય અને પર્યાયને જાણે ખરું, પણ પર્યાય ઉપર જોર નથી. ભગવાન સમવસરણમાં ભવ્ય જીવોને એમ કહે છે: તમારો આત્મા પૂર્ણાનંદરૂપ પ્રભુતાથી ભરેલો, જ્ઞાનાદિ અનંત ગુણોનું ગોદામ-નિધાન છે; ત્યાં તમે દૃષ્ટિ દો, જેથી તમને સમ્યગ્દર્શન થશે, સમ્યગ્જ્ઞાન થશે અને સ્વરૂપાચરણની સ્થિરતા સાથે અતીન્દ્રિય આનંદ આવશે. ભગવાનની વાણી સાંભળીને કે ગુરુગમે શાસ્ત્રો વાંચીને તત્ત્વનો ખ્યાલ આવ્યો, પણ એ ખ્યાલ તરફનું પણ લક્ષ છોડી દઈ સ્વ તરફની જે દૃષ્ટિ કરી તેની સાથે જે જ્ઞાન થયું તે જાણે છે બધું — સ્વ ને પર, સ્વભાવ ને વિભાવ, દ્રવ્ય ને પર્યાય — પણ પર્યાય ઉપર જોર નથી, જોર તો સતત નિજ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર જ હોય છે.

**'દૃષ્ટિમાં એકલા સ્વ પ્રત્યેનું — દ્રવ્ય પ્રત્યેનું બળ રહે છે.'**

જ્ઞાનપરિણતિમાં જીવ દ્રવ્ય તેમ જ પર્યાય બંનેને જાણે છે. બંનેને જાણે છે તેથી શું અભિપ્રાયનું જોર પર્યાય ઉપર હોય છે? દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયભૂત શુદ્ધાત્માને વિષય કરનાર શુદ્ધનયમાં તો એકલા સ્વ પ્રત્યેનું — દ્રવ્યસામાન્ય પ્રત્યેનું બળ હોય છે. દૃષ્ટિનું જોર નિજ શુદ્ધાત્મા ઉપર જ હોય છે; દૃષ્ટિમાં એકલા સ્વ શુદ્ધાત્મા પ્રત્યેનું બળ રહે છે. પર્યાયનું ભલે જ્ઞાન હોય, છતાં પર્યાય ઉપર બળ નથી. સમજાણું કાંઈ?

— ✱ —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૪૦૦

**હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય જે છું તે છું. મારામાં જે ગુણ છે તે તેના તે જ છે, તેવા ને તેવા જ છે. હું એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારામાં કાંઈ ઘટી ગયું નથી અને દેવના ભવમાં ગયો ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી.— આવી દ્રવ્યદૃષ્ટિ તે જ એક ઉપાદેય છે. જાણવું બધું, દૃષ્ટિ રાખવી એક દ્રવ્ય ઉપર. ૪૦૦.**

**'હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય જે છું તે છું.'**

મારું સ્વરૂપ તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય છે. શાશ્વત પૂર્ણ ચૈતન્યસ્વરૂપ 'હું' તો જે છું તે છું. જુઓ ! સમ્યગ્દૃષ્ટિની આ ભાવના. ધર્મી એમ જાણે છે કે હું તો નિત્ય પૂર્ણાનંદ જ્ઞાયક જે છું તે છું. અહા ! ભાષા બહુ સાદી પણ ભાવ ઘણા ગહન.

**'મારામાં જે ગુણ છે તે તેના તે જ છે, તેવા ને તેવા જ છે.'**

અહા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે; લોકોએ લૌકિક કરીને તોડી નાખ્યો. સમ્યગ્દર્શનનો ભાવ — ધર્મની શરૂઆતની દશાનો ભાવ — જેને પ્રગટ થયો છે તે એમ માને — જાણે — અનુભવે છે કે — હું તો શાશ્વત છું, નવો થયો નથી; જેને દ્રવ્યદૃષ્ટિએ પર્યાયમાં આવવું થતું નથી, બદલવું થતું નથી એવો હું પરિપૂર્ણ સનાતન શાશ્વત જે ચૈતન્યતત્ત્વ તે જ હું છું. શાશ્વત તો પરમાણુ વગેરે અચેતન તત્ત્વો પણ છે પણ તેમનામાં, અચેતનપણાને લીધે, જ્ઞાન, શાન્તિ વગેરે હોતાં નથી. ચૈતન્યતત્ત્વમાં પર્યાયઅપેક્ષાએ જ્ઞાન, અજ્ઞાન, શાન્તિ, અશાન્તિ હોય છે. પરંતુ પરમાર્થે તો પરિપૂર્ણ જ્ઞાન ને આનંદસ્વરૂપ જે શાશ્વત પૂર્ણ ચૈતન્ય તે જ હું છું. અરે ! લોકો કંઈ ને કંઈ માની બેઠા છે. લોકોની સેવા કરીએ, પર જીવની દયા પાળીએ, તો ધર્મ થાય, અરે ! આવી ઊંધી માન્યતાએ જગતને મારી નાખ્યું ! કોણ કોની સેવા કરે કે દયા પાળે ? એ તો ભૂમિકા પ્રમાણે એવો વિકલ્પ આવે અને સેવા કે દયા વગેરે તરફ લક્ષ જાય, તેથી કાંઈ કોઈ, પર-જીવની સેવા કે દયા કરી કે પાળી શકતો નથી.

હું રાગવાળો છું કે રાગથી કોઈનું કાંઈ ભલું કરી શકું છું, — પરની દયા પાળી શકું છું, ગરીબને વસ્ત્રપાત્ર કે અન્ન વગેરે આપી શકું છું, રોગીની સેવા કરી શકું છું, છોકરાંઓને કેળવણી આપી શકું છું વગેરે — એ તો મારામાં છે જ નહિ, — એ એક વાત. બીજી વાત એ કે — હું તો પૂર્ણાનંદઘન જ્ઞાયક દ્રવ્ય જે છું તે જ છું અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારામાં જે ત્રિકાળશુદ્ધ સહજ જ્ઞાન, સહજ સુખ, સહજ વીર્ય આદિ અનંત ગુણો છે તે તેના તે જ છે, જેવા ને તેવા જ છે. ગમે તે ગતિમાં, ગમે તે યોનિમાં કે ગમે તે ભવમાં રખડયો તોપણ મારા ગુણો તો તેવા ને તેવા જ છે. અહા! સમજાય છે કાંઈ? આ તો બધા હીરાના કણિયા છે! અરે! વિશ્વાસ આવવો કઠણ છે બાપુ! અજ્ઞાનદશા વખતે પણ હું શાશ્વત ધ્રુવ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જે છું તે જ હતો; મારામાં જે ગુણો છે તે તેના તે જ હતા, તેવા ને તેવા જ હતા.

**'હું એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારામાં કાંઈ ઘટી ગયું નથી અને દેવના ભવમાં ગયો ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી.'**

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે સાધારણ તથા પ્રત્યેક વનસ્પતિ જેમનું શરીર છે તેઓ એકેન્દ્રિય જીવો છે. સાધારણ વનસ્પતિ અર્થાત્ નિગોદના ભવમાં એક શરીરાશ્રિત અનંત જીવ ભગવાને કહ્યા છે. લસણ, ડુંગળી, સેવાળ વગેરેની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય શરીરો અને તે દરેક શરીરમાં અનંત જીવો હોય છે. નિગોદમાં લબ્ધ્યપર્યાપ્તક વખતે અક્ષરના અનંતમા ભાગપ્રમાણ — જઘન્ય અલ્પ — જ્ઞાનનો વિકાસ હોય છે; તે વખતે પણ વસ્તુનાં દ્રવ્ય ને ગુણ જેવડાં ને તેવડાં જ છે. કોઈ પંડિત કહે છે કે — પર્યાયમાં અશુદ્ધતા આવી તો સાથે સાથે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું. ભાઈ! 'દ્રવ્ય અશુદ્ધ થયું' તે પર્યાયની અપેક્ષાએ કહેવાય, પણ દ્રવ્ય-અપેક્ષાએ દ્રવ્ય અને તેના ગુણ કદી અશુદ્ધ થતાં નથી. પ્રવચનસારમાં 'શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને' એમ આવે છે, પણ એ તો પર્યાય-અપેક્ષાની વાત છે. અશુદ્ધ-દ્રવ્યાર્થિક-નયથી દ્રવ્ય અશુદ્ધ થયું કહેવાય. અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહો, વ્યવહારનય કહો કે પર્યાયનય કહો — બધું એક જ છે. દ્રવ્યને અશુદ્ધ એટલા માટે કહ્યું કે દ્રવ્ય પોતે જ પર્યાય-અપેક્ષાએ અશુદ્ધતારૂપ પરિણમ્યું છે. પરંતુ અશુદ્ધ, પર્યાયપણે થયું છે, દ્રવ્યપણે બિલકુલ નહિ.

પર્યાય-અપેક્ષાએ મારામાં વિભાવ ને અલ્પતા થઈ હોવા છતાં દ્રવ્ય-અપેક્ષાએ મારામાં કાંઈ ઘટ-વધ થઈ નથી, હું તો સદા એકરૂપ પરિપૂર્ણ ચૈતન્ય વિજ્ઞાનઘન છું. બટાટા, શકરકંદ, દૂધી વગેરે એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારા દ્રવ્યસ્વભાવમાં કાંઈ ઘટી ગયું નથી અને દેવ કે ઊંચા મનુષ્યના ભવમાં ગયો ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી, દ્રવ્યસ્વભાવે તો હું સદા જેવો ને તેવો જ પરિપૂર્ણ છું.

**'— આવી દ્રવ્યદૃષ્ટિ તે જ એક ઉપાદેય છે.'**

મારું વિજ્ઞાનઘન ચૈતન્ય દ્રવ્ય જે છે તે જ છે, જેવું ને તેવું જ પરિપૂર્ણ છે; મારા જ્ઞાનાદિ ગુણો પણ જેવા ને તેવા જ પરિપૂર્ણ રહ્યા છે; તેમાં કાંઈ પણ વધઘટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થઈ નથી — આવી જે નિજ પરિપૂર્ણ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યની દૃષ્ટિ તે જ એક ખરેખર ઉપાદેય છે. ઉપાદેય, આશ્રય કરવા યોગ્ય કે આલંબન લેવા યોગ્ય તો એકમાત્ર નિજ ત્રિકાળશુદ્ધ આત્મદ્રવ્ય જ છે. અહા! સમજાણું કાંઈ? અરે! લોકોને તો આ ગાંડા-ઘેલા જેવી વાતો લાગે. લોકો તો ડાહ્યાના દીકરાની જેમ મોટી મોટી વાતો કરે કે — આ તો આમ થાય, આમ કર ને તેમ કર. બાપુ! એ તો બધી વિપરીત માન્યતાઓની વાતો છે, એ કાંઈ જ્ઞાન નથી. વ્રત લો, દયા પાળો, તપસ્યા કરો, ભાઈ! એ બધી તો રાગ ને વિકલ્પની વાતો છે, એ ધર્મ કે ધર્મનું કારણ નથી. ધર્મની દશા અર્થાત્ નિર્મળ પર્યાયનું કારણ તો નિજ ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો આશ્રય કરવો, તેનો જ ઉપાદેય-પણે સ્વીકાર કરવો તે જ છે. અહા! ઉપાદેયભૂત દ્રવ્યસ્વભાવ તો જે છે તે જ છે, જેવો ને તેવો જ પરિપૂર્ણ શુદ્ધ છે. અરે! અલ્પજ્ઞ દશામાં પણ દ્રવ્ય ને ગુણ જેવાં છે તેવાં જ રહ્યાં છે. અરે! આવો વિશ્વાસ કેમ આવે?

**'જાણવું બધું, દૃષ્ટિ રાખવી એક દ્રવ્ય ઉપર.'**

દ્રવ્ય, તેના ગુણો, દ્રવ્યની ને ગુણની પર્યાયો, રાગદ્વેષાદિ વિભાવો, સાધક-બાધક ભાવો વગેરે જાણવું બધું, પણ દૃષ્ટિ તો સદા એક નિજ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર રાખવી. જ્ઞાન જાણે બધું — સ્વ ને પરને, સ્વભાવ ને વિભાવને, અપૂર્ણતા ને પૂર્ણતાને, પણ દૃષ્ટિ તો, તે વખતે પણ, એક નિજ ધ્રુવ શુદ્ધ આત્મામાં જ સદા ચોંટેલી હોય છે. દ્રવ્યસામાન્ય ઉપર જ દૃષ્ટિનો દોર બાંધવાથી સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ વગેરે બધી શુદ્ધિઓ પ્રગટે છે, પર્યાયના આલંબને કાંઈ લાભ ન થાય, ઊલટું મિથ્યાત્વ પોષાય. માટે જાણવું બધું, પણ દૃષ્ટિ તો એક શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવ ઉપર જ જામેલી રાખવી. અહા! સમજાય છે કાંઈ? આ બધું સમજવું પડશે. અરે! એ પૈસા-બૈસાથી — ધૂળથી — આત્માનું કાંઈ નહિ વળે. કલ્યાણ કરવું હોય, શાશ્વત સુખ પ્રાપ્ત કરવું હોય, તો અંદર આત્મામાં આવવું પડશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૬૩

તા. ૨૭-૧૧-૭૮

## વચનામૃત — ૪૦૧

જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે. જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ? અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઇ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઇ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઇને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.' ૪૦૧.

**'જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.'**

જેને પરમાનંદસ્વરૂપ નિજ શુદ્ધ ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકનો અનુભવ થયો હોય તેને જ્ઞાની અર્થાત્ ધર્મી કહીએ. તેને ધ્રુવ સ્વરૂપને — નિજ જ્ઞાયક ભગવાનને — અનુસરીને થતી પરિણતિ — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ દશા — પ્રગટ હોય છે. તેથી ધર્મીનું પરિણમન કહો કે જ્ઞાનીનું પરિણમન કહો — બંને એક જ વાત છે. સ્વભાવ પ્રત્યેનું વલણ થયું, અંતરમાં એકાગ્રતા થઈ અને પરિણતિમાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાનું નિર્મળપણું થયું, તેને જ્ઞાનીનું પરિણમન કહેવાય છે; રાગાદિ વિભાવરૂપ પરિણમન તે કાંઈ જ્ઞાનીનું પરિણમન નથી. રાગાદિભાવ તો વિભાવ છે; તેને જાણનારું જ્ઞાન, જ્ઞાતા-દ્રષ્ટાપણે પરિણમતાં, તેનું જ્ઞાતા જ છે, કર્તા નથી. જેનું વલણ અનાદિથી રાગદ્વેષ ને પુણ્યપાપ ઉપર હતું તેનું તે વલણ ફરીને સ્વભાવ તરફ જાય ત્યારે તેને ધર્મી થયો કહીએ. ધર્મીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.

સમકિત ને આત્મજ્ઞાન જેને થયું હોય તેને આત્મામાં અંદર ઉપયોગનું નિર્વિકલ્પ જોડાણ થાય ત્યારે તેને સ્વાનુભૂતિ થાય. સ્વાનુભૂતિ તો લબ્ધ ને ઉપયોગરૂપ હોય પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમકિતમાં લબ્ધ ને ઉપયોગ એવા ભેદ પડતા નથી. સમકિત તો સતત, જ્ઞાનોપયોગ અંતરમાં હો કે બહારમાં હો, પ્રતીતિરૂપ રહે છે. પરંતુ જેને સતત પ્રતીતિરૂપ પરિણતિ વર્તે છે તેને સ્વરૂપમાં નિર્વિકલ્પ ઉપયોગ જામે તો કેટલા કાળે જામે? નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કોઈને અંતર્મુહૂર્તમાં પણ આવી જાય અને કોઈને મહિને-બે મહિને પણ આવે. પાંચમા ગુણસ્થાનવાળાને તે ઝટ આવે ને છઠ્ઠા ગુણસ્થાનવાળાને ક્ષણે ક્ષણે આવી જાય. અહા! આવી વાત જૈન સિવાય બીજે છે જ કયાં? અનુભવપ્રકાશ, ચિદ્‌વિલાસ વગેરે ગ્રંથોમાં આ વાત આવે છે.

ભૂતાર્થ, સત્યાર્થ ને પરમાર્થ એવી જે ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયક ચીજ તે રાગાદિ વિભાવભાવથી તો કથંચિત્ ભિન્ન છે જ, પણ એક સમયની પર્યાયથી પણ કથંચિત્ ભિન્ન છે. તે સદાશુદ્ધ જ્ઞાયક પરમાત્મામાં — અતીન્દ્રિય આનંદના દળમાં — શ્રદ્ધા-જ્ઞાન-પૂર્વક જેટલી એકાગ્રતા કરે તેટલો તેનો અતીન્દ્રિય આનંદમય અનુભવ આવે. ધર્મીની દશા, વિભાવથી પાછી વળી — અનાદિથી જે પુણ્ય-પાપના વિકલ્પસ્વરૂપ રાગ ઉપર લક્ષ હતું, પર્યાયબુદ્ધિ હતી, તેમાંથી પાછી વળી — સ્વરૂપ તરફ ઢળી રહી છે. અહા! એક વાકયમાં કેટલું સમાડયું છે? પરિણમન એટલે દશા. ધર્મીની દશા વિભાવદશાથી પાછી ફરી સ્વરૂપ તરફ ઢળી રહી છે. સ્વરૂપ એટલે અખંડાનંદ જ્ઞાયક પ્રભુનું ત્રિકાળ-શુદ્ધ નિજ રૂપ. તેના તરફ જ્ઞાનીની દશા — પરિણમન ઢળી રહેલ છે. જ્ઞાની ધર્માત્માનું પરિણમન વિભાવથી — દયા, દાન, પૂજા, ભક્તિ વગેરે તથા શાસ્ત્રશ્રવણ, વાંચન, ચિંતન વગેરેના વિકલ્પોથી પણ — વિમુખ થઈને પોતાના સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.

**'જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.'**

ધર્મીએ અંતરમાં પોતાના આનંદમય નાથને પકડયો અને અનુભવ્યો. હવે તે નિજસ્વરૂપમાં સંપૂર્ણપણે ઠરી જવા તલસે છે. અહા! આવી વાત છે કયાં? અરેરે! આવી વાત વિના જિંદગી ચાલી જાય છે, સંપ્રદાયમાં જ્યાં પડયો હોય ત્યાંની માન્યતા, તેનું યથાર્થપણું માને; સાચું તત્ત્વ કયું છે તે સમજવાની નવરાશ કયાં છે એને? અહીં તો કહે છે કે — જ્યાં સુધી પુણ્ય-પાપ અને દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ આદિના પરિણામ પર રુચિ હતી ત્યાં સુધી પરિણમન વિકારી હતું. હવે રુચિએ ગુલાંટ ખાધી: પૂર્ણાનંદનો નાથ જેને પોસાણમાં, રુચિમાં, દૃષ્ટિમાં આવ્યો તે હવે તેને પર્યાયમાં પરિપૂર્ણ કરવા માગે છે. બીજ ઊગી તે પૂનમ થાય જ. અહા! ધર્માત્મા જીવ પૂર્ણ સ્વરૂપને પરિપૂર્ણ સાધવા — અંદર ઠરી જવા તલસે છે. સાધક છે ને! અંદર એકદમ જામી જવા તલસે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આ વિભાવ ભાવ અમારો દેશ નથી.'....**

શરીર, મન, વાણી એ તો જડ છે, ધૂળ છે, પણ અંદર દયાદાન કે ભક્તિ આદિના જે વિકલ્પ ઊઠે તેને પણ ધર્મી એમ જાણે કે 'આ વિભાવભાવ મારો દેશ નથી.' શ્રીમદ્‌ની દશા પણ એવી હતી. તે એકાવતારી થઈ ગયા છે. તે વર્તમાનમાં વૈમાનિક સ્વર્ગમાં છે; ત્યાંથી ચ્યવી મનુષ્ય થઈ મોક્ષ જવાના છે. પોતે કહી ગયા છે, ને તે યથાર્થ છે —

'અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.'

અહા! સ્વરૂપ એ જ પોતાનો દેશ છે. જ્ઞાનાનંદમય અસંખ્યાત પ્રદેશી આત્મા જ સ્વદેશ છે, તે સિવાય બધો પરદેશ છે. અહીં બહેન કહે છે: આ શુભાશુભ વિભાવભાવ અમારો દેશ નથી.

**'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડયા?'...**

જેમાં અનંત જ્ઞાન-દર્શન-આનંદ-વીર્ય આદિ ભર્યાં છે તે અમારો સ્વદેશ છે; તે સિવાય જેટલા શુભાશુભ વિભાવો ઊઠે તે બધા પરદેશ છે. જ્ઞાનીને અસ્થિરતાને લીધે શુભાશુભ ભાવો આવે, પણ તેને અંતરમાં સદા એમ જ રહ્યા કરે છે કે અરે! આ પરદેશમાં — વિભાવમાં — અમે ક્યાં આવી ચડયા? જુઓને! સર્વજ્ઞ પરમેશ્વરે પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાન્તિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા વગેરે પરિપૂર્ણ ગુણોથી ભરપૂર જે આત્મા કહ્યો તેને ભૂલીને દુનિયા અત્યારે દયા, દાન ને વ્રતના પરિણામને ધર્મ માને છે! ભાઈ! એ તો શુભભાવ છે, વિભાવ છે, પરદેશ છે, ધર્મ નથી. ધર્મીને શુભભાવ આવતાં એમ લાગે છે કે — આ વિભાવભાવ અમારો દેશ નથી; આ પરદેશમાં અમે ક્યાં આવી ચડયા? જેમ કોઈ આર્યજન ઘરમાંથી નીકળી કસાઈખાને ચડી જાય, તેમ અરેરે! અમે તો રાગમાં — પરદેશમાં — આવી ચડયા; આ અમારો દેશ નથી. સમકિતીને રાગ આવે છે પણ તે પરદેશ લાગે છે. નીચલી દશામાં, હજી પૂર્ણપણે વિકાર ટળી ગયો નથી માટે, દયા, દાન, પૂજા, ભક્તિ કે પ્રભુસ્મરણના વિકલ્પો તો આવે છે પણ જ્ઞાનીને તે વખતે પણ અંતરમાં એમ વર્તે છે કે — આ પરદેશમાં — વિકલ્પમાં — અમે ક્યાં આવી ચડયા?

**'અમને અહીં ગોઠતું નથી.'....**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મી જીવને અંદર આત્માના આનંદ આગળ વિકલ્પમાં આવવું ગોઠતું નથી. પંચપરમેષ્ઠીના સ્મરણનો ભાવ પણ શુભરાગ છે, ધર્મીને તે શુભરાગમાં આવવું ગોઠતું નથી. અરે! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ ધર્મીને ગોઠતો નથી, કેમ કે તે પરદેશ છે, આત્માનો સ્વદેશ નથી. જ્યાં અમારે ટકીને સદા રહેવું છે તે જ અમારો દેશ છે. આ વિભાવભાવ અમારો દેશ નથી, પરદેશ છે; આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? અમને અહીં ગોઠતું નથી.

**'અહીં અમારું કોઈ નથી.'....**

અરે! આ વિભાવભાવોમાં — શરીર, વાણી, મન તો નહિ પણ દયા, દાન, ભક્તિ, નામસ્મરણ કે તત્ત્વશ્રવણના જે ભાવ આવે તેમાં — અમારું કોઈ નથી, એ બધા પરભાવ છે, સ્વભાવ નથી. જ્ઞાનાનંદસ્વરૂપ ઝળહળતી જ્યોતિમાંથી નીકળીને વિકલ્પમાં આવ્યા ત્યાં જ્ઞાનીને એમ થાય છે કે અરેરે! આ અમારો દેશ નથી, અમને અહીં ગોઠતું નથી, કેમ કે અહીં અમારું — જ્ઞાન, દર્શન કે સુખ વગેરે — કોઈ નથી. ભલે અસંખ્ય પ્રકારના શુભ વિકલ્પો હોય પણ તેમાં અમારું કોઈ નથી. સ્વભાવમાંથી ખસી અમે આ વિભાવમાં ક્યાંથી આવી ચડ્યા? અરરર! અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી.

**'જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે.'...**

ભગવાન આત્મા જ્ઞાનાદિ અનંત ગુણનો દેશ છે, પણ અહીં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય આદિ મુખ્ય કહ્યા. તે અનંત ગુણ એ જ અમારો પરિવાર છે. એ પરિવાર જ્યાં વસે છે એવું જે નિજ શુદ્ધાત્મદ્રવ્ય તે જ અમારો સ્વદેશ છે. અરે! બાયડી, છોકરાં ને કુટુંબ એ તો ક્યાંય રહી ગયાં, તેઓ તો આત્માનો પરિવાર નથી, પણ દયા, દાન, પૂજા, યાત્રા, શ્રવણ, વાંચન વગેરે શુભભાવ પણ આત્માનો પરિવાર નથી, તેથી તે પરદેશ છે, સ્વરૂપ-સ્વદેશ નથી. જ્ઞાની કહે છે કે જ્યાં અમારો ગુણપરિવાર વસે છે તે જ અમારો દેશ છે. દેવ-શાસ્ત્ર-ગુરુના વિનયનો કે શ્રવણ, વાંચન ને ધ્યાનનો વિકલ્પ આવે તે અમારો દેશ કે પરિવાર નથી. અરે! આ પરદેશમાં અમે ક્યાં આવી ગયા?

અમારો સ્વભાવ ત્રિકાળી છે કે જ્યાં જ્ઞાન, શ્રદ્ધા આદિ અમારો પરિવાર વસે છે. તે જ અમારો સ્વદેશ છે. અહો! અમારો પરિવાર તો આ છે. ભાઈ! આ તો અંતરની વાતો છે. આ વાત સમજે નહિ ને બીજાનું આમ કરો અને તેમ કરો — ગરીબની, રોગીની, કુટુંબની, ગામની ને દેશની સેવા કરો; બીજાનું કલ્યાણ કરો — એમ બહારની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાતોમાં જીવ અટકી જાય છે. ભાઈ! પરંતુ તો તું ધૂળેય કરી શકતો નથી. અહીં તો કહે છે કે જ્ઞાનીને અસ્થિરતાને લીધે જે શુભાશુભ વિકલ્પ આવે તે પણ તેનો દેશ કે પરિવાર નથી. તેનો દેશ ને પરિવાર તો અંદર આત્મામાં છે, બહારમાં કે વિભાવમાં નહિ.

'અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.'...

શુદ્ધ જ્ઞાન, દર્શન, સુખ, વીર્યસ્વરૂપ નિજ આત્મા જે અમારો સ્વરૂપસ્વદેશ છે તે તરફ અમે હવે જઈ રહ્યા છીએ. તે અમારું મૂળ વતન છે. અહા! જુઓ, ધર્મીનો આ દેશ ને મૂળ વતન! લોકો તો સામાયિક, પોસા, પ્રતિક્રમણ કે ચોવિહાર કરીને માની બેસે ધર્મ, પણ ભાઈ! તેમાં ધૂળેય ધર્મ નથી, કષાય મંદ કર્યો હોય તો પુણ્ય છે. જેને અંતરમાં 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ' એવા નિજ જ્ઞાયક પરમાત્માનું દૃષ્ટિ અને જ્ઞાનમાં ગ્રહણ થયું છે તે શુભાશુભ રાગને પરદેશ દેખે છે; રાગનો ભાવ નબળાઈને લઈને આવે પણ તેને ત્યાં રુચતું નથી, ગોઠતું નથી, ગમતું નથી. તે તો સતત વર્તતા અન્તર્મુખ પુરુષાર્થ વડે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યો છે. નિયમસારમાં કહ્યું છે ને —!

નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,
ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.

અહા! નિજ શુદ્ધાત્માની અનુભૂતિરૂપ જ્ઞાન જ તારો નિધિ છે. તે નિજ નિધિને પામીને એકલો રહેજે, એકાન્તમાં રહીને ભોગવજે; બહારમાં બણગાં ફૂંકીશ નહિ, કોઈ સાથે વાદવિવાદ કરીશ નહિ, બહારમાં ઢંઢેરો કરીશ નહિ કે અમે સમકિતી ને જ્ઞાની છીએ. જેમ રૂપિયાના નિધિવાળા પાસે ગરીબગરબાં કે સંસ્થાવાળા માગવા આવે તેમ, જો તારા જ્ઞાનનિધિનો ઢંઢેરો કરીશ તો, લોકો 'અમને કંઈક કહો ને, અમને ઉપદેશ આપી કંઈક સમજાવો ને' એમ તારી સાધનામાં વિક્ષેપ નાખશે અને એ રીતે એ સંગમાં તને વિકલ્પો આવશે. સમજાણું કાંઈ? અહા! જુઓ આ વાણી, વચનામૃત!

વચનામૃત વીતરાગનાં, પરમ શાન્ત રસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.
—ગુણવંતા રે જ્ઞાની! અમૃત વરસ્યાં પંચમ કાળમાં.

અહા! પરમ શાન્ત રસનું કારણ એવાં જે વીતરાગનાં વચનામૃત તે એક જ ભવરોગ મટવાની દવા છે, પરંતુ કાયરને તે પ્રતિકૂળ લાગે છે. આત્માને ભૂલીને વ્રત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તપ તથા શાસ્ત્રાભ્યાસ વગેરે બહિર્લક્ષી ઉદ્યમ કરે છે પણ અંદર આત્માના સ્વરૂપને સમજવાનો સાચો પુરુષાર્થ કરતો નથી. જ્ઞાની તો કહે છે કે — અમે તો, સ્વરૂપનું યથાર્થ ગ્રહણ કર્યું હોવાથી, હવે અમારા સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.

**" અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.' "**

'અમારા મૂળ વતનમાં' — અહા ! કેવી સાદી ગુજરાતી ભાષા ? અનંત જ્ઞાન, અનંત રમણતા, અનંત આનંદ, અનંત વીર્ય — તે અમારું મૂળ વતન છે. અમારે ત્વરાથી ત્યાં જઈને નિરાંતે વસવું છે. રાગમાં આવતાં તો વિકલ્પ થાય છે, દુઃખ થાય છે, તે અમારું વતન નથી. અરે, ભાઈ! તારો આત્મા કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? ક્યાં જવાનો છે ? તેને કોનું શરણ છે ? — એનો કોઈ દી વિચાર કર્યો છે ? શાશ્વત શરણનો દાતા તો પોતાનો જ્ઞાયક આત્મા જ છે; ત્યાં તારી નજર પડતાં તને શરણ મળશે. ધ્રુવ સ્વભાવના આશ્રયે નજર ઠરશે, અધ્રુવ શુભાશુભ વિભાવના આશ્રયે નજર ઠરશે નહિ, ટકશે નહિ. જ્ઞાની એમ ભાવના ભાવે છે કે અમારે તો અમારા દેશમાં — જ્યાં અતીન્દ્રિય જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે અનંત ગુણોનો સાગર ઊછળે છે, જે અનંત શક્તિનું સંગ્રહાલય — ગોદામ છે, એવા અમારા સ્વરૂપસ્વદેશમાં — જઈને નિરાંતે વસવું છે; વિકલ્પમાં આવતાં તો આકુળતા થાય છે, તે અમારું મૂળ વતન નથી, ત્યાં અમને ગોઠતું નથી. અહા ! આવી વાતો છે.

અતીન્દ્રિય આનંદ એ જ અમારું વતન છે, ત્યાં જઈને અમારે નિરાંતે વસવું છે. જ્યાં બધાં — જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, શ્રદ્ધા વગેરે બધાં — અમારાં છે. વિભાવ — અણુવ્રત કે મહાવ્રતના વિકલ્પ — એ કાંઈ અમારો દેશ નથી. વિકલ્પો તો રાગાદિ વિભાવમય છે અને અમારો દેશ — અમારું વતન તો જ્ઞાન ને આનંદમય છે. શ્રીમદ્ કહે છે : અમારે હજુ એકાદ ભવ કરવો પડશે, પછી અમે અમારા પૂર્ણાનંદમય સ્વરૂપ-સ્વદેશમાં — મૂળ વતનમાં — જઈને આનંદથી રહેશું. જ્ઞાન ને આનંદ એ જ અમારું મૂળ વતન છે, બાકી રાગાદિ વિકાર તો પરદેશ છે. અહા ! બહેનના ૪૦૧મા બોલમાં બહુ સરસ વાત આવી છે. એમના અનુભવમાંથી આ વાણી આવી છે. આ બોલ તો હૃદયમાં કોતરી લેવા જેવો છે.

— * —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૪૦૨

જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે એવું છેલ્લી પરાકાષ્ઠાનું ધ્યાન તે ઉત્તમ પ્રતિક્રમણ છે. આ મહા મુનિરાજે એવું પ્રતિક્રમણ કર્યું કે દોષ ફરીને કદી ઉત્પન્ન જ ન થાય; છેક શ્રેણિ માંડી દીધી કે જેના પરિણામે વીતરાગતા થઈને કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો ! અંતર્મુખતા તો ઘણી વાર થઈ હતી, પણ આ અંતર્મુખતા તો છેલ્લામાં છેલ્લી કોટિની ! આત્મા સાથે પર્યાય એવી જોડાઈ ગઈ કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ, પાછો કદી બહાર જ ન આવ્યો. જેવો ચૈતન્યપદાર્થને જ્ઞાનમાં જાણ્યો હતો તેવો જ તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો. ૪૦૨.

'જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે એવું છેલ્લી પરાકાષ્ઠાનું ધ્યાન તે ઉત્તમ પ્રતિક્રમણ છે.'

એક સમયમાં ત્રણ કાળ ને ત્રણ લોકને પ્રત્યક્ષ જાણે એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે એવું જે ઊંચામાં ઊંચું ધ્યાન — નિજ પૂર્ણાનંદના નાથને, જ્ઞાયક ધ્રુવ ધ્યેયને, ધ્યાનનો વિષય બનાવીને પરિણતિનું અંતરમાં જોડાઈ જવું — તે ઉત્તમ પ્રતિક્રમણ છે. અહા ! આનું નામ ઉત્તમ પતિક્રમણ છે. 'तस्स भंते पडिक्कमामि...मिच्छा म्मि दुक्कडं' એવા ગડિયા તો અનંત વાર ગણ્યા; એ કાંઈ પ્રતિક્રમણ નથી. જેનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એવું જે ઉત્તમ ધ્યાન તે જ સાચું ઉત્તમ પ્રતિક્રમણ છે. પતિક્રમણ એટલે પાછું ફરવું. શુભાશુભ વિભાવથી પાછા ફરીને સ્વરૂપમાં ઠળી જવું — જામી જવું તે પ્રતિક્રમણ છે. અરે ! હજુ તો પ્રતિક્રમણ કોને કહેવાય એની પણ ખબર ન મળે. એક વાર બોટાદમાં કહ્યું હતું કે — અનુભવ એ કોઈ અદ્‌ભુત ચીજ છે ! સાંભળીને સાથે રહેનારા સંપ્રદાયના એક સાધુએ કહ્યું : અનુભવ-બનુભવ આપણે જૈનમાં ન હોય, વેદાન્તમાં હોય. અરે ! સાધુ થઈને પણ અનુભવની ખબર ન મળે, શું થાય ? સ્વાનુભૂતિ એ જ જૈનધર્મ છે, જૈનધર્મ સિવાય બીજે ક્યાંય સાચી સ્વાનુભૂતિ હોઈ શકે જ નહિ. સ્વરૂપમાં ઠળી જવું અર્થાત્ સ્વાનુભૂતિ તે જ સાચું પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણના સ્વરૂપની ખબર ન મળે ને બિચારા સવાર-સાંજ બહારની ક્રિયા ને રાગની મજૂરી કરીને મિથ્યાત્વ પોષે. અહીં તો કહે છે કે — પૂર્ણસ્વરૂપ ભગવાન જ્ઞાયક આત્માના આશ્રયે, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે એવું જે છેલ્લી હદનું ઊંચું ધ્યાન તે ઉત્તમ પ્રતિક્રમણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આ મહા મુનિરાજે એવું પ્રતિક્રમણ કર્યું કે દોષ ફરીને કદી ઉત્પન્ન જ ન થયા; છેક શ્રેણિ માંડી દીધી કે જેના પરિણામે વીતરાગતા થઈને કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો !'**

પરિપૂર્ણ આનંદનો ભંડાર એવી ઠેઠની—ઊંચી વાત લીધી છે ને ! માખી જેમ સાકરના ગાંગડે બેઠી અને રસ ચૂસવામાં ચોંટી ગઈ—**લીન** થઈ ગઈ, તેમ આ મહા મુનિરાજે એવું પ્રતિક્રમણ કર્યું—આનંદકંદ નિજ ભગવાન જ્ઞાયક આત્મામાં સ્વરૂપ-રમણતાની એવી જમાવટ કરી—કે દોષ ફરીને કદી ઉત્પન્ન જ ન થયા, ફરી વિકલ્પમાં આવ્યા જ નહિ અને કેવળજ્ઞાનસ્વરૂપ પરિપૂર્ણ દશાની પ્રાપ્તિ કરી. અહા ! જેનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તેવી સ્વરૂપસ્થિરતારૂપ ઉગ્ર દશાને ઉત્તમ પ્રતિક્રમણ કહે છે. અરે ! 'જૈન' નામ ધરાવીને ય પ્રતિક્રમણ શું કહેવાય એની ખબરે ય ન મળે ! પ્રતિક્રમણ શી વસ્તુ છે ?—એ વાતેય હજુ લોકોએ સાંભળી નથી ત્યાં ખબર ક્યાંથી લાવે ? ખબર વિના રખડશે ચાર ગતિમાં. મુનિરાજ તો રાગથી પાછા ફરીને સ્વરૂપના ધ્યાનમાં એવા જામી જાય કે ફરીથી રાગમાં આવવાનું બને જ નહિ ને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ જાય. અહા ! એનું નામ ઉત્તમ પ્રતિક્રમણ છે.

અનાદિથી જે એકાગ્રતા રાગમાં ને પુણ્યમાં પડી છે તે તો આર્ત ને રૌદ્રસ્વરૂપ મિથ્યા ધ્યાન છે. જે ધ્યાનદશા પૂર્ણાનંદસ્વરૂપ નિજ અખંડ પરમાત્માને, અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલા નિજ જ્ઞાયકદેવને, ધ્યાવે છે—ધ્યાનના વિષયભૂત કરે છે—તેને ઉત્તમ પ્રતિક્રમણ કહે છે. તે દશાએ પરિણમેલા મુનિરાજ સ્વરૂપમાં એવા ઠરી ગયા કે હવે તેમને દોષની—વિકલ્પની ઉત્પત્તિ થશે નહિ. તેમણે તો છેક શ્રેણિ—શુદ્ધિની ઉગ્ર ધારા—માંડી દીધી કે જેના પરિણામે પૂર્ણ વીતરાગતા થઈને અંતરમાંથી કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો ! જ્ઞાન ને આનંદસ્વરૂપ નિજ ભગવાન આત્મામાં જે ઉગ્ર એકાગ્રતાની અપ્રતિહત ધારા જામે તેને ક્ષપકશ્રેણિ કહે છે. આ મહા મુનિરાજે ક્ષપકશ્રેણિ માંડી દીધી કે જેના ફળરૂપે પરિપૂર્ણ વીતરાગતા થઈને કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો. અહા ! ઉત્કૃષ્ટ દશાની વાત છે.

ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવે જ્ઞાનનો સાગર છે, આનંદનો ઉદધિ છે, પ્રભુતાનો પિંડ છે શાન્તિનો સાગર છે; તેના તરફ ધ્યાનની અપ્રતિહત ધારા જામતાં અંદર પર્યાયમાં ભરતી આવીને કેવળજ્ઞાનનો આખો મહાસાગર ઊછળ્યો; દ્રવ્યમાં શક્તિરૂપે જેવું પૂર્ણરૂપ છે તેવી અંદર પર્યાયમાં પૂર્ણતાની ભરતી આવી. અરે ! હજી તો ઘણાને શ્રદ્ધા શું ? સમક્તિ શું ? તેની યે ખબર નથી; દેવ-શાસ્ત્ર-ગુરુને માનો તે સમકિત ! પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! એવું તો અનંત વાર માન્યું છે, એ તો શુભ રાગ છે. છ દ્રવ્ય ને નવ તત્ત્વના ભેદને માનો તે પણ રાગ છે. એક અભેદ ધ્રુવ જ્ઞાયક એવું જે નિજ પરમાત્મતત્ત્વ — જેની આગળ સિદ્ધપર્યાય પણ કીમતી નથી એવો જે પૂર્ણાનંદનો નાથ, એ પણ જિનેશ્વરદેવે કહ્યો એવો — તેને ધ્યાનનો વિષય બનાવવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે, ભગવાન આત્મા પર્યાયે કેવળજ્ઞાનના સાગરરૂપે ઊછળે છે. સર્વજ્ઞશક્તિ ઊછળીને પર્યાયમાં સર્વજ્ઞદશા થાય છે.

**'અંતર્મુખતા તો ઘણી વાર થઈ હતી, પણ આ અંતર્મુખતા તો છેલ્લામાં છેલ્લી કોટિની!'**

પરિણતિ શ્રદ્ધા-અપેક્ષાએ અંતર્મુખ તો સમ્યગ્દર્શન થતાં વેંત જ થઈ જાય છે, અહીં તો સ્થિરતા-અપેક્ષાની અંતર્મુખતાનું કથન છે. અંતરમાં જે ત્રિકાળશુદ્ધ જ્ઞાયક પ્રભુ છે તેની દૃષ્ટિ થઈને, મુનિરાજને તેના તરફ સ્થિરતારૂપ વલણ — અંતર્મુખતા — વારંવાર થયેલ; પણ આ વલણ એવું ઉત્કૃષ્ટ થયું કે જેના ફળરૂપે પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈને કેવળજ્ઞાનની ભરતી આવી! પહેલાં અંતર્મુખતા તો ઘણી વાર થઈ હતી, પણ તેમાં પૂર્ણપણે ઠરી શકાતું નહોતું, તેથી વૃત્તિ પાછી બહાર આવી જતી હતી. હવે આ અંતર્મુખતા તો એવી થઈ કે છેલ્લામાં છેલ્લી કોટિની!

**'આત્મા સાથે પર્યાય એવી જોડાઈ ગઈ કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ, પાછો કદી બહાર જ ન આવ્યો.'**

અહો! આત્મા તે **શી** વસ્તુ છે બાપુ! સાક્ષાત્ ધ્રુવ પરમાત્મસ્વરૂપ. દ્રવ્યસ્વરૂપ, જિનસ્વરૂપ જે નિજ ત્રિકાળશુદ્ધ જ્ઞાયકતત્ત્વ છે તે જ 'આત્મા' છે. તેની સાથે તેની વર્તમાન સાધનારૂપ પર્યાય એવી જોડાઈ ગઈ, એવી જડાઈ ગઈ, કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ, પાછો કદી બહાર જ ન આવ્યો. ઉપયોગે અંતર્મુખ થઈને આત્માની એવી સેવા કરી, જ્ઞાયકની એવી ઉપાસના કરી કે તે કદી પાછો હઠ્યો જ નહિ, પાછો ખસ્યો જ નહિ. દશા દશાવાન સાથે એવી જોડાઈ ગઈ કે પછી તે બહાર વિકલ્પમાં આવી જ નહિ. જેનો ઉપયોગ અંદરમાં ને અંદરમાં ઠરી જાય તેને કેવળજ્ઞાન ને સિદ્ધપદ થાય, તેનો ઉપયોગ કદી બહાર આવે જ નહિ.

**'જેવો ચૈતન્યપદાર્થને જ્ઞાનમાં જાણ્યો હતો તેવો જ તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો.'**

જેનો સ્વભાવ ધ્રુવ જ્ઞાયક છે એવો આ આત્મા અનાદિથી ક્ષણિક પર્યાયની રમતોમાં પડ્યો છે પણ વિનાશશીલ વર્તમાન પર્યાયની પાછળ જે અનંત મહિમાવંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયક ધ્રુવ દ્રવ્ય સદા સામર્થ્યભરપૂર પડ્યું છે તેને, અજ્ઞાનને લીધે, તે જોતા નથી. જ્ઞાની જીવે તો જ્ઞાનાદિ અનંત સામર્થ્યથી ભરપૂર એવા નિજ ચૈતન્ય-પદાર્થને જ્ઞાનમાં જેવો જાણ્યો હતો તેવો જ તેને વર્તમાન પર્યાયમાં પ્રસિદ્ધ — પ્રગટ કરી લીધો છે. અહા! પેરેગ્રાફ એકદમ ઊંચો છે.

કોઈ દયા, દાન, વ્રત, તપ વગેરે બાહ્ય ક્રિયાથી કે શુભરાગથી નહિ પણ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ ચૈતન્યપદાર્થનું યથાર્થ ગ્રહણ ને તેમાં લીનતા કરવાથી તે, પર્યાયમાં પરિપૂર્ણ પ્રસિદ્ધ થયો છે. જેવી પરિપૂર્ણ આત્મવસ્તુ છે તેવી જાણીને અંતરમાં ધ્યાન લગાવતાં વર્તમાન પર્યાયમાં તે પ્રસિદ્ધ થઈ ગઈ. પૂર્ણ આત્મખ્યાતિ થઈ તેનું નામ કેવળજ્ઞાન ને મોક્ષ છે. મનુષ્યપણું કે ઉત્તમ સંહનન છે માટે કેવળજ્ઞાન થાય તે વાત ઊડી ગઈ. પૂર્ણાનંદસ્વરૂપ ચૈતન્યપદાર્થને જ્ઞાનમાં જેવો છે તેવો ગ્રહણ કરીને તેમાં ધ્યાનની ધારા લગાવવાથી કેવળજ્ઞાન થાય છે, ચૈતન્યપદાર્થ પર્યાયમાં પૂર્ણ-પણે પ્રસિદ્ધ થાય છે — પ્રાપ્ત થાય છે. પૂર્ણતા પ્રગટ થઈ; ક્યાંથી? અંતરમાં સ્વભાવ હતો તેના આશ્રયથી. અહા! ઊંચા પ્રકારની આ વાત છે.

— ✱ —

## વચનામૃત — ૪૦૩

**જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે સમુદ્રમાં ભરતી આવે છે, તેમ મુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી આત્મસમુદ્રમાં ભરતી આવે છે; — વૈરાગ્યની ભરતી આવે છે, આનંદની ભરતી આવે છે, સર્વ ગુણપર્યાયની યથાસંભવ ભરતી આવે છે. આ ભરતી બહારથી નહિ, ભીતરથી આવે છે. પૂર્ણ ચૈતન્યચંદ્રને સ્થિરતાપૂર્વક નિહાળતાં અંદરથી ચેતના ઊછળે છે, ચારિત્ર ઊછળે છે, સુખ ઊછળે છે, વીર્ય ઊછળે છે — બધું ઊછળે છે. ધન્ય મુનિદશા! ૪૦૩.**

‘જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે સમુદ્રમાં ભરતી આવે છે, તેમ મુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી આત્મસમુદ્રમાં ભરતી આવે છે; — વૈરાગ્યની ભરતી આવે છે, આનંદની ભરતી આવે છે, સર્વ ગુણપર્યાયની યથાસંભવ ભરતી આવે છે.’

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરિયાનો કુદરતે એવો સ્વભાવ છે કે પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રના યોગે તેમાં પૂરી ભરતી આવે. અગિયારશ, બારશ, તેરશ વગેરે દિવસે તેના પ્રમાણમાં ભરતી હોય છે. પરંતુ પૂરી ભરતી તો પૂનમે જ હોય. ચંદ્રને ને ભરતીને એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. ચંદ્ર તો નિમિત્તમાત્ર છે, સમુદ્ર પોતે મધ્યબિંદુમાંથી ઊછળીને સ્વયં ભરતી આવે છે. મુનિરાજને પણ પૂર્ણ જ્ઞાયકચંદ્રના એકાગ્ર અવલોકનથી — એકાગ્ર સંચેતન થી આત્મ-સમુદ્રમાં વૈરાગ્ય, આનંદ વગેરે બધા ગુણોની પર્યાયોમાં યથાસંભવ ભરતી આવે છે. અહો ! મુનિ કોને કહીએ બાપુ ! હાલમાં તો સમકિતનાં પણ ઠેકાણાં ન મળે અને થઈ બેઠા મુનિ. અરે ! નગ્ન થઈ ગયા માટે મુનિપણું આવી ગયું — એમ નથી. અંતરમાં આનંદના નાથને — નિજ જ્ઞાયકદેવને — જાગ્રત કરી જેને આનંદનું વેદન પ્રચુરપણે વધી ગયું હોય તેને મુનિદશા કહીએ. વસ્ત્ર-પાત્રધારી તો મુનિ છે જ નહિ, તેઓ તો મુનિ-નામધારી, ગૃહીતમિથ્યાદૃષ્ટિ કુલિંગી છે, અને તેમને મુનિ માનવાવાળા જીવો પણ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. તેઓ તો ઠીક, પણ જેમણે મુનિદશાનું બાહ્ય સાચું લિંગ — નગ્નપણું — ધારણ કર્યું છે પણ અંદર સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ વગેરે પરિણતિ પ્રગટ કરી નથી, તેમના સ્વરૂપની પણ ખબર નથી, તે બધા દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ છે. અહો ! આકરી વાત છે બાપુ ! છાશ લેવા જાય ને દોણી સંતાડે તો ન ચાલે, તેમ મારગ જોઈતો હોય તો સત્ય સંતાડયે ન ચાલે, સત્યને સ્પષ્ટપણે સમજવું જોઈએ.

સમુદ્રમાં જે પૂર્ણ ભરતી આવે છે તેમાં પૂર્ણિમાનો ચંદ્ર માત્ર નિમિત્ત છે, ભરતી સમુદ્રના પોતાના કારણે આવે છે; પરંતુ મુનિરાજને આત્મસમુદ્રમાં જે ભરતી આવે છે તે પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી — ચૈતન્યચંદ્રના ઉગ્ર આશ્રયથી આવે છે. દૃષ્ટાન્તમાં પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર ભરતીમાં નિમિત્તકારણ છે અને સિદ્ધાન્તમાં મુનિરાજનો પૂર્ણ ચૈતન્યચંદ્ર આત્મસમુદ્રમાં ભરતીનું આશ્રયકારણ છે. ત્રિકાળશુદ્ધ ચૈતન્યદ્રવ્યના આશ્રયે જ ભરતી અર્થાત્ શુદ્ધિની વૃદ્ધિ થાય છે.

પૂર્ણ ચૈતન્યચંદ્રના ઉગ્ર આશ્રયે — એકાગ્ર અવલોકનથી આત્મસમુદ્રમાં શાની ભરતી આવે છે ? વૈરાગ્યની ભરતી આવે છે, અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે, અતીન્દ્રિય શાન્તિની ભરતી આવે છે, બધા ગુણોની પર્યાયોમાં યથાસંભવ ભરતી આવે છે. સમુદ્રમાં ભરતી વખતે મોજાં જેમ કાંઠે આવે, તેમ આત્મામાં શુદ્ધિની ભરતી વખતે વૈરાગ્ય, આનંદ, શાંતિ, સમાધિનાં મોજાં પર્યાયમાં આવે છે, એટલે કે ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી પર્યાયમાં વૈરાગ્ય, આનંદ, શાન્તિ, સમાધિ વગેરેની વૃદ્ધિ થાય છે. અહો ! આવી ચીજ છે. અરે ! તેને સમજવાનાં કે તેના નિર્ણયનાં પણ ઠેકાણાં ન મળે, એના શા સરવાળા ? આ સમજ્યા વગર મરીને કયાંય ચાલ્યો જશે, કયાંય એનો પત્તો નહિ મળે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર અવલોકનથી બધા ગુણોની પર્યાયમાં યથાસંભવ ભરતી આવે છે, પણ તેમાં વૈરાગ્ય અને આનંદ એ બે મુખ્ય લીધા. ભરતી પર્યાયમાં આવે છે હોં, ત્રિકાળી ધ્રુવ ગુણમાં નહિ. જેટલી એકાગ્રતા તેના પ્રમાણમાં બધા ગુણોની પર્યાયમાં યથાસંભવ નિર્મળતા વધે છે.

**'આ ભરતી બહારથી નહિ, ભીતરથી આવે છે.'**

ધ્રુવ ચૈતન્યસ્વભાવના આશ્રયે સર્વ ગુણોની પર્યાયમાં જે યથાસંભવ ભરતી આવે છે તે બહારથી આવતી નથી, અંતરમાંથી આવે છે. હજારો નદીઓનાં પાણીથી ને સો ઈંચ વરસાદથી સમુદ્રમાં ભરતી આવતી નથી, પણ સમુદ્ર અંદર મધ્યબિન્દુએ ઊછળવાથી ભરતી આવે છે; તેમ આત્મસમુદ્રમાં જ્ઞાનની ભરતી બહારથી — શાસ્ત્રો ભણવાથી, વાણી સાંભળવાથી કે બહારનાં જાણપણાં કરવાથી — આવતી નથી, શ્રદ્ધાની ભરતી દેવ-શાસ્ત્ર-ગુરુ કે તત્ત્વના વિકલ્પોથી આવતી નથી, ચારિત્રની ભરતી વ્રત, સંયમ, ઉપવાસ વગેરે બાહ્ય ક્રિયાકાંડ કે શુભ વિકલ્પોથી આવતી નથી; પરંતુ અંતરમાંથી, ધ્રુવ જ્ઞાયક દ્રવ્ય-સ્વભાવનો ઉગ્ર આશ્રય લેવાથી, આવે છે. આત્માનાં દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે ગુણો બહારમાં નથી કે જેથી તેમની પર્યાયમાં ભરતી બહારથી આવે; તે બધા ગુણો આત્મામાં છે; તેથી તેમની પર્યાયમાં નિર્મળતાની ભરતી અંદર આત્મામાંથી આવે છે, બહારથી નહિ. અહા! આવું વસ્તુસ્વરૂપ છે.

**'પૂર્ણ ચૈતન્યચંદ્રને સ્થિરતાપૂર્વક નિહાળતાં અંદર ચેતના ઊછળે છે, ચારિત્ર ઊછળે છે, સુખ ઊછળે છે, વીર્ય ઊછળે છે — બધું ઊછળે છે.'**

પૂર્ણ જ્ઞાયકચંદ્રને શ્રદ્ધા, જ્ઞાન ને અંશે સ્થિરતાપૂર્વક તો સમ્યગ્દૃષ્ટિ ને શ્રાવક પણ નિહાળે છે, પરંતુ મુનિરાજ તો તેને સંયમની ઉગ્ર સ્થિરતાપૂર્વક નિહાળે છે. પૂર્ણ ચૈતન્યચંદ્રને ઉગ્ર સ્થિરતાએ નિહાળતાં આત્મસમુદ્રમાં ચેતના ઊછળે છે, ચારિત્ર ઊછળે છે, શાન્તિ ઊછળે છે, ધૈર્ય ઊછળે છે, આનંદ ઊછળે છે, વીર્ય ઊછળે છે — બધા ગુણોની પર્યાયોમાં નિર્મળતાની ભરતી આવે છે, બધું ઊછળે છે.

**'ધન્ય મુનિદશા!'**

અહા! સ્વરૂપસ્થિરતારૂપ ઝૂલામાં ઝૂલતા એ મુનિરાજની આત્મલીનતાની શી વાત? એ તો કોઈ અદ્‌ભુત દશા છે. મુનિરાજનું સર્વ પ્રવર્તન કેવળ આત્મામય જ છે. બહેન કહે છે: ધન્ય તે મુનિદશા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૬૪

તા. ૨૮–૧૧–૭૮

## વચનામૃત — ૪૦૪

**પરથી ભિન્ન જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરી, વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિશ્રુતના વિકલ્પો તૂટી જાય છે, ઉપયોગ ઊંડાણમાં ચાલ્યો જાય છે અને ભોંયરામાં ભગવાનનાં દર્શન પ્રાપ્ત થાય તેમ ઊંડાણમાં આત્મભગવાન દર્શન દે છે. આમ સ્વાનુભૂતિની કળા હાથમાં આવતાં, કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે, કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે. ૪૦૪.**

**'પરથી ભિન્ન જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરી, વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિશ્રુતના વિકલ્પો તૂટી જાય છે, ઉપયોગ ઊંડાણમાં ચાલ્યો જાય છે અને ભોંયરામાં ભગવાનનાં દર્શન પ્રાપ્ત થાય તેમ ઊંડાણમાં આત્મ-ભગવાન દર્શન દે છે.'**

સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, સ્વાનુભૂતિ પ્રગટ કરવી હોય, નિજ શુદ્ધ ભગવાન આત્માનાં દર્શન કરવાં હોય, તો તે કેમ થાય, તેની આ વાત છે. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. દેહ, ઇંદ્રિય, સ્ત્રી, પુત્ર, લક્ષ્મી વગેરે પરપદાર્થોથી ભિન્ન, દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે ધર્મનાં નિમિત્તોથી ભિન્ન, શુભાશુભ રાગથી પણ સ્વભાવે ભિન્ન, અરે ! એક સમયની પર્યાયના લક્ષે વિકલ્પ થતા હોવાથી તે આશ્રય લેવા યોગ્ય નથી માટે તે અપેક્ષાએ તેનાથી પણ ભિન્ન, — એવા ત્રિકાળશુદ્ધ નિજ ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો અંતરમાં યથાર્થ મહિમા લાવી, દૃઢ નિર્ણય કરી, તેની ભિન્નતાનો વારંવાર અભ્યાસ કરતાં કરતાં ભગવાન આત્માનું સમ્યક્ દર્શન થાય છે, આત્માની અનુભૂતિ પ્રગટ થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રંગ, રાગ ને ભેદથી ભિન્ન નિજ જ્ઞાયકસ્વભાવની અંદર પ્રતીતિ કરવાથી ભેદજ્ઞાન, સ્વાનુભૂતિ ને આત્મદર્શન થાય છે. રંગમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળાં કર્મ ને શરીરાદિ બધાં પરદ્રવ્ય આવી ગયાં, રાગમાં શુભાશુભ સમસ્ત વિભાવો આવી ગયા, ને ભેદમાં ક્ષણપરિણામી પર્યાય ને ગુણભેદ પણ આવી ગયા; એ બધાંથી ભિન્ન નિજ અભેદ ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો અંતરમાં બરાબર નિર્ણય કરી, વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિશ્રુતજ્ઞાનના વિકલ્પો તૂટીને અંદર ભગવાન આત્માનો સાક્ષાત્કાર થાય છે, નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. પરથી અત્યંત ભિન્ન અને વિભાવથી રહિત 'હું પરિપૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ દ્રવ્ય છું' એમ ભલે પહેલાં વિકલ્પ સહિત નિર્ણય કરે, પણ એ ભિન્નતાનો — ભેદજ્ઞાનનો — વારંવાર અભ્યાસ કરતાં કરતાં મતિશ્રુતના — ભેદ-વિચારના — વિકલ્પો તૂટી જાય છે, ઉપયોગ અંદર ઊંડાણમાં ચાલ્યો જાય છે અને જેમ ભોંયરામાં ભગવાનનાં દર્શન પ્રાપ્ત થાય તેમ ઊંડાણમાં ભગવાન આત્માનાં દર્શન થાય છે, તેની નિર્મળ અનુભૂતિ પ્રગટ થાય છે. અહા! આવી વાત છે, માર્ગ બહુ અપૂર્વ છે.

ઉપયોગ અંદર ઊંડાણમાં ચાલ્યો જાય છે એટલે કે મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનનો વર્તમાન વ્યાપાર, ભોંયરામાં જેમ ઉપરથી નીચે જાય તો ભગવાનનાં દર્શન થાય તેમ, પર્યાયની નીચે જે ધ્રુવ જ્ઞાયક તળ છે તેમાં ચાલ્યો જાય છે અને ત્યાં નિજ આત્મભગવાનનાં દર્શન થાય છે, આત્માનુભૂતિ પ્રગટ થાય છે. આવી નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ થાય, ત્યારે જ જ્ઞાયકભગવાન પૂર્ણ છે તેનું યથાર્થ ભાન થાય છે. કેટલાક કહે છે: નિશ્ચય તો સિદ્ધભગવાનને જ હોય, નીચે સાધકદશામાં તો એકલો વ્યવહાર જ હોય. ભાઈ! અહીં તો કહે છે કે જે પર્યાય પરથી ને રાગથી ભિન્ન પડીને અંદર સ્વમાં વળી તે જ સ્વાશ્રયરૂપ નિશ્ચય છે; પછી ભલે તે નીચલી ભૂમિકામાં મંદ સ્વાશ્રયરૂપ ધર્મધ્યાન હોય કે ઉપરની ભૂમિકામાં ઉગ્ર સ્વાશ્રયરૂપ શુકલધ્યાન હોય. ઉપર કે નીચે સ્વના — જ્ઞાયકના — આશ્રયરૂપ નિશ્ચયપરિણતિ તો છે જ, અને ત્યારે તો તેને મોક્ષમાર્ગ થયો કહેવાય છે. નિયમસારમાં આવે છે ને! — 'સ્વાશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન'. ધર્મ એટલે શુભભાવ નહિ, પણ ધર્મીને એટલે કે આત્માને જ્ઞાનાનંદસ્વરૂપ નિજ સ્વભાવમાં, પુણ્ય-પાપરૂપ વિભાવથી બચાવીને, સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાપૂર્વક ધારી રાખવો તે ધર્મ છે. સ્વભાવમાં એકાગ્ર થવાને ધર્મધ્યાન કહે છે.

સીધી વાત છે: સ્વનો — ચૈતન્યમૂર્તિ નિજ દ્રવ્યસ્વભાવનો — આશ્રય લેવો તે નિશ્ચય છે; જેટલો પરનો — દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરેનો — આશ્રય લેવાય તે વ્યવહાર છે, વિકલ્પ છે, રાગ છે. નિયમસારમાં ઠેકઠેકાણે — પરમાર્થ-પ્રતિક્રમણ, નિશ્ચય-પ્રત્યાખ્યાન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચય-પ્રાયશ્ચિત્ત, નિશ્ચય-આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેમાં — 'સ્વાશ્રિત તે નિશ્ચય' એમ નિશ્ચય, નિશ્ચય ને નિશ્ચયનો પોકાર કર્યો છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ પોતે કહે છે કે આ નિયમસારશાસ્ત્ર મેં મારી ભાવના માટે રચ્યું છે. આવી વાત છે ભાઈ! આવાં ટાણાં ક્યાંથી મળે? અને મળ્યાં ત્યારે આવું (વિરોધ) કરે! તેનું પરિણામ આકરું આવશે ભાઈ! આ વાતનો જેમ છે તેમ, ભલે વિકલ્પથી પણ, પ્રથમ જ્ઞાનમાં નિર્ધાર તો કર.

વર્તમાન પર્યાય જે પ્રગટ છે તેને અંતર્મુખ વાળતાં પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્માનાં દર્શન થાય છે, તેનું ભાન થાય છે. ભોંયરામાં ભગવાનનાં દર્શન થાય, તેમ ઊંડાણમાં — પર્યાયની સમીપમાં ઊંડે ધ્રુવ દળ, જ્ઞાયક અન્તરાત્મા છે તેમાં — ઉપયોગને વાળતાં આત્મભગવાન દર્શન દે છે, સ્વભાવે પરિપૂર્ણ આત્માનું, અંતર્મુખ થતાં, જ્ઞાન ને દર્શન થાય છે. અહા! આવો માર્ગ છે. 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.'

**'આમ સ્વાનુભૂતિની કળા હાથમાં આવતાં, કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે. કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે.'**

પૂર્ણાનંદ પ્રભુ નિજ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ તરફ અંદર પર્યાયને વાળતાં જે આત્મભાન ને સ્વાનુભવ થયાં તે કળા કોઈ જુદી જ છે! તે સ્વાનુભૂતિરૂપ કળા હાથ લાગતાં, કેવળજ્ઞાન આદિ પૂર્ણ દશા કેમ પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે, કેવળ-જ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે. વિષયકષાયરૂપ પાપપરિણામ તો ક્યાંય રહી ગયા, પણ દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, ઉપવાસ વગેરે જે પુણ્યપરિણામ તે પણ દુઃખરૂપ છે, તેની સમીપ જે જ્ઞાનની પર્યાય, તે જ્ઞાનપર્યાયની સમીપ અંદરમાં જે જ્ઞાનાનંદસ્વરૂપ ધ્રુવ દળ તેનો પત્તો તેણે અંતરમાંથી મેળવ્યો, સ્વાનુભૂતિ-પરિણતિ પ્રગટ કરી, કેવળજ્ઞાન સાથે રમત શરૂ થઈ. અહા! માખણ છે, માખણ! બહુ ટૂંકા ને ગુજરાતી સરળ શબ્દો! બહુ શાસ્ત્રો વાંચવાં ન પડે; આ એકમાં જ અધ્યાત્મનો બધો સાર આવી જાય છે.

આત્મામાં દ્રવ્ય અને પર્યાય એમ બે પડખાં છે; તેને શરીરાદિ પરદ્રવ્યો સાથે કાંઈ સંબંધ નથી. 'હું શુદ્ધ એક જ્ઞાયક છું' એમ મતિશ્રુતજ્ઞાનની પર્યાયમાં પહેલાં વિકલ્પવાળો નિર્ણય થાય, પણ ત્યાં અનુભવ નથી. વિકલ્પ છૂટી જો અંદર જાય તો ધર્મધ્યાનની નિર્મળ દશા પ્રગટ થાય — અંદર આત્માનો અનુભવ થાય. એ કળા હાથમાં આવતાં, પૂર્ણતા કઈ રીતે પમાય — એ બધી કળા હાથ આવી જાય છે. વર્તમાન વર્તતી પર્યાય જે ઉપર-ઉપર વિભાવમાં રોકાતી હતી, તે હવે ઊંડે ઊંડે અંદર ગઈ — ત્રિકાળશુદ્ધ દ્રવ્યના, ધ્રુવ દળના આલંબનવાળી થઈ; તેમાં હવે તે વિશેષ અંદર જાય — ધ્રુવ દળના પૂર્ણ આલંબનભાવે પરિણમે — તો પર્યાયમાં પૂર્ણતા પમાય; એ કળા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હાથમાં આવી. દયા-દાન આદિ રાગની ક્રિયા કાંઈ કરું તો પૂર્ણતા પમાય—એ વાત તો સાવ કાઢી નાખી. સ્વરૂપનો પૂર્ણ આશ્રય કરું તો પૂર્ણતા પમાય—એમ 'અસ્તિ'થી વાત કરી છે; સ્વરૂપના આશ્રય સિવાય અન્ય રીતે ન પમાય—એમ 'નાસ્તિ'થી વાત કરી નથી.

મુક્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિમાં શાસ્ત્રો નિમિત્ત છે, શાસ્ત્રોની ઉત્પત્તિમાં આપ્ત પુરુષ નિમિત્ત છે; માટે ધર્માત્માઓ, મુક્તિ આપ્ત પુરુષ શ્રી સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી, પોતા ઉપર થયેલા તેમના ઉપકારને ભૂલતા નથી. નિમિત્તરૂપે આવા વીતરાગ સર્વજ્ઞ આપ્ત પુરુષ હતા; તેમના શ્રીમુખેથી શ્રુત નીકળ્યું, તેનાથી સમ્યગ્જ્ઞાન થયું, તેનાથી અંતરમાં જવાયું—એમ જાણીને સજ્જન પુરુષ ઉપકારી પુરુષના ઉપકારને ભૂલતા નથી. જોકે એ તો વિકલ્પની વાત છે, પણ એવા વિકલ્પ ખરેખર આવે ક્યારે? સહજ જ્ઞાયક તત્ત્વની અંતરમાં નિર્વિકલ્પ અનુભૂતિ થાય ત્યારે. અરે! આ ઉપદેશ કેવો? ભાઈ! પરમ સત્ય માર્ગ તો આ છે.

એક સમયવર્તી પર્યાય પણ જેમાં—ત્રિકાળધ્રુવ દ્રવ્યસામાન્યમાં—નથી એવા ચૈતન્યબિંબ જ્ઞાયક પ્રભુના આશ્રયે અંતરમાં પર્યાયને વાળતાં—ઊંડાણમાં લઈ જતાં—સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. અહા! આવડો ને આવો આત્મા છે એમ શ્રદ્ધા-જ્ઞાન થાય છે. એ રીતે ઉપયોગને ઊંડાણમાં લઈને જોતાં—સ્વાનુભૂતિની કળા હાથમાં આવતાં, કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે. સ્વરૂપમાં વધારે સ્થિર થઉં તો પૂર્ણતા પમાય; પૂર્ણતા પામવાનો બીજો કોઈ ઉપાય નથી.

અહા! પંચમ કાળના સાધુ અપ્રતિબુદ્ધ શિષ્યને 'અનુભૂતિની કળા હાથ આવે તો પૂર્ણતા પમાય' એમ કહે છે. કાળ-બાળ કાંઈ નડતો નથી. ભગવાન જ્ઞાયક અનંત-ગુણે એવો ને એવો પરિપૂર્ણ રહેલો છે, ત્યાં વર્તમાન પર્યાયને અંદર ધ્રુવ તળમાં લઈ જતાં, ઊંડાણમાં આત્મભગવાન દર્શન દે છે. અહા! વ્યવહારના પક્ષવાળાને આ આકરું લાગે, પણ ભાઈ! અંતરમાં નિશ્ચયરૂપ પરિણમન થાય ત્યારે પહેલાં વિકલ્પરૂપ વ્યવહાર હોય, સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુનું બહુમાન આવે; પરંતુ અંદર નિશ્ચયરૂપ વસ્તુ પ્રગટ્યા વિના બહુમાનનો વિકલ્પ—દેવ-ગુરુ વગેરે પરના વિનયનો ભાવ—બંધનું કારણ છે. અબંધદશા અર્થાત્ મુક્તિનું કારણ તો સ્વાનુભૂતિ છે; તેની કળા હાથમાં આવતાં, પૂર્ણ અબંધદશા કઈ રીતે પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે, કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે.

બીજ ઊગી તે પૂનમ થશે જ. વર્તમાન વર્તતી જ્ઞાનની પર્યાયમાં જેણે અંદર નિજ દ્રવ્યસ્વભાવના ઊંડાણમાં જઈને પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ ધ્રુવ જ્ઞાયકતત્ત્વને જાણ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



— શ્રદ્ધયું — અનુભવ્યું તેને કેવળજ્ઞાન કેમ પમાય તેની કળા પણ હાથમાં આવી ગઈ. તેણે તો કેવળજ્ઞાન સાથે રમતું માંડી, તેનું મતિશ્રુતજ્ઞાન સમ્યક્ થઈ જે અંતરમાં ઢળ્યું તે કેવળજ્ઞાનને બોલાવે છે. અનાદિ કાળથી રાગ અને પુણ્યપાપના ભાવો સાથે જે રમતો માંડી હતી તેના ફળમાં તો સંસાર ફળ્યો, ચારેય ગતિમાં રખડ્યો. હવે સ્વાનુભૂતિ થતાં તે સાધક એમ પોકાર કરે છે કે કેવળજ્ઞાનની પર્યાય — મારા જ્ઞાન-સ્વભાવની પૂર્ણ વ્યક્તિ — જલદી આવો, આવો, એમ તે કેવળજ્ઞાન સાથે કેલિ કરે છે.

ષટ્ખંડાગમની 'ધવલા' ટીકામાં 'दिट्ठमग्गो' શબ્દ અનેક સ્થળે આવે છે. જેને સ્વાનુભૂતિ પ્રગટ થઈ તેણે વસ્તુસ્વરૂપના ઊંડાણમાં કેમ જવાય તેનો 'માર્ગ દેખ્યો' અને તેને કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થઈ. હવે તેને અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ જશે. અહા! આવો માર્ગ! લોકોએ તેને બીજી રીતે કલ્પી લીધો છે. ભાઈ! જેનાથી ભવનો અંત આવે, કેવળજ્ઞાન ને મોક્ષની પર્યાય પ્રગટ થાય તે પંથ જગતથી સાવ નિરાળો છે. પૂર્ણાનંદસ્વરૂપ નિજ જ્ઞાયકભાવના આશ્રયે કેવળજ્ઞાન ને મોક્ષ પ્રગટે છે, પરાશ્રયથી કદી પ્રગટે નહિ. પ્રભુ! તું મોટો છો ને! તારી મોટપનું શું કહેવું? એ મોટપ જેને અંદર શ્રદ્ધામાં, સ્વાનુભૂતિમાં આવી, તેને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની કળા હાથ લાગી. અહા! બહેને સાદી ભાષામાં ને થોડા શબ્દોમાં મૂળ તત્ત્વ પ્રગટ કર્યું છે.

— * —

## વચનામૃત — ૪૦૫

**અજ્ઞાની જીવ 'આ બધું ક્ષણિક છે, સંસારની ઉપાધિ દુઃખરૂપ છે' એવા ભાવથી વૈરાગ્ય કરે છે, પણ 'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે' એવા અનુભવપૂર્વકનો સહજ વૈરાગ્ય તેને નથી તેથી સહજ શાન્તિ પરિણમતી નથી. તે ઘોર તપ કરે છે, પણ કષાય સાથેની એકત્વબુદ્ધિ તૂટી નથી તેથી આત્મ-પ્રતપન પ્રગટતું નથી. ૪૦૫.**

**"અજ્ઞાની જીવ 'આ બધું ક્ષણિક છે, સંસારની ઉપાધિ દુઃખરૂપ છે' એવા ભાવથી વૈરાગ્ય કરે છે, પણ 'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે' એવા અનુભવપૂર્વકનો સહજ વૈરાગ્ય તેને નથી તેથી સહજ શાન્તિ પરિણમતી નથી."**

જેને અંતરમાં દેહાદિ ને રાગાદિથી ભિન્ન પોતાના સહજ જ્ઞાનાનંદમય સ્વરૂપની ખબર નથી એવો અજ્ઞાની જીવ 'આ શરીર, ધન, વૈભવ વગેરે બધું અનિત્ય ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષણ-ભંગુર છે, સંસારની જંજાળ બધી દુઃખરૂપ છે' એવા બહિર્લક્ષી ભાવથી વૈરાગ્ય કરે છે, પણ તે સાચો વૈરાગ્ય નથી. અરે! યુવાન વયે રેલ્વે-ટ્રેઇન નીચે કચરાઈને મૃત્યુ થઈ જાય; તેને લોકો 'અકાળ-મૃત્યુ' થયું કહે. ભાઈ! તેને વ્યવહારે 'અકાળ-મૃત્યુ' ભલે કહેવાય પણ ખરેખર તો જે સમયે, જે ક્ષેત્રે ને જે વિધિથી મૃત્યુ થવાનું ભગવાને જોયું છે તે પ્રમાણે ને તે સમયે જ થાય છે; તેમાં ઇંદ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર એક સમય પણ આઘુંપાછું કરી શકતા નથી. અરેરે! જૈનકુળમાં જન્મ્યા તોય વાસ્તવિક વસ્તુસ્થિતિની ખબર ન મળે! 'આ સંસારમાં બધું નાશવાન છે, ઉપાધિ બધી દુઃખરૂપ છે' એવા ભાવથી વૈરાગ્ય કરે, પણ 'મારો આત્મા જ સહજ આનંદસ્વરૂપ છે' એવો અનુભવપૂર્વકનો સહજ વૈરાગ્ય પ્રગટ ન કરે, તો તેને અંતરમાં સહજ શાન્તિ પરિણમતી નથી.

જેને નિત્ય ને નિરુપાધિસ્વરૂપ નિજ પરમાત્મતત્ત્વની ખબર નથી તેની ઉદાસીનતા તો સ્મશાનવૈરાગ્ય છે. પર્યાયમાં આ ક્ષણિક વિભાવ છે તો અંદર દ્રવ્યસ્વભાવમાં ત્રિકાળશુદ્ધ નિરુપાધિ આનંદસ્વરૂપ હોવું જ જોઈએ—એમ અંતરમાંથી સહજ આવવું જોઈએ. 'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે' એમાં બધું આવી ગયું. 'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે' એમ અંતરમાં યથાર્થ ગ્રહણ થતાં રુચિ પરથી ખસી ગઈ. નિર્જરા અધિકાર (સમયસાર) માં આવે છે ને—'सम्यग्दृष्टेः भवति नियतं ज्ञान-वैराग्यशक्तिः' પુણ્ય-પાપરૂપ સમસ્ત વિભાવોથી હઠી ત્રિકાળી આનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મામાં દૃષ્ટિ પડે તેને સાચો વૈરાગ્ય કહેવામાં આવે છે. માળવાના અધિપતિ ભર્તૃ-હરિએ આખું રાજ્ય છોડી દીધું પણ તે વાસ્તવિક વૈરાગ્ય નહિ, પૂર્ણાનંદસ્વરૂપ નિજ જ્ઞાયકની દૃષ્ટિ થયા વિના, નિજ અનંત મહિમાવંત મહા અસ્તિત્વને સમજ્યા વિના—કબૂલ્યા વિના બહારથી 'નાસ્તિ'નો વૈરાગ્ય કદી સાચો હોય નહિ. વેશ્યાએ આપેલું અમરફળ ભર્તૃહરિએ પોતાની પ્યારી રાણી પિંગલાને આપ્યું, પિંગલાએ પોતાના યાર અશ્વપાલને આપ્યું, અશ્વપાલે વેશ્યાને આપ્યું અને વેશ્યાએ પાછું ભર્તૃહરિને આપ્યું. તે જોઈ ને ભર્તૃહરિને 'અરે! આ શું? આ અમરફળ તો મેં મારી પ્યારી પિંગલાને આપ્યું હતું, તે પાછું વેશ્યા પાસે ક્યાંથી આવ્યું?' એમ ઉદ્વેગભર્યું આશ્ચર્ય થાય છે અને વેશ્યાને પૂછતાં ખબર પડે છે કે પિંગલાને અશ્વપાલ સાથે યારી છે. અરેરે!—

'દેખા નહીં કછુ સાર, જગતમેં દેખા નહીં કછુ સાર;
પ્યારી નારી પિંગલા, અશ્વપાલસું યાર; જગતમેં દેખા નહીં કછુ સાર.'

એમ વૈરાગ્ય થાય છે. પણ એ બધું ક્ષણિક; અંદર આનંદસ્વરૂપ જ્ઞાયકતત્ત્વના ભાન વિના જે વૈરાગ્ય થાય તેને સાચો વૈરાગ્ય કહેવાય નહિ. ભલે બાવો થઈ જાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ આત્મભાન વિના તે યથાર્થ વૈરાગ્ય નથી. જેણે ક્ષણિક સાથે શાશ્વત તત્ત્વ જોયું નથી, ઉપાધિ સાથે નિરુપાધિ તત્ત્વ જાણ્યું નથી, તેના વૈરાગ્યને ક્ષણિક અથવા સ્મશાન વૈરાગ્ય કહેવામાં આવે છે.

'હું નિત્ય છું, ક્ષણિક નથી, મારો જ્ઞાયકપ્રભુ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે' એવી અંતરમાં દૃષ્ટિ થતાં પર પદાર્થ પ્રત્યે જે ટકાઉ વિરક્તિ થાય તેને સાચો વૈરાગ્ય કહેવાય છે. નિજ નિત્યાનંદના નાથની જેને ખબર નથી તેને સ્વાનુભવપૂર્વકનો સાચો વૈરાગ્ય — સહજ ટકાઉ વૈરાગ્ય — નથી. ભલે સ્ત્રી-કુટુંબ વગેરેને છોડી દે, ૯૨ લાખ માળવાનો ધણી ભર્તૃહરિ બાવો થઈને નીકળી ગયો, પણ તે અનુભૂતિપૂર્વકનો વૈરાગ નથી. અતીન્દ્રિય પરમાનંદનો નાથ, અનહદ આનંદનો સાગર, એવા નિજ જ્ઞાયકપ્રભુની જેને દૃષ્ટિ તથા અનુભવ નથી, તેના વૈરાગ્યને ભગવાન વૈરાગ્ય કહેતા નથી. પુણ્યપાપના વિભાવોથી વિરત ને આનંદમય અનુભવમાં નિરત, તેને વૈરાગ્ય કહેવામાં આવે છે.

ભગવાન આત્મા શરીરાદિ પરદ્રવ્યોથી તો અત્યન્ત ભિન્ન છે જ, પણ તેની વર્તમાન અવસ્થામાં જે દયાદાનાદિ પુણ્યના કે વિષયવિકારાદિ પાપના ક્ષણિક વિભાવો થાય તેઓ પણ તેનો સ્વભાવ તો નથી જ, અરે! રાગાદિને જાણનારી તેની જ્ઞાનની પર્યાય પણ ક્ષણિક છે, શાશ્વત દ્રવ્યસ્વભાવ નથી. વિભાવ અને પર્યાયથી પણ કથંચિત્ ભિન્ન, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાન્તિ અને પૂર્ણ વીતરાગતા આદિ અનંત ગુણોની મૂર્તિ એવો જે નિજ ત્રિકાળશુદ્ધ જ્ઞાયકપ્રભુ તેના અનુભવ વિના સાચો વૈરાગ્ય કહેવાતો નથી. અનંત વાર મુનિપણું લીધું, દિગંબરદશા ધારણ કરી, મહાવ્રત પાળ્યાં, દુર્ધર તપ કર્યાં, પણ તેથી શું? આત્મજ્ઞાન ને સ્વાનુભૂતિ વિના લેશ પણ વૈરાગ્ય, સુખ કે શાન્તિ પામ્યો નહિ, ભવભ્રમણ તો એવું ને એવું ઊભું રહ્યું. જેનાથી ભવનો અંત આવે એવા ભવના અભાવસ્વરૂપ ત્રિકાળી પૂર્ણાનંદમય નિજ જ્ઞાયકપ્રભુનું જેને અંતરમાં જ્ઞાન ને વેદન થયું છે તેને પુણ્યપાપના વિભાવથી વિરક્તિ અર્થાત્ સાચો વૈરાગ્ય હોય છે.

અહા! કેટલાકને તો આવી વાતો સાંભળવા પણ મળે નહિ, આખો દી વેપારધંધાના ને વિષયભોગના પાપપ્રપંચમાં પડયા હોય, તેમને ધર્મ તો કયાંય દૂર રહી ગયો, પુણ્યની વાત પણ ન મળે. અજ્ઞાની જીવે કદાચિત્ 'આ બધું — શરીર, ધન, વૈભવ, ભોગ વગેરે બધું — નાશવંત છે, સંસારની હોળી બધી દુ:ખરૂપ છે' એમ ઉપલકપણે બહારથી વૈરાગ્ય કર્યો, રાગની મંદતા કરી, પરંતુ 'મારો આત્મા જ સ્વભાવે શાન્તિ, સમાધિ ને આનંદસ્વરૂપ છે, એવા આત્મજ્ઞાન ને આત્માનુભવ વિના તેને સહજ વિરક્તિ ને સહજ શાન્તિ પરિણમી નહિ. દેહાદિ પરદ્રવ્યોથી ને રાગાદિ વિભાવોથી ભિન્ન, નિજાનંદભરપૂર જ્ઞાયક-આત્માની અંતર્દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક અનંતાનુબંધી કષાયનો અભાવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈને જે શાન્તિ થાય, અદ્દ્ભુત શાન્તરસનો અનુભવ થાય, તેને સાચી શાન્તિ કહેવાય છે. હજારો રાણીઓ છોડે, અબજો રૂપિયાની પેદાશ છોડે, ઘરબાર બધું છોડી બાવો થાય, પણ અંતરમાં સહજ શાન્તરસના સાગરને—જ્ઞાયકને—દૃષ્ટિ ને જ્ઞાનમાં પ્રાપ્ત કર્યા વિના શાન્તિ કદાપિ નહિ મળે. શાન્તિ અને ધર્મ મળે ક્યારે? અતીન્દ્રિય શાન્તિ ને આનંદનો સમુદ્ર એવા નિજ ભગવાન આત્માની સન્મુખ થાય ત્યારે. આનંદસાગર નિજ આત્માના અનુભવપૂર્વક સહજ વૈરાગ્ય અજ્ઞાનીને હોતો નથી તેથી તેને સહજ શાન્તિ પરિણમતી નથી.

**'તે ઘોર તપ કરે છે, પણ કષાય સાથેની એકત્વબુદ્ધિ તૂટી નથી તેથી આત્મપ્રતપન પ્રગટતું નથી.'**

છ છ મહિનાના ઉપવાસ કરે, પારણે આહાર નીરસ લે, છતાં તેને, આત્મભાન નથી તેથી, ધર્મ નથી—શાન્તિ નથી. ધર્મ અને શાન્તિ તો ત્રિકાળશુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ જે નિજ ધ્રુવ જ્ઞાયક પ્રભુ તેને પકડવાથી, અંતર્મુખ દૃષ્ટિ ને જ્ઞાન વડે તેનું, અનુભવ સહિત, ગ્રહણ કરવાથી થાય છે; બહારના ક્ષણિક વૈરાગ્યથી ધર્મ ને શાન્તિ થતાં નથી. અહા! આવો માર્ગ છે. સ્વાનુભૂતિપૂર્વકના સહજ જ્ઞાન ને વૈરાગ્યની ખબર ન મળે અને બહારથી બાળબ્રહ્મચારી રહે, ઉપવાસ કરે, દીક્ષા લે, મસ્તક મુંડાવે, પણ તેથી શું થાય? અંદર સુખસાગર નિજ જ્ઞાયકને જેણે પકડ્યો નથી તેનો બધો ત્યાગ અત્યાગ છે, વૈરાગ્ય અવૈરાગ્ય છે. તે ઘોર તપ કરે તોપણ, કષાય સાથેની એકત્વબુદ્ધિ તૂટી નહિ હોવાથી, તેને આત્મપ્રતપન પ્રગટતું નથી. અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયક તત્ત્વના ભાન વિના કષાય સાથેની એકતા તૂટે નહિ. વ્રત, ઉપવાસ વગેરેમાં કષાય મંદ કરે, પણ તે તો રાગની રમતો છે, અકષાય વીતરાગ ભાવ નથી, આત્મપ્રતપન નથી.

'નિજ પદ રમે સો રામ કહિયે'. અતીન્દ્રિય આનંદનો સાગર જ્ઞાયક પોતાના પદમાં રમે તેને આતમરામ કહીએ. પોતાને ભૂલીને જે રાગમાં રમે તેને 'હરામ' કહીએ. જે રાગમાં રમે છે તેને કષાય સાથે એકત્વબુદ્ધિ તૂટી નથી, તેથી તેને આત્માનું પ્રતપન પ્રગટતું નથી. જેમ સોનાને ગેરુથી ધોતાં સોનું ઓપે છે, તેમ અતીન્દ્રિય આનંદના કાળમાં, અંદર એકાગ્ર થતાં, અતીન્દ્રિય આનંદરૂપ શોભા—ઓપ, પ્રતપન—વધે છે. ભગવાન આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક વિશેષ સ્વરૂપસ્થિરતા—સ્વરૂપવિશ્રાન્ત નિસ્તરંગ ચૈતન્યનું પ્રતપન—તે તપ છે; આત્માના ભાન વિના ઉપવાસ વગેરે બધી લાંઘણ છે. આત્માના આનંદમય જે પ્રતપન—વિશેષ શોભા, જેમાં અતીન્દ્રિય આનંદ ઊછળે, તેને તપ કહીએ. અજ્ઞાનીને, રાગાદિ કષાય સાથે એકત્વબુદ્ધિ વર્તતી હોવાથી, આત્મપ્રતપન પ્રગટતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૬૫

તા. ૨૯–૧૧–૭૮

## વચનામૃત — ૪૦૬

**તું અનાદિ-અનંત પદાર્થ છો. 'જાણવું' તારો સ્વભાવ છે. શરીરાદિ જડ પદાર્થો કાંઈ જાણતા નથી. જાણનાર તે કદી નહિ-જાણનાર થતો નથી; નહિ-જાણનાર તે કદી જાણનાર થતો નથી; સદા સર્વદા ભિન્ન રહે છે. જડ સાથે એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે. તે એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી. શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી. — આ, જ્ઞાની અનુભવી પુરુષોનો નિર્ણય છે. તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. મતિ વ્યવસ્થિત કર્યા વિના ગમે તેવા તર્કો જ ઉઠાવ્યા કરીશ તો પાર નહિ આવે. ૪૦૬.**

**'તું અનાદિ-અનંત પદાર્થ છો.'....**

પ્રભુ! તું કોણ છો? તું આદિ ને અંત વિનાનો સ્વતઃસિદ્ધ ચૈતન્ય મહાપદાર્થ છો. ભૂતકાળમાં તારી કદી નવી ઉત્પત્તિ થઈ નથી ને ભવિષ્ય કાળમાં તારો કદી તદ્દન વિનાશ થવાનો નથી; કેમ કે તું એક સ્વતંત્ર સત્ પદાર્થ છો. ભૂતકાળમાં તું હતો, વર્તમાનમાં પ્રત્યક્ષ વિદ્યમાન છો અને ભવિષ્યકાળમાં કાયમ રહેવાનો છો, માટે તું અનાદિ-અનંત અહેતુક સ્વતઃસિદ્ધ સત્ પદાર્થ છો. પર્યાય-અપેક્ષાએ તારો ઉત્પાદ-વિનાશ થતો હોવા છતાં મૂળ વસ્તુપણે તો તું ધ્રુવ — અનાદિ-અનંત — પદાર્થ છો.

**''જાણવું' તારો સ્વભાવ છે.'....**

આત્માને અનાદિ-અનંત પદાર્થ કહ્યો, હવે તેનો સ્વભાવ કહે છે. 'જાણવું' તેનો સ્વભાવ છે; શરીરની ક્રિયા કરવી, રાગ કરવો કે પુણ્ય કરવું, એ તેનો સ્વભાવ નથી. આત્મા સ્વભાવવાન છે અને 'જાણવું' એટલે કે 'જ્ઞાન' તેનો સહજ સ્વભાવ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'શરીરાદિ જડ પદાર્થો કાંઈ જાણતા નથી.'....**

શરીર, ઇંદ્રિયો, વાણી, મન, ધન, વૈભવ વગેરે મૂર્તિક પદાર્થો જડ ને અચેતન છે, તેઓ કાંઈ જાણતા નથી; તેમને ખબરેય નથી કે પોતે કોણ છે. અરે! અંદર — આત્માની દશામાં — જે રાગ કે દયાદાન વગેરેના વિકલ્પો થાય તેઓ પણ જાણતા નથી કે પોતે કોણ છે. રાગ ને વિકલ્પમાં જાણવાનો સ્વભાવ નથી, 'જાણવું' તો આત્માનો સ્વભાવ છે. જાણનારો ભગવાન આત્મા પોતાને પણ જાણે છે અને રાગાદિ વિભાવને તેમ જ શરીરાદિ પરને પણ જાણે છે. 'જાણવું' એ તો તેનો મૂળભૂત સ્વભાવ છે. શરીરાદિ જડ પદાર્થો તો પોતાને પણ જાણતા નથી અને જાણનારને પણ જાણતા નથી.

**'જાણનાર તે કદી નહિ-જાણનાર થતો નથી; નહિ-જાણનાર તે કદી જાણનાર થતો નથી; સદા સર્વદા ભિન્ન રહે છે.'....**

શું કહે છે? ઝીણી વાત છે ભાઈ! જાણવું, જાણવું ને જાણવું જેનો સહજ સ્વભાવ છે એવું જે આત્મદ્રવ્ય — જાણનાર તત્ત્વ — તે, નહિ-જાણનાર એવાં કર્મ ને શરીરાદિ અચેતનરૂપ તથા રાગાદિ વિભાવરૂપ કયારેય થતું નથી. દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે જે શુભ પરિણામ કે કામ, ક્રોધ, વગેરે જે અશુભ પરિણામ, તે પણ અજાણ-તત્ત્વ છે. જાણનાર-તત્ત્વ સ્વભાવે તે અજાણ-તત્ત્વરૂપ કદી થતું નથી. દયા-દાનાદિ વિભાવભાવરૂપ કે શરીરાદિરૂપ અજાણ-તત્ત્વ કદી જાણ-તત્ત્વરૂપ થતું નથી. અહા! જાણનાર જ્ઞાયક ચૈતન્યસૂર્ય તે નહિ-જાણનાર એવા અંધકારમય મોહરાગદ્વેષરૂપ કે જડમય શરીરાદિરૂપ કદાપિ થતો નથી, તથા નહિ-જાણનાર એવા દયાદાન વગેરે રાગના વિકલ્પો કે શરીરાદિ જડ પદાર્થો તે જાણનાર, જાણનાર, જાણનાર એવા ચેતનપદાર્થરૂપ કદી થતા નથી; તેઓ હંમેશાં નિરંતર ભિન્ન રહે છે. રાગાદિ તો ભાવે ભિન્ન છે અને કર્મ ને શરીરાદિ તો વસ્તુએ ભિન્ન છે. અહા! સમજાણું કાંઈ? આવી વાત છે. અરે! અંદરમાં નજર કરવાનો વખત પણ કે દી લે છે? મરી ગયો સંસારની મજૂરી કરી કરીને. ધંધાની મજૂરી, બાયડી-છોકરાં સાચવવાની મજૂરી — બધી પાપની મજૂરી, અને તેનાથી આગળ જાય તો દયા, દાન, વ્રત કે ભક્તિના પરિણામ કરે, પરંતુ તે પણ શુભરાગની મજૂરી છે, કેમ કે તે વિભાવભાવ અજાણ-તત્ત્વ છે. અજાણ-તત્ત્વ કદી જાણ-તત્ત્વરૂપે થતું નથી. સદા એટલે સર્વ કાળે અને સર્વદા એટલે નિરંતર, જાણનાર આત્મતત્ત્વ શરીરાદિ પરદ્રવ્યથી તેમ જ રાગાદિ પરભાવથી ભિન્ન રહે છે.

**'જડ સાથે એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે.'....**

રાગ વિભાવ છે અને શરીર ને કર્મ જડ છે — એ બધાં અજાણ-તત્ત્વ છે; તેમની સાથે જાણનાર એવા આત્મતત્ત્વનું એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે. ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા કે જે સ્વભાવે જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, તે અજાણ એવાં રાગ ને દુઃખરૂપે કદી થયો નથી અને અજાણ એવી રાગ ને દુઃખમય દશા કદી જાણનારપણે થઈ નથી; બંને સ્વભાવે સદા ભિન્ન છે, છતાં અનાદિ અજ્ઞાનથી રાગાદિ વિભાવ તથા શરીરાદિ જડ સાથે એકત્વના અધ્યાસને લીધે ચારે ગતિના પરિભ્રમણમાં તું દુઃખી થઈ રહ્યો છે. શરીરાદિ અચેતન પદાર્થને કે બાયડી, છોકરાં ને કુટુંબ વગેરે પરવસ્તુને પોતાનાં માને તે તો મિથ્યાદૃષ્ટિ, મહાપાપી ને દુઃખી છે જ; પરંતુ અજાણ-તત્ત્વ એવા રાગાદિ વિભાવને—ભલેને તે દયા, દાન, વ્રત ને ભક્તિનો શુભ રાગ હોય—પોતાનો માને, તેની સાથે એકત્વનો અધ્યાસ કરે, તે પણ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની ને મહાદુઃખી છે. અહા! આકરું બહુ ભાઈ! અજાણ-તત્ત્વ સાથે—રાગાદિ ને શરીરાદિ સાથે—એકત્વ માનીને જીવ અનાદિથી સંસારમાં રખડી રહ્યો છે, દુઃખી થઈ રહ્યો છે.

**'તે એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી.'....**

શું કીધું? જાણ-સ્વભાવનો સાગર પ્રભુ જ્ઞાયક દેહાદિ પરદ્રવ્ય ને રાગાદિ પરભાવ સાથે એકતા માનીને દુઃખી થઈ રહ્યો છે; એમ છતાં તે એકત્વની માન્યતા તેના મૂળ ધ્રુવ સ્વરૂપમાં નથી. અહા! આ વાત—વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે બતાવેલા માર્ગની રીત—કોઈ જુદી છે! અલૌકિક છે! લોકની ને સંપ્રદાયની સાથે તેનો મેળ ખાય એમ નથી. લોકોએ અને હાલના ઉપદેશકોએ પણ, ભગવાનના વીતરાગ માર્ગમાં ગરબડ કરી નાખી છે, અને વાણિયાને, ભલે બુદ્ધિશાળી જાત કહેવાય પણ, વેપારધંધાનાં પાપ આડે સત્ય ને અસત્યની તુલના કરવાની નવરાશ ન મળે; શું થાય?

અહીં કહે છે કે—પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા 'જાણ-સ્વભાવ'થી છલોછલ ભરેલો હોવા છતાં, પર્યાયમાં રાગની સાથે એકતાને લીધે તે દુઃખી થઈ રહ્યો છે. દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે શુભ રાગ સાથે જે એકત્વ માન્યું છે તે એકત્વની માન્યતા પણ આત્માના મૂળ સ્વરૂપમાં નથી. ચૈતન્યસ્વભાવી ને અનાદિ-અનંત એવું જે આત્મતત્ત્વ તે રાગાદિ વિભાવભાવને ને શરીરાદિ પરદ્રવ્યને પોતાનાં માનીને દુઃખી થઈ રહ્યું છે. તેમની સાથે જે એકતાની માન્યતા છે તે જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વયુક્ત જીવ મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી, અન્યમતી છે. તે મિથ્યાત્વભાવ જીવની વર્તમાન પર્યાયમાં છે, મૂળ વસ્તુસ્વરૂપમાં—ધ્રુવ જ્ઞાયક આત્મામાં—નહિ.

**પ્રશ્ન :— વસ્તુસ્વરૂપમાં નથી તો શું મિથ્યાત્વભાવ નવો ઉત્પન્ન કરે છે?**

**ઉત્તર :—** હા, પર્યાયમાં નવો ઉત્પન્ન કરે છે, મૂળ દ્રવ્યસ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ છે બાપુ! ચૈતન્યતત્ત્વ અનાદિ-અનંત ધ્રુવ પદાર્થ છે; 'જાણવું'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનો સહજ સ્વભાવ છે. જાણનાર-પદાર્થ કદી અજાણ એવા રાગાદિપણે થયો નથી અને અજાણ એવા રાગાદિ ભાવો કદી જાણનારપણે થયા નથી. શરીર, બાયડી, છોકરાં, કુટુંબ અને પૈસાપણે તો થયો જ નથી, પણ રાગપણે — દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે શુભભાવપણે કે વિષયાનુરાગના અશુભભાવપણે — પણ ભગવાન આત્મા કદી થયો નથી; કેમ કે શુભાશુભના પરિણામ 'અજાણ' તત્ત્વ છે. જાણનાર અજાણ-તત્ત્વપણે થયો નથી અને 'અજાણ' તત્ત્વ જાણપણારૂપ તત્ત્વમાં આવ્યું નથી. અહા! આવી વાતો છે! દુનિયાથી જુદી લાગે, પણ શું થાય, ભાઈ? વસ્તુસ્વરૂપ આમ જ છે.

રાગ સાથેનું એકત્વ, અજાણ-તત્ત્વનું જાણ-તત્ત્વ સાથે એકત્વ માનવારૂપ મિથ્યાત્વભાવ, વસ્તુસ્વરૂપમાં નથી — દ્રવ્યસ્વભાવમાં નથી. અહા! શું વીતરાગ જિનેશ્વરદેવનું કથન! અરેરે! બિચારા જૈનમાં જન્મેલાઓને પણ તેની ખબર ન મળે; અન્યમતી જેવા થઈને પડયા છે બધા. એમાં વળી પાંચ-પચીસ લાખ કે કરોડ — બે કરોડ રૂપિયા કમાય એટલે એને એમ થઈ જાય કે 'હું પહોળો ને શેરી સાંકડી'; પણ ભાઈ! રૂપિયા તો જડ છે, ધૂળ છે, અજાણ-તત્ત્વ છે. તે અજાણ-તત્ત્વને જાણ-તત્ત્વમાં માનીને — મારા માનીને — જીવ મિથ્યાત્વથી ચારે ગતિમાં દુઃખી થઈ રહ્યો છે. અરે! પૈસા ને બહારના વૈભવો તો કયાંય દૂર રહ્યા, સાથે રહેલું શરીરેય કયાંય દૂર રહ્યું (કેમ કે તે પણ જડ, માટી ને ધૂળ છે) પણ અંદરમાં જે શુભ ને અશુભ રાગ થાય તે પણ આત્માનું મૂળ સ્વરૂપ નથી, અજાણ ને અચેતન તત્ત્વ છે, જાણન-સ્વભાવથી વિપરીત સ્વભાવવાળો છે; તેમાં જાણન-સ્વભાવનો અભાવ છે. શરીરાદિ જડ અને રાગાદિ વિભાવરૂપ અજાણ-તત્ત્વનો જાણ-તત્ત્વમાં — આત્મામાં — અભાવ હોવા છતાં તેમની સાથે એકપણાનો અધ્યાસ કરીને જીવ અનાદિથી દુઃખી થઈ રહ્યો છે. તે એકપણાનો અધ્યાસ તથા દુઃખ આત્માનો મૂળ સ્વભાવ તો નથી જ. શરીરાદિ ને રાગાદિ પોતાનાં નથી છતાં તેમના સાથે જે એકત્વનો અધ્યાસ કરે છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી. દેહાદિ પરદ્રવ્યથી ભિન્ન ને રાગાદિ વિભાવથી રહિત જે ત્રિકાળશુદ્ધ જ્ઞાયક છે તે મારી ચીજ છે એમ જેને અંદર અનુભવમાં આવે તે જૈન છે, બાકી બીજા અજૈન — અન્યમતી છે.

પ્રશ્નઃ— પાંચ મહાવ્રત પાળે તોપણ જૈન નહિ?

ઉત્તરઃ— મહાવ્રતનો શુભ રાગ તો પુણ્ય છે, તે સંવર-નિર્જરારૂપ જૈનધર્મ નથી. નિયમસારમાં તો એમ કહ્યું છે કે — આનંદસ્વરૂપ આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાપૂર્વક એકાકાર થઈ જવું, તલ્લીન થઈ જવું, તે મહાવ્રત છે. ભાવપ્રાભૃતમાં કહ્યું છેઃ જિનેન્દ્રભગવાને પૂજા ને વ્રતાદિમાં પુણ્ય કહ્યું છે, ધર્મ (જૈનપણું) તો મોહક્ષોભરહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિજ શુદ્ધ પરિણામને કહે છે. અહિંસા, સત્ય વગેરે જે મહાવ્રત છે તે રાગ, વિકાર, આસ્રવ ને દુઃખ છે. તે આસ્રવભાવ આત્માના જાણરૂપ સ્વભાવમાં પ્રવેશ પામ્યો **નથી**, આત્માના મૂળ સ્વરૂપરૂપે થયો નથી. નિશ્ચય મહાવ્રત તો અંદર સ્વરૂપમાં જે એકાગ્રતા — લીનતા થાય તેને કહે છે. બાકી અહિંસાદિ પરલક્ષવાળી વૃત્તિ તો, કદી મુક્તિ નહિ પામનાર અભવ્ય જીવ પણ કરે છે; તે કાંઈ નવી ચીજ નથી, સ્વલક્ષવાળી વીતરાગ શુદ્ધ પરિણતિ નથી. તું ભલે માન કે રાગ મારો સ્વભાવ છે, મને લાભકર્તા છે, પરંતુ તે મિથ્યા માન્યતા તારા મૂળ સ્વરૂપમાં નથી, ઉપર-ઉપર પર્યાયમાં રહી જાય છે, દ્રવ્ય-સ્વભાવમાં પ્રવેશ પામતી નથી. અહા ! ત્રિલોકીનાથ જિનેશ્વરદેવનું આવું ફરમાન છે. અરેરે ! આવી સત્ય વાત સાંભળવાય મળે નહિ તે બિચારા મરીને ક્યાં જશે ? નિગોદ ને નરકમાં અવતરીને રખડી મરશે. અહા ! શબ્દો તો સહેલા ને સાદા છે, પણ ભાવ ગંભીર છે.

**‘ શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી. ’**

ભ્રાન્તિ, હિંસા, જૂઠ, ચોરી, વિષયવિકાર વગેરે અશુભ ભાવ છે અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય વગેરે શુભ ભાવ છે. તે શુભાશુભ ભાવો પણ આત્માનું અસલી સ્વરૂપ નથી. તે તો પર્યાયમાં થયેલો વિકૃતભાવ છે. લાખો કરોડોનાં દાન આપે તેમાં કદાચિત્ રાગની મંદતા થઈ હોય તો તે પણ આત્માનું મૂળ સ્વરૂપ નથી. આત્મા વસ્તુતઃ વિકારરૂપે થયો નથી અને વિકાર આત્મારૂપે થયો નથી, બંનેનું સ્વરૂપ તદ્દન જુદું છે. અહા ! જે જ્ઞાયકપ્રભુ સદા સર્વદા રાગના કણથી પણ ભિન્ન પડયો છે તેને જોતો નથી, માનતો નથી, તેના સન્મુખ થઈને ઠરતો નથી અને અવળાઈ કરીને, રાગને પોતાનો માનીને તેમાં જે એકાગ્ર થાય છે તે દુઃખના પંથે દોરાય છે. પણ બાપુ ! તને ખબર નથી કે — શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી. ‘ પણ ’ શબ્દ કેમ કહ્યો છે ? — એટલા માટે કહ્યો છે કે, જડ સાથે એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી અને શુભાશુભ ભાવો પણ તારા અસલી સ્વરૂપમાં નથી. જેમ હોળીમાં મોઢે કાદવ ચોપડે તે કાંઈ મનુષ્યનું મૂળ સ્વરૂપ નથી, તેમ શુભાશુભ વિકૃતિ પણ આત્માનું મૂળ સ્વરૂપ નથી.

**‘ — આ, જ્ઞાની અનુભવી પુરુષોનો નિર્ણય છે. ’**

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં થયેલા જ્ઞાની પુરુષોનો — આનંદસ્વરૂપ આત્માનો અનુભવ કરનારાનો — ઉપરોક્ત નિર્ણય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર.’**

પ્રભુ! તું આ નિર્ણય કરી લે, નહિતર મરીને જઈશ ચોરાશીના અવતારમાં. શુભાશુભ રાગ આત્માનું અસલી સ્વરૂપ નથી, દ્રવ્યસ્વભાવ રાગરૂપે થયો નથી, દ્રવ્યસ્વભાવમાં રાગ પ્રવેશ પામ્યો નથી—આ, જ્ઞાની પુરુષોનો સ્વાનુભવપૂર્વક સાચો નિર્ણય છે. તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર.

**‘મતિ વ્યવસ્થિત કર્યા વિના ગમે તેવા તર્કો જ ઉઠાવ્યા કરીશ તો પાર નહિ આવે.’**

મતિને સ્વસન્મુખ કર્યા વિના ફાવે તેવા તર્કો જ કર્યા કરીશ કે—કાંઈક દયા-દાનાદિ કરીએ તો કલ્યાણ થાય ને? એમ ને એમ—જ્ઞાનની વાતો કરવાથી—કલ્યાણ થઈ જતું હશે?—તો મરી જઈશ, તારા કુતર્કોનો કદી અંત નહિ આવે. મતિ વ્યવસ્થિત કર્યા વિના, એટલે કે જ્ઞાનની પર્યાય અંદર વાળવા જેવી છે એમ દૃઢ નિર્ણય કર્યા વિના, કાંઈક પહેલાં વ્યવહાર કરીએ તો નિશ્ચય પ્રાપ્ત થાય ને! પ્રથમ વ્યવહાર સુધારવો જોઈએ ને! એવા તર્કો જ કર્યા કરીશ તો કલ્યાણનો પત્તો નહિ ખાય! અહા! બહુ સરસ! પાછળના પેરેગ્રાફો (બોલો) બહુ સરસ આવ્યા છે. ઘણી સાદી, સરળ ને ગુજરાતી ભાષા! ચાર ચોપડીનો ભણેલો પણ સમજી શકે; સંસ્કૃત ને વ્યાકરણ ભણ્યા હોય તો જ સમજી શકે તેવું આ નથી. મતિ વ્યવસ્થિત કરીને તું આત્માના નિર્ણયની દિશામાં પ્રયત્ન કર! આત્મા અવશ્ય પ્રાપ્ત થશે.

—✱—

## વચનામૃત — ૪૦૭

અહીં (શ્રી પ્રવચનસાર શરૂ કરતાં) કુંદકુંદાચાર્યભગવાનને પંચ પરમેષ્ઠી પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી છે! પાંચેય પરમેષ્ઠીભગવંતોને યાદ કરીને ભક્તિભાવપૂર્વક કેવા નમસ્કાર કર્યા છે! ત્રણે કાળના તીર્થંકર-ભગવંતોને—સાથે સાથે મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન તીર્થંકરભગવંતોને જુદા યાદ કરીને—‘સૌને ભેગા તેમ જ પ્રત્યેક-પ્રત્યેકને હું વંદન કરું છું’ એમ કહીને અતિ ભક્તિભીના ચિત્તે આચાર્યભગવાન નમી પડ્યા છે. આવા ભક્તિના ભાવ મુનિને—સાધકને—આવ્યા વિના રહેતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**નથી. ચિત્તમાં ભગવાન પ્રત્યે ભક્તિભાવ ઊછળે ત્યારે, મુનિ આદિ સાધકને ભગવાનનું નામ આવતાં પણ રોમરોમ ખડા થઈ જાય છે. આવા ભક્તિ આદિના શુભભાવ આવે ત્યારે પણ મુનિરાજને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે તેથી શુદ્ધાત્માશ્રિત ઉગ્ર સમાધિરૂપ પરિણમન વર્ત્યા જ કરે છે અને શુભભાવ તો ઉપર ઉપર તરે છે તથા સ્વભાવથી વિપરીત-પણે વેદાય છે. ૪૦૭.**

**'અહીં (શ્રી પ્રવચનસાર શરૂ કરતાં) કુંદકુંદાચાર્યભગવાનને પંચ પરમેષ્ઠી પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી છે!'**

ત્રિલોકીનાથ તીર્થંકરભગવાનની વાણીના — દિવ્યધ્વનિરૂપ પ્રવચનના — સારરૂપ 'પ્રવચનસાર' પરમાગમ બનાવતાં તેના મંગળાચરણમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવને પંચ પરમેષ્ઠી પ્રત્યે કેવો ભક્તિભાવ ઉલ્લસ્યો છે! દિગંબર સંત શ્રી કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવત ૪૯ માં વિદેહક્ષેત્રે વર્તમાન બિરાજતા શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા. સીમંધરભગવાનનું દેહમાન ૫૦૦ ધનુષ્ય ને આયુષ્ય એક કરોડ પૂર્વનું છે. બે હજાર વર્ષ પહેલાં પણ તે હતા, અત્યારે પણ છે અને જ્યારે અહીં આવતી ચોવીસીના તેરમા તીર્થંકર થશે ત્યાં સુધી ત્યાં બિરાજમાન રહેશે, પછી દેહ છૂટીને 'સિદ્ધ' થઈ જશે. અત્યારે તે 'ણમો અરિહંતાણં' પદમાં છે. અહીં શ્રી મહાવીર-ભગવાન વગેરે ચોવીસ તીર્થંકરો 'ણમો સિદ્ધાણં' પદ પામી ગયા છે, શ્રી સીમંધર-ભગવાનને 'ણમો સિદ્ધાણં' પદ થવાને હજુ વાર છે. તેમની પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા, ત્યાં આઠ દિવસ રહ્યા હતા, ત્યાંથી આવીને તેમણે જે શાસ્ત્રો રચ્યાં તેમાંનું એક આ 'પ્રવચનસાર' શાસ્ત્ર છે.

શ્રી કુંદકુંદાચાર્ય નગ્ન દિગંબર ભાવલિંગી મહાન સંત હતા. જૈનના સાધુઓ ત્રણે કાળે દ્રવ્ય-ભાવ સંયમના ધારક નગ્ન દિગંબર જ હોય છે. સનાતન જૈન શ્રમણ-માર્ગમાંથી ભ્રષ્ટ થઈને, આ કળિકાળમાં બે હજાર વર્ષ પહેલાં, વસ્ત્રપાત્ર સહિત મુનિપણું થાપનારા નીકળ્યા. ખરેખર વસ્ત્રપાત્ર સહિત મુનિપણું તે વીતરાગનો માર્ગ નથી, ઉન્માર્ગ છે.

અહા! શ્રી કુંદકુંદાચાર્યદેવને પંચ પરમેષ્ઠી પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી છે! શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતામાં શુદ્ધાત્મા જ જેમનો મુખ્ય વિષય છે એવા સ્વાનુભવી સંતોને પણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અલ્પ રાગ યુક્ત છદ્મસ્થદશા છે તેથી, ગુણી પુરુષો — પંચ પરમેષ્ઠી — પ્રત્યે ભક્તિનો શુભ વિકલ્પ તો ઊઠે છે; પણ સાથે ખ્યાલ છે કે આ શુભ વિકલ્પ પણ રાગ છે ને બંધનું કારણ છે, નબળાઈથી એવા ભાવ આવે છે. પંચ પરમેષ્ઠીમાં આત્મજ્ઞાની-ધ્યાની સાધુ પણ પરમેષ્ઠી છે. પ્રચુર સ્વસંવેદન યુક્ત — અતીન્દ્રિય આનંદના રસીલા — સાધુને પણ પરમેષ્ઠી તેમ જ ભગવાન કહેવામાં આવે છે.

**'પાંચેય પરમેષ્ઠીભગવંતોને યાદ કરીને ભક્તિભાવપૂર્વક કેવા નમસ્કાર કર્યા છે!'**

જે આત્માનંદના રસિયા હોય, જેમની બહારની દશા સહજપણે નગ્ન થઈ ગઈ હોય ને અંતરમાં પ્રચુર સ્વસંવેદનમાં જેમને વારંવાર નિર્વિકલ્પદશા આવતી હોય, એવા વીતરાગ દિગંબર જૈન સંતો જ આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ પરમેષ્ઠીમાં આવે. કેટલાક એમ કહે છે કે 'ણમો લોએ સવ્વસાહૂણં' માં જૈન તેમ જ અજૈન બધા સાધુ આવે. ભાઈ! અજૈન સાધુ તો પરમેષ્ઠીમાં ધૂળેય ન આવે; અરે! આત્મજ્ઞાન ને સ્વાનુભવ રહિત જૈન સાધુવેશધારીઓ પણ 'ણમો લોએ સવ્વસાહૂણં' માં ન આવે. અહો! અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ — પાંચેય પરમેષ્ઠી ભગવંતોનું — પોતપોતાની ભૂમિકા પ્રમાણે પરમ પદમાં સ્થિત પાંચેય ભગવંતોનું — સ્મરણ કરીને ભક્તિભાવભીના કેવા નમસ્કાર કર્યા છે!

**"ત્રણે કાળના તીર્થંકરભગવંતોને — સાથે સાથે મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન તીર્થંકરભગવંતોને જુદા યાદ કરીને — 'સૌને ભેગા તેમ જ પ્રત્યેક-પ્રત્યેકને હું વંદન કરું છું' એમ કહીને અતિ ભક્તિભીના ચિત્તે આચાર્ય-ભગવાન નમી પડ્યા છે."**

આચાર્યદેવ કહે છે: 'ત્રણે કાળના તીર્થંકરભગવંતોને હું વંદન કરું છું.' ષટ્‌ખંડાગમની 'ધવલા' ટીકામાં શ્રી વીરસેનાચાર્યદેવે કહ્યું છે કે — 'ણમો લોએ સવ્વસાહૂણં'માં જે 'લોએ' અને 'સવ્વ' શબ્દ છે તે અંતદીપક પદ છે તેથી તે પૂર્વના ચારેય પરમેષ્ઠીપદને લાગુ પડે છે. તે આ પ્રમાણે: ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આયરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં ને ણમો લોએ સવ્વ સાહૂણં, 'ધવલા' ટીકામાં 'સવ્વ' પદનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે — સર્વને એટલે ત્રિકાળવર્તી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુને નમસ્કાર હો. આમાં અન્યમતીના સાધુ-ફાધુ ન આવે. અરેરે! જૈનમાં પણ અત્યારે સાધુના સ્વરૂપમાં ઘણી વિકૃતિ કરી નાખી છે. શું થાય? કાળ હલકો છે. આત્મજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને સ્વાનુભૂતિ વિના ભલે બહારમાં નગ્નદશા હોય તોપણ તે પરમેષ્ઠી નથી, વંદનીક નથી. મુનિદશાને ઉચિત અંતરંગ શુદ્ધિ વંદનીક છે, વ્રતાદિના વિકલ્પ કે ક્રિયા વંદનીક નથી. અહા! બહુ ફેરફાર!

ત્રણે કાળના તીર્થંકરભગવંતોને ને સાથે સાથે મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન તીર્થંકરભગવંતોને — બધાને ભેગા તથા દરેકને જુદા — હું વંદન કરું છું — એમ કહીને આચાર્યભગવાન અતિ ભક્તિભીના ચિત્તે નમી પડયા છે. ' मंगलं कुन्दकुन्दार्यो ' અહા! વીરપ્રભુની સાથે ત્રીજે નંબરે જેમનું સ્મરણ કરવામાં આવે છે તે આચાર્યદેવ પણ પંચ પરમેષ્ઠી પ્રત્યે અતિ ભક્તિભીના ચિત્તે નમી પડયા છે.

**' આવા ભક્તિના ભાવ મુનિને — સાધકને — આવ્યા વિના રહેતા નથી. '**

આચાર્યદેવ સાધકદશામાં છે ને! તેમને હજી વંદ્યવંદકભાવ છે. વીતરાગ સર્વજ્ઞ કેવળીને, સાતમા ગુણસ્થાનથી જ વંદ્યવંદકભાવનો — વિકલ્પનો — અભાવ થઈ જતો હોવાથી, ગુરુ કે ભગવાન આદિ અન્યને વંદન કે વિનય કરવાના ભાવ કદી હોય નહિ. પરંતુ છદ્મસ્થ સાધકને વિકલ્પદશામાં એવા ભક્તિના ભાવ આવ્યા વિના રહેતા નથી.

**' ચિત્તમાં ભગવાન પ્રત્યે ભકિતભાવ ઊછળે ત્યારે, મુનિ આદિ સાધકને ભગવાનનું નામ આવતાં પણ રોમરોમ ખડા થઈ જાય છે. '**

જેમને શરીરાદિ પરદ્રવ્યથી ને રાગાદિ વિભાવથી ભિન્ન નિજ શુદ્ધાત્માનું શ્રદ્ધાન — જ્ઞાન થયું છે, અંતરમાં આત્માના અવલંબને અતીન્દ્રિય આનંદનો, પોતપોતાની ભૂમિકા પ્રમાણે, અનુભવ થયો છે એવા શ્રમણ, શ્રાવક ને સમકિતી — બધા સાધક છે. સાધકને ભગવાનનું નામ આવતાં પણ રોમરોમ ખડા થઈ જાય છે. પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં ' હું ચિદાનંદ છું, સિદ્ધ છું — ઇત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ થાય છે ' એમ આવે છે. તે તો સવિકલ્પદ્વાર વડે નિર્વિકલ્પ થવાના વિધાનની વાત છે, પણ અહીં તો અંતરમાં ભક્તિનો ભાવ ઊછળે છે ત્યારે સાધકને પંચ પરમેષ્ઠીનું નામ આવતાં પણ રોમાવળી ઊભી થઈ જાય છે — એમ કહેવું છે.

**' આવા ભક્તિ આદિના શુભભાવ આવે ત્યારે પણ મુનિરાજને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે તેથી શુદ્ધાત્માશ્રિત ઉગ્ર સમાધિરૂપ પરિણમન**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વર્ત્યા જ કરે છે અને શુભભાવ તો ઉપર ઉપર તરે છે તથા સ્વભાવથી વિપરીતપણે વેદાય છે.'**

દરેક સાધકને અંતરમાં દૃષ્ટિના વિષયભૂત ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયક દ્રવ્યની જ મુખ્યતા રહે છે; તેને ભગવાન પ્રત્યે ભક્તિભાવ ઊછળે માટે શુભરાગ મુખ્ય થઈ જાય છે—એમ નથી. મુનિરાજને ભક્તિભાવ વખતે પણ, નિજ ધ્રુવ જ્ઞાયકતત્ત્વનું ઉગ્ર આલંબન સતત હોવાથી, વિશેષ સમાધિરૂપ પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે. અને ભક્તિ આદિ શુભભાવ તો ઉપર ઉપર તરે છે, અંદર સ્વરૂપ સાથે એકરૂપ થઈ જતો નથી, તથા તે શુભભાવ સ્વભાવથી વિપરીતપણે—દુઃખપણે—વેદાય છે. બધાય સાધકને, અંતરમાં પોતપોતાની ભૂમિકા પ્રમાણે ધ્રુવ જ્ઞાયકતત્ત્વનું આલંબન સતત વર્તતું હોવાથી, શુદ્ધાત્માશ્રિત શાન્તિરૂપ પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે અને તેમને જે શુભાશુભ ભાવ આવે તે તો ઉપર ઉપર તરે છે, અંદર સ્વરૂપ સાથે તેનું એકત્વ થતું નથી તથા તે, સ્વભાવથી વિપરીતપણે—દુઃખપણે—વેદાય છે.

આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું તે છે. શ્રીમદે કહ્યું છે ને!—'ઊપજે મોહવિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.' જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઊતરશે.

**—પૂજ્ય ગુરુદેવશ્રી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૧૬૬

તા. ૩૦-૧૧-૭૮

## વચનામૃત — ૪૦૮

અહો! સિદ્ધભગવાનની અનંત શાન્તિ! અહો! તેમનો અપરિમિત આનંદ! સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે તો જે સર્વ વિભાવપરિણામથી સર્વથા નિવૃત્ત થયા છે એવા સિદ્ધભગવાનને પ્રગટેલી શાન્તિની તો શી વાત! તેમને તો જાણે શાન્તિનો સાગર ઊછળી રહ્યો હોય એવી અમાપ શાન્તિ હોય છે; જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય એવો અપાર આનંદ હોય છે. તારા આત્મામાં પણ એવું સુખ ભરેલું છે પણ વિભ્રમની ચાદર આડી આવી ગઈ છે તેથી તને દેખાતું નથી. ૪૦૮.

'અહો! સિદ્ધભગવાનની અનંત શાન્તિ!'

શું કહે છે? આ ભગવાન જ્ઞાયક આત્મા શાન્તિનો સાગર, અકષાય વીતરાગ સ્વભાવનો પિંડ ને અતીન્દ્રિય સુખનો ભંડાર છે. તેની જેને અંતરમાં સમ્યક્ દૃષ્ટિ થાય છે તેને સિદ્ધભગવાનની જાતિની અતીન્દ્રિય શાન્તિ ને સુખનો અંશ વેદાય છે. ધર્મની શરૂઆત થતાં, વીતરાગ અવિકારી શાન્ત રસની મૂર્તિ એવા ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયક-પ્રભુનો અંદર શ્રદ્ધા ને જ્ઞાનમાં સ્વીકાર થતાં, 'આ હું છું' એમ તેમાં અહંપણું—પ્રતીતિ આવતાં, શુભાશુભ સમસ્ત વિભાવોમાં અશાન્તિ લાગે છે, દુઃખ ભાસે છે ને હેયબુદ્ધિ થઈ જાય છે. વિષયાનુરાગરૂપ અશુભભાવ તો અશાન્તિ ને દુઃખરૂપ છે જ, પણ દયા, દાન વ્રત ને ભક્તિ—ભલેને ભગવાનની હો કે ગુરુની હો—વગેરેના શુભ પરિણામ પણ રાગ છે, અશાન્તિ છે, ધર્મ નથી; ધર્મ તો શુભાશુભ વિભાવ રહિત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અકષાય શાન્તિના સાગર એવા ત્રિકાળી ભગવાન આત્માના આશ્રયે થતા વીતરાગ પરિણામ છે. અહીં એમ કહે છે કે નિજ જ્ઞાયક ભગવાન આત્મા કે જે એકલો શાન્તિ, શાન્તિ ને શાંતિનો સાગર છે તેની જ્યાં દૃષ્ટિ ને અનુભૂતિ સમ્યક્ થઈ ત્યાં જ શાન્તિનું અંશે અનુપમ વેદન આવે છે, તો સિદ્ધભગવાનની સંપૂર્ણ શાન્તિની તો શી વાત!

**'અહો! તેમનો અપરિમિત આનંદ!'**

પૂર્ણાનંદ જ્ઞાયક પ્રભુનું અંતરમાં અવલંબન લઈને, તેનો આશ્રય કરીને, જ્યાં સમ્યક્ દર્શન ને જ્ઞાન થાય ત્યાં પણ અતીન્દ્રિય આનંદનું અંશે વેદન આવે છે, તો જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ચારિત્રની પૂર્ણતા, પૂર્ણ વીતરાગતા, પરિપૂર્ણ શાન્તિ પ્રગટ થઈ ગઈ છે એવા સિદ્ધભગવાનના અપરિમિત — અમર્યાદિત અનંત અનંત અનંત — અતીન્દ્રિય આનંદનું તો શું કહેવું!

**'સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે તો જે સર્વ વિભાવપરિણામથી સર્વથા નિવૃત્ત થયા છે એવા સિદ્ધભગવાનને પ્રગટેલી શાન્તિની તો શી વાત!'**

પહેલી ભૂમિકાનો ધર્મી — અવિરત સમ્યગ્દૃષ્ટિ — પણ સાધક છે. તેના સહેજ નિવૃત્ત પરિણામમાં — નિજ પૂર્ણાનંદ પ્રભુના અંશે આલંબનરૂપ અંતર્મુખ પ્રવૃત્તિની ને શુભાશુભથી સહેજ નિવૃત્તિની દશામાં — પણ અપૂર્વ ને અલૌકિક શીતળતા લાગે છે, તો જે નિજ પૂર્ણાનંદ પ્રભુના પરિપૂર્ણ અવલંબને સમસ્ત શુભાશુભ વિભાવથી પરિપૂર્ણ નિવૃત્ત થયા છે એવા સિદ્ધભગવાનને પ્રગટેલ પૂર્ણ શાન્તિ ને અપરિમિત પૂર્ણાનંદની તો શી વાત! 'પણ' શબ્દ કેમ મૂક્યો છે? — એમ બતાવવા માટે કે સાધકદશાની શરૂઆત થતાં જ અંશે કોઈ અપૂર્વ શીતળતા વેદાય છે તો સાધ્યદશાને વરેલા સિદ્ધભગવાનની જ્ઞાનાનંદમય પૂર્ણ શીતળતાનું તો શું કહેવું!

વીતરાગ પરિણામ તે ધર્મ ને શુભાશુભ રાગપરિણામ તે અધર્મ. આત્મા દ્રવ્યે અને ગુણે તો ત્રિકાળશુદ્ધ શીતળ, શીતળ ને શીતળ છે; તેનો આશ્રય લેતાં પર્યાયમાં અપૂર્વ શીતળતાનો અનુભવ પ્રગટે છે. પૂર્વે અનંત વાર દિગંબર જૈન સાધુ થયો, ઘણા ઊંચા શુભભાવ કર્યા, શુકલલેશ્યા પ્રગટ કરી, પરંતુ અંતરમાં દૃષ્ટિ વિપરીત રહેવાથી, શુદ્ધાત્માના આશ્રયે પ્રગટતી અપૂર્વ શીતળતાનો કદી અંશે પણ અનુભવ થયો નહિ. ભલેને હજારો રાણીઓનો ત્યાગ કર્યો હોય, પંચમહાવ્રત વગેરેના શુભ-ભાવમાં રોકાતો હોય, પણ તે ભાવ શાન્ત કે ધર્મ નથી. અહા! સાધકને સ્વભાવના આશ્રયે પ્રગટતા સહેજ નિવૃત્તિના પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે તો જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમસ્ત વિભાવથી સંપૂર્ણપણે નિવૃત્ત થયા છે એવા સિદ્ધભગવાનને પ્રગટેલ પરિપૂર્ણ શાન્તિની તો શી વાત!**

અરેરે! જગતે ક્યાંય ને ક્યાંય — શુભરાગ ને બહારની ક્રિયાઓમાં — ધર્મ મનાવી દીધો છે. ધર્મ તો વીતરાગ પરિણતિ છે, કે જે ત્રિકાળી વીતરાગ સ્વભાવના આશ્રયે થાય છે. વીતરાગ સ્વભાવના આશ્રયે જે વીતરાગ દશા પ્રગટ થાય તે જૈન-ધર્મ છે; જૈનધર્મ કોઈ પંથ કે પક્ષ નથી, એ તો વસ્તુનો સ્વભાવ છે. પુણ્ય-પાપના ભાવ વિભાવ ને દુઃખરૂપ છે, તેમનાથી જે થોડો — દૃષ્ટિ-અપેક્ષાએ — નિવૃત્ત થયો, જેને વિભાવની રુચિ છૂટીને પૂર્ણ શીતળ-સ્વરૂપ જ્ઞાયકની રુચિ ને દૃષ્ટિ થઈ, તેને પણ અપૂર્વ શાંતિ અંશે વેદનમાં આવે છે, તો જે સર્વ વિભાવથી રહિત પરમાત્મા થયા છે તેમની પૂર્ણાનંદમય પરિપૂર્ણ શાન્તિનું તો શું કહેવું? અહા, આવો માર્ગ! લોકો બિચારા ન સમજે એટલે રાડું પાડે કે સોનગઢનો ધર્મ એકાંત છે, એકાંત છે. વાત સાચી છે: તેમના માનેલા મિથ્યા અનેકાંતથી આ ચીજ કોઈ જુદી જ છે, એટલે કે સમ્યક્ એકાંત છે. આત્માનાં દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ છે, તેની વર્તમાન પર્યાયમાં જે પુણ્ય-પાપના પરિણામ છે તે અશાન્તિ ને દુઃખ છે. તે વિભાવપર્યાય ઉપરથી દૃષ્ટિ હઠાવીને ને ભગવાન શાન્તમૂર્તિ જ્ઞાયક ઉપર દૃષ્ટિ સ્થાપીને, સાધકને, પ્રગટ થયેલા સહેજ નિવૃત્ત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા વેદાય છે તો જે વિભાવપરિણામથી સંપૂર્ણ-પણે નિવૃત્ત થયા છે એવા સિદ્ધભગવાનને પ્રગટેલી શાન્તિની તો શી વાત!

પ્રશ્નઃ- આવો માર્ગ ક્યાંથી કાઢ્યો?

ઉત્તરઃ- કાઢે ક્યાંથી? ભગવાને કહેલો માર્ગ જ આ છે. 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ'. વીતરાગ જિનેશ્વરદેવે કહેલો અનાદિથી આ એક જ માર્ગ છે. લોકો ભૂલ્યા ને હાથ ન આવે, તેથી કાંઈ માર્ગ ફરી જાય? પૂર્ણાનંદપિંડ શુદ્ધ શાન્ત શીતળ જ્ઞાયક આત્માની દૃષ્ટિ કરી, આકુળતા ને અશીતળતાસ્વરૂપ પુણ્યપાપથી દૃષ્ટિ હઠાવી, જે આ બાજુ — અંદર જ્ઞાયકસ્વરૂપમાં — ઢળ્યો છે એવા જઘન્ય ધર્મીને — અવિરત સમ્યગ્દૃષ્ટિને — પણ સ્વાભાવિક શીતળતાનું અંશે અપૂર્વ વેદન આવે છે, તો જે વિપરીત શ્રદ્ધા ને અસ્થિરતાને સંપૂર્ણ છોડી પરિપૂર્ણ સ્વરૂપસ્થિરતારૂપે પરિણમી ગયા છે એવા સિદ્ધભગવાનને પ્રગટેલી પરિપૂર્ણ શાન્તિની તો શી વાત! જ્ઞાની ધર્માત્મા દૃષ્ટિ-અપેક્ષાએ વિભાવથી નિવૃત્ત થયો હોવા છતાં અસ્થિરતાની અપેક્ષાએ તે હજુ શુભાશુભ વિભાવથી સંપૂર્ણ નિવૃત્ત થયો નથી. વિભાવથી અંશે નિવૃત્ત થયેલા જ્ઞાનીને પણ કોઈ અલૌકિક શીતળતા વેદાય છે, તો સર્વ વિભાવથી સર્વથા નિવૃત્ત થયેલા સિદ્ધભગવાનને પ્રગટેલી પરિપૂર્ણ શાન્તિની તો શી વાત!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘તેમને તો જાણે શાન્તિનો સાગર ઊછળી રહ્યો હોય એવી અમાપ શાન્તિ હોય છે; જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય એવો અપાર આનંદ હોય છે.’**

સાધક જીવને—સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક કે મુનિને—પાતળી ધારે અલ્પ શાન્તિસુધા પિવાય એવા સ્વસંવેદનથી સંતોષ થતો નથી. તેમને તો પ્રત્યેક સમયે જેમાં શાન્તિ-સુધાનો સાગર ઊછળે છે એવી પૂર્ણ દશા જોઈએ છે. તેઓ ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની ભાવના ભાવે છે. શેરડીનો રસ ભરેલ ઘડામાંથી જેમ કોઈ પાતળી ધારે રસ પીએ, તેમ મુનિરાજ, અંતરમાં જે શાન્તિ ને આનંદનો સાગર પડયો છે તેમાંથી, પાતળી ધારાએ શાન્તિ અને આનંદને વેદે છે. અહા! સમજાય છે કાંઈ! બાપુ? મુનિપણું તે કોઈ અલૌકિક ચીજ છે! અરે! હજી સમ્યગ્દર્શન કોને કહેવાય તેની પણ ખબર ન મળે, ત્યાં મુનિપણું કયાંથી આવે?

સમ્યગ્દૃષ્ટિ—ધર્મના પહેલા પગથિયાવાળો—જ્યાં અશાન્તિથી જરીક ખસ્યો ને સ્વભાવની દૃષ્ટિ અને રુચિરૂપે પરિણમ્યો ત્યાં તેને પણ અંશે અપૂર્વ શાન્તિ વેદાય છે તો જેમને વિભાવનો—અશ્રદ્ધા ને અસ્થિરતાનો—સંપૂર્ણ નાશ થઈ પરિપૂર્ણ સિદ્ધ-દશા પ્રગટે છે તેમની પરિપૂર્ણ શાન્તિની તો વાત જ શી! તેમને તો જાણે શાન્તિનો સમુદ્ર ઊછળી રહ્યો હોય એવી અસીમ શાન્તિ હોય છે. જેમ દરિયો ઘૂઘવાટ કરતો ઊછળે છે તેમ આનંદસાગર ભગવાન જ્ઞાયક આત્મા સર્વ વિભાવપરિણામથી સર્વથા નિવૃત્ત થઈને જેને પર્યાયમાં ઊછળી રહ્યો છે તે સિદ્ધભગવાનને જાણે સુખ ને શાન્તિનો સાગર ઊછળી રહ્યો હોય એવી અપાર શાન્તિ ને સમાધિ હોય છે; જાણે આનંદનો મહાસાગર હિલોળા લઈ રહ્યો હોય એવો બેહદ આનંદ હોય છે.

અહા! જેમની પર્યાયમાં શાન્તિનો સાગર ઊછળતો હોય અને અતીન્દ્રિય આનંદના હિલોળા આવતા હોય એવા સિદ્ધભગવાનની વાતો સાંભળવા પણ મળવી અતિ દુર્લભ છે બાપુ! ભલે દુનિયા ગમે તે કહે, એકાન્ત કહે, પણ વસ્તુ તો જે આ કહેવાય છે તે જ છે. અરેરે! આ તત્ત્વ સાંભળવા પણ મળે નહિ, ત્યાં તેને વિચારમાં તો કયારે મૂકે? ને તેને રુચિમાં પણ કયારે ગોઠવે? સિદ્ધભગવાનને જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય એવો અપાર અતીન્દ્રિય આનંદ હોય છે. સિદ્ધદશા તે કોઈ દ્રવ્ય કે ગુણ નથી પણ આત્માની પરિપૂર્ણ શુદ્ધ પર્યાય છે. દ્રવ્ય ને ગુણ તો ત્રિકાળી છે અને પર્યાય તો નવી પ્રગટે છે. અનંત ગુણોનો આશ્રય તે દ્રવ્ય છે અને દ્રવ્યના આશ્રયે રહેતા જ્ઞાન, દર્શન, સુખ વગેરે ત્રિકાળી સ્વભાવો તે, જીવદ્રવ્યના ગુણો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત ગુણાત્મક ત્રિકાળી શુદ્ધાત્મદ્રવ્યનું ઉગ્ર આલંબન લઈને રાગથી પૂર્ણ નિવૃત્ત થતાં જે પરિપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટે છે તેમાં, જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય એવો અપાર અતીન્દ્રિય આનંદ હોય છે.

અરેરે! આખો દી ધંધાપાણી ને બાયડી-છોકરાં સાચવવામાં રોકાય તેને તો વીતરાગની આ વાત સાંભળવા પણ ન મળે, અને કદાચિત્ ધર્મની વાત સાંભળવા જાય તો મળે સા બીજી વાત: અપાસરે જાય તો કહે કે વ્રત કરો, પોસા કરો, સામાયિક કરો, ઉપવાસ કરો, નોકારવાળી એટલે કે અનુપૂર્વી ગણો; અથવા તો એમ કહે કે મૂર્તિપૂજા કરો, મંદિર બંધાવો, પ્રતિષ્ઠા કરાવો, શાન્તિસ્નાત્ર કે સિદ્ધચક્રની પૂજા ધામધૂમથી કરાવો ને બે-પાંચ-દસ લાખ રૂપિયા વાપરો, ઉપધાન કરો, દીક્ષા અપાવો. પણ ભાઈ! એ તો બધા વિકલ્પ છે, અંતરમાં કષાય જો મંદ કર્યો હોય તો શુભરાગ છે; શુભરાગ પણ અશાન્તિ ને આકુળતા છે; તેમાં અંતરની સાચી શાન્તિ, અનાકુળતા કે ધર્મ નથી. સાચી શાન્તિ, આનંદ ને ધર્મ તો ત્રિકાળશુદ્ધ સહજ જ્ઞાન ને આનંદ-સ્વરૂપ, નિરંજન, નિર્વિકલ્પ ને ઉદાસીન એવા નિજ ભગવાન જ્ઞાયક આત્માનો અંતરમાં આશ્રય કરવાથી, તેનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધ પરિણતિ પ્રગટ કરવાથી થાય છે.

વિ. સં. ૧૯૬૪ની વાત છે, મારી ઉંમર ૧૮ વર્ષની, પાલેજથી વડોદરા દુકાનનો માલ ખરીદવા ગયેલો; ત્યારે સતી અનસૂયાનું નાટક જોવા ગયો હતો. અહા! તે વખતે નાટકો પણ વૈરાગ્યની પ્રેરણા આપે એવાં આવતાં, કુંવારી અનસૂયા સ્વર્ગમાં જતી હતી ત્યાં આકાશવાણી થઈ કે 'અપુત્રસ્ય ગતિર્નાસ્તિ'—પુત્રહીનને ઊંચી ગતિ —સ્વર્ગની પ્રાપ્તિ—થતી નથી. (એ બધું છે તો ગપેગપ.) તો શું કરવું? હેઠે જા ને જે નીચે બેઠો હોય તેને વર. નીચે એક આંધળો બ્રાહ્મણ બેઠો છે તેને તે વરે છે, તેનાથી તેને પુત્ર થાય છે; પુત્રને ઘોડિયામાં હિંચોળતાં તે હાલરડામાં ગાય છે: બેટા! शुद्धोऽसि, बुद्धोऽसि, उदासीनोऽसि, निर्विकल्पोऽसि — તું શુદ્ધ છો, જ્ઞાનનો પિંડ છો, ઉદાસીન છો, નિર્વિકલ્પ છો. અહા! તે વખતે તો નાટકમાં પણ વૈરાગ્યની વાતો આવતી હતી, અત્યારે તો સંપ્રદાયમાં પણ આ વાત ચાલતી નથી, આ કરો ને તે કરો, પૂજા કરો, ભક્તિ કરો, યાત્રા કાઢો, આંબેલ ને ઉપવાસ કે ઉપધાન કરો — એમ બહારની ક્રિયામાં લોકોને ચડાવી દીધા છે. અહીં તો એમ કહે છે કે — સમ્યગ્દર્શન એટલે કે જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ત્રિકાળી ભગવાન આત્માનો અંતરમાં જઘન્ય આશ્રય ને દૃષ્ટિ થતાં પણ શુભાશુભ સમસ્ત વિભાવની રુચિ છૂટીને અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ — ભલે સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય કે ચક્રવર્તીપદમાં હોય — આવે છે, તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને વિભાવનો પરિપૂર્ણ અભાવ થઈ ગયો છે અને સ્વભાવ પરિપૂર્ણ પ્રગટી ગયો છે તેની પૂર્ણ પર્યાયમાં આનંદના હિલોળાની શી વાત કરવી? તેને તો અપાર આનંદ હોય છે.

**'તારા આત્મામાં પણ એવું સુખ ભરેલું છે પણ વિભ્રમની ચાદર આડી આવી ગઈ છે તેથી તને દેખાતું નથી.'**

ણમો સિદ્ધાણં, અહો! સિદ્ધભગવાનને પોતાના આત્મામાંથી આટલો—અપાર આનંદ ને શાન્તિ આવી, તો તારો આત્મા પણ, સિદ્ધભગવાનના આત્માની જેમ, પૂર્ણ આનંદ ને શાન્તિથી ભરેલો છે, ત્યાં નજર કર ને! સિદ્ધભગવાનને અપાર આનંદ કયાંય બહારથી નથી આવ્યો, અંદર શક્તિપણે હતો તે ઊછળીને બહાર પર્યાયમાં વ્યક્ત થયો છે. તારા આત્મામાં પણ શક્તિપણે એવું સુખ ભરેલું છે, પણ ભ્રાન્તિની ચાદર આડી આવી ગઈ છે તેથી તને દેખાતું નથી.

સમયસારમાં દાખલો આવે છે ને! મોટા મોટા તરંગોએ હિલોળા મારતા સમુદ્રની આડે ચાર હાથની ચાદર આવી જાય તો ચાદરની સામે ઉભેલા માણસને ચાદર જ દેખાય છે, સમુદ્ર દેખાતો નથી; જો ચાદર દૂર કરે તો જ તરંગોએ ઊછળતો સમુદ્ર દેખાય; તેવી રીતે સુખસમુદ્ર એવા નિજ જ્ઞાયક આત્માની આડે 'શરીર, સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, કુટુંબ વગેરે મારાં ને હું તેમનો, દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે શુભભાવ તે હું' એમ પરદ્રવ્ય ને પરભાવમાં પોતાપણાની ભ્રમણારૂપ—મિથ્યાત્વરૂપ ચાદર આડી આવી ગઈ છે તેથી તે દેખાતો નથી, જો વિભ્રમની ચાદર દૂર કરે તો સુખસમુદ્ર ભગવાન આત્મા દેખાય અને અંશે સુખ તથા શાન્તિનું વેદન પ્રગટ થાય. અહો! વીતરાગનો માર્ગ ભારે આકરો! લોકોએ કયાંય ને કયાંય કલ્પી લીધો છે—રાગને બહારની ક્રિયામાં માની લીધો છે, પણ એ બધી ભ્રમણાની ચાદર છે; તેને દૂર કરવાથી જ સુખસમુદ્ર જ્ઞાયક આત્માનાં દર્શન થાય છે; સુખના માર્ગની શરૂઆત થાય છે.

બારી-બારણાં બંધ કરીને ત્રણ ગોદડાં માથા સુધી ઓઢીને સૂતો હોય, આંખે ચીપડા બાઝી ગયા હોય, તેને કહે કે 'ઊઠ! આંખ ઉઘાડીને જો—સોનાનાં નળિયાં થયાં (સોના જેવો સૂર્યનો તડકો નળિયાં ઉપર પથરાઈ ગયો).' પણ તે જુએ કઈ રીતે? એ રીતે પૂર્ણાનંદભરપૂર, જાગતી જ્યોત, ચૈતન્યસ્વરૂપ શુદ્ધ અસ્તિત્વમય, અનંત વીતરાગી ગુણોથી વિભૂષિત નિજ જ્ઞાયક ભગવાન આત્માની દૃષ્ટિ ને રુચિ ન કર અને રાગની રુચિ ને પ્રેમરૂપ વિભ્રમમાં જ સૂતો રહે તો તને સુખસમુદ્ર ભગવાન આત્માનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શન ક્યાંથી થાય? ન જ થાય. અરેરે! અવતાર ચાલ્યો જાય છે અને પાછો મરીને ક્યાંય ચાલ્યો જઈશ. મરીને તારે ક્યાં જાવું છે બાપુ! આ મોંઘો મનુષ્ય-અવતાર મળ્યો છે, તેમાં આત્માનું કંઈક કરી લે ને!

— * —

## વચનામૃત — ૪૦૯

અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટિંગાઇ રહેલો મનુષ્ય મધુ-બિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહિ તેમ, વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી ગુરુના ઉપદેશને અવગણીને શુદ્ધાત્મરુચિ કરતો નથી અથવા 'આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં' એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી શુદ્ધાત્મ-પ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે. પછી 'મેં કાંઈ કર્યું નહિ અરેરે! મનુષ્યભવ એળે ગયો' એમ તે પસ્તાય તોપણ શા કામનું? મરણસમયે તેને કોનું શરણ છે? તે રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં ભિંસાઈને દેહ છોડે છે. મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે.

ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી, કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે. વિપત્તિસમયે તે આત્મા-માંથી શાન્તિ મેળવી લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે. મરણાદિસમયે ધર્મી જીવ શાશ્વત એવા નિજસુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે — જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાન્તિનો અખૂટ નિધિ છે. તે શાન્તિપૂર્વક દેહ છોડે છે. તેનું જીવન સફળ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત — વિપત્તિસમયે વિશેષ શરણભૂત થનાર — એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર. ૪૦૯.**

**“અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય મધુબિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહિ તેમ, વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી ગુરુના ઉપદેશને અવગણીને શુદ્ધાત્મરુચિ કરતો નથી અથવા ‘આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં’ એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી શુદ્ધાત્મપ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે.”**

શાસ્ત્રમાં દાખલો આવે છે ને! વડવાઈ પકડીને માણસ ટિંગાઈ રહેલો છે, માથે વડની ડાળ ઉપર મધપૂડો છે, તેમાંથી મધનું એક એક ટીપું થોડી થોડી વારે ટપકે છે — મધની ધાર નહિ હો! નીચે મોં ફાડેલા ભયંકર અજગર ને સર્પો યુક્ત મોટો અંધારો કૂવો છે, માથે બે વડવાઈને — કે જેમને પકડીને તે ટિંગાઈ રહેલો છે તેમને — ધોળો ને કાળો ઉંદર કાપી ખાય છે, તે વખતે કોઈ વિદ્યાધર પોતાના વિમાનમાં બેસીને નીકળે છે અને કરુણાથી કહે છે કે ‘ભાઈ! હમણાં આ વડવાઈ કપાઈ જશે અને તું ભયંકર અંધારા કૂવામાં અજગરના મુખમાં પડીને મરી જઈશ; જો તારે બચવું હોય તો આવ! મારા વિમાનમાં બેસી જા.’ પરંતુ તે મૂર્ખ મનુષ્ય, હમણાં પડશે, હમણાં પડશે — એમ મધના ટીપાની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની મદદને અવગણીને, વિમાનમાં બેઠો નહિ. આ તો દૃષ્ટાંત થયું. એવી રીતે અજ્ઞાની મોહી જીવ વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી — શરીરના સ્પર્શમાં વિષયની વાસનાનું સુખ, રસમાં મેસૂર બાસુદી વગેરે ખાવાપીવાનું સુખ, ગંધમાં અત્તર ફુલેલ વગેરે સૂંઘવાનું સુખ, રૂપમાં શરીરનું ઘડતર સરખું દેખીને તેની સુંદરતાનું સુખ વગેરે પાંચ ઇંદ્રિયોના મનગમતા વિષયોમાં સુખ માનીને, તેમની લાલચમાં લલચાઈને — ‘વિષયો જડ, અચેતન, ધૂળ છે, તેમાં જરાય સુખ નથી, સુખ તો શરીર, ઇંદ્રિયો ને વિષયોથી ભિન્ન અને તે-સંબંધી વાસનાઓથી પણ ભિન્ન નિજ આત્મામાં છે’ એવા ગુરુના ઉપદેશને અવગણીને સુખ-સાગર નિજ શુદ્ધાત્માની રુચિ કરતો નથી.

પ્રભુ! વિષયોમાં શું સુખ છે? વિષયો તો પરચીજ છે, તેમને શું તું મેળવી કે ભોગવી શકે છે? તું મેસૂર, ફૂલ કે સ્ત્રીને ભોગવતો નથી, પરંતુ ‘આ વિષયો ઠીક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, મઝા આપે છે' એવો રાગ કરીને તારા રાગને ભોગવે છે. છોકરો કમાઉ થયો હોય, બાયડી અનુકૂળ હોય, કરોડોની સંપત્તિ મળી હોય, કીર્તિની સુવાસ વ્યાપી ગઈ હોય, પણ ભાઈ! શું સુખ છે એ ધૂળમાં? બાપુ! એ જડ વિષયોની મધલાળમાં તું ઘેરાઈ ગયો છે, વિષયસુખની તીવ્ર તૃષ્ણામાં તું ચોંટી રહ્યો છે.

જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલા મનુષ્યે વિદ્યાધરની સહાય અવગણી, તેમ અજ્ઞાની જીવ પણ 'વિષયોમાં સુખની લાલસા છોડી દે, દિવસ ને રાતરૂપી ઉંદર તારી આયુષ્યરૂપી વડવાઈને સતત કાપી રહ્યા છે, હમણાં આયુષ્ય પૂરું થઈ જશે અને ચોરાશીના અવતારમાં — ભવરૂપ ઊંડા ભયંકર કૂવામાં — ક્યાંય ફેંકાઈ જઈશ; તારે જો આ દુઃખમય ભયંકર સંસારથી છૂટવું હોય તો અંતરમાં સુખનિધાન એવા તારા શુદ્ધ આત્મા પર નજર કર, તેને ગ્રહણ કર' એવો ગુરુનો ઉપદેશ મળ્યો છતાં તેની અવગણના કરીને નિજ શુદ્ધાત્માની રુચિ કરતો નથી.

ગુરુએ ઉપદેશમાં કહ્યું: પ્રભુ! તું રાગના સુખથી ભિન્ન છો. વિષયાનુરાગમાં જરાય સુખ નથી પણ એકાન્ત દુઃખ છે. શરીરના ભોગમાં તને રાગનું સુખ લાગે છે; શરીર તો હાડ-માંસનો માળો છે, જડ અચેતન છે, તેમાં સુખ નથી, છતાં 'તેના સ્પર્શમાં મઝા પડે છે' એમ ભ્રમથી માની અજ્ઞાની જીવ માત્ર પોતાના રાગભાવને કરે છે ને ભોગવે છે. દારૂ પીધેલને શિખંડનો સ્વાદ ગાયના દૂધ જેવો લાગે, તેમ જેણે ભ્રાન્તિરૂપ દારૂ પીધેલ છે એવા અજ્ઞાનીને વિષયોમાં ને રાગમાં સુખ લાગે છે; અંદર ભગવાન આત્મામાં વિષયાતીત અતીન્દ્રિય સુખ ભર્યું છે ત્યાં તે નજર કરતો નથી. અરેરે! કીડી, કાગડા ને કૂતરાના આ અવતાર! ભાઈ! તેં ગુરુના ઉપદેશની અવગણના કરી, મરીને તું ક્યાં જઈશ? અહા! આ તો એક વાર સંસારના હરખ ને હોંશું તૂટી જાય એવી વાત છે. હરખ ને હોંશ તો પ્રભુ! અંદર આનંદસ્વભાવી તારા આત્મામાં કરવા જેવાં છે.

બે-પાંચ કરોડ રૂપિયા થયા હોય, દીકરાનાં લગ્ન હોય, લગ્નમાં પાંચ-દસ લાખ રૂપિયા વાપરવાના હોય, પછી જુઓ! જાણે ગાંડો — પાગલ! 'નાતમાં બેડાંનું લહાણું કરવું છે, નાતને જમાડવી છે.' અરે પ્રભુ! તું આ શું કરે છે? ક્યાં સલવાઈ ગયો? એ બધું તો બહારનો — પુણ્યનો ઠાઠ છે, એમાં ક્યાંય સુખ નથી. મુંબઈમાં એક ભાટિયા ગૃહસ્થને ઘરે દીકરાનાં લગ્ન હતાં. લગ્નની હોંશમાં નાતના હજાર ઘરમાં બેડાંનું લહાણું કર્યું. અરે! પુણ્ય ફરતાં શી વાર લાગે છે? દીકરાની વહુની પ્રથમ પ્રસૂતિ વખતે ખર્ચના પૈસા ન મળે, પૈસા માગવા નીકળવું પડ્યું. અહા! એ તો જગતના તડકા-છાંયા છે બાપુ! છાંયો મટીને તડકો — પુણ્ય મટીને પાપ — થતાં જરાય વાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાગતી નથી. જયપુરમાં એક વખતના પ્રસિદ્ધ મોટા ઝવેરીનો દીકરો વૃદ્ધ ઉંમરે ભીખ માગતો જોયો છે. એ બધા સંસારના તડકા-છાંયા છે. એવા ભિખારીવેડાના અવતાર અનંત વાર કર્યા, પણ પ્રભુ! અંદર આત્મા શી ચીજ છે તેને કદી સાંભળી અને જોઈ નથી. કદાચિત્ ગુરુ મળ્યા, પણ તેમના ઉપદેશને અવગણીને 'આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં' એમ બહારની પ્રવૃત્તિમાં રચ્યોપચ્યો રહી પોતાના આત્માને ઓળખવાના પ્રયત્નનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે. વિશેષ હવે કહેશે.

અહા! આત્માનું સુંદર એકત્વ-વિભક્ત સ્વરૂપ સંતો બતાવે છે. અપૂર્વ પ્રીતિ લાવીને તે શ્રવણ કરવા જેવું છે. જગતનો પરિચય છોડી, પ્રેમથી આત્માનો પરિચય કરી અંદર તેનો અનુભવ કરવા જેવો છે. આવા અનુભવમાં પરમ શાન્તિ પ્રગટે છે, ને અનાદિની અશાન્તિ મટે છે. આત્માના આવા સ્વભાવનું શ્રવણ-પરિચય-અનુભવ દુર્લભ છે, પણ અત્યારે તેની પ્રાપ્તિનો સુલભ અવસર આવ્યો છે. માટે હે જીવ! બીજું બધું ભૂલીને તું તારા શુદ્ધસ્વરૂપને લક્ષમાં લે, ને તેમાં વસ. એ જ કરવા જેવું છે.

— પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૬૭

તા. ૧-૧૨-૭૮

## વચનામૃત — ૪૦૯ (ચાલુ)

વચનામૃતનો ૪૦૯મો બોલ છે, થોડોક કાલે ચાલ્યો છે. અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય મધુબિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહિ તેમ, પાંચ ઈંદ્રિયોના મનગમતા વિષયોની — શબ્દ, રૂપ, ગંધ, રસ ને સ્પર્શની — તૃષ્ણામાં રહી ગુરુના હિતકર ઉપદેશને અવગણીને શુદ્ધાત્મરુચિ કરતો નથી. આત્મામાં જ્ઞાનાવરણીય આદિ ને શરીર આદિ સમસ્ત કર્મ-નોકર્મનો તો સર્વથા અભાવ છે, પણ વર્તમાન પર્યાયમાં થનારા રાગાદિ દોષરૂપ ઔદયિકભાવ ને જ્ઞાનાદિના ક્ષાયોપશમિક, ક્ષાયિક વગેરે ચાર ભાવ પણ તેનો સહજ સ્વભાવ નથી, કેમ કે તેમનો આશ્રય લેવાથી શુદ્ધતાનો, ધર્મનો લાભ થતો નથી; 'ત્રિકાળી જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મવસ્તુની અંતરમાં રુચિ, દૃષ્ટિ ને અનુભૂતિ કરવી એ જ ધર્મનું ને સુખનું સાધન છે' એવા ગુરુનાં કલ્યાણકારી વચનોને અવગણીને નિજ શુદ્ધાત્માની રુચિનો ઉદ્યમ કરતો નથી. 'અવગણવું' એટલે 'પહેલાં રોટલાનું કરો, ભૂખે પેટે કંઈ ધર્મ થતો હશે ? અત્યારે જુવાનીમાં લક્ષ્મી કમાઈ લો, પછી વૃદ્ધા-વસ્થામાં ધર્મ કરીશું, ધર્મ તો સંસારની ફરજથી નવરા થયેલાનું કામ છે, અમારે તો હજી આ કરવાનું છે, ફલાણું કરવાનું છે ને ઢીંકણું કરવાનું છે, નવરા થઈને ઘરડા થશું ત્યારે ધર્મ કરશું' એમ વાયદા કરવા તે. એમ ગુરુના ઉપદેશની ઉપેક્ષા કરીને અજ્ઞાની જીવ નિજ શુદ્ધાત્માની રુચિ કરતો નથી અથવા 'આટલું કામ કરી લઉં, દીકરા-દીકરીને મોટાં કરી, ભણાવી, પરણાવીને ઠેકાણે પાડી દઉં, હું આટલું ભણી લઉં, વાંચી લઉં, આટલાં વ્રત ને ઉપવાસ વગેરે કરી લઉં' એમ બહારની અશુભ કે શુભ પ્રવૃત્તિના પ્રેમમાં લીન રહી, તેની મીઠાશ વેદતો થકો, શુદ્ધાત્મપ્રતીતિના અંતર્મુખ પ્રયત્નનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે.

ભાઈ ! મરણ આ ભવમાં જ આવશે અને તે પણ અકસ્માત્ આવશે, 'હું આવું છું માટે તૈયાર થઈ જજે' એમ સમાચાર મોકલીને નહિ આવે, અચાનક કાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તારું જીવતર ઝડપી લેશે; માટે, આત્માનું હિત પછી કરીશ, પહેલાં આટલાં કામ કરી લઉં, લોકોને સમજાવતો જાઉં — એમ બહારની પ્રવૃત્તિનો રસ છોડી દે ને આત્માને સમજવાનો, સત્સમાગમ, સદ્-વાંચન ને સદ્-વિચાર વડે, અંતરમાં ઉદ્યમ કર.

અજ્ઞાની જીવ બહારની પ્રવૃત્તિના રસમાં રચ્યોપચ્યો રહી, આત્માને સમજવાનો પ્રયત્ન પછી કરીશ, પછી કરીશ — એમ વાયદા કરીને આ દુર્લભ મનુષ્યજીવન વેડફી નાખે છે; 'કરીશ, કરીશ' માં રહી જાય છે અને ત્યાં તો આયુષ્ય પૂરું થવાનું ટાણું આવી પહોંચે છે.

**"પછી 'મેં કાંઈ કર્યું નહિ, અરેરે! મનુષ્યભવ એળે ગયો' એમ તે પસ્તાય તોપણ શા કામનું?"**

આવો મોંઘો મનુષ્યભવ મળ્યો, સાચા ગુરુ ને સાચું સાંભળવાનું મળ્યું, ગુરુએ સમજાવ્યું કે — તું એટલે કે ભગવાન આત્મા જ્ઞાનને આનંદ આદિ અનંત ગુણ-સામર્થ્યથી ભરપૂર, એક, સ્વતઃસિદ્ધિ, સ્વાધીન ને પરિપૂર્ણ વસ્તુ છે, તેની અંતરમાં દૃષ્ટિ, પ્રતીતિ ને રુચિ કર. પણ અરેરે! મેં સમજવાનો પ્રયત્ન કાંઈ કર્યો નહિ. ભાઈ! સમજવાનાં ટાણાં હતાં ત્યારે કાંઈ કર્યું નહિ અને પછી 'અરેરે! આ દુર્લભ મનુષ્યભવ એળે ગયો' એમ મરણ ટાણે અફસોસ કરે તો પણ શા કામનું?

એક તો સંસારનાં — વેપારધંધા ને વિષયભોગનાં — કામ આડે નવરો થતો નથી, તેમાંથી થોડાક વખત મળે તો ધર્મના નામની પ્રવૃત્તિથી — પૂજા, ભક્તિ, વ્રત, તપ, વાંચન, શ્રવણ, કહેવું ને કરવું-કરાવવું વગેરે બાહ્ય ક્રિયાથી — નવરો થતો નથી, ત્યાં તો મૃત્યુનું ટાણું આવી પહોંચે છે, પછી મૃત્યુ ટાણે પસ્તાવો કરે કે 'મેં આત્માનું કાંઈ કર્યું નહિ, આ મનુષ્યભવ જળોજથામાં વ્યર્થ ગુમાવી દીધો', તોપણ શા કામનું?

પૂર્ણાનંદનો નાથ એવા નિજ ત્રિકાળશુદ્ધ ભગવાન આત્મામાં શરીર, વાણી કે સ્ત્રી-પુત્ર વગેરે પરદ્રવ્યો તો નથી જ, પણ રાગાદિ સાંસારિક વિભાવ — સમસ્ત શુભાશુભ વિકારી ભાવ — તેનો સ્વભાવ નથી, અરે! ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક પર્યાયો પણ તેનો પરમભાવ — સહજસ્વભાવ — નથી. આવા નિજ ભગવાન આત્માની રુચિ, પ્રતીતિ, સમજણ ને અનુભૂતિ કરવી જોઈએ તે કરી નહિ, તેના ઉદ્યમનો વખત મેળવવો જોઈએ તે મેળવ્યો નહિ અને બાયડી, છોકરાં, કુટુંબ, ગામ, સમાજ ને દેશનાં કામ આવી પડયાં ત્યાં ચોંટી ગયો, તેમાં એકાકાર થઈને જિંદગી વેડફી નાખી; પછી 'અરેરે! મેં મારા આત્માનું કાંઈ કર્યું નહિ' એમ દુઃખી થઈને પસ્તાય, પણ તે શા કામનું? જિંદગીમાં જેવા પરિણામ કર્યા હોય તે પ્રમાણે જાય ચાર ગતિમાં રખડવા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુનિયાની મોટપ મળે, શેઠાઈ મળે, પચીસ-પચાસ કરોડ રૂપિયા ભેગા કરે, બે-પાંચ કારખાનાં કરે ને મોટો ઉદ્યોગપતિ કહેવાય, પણ તેમાં તારું વળ્યું શું? મરીને, પાપ કરીને તારે જાવું છે ક્યાં? અહા! જેની મોટપ આગળ સિદ્ધપર્યાયની પણ મોટપ અલ્પ છે, ગૌણ છે. એવા પોતાના ત્રિકાળી પૂર્ણાનંદસાગર ચૈતન્ય દ્રવ્યસ્વભાવની સમજણ ને રુચિ માટે વખત લીધો નહિ; બહારમાં વ્રત, નિયમ, ભક્તિ, પૂજા વગેરેમાં ધર્મ માનીને રોકાઈ ગયો, પણ તે શુભભાવ તો રાગ છે, આત્માના શુદ્ધભાવરૂપ ધર્મ નથી. ભાઈ! ધર્મની શરૂઆત તો સમ્યગ્દર્શનથી થાય છે. સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે! અંદર એકલું અતીન્દ્રિય આનંદનું ધ્રુવ દળ, ત્રિકાળશુદ્ધ ચૈતન્ય જ્ઞાયક પ્રભુ, જેમાં વર્તમાન પર્યાયનો, અરે! પર્યાયમાત્રનો, અભાવ છે,—પર્યાયમાત્ર ગૌણ છે—તુચ્છ છે એવી નિજ ચીજની દૃષ્ટિ ને રુચિ કરવાનો વખત લીધો નહિ અને આમ ને આમ જિંદગી ગુમાવી દીધી. મરણનું ટાણું આવે પછી 'મેં આત્માનું કાંઈ કર્યું નહિ, અરેરે! આ મોંઘો માનવભવ વિષયો ને બહારની મોટપ પાછળ એળે ગયો' એમ તે છેવટે પસ્તાય તોપણ શા કામનું?

મહિના-મહિનાની તપસ્યા-ઉપવાસ કરે, લોકો વખાણે ને મોટા વરઘોડા કાઢે પણ ભાઈ! તેમાં તારા દાળિયા શા થયા? તપસ્યામાં જો કષાય મંદ કર્યો હોય તો તે શુભરાગની ક્રિયા છે; અંદર એક સમયમાં પરિપૂર્ણ, પૂર્ણાનંદનો નાથ એવા નિજ જ્ઞાયક પરમભાવમાં—શુદ્ધાત્મ ચૈતન્ય પ્રભુમાં—સંસારનો રાગ કે ધર્મના નામે કહેવાતો વ્રતાદિનો શુભરાગ તો નથી, પણ ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિકરૂપ ધર્મની વર્તમાન નિર્મળ પર્યાય જેટલો તે નથી.—એવા ત્રિકાળી જ્ઞાનાનંદ-આદિ અનંત સામર્થ્યથી ભરપૂર ભગવાન આત્માની સમજણ, રુચિ, પ્રતીતિ ને શ્રદ્ધાનો વખત લીધો નહિ અને એમ ને એમ સંસારનાં કામોમાં અથવા ધર્મના નામે વ્રત, ભક્તિ વગેરેમાં આ મોંઘો માનવભવ ગુમાવી દીધો. સંસારનાં પાપ આડે નવરો ન થયો; 'આત્મપ્રાપ્તિ પછી કરીશ, પછી કરીશ' એમ વાયદામાં ને વાયદામાં આયુષ્ય પૂરું થવાનું ટાણું આવી ગયું. પછી તે પસ્તાય, પણ તેથી શું વળે?

'મરણસમયે તેને કોનું શરણ છે?'

દેહ છૂટવા ટાણે બાપુ! કોનું શરણ છે? ત્રિકાળ શરણભૂત નિજ ચૈતન્યપ્રભુને—જ્ઞાયક પરમભાવને—અંદરમાં તો ઓળખ્યો નથી અને બહારમાં શરણ માટે ફાંફાં નાખે, પણ બહારમાં કોનું શરણ છે? જિંદગીભર પાપ કરીને કમાયેલી લક્ષ્મીનો સામે ઢગલો કરે અને સ્ત્રી-પુત્ર-કુટુંબને સામે ભેગાં કરી પોકાર કરે કે 'મેં તમારા માટે બધો વખત ગાળ્યો છે, તમારા સારુ પાપ કર્યાં છે, તમારી પાછળ મારી આખી જિંદગી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગઈ, હવે તો મને મદદ કરો; કોઈ મને શરણ આપો', પણ કોણ શરણ આપે? ધૂળમાંય કોઈ કાંઈ આપી શકતું નથી. વિષયો પાછળ પાગલ થઈને જિંદગી ગુમાવી. ને પછી મરણ ટાણે ઓરતા કરે — તીવ્ર આર્તધ્યાન કરે, પણ તેથી શું વળે? અરે! મરણ ટાણે કદાચિત્ 'ભગવાન ... ભગવાન' કરે, પંચપરમેષ્ઠીનું સ્મરણ કરે, પણ અંતરમાં સદા શરણભૂત એવા નિજ જ્ઞાયક ભગવાનને ગુરુગમે ઓળખ્યો નથી, તેની રુચિ-પ્રતીતિ-શ્રદ્ધા કરી નથી, તો પ્રભુસ્મરણનો શુભરાગ પણ શું શરણ આપે?

**'તે રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં ભિંસાઈને દેહ છોડે છે.'**

દેહ સાથે એકતા ને સંસારના રાગમાં રચ્યોપચ્યો જીવ, મરણનો સમય આવતાં, રોગની ભીંસમાં — ડબલ ન્યુમોનિયા થાય અને શ્વાસ લેતાં પડખાંમાં શૂળ ભોંકાય એવી મહા વેદના થાય, 'હાર્ટ-ઍટેક' વખતે લોહી જામી જવાથી મોટી રાડ નાખે એવો સખત મુંઝારો થાય વગેરે ભીંસમાં — ભિંસાઈને દેહ છોડે છે. મરીને હાલ્યો જાય નરક ને ઢોર વગેરે ચોરાશીના અવતારમાં. ત્યાં તેને કોનું શરણ છે? ટાણાં આવ્યાં ત્યારે આત્માનું કાંઈ કર્યું નહિ, પછી ઓરતા કર્યે શું વળે? 'યહ બહુ ભૂલ ભઈ હમરી, ફિર કહા કાજ પછતાયે' — પશ્ચાત્તાપ કર્યે શું થાય? તે વ્યાધિની, પીડાની, મૃત્યુની, દેહાદિ સાથે એકતાબુદ્ધિની અને પાપધ્યાનની ભીંસમાં ભિંસાઈને દેહ છોડે છે. તે વખતે તેને કોનું શરણ છે? — અંતરમાં સદા શરણભૂત નિજ શુદ્ધાત્મતત્ત્વને — જ્ઞાયક પરમપદને — તો કદી જોયું નથી.

**'મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે.'**

ભલે કરોડો રૂપિયા ભેગા થયા, પચાસ-પચાસ લાખના મોટા, રાજમહેલ જેવા, બંગલા બનાવ્યા, પાંચ-પાંચ લાખની ઊંચી મોટર-ગાડીઓ હોય, નોકર-ચાકર વગેરેની રાજા જેવી સાહેબી હોય, પણ તેથી શું? એ બધો વૈભવ મૂકી, મરણની ભીંસમાં ભિંસાઈને અજ્ઞાની જીવ મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે પશુ ને નરક આદિ ગતિઓમાં રખડવા. આત્મા સ્વભાવે પૂર્ણ જ્ઞાનાનંદમય ભગવાન હોવા છતાં, ભિખારીની જેમ, ભીખ માગે છે કે — આ આપો, તે આપો, આબરૂ આપો, મને કોઈ મોટો ગણો; પણ ભાઈ! તારી મોટપ તો અંદર સચ્ચિદાનંદ જ્ઞાયક પ્રભુમાં — અતીન્દ્રિય આનંદનું દળ એવા નિજ ચૈતન્યનિધાનમાં — છે. આનંદનિધાન નિજ જ્ઞાયક ભગવાન કે જે સદા શરણભૂત છે તેમાં નજર નાખવી જોઈએ તે નાખી નહિ ને બહાર દયા, દાન, વ્રત, ભક્તિમાં — વિભાવમાં નજરૂં કરી ને તેમાં અટકી ગયો. તે વિભાવપરિણામ રાગ છે, ધર્મ નથી —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ વાત કેમ બેસે? તેમાં કાંઈ શરણ નથી, તે તો વિકાર, ભવનું કારણ ને સંસાર છે. અહા! પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન જે ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયક ભગવાન તેનું શરણ લીધું નહિ, તેને ઓળખ્યો નહિ ને તેની કિંમત કરી નહિ, અને રાગ ને પુણ્યની કિંમત કરી, મરીને ગયો ચોરાશીના અવતાર કરવા. દુર્લભ મનુષ્યભવ હારીને ચાલ્યો ગયો ભવવનમાં ભટકવા.

**'ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી, કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે.'**

આનંદસાગર ભગવાન આત્માની જેને અંતરમાં દૃષ્ટિ ને રુચિ થઈ છે, જેને શરીર-વાણી-મન, કુટુંબકબીલો, અરે! પુણ્ય-પાપના સમસ્ત વિભાવ તે હું નહિ એવી અંદર અનુભવ સહિત પ્રતીતિ થઈ છે, તે જીવ ધર્મી છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' — એ ન્યાયે બધા આત્મા સ્વભાવે સિદ્ધભગવાન જેવા છે. જો સ્વભાવે ભગવાન ન હોય તો પર્યાયમાં — દશામાં ભગવાનપણું આવશે કયાંથી? ભગવાનપણું શું કયાંય બહારથી આવે છે? અહા! આવી વાતો છે; બહારની પ્રવૃત્તિના રસિયાઓને આકરી લાગે એવી છે. જેને અંતરમાં રાગની ને પર્યાયની રુચિ છૂટી ગઈ છે અને પૂર્ણાનંદના નાથની — ભગવાન આત્માની દૃષ્ટિ ને અનુભૂતિ થઈ છે તેને ધર્મી કહેવામાં આવે છે. જેમ નાળિયેરનો ગોળો અંદર છૂટો હોય છે તેમ ધર્મી જીવને રાગ ને શરીરથી આત્મગોળો અંદર ભિન્ન દેખાય છે, અનુભવમાં આવે છે. શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવમાં જેને ચૈતન્ય-ગોળો અંતરમાં છૂટો પડી ગયો છે એવો ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી, કારણ કે તેણે અશરીરી અતીન્દ્રિય નિજ શુદ્ધ જ્ઞાયક પરમ-ભાવનું શરણ પ્રાપ્ત કર્યું છે.

જેમ નાળિયેરનો ગોળો ઉપરનાં છાલાંથી, કઠણ કાચલીથી ને કાચલી કોરની રાતડથી જુદો ને ધોળો છે, તેમ આ ઔદારિક શરીર છાલાં સમાન છે, જડ કર્મ કાચલી સમાન છે અને કર્મ તરફના જે શુભાશુભ ભાવ — દયા, દાન, વ્રત, તપ કે કામક્રોધાદિના ભાવ — તે કાચલી કોરની રાતડ સમાન છે. ભગવાન આત્મા અંદર તે બધાંથી જુદો છે. અહા! આ વાત કે દી બેસે ને કે દી ભગવાન આત્માને સાધે! તેના માટે તે નવરો કયાં છે? જ્ઞાનાનંદસ્વરૂપ આવો ભગવાન આત્મા જેને અંતરમાં જણાયો, અનુભવમાં આવ્યો તે જ્ઞાની જીવ અનેક પ્રકારની વ્યાધિની, યાતનાની કે મોતની ભીંસમાં ભિંસાતો નથી, કેમ કે તેણે અંતરમાં નિજ શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે, નિજ નિધાન નજરે પડી ગયું છે. અહા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ અલૌકિક છે. અત્યારે તો વીતરાગનો સનાતન માર્ગ ચારે કોરથી વિંખાઈ ગયો છે. સમજાણું કાંઈ? ધર્મી જીવ તેને કહીએ કે જે 'અંતરકી લચ્છીસોં અજાચી લચ્છપતિ હૈ'. અંતરમાં જેને અનંત આનંદ ને અનંત જ્ઞાનની લક્ષ્મી દેખાણી, અંશે અનુભવમાં આવી, તે હવે બહારમાં જોતો નથી કે મને પૈસા મળો ને ધૂળ મળો! 'દાસ ભગવંતકો, ઉદાસ રહૈ જગતસૌં; સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ'.

વીતરાગ દિગંબર સંત શ્રી કુંદકુંદાચાર્યદેવે પોતાની ભાવના અર્થે નિયમસાર શાસ્ત્ર બનાવ્યું છે. તેમાં કહે છે કે—જ્ઞાયક કારણપરમાત્મા શરીર વગેરે પરદ્રવ્યોથી તો જુદો છે જ, પણ જે રાગાદિ વિભાવ થાય, તે તેનો સ્વભાવ નથી અને ક્ષાયિકભાવ વગેરે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તે તેનો ત્રિકાળી સહજ સ્વભાવ નથી. અરે! આવો માર્ગ! આવું તો બીજે ક્યાંય સાંભળવા મળતું નથી, જ્યાં જાવ ત્યાં 'સામાયિક કરો, પોસા કરો, પ્રતિક્રમણ-ચોવિહાર-ભક્તિ વગેરે કરો, આ કરો ને તે કરો' એવું સાંભળવા મળે છે, પણ તે બધી તો રાગની ક્રિયાઓ છે, આત્માનો સ્વભાવ નથી. 'શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ'—આત્માનું સ્વરૂપ સમસ્ત શુભાશુભ રાગ ને ક્રિયાથી રહિત શુદ્ધ ચેતનામય છે. અહો! ક્યાં આ વાત! દેખવા યોગ્ય, અનુભવ કરવા યોગ્ય તો આનંદથી છલોછલ ભરેલો ભગવાન આત્મા છે. તેનું આલંબન લઈને પર્યાયમાં તેની પ્રતીતિ ને અનુભૂતિ જેને થઈ છે એવો જ્ઞાની જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી, કારણ કે તેણે નિજ શુદ્ધાત્માનું—જ્ઞાયક પરમભાવનું—શરણ પ્રાપ્ત કર્યું છે.

**'વિપત્તિસમયે તે આત્મામાંથી શાન્તિ મેળવી લે છે.'**

શાન્તિનો સાગર ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં ને અનુભવમાં આવ્યો છે તે ધર્મી જીવ પ્રતિકૂળતાના ભીષણ ઘેરાવામાં—આકરા રોગો ને ભયંકર ઉપસર્ગોમાં—અંદર આત્મામાંથી શાન્તિ મેળવી લે છે. અહા! આવી વાત સાંભળી ન હોય એટલે લોકોને આકરી પડે. સમ્મેદશિખર, ગિરનાર કે શત્રુંજયની યાત્રા કરવાનું કહો તો તે સમજાય. પણ ભાઈ! એમાં સમજવા જેવું શું છે? એ તો શુભરાગની વાત છે. શુભરાગ આત્માનો સ્વભાવ નથી. ગજબ વાત છે! ગમે તેવા આકરા વિપત્તિસમયે જ્ઞાની ધર્માત્મા, આત્માનું ભાન ને સંવેદન હોવાથી, આત્મામાંથી શાન્તિ મેળવી લે છે.

**'વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે.'**

ધર્મી જીવને સમ્યગ્દર્શન થતાં શરીરાદિ પરદ્રવ્ય અને રાગાદિ વિભાવોથી ભિન્ન ત્રિકાળશુદ્ધ જ્ઞાનાનંદકંદ નિજ આત્મા જણાયો છે, અનુભવમાં આવ્યો છે, તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલી અકષાય શાન્તિ તો તેને હંમેશાં અતૂટપણે સતત વર્તે છે, પણ જ્યારે કોઈ પ્રતિકૂળ ને વિકટ પ્રસંગ આવે — અપમાન કે ખોટી નિંદા થાય, લાકડીઓના પ્રહાર થાય વગેરે અનેક પ્રકારના ઉપસર્ગો આવે — ત્યારે તે શાન્તિનિધાન એવા નિજ શુદ્ધાત્માનું શરણ અંતર્મુખ પુરુષાર્થ વડે વિશેષ ગ્રહે છે, અંતરમાં સહજશુદ્ધ દ્રવ્યસ્વભાવનો વિશેષ આશ્રય લે છે, ઉપયોગને બહારથી — આવી પડેલા વિકટ પ્રસંગથી — હઠાવીને અંતરમાં વિશેષ સમાવી દે છે.

વિકટ પ્રસંગે જ્ઞાની નિજ શુદ્ધાત્માનું — ભગવાન કે પંચપરમેષ્ઠીનું નહિ, કેમ કે તેઓ તો પરદ્રવ્ય છે, તેમનું શરણ લેતાં તો શુભરાગ ને પુણ્યબંધ થશે, અંતરમાં ધર્મ ને અકષાય શાન્તિ નહિ થાય, — શરણ વિશેષ વિશેષ ગ્રહે છે. અહા! આવી વાત છે; આકરી પડે બાપુ! પણ શું થાય? પરમાત્મા જિનેશ્વરદેવનો આ હુકમ છે, આજ્ઞા છે, તેમાં અજ્ઞાની જીવ સ્વમતિથી કાંઈનું કાંઈ ગમે તેમ કલ્પીને માની બેસે તેથી કાંઈ વસ્તુનું સ્વરૂપ ફરી ન જાય. જ્ઞાનીને જે વીતરાગ શાન્ત પર્યાય પ્રગટી છે તે ત્રિકાળશુદ્ધ વીતરાગ સ્વભાવનું શરણ — આશ્રય લઈને પ્રગટી છે. વીતરાગ જિનેંદ્રે કહેલો ધર્મ વીતરાગ પર્યાય છે. વીતરાગ પર્યાય સ્વયં ધર્મ છે, પણ તે ધર્મ પ્રગટ્યો કેવી રીતે? શું દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે શુભ રાગની સેવા-ઉપાસના કરી તેથી પ્રગટ્યો? નહિ, નહિ, અંતરમાં વીતરાગસ્વરૂપ નિજ દ્રવ્યસ્વભાવ છે તેનો આશ્રય કરવાથી પ્રગટ્યો છે.

પ્રશ્ન: — તો પછી પૂજા, ભક્તિ વગેરે બધા વ્યવહારનો લોપ થઈ જશે!

ઉત્તર: — ભાઈ! વ્યવહાર એટલે રાગ. પ્રથમ ભૂમિકામાં એવો શુભ રાગ આવે; પણ તે રાગની રુચિ છોડે, અરાગી આત્મસ્વભાવનો આશ્રય ગ્રહે, તો વીતરાગ ધર્મની શરૂઆત થાય. વીતરાગસ્વરૂપ જ ભગવાન આત્મા છે. વીતરાગ પર્યાય પ્રગટ કરે તે જ જૈન છે, બાહ્ય ક્રિયાકાંડમાં કે 'જૈન' નામ ધારવામાં જૈનપણું નથી. કોથળીમાં કાળીજીરી ભરીને ઉપર 'સાકર' લખે તેથી શું કાળીજીરી મીઠી થઈ જાય? તેમ સ્વભાવના ભાન વિના 'જૈન' નામ ધારણ કરે તેથી શું 'જૈન' થઈ જાય? અહીં કહે છે કે — જે અંતરનો સાચો જૈન છે તે વિકટ પ્રસંગે આત્મામાંથી શાંતિ મેળવી લે છે.

**'મરણાદિસમયે ધર્મી જીવ શાશ્વત એવા નિજસુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે — જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાન્તિનો અખૂટ નિધિ છે.'**

આ દેહદેવળની અંદર રહેલો ભગવાન આત્મા શાશ્વત — નિત્ય છે, અનાદિ-અનંત છે. તે કાંઈ સર્વથા નવો ઉત્પન્ન થયો નથી કે સર્વથા તેનો નાશ થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે શાશ્વત વસ્તુમાં સુખ ભર્યું છે. સુખસરોવર એવા નિજ શાશ્વત શુદ્ધાત્મામાં, મરણાદિ વિકટ સમયે ધર્મી જીવ વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે. કેવું છે સુખસરોવર ? — કે જ્યાં કોઈ પણ પ્રકારનો રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાન્તિનો અખૂટ — કદી ખૂટે નહિ એવો — ખજાનો છે.

ભાઈ ! પચીસ-પચાસ હજારનું દાન કરે તેથી કાંઈ ધર્મ કે આત્માની શાન્તિ થતી નથી. રૂપિયા તો જડ પરદ્રવ્ય છે. તેને કોણ આપે ને કોણ લે ? દાન વખતે તૃષ્ણા-લોભ ઘટાડી કષાય મંદ કર્યો હોય તો તે શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે, શાન્તિ કે ધર્મ નથી. શરીર, વાણી, રૂપિયા અને શુભરાગ વગેરે પરદ્રવ્ય ને પરભાવને પોતાના માને તે તો પાગલ છે. દુનિયા પાગલ છે, તે આવી સત્યની વાત સાંભળીને સત્યના કહેનારને પાગલ કહે છે, આ વાત તેને પાગલ જેવી લાગે છે. શું થાય ? મિથ્યાત્વનો દારૂ પીધો છે તેથી તેને એમ લાગે છે. શરીરની ક્રિયા ને પૈસાની ક્રિયાથી ભગવાન આત્મા ભિન્ન છે એવું જ્યારે અંતરમાં ભાન થાય ત્યારે જીવને સમ્યગ્દર્શન ને આત્મશાન્તિ પ્રગટ થાય. તે જીવ મરણાદિ પ્રતિકૂળતાના વિકટ પ્રસંગે શાશ્વત એવા નિજ સુખસરોવરમાં વિશેષ વિશેષ લીન થઈ જાય છે, કે જ્યાં સમસ્ત પ્રતિકૂળતા રહિત કેવળ શાન્તિનો અખૂટ નિધિ છે.

અરે ! તેનો વિશ્વાસ કેમ આવે ? ગુરુગમે અંતરમાં — આત્મામાં જુએ ને જાણે કે 'આ તો આનંદનો સાગર છે' તો પર્યાયમાં અંશે આનંદ આવતાં 'આનંદરૂપે અનુભવમાં આવતો આ આત્મા આખો અખૂટ આનંદનો મહાસાગર છે' એમ પ્રતીતિમાં બરાબર આવે. શાન્તિના અખૂટ નિધિને જેણે જોયો છે તે ધર્મી જીવ દેહ છૂટવા ટાણે શાન્તિ, શાન્તિ, શાન્તિપૂર્વક અંદર આનંદના નાથનું શરણ લઈ સ્વરૂપમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે.

**'તે શાન્તિપૂર્વક દેહ છોડે છે.'**

શ્રીમદ્ રાજચંદ્રે, જેઓ જ્ઞાની ધર્માત્મા હતા તેમણે, દેહ છૂટવા ટાણે પોતાના ભાઈને કહ્યું : મનસુખ ! બાને દિલગીર થવા દઈશ નહિ, હું મારા સ્વરૂપમાં જાઉં છું. અહાહા ! યથાર્થ છે, શાન્તિમાં દેહ છૂટી ગયો. જ્ઞાની નિજસુખ સરોવરમાં વિશેષ લીનતા કરીને અપૂર્વ શાન્તિથી દેહ છોડે છે.

**'તેનું જીવન સફળ છે.'**

જેણે આનંદના નાથને — નિજ જ્ઞાયક ભાવને — અનુભવ્યો અને મરવા ટાણે નિજાનંદસરોવરમાં વિશેષ લીન થઈને શાન્તિમાં જેને દેહ છૂટયો, તેનું જીવન ને તેની સાધના ખરેખર સફળ છે; એક-બે ભવમાં તે કેવળજ્ઞાન લઈને મોક્ષ જવાનો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત — વિપત્તિસમયે વિશેષ શરણભૂત થનાર — એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર.'**

ભાઈ! આ મોંઘો મનુષ્ય-અવતાર મળ્યો છે, કલ્યાણ કરવાનું ટાણું મળ્યું છે; માટે, તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત એવા નિજ શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો પ્રયત્ન કર. સદાય શરણભૂત, ત્રિકાળ હયાતી ધરનાર, એવું જે નિજ જ્ઞાયકતત્ત્વ — શુદ્ધાત્મદ્રવ્ય — તેને, દેહ છૂટવાનું ટાણું આવ્યા પહેલાં, અંતરમાં ચેતીને — સાવધાન થઈને અનુભવવાનો ઉદ્યમ કર. નિજ જ્ઞાયક ભગવાન આત્મા જ ખરેખર સાચું શરણ છે. અરહંતે સરણં પવ્વજ્જામિ, સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ — એ તો વિકલ્પ છે, શુભ રાગ છે. 'ધર્મ' પણ પર્યાયની વાત છે. અરહંત વગેરે પરદ્રવ્ય તો આ આત્માને પરમાર્થે શરણભૂત નથી, પણ ધર્મ પણ, પર્યાય હોવાથી, સદા શરણભૂત નથી. સદા શરણભૂત તો ત્રિકાળશુદ્ધ પરમાનંદપિંડ નિજ ભગવાન આત્મા જ છે. ભગવાન આત્મા સાધકપરિણતિને સદાય શરણભૂત તો છે જ, પણ વિપત્તિસમયે — ડબલ ન્યુમોનિયા થાય, શ્વાસ લેતાં રાડ નાખી જાય, આંખમાંથી આંસુની ધારા ચાલી જાય, એવે ટાણે — વિશેષ શરણભૂત થાય છે. શરણભૂત એવા નિજ શુદ્ધાત્મદ્રવ્યને અનુભવમાં લે, તેનું વેદન કર. અહા! આ ૪૦૯મો બોલ બહુ સરસ આવ્યો છે, વીતરાગભાવનો અધિકાર છે. આ અંદર પરદ્રવ્યથી ને રાગાદિ વિભાવથી નિરાળો જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છે તે જ સદાય શરણભૂત છે, વિપત્તિસમયે વિશેષ વિશેષ શરણભૂત છે. બહેનના ૩૭૭મા બોલમાં દાખલો આવ્યો હતો ને! કે — જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક કાંઈક મુશ્કેલી દેખાતાં વિશેષ જોરથી છેડો પકડી લે છે તેમ ધર્મી જીવ વિપત્તિસમયે — પરીષહ-ઉપસર્ગ આવતાં — નિજ શુદ્ધાત્મદ્રવ્યને ઉગ્રપણે પકડે છે, શુદ્ધ ચૈતન્યને પકડીને તેને અનુભવવાનો ઉગ્રપણે ઉદ્યમ કરે છે.

અહીં પણ એમ કહે છે કે — તું દેહ છૂટવાનું ટાણું આવ્યા પહેલાં અંતરમાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત — સંકટસમયે વિશેષ શરણભૂત થનાર — એવા આનંદનિધાન નિજ શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો શીઘ્ર ઉદ્યમ કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૬૮

તા. ૨–૧૨–૭૮

## વચનામૃત — ૪૧૦

જેણે આત્માના મૂળ અસ્તિત્વને પકડ્યું નથી, 'પોતે શાશ્વત તત્ત્વ છે, અનંત સુખથી ભરપૂર છે' એવો અનુભવ કરીને શુદ્ધ પરિણતિની ધારા પ્રગટાવી નથી, તેણે ભલે સાંસારિક ઇન્દ્રિયસુખોને નાશવંત અને ભવિષ્યમાં દુઃખ દેનારાં જાણી તજી દીધાં હોય અને બાહ્ય મુનિપણું ગ્રહણ કર્યું હોય, ભલે તે દુર્ધર તપ કરતો હોય અને ઉપસર્ગ-પરિષહમાં અડગ રહેતો હોય, તોપણ તેને તે બધું નિર્વાણનું કારણ થતું નથી, સ્વર્ગનું કારણ થાય છે; કારણ કે તેને શુદ્ધ પરિણમન બિલકુલ વર્તતું નથી, માત્ર શુભ પરિણામ જ — અને તે પણ ઉપાદેયબુદ્ધિએ — વર્તે છે. તે ભલે નવ પૂર્વ ભણી ગયો હોય તોપણ તેણે આત્માનું મૂળ દ્રવ્યસામાન્યસ્વરૂપ અનુભવપૂર્વક જાણ્યું નહિ હોવાથી તે બધું અજ્ઞાન છે.

સાચા ભાવમુનિને તો શુદ્ધાત્મદ્રવ્યાશ્રિત મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધપરિણતિ ચાલુ હોય છે, કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે, ઉગ્ર જ્ઞાતૃત્વધારા અતૂટ વર્તતી હોય છે, પરમ સમાધિ પરિણમી હોય છે. તેઓ શીઘ્ર શીઘ્ર નિજાત્મામાં લીન થઈ આનંદને વેદતા હોય છે. તેમને પ્રચુર સ્વસંવેદન હોય છે. તે દશા અદ્ભુત છે, જગતથી ન્યારી છે. પૂર્ણ વીતરાગતા નહિ હોવાથી તેમને વ્રત-તપ-શાસ્ત્રરચના વગેરેના શુભ ભાવો આવે છે ખરા, પણ તે હેયબુદ્ધિએ આવે છે. આવી પવિત્ર મુનિદશા મુક્તિનું કારણ છે. ૪૧૦.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“જેણે આત્માના મૂળ અસ્તિત્વને પકડયું નથી, ‘પોતે શાશ્વત તત્ત્વ છે, અનંત સુખથી ભરપૂર છે’ એવો અનુભવ કરીને શુદ્ધ પરિણતિની ધારા પ્રગટાવી નથી, તેણે ભલે સાંસારિક ઇન્દ્રિયસુખોને નાશવંત અને ભવિષ્યમાં દુઃખ દેનારાં જાણી તજી દીધાં હોય અને બાહ્ય મુનિપણું ગ્રહણ કર્યું હોય, ભલે તે દુર્ધર તપ કરતો હોય અને ઉપસર્ગ-પરિષહમાં અડગ રહેતો હોય, તોપણ તેને તે બધું નિર્વાણનું કારણ થતું નથી, સ્વર્ગનું કારણ થાય છે; કારણ કે તેને શુદ્ધ પરિણમન બિલકુલ વર્તતું નથી, માત્ર શુભ પરિણામ જ — અને તે પણ ઉપાદેયબુદ્ધિએ — વર્તે છે.”**

જેણે જ્ઞાનસ્વરૂપ આત્માના મૂળ અસ્તિત્વને, કર્મ-નોકર્મથી ભિન્ન ને રાગાદિ વિભાવોથી રહિત શુદ્ધ ત્રિકાળી સત્ત્વને અંતરમાં ગ્રહણ કર્યું નથી તેને વ્રત, તપ વગેરે બહારની ક્રિયાઓ કે શાસ્ત્રનું બહિર્લક્ષી જાણપણું — એ બધું ધર્મ, કે મોક્ષનું કારણ થતું નથી. આ બોલમાં વાત જરી ઝીણી છે ભાઈ! ‘હું’, હું’, હું’પણે સંવેદનમાં આવતો આ ‘આત્મા’ છે ને! સર્વજ્ઞ જિનેશ્વરદેવે તેનું જે મૂળ અસ્તિત્વ — અસલી હયાતી, શુદ્ધ સત્ત્વ — કહ્યું છે તે, જ્ઞાનાવરણીય આદિ સમસ્ત કર્મ ને શરીર, વાણી, મન વગેરે નોકર્મથી ભિન્ન અને તેની પર્યાયમાં પુણ્ય-પાપના જે વિભાવો થાય છે તેમનાથી પણ રહિત છે; અરે! એની એક સમયની શુદ્ધ પર્યાય પણ એનું મૂળ ત્રિકાળી અસ્તિત્વ નથી. એનું મૂળ અસ્તિત્વ તો જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણસ્વભાવોથી રચાયેલું એકરૂપ અભેદ સામાન્ય દ્રવ્ય છે. તે એકરૂપ, કેવળજ્ઞાનાદિ અનંત સામર્થ્યોથી ભરપૂર, ત્રિકાળ શુદ્ધ, દ્રવ્યસામાન્યરૂપ નિજ મૂળ અસ્તિત્વને જેણે અંદર ગ્રહણ કર્યું નથી તેને ધર્મના નામે કહેવાતાં દીક્ષા, વ્રત, તપ, શાસ્ત્રભણતર વગેરે બધાં સાધન નિર્વાણનું કારણ થતાં નથી, સ્વર્ગનું કારણ થાય છે, કેમ કે તેને અંતરમાં દ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટનારું શુદ્ધ પરિણમન અંશે પણ વર્તતું નથી, માત્ર શુભ પરિણામ જ — એ પણ કર્તવ્ય-બુદ્ધિએ — વર્તે છે.

પોતાના મૂળ અસ્તિત્વને પકડયું નથી ને ‘આત્મા અનાદિ-અનંત ટકનાર શાશ્વત, સ્વતઃસિદ્ધ, અનંત સુખથી ભરપૂર, અનંત મહિમાવંત મહાન પદાર્થ છે’ એમ પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરીને શુદ્ધ પરિણતિની ધારા પ્રગટ કરી નથી, તેથી તેને ધર્મ કે ધર્મનું ફળ — મોક્ષ થતો નથી. ત્રણ વાત કહી: આત્માનું મૂળ અસ્તિત્વ, તેનું અનાદિ-અનંત રહેનાર સ્વયંસિદ્ધ શાશ્વત તત્ત્વ અને અનંત સુખથી ભરપૂરપણું. અહો! એની મૂળ હયાતી શરીર નહિ, વાણી નહિ, શુભાશુભ વિભાવ નહિ, અરે!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય જેટલી પણ નહિ, પણ અનંત અતીન્દ્રિય આનંદથી ભરપૂર ત્રિકાળી દ્રવ્યસામાન્યરૂપ છે. તેનો અંતરમાં સ્વીકાર કરીને — અનુભવ કરીને સાધકભાવરૂપ શુદ્ધ પરિણતિની ધારા જેણે પ્રગટાવી નથી તેને બહારનો ત્યાગ વગેરે બધું કલ્યાણનું કારણ બિલકુલ થતું નથી.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે 'આત્મા' કહ્યો છે તેનું મૂળ અસ્તિત્વ શરીરાદિ સર્વ પરદ્રવ્યથી ન્યારું છે; તેનું મૂળ સ્વરૂપ શાશ્વત છે, તેના જ્ઞાન ને આનંદ આદિ બધા ગુણો પણ શાશ્વત છે — એમ તેના દ્રવ્યસામાન્યરૂપ શુદ્ધ સત્ત્વને અંતરમાં ગ્રહણ કરીને, 'આ ચિન્મય શુદ્ધ એકરૂપ અસ્તિત્વ તે જ હું છું' એમ અંદરમાં સ્થાપીને — તેનો અતીન્દ્રિય અનુભવ કરીને શુદ્ધ પરિણતિની ધારા જેણે પ્રગટાવી નથી તેને દુર્ધર તપ, ઉપસર્ગ-પરિષહનું સહન કરવું વગેરે નિર્વાણનું કારણ જરીયે થતું નથી. આત્મા જ્ઞાનાદિ અનંત શક્તિયુક્ત વીતરાગ સ્વરૂપે બિરાજે છે. તેની એકેએક શક્તિ — જીવત્વ-શક્તિ, જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ, વીર્યશક્તિ વગેરે બધી શક્તિઓ — વીતરાગ સ્વરૂપે બિરાજે છે. એવા અનંતશક્તિયુક્ત નિજ દ્રવ્યસામાન્યને અંદર સ્વ-સન્મુખ દૃષ્ટિ કરીને અનુભવે નહિ તો શુદ્ધ પરિણતિની ધારા — મોક્ષમાર્ગરૂપ નિર્મળ દશા — ક્યાંથી પ્રગટે ?

આત્માના શુદ્ધ સ્વરૂપને જેણે ગ્રહણ કર્યું નથી, અનંત સુખથી ભરપૂર નિજ શાશ્વત તત્ત્વનો અનુભવ કરીને જેણે શુદ્ધ પરિણતિની ધારા પ્રગટાવી નથી, તેણે ભલે સંસારનાં વિષયસુખો, નાશવંત અને ભવિષ્યમાં દુઃખ દેનારાં જાણી, છોડી દીધાં હોય — પાંચ ઇન્દ્રિયોના વિષયો વર્તમાન દુઃખરૂપ છે એમ ન જાણ્યું હોય પણ ભવિષ્યમાં દુઃખ દેનારા છે, માટે મારે છોડવા — એમ જાણી ઇન્દ્રિયસુખો તજી દીધાં હોય અને બાહ્ય મુનિપણું ગ્રહણ કર્યું હોય — બહારમાં હજારો રાણી છોડી, રાજપાટ છોડીને નગ્ન મુનિપણું અંગીકાર કર્યું હોય, ભલે તે દુર્ધર તપ કરતો હોય — મહિના-મહિનાના ઉપવાસ, ઉપવાસને પારણે લૂખો આહાર કરતો હોય — અને ઉપસર્ગ-પરિષહમાં અડગ રહેતો હોય — ત્રાડું નાખતા સિંહ ને વાઘના ભયંકર ઉપસર્ગોમાં અચળ રહેતો હોય, તોપણ તેને તે બધું મોક્ષનું કારણ થતું નથી. તેનાથી સ્વર્ગ મળે પણ જન્મમરણ ટળે નહિ. મરીને દેવ થાય, અબજોપતિ શેઠિયો — ધૂળનો ધણી — થાય અને પછી ચારેય ગતિમાં રખડી મરે; કેમ કે તેને, શુદ્ધ ચિદાનંદરૂપ નિજ મૂળ અસ્તિત્વને પકડીને અને જ્ઞાનાદિ અનંત સામર્થ્ય-ભરપૂર પોતાના શાશ્વત તત્ત્વનો અનુભવ કરીને શુદ્ધ પરિ-ણમન અંશે પણ વર્તતું નથી, માત્ર દયા, દાન, વ્રત, તપ, ભક્તિ વગેરે શુભ પરિણામ જ — અને તે પણ ઉપાદેયબુદ્ધિએ — વર્તે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ પરિણમન કઈ રીતે પ્રગટ થાય? નિજ ત્રિકાળી શુદ્ધાત્મદ્રવ્યસામાન્યને લક્ષગત કરી તેનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને અંશે સ્વરૂપ-સ્થિરતારૂપ શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે. જેણે શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવનો આશ્રય ગ્રહીને શુદ્ધ પરિણમનની ધારા પ્રગટાવી નથી તે ભલે બાયડી-છોકરાં છોડી દીક્ષા લે, આકરાં તપ કરે, ભયંકર ઉપસર્ગ ને પરિષહ સહન કરે, કષાય મંદ કરીને શુકલલેશ્યા — શુકલધ્યાન નહિ હો! — પ્રગટ કરે, તોપણ તેને તે બધું મુક્તિનું સાધન થતું નથી, શુભભાવ છે તેથી સ્વર્ગનું કારણ થાય છે. સમ્યગ્દર્શન વિના શુભભાવથી દેવ થાય, પણ એવું દેવપણું તો જીવ પૂર્વે અનંત વાર પામ્યો છે.

મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયૌ.

પંચમહાવ્રત પાળે, ઇન્દ્રિયો દમે, છતાં એ બધું સ્વર્ગનું કારણ છે, મોક્ષનું કારણ નથી; કારણ કે તેને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ તેમ જ તદાશ્રિત શુદ્ધ પરિણતિ બિલકુલ વર્તતી નથી. નવમી ગ્રૈવેયકે જાય એવા શુકલ લેશ્યાના પરિણામ અત્યારે આ કાળે તો છે નહિ, પણ પૂર્વે એવા શુભભાવ જીવે અનંત વાર કર્યા છે. તેણે નથી કર્યો માત્ર નિજ પરમાત્મ-સ્વભાવને અંતરમાં પકડવાનો સાચો પ્રયત્ન. અહા! અંદર સુખનો સાગર વીતરાગ જ્ઞાયક પરમાત્મા બિરાજે છે. અરિહંત ભગવાનને પર્યાયમાં જે અનંત આનંદ છે તે ક્યાંથી આવે છે? શું બહારથી આવે છે? અંદર ત્રિકાળી દ્રવ્યસ્વભાવના આશ્રયે આવે છે. તેની જેને અંતરમાં રુચિ ને વલણ નથી તેનું પરિણમન અશુદ્ધ જ રહે છે. કદાચિત્ કષાય મંદ કરે તો શુભભાવ થાય અને તેના ફળરૂપે સ્વર્ગ અને ત્યાંથી ચ્યવીને પરિણામ-અનુસાર નરપશુ આદિ ચાર ગતિમાં રખડે. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેક પાયો, ફેર પિછો પટકયો' — આનંદસાગર આત્માનો સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક અનુભવ પ્રગટ કર્યા વિના દ્રવ્યસંયમ અંગીકાર કરી શુકલ લેશ્યાના બળે અનંત વાર નવમી ગ્રૈવેયકેઊપજી આવ્યો, પરંતુ એક ભવ પણ ઘટયો નહિ; ત્યાંથી પટકયો — મનુષ્ય થયો, ત્યાંથી મરીને ઢોર થયો, ત્યાંથી મરીને જશે નરક-નિગોદમાં. અહા! આવી વાત છે.

પાલેજમાં દુકાન પર હતો ત્યારે સઝ્ઝાયમાળાની બે વાત — 'દ્રવ્યસંયમસે ગ્રૈવેક પાયો, ફેર પિછો પટકયો' અને 'કેવળી આગળ રહી ગયો કોરો' — પર લક્ષ ખેંચાયું હતું. 'કેવળી આગળ રહી ગયો કોરો' એટલે શું? જીવ વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા પાસે અનંત વાર ગયો છે; વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન વગેરે વીસ તીર્થંકર કેવળી પરમાત્માપણે અત્યારે બિરાજે છે; મહાવિદેહક્ષેત્રમાં ત્રણે કાળે કેવળી પરમાત્મા સદા બિરાજે છે, વર્તમાન બિરાજમાન તીર્થંકરો અને કેવળીઓ મોક્ષ જાય ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજા નવા થાય, વિદેહક્ષેત્ર તીર્થંકરો ને કેવળીઓ વિના ખાલી ન હોય. ત્યાં જીવ અનંત વાર સમવસરણમાં ગયો, અનંત વાર દ્રવ્યલિંગી દિગંબર સાધુ થયો પણ 'કેવળી આગળ રહી ગયો કોરો' — અંતરમાં, કેવળી પરમાત્માએ કહેલું શુદ્ધાત્મતત્ત્વ અડવા દીધું જ નહિ, બાહ્ય ક્રિયાકાંડમાં મશગૂલ રહ્યો, ક્રિયાથી ને રાગથી ભિન્ન જે ત્રિકાળશુદ્ધ નિજ ચૈતન્યસ્વરૂપ તેને સ્પર્શ્યો નહિ, નિજ જ્ઞાયક-ભાવને અનુભવ્યો નહિ. તેણે બાહ્ય મુનિપણું પાળ્યું, દુર્ધર તપ કર્યાં, શુક્લ લેશ્યા પ્રગટ કરી, તોપણ તેને તે બધું, અંતરમાં શુદ્ધાત્માનો અનુભવ બિલકુલ નહિ હોવાથી, મુક્તિનું કારણ થતું નથી, માત્ર સ્વર્ગનું કારણ થાય છે.

આત્મજ્ઞાનશૂન્ય જીવને, ભલે કરોડો વર્ષો સુધી મુનિપણું પાળે, ઉગ્ર તપશ્ચર્યા કરે, અંતરમાં શુદ્ધ પરિણમન બિલકુલ વર્તતું નથી, માત્ર શુભ પરિણામ જ — અને તે પણ ઉપાદેયબુદ્ધિએ — વર્તે છે. અશુભ અને શુભ બન્ને વિભાવો હેય છે, માત્ર શુદ્ધ ભાવ જ ઉપાદેય છે. શુભ પરિણામમાં ઉપાદેયબુદ્ધિ વર્તવી તે જ મિથ્યાત્વ છે, કેમ કે તેણે હેયતત્ત્વને ઉપાદેય માન્યું. અંતરમાં ત્રિકાળશુદ્ધ ચૈતન્ય પરમભાવ જ્ઞાયક પ્રભુ જે પરમ ઉપાદેય છે તેને તેણે હેયરૂપ કર્યો અને રાગને ઉપાદેયરૂપ કર્યો, તે જ મિથ્યાત્વ ને અનંત સંસારનું કારણ છે. શુભરાગમાં જેને ઉપાદેયબુદ્ધિ વર્તે છે તે ભલે વ્રત, ઉપવાસ, ભક્તિ, પંચપરમેષ્ઠીનું સ્મરણ વગેરે કરે તોપણ તેને બિલકુલ ધર્મ થતો નથી, કષાય મંદ કર્યો હોય તો સ્વર્ગની, બહુ તો નવમી ગ્રૈવેયકની, પ્રાપ્તિ થાય; પણ ભવનો અભાવ એટલે કે મુક્તિની પ્રાપ્તિ કદી ન થાય.

**'તે ભલે નવ પૂર્વ ભણી ગયો હોય તોપણ તેણે આત્માનું મૂળ દ્રવ્ય-સામાન્યસ્વરૂપ અનુભવપૂર્વક જાણ્યું નહિ હોવાથી તે બધું અજ્ઞાન છે.'**

અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ બાહ્ય મુનિપણું લઈને અગિયાર અંગ ને નવ પૂર્વ જેટલું દ્રવ્યશ્રુત ભણી જાય પણ, અંતરમાં નિજ શુદ્ધાત્માના ગ્રહણ ને અનુભવનસ્વરૂપ ભાવશ્રુત અંશે પણ પરિણમ્યું નહિ હોવાથી, તેનું તે બધું બહિર્લક્ષી જાણપણું — ભણતર અજ્ઞાન છે. અંગ ને પૂર્વનો વિસ્તાર ઘણો મોટો છે. પ્રથમ આચારાંગમાં ૧૮ હજાર પદ છે, એક-એક પદમાં એકાવન હજાર ઝાઝેરા શ્લોક છે. ત્યાર પછીનાં બીજાં અંગ અનુક્રમે ઠામબમણાં છે, અર્થાત્ બમણા વિસ્તારવાળાં છે. તે અગિયાર અંગ ને નવ પૂર્વ અનંત વાર પૂર્વે ભણી ગયો છે, પરંતુ જે ભણવાનું હતું તે — નિજ શુદ્ધાત્માનું સ્વરૂપ — ભણ્યો નહિ. આત્માનું મૂળ દ્રવ્યસામાન્યસ્વરૂપ — નવ તત્ત્વરૂપ વિશેષોને ગૌણ કરી નિજ શુદ્ધાત્મદ્રવ્ય-સામાન્ય — અનુભવ સહિત જાણ્યું નહિ હોવાથી તે બધું જાણપણું અજ્ઞાન છે, ધર્મ કે ધર્મનું સાધન નથી. અહા! આવી ભાષા! અરે ભાઈ! શું થાય?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યસામાન્યસ્વરૂપ મૂળ વસ્તુ વિના બહારમાં — જાણપણામાં ને ક્રિયામાં — ફાંફાં માર્યાં, પરંતુ જન્મમરણનો અંત આવ્યો નહિ.

'આત્મા સામાન્ય-વિશેષાત્મક વસ્તુ છે; તેના શુભ, અશુભ કે શુદ્ધ ભાવરૂપ વિશેષોને ગૌણ કરીને તેનું મૂળ સામાન્યસ્વરૂપ જોવામાં આવે તો તે ત્રિકાળશુદ્ધ, જ્ઞાન ને આનંદ આદિ અનંત શક્તિઓથી સદા ભરપૂર છે' એવું અગિયાર અંગ ને નવ પૂર્વના ભણતરમાં આવ્યું, ધારણામાં લીધું, પણ પોતાના ત્રિકાળશુદ્ધ જ્ઞાનાદિ સામર્થ્યભરપૂર મૂળ દ્રવ્યસામાન્યસ્વરૂપને અનુભવપૂર્વક જાણ્યું નહિ, તેથી તેનું બીજું બધું જાણપણું અજ્ઞાન છે. અહા! આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) વાંચીને એલ્યો ભાવનગરનો પ્રોફેસર કહે છે કે — 'આમાં તો નિધાન ભર્યાં છે'. અરે! અન્યમતી સમજવા માગે તો સમજી શકે તેવું છે.

સામાન્ય એટલે વસ્તુનું ત્રિકાળી એકરૂપ ધ્રુવ દ્રવ્ય અને વિશેષ એટલે વસ્તુની વર્તમાન પલટતી ક્ષણિક પર્યાય. અરેરે! જૈનમાં જન્મીને, દ્રવ્ય શું ને પર્યાય શું — એની પણ ખબર ન મળે. વાણિયાને ધંધા આડે નવરાશ મળે નહિ, અને કદાચિત્ કલાક - બે કલાક નવરાશ લઈને સાંભળવા જાય, તો ત્યાં કુગુરુ એનો સમય લૂંટી લે. આ કરો ને તે કરો, વ્રત કરો ને તપ કરો, દાન કરો ને ભક્તિ કરો — એમ બહારની ક્રિયામાં ધર્મ માનીને — મિથ્યાત્વનું પોષણ કરીને — કુગુરુના કુસંગથી એણે પોતાના આત્માને મારી નાખ્યો, ભયંકર ભાવમરણ કર્યું. અરેરે! દુનિયા કયાં રખડી મરે છે? પોતાના દ્રવ્યસ્વભાવમાં જો પવિત્રતાનું પરિપૂર્ણ સામર્થ્ય ન હોય તો તીર્થંકરને — અરિહંતને પર્યાયમાં પૂર્ણ પવિત્રતા જે પ્રગટ થાય છે તે કયાંથી આવે છે? શું કયાંય બહારથી આવે છે? અંતરમાં પરિપૂર્ણ પવિત્ર દ્રવ્યસ્વભાવને અનુભવપૂર્વક જાણ્યો નહિ તેથી તેનું બધું ભણતર અને મહાવ્રત વગેરે બધું આચરણ અજ્ઞાન ને મિથ્યા ચારિત્ર છે.

હવે સાચા મુનિની વાત કરે છે. —

**'સાચા ભાવમુનિને તો શુદ્ધાત્મદ્રવ્યાશ્રિત મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધપરિણતિ ચાલુ હોય છે, કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે, ઉગ્ર જ્ઞાતૃત્વધારા અતૂટ વર્તતી હોય છે, પરમ સમાધિ પરિણમી હોય છે.'**

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના પંથમાં જ સાચા ભાવમુનિ હોઈ શકે, બીજા કોઈ પંથમાં હોઈ શકે નહિ. જેમને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાપૂર્વક આનંદનો અનુભવ પ્રગટયો છે એવા ભાવલિંગી મુનિવરને તો નિજ શુદ્ધાત્મદ્રવ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામાન્યના આલંબને પ્રગટેલી મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધપરિણતિ ચાલુ જ હોય છે. 'મુનિ-યોગ્ય ઉગ્ર શુદ્ધપરિણતિ'—એમ કેમ કહ્યું? પ્રથમ ભૂમિકાના ધર્મીને—અવિરત સમ્યગ્દૃષ્ટિને તથા દેશવિરત શ્રાવકને પણ શુદ્ધપરિણતિ સતત હોય છે, પરંતુ મુનિ જેવી ઉગ્ર શુદ્ધ-પરિણતિ તેમને હોતી નથી. શ્રેણિક રાજા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં તેમને, પોતાને યોગ્ય—અવિરત ભૂમિકાને યોગ્ય—શુદ્ધપરિણતિ હતી. મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધપરિણતિ તો નિજ શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયે વિશેષ સ્થિરતારૂપે પરિણમેલા સાચા સંતને જ—ભાવલિંગી મુનિવરને જ—સતત વર્તતી હોય છે. તે ઉગ્ર શુદ્ધપરિણતિ, વીતરાગ સર્વજ્ઞ જેટલી પરિપૂર્ણ પણ નથી અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જેટલી અલ્પ પણ નથી, મધ્યમ છે.

અહા! દેહાદિ પરદ્રવ્ય, રાગાદિ વિકારી ભાવ, દયા-દાનાદિ પ્રશસ્ત વિકલ્પ વગેરેથી ભિન્ન એવા નિજ ભગવાન શુદ્ધાત્માને અવલંબીને જેમને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ સતત ચાલુ હોય છે એવા સાચા ભાવમુનિને કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે. એ શું કહ્યું? 'હું પરદ્રવ્યની ક્રિયા કરી શકું છું, પરજીવને મારી-બચાવી શકું છું, સુખી-દુઃખી કરી શકું છું, બદ્ધ-મુક્ત કરી શકું છું' એવી કર્તાપણાની પરિણતિ તો આત્મભાન થતાં જ છૂટી ગઈ હોય છે. હાથને હલાવવો તે ક્રિયા તો આત્માની નથી, પણ આત્માની પર્યાયમાં જે શુભાશુભ રાગ થાય તે પણ આત્માનું સ્વભાવકર્મ નથી, પરમાર્થે આત્મા તેનો કર્તા નથી;—એમ પરનું ને વિભાવનું કર્તાપણું તો જ્ઞાનીને સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે.

અરેરે! વીતરાગ સર્વજ્ઞ ભગવાનના વિરહ પડયા. ત્રણ લોકના નાથ મહાવીર પ્રભુ મોક્ષ પધાર્યા. અત્યારે શ્રી સીમંધર ભગવાન વગેરે વીસ જિનવર વિદેહક્ષેત્રે અરિહંતપદે બિરાજે છે. ભરતક્ષેત્રમાં ભગવાનનો વિરહ પડયો; તેમણે કહેલો સનાતન માર્ગ બહુ વિંખાઈ ગયો! અહીં કહે છે કે—જૈનદર્શનમાં જે સાચા સંત—ભાવલિંગી મુનિવર—હોય છે તેમને શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધપરિણતિ નિરંતર ચાલુ જ હોય છે. ધર્મની પહેલી શરૂઆતવાળા સમ્યગ્દૃષ્ટિને પણ સ્વયોગ્ય શુદ્ધપરિણતિ હોય છે, નહિતર તે ધર્મી જ નથી.

ઉગ્ર શુદ્ધપરિણતિની સાથે મુનિરાજને ભલે પંચ મહાવ્રત વગેરેના શુભ વિકલ્પો આવે, પણ તેઓ તો રાગ છે, તેમનું કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું છે. 'ણમો લોએ સવ્વ સાહૂણં'—એ સાચા સંતોને અંતરંગમાં વીતરાગ પરિણતિ ઉગ્રપણે વર્તી રહી છે, પ્રચંડ જ્ઞાનધારા સતત પ્રવહી રહી છે. એવા ભાવમુનિરાજને 'પંચમહાવ્રતના નિર્દોષ પાલન માટે શરીરની નિરવદ્ય ક્રિયા હું કરી શકું છું, ભાષા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમિતિપૂર્વક હિત-મિત-પ્રિય વચન હું બોલી શકું છું' એવું પરદ્રવ્યભાવનું કર્તાપણું સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે. હું શરીરની ક્રિયા કરી શકું છું; ખાવા-પીવાની, વેપાર-ધંધાની ને રમવા-કૂદવાની ક્રિયા મારી છે — એમ પરની — જડની ક્રિયાનો પોતાને કર્તા માનનાર જીવ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, જૈન નથી. તે તો પરનો કર્તા થઈને મિથ્યાત્વભાવને સેવે છે. આત્મા માત્ર જ્ઞાનસ્વરૂપ ભગવાન છે — એવું ભાન થઈને જ્યાં સમ્યગ્દૃષ્ટિપણું થયું ત્યાં પરની ક્રિયાનું કર્તાપણું તો છૂટી જ જાય છે, પણ જે અસ્થિરતારૂપ રાગની ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે તેનું કર્તાપણું પણ, દ્રવ્યદૃષ્ટિના બળે, છૂટી જાય છે. અહા! આવી વાતો છે, સમજાય છે કાંઈ ?

જ્ઞાયકભાવના ઉગ્ર અવલંબને વર્તનારા શુદ્ધજ્ઞાનધારાવંત મુનિરાજને પરનું ને વિભાવનું કર્તાપણું છૂટી ગયું હોય છે અને સાથે સાથે ઉગ્ર જ્ઞાતૃત્વધારા — હું કેવળ શુદ્ધ જ્ઞાતા છું — એવી અનુભવયુક્ત પરિણમનધારા — અતૂટ વર્તતી હોય છે. પંચમહાવ્રત ને પંચસમિતિ વગેરેના પરિણામ આવે, પરંતુ તેના તે કર્તા થતા નથી; કેમ કે અંદર સમ્યગ્દર્શન — અનુભવ સહિત શુદ્ધાત્મદર્શન — થતાં જ પરના ને વિકલ્પના (વ્રતાદિના ભાવો પણ વિકલ્પ છે, રાગ છે) કર્તાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે. અહા! જેમને સાધુ-પરમેષ્ઠી કહેવામાં આવે છે તે સાચા સંત કેવા હોય ? તેમને તો વસ્ત્રનો એક ટુકડોય ન હોય, તેઓ નગ્ન દિગંબર દશાએ જંગલમાં વસતા હોય. એવા વીતરાગી સાધક સંતને 'હું કેવળ જ્ઞાતા-દ્રષ્ટા છું, પરના ને રાગાદિ વિભાવના કર્તા-ભોક્તાપણાની ગંધ પણ મારા સ્વભાવમાં નથી' એવી ઉગ્ર જ્ઞાતૃત્વધારા અતૂટ — તૂટ પડ્યા વિના સતત — વર્તતી હોય છે. અરેરે! અત્યારે આ ક્ષેત્રે એવા ભાવલિંગી સાચા સંતોના વિરહ પડ્યા. અતૂટ જ્ઞાતૃત્વધારાનો પ્રારંભ તો ચોથે ગુણસ્થાને થઈ જાય છે, અને મુનિરાજને તો તે ઘણી ઉગ્ર હોય છે. તે વીતરાગી જ્ઞાનધારા માત્ર જાણે; રાગ થાય તેને જાણે, જ્ઞાન થાય તેને જાણે, વીતરાગતા થાય તેને જાણે. અહા! જૈન પરમેશ્વરે કહેલો વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે ભાઈ! વીતરાગ માર્ગે પ્રવર્તનારા સાચા સંતોને ત્રણ કષાયનો (અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ ને પ્રત્યાખ્યાનાવરણ — એ ત્રણ કષાયચોકડીનો) અભાવ અને ઉગ્ર જ્ઞાતૃત્વધારા — જ્ઞાનચેતનામય પરિણતિ — અતૂટ વર્તતાં હોય છે.

તે ઉગ્ર જ્ઞાતૃત્વધારાએ સતત વર્તતા સંતોને પરમ સમાધિ પરિણમી હોય છે. અહા! પરમ સમાધિ કોને કહેવાય ? અંતરમાં જ્ઞાયકસ્વભાવના ઉગ્ર અવલંબને અતીન્દ્રિય આનંદની દશા ખૂબ વધી ગઈ હોય, અકષાય શાન્તિ, શાન્તિ, શાન્તિની સહજ સ્થિતિ પરિણમી ગઈ હોય તેને પરમ સમાધિ કહે છે. પ્રાણાયામના બળે બાવાઓ અમુક દિવસો સુધી ખાડામાં દટાઈ રહે તે કોઈ સમાધિ નથી. અંતરમાં — આત્મામાં — આધિ, વ્યાધિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને ઉપાધિના પરિણામ રહિત સમતારૂપ વીતરાગ પરિણામ થાય તેને સમાધિ કહે છે. ઉપાધિ એટલે સ્ત્રી, પુત્ર, વેપારધંધો વગેરે બહારના સંયોગ, વ્યાધિ એટલે શરીરમાં રોગ થવો વગેરે અને આધિ એટલે અંદર મનના સંબંધે થનારા પુણ્ય-પાપ ને સુખ-દુ:ખના વિકલ્પો — એ ત્રણેય ચિંતાથી — આધિ, વ્યાધિ ને ઉપાધિના પરિણામથી — રહિત પરમ સમાધિરૂપ આનંદની દશામાં મુનિરાજ ઉગ્રપણે પરિણમી જાય છે. ધર્મોપદેશ સાંભળું-સંભળાવું એવા વિકલ્પમાં આવ્યા — ન આવ્યા ને બીજી ક્ષણે જ અંદર સ્વરૂપમાં ઊતરી જાય છે. અહા! આવી દશાએ પરિણમેલા સાધક સંતો અતીન્દ્રિય આનંદના સ્વાદિયા હોય છે.

**'તેઓ શીઘ્ર-શીઘ્ર નિજાત્મામાં લીન થઈ આનંદને વેદતા હોય છે.'**

મુનિરાજ શુદ્ધ ચિદાનંદમૂર્તિ નિજ જ્ઞાયક પ્રભુનો ઉગ્ર આશ્રય લઈને — શીઘ્ર શીઘ્ર સ્વરૂપમાં સમાઈ ને — અતીન્દ્રિય આનંદને વેદતા હોય છે. અંદર ચૈતન્યઘરમાં તો આનંદ...આનંદ છે, બહાર વિકલ્પમાં આવતાં પરદેશમાં આવી ચડયા જેવું દુ:ખ લાગે છે. બહેનના ૪૦૧મા વચનામૃતમાં આવ્યું હતું ને! — જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી અંદર આનંદ તરફ ઢળી રહ્યું હોય છે. તેને વ્રતાદિના વિકલ્પ આવે ત્યારે એમ થાય છે કે 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ વિભાવરૂપ પરદેશમાં અમે ક્યાં આવી ચડયા? આ વ્રત, તપ ને ભક્તિ વગેરેના વિકલ્પ અમારો પરિવાર નથી; અમારો પરિવાર તો અંદર જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ ને વીર્યાદિ અનંતગુણરૂપ નિર્મળતાઓ છે.' અહા! આવી વાતો ને આવો માર્ગ છે, સાંભળવું કઠણ પડે.

**'તેમને પ્રચુર સ્વસંવેદન હોય છે.'**

ભગવાન કુંદકુંદાચાર્યદેવ કહે છે: પ્રચુર આનંદઝરતું સ્વસંવેદન અમને વર્તી રહ્યું છે. આનંદઝરતું સ્વસંવેદન સમકિતીને થોડું હોય છે, મુનિરાજને પ્રચુર હોય છે. મુનિરાજને તો અતીન્દ્રિય આનંદના ઊભરા આવે છે. દૂધનો ઊભરો તો પોલો હોય છે, આ તો નક્કર હોય છે. મુનિરાજ શીઘ્ર શીઘ્ર નિજાત્મામાં લીન થઈ આનંદઝરતા પ્રચુર સ્વસંવેદનને વેદે છે.

**'તે દશા અદ્‌ભુત છે, જગતથી ન્યારી છે.'**

'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ.' અહા! વીતરાગસ્વરૂપ પ્રભુનો આ પંથ છે. તે દશા કોઈ અલૌકિક છે, જગતથી સાવ જુદી જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૧૬૯

તા. ૩-૧૨-૭૮

## વચનામૃત — ૪૧૦ (ચાલુ)

ભગવાન આત્મામાં અનંત ગુણો ભરપૂર વસેલા છે. જ્ઞાન ને આનંદ આદિ દરેક ગુણ સ્વભાવે પરિપૂર્ણ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરને જ્ઞાન ને સુખ વગેરે ગુણોની નિર્મળતાનું પરિપૂર્ણ સ્વસંવેદન હોય છે, મુનિરાજને પણ એકદેશ પ્રચુર સ્વસંવેદન હોય છે અને સમકિતીને અલ્પ સ્વસંવેદન હોય છે. સામર્થ્યભરપૂર એવા નિજ પૂર્ણ જ્ઞાયક સ્વરૂપની અંતરમાં દૃષ્ટિ થતાં જેટલા ગુણો છે તેમનો નિર્મળ અંશ સમ્યગ્દૃષ્ટિને પ્રગટ થઈ જાય છે. શ્રીમદ્‌માં 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' અને રહસ્યપૂર્ણચિઠ્ઠીમાં 'ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ ગુણ એકદેશ વ્યક્ત થાય છે'— એમ આવે છે. સર્વજ્ઞને જ્ઞાનાદિ ગુણો પૂર્ણ પ્રગટી ગયા છે, નીચે સાધકદશામાં એકદેશ પ્રગટ્યા છે. અહો! તત્ત્વજ્ઞાન એ અગમ પ્યાલા છે બાપુ! જ્ઞાનની પર્યાયનો સ્વપર-પ્રકાશક સ્વભાવ છે તેથી તે અલ્પ જ્ઞાન વખતે પણ, સ્વને ને પરને, સ્વભાવને ને વિભાવને બરાબર જાણે છે. જ્ઞાન દ્રવ્યને જાણે, પર્યાયને જાણે, વિભાવને જાણે ને નિમિત્તને પણ જાણે; તેનું લક્ષ એટલે કે રુચિનું જોર પર્યાય, વિભાવ કે નિમિત્ત ઉપર નથી. જ્ઞાનનું જોર તો અનંત ગુણના પિંડસ્વરૂપ નિજ ધ્રુવ દ્રવ્યસ્વભાવ ઉપર જ હોય છે. સ્વભાવ પ્રત્યે રુચિના જોરને લીધે ચોથે ને પાંચમે ગુણસ્થાને સાધક જીવને જ્ઞાન, આનંદ ને શાન્તિનું સ્વસંવેદન હોય છે, પણ તે અલ્પ હોય છે.

મુનિરાજને તો જ્ઞાન, આનંદ ને શાન્તિનું પ્રચુર સ્વસંવેદન હોય છે. મુનિરાજની પ્રચુર સ્વસંવેદનયુક્ત દશા કોઈ અદ્‌ભુત છે, દુનિયાથી સાવ ન્યારી છે. અહો! મુનિદશા એટલે પરમેષ્ઠી દશા! અરે! અત્યારે તો એકાદ શિષ્ય થઈ જાય ત્યાં થઈ જાય આચાર્ય! પ્રભુ! તું આ શું કરે છે? હજી તો દૃષ્ટિનો વિષય શું છે? દૃષ્ટિ શું છે?— એની ખબર નથી તેને સમકિત કે સાધુપણું — કાંઈ નથી, ત્યાં આચાર્યપણું ક્યાંથી આવી ગયું? અરે! દુનિયાથી આ વાત સાવ જુદી છે. સમજાય નહિ એટલે લોકોને દુઃખ લાગે અને તેથી તેઓ વિરોધ કરે, પણ શું થાય? અહીં કહે છે કે — ભગવાન આત્મામાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત અનંત ગુણો છે તે બધા ગુણોનું, સમ્યગ્દર્શન થતાં, અલ્પ વેદન થાય છે; મુનિદશામાં તો તે બધા ગુણોનું પ્રચુર સંવેદન હોય છે. અહો ! એ દશા અદ્ભુત છે, જગતથી સાવ ન્યારી છે.

**'પૂર્ણ વીતરાગતા નહિ હોવાથી તેમને વ્રત-તપ-શાસ્ત્રરચના વગેરેના શુભ ભાવો આવે છે ખરા, પણ તે હેયબુદ્ધિએ આવે છે.'**

મુનિરાજને વિષયાનુરાગરૂપ અશુભ પરિણામ તો હોય જ નહિ; કદાચિત્ અલ્પ આર્તધ્યાન થઈ જાય, પણ તેની ગણતરી નથી. તેમને તો શુદ્ધપરિણતિરૂપ જ્ઞાનધારા અને શુભપરિણતિરૂપ કર્મધારા—એમ શુદ્ધ અને શુભ બે જ ગણવામાં આવ્યા છે; આર્તધ્યાન કદાચિત્ છે પણ તેને ગૌણ ગણવામાં આવ્યું છે. મુનિરાજને, વીતરાગતા પરિપૂર્ણ પ્રગટ થઈ નહિ હોવાથી, વ્રત-તપ-ભક્તિ-શાસ્ત્રરચના વગેરેના શુભ પરિણામ આવે છે ખરા, પણ તેમાં તેમને ઉપાદેયબુદ્ધિ નથી, કર્તવ્યબુદ્ધિ નથી. 'આવે છે ખરા' એમ કેમ કહ્યું ? એવા ભૂમિકાનુસાર શુભ ભાવ ખરેખર આવે છે, નથી આવતા—એમ નથી. અંતરમાં જ્ઞાતૃત્વપરિણતિએ પરિણમી ગયા છે અને તેથી શુભ ભાવના પણ તેઓ જ્ઞાતા જ છે, કર્તા નથી—એનો અર્થ એવો નથી કે તેમને તેમની ભૂમિકાને યોગ્ય વ્રતાદિના શુભ ભાવ આવતા જ નથી; આવે છે ખરા, પણ તે હેયબુદ્ધિએ આવે છે.

અરેરે ! અત્યારે તો ત્યાગીઓ પણ શુભભાવને ધર્મ ને ચારિત્ર માને છે. સંપ્રદાયના કોઈ સાધુ તો એમ પણ કહે છે કે—અત્યારે પંચમ કાળમાં તો એકલો શુભ યોગ જ હોય. અરે ! પ્રભુ ! આ તું શું કહે છે ? ભગવાન કુંદકુંદાચાર્યદેવ પણ પંચમ કાળમાં થયા છે. શું તેમને એકલો શુભ યોગ જ હતો ? શુદ્ધપરિણતિ ને શુદ્ધોપયોગ શું હતાં જ નહિ ? જો શુદ્ધપરિણતિ અને શુદ્ધોપયોગ ન હોય તો તેમને ક્ષણે ક્ષણે સાતમું ગુણસ્થાન—અપ્રમત્ત દશા કઈ રીતે સંભવે ? અરેરે ! માર્ગમાં બહુ ગડબડ કરી નાખી. શુભ યોગ તો આસ્રવ-બંધનું કારણ ને દુઃખરૂપ છે. શું પંચમકાળમાં મુનિને માત્ર તે શુભ યોગ જ હોય ? નહિ. મુનિરાજની અંતરંગ દશામાં શુદ્ધપરિણતિ નિરંતર ચાલુ જ હોય છે કે જે સંવર-નિર્જરારૂપ ને મોક્ષનું કારણ છે. આનંદનિધાન ભગવાન જ્ઞાયકના ઉગ્ર અવલંબને જે દશા થઈ તે શુદ્ધ, પવિત્ર ને અતીન્દ્રિય આનંદના સ્વાદવાળી છે. એવી શુદ્ધ સાધકદશા પંચમ કાળમાં પણ પ્રગટ થઈ શકે છે. મુનિરાજને અંશે વીતરાગતા પ્રગટી છે, પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી, તેથી તેમને વ્રત, તપ, સ્વાધ્યાય વગેરેના શુભ વિકલ્પો આવે છે ખરા, પણ તે હેયબુદ્ધિએ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આવી પવિત્ર મુનિદશા મુક્તિનું કારણ છે.'**

ભૂમિકા પ્રમાણે મુનિરાજને વ્રતાદિના શુભભાવ આવતા હોવા છતાં, તેમને અંતરમાં પ્રચુર સ્વસંવેદન સહિત જ્ઞાનાદિ અનંત ગુણોની પર્યાયોમાં જે વ્યક્તતારૂપ શુદ્ધ પરિણતિ થઈ છે તે જ મુક્તિનું કારણ છે. પ્રચુર સ્વસંવેદનમય ઉગ્ર જ્ઞાનધારા જ — પવિત્ર મુનિદશા જ — મુક્તિનું કારણ છે, વ્રતાદિનો શુભ રાગ નહિ.

— * —

## વચનામૃત — ૪૧૧

અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરનાં કાર્ય કરવા મથે છે, પણ પરપદાર્થનાં કાર્ય તે બિલકુલ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. જીવનાં કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે, પુદ્ગલનાં પુદ્ગલમાં છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્ગલ પરિણમે છે, જીવ તેમને ફેરવી શકતો નથી. ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે, જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી.

તું જ્ઞાયકસ્વભાવી છે. પૌદ્ગલિક શરીર-વાણી-મનથી તો તું જુદો જ છે, પણ શુભાશુભ ભાવો પણ તારો સ્વભાવ નથી. અજ્ઞાનને લીધે તેં પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા. શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને — શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ કે જેથી મુક્તિનાં પ્રયાણ ચાલુ થશે. ૪૧૧.

**'અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરનાં કાર્ય કરવા મથે છે, પણ પરપદાર્થનાં કાર્ય તે બિલકુલ કરી શકતો નથી.'**

અનાદિ કાળથી જીવ સ્વરૂપના અજ્ઞાનને લીધે, મિથ્યાત્વરૂપ ભ્રમને કારણે પરનાં કાર્ય — દેશનાં, ગામનાં, સમાજનાં, નાતનાં, સંઘનાં, કુટુંબનાં, શરીરનાં ને દયા-દાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરેનાં કામ — કરવા મથે છે, પણ પરવસ્તુનાં કામ તે બિલકુલ કરી શકતો નથી. જીવ પરનાં કાર્ય તો કરી શકતો નથી, પણ પોતાની પર્યાયમાં જે શુભાશુભ વિભાવ થાય તે પણ તેનું સ્વભાવકાર્ય નથી. આ આંગળી હાલે છે તે તો પુદ્ગલદ્રવ્યની પર્યાય છે, તેનો કર્તા આત્મા નથી. દરેક સમયે વસ્તુ, પોતાનાં ષટ્ કારકરૂપે પરિણમીને, કાર્યરૂપ થાય છે, તેમાં પોતાનાં ષટ્ કારકરૂપે પરિણમતો અન્ય પદાર્થ કાંઈ કરી શકતો નથી. શરીરના રજકણો, પોતાના કારકોરૂપ પરિણમીને, હલન ક્રિયા કરે છે ત્યાં તેને 'જીવે કરી' એમ માનવું તે ભ્રમણા છે. આ કપડું આમ હતું ને આમ થયું; ત્યાં આત્મા તો તેની ક્રિયાનો કર્તા નથી, પણ એમ કરવાનો જીવને જે વિકલ્પ આવે તે પણ તે કપડાની ક્રિયાનો કર્તા નથી. ભ્રાન્તિથી જીવ માને છે કે મેં વિકલ્પ કર્યા એટલે પર-પદાર્થનું કાર્ય — પૈસાની લેવડ-દેવડ, દાન, પૂજા, ભક્તિ વગેરે — થયું.

'આ કરું, દયા પાળું, પરને મારું નહિ, સત્ય બોલું' — એ બધી બાહ્ય ક્રિયાઓ કરવા અજ્ઞાની જીવ મથે છે, પણ પરપદાર્થમાં તે કાંઈ કરી શકતો નથી; કેમ કે પરપદાર્થ ને સ્વપદાર્થ વચ્ચે અત્યન્ત-અભાવ છે. આમ તો વસ્તુમાં પોતાનાં દ્રવ્ય, ગુણો ને પર્યાયો વચ્ચે પણ અભાવ છે, પરંતુ તે પૃથક્પણારૂપ એટલે કે ભિન્ન-પ્રદેશ-પણારૂપ અભાવ નથી, અતત્પણારૂપ અભાવ છે. જીવ અને શરીરાદિ પુદ્ગલ વચ્ચે તો પૃથક્પણારૂપ — ભિન્ન-પ્રદેશપણારૂપ — અભાવ છે. સમજાણું કાંઈ ? ભાષા બોલવા મથે પણ બોલવાની ક્રિયા આત્માથી થતી નથી. અહા ! આવી વાતો ! દુનિયાને તો આકરી પડે. પંડિતો થઈને એમ કહે છે કે — 'પરદ્રવ્યનું જીવ ન કરી શકે' એમ જે માને તે દિગંબર જૈન નથી. અરે પ્રભુ ! તને આ શું થયું છે ? વીતરાગ સર્વજ્ઞ ભગવાન તો એમ કહે છે કે જીવ શરીરાદિ પરદ્રવ્યનાં કાર્ય બિલકુલ કરી શકતો નથી. તો શું ભગવાન દિગંબર જૈન નહિ ?

વળી, કેટલાક કહે છે કે — જીવ નિશ્ચયથી પરદ્રવ્યનાં કાર્ય કરી શકે નહિ, પણ વ્યવહારે કરી શકે. ભાઈ ! તેનો શો અર્થ છે ? વ્યવહાર તો આરોપિત કથન છે. તેનો અર્થ એમ છે કે — જીવ ખરેખર પરદ્રવ્યનાં કાર્ય કરી શકતો નથી, પણ પરદ્રવ્યમાં તેના પોતાના કારણે જ્યારે કાર્ય થાય છે ત્યારે તેને અનુકૂળ (જીવની) ઇચ્છા અને યોગનું નિમિત્તપણું હોવાથી, જીવને વ્યવહારે કર્તા કહેવામાં આવે છે, ખરેખર જીવ તેનો કર્તા નથી. ભાઈ ! જગતમાં અનંત પદાર્થો છે કે નહિ ? તે પદાર્થો અનંતપણે પૃથક્ ક્યારે રહે ? સૌ પોતપોતાના સ્વરૂપ-અસ્તિત્વમાં રહીને પોતાનું જ — પરનું બિલકુલ નહિ — કાર્ય કરે તો જ. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરની દયા પાળવી, યત્નપૂર્વક ચાલવું, જીવજંતુ દેખાય ત્યાં પગ ઊંચો લઈ લેવો —એ બધું કરી શકાય છે ને? ભાઈ! પરમાં કાંઈ કરી શકતો નથી. પરનાં કાર્ય બિલકુલ કરી શકતો નથી, છતાં કરવા મથે છે એટલે કે કરવાના ભાવ કરે છે તે ભાવનોય કર્તા થાય તે જીવ અજ્ઞાની ને મિથ્યાદૃષ્ટિ છે. અહા! આ વાત લોકોને 'એકાન્ત' લાગે છે. કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા — એમ અનેકાન્ત કરો ને! — એમ તેઓ કહે છે. ભાઈ! પોતાનું બધું કરે અને પરનું બિલકુલ ન કરે — એ જ સાચો અનેકાન્ત છે. પરનાં કાર્યમાં તો જીવનું સાવ અકિંચિત્કરપણું છે. સમયસારના બંધ-અધિકારમાં આવે છે ને! — 'જે હેતુ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે. આ બાંધવા-છોડવાનું અધ્યવસાન પણ પરમાં કાંઈ કરતું નથી; કારણ કે તે અધ્યવસાન ન હોય તોપણ જીવ પોતાના સરાગ-વીતરાગ પરિણામથી બંધ-મોક્ષને પામે છે, અને તે અધ્યવસાન હોય તોપણ પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો. આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર હોવાથી સ્વ-અર્થક્રિયા કરનારું નથી અને તેથી મિથ્યા છે.' એ રીતે જીવ પરનાં કાર્ય — ખાવું, પીવું, કમાવું વગેરે — બિલકુલ કરી શકતો નથી, છતાં પણ તે પરનાં કાર્ય કરવા મથે છે — એ તેની ભ્રાન્તિ ને અજ્ઞાન છે.

**'દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે.'**

જીવાદિ દરેક દ્રવ્ય પરિણામસ્વભાવી હોવાથી સમયે સમયે પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણામ સ્વતંત્રપણે કરે છે. વસ્તુ દરેક સમયે પોતાના નવા પરિણામનો ઉત્પાદ કરે છે. નવા પરિણામનો ઉત્પાદ કરવામાં વસ્તુ સંપૂર્ણ સ્વતંત્ર છે, તેમાં કોઈ અન્ય દ્રવ્યની પરમાર્થે સહાય કે અપેક્ષા નથી. દરેક પદાર્થ પોતાનું કાર્ય કરવામાં સંપૂર્ણ સ્વતંત્ર હોવાથી, આત્માને લઈને પરનાં કાર્ય થાય — એવું ખરેખર વસ્તુસ્વરૂપ જ નથી. લોટનું ગોરણું પહોળું થઈને રોટલી થઈ તે વેલણ ને પાટલીને લઈને નહિ. રોટલી અને વેલણ બંને પુદ્ગલ હોવા છતાં તેમના વચ્ચે અભાવ છે. અહા! આવું તત્ત્વનું સ્વરૂપ છે. ભાઈ! આ તો ધીરાનાં કામ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી એટલે કે જીવાદિ કોઈ પણ દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરતું નથી. તત્ત્વનું આવું સ્વરૂપ ભગવાને કર્યું છે — એમ નથી; ભગવાને તો વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણ્યું છે. અહા! સ્વતંત્રપણે નિજ કાર્યરૂપે પરિણમનાર તત્ત્વને પરદ્રવ્યનાં કાર્યનું કર્તા માનવું તે અજ્ઞાનીની ભ્રાન્તિ છે.

**'જીવનાં કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે, પુદ્ગલનાં પુદ્ગલમાં છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવપરિણમન હો કે વિભાવપરિણમન હો — જીવની ક્રિયા અને કારકો જીવમાં છે અને પુદ્‌ગલની ક્રિયા અને કારકો પુદ્‌ગલમાં છે. જીવ અને પુદ્‌ગલ વગેરે જગતના બધા પદાર્થો સ્વયં 'સત્' છે; સત્ હોવાથી તેઓ અનાદિ-અનંત, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સ્વતઃસિદ્ધ અને પૂર્ણ સ્વતંત્ર છે. તેઓ મૂળ સ્વરૂપે કાયમ એકરૂપ રહીને સમયે સમયે નવી નવી ક્રિયા એટલે કે પર્યાય કર્યા કરે છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ — એ છ, ક્રિયાનાં કારકો — ક્રિયા સાથે સંબંધ ધરાવનાર વિશેષો — છે. જીવની વિકારી કે અવિકારી ક્રિયા જીવમય છે, તેથી તેનાં કર્તા, કર્મ, કરણ, અધિકરણ વગેરે કારકો જીવમય છે; પુદ્‌ગલની અણુરૂપ, સ્કંધરૂપ કે નવ-જીર્ણરૂપ ક્રિયા પુદ્‌ગલમય છે તેથી તેનાં કારકો પુદ્‌ગલમય છે. એ રીતે જીવ અને પુદ્‌ગલ બંને પૃથક્ પદાર્થો હોવાથી તેમની પર્યાયોનાં કારકો પણ પૃથક્ છે. જીવપર્યાય પોતાનાં અભિન્ન છ કારકોથી ને પુદ્‌ગલપર્યાય પોતાનાં અભિન્ન છ કારકોથી નીપજે છે. જાણવું-દેખવું વગેરે જીવક્રિયા પોતાનાં — જીવમય — કારકોથી થાય છે અને શરીરનું હાલવું, ખાવું, પીવું વગેરે પુદ્‌ગલક્રિયા પોતાનાં — પુદ્‌ગલમય — કારકોથી થાય છે. આમ બંનેના પૃથક્પણાનું ભેદજ્ઞાન થતાં અંતરમાં જીવસ્વભાવનું લક્ષ થઈને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. અહા! આવી વાતો છે.

અગમ પિયાલા પીઓ મતવાલા, ચિન્હે અધ્યાત્મવાસા;
આનંદઘન ચેતન હૈ ખેલે, દેખે લોક-તમાસા.

દ્રવ્ય જ પોતાની પર્યાયનો કર્તા છે ને પોતાની પર્યાય જ દ્રવ્યનું કર્મ છે; એક દ્રવ્યને પૃથક્ભૂત અન્ય દ્રવ્ય સાથે ખરેખર બિલકુલ કર્તાકર્મ-સંબંધ નથી. જીવને ને તેના સ્વભાવ-વિભાવ પરિણામને કર્તાકર્મ-સંબંધ છે અને પુદ્‌ગલને ને તેના કર્મ-નોકર્મ પરિણામને કર્તા કર્મ-સંબંધ છે. સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં આવે છે ને!— 'સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક ભાવનો અભાવ છે; તે કાર્યકારણભાવ નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી; અને અજીવને જીવનું કર્મપણું નહિ સિદ્ધ થતાં, કર્તાકર્મની અન્ય દ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા ઠરે છે.' આ રીતે જીવ પરપદાર્થનાં કાર્ય બિલકુલ કરી શકતો નથી.

પંચાસ્તિકાયસંગ્રહની ૯મી ગાથામાં દ્રવ્યની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે — 'जं दवियदि गच्छादि ताइं ताइं सब्भावपज्जयाइं तं दवियं भण्णंते — તે તે ક્રમભાવી અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહભાવી સ્વભાવવિશેષોને જે દ્રવે છે—પામે છે—સામાન્યરૂપ સ્વરૂપે વ્યાપે છે તે દ્રવ્ય છે.' આ કથન દ્વારા એમ કહેવું છે કે જીવાદિ સર્વ દ્રવ્ય પોતપોતાની પર્યાયોને જ દ્રવે છે, કરે છે; કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યની પર્યાયને દ્રવતું નથી, કરતું નથી.

વિ. સં. ૨૦૧૩માં, મધુવનમાં (સમ્મેદશિખરમાં) તત્ત્વચર્ચા ચાલી હતી, ત્યારે, પંચાસ્તિકાયસંગ્રહની ૬૨મી ગાથાનો આધાર આપીને, વિસ્તારથી કહ્યું હતું કે—જીવ અને પુદ્ગલકર્મ, નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી, પોતપોતાની પર્યાયના કર્તા છે, પણ અરસપરસ કર્તા નથી એટલે કે જીવના સ્વભાવ-વિભાવ કાર્યનું પુદ્ગલકર્મ કર્તા નથી અને પુદ્ગલકર્મના કાર્યનો જીવ કર્તા નથી. જીવની ઔદયિકાદિ ભાવરૂપે પરિણમવાની ક્રિયાને વિષે ખરેખર જીવ જ સ્વયમેવ છ કારકરૂપે વર્તતો હોવાથી તેને અન્ય કારકોની અપેક્ષા નથી તથા પુદ્ગલની કર્મોદયાદિરૂપે કે કર્મબંધાદિરૂપે પરિણમવાની ક્રિયાને વિષે ખરેખર પુદ્ગલ જ સ્વયમેવ છ કારકરૂપે વર્તતું હોવાથી તેને અન્ય કારકોની અપેક્ષા નથી. જીવની અને પુદ્ગલની ઉપરોક્ત ક્રિયાઓ એક જ કાળે વર્તતી હોવા છતાં પણ જીવભાવરૂપ ક્રિયાને વિષે વર્તતાં જીવનાં છ કારકો પુદ્ગલકારકોથી તદ્દન ભિન્ન અને નિરપેક્ષ છે તથા પૌદ્ગલિક ક્રિયાને વિષે વર્તતાં પુદ્ગલનાં છ કારકો જીવકારકોથી તદ્દન ભિન્ન અને નિરપેક્ષ છે. ખરેખર કોઈ દ્રવ્યનાં કારકોને કોઈ અન્ય દ્રવ્યનાં કારકોની અપેક્ષા હોતી નથી. દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. જીવનાં કર્તા-કર્મ-ક્રિયા જીવમાં છે અને પુદ્ગલનાં પુદ્ગલમાં છે. એ રીતે જીવ પરપદાર્થનાં કાર્યને બિલકુલ કરી શકતો નથી, છતાં પણ ભ્રાન્તિને લીધે અનાદિ કાળથી પરનાં કાર્ય કરવા મથે છે.

અહો ! આ તો સ્વતંત્રતાનો ઢંઢેરો છે. દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પોતાની પર્યાયને કરે, તેને ઠેકાણે હજી એમ માનવું કે આત્મા પરનાં કાર્ય કરે છે—કેવડો મોટો ભ્રમ ? કયું દ્રવ્ય પર્યાય વિનાનું છે કે બીજું દ્રવ્ય તેની પર્યાયને કરે ? 'જીવ પરનાં કાર્ય કરવા મથે છે' એમ ભાષા બોલવામાં આવે, પણ ખરેખર એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય બિલકુલ કરી શકતું નથી. બહુ તો 'પરનાં કાર્ય કરી શકું છું' એવી ભ્રાન્તિ ને 'પરનાં કાર્ય કરું' એવો રાગ જીવ કરે, પરંતુ તે ભ્રાન્તિ અને રાગ જીવનો સ્વભાવ નથી. 'હું શુદ્ધ કેવળ જ્ઞાયક છું' એમ જ્ઞાતાપરિણતિએ પરિણમવું એ જ જીવનો સ્વભાવભાવ છે. 'ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.' પોતાના ત્રિકાળશુદ્ધ એકરૂપ જ્ઞાયક ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરીને જીવ, અન્ય દ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના, સ્વયમેવ નિજ ષટ્કારકરૂપે પરિણમતો થકો સમ્યગ્દર્શનરૂપ નિર્મળ પર્યાયને ઉત્પન્ન કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવદ્રવ્ય સ્વભાવત: જ્ઞાયક છે. નિજ ત્રિકાળશુદ્ધ ધ્રુવ ભૂતાર્થસ્વભાવનો અંતરમાં આશ્રય કરીને જે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ તે, જીવે પોતાના ષટ્કારકરૂપ પરિણમીને પોતે કરી છે. તે કાર્ય થવામાં કર્મ કે અન્ય નિમિત્તોનો કાંઈ હિસ્સો નથી. અહા! આવી વાત છે. જગતને કઠણ પડે, પણ શું થાય? ભૂતાર્થપણું તો જીવનો સ્વભાવ છે, માટે તેના આશ્રયે જ સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાય પ્રગટ થાય. તત્ત્વાભ્યાસના શુભ રાગથી ને દેવ-શાસ્ત્ર-ગુરુના નિમિત્તથી સમ્યગ્દર્શન આદિ થાય એમ વ્યવહારનયે કથન આવે, પણ વસ્તુસ્વરૂપ વર્ણવતાં તો જે રીતે હોય તે રીતે આવે. એ રીતે જીવ પરદ્રવ્યનાં ને પરદ્રવ્ય જીવનાં કાર્ય બિલકુલ કરી શકતાં નથી.

દરેક દ્રવ્ય પારિણામિક ભાવે અવસ્થિત છે. દરેક સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ પરિણામ કર્યા કરવા તે તેનો સહજ સ્વભાવ છે. જીવ પણ દરેક સમયે પોતાની મૂળ ચૈતન્ય જાતિને છોડયા વિના ધ્રુવપણે રહીને પૂર્વ પર્યાયનો વ્યય ને નવી પર્યાયનો ઉત્પાદ કરે છે. પોતાની મૂળ જાતિનો ત્યાગ કરતો નથી માટે તે કથંચિત્ અપરિણામી છે અને પોતાના છ કારકોથી નવી નવી પર્યાયને ઉત્પન્ન કરતો હોવાથી કથંચિત્ પરિણામી છે. આ રીતે અપરિણામી તેમ જ પરિણામી એટલે કે નિત્યપણું તેમ જ અનિત્યપણું વસ્તુનું સહજ સ્વરૂપ છે. અનિત્યપણું પણ કથંચિત્ વસ્તુનું સ્વરૂપ હોવાથી, જીવનાં કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે ને પુદ્ગલનાં પુદ્ગલમાં છે. આવો વસ્તુ-સ્વભાવ છે, તેમાં પછી પ્રશ્ન શો?

**‘વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્ગલ પરિણમે છે, જીવ તેમને ફેરવી શકતો નથી.’**

વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ વગેરે તો પુદ્ગલદ્રવ્યના ત્રિકાળી ગુણો છે. લાલ, પીળી, લીલી વગેરે તથા સુગંધ-દુર્ગંધ, ખાટી-મીઠી ને કર્કશ-કોમળ વગેરે દશાઓ તેની પર્યાયો છે. તે પર્યાયોરૂપે સ્વયમેવ પુદ્ગલ પરિણમે છે, જીવ તેમાં કાંઈ કરી શકતો નથી. જીવાદિ અન્ય દ્રવ્યની જેમ પુદ્ગલમાં પણ ‘ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ’ નામની એક શક્તિ છે. તે શક્તિને કારણે પુદ્ગલ પણ પોતાની મૂળ જાતિનો ત્યાગ કર્યા વિના એટલે કે ધ્રુવ એકરૂપ નિત્ય રહીને લીલી-પીળી વગેરે પર્યાયોરૂપે ઉત્પાદ-વ્યય કરે છે. અન્ય દ્રવ્યની માફક તેનામાં એકત્વ અને અનેકત્વ નામની શક્તિઓ પણ છે. તેથી દ્રવ્ય-અપેક્ષાએ એટલે કે ધ્રૌવ્ય-અપેક્ષાએ તે સદા એકત્વ અને પર્યાય-અપેક્ષાએ એટલે કે ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ અનેકત્વને ધારી રાખે છે. દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રણ રૂપે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુમાં દ્રવ્યત્વ અને પર્યાયત્વ નામની શક્તિઓ પણ છે. તેથી દરેક વસ્તુ દ્રવ્યપણે — ધ્રુવપણે— કાયમ રહીને સમયે સમયે ઉત્પાદ-વ્યય અર્થાત્ પર્યાય કરે છે. જ્યાં વસ્તુ પોતે જ પોતાની પર્યાયને કરે છે ત્યાં બીજી વસ્તુ તેનાં કાર્ય — પર્યાય કરે છે એમ માનવું તે મોટી ભ્રમણા છે.

**'ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે, જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી.'**

ચેતનના ભાવ એટલે ચેતનની પર્યાય. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયરૂપે — ચેતનના ભાવરૂપે પરિણમે છે. દ્રવ્યને 'ભાવ' કહેવાય, ગુણને 'ભાવ' કહેવાય ને પર્યાયને પણ 'ભાવ' કહેવાય છે. ચેતનના એટલે કે જીવના ભાવરૂપે — વર્તમાન પર્યાયરૂપે, વર્તમાન અવસ્થારૂપે — ચેતન અર્થાત્ જીવ પોતે પરિણમે છે, તેમાં શરીર, વાણી, ઈંદ્રિયાદિ જડ પદાર્થો કાંઈ કરી શકતા નથી. ભગવાન આત્મા સ્વભાવતઃ જ્ઞાયકભાવ છે; તેની વર્તમાન પર્યાય, જે સ્વપર-પ્રકાશકપણે પરિણમે છે તે, પોતાનાં ષટ્-કારકથી પરિણમે છે; તેમાં બીજાં તત્ત્વો કાંઈ કરી શકતાં નથી.



દ્રવ્ય સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા તેને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. બસ, એ 'જ્ઞ' સ્વભાવમાં વિશેષ ઠરતાં ઠરતાં પર્યાયમાં સર્વજ્ઞ થઈ જશે.

— **પૂજ્ય ગુરુદેવશ્રી**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૭૦

તા. ૨૬–૧૨–૭૮

( તા. ૪–૧૨–૭૮ થી તા. ૨૫–૧૨–૭૮ સુધી પ્રવચનો બંધ રહ્યાં હતાં. )

## વચનામૃત — ૪૧૧ (ચાલુ)

તે દી (તા. ૩-૧૨-૭૮ ના દિને) વચનામૃતનો ૪૧૧મો બોલ અર્ધો ચાલ્યો હતો. આજે થોડું ફરીને.... અનાદિ કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરનાં કાર્ય કરવા મથે છે, પણ તે પરપદાર્થનાં કાર્ય બિલકુલ કરી શકતો નથી. વળી, શ્રીમદ્ એમ કહે છે: 'આત્માની સત્તા વડે તેહ પ્રવર્તે જાણ'. તો બેમાં સાચું કયું? ભાઈ! શરીર, વાણી, ઇંદ્રિય ને મનનાં કામ આત્માની સત્તાને લઈને થાય છે — એમ બિલકુલ નથી. શરીરનું હાલવું-ચાલવું વગેરે જડનાં કાર્યરૂપે પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. શ્રીમદ્‌ને 'આત્માની સત્તા વડે શરીરાદિનાં કામ થાય છે' — એમ કહેવું નથી, પણ શરીર, વાણી વગેરેની નૈમિત્તિક વ્યવસ્થિત પ્રવૃત્તિ દ્વારા નિમિત્તભૂત તદનુકૂળ ઇચ્છા અને ચેષ્ટાએ પરિણત ભિન્ન આત્માનું 'અસ્તિત્વ' સિદ્ધ કરવું છે. ખરેખર તો આત્મા પરપદાર્થનું કાંઈ કરી શકતો નથી. ખાવા ટાણે રોટલીનાં બટકાં કરવાં, દાળનો સબડકો લેવો, મોઢું ખોલવું, ચાવવા માટે દાઢો હલાવવી વગેરે પરનાં કાર્ય જીવ બિલકુલ કરી શકતો નથી.

પ્રશ્ન:— પરનાં કાર્યોમાં જીવ નિમિત્ત તો થાય ને?

ઉત્તર:— ભાઈ! નિમિત્તનો અર્થ જ એ છે કે જે ખરેખર પરમાં — નૈમિત્તિકભૂત પરપર્યાયમાં — કાંઈ કરે નહિ. નિમિત્તમાં વ્યવહારે અનુકૂળતારૂપ પરિણમન હોવા છતાં તે, કાર્યમાં કાંઈ કરતું નથી. આત્માનો સ્વભાવ જ્ઞાન છે, ને સ્વપરપ્રકાશકપણું તે જ્ઞાનનું સ્વરૂપ છે. જ્ઞાનવંત આત્મા પરનાં કાર્યને જાણે, પણ કરે નહિ. અનુકૂળ પદાર્થ કાર્યમાં કાંઈ કરતો નથી તેથી તે નિમિત્ત કહેવાય છે, જો કાંઈ કરે તો તે, નિમિત્ત ન રહેતાં, ઉપાદાન થઈ જાય. ઉપાદાન-ઉપાદેય સંબંધ તો હંમેશાં એક જ વસ્તુમાં હોય છે, બે વસ્તુ વચ્ચેના સંબંધને તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહે છે. ખરેખર તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનાં કાર્યમાં કાંઈ કરી શકતું નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવાદિ દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના દરેક પદાર્થ પોતાની નવી નવી પર્યાયરૂપે સ્વતંત્રપણે પરિણમે છે. જીવનાં કર્તા-કર્મ-ક્રિયા જીવમાં છે, પુદ્ગલનાં પુદ્ગલમાં છે. જીવ ને પુદ્ગલમાં જે દરેક સમયે નવું નવું કાર્ય થાય છે તે પોતપોતાનાં કર્તા-કર્મ-કરણાદિ ષટ્ કારકોથી થાય છે, નિમિત્તનાં કારકોથી નહિ. ખાવું, પીવું, બોલવું, ચાલવું વગેરે ક્રિયારૂપે પુદ્ગલ પરિણમે છે, જીવ તેમને કરી શકતો નથી. ચેતનના પર્યાયરૂપે ચેતન પરિણમે છે, શરીર, વાણી આદિ જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી. તે દી આટલું ચાલી ગયું છે, હવે આગળ...

**'તું જ્ઞાયકસ્વભાવી છે.'**

તું ભગવાન આત્મા છો, જાણવું... જાણવું... જાણવું — એ તારો સહજ સ્વભાવ છે. સ્વપરને જાણવું એટલે કે જ્ઞાતાપણે રહેવું — એ તારો સહજ સ્વભાવ છે, પણ પરને કે રાગાદિ વિભાવને કરવું — ભોગવવું — એ તારો સ્વભાવ નથી. માટે તું તને પરમાર્થે શુદ્ધ જ્ઞાયકપણે ગ્રહણ કર.

**'પૌદ્ગલિક શરીર-વાણી-મનથી તો તું જુદો જ છે, પણ શુભાશુભ ભાવો પણ તારો સ્વભાવ નથી.'**

ઊઠવું, બેસવું, ચાલવું, સૂવું, ખાવું, નાહવું વગેરે શરીરની ક્રિયાઓ, વાણીરૂપ શબ્દવર્ગણાના પરિણમનરૂપ ક્રિયા અને દ્રવ્યમનના પરિણમનરૂપ ક્રિયા તો જડ જ છે, પૌદ્ગલિક જ છે, જ્ઞાનસ્વરૂપ આત્માથી તદ્દન ભિન્ન જ છે; પણ આત્માની વર્તમાન દશામાં જે દયા, દાન, વ્રત, ભક્તિ વગેરેના શુભ વિકલ્પ ઊઠે તે, અને ભ્રાન્તિ, હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના, કામ-ક્રોધ વગેરેના અશુભ ભાવ આવે તે પણ, આત્માનો સહજ સ્વભાવ નથી.

**'અજ્ઞાનને લીધે તેં પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા.'**

જીવ સ્વભાવે તો જ્ઞાયક — જાણનાર... જાણનાર... જાણનાર — છે, પરંતુ ભ્રાન્તિ ને અજ્ઞાનને લીધે તેણે અનાદિ કાળથી દેહાદિ પરદ્રવ્યમાં તેમ જ રાગાદિ વિભાવભાવમાં એકત્વબુદ્ધિ કરી છે; ખરેખર જીવને શરીર, વાણી આદિ પરદ્રવ્ય તેમ જ શુભાશુભ વિભાવ સાથે એકત્વ નથી. જીવ અર્થાત્ ભગવાન આત્મા તો નિરાળો છે; પરદ્રવ્યથી તો નિરાળો છે પણ રાગાદિ વિભાવથીયે નિરાળો છે. તેમની સાથે આત્મા એકરૂપ થયો નથી પણ 'એકરૂપ થઈ ગયો છું' એમ ભ્રાન્તિથી માન્યું છે. એ ભ્રાન્તિ પણ આત્માનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ નથી. પ્રભુ ! તે એકત્વબુદ્ધિ તેં ઊભી કરી છે; જેણે ઊભી કરી છે તે જ છોડે; તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા.

જ્ઞાયકભાવ — ચૈતન્ય ધ્રુવ દળ — શુભાશુભ રાગથી પણ ત્રિકાળ નિરાળો જ છે, છતાં પર્યાયમાં રાગાદિ સાથે તેં એકત્વ માન્યું છે, પણ પ્રભુ ! તું સ્વભાવે કેવો ને કેવડો છે તેનું તને જ્ઞાન નથી; અજ્ઞાનને લીધે તેં રાગમાં તારું અસ્તિત્વ માન્યું છે, તેમાં એકત્વબુદ્ધિ કરી છે. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ, પૂર્ણાનંદરસકંદ, જાણસ્વભાવી સૂર્ય છે, તેના અજ્ઞાનને લીધે જીવે રાગમાં એકત્વબુદ્ધિ ઊભી કરી છે. પર્યાયમાં ઊભો કરેલો એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ વસ્તુના મૂળ સ્વરૂપમાં નથી. તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા. જ્ઞાતાસ્વભાવને ભૂલીને પર્યાયમાં પર ને વિભાવ સાથે એકત્વબુદ્ધિ તેં કરી છે માટે તું છોડ, અને જ્ઞાતા થઈ જા. અહા ! આવી વાત છે; આકરું કામ !

દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુ સ્વતઃસિદ્ધ છે. સ્વયંસિદ્ધ આત્મવસ્તુ સ્વભાવે જ્ઞાયક, ધ્રુવ ને સત્ છે. 'द्रव्यं सत्-लक्षणम्' અને 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' — વસ્તુસ્થિતિ જ આવી છે. વસ્તુસ્વરૂપ જો આવું ન હોય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ ન થાય. વસ્તુ સત્ છે તેથી તેનું સત્ત્વ 'સત્ દ્રવ્ય, સત્ ગુણ અને સત્ પર્યાય' — એમ ત્રણેમાં વ્યાપ્ત છે. જે સત્ હોય તેનો અન્ય કોઈ હેતુ ન હોય એટલે કે અહેતુક હોય. વસ્તુ સ્વભાવતઃ સત્ હોવાથી તેનાં દ્રવ્ય-ગુણ-પર્યાય ને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું અહેતુક એટલે કે સ્વહેતુક હોય. જ્ઞાયકસ્વભાવી આત્મા શરીરાદિ પરપદાર્થનાં કાર્યો પ્રતિ અહેતુ અર્થાત્ અકિંચિત્કર છે. જ્ઞાયકભાવ શરીર, વાણી આદિ પરપદાર્થોથી જુદો છે અને શુભાશુભ રાગ પણ તેનો સ્વભાવ નથી, છતાં અજ્ઞાનને લીધે તેણે પરમાં ને વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે. જો તે એકત્વબુદ્ધિ છોડી જ્ઞાતાપરિણતિ પ્રગટ કરે તો મુક્તિનાં પ્રયાણ ચાલુ થાય.

ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માના અજ્ઞાન - અભાન - બેભાનને લઈને — બેભાન એટલે બે ભાન, બમણું ભાન નહિ પણ અભાન — 'દયા, દાન, વ્રત ને ભક્તિ આદિ રાગની ક્રિયા મારી છે ને હું તેનો કર્તા છું' એમ જીવે પરમાં ને વિભાવમાં એકત્વપણાની ભ્રાન્તિ કરી છે. હવે તે ભ્રાન્તિ છોડ અને 'હું તો કેવળ શુદ્ધ જ્ઞાતા છું' એવી પરિણતિ પ્રગટ કરીને તું જ્ઞાતા થઈ જા.

પરમાર્થે તું જ્ઞાતા જ છો. સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાના પરિશિષ્ટમાં 'જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય — બધું આત્મા જ છે' એમ આવે છે. પરંતુ અરે ! જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞપ્તિ — એવા ભેદ પણ વ્યવહાર એટલે કે સદ્ભૂત વ્યવહાર છે. આત્મા અને જ્ઞાન —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ ગુણ-ગુણીનો ભેદ ઊઠે તે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. શુદ્ધ અભેદ એકરૂપ ત્રિકાળી તત્ત્વ તે નિશ્ચયનયનો વિષય છે. તેમાં, 'ભેદ પડે' એટલે વ્યવહાર, 'પોતાની જાતનો અંશ' માટે સદ્‌ભુત, 'પોતાની જાતનો ગુણરૂપ અંશ' માટે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર અને 'પોતાની જાતનો પર્યાયરૂપ અંશ' માટે ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર; તથા 'પોતાની જાતનો નહિ પણ વિભાવનો અંશ' માટે અસદ્‌ભૂત વ્યવહાર; તેમાં 'જે સ્થૂળ ને બુદ્ધિગમ્ય વિભાવાંશ' તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર-નયનો વિષય છે અને 'જે સૂક્ષ્મ ને બુદ્ધિગમ્ય નહિ એવો વિભાવાંશ' તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. આ ચારેય વ્યવહાર પ્રતિષેધ્ય છે અને અભેદ એકરૂપ નિશ્ચયનય તેમનો પ્રતિષેધક છે.

અહા, આવી આકરી વાત! અભ્યાસ નહિ, પણ તત્ત્વની વાસ્તવિક સ્થિતિ આ છે. સમયસારની ૧૧મી ગાથામાં વ્યવહારનય જે બધોય અભૂતાર્થ કહ્યો છે, તેમાંથી વ્યવહારના ચારેય બોલ નીકળે છે: અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર, ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર, અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર અને ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર. એ ચારેય નય અભૂતાર્થ એટલે કે નિષેધ્ય છે અને શુદ્ધનય એક જ ભૂતાર્થ એટલે કે નિષેધક છે. 'જ્ઞાન તે આત્મા' એમ જાણવું કે કહેવું તે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર છે. તેમાં જ્ઞાન 'ગુણ' છે માટે અનુપચરિત, પોતાનો 'સ્વભાવ' છે માટે સદ્‌ભૂત અને 'ભેદ' પડ્યો માટે વ્યવહાર. 'જ્ઞાન રાગને, સ્વને કે પરને જાણે છે' એમ જાણવું કે કહેવું તે ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર છે. તેમાં રાગને, સ્વને કે પરને જાણવારૂપ 'પર્યાય' છે માટે ઉપચરિત, જાણવારૂપ પર્યાય પોતાનો 'સ્વભાવ' છે માટે સદ્‌ભૂત અને 'ભેદ' પડ્યો માટે વ્યવહાર. અસદ્‌ભૂત વ્યવહારનયના પણ બે ભેદ છે: ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર અને અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર. 'આત્મા રાગ છે' એમ જાણવું કે કહેવું તે અસદ્‌ભૂત વ્યવહારનય છે, કેમ કે રાગ (ગમે તે વિભાવ), આત્માનો 'સ્વભાવ નથી' માટે, અસદ્‌ભૂત છે. તેમાં જે રાગાદિ વિભાવ છદ્મસ્થને જાણવામાં આવી શકે એવા સ્થૂલ છે, બુદ્ધિપૂર્વક છે અને બાહ્ય વિષયોને અવલંબીને થાય છે તેમને આત્મા જાણવા કે કહેવા તે ઉપચરિત અસદ્‌ભૂત છે અને તે સમયે જે રાગાદિ વિભાવ છદ્મસ્થને જાણવામાં ન આવી શકે એવા સૂક્ષ્મ છે, અબુદ્ધિપૂર્વક છે અને બાહ્ય વિષયોને અવલંબ્યા વિના થાય છે તેમને આત્મા જાણવા કે કહેવા તે અનુપચરિત અસદ્‌ભૂત છે. આ ચારેય વ્યવહારનયોને અભૂતાર્થ, અવિદ્યમાનાર્થ અને અસત્યાર્થ કહેવામાં આવ્યા છે; કેમ કે ભગવાન આત્મા જ્યાં પોતાના ત્રિકાળશુદ્ધ અભેદસ્વરૂપને જુએ છે, અનુભવે છે ત્યાં 'રાગ તે આત્મા' એમ તો નહિ જ પણ, 'જ્ઞાન તે આત્મા'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવો પણ કોઈ ભેદ દેખાતો નથી. અભેદ સામાન્યમાં કોઈ ભેદ દેખાતો નથી તેથી 'ભેદ નથી' એમ કહેવામાં આવ્યું છે. અહા! વસ્તુસ્થિતિ આવી છે; અજાણ્યા માણસને તો એમ લાગે કે — આ શું કહે છે? બાપુ! મારગ તો આવો છે પ્રભુ!

પ્રશ્ન:— પર્યાય અને ગુણભેદ વસ્તુના જ ભેદ હોવા છતાં તેમને અભૂતાર્થ કેમ કહેવાય?

ઉત્તર:— જ્યાં સુધી પર્યાય તથા ગુણભેદ તરફ આત્મપરિણમન ઢળેલું છે, ત્યાં સુધી બંધમાર્ગ છે; અને જ્યારે ત્યાંથી પાછું વળીને આત્મપરિણમન ત્રિકાળશુદ્ધ અભેદ ધ્રુવસામાન્ય તરફ ઢળે છે, ત્યારે મોક્ષ તરફનું પ્રયાણ થાય છે. માટે સાધકના આલંબન-અર્થે ધ્રુવસામાન્ય ભૂતાર્થ છે અને પર્યાયાદિ અભૂતાર્થ છે.

ભાઈ! અજ્ઞાનને લીધે તેં પરમાં ને વિભાવમાં જે એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા, જાણનારો થઈ જા, જ્ઞાતારૂપ પરિણમી જા. સ્વભાવ-અપેક્ષાએ તું જ્ઞાતા તો ત્રિકાળ છો, પણ પર્યાય-અપેક્ષાએ 'જાણનાર' એટલે કે 'હું ત્રિકાળશુદ્ધ જ્ઞાતા છું' એવી પરિણતિવાળો થઈ જા.

પર અને રાગ સાથે એકત્વબુદ્ધિ તે જ મિથ્યાત્વ એટલે કે ભ્રાન્તિ છે — ભલે ને પછી તે રાગ દયા, દાન, વ્રત કે ભક્તિનો હો. અરેરે! બધાને બાહ્ય ક્રિયાકાંડથી ધર્મ મનાવવો છે અને એનાથી અંતરમાં શુદ્ધિરૂપ નિશ્ચય ધર્મ થશે — એમ માનવું છે. અહીં તો કહે છે કે પર અને રાગ સાથે જે એકત્વબુદ્ધિ તેને, જે ચૈતન્યરસકંદ છે, ધ્રુવ મહા-પ્રભુ છે એવા નિજ જ્ઞાયકભાવના આશ્રયે છોડી તું જ્ઞાતા થઈ જા, જાણનારો થઈ જા.

**'શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને — શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ કે જેથી મુક્તિનાં પ્રયાણ ચાલુ થશે.'**

ત્રિકાળશુદ્ધ જ્ઞાયક દ્રવ્યસ્વભાવની યથાર્થ પ્રતીતિ કરીને — બુદ્ધિની ધારણામાં લઈ લીધો - એમ નહિ, પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિજ મહા પદાર્થ વસ્તુસ્વભાવે જેવો છે તેવી તેની, અંતરમાં સ્વસન્મુખ થઈ ને, બરાબર પ્રતીતિ કરીને — તું 'હું સહજ શુદ્ધ જ્ઞાયક છું' એવી પરિણતિ પ્રગટ કર કે જેથી મોક્ષનાં પ્રયાણ ચાલુ થાય. શું કીધું? આત્માની વર્તમાન પર્યાયમાં જે લક્ષ પર ઉપર હતું, રાગ ઉપર દૃષ્ટિ હતી, નિજ ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ નહોતી, તે લક્ષ ને દૃષ્ટિને અંતરમાં ફેરવી નાખ! પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી. સમજાણું કાંઈ? વસ્તુ તો વસ્તુ — જે છે તે — છે, પણ જીવનું લક્ષ માત્ર તેની પર્યાય ઉપર હતું, રાગમાં પોતાનું આખું અસ્તિત્વ માનતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતો — કારણ કે અંતરમાં જે આ ચૈતન્ય મહાપ્રભુ હયાત છે, પરમાર્થભૂત જ્ઞાયક પદાર્થ પોતાના અસ્તિત્વ સહિત બિરાજમાન છે, તે દૃષ્ટિમાં તો આવ્યો નથી, તેના હોવાપણાની શ્રદ્ધાનો તો અભાવ છે અને શ્રદ્ધા માત્ર રાગના હોવાપણામાં રોકાઈ ગઈ છે — તે હવે છોડ. તું રોકાણો છો તો તું હવે રોકાવું છોડ; કોઈ કર્મને લઈને તું રોકાણો છો — એમ નથી.

પ્રશ્ન :— પર્યાયદૃષ્ટિ — 'રાગમાં રોકાવું' છોડવું કઈ રીતે ?

ઉત્તર :— પ્રશ્ન બરાબર છે. જેને છોડવું છે તેને 'તે કેમ છોડવું ?' એવો પ્રશ્ન આવે. જે સચ્ચિદાનંદ ધ્રુવ જ્ઞાયક મહાપ્રભુ અંદર બિરાજે છે તેની શ્રદ્ધા નથી, તેનું અજ્ઞાન છે, તેથી તું વર્તમાન રાગમાં પોતાપણું માને છે, તને જ્ઞાયકના શુદ્ધ અસ્તિત્વની ખબર નથી તેથી રાગ ને વિકલ્પમાં પોતાપણારૂપ એકત્વબુદ્ધિ કરે છે, હવે તું શુદ્ધાત્મ-દ્રવ્યની — આત્માના જ્ઞાનાનંદમય સહજ શુદ્ધ અસ્તિત્વની — યથાર્થ સમજણ અને પ્રતીતિ કરીને 'રાગમાં રોકાવું' છોડ.

'શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને — શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને...' એટલે શું ? તું વર્તમાન જે પર્યાયદૃષ્ટિમાં ને રાગદૃષ્ટિમાં ઊભો છો તે દૃષ્ટિ છોડીને, દૃષ્ટિ અંદર શુદ્ધ આત્મદ્રવ્યમાં લઈ જા, એટલે કે ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકભાવનો આશ્રય લઈને શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કર. દૃષ્ટિ પોતે શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને' કહ્યું છે, દ્રવ્ય પ્રગટ કરીને નહિ. શુદ્ધ ત્રિકાળી દ્રવ્યનો આશ્રય જે કાળે પોતે કરે છે તે કાળે દ્રવ્યદૃષ્ટિ એટલે કે સમ્યગ્દર્શનરૂપ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. દ્રવ્યદૃષ્ટિ દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તેટલું પ્રતીતિમાં લઈ લે છે. દૃષ્ટિરૂપ પર્યાયમાં આખું ત્રિકાળી દ્રવ્ય આવી જતું નથી, પણ તેના વિષયમાં આખું દ્રવ્યસામાન્ય આવી જાય છે. સમજાણું કાંઈ ?

શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ. સમયસારની ૧૧મી ગાથાની ટીકામાં આવે છે ને ! — વ્યવહારથી વિમોહિત હૃદયવાળા જીવો આત્માને, જેનો એક સહજ જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે — ઢંકાઈ ગયો છે એવો અનુભવે છે. ત્યાં જ્ઞાયકભાવ તો જે છે તે છે, પણ અનાદિ કાળથી જીવને તે લક્ષમાં આવ્યો નથી — પર્યાયમાં લક્ષગત થયો નથી, તેથી તે 'તિરોભૂત થઈ ગયો છે' એમ કહેવાય છે. જીવ જ્યારે ભૂતાર્થદૃષ્ટિ પ્રગટ કરે ત્યારે નિજ એક ધ્રુવ સહજ જ્ઞાયકભાવને પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરે છે. પર્યાયમાં લક્ષગત કરવો તેને આવિર્ભૂત કર્યો — પ્રગટ કર્યો, એમ કહેવાય છે. જ્ઞાયકભાવ તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ છે, તે તો જે છે તે છે, તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ આઘોપાછો એટલે કે આવિર્ભૂત-તિરોભૂત થતો નથી, માત્ર પર્યાયમાં જ્ઞાયકભાવ લક્ષગત થવા — ન થવાને આવિર્ભૂત-તિરોભૂત થયો કહેવાય છે. જ્ઞાયકભાવ પર્યાયમાં લક્ષગત થવો તેને 'જ્ઞાયકભાવ પ્રગટ થયો' કહેવાય છે.

પ્રશ્ન :— દૃષ્ટિએ જ્ઞાયકને કબજે કર્યો છે ?

ઉત્તર :— દૃષ્ટિ તો શ્રદ્ધાગુણની પર્યાય છે. ક્ષણસ્થાયી પર્યાય ત્રિકાળી ધ્રુવ તત્ત્વને શું કબજે કરે ? ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકનું પૂર્ણ સામર્થ્ય, જેટલું છે તેટલું, દૃષ્ટિએ પ્રતીતમાં લઈ લીધું છે. ત્રિકાળી ધ્રુવ સામર્થ્ય તો સામર્થ્યરૂપ જ રહે છે, તે કાંઈ એક સમયની પર્યાયમાં આવી જતું નથી, માત્ર પ્રતીતિરૂપ પર્યાયનો વિષય એટલે કે આશ્રય બને છે. અહા ! આ વાત જગતથી સાવ જુદી છે.

'કોઈને જ્ઞાન આપે તો જ્ઞાન વધે' એ પણ વ્યવહારનું કથન છે; ખરેખર તો પોતે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક અંતરમાં એકાગ્ર થાય તો જ્ઞાનધારા વધે. શ્રી કુંદકુંદ-આચાર્યદેવના જીવે ગતભવમાં મુનિરાજને વનમાં શાસ્ત્ર આપ્યું હતું તેથી તેને આ ભવમાં શુદ્ધાત્મજ્ઞાન ઘણું થયું — એ બધી વ્યવહારની વાતો છે. દશલક્ષણ ધર્મમાં ત્યાગધર્મના કથનમાં શાસ્ત્રદાનને પણ ત્યાગધર્મ કહ્યો છે. ત્યાં સ્વભાવના ભાન સહિત આસક્તિનો રાગ જરી છોડયો છે તેથી 'ત્યાગધર્મ' કહ્યો છે, બાકી શાસ્ત્રાદિ પરપદાર્થનો ત્યાગ ખરેખર આત્મામાં કયાં છે ? સમયસારની ૩૪મી ગાથામાં કહ્યું છે ને ! — આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે, એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી. અહા ! આ તે કોઈ વાત છે !

શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ કે જેથી મુક્તિનાં પ્રયાણ ચાલુ થશે. મુક્તિનું પ્રયાણ એટલે મુક્તિ તરફ ગમન, પ્રસ્થાન. આત્મા દ્રવ્યસ્વભાવે સદા મુક્ત જ છે. સમયસારમાં 'स हि मुक्त एव' આવે છે. ભગવાન આત્મા તો મુક્તસ્વરૂપ છે, પણ પર્યાયમાં 'હું સહજ જ્ઞાયક છું' એવી પરિણતિ પ્રગટ કરે તો મુક્તિનાં પ્રયાણ — પર્યાયમાં મુક્તિ તરફ પ્રસ્થાન — શરૂ થાય.

પ્રશ્ન :— ધ્રુવ દ્રવ્ય તો પ્રયાણ કરવાનું નથી, પર્યાયને કરવું હોય તો કરે !

ઉત્તર :— આત્મા દ્રવ્યે મુક્તસ્વરૂપ હોવા છતાં પર્યાયમાં તેને જ અનાદિ બંધથી છૂટીને મુક્તિ થાય છે. મહા આનંદનો લાભ તે મુક્તિ છે. મુક્તસ્વભાવી ત્રિકાળી ધ્રુવ સામાન્યની અંતરમાં દૃષ્ટિ થતાં તે જ આત્મવસ્તુને પર્યાયમાં મુક્તિનાં પ્રયાણ, તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધના, તેનો પંથ શરૂ થાય છે. અહા! આ તો જે નિર્માની માણસ હોય ને જેને પોતાનું કામ કરવું હોય, તેના માટે વાત છે બાપુ! બહાર પડવાનો જેને ભાવ હોય તે તો બહિરાત્મા — મિથ્યાદૃષ્ટિ છે. જેને અંદર આત્મામાં જવાનો ભાવ છે તે તો નિરભિમાની — નિર્માની હોય છે.

તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ. રાગ સાથે એકત્વબુદ્ધિ છોડી 'હું ત્રિકાળશુદ્ધ જ્ઞાયક છું' એવી જ્ઞાતાપરિણતિ પ્રગટ કર. તું ધ્રુવ જ્ઞાયકપણે તો ત્રિકાળ છો, પણ પર્યાયમાં 'હું શુદ્ધ જ્ઞાયક છું' એવી પરિણતિનો ઉત્પાદ ને રાગની એકત્વબુદ્ધિનો વ્યય કર, જેથી તને મુક્તિનાં પ્રયાણ ચાલુ થશે. પ્રભુ! તારામાં તારી પ્રભુતા પૂર્ણ ભરેલી છે. તારો એકેએક ગુણ અનંત પ્રભુતાથી ભરપૂર છે, અહા! તારી પ્રભુતાનો કોઈ પાર નથી! જ્ઞાનપ્રભુ, દર્શનપ્રભુ, આનંદપ્રભુ, વીર્યપ્રભુ — એવી અનંત અનંત પ્રભુતાના પિંડરૂપ જે અખંડ જ્ઞાયકભાવ તેની ઉપર નજર પડતાં, તેનું અંતરમાં ગ્રહણ કરતાં તને જ્ઞાયકપરિણતિ થશે અને તેનાથી મુક્તિનાં પ્રયાણ તને ચાલુ થશે. મુક્તિનાં પ્રયાણ, એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ, તને પ્રગટ થશે. તે મોક્ષમાર્ગરૂપ પરિણતિ મુક્તિનું પ્રયાણ છે, પૂર્ણ દશાની પ્રાપ્તિનું કારણ છે. એ તને શરૂ થશે. જ્યાં શરૂ થશે ત્યાં પૂરું થશે, એટલે કે જ્ઞાયકપરિણતિથી શરૂ થશે અને જ્ઞાયકપરિણતિની પૂર્ણતાએ પૂરું થશે. અહા! આવો માર્ગ છે!

અંતરના ભાવમાંથી — ઊંડાણમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય છે. અંદરની રુચિથી એની ભાવના ઊઠે અને વસ્તુના લક્ષ સહિત વાંચન-વિચાર કરે તો માર્ગ મળે. શ્રી મોક્ષમાર્ગપ્રકાશમાં આવે છે કે, વાંચન સાચું હોય છતાં જે માન ને પૂજા માટે વાંચે છે તેનું જ્ઞાન ખોટું છે. તેનો હેતુ જગતને રાજી રાખવાનો ને પોતાની વિશેષતા — મોટપ પોષવાનો હોય તો તેનું બધું વાંચવું-વિચારવું અજ્ઞાન છે.

— પૂજ્ય ગુરુદેવશ્રી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૭૧

તા. ૨૭-૧૨-૭૮

## વચનામૃત — ૪૧૨

મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે? મરણની વેદના પણ કેટલી હશે? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે? જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ— અનુભૂતિ કરી આત્મ-આરાધના કરી હશે, આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર. 'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિ-પૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. ૪૧૨

'મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે.'

દેહધારી જીવને, વર્તમાન ગતિનું આયુષ્ય પૂરું થતાં, દેહના વિયોગરૂપ મરણ તો અવશ્ય આવવાનું છે; તે વખતે શરીર, ઇંદ્રિયો, વાણી, મન, સ્ત્રી, પુત્ર, પરિવાર વગેરે બધુંય છૂટી જશે. પૂર્વભવમાંથી, પ્રારબ્ધ અનુસાર, એકલો જ આવ્યો હતો અને હવેના ભવમાં, ઉપાર્જિત પ્રારબ્ધ અનુસાર, એકલો જ ચાલ્યો જશે. તેને, જન્મ-મરણના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકારોમાં, કોઈનો સાથ-સથવારો નથી; મરણકાળે અહીંનું બધુંય છૂટી જશે; માત્ર બાંધેલાં કર્મ, તેનું ફળ આપવા માટે, સાથે જશે.

**'બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે?'**

અરે! બહારની એક વસ્તુ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનું બધુંય — બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ — એકસાથે છૂટી જશે, ફરી જશે, ત્યારે તને કેટલું અસહ્ય દુઃખ થશે?

**'મરણની વેદના પણ કેટલી હશે?'**

જેને દેહ સાથે તીવ્ર એકત્વબુદ્ધિ છે તેને દેહ છૂટવાના કાળે મરણની વેદના પણ ઘણી હોય છે; મરણકાળે તે રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં ભિંસાઈને દેહ છોડે છે. બહેને ૩૪૯મા બોલમાં કહ્યું છે ને! — 'તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ — આત્મા — પ્રાપ્ત થશે.' અરે! જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળશુદ્ધ નિજ ચૈતન્ય સિવાય સંયોગ કે સંયોગી-ભાવનો — રાગનો — એક કણ પણ મારો નથી; તેનો હું નથી, તે મારામાં નથી, રાગ કે રજકણ મારા નથી — એમ પ્રથમ તેમને શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ! અંતરમાં સ્વરૂપ-સ્થિરતા થઈને, અસ્થિરતા છૂટે તે વાત તો જુદી; પણ આત્મા સહજ જ્ઞાનાનંદસ્વરૂપ છે, તે સિવાય રાગનો કણ કે રજનો કણ — બધોય પરભાવ છે, તેને જો શ્રદ્ધા-અપેક્ષાએ પણ નહિ છોડે તો તને દેહ છૂટવાના કાળે દુઃખ થશે, તારી નજર દેહમાં રહેશે અને રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની ને આર્તધ્યાનની પીડામાં તું ભિંસાઈ જઈશ. અહા! દેહ છૂટવા કાળે મરણની પીડા કેટલી હશે?

**"'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે."**

દેહ સાથે એકત્વબુદ્ધિની ભીંસમાં ભિંસાયેલા અજ્ઞાની જીવને દેહથી છૂટું પડવું ન ગમે; મરણકાળે 'મને કોઈ બચાવો' એમ તેનું હૃદય કરગરે, પણ ત્યાં તેનું શું ચાલે? 'હવે બચવાનો કોઈ ઉપાય નથી' એમ કહી દાક્તરો ને વૈદ્યો હાથ ખંખેરી નાખશે. ભલે તારું હૃદય પોકારે કે 'મને કોઈ બચાવો'...

**'પણ શું તને કોઈ બચાવી શકશે?'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાજકોટમાં એક ભાઈને ડબલ ન્યુમોનિયાનો વ્યાધિ થયો, દેહ છૂટવાની સ્થિતિ આવી ગઈ, અંદર રોગની ભીંસને લઈને આંખમાં આંસુ ચાલ્યાં જાય; તે વખતે શું થાય? અહા! દેહ છૂટવાના પ્રસંગમાં કોણ બચાવે ને કોણ રાખે?

**'તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે?'**

મુંબઈમાં હમણાં કમળાનો વા ચાલે છે, આપણા જાણીતામાંથી બે જણ કમળામાંથી કમળી થઈને મરી ગયા. ૩૮ વર્ષની નાની ઉંમરમાં દેહ છોડીને ચાલ્યા ગયા. બચવા માટે દસ દસ હજાર રૂપિયા ખર્ચ્યા, પણ પૈસા શું કરે? મોટા — કરોડપતિઓ — હોય તે વિલાયતથી મોટા દાક્તરો બોલાવે, પણ જ્યાં મરણનો કાળ આવ્યો હોય ત્યાં તેઓ શું સાલ નાખી દે? ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ ભલે તારું દીર્ઘાયુષ ચાહે અને તું પણ ભલે દીનતાથી તેમના તરફ ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને બચાવી શકશે? શું કોઈ તને શરણભૂત થશે? શરણભૂત તો અંદરમાં શાન્તિ ને સમાધિનો આપનાર નિજ જ્ઞાયક પરમાત્મા છે; તેના તરફ નજર ન કર, તેની રુચિ, પ્રતીતિ ને અનુભૂતિ ન કર, તો બહારમાં તને કોણ શરણભૂત થાય એમ છે?

**'જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ — અનુભૂતિ કરી આત્મ-આરાધના કરી હશે, આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે.'**

આ સંસારને વિષે જ્યાં સંયોગમાત્ર બધુંય ક્ષણિક છે ત્યાં તને કોણ શરણ આપશે બાપુ? જો તેં સ્વતઃસિદ્ધ, શાશ્વત ને સ્વયંરક્ષિત ત્રિકાળશુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માની અંતરમાં સાચી સમજણ, શ્રદ્ધા ને અનુભૂતિ કરી આત્માની આરાધના કરી હશે, જ્ઞાયકમાંથી સાચી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. દયા, દાન, વ્રત ને ભક્તિના શુભભાવ તો પુણ્યબંધનું કારણ છે. તે શુભભાવ ને પુણ્યકર્મ સ્વયં અનિત્ય છે, વિનાશશીલ છે, આત્માને શરણ આપનાર નથી. શરણ કોણ આપી શકે? જે સ્વયં શાશ્વત, સ્વભાવભૂત ને સુખરૂપ હોય તે શરણ આપે. શુભભાવ તો ક્ષણિક ને વિભાવસ્વરૂપ છે — આકુળતાસ્વરૂપ છે, તે શરણ કઈ રીતે આપે? તે તો આત્મા માટે અશરણ છે.

ભગવાન આત્મા 'સત્' હોવાથી શાશ્વત અર્થાત્ અનાદિનિધન અને સ્વતઃસિદ્ધ હોવાથી સ્વયંરક્ષિત છે. સહજ જ્ઞાન ને સહજ આનંદ — એ બે તેના મુખ્ય ગુણો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહજ જ્ઞાન ને સહજ આનંદસ્વરૂપ નિજ જ્ઞાયક આત્માની, સ્વસન્મુખ થઈને ને પરથી — દેહાદિથી તથા રાગાદિ વિભાવોથી — વિમુખ થઈને, સાચી સમજણ, પ્રતીતિ ને અનુભૂતિ અર્થાત્ આત્માની આરાધના કરી હશે, અંદરથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ શરણભૂત થશે. ઘણું વાંચ્યું હશે, શાસ્ત્રનું ઘણું જાણ્યું હશે, તો તે શરણભૂત થશે — એમ નથી. પરલક્ષી જ્ઞાન તો જ્ઞેયનિમગ્ન છે, આત્મનિમગ્ન નથી. જેમ શુભાશુભ ભાવ વિભાવ, દુઃખરૂપ ને અશરણભૂત છે તેમ જ્ઞેયનિમગ્ન જ્ઞાન — શાસ્ત્રોનું બહિર્લક્ષી જાણપણું પણ — વિભાવ, દુઃખરૂપ ને અશરણભૂત છે. જીવ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે, પણ જો સહજ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધ અસ્તિત્વને — સ્વતઃસિદ્ધ, શાશ્વત ને સ્વયંરક્ષિત નિજ જ્ઞાયકસ્વરૂપને — પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયમૂઢ ગમાર જ રહે છે, જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે, જાણે કે જ્ઞાન ને આનંદ બહારથી આવતાં હોય એવો ભાવ વેદ્યા કરે છે. શાસ્ત્રાભ્યાસ વગેરેનું પ્રયોજન તો જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માની પ્રતીતિ — અનુભૂતિ કરી આત્મ-આરાધના કરવાનું હતું. જે જ્ઞાન વડે આત્મ-આરાધના ન સધાય તે, આત્માને શું શરણ આપે? જે જ્ઞાન આત્મનિમગ્ન થાય, જ્ઞાયકની આરાધનારૂપે પરિણમે, તે જ અંદરની સાચી શાન્તિ ને સમાધિ આપશે, તે એક જ આત્માને શરણભૂત થશે.

ભગવાન આત્મા જેમ સહજ દર્શન ને સહજ જ્ઞાનસ્વરૂપ છે તેમ સહજ ચારિત્ર અર્થાત્ અકષાય વીતરાગ શાન્તિસ્વરૂપ પણ છે; શક્તિરૂપે સદા શાન્તિસ્વરૂપ છે, પણ પર્યાયમાં શાન્તિની વ્યક્તિ — પ્રગટતા સ્વભાવ તરફનો ઝુકાવ કરવાથી થાય છે. કહ્યું છે ને —

ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન;
મતિ-મદિરાકે પાનસોં, મતવાલા સમુજૈ ન.

નિજ જ્ઞાયક પ્રભુ જિનસ્વરૂપ અર્થાત્ શાન્તિસ્વરૂપ જ છે. તેના સન્મુખ થઈને, તેનો આશ્રય ગ્રહણ કરીને અંતરમાંથી જે શાન્તિ પ્રગટ કરી હશે તે એક જ તને શરણ આપશે; બાકી બીજું બધું — સગાંવહાલાં, વૈદ્ય-દાક્તર, દવા-સેવા વગેરે તરફનું લક્ષ — છોડી દેજે. મરણ તો આવવાનું જ છે, દેહ તો છૂટવાના સમયે છૂટવાનો જ છે, બીજો સમય થાય કે દેહ છૂટયા વિના બીજો ભવ થાય તે અશક્ય છે. આ ભવે જ દેહ છૂટશે. માટે સ્વયંરક્ષિત ને શાશ્વત નિજ જ્ઞાયકતત્ત્વમાંથી શાન્તિ પ્રગટ કરી હશે તો તે એક જ તને કાયમી શરણ આપશે. અરહંતા સરણં, સિદ્ધા સરણં, સાહૂ સરણં, કેવલિપણ્ણત્તો ધમ્મો સરણં — એ પણ પરમાર્થ શરણ નથી, વ્યવહારથી છે. તેમને વ્યવહારે પણ શરણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કયારે કહેવાય?— કે તું, શાન્તિનો સાગર, શાન્તિનો પર્વત એવા નિજ આત્મામાં એકાગ્રતા કરીને વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય શાન્તિ પ્રગટ કર ત્યારે. મરણ ટાણે 'માંગલિક' સાંભળવાનો ભાવ પણ શુભ રાગ છે; ભાઈ! સાંભળવાનો રાગ પણ છોડી દે અને અંદર શાન્તિના નાથને જો. તેના તરફ દૃષ્ટિ કરીને અંતરમાંથી શાન્તિ પ્રગટ કરી હશે તો તે એક જ તને શરણ આપશે, અરિહંત વગેરે કોઈ તને શરણ આપશે નહિ.

'તે એક જ' તને શરણ આપશે—એમાં એકાન્ત નથી થઈ જતું? કથંચિત્ ભગવાનનું સ્મરણ પણ શરણ આપશે—એમ કહો ને! જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની જે આરાધના તે એક જ શરણ આપશે, પેલી અરિહંત વગેરે બાહ્ય ચીજો નહિ—એ જ અસ્તિ-નાસ્તિસ્વરૂપ ખરું અનેકાન્ત છે. અંદર ભગવાન જ્ઞાયક જે અતીન્દ્રિય શાન્તિનો પિંડ છે તેમાં એકાગ્રતા કરવી તે જ જીવને શરણ છે; જે દયા, દાન વગેરે શુભભાવ થાય તે શરણ નથી. તે તો રાગ છે, તેનાથી પુણ્યના પરમાણુ બંધાણા, તેમાં પ્રભુ! તને શરણ શું આવ્યું? સમ્યગ્દૃષ્ટિ જીવને દર્શનવિશુદ્ધિ આદિ જે શુભભાવ થઈને તીર્થંકરનામકર્મ બંધાણું, તેમાં—શુભ રાગમાં—તેને શરણ શું આવ્યું? દૃષ્ટિનો વિષય જે સહજ જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળશુદ્ધ ધ્રુવ ચૈતન્યપ્રભુ, તેમાં એકાગ્ર થઈને પર્યાયમાં જો શાન્તિ પ્રગટ કરી હશે તો તે એક જ તને શરણ આપશે.

**'માટે અત્યારથી જ તે પ્રયત્ન કર.'**

માટે આત્મ-આરાધનાનો અત્યારથી જ ઉદ્યમ કર. વર્તમાનથી જ તેની શરૂઆત કર. 'પછી કરીશ, પછી કરીશ' એવા વાયદા છોડી દે. કહેવાય છે ને—'આજ આજ ભાઈ! અત્યારે, ને કાલે કાલે ભાઈ! કાલે.' કાલ કદી આવે નહિ ને કામ કદી થાય નહિ. પ્રવચનસારમાં આવે છે કે—'સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે જનો પરમાનંદપરિણામે પરિણમો....તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યન્ત અનુભવો.' માટે રાગથી ભિન્ન નિજ ભગવાન આત્માની અનુભૂતિનો અત્યારથી જ ઉદ્યમ કર; મરણ આવશે ત્યારે તે ઉદ્યમ કરીશ—એમ વાયદા ન કર. સમયસારની પાંચમી ગાથામાં કહ્યું છે: 'जदि दाएज्ज पमाणं'—તે એકત્વવિભક્ત શુદ્ધ આત્માને જો દર્શાવું તો પ્રમાણ કરજે; સાંભળીને માત્ર હા જ પાડજે—એમ નહિ, પણ તેને સ્વાનુભવપ્રત્યક્ષ કરી—તેની અનુભૂતિ કરીને પ્રમાણ કરજે. અહા! દિગંબર સંતોની સચોટ ભાષા તો જુઓ! ભગવાન આત્મા આનંદનો સાગર છે; તેનો અનુભવ પ્રાપ્ત કરવા માટે અત્યારથી જ પ્રયત્ન કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :— અત્યારથી જ? મોત આવે ત્યારે નહિ?

ઉત્તર :— અત્યારથી જ પ્રયત્ન કર. ઘર સળગે ત્યારે જો કૂવો ખોદે તો પાણી નીકળે ક્યારે ને આગને ઓલવે ક્યારે? પાણી નીકળે ત્યાં સુધીમાં ઘર બળીને રાખ થઈ જશે. ઘર સળગતું બચાવવું હોય તો પહેલેથી પાણીની સગવડ રાખે. એ રીતે મોત આવે ત્યારે નહિ, પણ પહેલેથી જ — અત્યારથી જ — આત્માની આરાધના શરૂ કરવાનો, આત્માની અનુભૂતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર. સાંભળ્યું ત્યારથી જ પ્રયત્ન શરૂ કરી દે. અહા! દિગંબર સંતોની વાણી પાંચમા આરાના અત્યન્ત અપ્રતિબુદ્ધ શ્રોતાને કહે છે કે — ભાઈ! આત્માનુભૂતિ પ્રાપ્ત કરવા માટે અત્યારથી જ શરૂઆત કર. સમયસારની ૩૮મી ગાથાની ટીકામાં કહ્યું છે : — વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં, દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થઈને જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો છે તે શ્રોતા-શિષ્ય એમ કહે છે કે કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને — ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. અહા! પંચમ કાળનો અપ્રતિબુદ્ધ શિષ્ય જે પ્રતિબોધ પામે છે તે કહે છે — અમને પ્રગટ થયેલો જ્ઞાનપ્રકાશ અપ્રતિહત છે; ભલે ક્ષાયોપશમિક ભાવે છે તોપણ તે અપ્રતિહત હોવાથી જોડણીક્ષાયિક છે, તેથી ફરીને અમને મિથ્યાત્વનો અંકુર ઉત્પન્ન નહિ જ થાય.

પ્રશ્ન :— પ્રતિબુદ્ધ શિષ્ય પોતાનો અપ્રતિહત ભાવ કોની પાસે જઈને કહે છે?

ઉત્તર :— પોતાનો જે જ્ઞાયક ભગવાન તેમાં જઈને કહે છે. અભેદ જ્ઞાયકમાં ભળીને કહે છે કે મારી નિર્મળ પરિણતિ જે પ્રગટ થઈ છે તે સાદિ-અનંતમાં ભળી જશે. 'સાદિ અનંત, અનંત સમાધિ સુખમાં'. અહા! શી શૈલી છે? મોળીપાતળી વાત જ નહિ. બહેનના બોલમાં આવે છે ને — જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય. જાગતો જીવ કહો કે ધ્રુવ જ્ઞાયકભાવ કહો કે વસ્તુનો ટકતો અંશ કહો — બધું એક જ છે. પર્યાય તો વસ્તુનો પલટતો અંશ છે. ટકતા અંશમાં દૃષ્ટિ દે તો દૃષ્ટિ સ્થિર થશે ને તે એક જ તને શરણ આપશે. તે માટે અત્યારથી જ પ્રયત્ન કર. અહા! બહુ મીઠી મધુરી વાત! આનંદથી ભરેલા સાગરને ઉછાળ ને ભરતી લાવ પર્યાયમાં.

**"'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે."**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે! મોત આવતાં આ દેહ, કુટુંબમેળો, ધન, મકાન, ગાડી, વાડી વગેરે બધુંય છૂટી જશે, કોઈ દુઃખની વેળામાં સહાય નહિ થાય. દેહની સ્થિતિ પૂરી થવાનાં નગારાં વાગે છે. મોત ઓચિંતુ આંબી જશે, નોટિસ આપીને નહિ આવે. દેહનો સંયોગ અનિત્ય છે ને ભગવાન આત્મા ધ્રુવ નિત્ય તત્ત્વ છે. આત્માનો કદી નાશ થતો નથી. દેહ અને આત્મા સ્વભાવે તો જુદા જ છે, માત્ર નિમિત્તનૈમિત્તિક સંબંધને લીધે પર્યાય-અપેક્ષાએ એકક્ષેત્રાવગાહપણે સાથે રહેલા છે. ખરેખર તો તે બંને પોતપોતાના સ્વક્ષેત્રમાં જ રહેલા છે. આકાશના એક ક્ષેત્રે બંને સાથે રહેલા છે તેના છૂટા પડવાને 'મોત' કહે છે. મોત જરૂર આવવાનું છે એમ વારંવાર યાદ કરીને પણ તું અંદર સ્વસન્મુખતાનો પુરુષાર્થ કર કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવી સાવધાનીમાં તું સમાધિપૂર્વક મરણ કરી શકે.

નિજ ત્રિકાળશુદ્ધ ચૈતન્યભગવાન તો સદા અમર જ છે, તેને વળી મરણ કેવું? દેહના સંબંધની સ્થિતિ પૂરી થવાની અપેક્ષાએ તેને મરણ કહેતા હો તો કહો, પણ અનાદિનિધન સત્ અને સ્વતઃસિદ્ધ એવા જ્ઞાયકપ્રભુની સ્થિતિ કદી પૂરી થતી નથી, તે તો સદા અમર છે. 'દેહ છૂટવાનાં માથે નગારાં વાગી રહ્યાં છે, માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું, સદા અમર એવા નિજ શુદ્ધાત્મતત્ત્વ પ્રત્યે ઉગ્ર આલંબનના જોરરૂપ પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' — આનંદઘનજીના શબ્દો છે — એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. મરણ વખતે કદાચ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ ન પણ હોય; ભલે વિકલ્પ હોય, પણ સ્વભાવના આશ્રયે પરિણતિમાં પ્રગટેલી જે સતત વર્તતી શુદ્ધિની ધારા છે તે એકાગ્રતા ને સમાધિ જ છે. જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ અને જેટલી સ્વરૂપસ્થિરતા થઈ છે તેટલી સ્થિરતાની અપેક્ષાએ નિર્વિકલ્પતા સતત વર્તી રહી છે, પરંતુ દેહ છૂટવા વખતે ઉપયોગ નિર્વિકલ્પ જ થાય, ઉપયોગમાં વિકલ્પનો અંશ ન રહે — એવું કાંઈ નથી. વિકલ્પ હો, પણ અંતરમાં સ્વભાવના આશ્રયે પરિણતિમાં પ્રગટેલી સાધના છે, એકાગ્રતા છે, તેથી મરણકાળે તેને સમાધિપૂર્વક દેહ છૂટશે. જ્ઞાનીને, ખ્યાલમાં આવે કે દેહ છૂટવાના પ્રસંગમાં આવા વિકલ્પ છે છતાં તેને, અંતરમાં સમાધિ છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે ને! — 'મુનિજનોને સ્ત્રી-આદિનો પરિષહ હોય અને તેઓ તેને જાણે જ નહિ, માત્ર પોતાના સ્વરૂપનું જ જાણવું રહે — એમ માનવું મિથ્યા છે; તેને તેઓ જાણે તો છે, પરંતુ રાગાદિક કરતા નથી.' એ પ્રમાણે જ્ઞાનીને, મરણકાળે વિકલ્પ હોવા છતાં પણ અંતરમાં વીતરાગભાવ હોવાથી, સમાધિપૂર્વક દેહ છૂટે છે. અહા! આવી ઝીણી વાતો છે.

શ્રીમદે પણ અંતસમયે પોતાના નાના ભાઈને કહ્યું હતું: 'મનસુખ! બાને દિલગીર થવા દઈશ નહિ, સ્વરૂપમાં લીન હું થાઉં છું.' સ્વરૂપની દૃષ્ટિ ને અનુભવ તો છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ 'બાને દિલગીરી ન થાય' એવો વિકલ્પ આવ્યો, પછી થોડી વાર ઘરેડા ચાલ્યો. ઘરેડા ચાલે તેથી શું? એ તો જડ અવાજની ક્રિયા છે, પોતે તો અંતરમાં લીન થઈ ગયા છે.

પ્રશ્ન:— કોઈ જ્ઞાની મરણકાળે બેશુદ્ધ હોય અથવા બકવાટ કરે તો ય સમાધિ હોય?

ઉત્તર:— જ્ઞાનીને કદાચિત્ ઇંદ્રિય-નિમિત્તક જ્ઞાનમાં જરી ફેરફાર થઈ જાય, તેને જરીક ઉન્માદ, બેશુદ્ધપણું કે બકવાટ થઈ જાય, છતાં અંદર જ્ઞાનધારા સતત વર્તતી હોવાથી સમાધિ છે. સમાધિશતકમાં આવે છે ને — ભેદજ્ઞાની – અંતરાત્મા નિદ્રાવસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં કર્મબંધનથી મુક્ત થાય છે — વિશિષ્ટરૂપે કર્મોની નિર્જરા કરે છે.

'તનદૃષ્ટિ સર્વાંગમી જાગૃત પણ ન મુકાય;
આત્મદૃષ્ટિ ઉન્મત્ત કે નિદ્રિત પણ મુકાય.'

અહા! આવી વસ્તુસ્થિતિ છે. ભાઈ! અંદરમાં સ્વસન્મુખતાનો એવો જોરદાર પુરુષાર્થ કર, જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે.

'જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે.'

દેવ-ગુરુ વગેરે નિમિત્તો નહિ, ચિંતન-મનનનો રાગ નહિ, મતિ-શ્રુતની પર્યાયો નહિ, અરે! ગુણગુણીનો ભેદ પણ નહિ, પણ ત્રિકાળશુદ્ધ એક આત્મદ્રવ્ય જ જીવનમાં ઉપાદેય છે. દુનિયા માને કે ન માને, માન આપે કે ન આપે, બહારમાં પોતાની પ્રસિદ્ધિ થાય કે ન થાય, તેની સાથે કોઈ સંબંધ નથી, એ કોઈ સારભૂત વસ્તુ નથી. સારભૂત વસ્તુ, આરાધવાયોગ્ય મહાન પદાર્થ ને ઉપાદેયભૂત અનુપમ ચીજ તો નિજ એક શુદ્ધ જ્ઞાયક-દ્રવ્ય છે. જીવનમાં તેનો જ આદર, તેનો જ સ્વીકાર ને તેનો જ સત્કાર કરવા યોગ્ય છે. નિજ શુદ્ધ જ્ઞાયકદ્રવ્યનો જેણે અંતરમાં સ્વીકાર કર્યો છે, આશ્રય કર્યો છે તેનું જીવન સફળ છે. અહા! વાત તો બહુ સરસ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો પંથ કોઈ અલૌકિક છે! તે પંથ બહારમાં હોતો નથી, અંદર આત્મામાં છે.

અખંડ એક શુદ્ધ અભેદ જ્ઞાયક આત્મા જ ઉપાદેયપણે પ્રાપ્ત થતાં ભવિષ્યમાં જીવ સર્વજ્ઞદશાને પ્રાપ્ત થઈ શકશે. સમાધિપૂર્વક દેહ છૂટતાં ભલે તે ભવમાં કદાચિત્ સર્વજ્ઞપણું ન આવે તો, ભવિષ્યમાં તો એક-બે ભવમાં સર્વજ્ઞપણું પ્રગટ થશે જ.

સર્વજ્ઞ ભગવાન પરિપૂર્ણ જ્ઞાનપર્યાયે પરિણમી ગયા છે. તેઓ પૂર્ણપણે પોતાને — પોતાના દ્રવ્યને, પોતાના અનંત ગુણોને અને પોતાના સર્વ ગુણોની અવિભાગપરિચ્છેદો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહિત ત્રિકાળવર્તી સમસ્ત પર્યાયોને—તથા વિશ્વના સમસ્ત પદાર્થોને, તેમની ભૂત-વર્તમાન-ભાવિ પર્યાયો સહિત, એક સમયમાં યુગપદ પ્રત્યક્ષ જાણે છે. અહા! તત્ત્વની ચિન્ત્ય અદ્દભુતતા કોઈ અલૌકિક છે. બધું એકસાથે પ્રત્યક્ષ જાણવું તે સર્વજ્ઞપણાની અથવા જ્ઞાનપર્યાયના પૂર્ણપણાની વ્યાખ્યા છે. જે પર્યાયો વર્તમાનમાં નથી તેમને—એટલે કે વીતી ગયેલી પર્યાયોને અને અનાગત પર્યાયોને—પણ સર્વજ્ઞપર્યાય વર્તમાનવત્ પ્રત્યક્ષ યુગપદ્ જાણે છે. અહા! એવડી મોટી અર્થાત્ પરિપૂર્ણ પર્યાય પ્રગટ થઈ એટલે શું દ્રવ્ય ને ગુણ જરાયે ક્ષીણ થઈ ગયાં છે? ના; તે તો પૂરેપૂરાં છે, જેવડાં ને તેવડાં જ છે. વસ્તુના આશ્રયે પૂર્ણ પર્યાય પ્રગટી તેથી શું વસ્તુમાં કાંઈ ઓછું થઈ ગયું? ના; પરિપૂર્ણ ગુણોથી ભરેલી વસ્તુ પોતાની પર્યાયમાં પરિપૂર્ણપણે પરિણમી જાય છે. પૂર્ણ વસ્તુના અવલંબને પર્યાય પૂર્ણપણે પરિણમી હોવા છતાં વસ્તુ તો પરિપૂર્ણપણે તેટલી ને તેવડી જ છે. આગળ ૪૧૫મા બોલમાં આવશે—'મુનિરાજ કહે છે: અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે. એ પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પિવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે.' અહા! વસ્તુનો—દ્રવ્યનો ને ગુણનો—સ્વભાવ જ કોઈ એવો છે કે તેમાંથી પરિપૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ વસ્તુ જેવડી છે તેવડી જ રહે છે. સર્વજ્ઞતારૂપે પરિણમેલું જ્ઞાન સ્વક્ષેત્રમાં રહીને, જ્ઞેયના સમીપ ગયા વિના, પરસન્મુખ થયા વિના, નિરાળું રહીને લોકાલોકના સર્વ પદાર્થોને, તેમના સર્વ ગુણોને ને સર્વ અવિભાગ-પરિચ્છેદો સહિત તેમની ત્રણે કાળની સર્વ પર્યાયોને એક સમયમાં યુગપદ્ અતીન્દ્રિય-પણે પ્રત્યક્ષ જાણે છે. 'મહિમા અહો એ જ્ઞાનનો!'

આવા અનુપમ ને અદ્દભુત પરિપૂર્ણ જ્ઞાનના આશ્રયભૂત એવો જે નિજ એક શુદ્ધ જ્ઞાયક આત્મા તે એક જ જીવનમાં ઉપાદેય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૭૨

તા. ૨૮–૧૨–૭૮

## વચનામૃત — ૪૧૩

સર્વજ્ઞભગવાન પરિપૂર્ણજ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તેઓ પોતાને પૂર્ણપણે — પોતાના સર્વગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત — પ્રત્યક્ષ જાણે છે. સાથે સાથે તેઓ સ્વક્ષેત્રમાં રહીને, પર સમીપ ગયા વિના, પરસન્મુખ થયા વિના, નિરાળા રહીને લોકાલોકના સર્વ પદાર્થોને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે. પરને જાણવા માટે તેઓ પરસન્મુખ થતા નથી. પરસન્મુખ થવાથી તો જ્ઞાન દબાઈ જાય છે— રોકાઈ જાય છે, ખીલતું નથી. પૂર્ણરૂપે પરિણમી ગયેલું જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી. તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં, ત્રણે કાળનાં તેમ જ લોકાલોકનાં બધાં સ્વ-પર જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયાં હોય તેમ, સમસ્ત સ્વ-પરને એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે છે; જે વીતી ગયું છે તે બધાને પણ પૂરું જાણે છે, જે હવે પછી થવાનું છે તે બધાને પણ પૂરું જાણે છે. જ્ઞાનશક્તિ અદ્ભુત છે. ૪૧૩.

'સર્વજ્ઞભગવાન પરિપૂર્ણજ્ઞાનરૂપે પરિણમી ગયા છે.'

સર્વજ્ઞ પરમાત્મા કેવા હોય? તેમની કેવળજ્ઞાન પર્યાય કેવડી મોટી હોય? સર્વજ્ઞ-ભગવાન, તેમને ભાવ તેમ જ દ્રવ્ય ઘાતિકર્મો ક્ષય પામ્યા હોવાથી, સ્વયમેવ પરિપૂર્ણ-જ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તેઓ છદ્મસ્થ જીવોની માફક ક્રમથી જાણતા નથી પરંતુ વિશ્વનાં સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને એકસાથે પૂર્ણપણે જાણે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેઓ પોતાને પૂર્ણપણે — પોતાના સર્વગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત — પ્રત્યક્ષ જાણે છે.'**

કેવળી પરમાત્મા પોતાને — પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને ને સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને તથા પોતાના સર્વગુણોના ત્રણે કાળના પર્યાયોને — સંપૂર્ણપણે પ્રત્યક્ષ જાણે છે.

**'સાથે સાથે તેઓ સ્વક્ષેત્રમાં રહીને, પર સમીપ ગયા વિના, પરસન્મુખ થયા વિના, નિરાળા રહીને લોકાલોકના સર્વ પદાર્થોને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે.'**

જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક છે. કેવળજ્ઞાનરૂપે પરિણમેલો આત્મા પોતાના સર્વગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત વિશ્વના સમસ્ત પદાર્થોને, સ્વક્ષેત્રમાં રહીને, જ્ઞેયરૂપ પરપદાર્થ સમીપ ગયા વિના, પરિણતિને પરસન્મુખ કર્યા વિના, તદ્દન નિરાળો રહીને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે.

**'પરને જાણવા માટે તેઓ પરસન્મુખ થતા નથી.'**

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં સંપૂર્ણ લોકાલોકને — સ્વ-પર સમસ્તને — એકસાથે જાણે છે, લોકાલોકને જાણવા માટે તેઓ લોકાલોક-સન્મુખ થતા નથી. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા'; અંશે પણ પરસન્મુખ થયા વિના સ્વયં સ્વતઃ જાણે છે.

**'પરસન્મુખ થવાથી તો જ્ઞાન દબાઈ જાય છે — રોકાઈ જાય છે, ખીલતું નથી.'**

જ્ઞાન પૂર્ણ સ્વસન્મુખ થતાં પર્યાયમાં પૂર્ણ જ્ઞાનપણે પરિણમે છે; વસ્તુ દ્રવ્ય-સ્વભાવે જેવી કૃતકૃત્ય છે તેવી, પર્યાયમાં કૃતકૃત્ય થઈ જાય છે. કૃતકૃત્ય થવાથી નવું કરવાનું કાંઈ રહ્યું નથી. જ્ઞાન સ્વસન્મુખ ન થતાં, જો પરસન્મુખ થાય તો તે દબાઈ જાય છે — ઢંકાઈ જાય છે, ખીલતું નથી. સ્વસન્મુખ થવાથી જ્ઞાન ખીલે છે, પર-સન્મુખ થવાથી જ્ઞાન રોકાઈ જાય છે, બિડાઈ જાય છે.

**'પૂર્ણરૂપે પરિણમી ગયેલું જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી.'**

પરિપૂર્ણરૂપે પરિણમી ગયેલી જ્ઞાનની પર્યાય એક સમયમાં યુગપદ્ બધું જાણે છે; સમસ્ત ચેતન-અચેતન પદાર્થો, તેમના ગુણો, તેમની ત્રણે કાળની પર્યાયો — બધું એક સાથે પ્રત્યક્ષ જાણે છે. પૂર્ણરૂપે પરિણમેલું જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં, ત્રણે કાળનાં તેમ જ લોકાલોકનાં બધાં સ્વ-પર જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયાં હોય તેમ, સમસ્ત સ્વ-પરને એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે છે; જે વીતી ગયું છે તે બધાને પણ પૂરું જાણે છે, જે હવે પછી થવાનું છે તે બધાને પણ પૂરું જાણે છે.'**

સર્વજ્ઞ પરમાત્માનું જ્ઞાન નિજ ચૈતન્યપ્રદેશોમાં — સ્વક્ષેત્રમાં — રહ્યાં રહ્યાં, ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળા લોકાલોકના બધા પદાર્થોને — જાણે કે તે પદાર્થો પોતાના સંપૂર્ણ વિશેષો સહિત જ્ઞાનમાં કોતરાઈ ગયા હોય, ચીતરાઈ ગયા હોય, દટાઈ ગયા હોય, ખોડાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયા હોય, પ્રતિબિંબિત થયા હોય એમ — એક સમયમાં જ સહજપણે પ્રત્યક્ષ જાણે છે. જગતના સમસ્ત ભાવોને એક સમયમાં જ સહજપણે પ્રત્યક્ષ જાણે છે; જે વીતી ગયું છે, વર્તમાન વર્તી રહ્યું છે અને હવે પછી થવાનું છે તે બધાને પૂરેપૂરું જાણે છે.

**'જ્ઞાનશક્તિ અદ્‌ભુત છે.'**

જ્ઞાનગુણની શક્તિ તો સ્વભાવે અદ્‌ભુત છે જ, પણ તેની પરિપૂર્ણ ખીલેલી પર્યાયની શક્તિ પણ અદ્‌ભુત છે. જ્ઞાનના પૂર્ણ પરિણમનનો એવો સહજ સ્વભાવ છે કે પોતાના અને પરના ભૂત-વર્તમાન-ભવિષ્યના બધા ભાવોને એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે. સર્વજ્ઞપણે પરિણમેલી પર્યાય જો બધાને યુગપદ્ પ્રત્યક્ષ ન જાણે તો તે જ્ઞાનની દિવ્યતા શી? અનંત મહિમાવંત કેવળજ્ઞાનની તો એ દિવ્યતા છે કે તે અનંત દ્રવ્યોના સમસ્ત પર્યાયોને — ભૂત અને ભાવી પર્યાયોને પણ — સંપૂર્ણપણે એક જ સમયે પ્રત્યક્ષ જાણે છે. ખરેખર પરિણમેલી — વ્યક્ત થયેલી — જ્ઞાનશક્તિ પણ અદ્‌ભુત છે.

— ✻ —

## વચનામૃત — ૪૧૪

**કોઈ પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં, પોતાની પાસે ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, બહાર ભીખ માગે, તેમ તું પોતે ત્રણ લોકનો નાથ હોવા છતાં, તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, 'પર પદાર્થ મને કંઈક જ્ઞાન દેજો, મને સુખ દેજો' એમ ભીખ માગ્યા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે! 'મને ધનમાંથી સુખ મળજો, મને શરીરમાંથી સુખ મળજો, મને શુભ કાર્યોમાંથી સુખ મળજો, મને શુભ પરિણામમાંથી સુખ મળજો' એમ તું ભીખ માગ્યા કરે છે! પણ બહારથી કંઈ મળતું નથી. ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે તો અંદરથી જ બધું મળે છે. જેમ ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે અને દારિદ્ર ફીટે, તેમ ઊંડાણમાં જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે. ૪૧૪.

"કોઈ પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં, પોતાની પાસે ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, બહાર ભીખ માગે, તેમ તું પોતે ત્રણ લોકનો નાથ હોવા છતાં, તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, 'પર પદાર્થ મને કંઈક જ્ઞાન દેજો, મને સુખ દેજો' એમ ભીખ માગ્યા કરે છે!"

પહેલાં દૃષ્ટાંત કહે છે: કોઈ સ્વયં વિપુલ સમૃદ્ધિનો ધારક ચક્રવર્તી રાજા હોવા છતાં, પોતાની પાસે નવ નિધિ આદિ ઋદ્ધિના અખૂટ ભંડાર ભર્યા હોવા છતાં, બહાર શકોરું લઈને ભીખ માગે, તેમ હે જીવ! તું પોતે ત્રણ લોકનો નાથ ચૈતન્યચક્રવર્તી હોવા છતાં, સચ્ચિદાનંદસ્વરૂપ જ્ઞાયક ભગવાન — સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન ને આનંદ નામ અતીન્દ્રિય અનાકુળ સુખ, ઇત્યાદિ અનંત ગુણરૂપ ઋદ્ધિનો ભંડાર — હોવા છતાં પર પદાર્થમાંથી મને જ્ઞાન અને સુખ મળશે — એવી આશાથી બહાર ભીખ માગ્યા કરે છે! શરીરાદિ પરપદાર્થથી અને રાગાદિ મલિન ભાવોથી ભિન્ન નિજ શુદ્ધ જ્ઞાયક આત્માનું ભેદજ્ઞાન કરતાં અંતરમાં આત્માની સમૃદ્ધિ — સહજ અનંત જ્ઞાન, સહજ અનંત આનંદ, સહજ અનંત શાન્તિ, સહજ અનંત સ્વચ્છતા, સહજ અનંત પ્રભુત્વ આદિ જે અનંત ગુણરૂપ ઋદ્ધિના અખૂટ ભંડાર ભર્યા છે તે — દેખાય, અનુભવાય. ત્રણ લોક ને ત્રણ કાળને એકસાથે પ્રત્યક્ષ જાણવા-દેખવાની શક્તિનો ધારક હોવાથી આત્મા ત્રણ લોકનો નાથ છે. જ્ઞાન અને દર્શન જેનો સહજ સ્વભાવ છે તેને જાણવા-દેખવામાં મર્યાદા શી? બધાને જાણે એવી સર્વજ્ઞત્વશક્તિ આદિ અનંત અચિન્ત્ય ચમત્કારી ગુણરૂપ ઋદ્ધિના ભંડાર આત્મામાં સદા ભર્યા છે. આત્મા વસ્તુ છે ને? વસ્તુ કોને કહેવાય? 'गुणपर्यायौ वसत: यस्मिन् इति वस्तु' — જેમાં ગુણો અને પર્યાયો વસે છે તે 'વસ્તુ' છે. ભગવાન આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત ગુણરૂપ ઋદ્ધિનો ભંડાર — અપરિમિત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાન્તિ, અનંત સ્વચ્છતા વગેરે અખૂટ સમૃદ્ધિથી ભરપૂર — હોવા છતાં, 'પર પદાર્થથી મને જ્ઞાન થશે, દેવ-ગુરુની કૃપાથી મને જ્ઞાન ખીલશે, શાસ્ત્રથી મને જ્ઞાન થશે તથા સ્ત્રી, લક્ષ્મી, મકાન વગેરે પર પદાર્થથી મને સુખ ને શાન્તિ થશે' એમ બહાર ભીખ માગે છે! અહા! પોતે સ્વભાવે ભગવાન છતાં પર્યાયમાં થઈ ગયો ભિખારી! અરિહંત પરમાત્માને જે વીતરાગપણું ને સર્વજ્ઞપણું પ્રગટ થયું તે ક્યાંથી આવ્યું? રાગાદિના વિકલ્પ અને અલ્પજ્ઞપણું વગેરે વિભાવ તો આત્માના મૂળ સ્વભાવમાં છે જ નહિ. આત્માનો સ્વભાવ તો પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ છે. ભગવાનને જે અતીન્દ્રિય પૂર્ણાનંદ પ્રગટ થયો તે શું બહારથી આવે છે? નહિ; અંદર સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ શક્તિરૂપે છલોછલ ભર્યો પડ્યો છે તેમાંથી — તેનો આશ્રય લેવાથી — આવે છે. અરે! પોતે સુખનો ભંડાર હોવા છતાં 'શરીરમાંથી સુખ મળે, ઇંદ્રિયોના વિષયોમાંથી સુખ મળે, સ્ત્રી, લક્ષ્મી, આબરૂ વગેરેમાંથી સુખ મળે' એમ દીન-હીન-ભિખારી થઈ બહાર ભીખ માગે છે! જ્ઞાન ને સુખનો ભંડાર તો ભગવાન આત્મા છે; પણ તે તરફ દૃષ્ટિ નથી, તેનો અંતરમાં વિશ્વાસ નથી, તેથી 'પરથી જ્ઞાન ને સુખ મળશે' એવો અજ્ઞાનીને ભ્રમ છે — મિથ્યા અભિપ્રાય છે. શું પરથી, સાંભળવાથી કે શાસ્ત્ર વાંચવાથી જ્ઞાન થાય છે? જ્ઞાન તો પોતાનો સહજ સ્વભાવ છે. તેની પ્રતીતિ અને વિશ્વાસ નથી તેથી 'બહારથી જ્ઞાન ને સુખ મળશે' એવી ભ્રાન્તિથી ભીખ માગતો ફરે છે. પોતામાં જ્ઞાન, આનંદ ને શાન્તિનો અખૂટ ભંડાર છે — એવો અંતરમાં વિશ્વાસ લાવે તો બહાર ભીખ માગવાનું મટી જાય.

**"'મને ધનમાંથી સુખ મળજો, મને શરીરમાંથી સુખ મળજો, મને શુભ કાર્યોમાંથી સુખ મળજો, મને શુભ પરિણામમાંથી સુખ મળજો' એમ તું ભીખ માગ્યા કરે છે!"**

ધન અર્થાત્ લક્ષ્મી તો જડ છે, ધૂળ છે. શું ધનમાં — જડમાં સુખ છે? અંદર આત્મસ્વરૂપમાં આનંદઘન પડ્યું છે તેની દૃષ્ટિ અને વિશ્વાસ તો છે નહિ, અને 'દયાદાન આદિ કરું તો મને અંદર સુખ મળશે' એવી જે ભિક્ષુકવૃત્તિ પડી છે તે મૂઢતા છે. પોતાના સ્વભાવમાં સુખસામર્થ્ય છે તેને અંતરમાં જોતો નથી અને શરીરમાંથી, ઇંદ્રિયોમાંથી સુખ મળશે — એવી મિથ્યા ઝંખના અજ્ઞાની કરે છે. દયા પાળવાનાં, દાન દેવાનાં, વ્રત આચરવાનાં અને ભક્તિ કરવાનાં વગેરે બહારનાં શુભ કાર્યો હું કરી શકું છું અને એ બહારનાં કામ કરવાથી મને સુખ મળશે — એવી ભ્રમણા સેવીને અજ્ઞાની બહાર સુખની આશા રાખે છે, સુખ પોતામાં છે તેને શોધતો નથી. બાહ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભ કાર્યોથી જરા આગળ વધીને માને તો અંદર શુભ પરિણામમાંથી સુખ મળશે — એમ માનીને અજ્ઞાની જીવ પંચમહાવ્રત, દયા-દાન, ભગવાનનું નામસ્મરણ, પંચ-પરમેષ્ઠીની ભક્તિ વગેરે વિભાવપરિણામમાંથી સુખની ભીખ માગ્યા કરે છે! પરંતુ શુભ પરિણામ પણ, કામક્રોધાદિ અશુભ પરિણામની માફક, આસ્રવભાવ છે, અશુચિ છે, સ્વભાવથી વિપરીત છે, દુઃખ છે ને દુઃખનું કારણ છે. તેમાંથી સુખ મળી જાય તે મોટો ભ્રમ છે. દુઃખમાંથી સુખ મળે?

શ્રોતા :— બહુ દુઃખ ભોગવીએ તો સુખ મળે ને?

ઉત્તર :— દુઃખ ભોગવવું તે તો આર્તધ્યાન છે અને તેનું પરિણામ દુઃખ જ છે. ભગવાન આત્મા અનાકુળતાનો — આનંદનો ભંડાર છે, શુભભાવ તો આકુળતાના ઉપજાવનાર છે. આકુળતા કારણ ને અનાકુળતા કાર્ય, એમ ન હોય. વ્યવહારરત્નત્રયનો શુભરાગ પણ આસ્રવભાવ છે ને દુઃખ છે; તેનાથી નિશ્ચયરત્નત્રય એટલે કે સંવર-નિર્જરા ને સુખ થાય — એમ નથી. અહા! આકરું પડે માણસને! શું કહ્યું? શુભકાર્ય ને શુભપરિણામ — એમ બે વાત કરી. દેહાદિ જડની શુભ ક્રિયાથી કે વ્રતાદિના વિભાવ પરિણામથી શું સુખ મળે? શુભભાવ કારણ અને શુદ્ધભાવ કાર્ય એમ જે કહે છે તે ભ્રમ છે, અજ્ઞાન છે. શુભ કાર્ય કરું ને શુભ પરિણામ કરું — ભક્તિ, જાત્રા, ગુરુનો વિનય વગેરે શુભભાવ કરું — તો તેમાંથી સુખ મળી જાય — એ માન્યતા મિથ્યાત્વ છે, ધર્મ નથી. અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનું બહુમાન કરવું તે પરમાર્થ વિનય અને ધર્મનું મૂળ છે. બહાર ભગવાનનો વિનય તો શુભરાગ — વિકલ્પ છે. ભગવાન આચાર્યદેવ કહે છે : 'परद्व्वादो दुग्गइ...'

'પરદ્રવ્યથી દુર્ગતિ, ખરે સુગતિ સ્વદ્રવ્યથી થાય છે;
— એ જાણી, નિજદ્રવ્યે રમો, પરદ્રવ્યથી વિરમો તમે.'

ભગવાન કહે છે કે અમારા ઉપર ભક્તિનો જે શુભ રાગ તે પણ ચૈતન્ય-પરિણામની દુર્ગતિ — વિભાવ, આસ્રવ, અશુચિ ને દુઃખ — છે, તે ચૈતન્યની સુગતિ — સ્વભાવ, સંવર-નિર્જરા, શુચિ ને સુખ — નથી. અહા! ભગવાનની યાત્રા વગેરે શુભભાવથી સુખ થશે એવી ભ્રમણામાં દુનિયા અનાદિથી પડી છે. સમયસારના મોક્ષ-અધિકારમાં તો પ્રતિક્રમણાદિના શુભભાવને ઝેરનો ઘડો કહ્યો છે. ઝેરમાંથી આનંદ મળે? ન જ મળે. અહા! આ તો કોઈ અપૂર્વ માર્ગ છે, દુનિયાથી કોઈ જુદી જ વાત છે!

ભગવાન આત્મા તો અંદર સહજ જ્ઞાન ને સહજ આનંદનો સાગર છે; તેની દૃષ્ટિ ને મહિમા વિના, દિગંબર સાધુ થઈને 'શુભ ક્રિયામાંથી ને વ્રતાદિના શુભ પરિણામમાંથી સુખ ને શાંતિ મળજો' એમ તું બહાર ભીખ માગ્યા કરે છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘પણ બહારથી કંઈ મળતું નથી.’**

શુભ કાર્યથી કે શુભ પરિણામથી આત્માનો કંઈ લાભ થતો નથી. તારી ચીજ અંતરમાં છે, તે બહાર ક્યાંથી મળે? બહાર લક્ષ કરે તો દુઃખ મળે, આત્માની શાન્તિ કે સુખ જરા પણ ન મળે.

**‘ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે તો અંદરથી જ બધું મળે છે.’**

શુભાશુભ ભાવ તો ઉપરછલી વિભાવપર્યાય છે. અંદર ઊંડાણમાં — તળમાં — ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકદળ છે. ‘હું સુખનિધાન જ્ઞાયકદળ છું, કેવળ જાણવું-દેખવું એ જ મારું સ્વરૂપ છે’ એમ, ઉપરછલી પર્યાયમાત્રને દૃષ્ટિમાંથી કાઢી નાખીને, ઊંડાણથી જ્ઞાયકતળમાં ઊતરીને, જ્ઞાયકપણાનો સતત અભ્યાસ કરવામાં આવે તો અંદર જ્ઞાયકમાંથી જ સુખ, શાન્તિ ને સમાધિ વગેરે બધું મળે છે.

રાગાદિ સમસ્ત વ્યાવહારિક ભાવોથી વિમુખ થઈને, અંતરમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત અનંત ગુણોનો ભંડાર એવો જે નિજ જ્ઞાયકભાવ તેના ઊંડાણમાં જઈને ગ્રહણ કરવો — ઉત્પાદ-વ્યયરૂપ વર્તમાન પર્યાયને ધ્રુવ સ્વભાવ તરફ ઝુકાવવાનો ઉદ્યમ કરવો — તેને જ્ઞાયકપણાનો અભ્યાસ કહે છે. દયાદાનાદિ વિભાવને પોતાના માનવા તે બહિરાત્મબુદ્ધિ છે. પર ને વિભાવથી આત્માનું ભેદજ્ઞાન કરવાથી ‘અંતરાત્મ-દશા’ પ્રાપ્ત થાય છે. અંદર જ્ઞાયકના આલંબને પ્રગટેલી અંતરાત્મદશા પૂર્ણ થવાથી પરમાત્મદશા પ્રાપ્ત થાય છે. અંદર અંતરાત્મદશારૂપ ક્રિયાથી — શુદ્ધ પરિણતિથી — પરમાત્મપદ મળે છે, બહારથી — ક્રિયાકાંડ કે શુભ રાગથી — કાંઈ મળતું નથી.

**‘જેમ ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે અને દારિદ્ર ફીટે, તેમ ઊંડાણમાં જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે.’**

ભોંયરામાં તિજોરીની અંદર પુષ્કળ નિધાન છે; ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે તિજોરી ખોલે તો નિધાન મળે અને ગરીબી મટે, તેમ આનંદસાગર ચૈતન્યપ્રભુના ઊંડાણમાં — નિમિત્ત, રાગ ને વર્તમાન ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય વગેરે ઉપલક ભાવોનું લક્ષ છોડી ચૈતન્યના ધ્રુવ તળરૂપ ભોંયરામાં — જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ભેદજ્ઞાનની ચાવી દ્વારા ભ્રાન્તિરૂપ કળ ખોલી નાખવામાં આવે તો જ્ઞાન, દર્શન, સુખ, શાંતિ,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમાધિ આદિ અનંત ગુણરૂપ ચૈતન્યનિધાન પ્રાપ્ત થાય અને અનાદિની માગણવૃત્તિ મટે. અહા! આકરી વાત છે ભાઈ! અત્યારે તો ધર્મના નામે ઘણી ગરબડ ચાલી છે, તેમાં આ વાત મૂકવી...! રાગથી મને લાભ થાય એવી જે બુદ્ધિ છે તે મિથ્યાત્વરૂપ તાળું છે. તેનાથી ચૈતન્યનિધાન રોકાઈ ગયું છે. અંદર આનંદસ્વરૂપ આત્માના ઊંડાણમાં — ધ્રુવ જ્ઞાયકદળમાં — જઈને જ્ઞાયકના અભ્યાસરૂપ યોગ્ય ચાવી લગાડી દે તો સુખ, શાન્તિ, સમાધિ આદિ અનંત ગુણરૂપ નિધાન ખૂલી જશે અને પર્યાયમાં જે અનાદિની માગણવૃત્તિ છે, દીનતા ને દારિદ્ર છે તે ફીટી જશે, મટી જશે. અહા! આવી વાત! ભાષા સાદી, પણ ભાવો તો ઘણા ગંભીર છે!

વસ્તુમાં પર્યાય ઉપર-ઉપર છે, ધ્રુવ જ્ઞાયકભાવ અંદર તળમાં — ભોંયરામાં — છે. 'હું કેવળ જાણવા-દેખવાવાળો જ છું' એમ અંદર તળમાં — ઊંડાણમાં — ઊતરીને જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવી લગાડીને પર ને રાગની સાથે એકતાની ભ્રાન્તિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો જ્ઞાન, સુખ આદિ અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને બહાર જ્ઞાન ને સુખની ભીખ માગવાનું મટી જાય. અહા! ભાષા થોડી, ભાવ બહુ ઊંચા! આ તો સમ્યગ્દૃષ્ટિની વાત કહી, હવે મુનિરાજ કેવા હોય તે કહેશે.

— * —

## વચનામૃત — ૪૧૫

**મુનિરાજ કહે છે:— અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે. એ પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પિવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે. ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય અને પ્રત્યેક સમયે એવી જ પૂર્ણ વ્યક્તિવાળું પરિણમન! આવી ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની અમે ભાવના ભાવીએ છીએ. (આવી ભાવના વખતે પણ મુનિરાજની દૃષ્ટિ તો સદાશુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ છે.) ૪૧૫.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'મુનિરાજ કહે છે :—'**

મુનિરાજ કેવા હોય છે તે કહે છે. પહેલાં નિજ શુદ્ધાત્માનું સ્વાનુભૂતિ સહિત સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયા પછી સ્વરૂપસ્થિરતામાં આગળ વધીને જેમને અંતરમાં, અનંતાનુબંધી આદિ ત્રણ કષાયનો અભાવ થયો હોવાથી, આનંદનું પ્રચુર સ્વસંવેદન સતત વર્તે છે તે ભાવલિંગી મુનિરાજ છે. મહાવ્રતાદિની શુભ ક્રિયા કે શુભ પરિણામ ને નગ્નપણું વગેરે પરમાર્થે મુનિપણું નથી. અંતરમાં જે આનંદનું સહજ પ્રચુર સ્વસંવેદન છે તે જ ભાવલિંગી મુનિરાજનું અંતરંગ ચિહ્ન છે. અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ આનંદમુદ્રિત સ્વસંવેદન છે, પરંતુ તે અલ્પ છે, મુનિરાજને તો પ્રચુર અર્થાત્ ઘણું છે. પ્રચુર-સ્વસંવેદનદશાએ પરિણમેલા મુનિરાજ કહે છે :—

**'અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો અક્ષય ઘડો છે.'**

દેહ, ઇંદ્રિય અને વિષયભૂત પરપદાર્થોથી તદ્દન ભિન્ન અને શુભાશુભ વિભાવભાવોથી પણ પરમાર્થે રહિત એવો આ આત્મા સ્વભાવતઃ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણથી સદા ભરપૂર છે. ધર્મી જીવની દૃષ્ટિમાં પોતાના આત્મા — જ્ઞાયકભાવ — સિવાય જગતની બીજી કોઈ ચીજ અધિક દેખાતી નથી. જ્ઞાનાદિ અનંત ગુણથી ભરેલો, અનંત અમૃત-રસથી ભરપૂર આ આત્મા અક્ષય — જેનો કદી ક્ષય-નાશ ન થાય, જેના આલંબને પર્યાયમાં પૂર્ણ અમૃતરસ પ્રગટતો હોવા છતાં જે કદી અધૂરો થતો નથી, એવો સદા અવિનાશી ને પરિપૂર્ણ — ઘડો છે. આ શરીર પણ ઘડા જેવું છે ને! અંદર શરીર-પ્રમાણ રહેલો ભગવાન આત્મા પણ જ્ઞાન ને આનંદ આદિથી ભરેલો અક્ષય ઘડો છે. પ્રચુર-સ્વસંવેદનધારી મુનિરાજ કહે છે કે —

**'તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી.'**

મુનિરાજને પ્રચુર સ્વસંવેદન હોવા છતાં તે અમૃતરસ કેવળજ્ઞાની પરમાત્માની અપેક્ષાએ ઘણો અલ્પ છે. કેવળીભગવાન ચૈતન્યઘડાનો પૂરો અમૃતરસ પીએ છે અને મુનિરાજ તો પાતળી ધારે પીએ છે. મુનિરાજ કહે છે : પાતળી ધારે આનંદામૃત પિવાય એવા અધૂરા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. રાગથી ભિન્ન ભગવાન આત્માનો જ્યાં અનુભવ થયો ત્યાં ભેદજ્ઞાનની ધારાનો આરંભ થયો. ત્યાં અતીન્દ્રિય અમૃતની ધારા પણ સાથે જ વહે છે. ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં છઠ્ઠા-સાતમા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણસ્થાને ઝૂલતા ભાવલિંગી મુનિરાજને અમૃતધારાનું પ્રચુર સ્વસંવેદન છે; પરંતુ ચૈતન્યઘડામાંથી આનંદનું જે પૂર્ણ વેદન આવવું જોઈએ તે આવતું નથી, પાતળી ધારે તે અમૃતરસ વેદાય છે. તેથી મુનિરાજ કહે છે કે — પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી.

**'અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે.'**

છઠ્ઠે ગુણસ્થાને આત્મજ્ઞાની સ્વાનુભવી મુનિરાજને — સાચા નિર્ગ્રંથ દિગંબર સંતને, ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદથી ભરપૂર ધ્રુવ તળમાં વિશેષ એકાગ્રતાથી પર્યાયમાં આનંદામૃતની પ્રચુર ધારા વહે છે. 'ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન.' જિનપ્રભુ અર્થાત્ વીતરાગ અમૃતનો સાગર ઘટ ઘટમાં — પ્રત્યેક આત્મામાં — બિરાજમાન છે. શરીરરૂપ આ જડઘટથી ભિન્ન અંદર ચૈતન્યઘટ હો! મુનિરાજને મુનિયોગ્ય પ્રચુર અમૃતધારાનું વેદન સતત વર્તી રહ્યું છે તોપણ એટલાથી સંતોષ નથી; તેમને તો પ્રત્યેક સમયે આનંદઘટમાં રહેલું પરિપૂર્ણ અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે. અહા! જુઓ, મુનિરાજની આ દશા! ભગવાન સાચા મુનિ આમને કહે છે. તેમને મહાવ્રત વગેરે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો — શુભ ભાવ — આવે છે પણ તેઓ અંતરમાં દુઃખરૂપ લાગતા હોવાથી ને બંધનું કારણ હોવાથી, તેમની ભાવના નથી; ભાવના તો સ્વરૂપમાં પૂર્ણ ઠરીને પ્રત્યેક સમયે — અસંખ્યાત સમયે ખ્યાલમાં આવે એવી પાતળી ધારાએ વર્તતા પ્રચુર સ્વસંવેદનરૂપ અધૂરી દશા છૂટીને — પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશાની છે. અહા! 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો.' પંચમહાવ્રત નિર્દોષપણે પાળીને અનંત વાર નવમી ગ્રૈવેયકનો અહમિન્દ્ર થયો પણ આત્માના અનુભવ વિના આનંદનો છાંટોય આવ્યો નહિ. મહાવ્રતના પરિણામ પણ દુઃખરૂપ છે, તેથી મુનિરાજ ભાવના ભાવે છે કે વ્રતાદિના દુઃખમય વિકલ્પો છૂટીને પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા અમારે જોઈએ છે.

**'એ પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પિવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે.'**

મુનિરાજને પૂર્ણ દશાની ભાવના છે. પૂર્ણ દશાની શરૂઆત છે પણ તેનો ભવિષ્યમાં કદી અન્ત નથી. 'સાદિ-અનંત અનંત સમાધિસુખમાં, અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.' — એવી, જ્યાં પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય છતાં ઘડો પૂરેપૂરો ભરેલો રહે એવી, પૂર્ણ દશા જોઈએ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયમાં નિર્વિકલ્પ આનંદની પૂર્ણતાનું નામ મોક્ષ છે. મોક્ષસ્વરૂપ પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ પર્યંત પ્રતિસમય પૂરું અમૃત પીવામાં આવે છે તોપણ આનંદામૃતઘટ — ભગવાન આત્મા — આનંદસામર્થ્યથી સદાય પૂરેપૂરો ભરેલો રહે છે, તેમાં કદી ઓછપ આવતી નથી. દુનિયાને આ વાત આકરી લાગે, પણ શું થાય? વસ્તુસ્વરૂપ ને સત્ય માર્ગ તો આ જ છે.

**'ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય અને પ્રત્યેક સમયે એવી જ પૂર્ણ વ્યક્તિવાળું પરિણમન!'**

દ્રવ્યસ્વભાવ ને ગુણસ્વભાવમાં કદી કમી થતી નથી; પર્યાયમાં અલ્પ આનંદ આવે કે પૂર્ણ આનંદ આવે ત્યારે ઘડો — ચમત્કારિક શક્તિવાળું શાશ્વત દ્રવ્ય — તો સદા પરિપૂર્ણ રહે છે. અહો! વિસ્મય લાગે ને? અંતરમાં — તળમાં — અમૃતઘટ પરિપૂર્ણ ભરેલો હોવા છતાં, પર્યાયમાં અલ્પ અમૃત પિવાય તે મુનિદશા અને પરિપૂર્ણ અમૃત પિવાય તે પરમાત્મદશા.

આત્મા સ્વભાવે કદી હીનાધિક ન થાય એવું ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય છે, તે સાધારણ માણસને ખ્યાલમાં ન આવે. પર્યાયમાં પરિપૂર્ણ આનંદ આવ્યો તો પૂર્ણ સ્વભાવમાંથી કંઈ ઓછું થયું કે નહિ? નહિ; પરિપૂર્ણ આનંદામૃતસ્વરૂપ ભગવાન આત્મામાંથી પૂર્ણ આનંદ તથા કેવળજ્ઞાન પ્રગટ થયાં છતાં જ્ઞાયકઘટ તો સદા પરિપૂર્ણ જ છે. દ્રવ્ય અને ગુણો તો સદા પરિપૂર્ણ ભર્યાં પડયાં છે. અહો! વસ્તુ-સ્વભાવ જ કોઈ ચમત્કારિક છે! પણ માણસને શી રીતે બેસે? વસ્તુની માફક ગુણ-સ્વભાવ પણ એવો જ ચમત્કારિક છે. પ્રતિસમય પૂર્ણ વ્યક્તિવાળું પરિણમન પ્રગટવા છતાં પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય, જરા પણ હીનાધિક થયા વિના, એવું ને એવું જ પૂર્ણ રહે છે — એ જ તેનો કોઈ અજબ ચમત્કાર છે. અહો! જેવું ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત આત્મદ્રવ્ય, તેવું જ ચમત્કારી તેનું પ્રત્યેક સમયે થતું પૂર્ણ વ્યક્તિવાળું પરિણમન!

**'આવી ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની અમે ભાવના ભાવીએ છીએ.'**

વસ્તુનો ગુણસ્વભાવ એવો જ કોઈ ચમત્કારિક છે કે શક્તિ-અપેક્ષાએ સદા પરિ-પૂર્ણ, ને વ્યક્તિ-અપેક્ષાએ પણ એવું જ પરિપૂર્ણ પરિણમન! પ્રત્યેક સમયે પૂર્ણ આનંદ વેદનમાં આવે છતાં વસ્તુ તો શક્તિએ સદાય પરિપૂર્ણ ભરેલી પડી છે. અતીન્દ્રિય આનંદ જે પરમાત્મદશામાં પૂર્ણપણે વેદનમાં આવ્યો તેમાં પણ ષટ્ગુણ-હાનિવૃદ્ધિરૂપે — અનંતભાગ હાનિ, અસંખ્યાતભાગ હાનિ, સંખ્યાતભાગ હાનિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંખ્યાતગુણ હાનિ. અસંખ્યાતગુણ હાનિ, અનંતગુણ હાનિ તથા અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ, અનંતગુણ વૃદ્ધિરૂપે — પરિણમન છે, છતાં પરિપૂર્ણતામાં જરાય ઊણપ આવતી નથી. અહા ! કેવું ચમત્કારિક સ્વરૂપ ! વસ્તુ તે વસ્તુ છે કોઈ ! દ્રવ્ય, ગુણો ને પર્યાયો — ત્રણેય ચમત્કારિક ! અહા ! પૂર્ણ શક્તિવાન શાશ્વત ચમત્કારિક દ્રવ્ય ! ને પ્રતિસમય એવી પૂર્ણ વ્યક્તિવાળું ચમત્કારિક પરિણમન ! મુનિરાજ ભાવના ભાવે છે કે — એવી ઉત્કૃષ્ટ નિર્મળ દશા અમને પ્રગટ હો.

**‘( આવી ભાવના વખતે પણ મુનિરાજની દૃષ્ટિ તો સદાશુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ છે.’ )**

જ્ઞાનીની, પૂર્ણ દશાની ભાવના વખતે પણ, દૃષ્ટિ તો ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયક દ્રવ્યસામાન્ય ઉપર જ છે, પરિપૂર્ણ પર્યાય ઉપર નથી. પૂર્ણ પર્યાયની ભાવનાના સમયે પણ અને પૂર્ણ પર્યાયના કાળમાં પણ દૃષ્ટિ તો સદાશુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ હોય છે. શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય ઉપરથી દૃષ્ટિ કદી ખસતી નથી. અહા ! વસ્તુસ્વરૂપનો મહિમા કોઈ અલૌકિક છે !

રાગમાં શુભ અને અશુભ એવા બે ભેદ ભલે પાડો, તેનો વિવેક ભલે કરો, પણ તે બંને ભાવ આસ્રવ છે ને બંધમાર્ગમાં સમાય છે, સંવર-નિર્જરામાં નહિ; તે એકે ભેદ મોક્ષમાં કે મોક્ષના કારણમાં નથી આવતો. મોક્ષનો માર્ગ ને મોક્ષ — સંવર, નિર્જરા ને મોક્ષ — તો એ બંનેથી જુદી જ જાતના છે. શુભ અને અશુભ બંને પ્રકારના રાગમાં કષાયનો સ્વાદ છે, આકુળતા છે, ચૈતન્યની શાન્તિનો સ્વાદ, નિરાકુળતા તે એમાંથી એકેમાં નથી.

— **પૂજ્ય ગુરુદેવશ્રી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન - ૧૭૩

તા. ૨૯-૧૨-૮૫

## વચનામૃત — ૪૧૬

ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડ્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? — ગફલતમાં કેમ રહે છે? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા-અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. ૪૧૬.

**'ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી.'**

ચાર ગતિ ને ચોરાશી લાખ યોનિના ભવોમાં પરિભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં — ભવભ્રમણના હેતુભૂત એવા મિથ્યાત્વભાવમાં — આ દુર્લભ મનુષ્યભવ બરબાદ થવા દેવો યોગ્ય નથી.

**'ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે.'**

'બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો;' પૂર્વના મહા ભાગ્યે જે આ ઉત્તમ મનુષ્યભવ મળ્યો છે તે, ભવભ્રમણના અભાવનો પ્રયત્ન કરવા માટે મળ્યો છે; આ ભવ કંઈ ભવને વધારવા માટે મળ્યો નથી. શું કહ્યું? હવે પછી ભવભ્રમણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન રહે — એમ ભવિષ્યના ભવના અભાવના પ્રયત્ન માટે આ મનુષ્યભવ છે. ભવનો અભાવ, તેના પ્રયત્ન માટે આ ભવ છે; આ ભવ ભવને વધારવા માટે નથી.

**‘ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર!’**

અરે ! નરક ને નિગોદના ભવોનાં દુઃખોની તો શી વાત ! જેમનું એક ક્ષણનું પણ દુઃખ કરોડો ભવે ને કરોડો જીભોથી કહી શકાય નહિ — એવા નરક ને નિગોદના જીવ ખરેખર મહા દુઃખી છે. એ ભયંકર યાતનાઓનો ગંભીરતાથી વિચાર તો કર! કેટલા ભવ કર્યા અને કેટલાં ને કેવાં દુઃખ સહ્યાં, તેનો ગંભીરતાથી ઊંડો તાગ તો મેળવ!

**‘નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે?’**

પહેલી નરકમાં જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું ને સાતમી નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીશ સાગરોપમનું છે. જ્યાં પહેલી નરકના નારકીનું એક ક્ષણનું દુઃખ સાંભળ્યું પણ ન જાય એવું ભયંકર છે, ત્યાં સાતમી નરકના નારકીનાં દુઃખની તો શી વાત ? અહીં માણસને રાતમાં વ્યાધિની પીડા કંઈક વિશેષ હોય તો રાત જવી મોટી થઈ પડે છે ને ? રાત કાંઈ મોટી થઈ ગઈ નથી, રાત તો જે છે તે જ છે, પણ પીડાને કારણે રાત ખૂટતી ન હોય એમ તેને લાગે છે. અરે ! અહીં મનુષ્યભવમાં તો નારકી કરતાં અનંતમા ભાગે પીડા છે; પહેલી નરકની પીડા પણ ઘણી આકરી છે. નરકનાં એ ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં તેત્રીશ-તેત્રીશ સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? જ્યાં એક ક્ષણનાં દુઃખો પણ અતિ ભયંકર છે ત્યાં સાગરોપમોનાં આયુષ્ય કેમ વીતાવ્યાં હશે ? અરેરે ! જીવે તેનો કદી વિચાર કર્યો નથી.

**‘નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી.’**

અતિ પાપપરિણામથી — ક્રૂર પરિણામથી મનુષ્ય ને પશુના જીવો મરીને નરકે જાય છે. ત્યાંનાં દુઃખ કહ્યાં કે સાંભળ્યાં જાય એવાં નથી. ત્યાં ભૂમિનો માત્ર સ્પર્શ થતાં, હજારો વીંછીના ડંખ કરતાં પણ વધુ દુઃખ થાય છે; સેમરવૃક્ષનાં ધારદાર પાંદડાં, તલવારની જેમ, દેહને ચીરી નાખે છે; મેરુપર્વત જેવડો લોહાનો ગોળો ક્ષણમાત્રમાં ગળી જાય એવી ત્યાં ઠંડી અથવા ગરમી હોય છે; નારકીઓ પરસ્પર દેહના તલ તલ જેવડા ખંડ કરે છે; ને પરમાધામી દેવો તેમને પરસ્પર લડાવે છે; તરશ એટલી હોય છે કે સમુદ્ર જેટલું પાણી પી જવાનું મન થાય, છતાં ત્યાં પાણીનું એક ટીપું પણ મળતું નથી; ત્રણ લોક જેટલું અનાજ ખાય તોપણ મટે નહિ એટલી ભૂખ હોય છે, છતાં એક દાણો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ મળતો નથી; શરીર તો પારાની માફક વિંખાઈ જાય અને પાછું ભેગું થઈ જાય; અરે! આવાં દુઃખ તેં અનંત વાર અનેક સાગરોપમ કાળ સુધી સહન કર્યાં છે. નરકનાં એ ભયંકર દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી.

**'પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડયાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી?'**

બાવળનો એક કાંટો જરી વાગે ત્યાં રાડ નાખી જાય, આંખમાં એક નાનું કણું પડે તો સહ્યું જાય નહિ, અરે! એટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં નરક ને નિગોદનાં દુઃખ પડયાં છે એવા મિથ્યાત્વને — શરીર ને સ્ત્રીપુત્રાદિ પરપદાર્થમાં સુખ માનવું, રાગાદિ વિભાવને પોતાનો સ્વભાવ માનવો, પોતાને માત્ર પલટતી પર્યાય જેવડો જ માનવો, વગેરે ભ્રાન્તિમય વિપરીત ભાવોને — છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી?

અહા! પર્યાયબુદ્ધિના અર્થાત્ મિથ્યાત્વભાવના ગર્ભમાં અનંતાનંત ભવ પડયા છે. ખરેખર તો મિથ્યાત્વને જ 'અનંત' કહ્યું છે. મિથ્યાત્વની સાથે રહેલા કષાયને જ અનંતાનુબંધી કષાય કહે છે. જ્ઞાનીને અસ્થિરતાને લીધે ક્રોધાદિ કષાય હોય છે પણ, સાથે મિથ્યાત્વભાવ નથી તેથી, તેના ગર્ભમાં અનંતાનંત ભવ નથી. જેમાં અનંતાનંતગુણાં દુઃખ ભર્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો પુરુષાર્થ તું કેમ કરતો નથી? મિથ્યાત્વના દોષ સાથે અનંતાનુબંધી કષાય હોય જ છે, હા, બીજે ગુણસ્થાને અનંતાનુબંધી કષાય એકલો પણ હોય છે, પરંતુ એ તો અલ્પ ક્ષણની વાત છે, એ વાતની અપેક્ષા જુદી છે. અહા! અનંતાનંત ગુણોનો સાગર એવો જે નિજ ભગવાન આત્મા તેનો અનાદર થઈને જે મિથ્યાત્વભાવ થાય છે તેના ગર્ભમાં અનંત અનંત ભવ પડયા છે. અરે! પહેલું આ મિથ્યાત્વનું મહાપાપ છોડવું જોઈએ, પણ તેને છોડવાની દરકાર નથી. રાગની મંદતારૂપ ડાળાંપાંદડાં તોડયાં પણ અનંત ભવપરિભ્રમણનું મૂળ મિથ્યાત્વ તો સાજું રહી ગયું! મોટી ભૂલ! 'યહ બહુ ભૂલ ભઈ હમરી, ફિર કહા કાજ પછતાયે'. દેહાદિ પરદ્રવ્યને પોતાનાં માનવાં, રાગાદિ વિભાવને પોતાનો માનવો, રાગાદિ વિભાવથી લાભ માનવો — એ મોટી ભયંકર ભૂલ મેં કરી, હવે ઓરતો કરવાથી શો લાભ? સ્વાશ્રયથી અનંત અનંત ગુણોનો લાભ થાય છે — એમ ન માનતાં 'પરાશ્રયથી — રાગથી — લાભ થશે' એવી માન્યતા તે મિથ્યાત્વ છે. તેના ગર્ભમાં અનંતાનંત દુઃખ ભર્યાં છે. અરે! આવા ભયંકર મિથ્યાત્વભાવને છોડવાનો ઉદ્યમ તું અંતરમાં કેમ કરતો નથી?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ગફલતમાં કેમ રહે છે?'**

આ મોંઘો મનુષ્યભવ ભવના અભાવના પ્રયત્ન માટે છે. તો પછી ભવનો હેતુ એવો જે મિથ્યાત્વભાવ તેને છોડવાનો પ્રયત્ન કેમ કરતો નથી? બેદરકાર કેમ રહે છે?

**'આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે?'**

ભાઈ! આવો ઉત્તમ યોગ મળવો અતિ અતિ દુર્લભ છે. દુર્લભપરંપરામાં નિગોદમાંથી નીકળીને ત્રસપર્યાય પ્રાપ્ત થવી પણ મહાદુર્લભ છે. 'દુર્લભ લહિ જ્યોં ચિન્તામણિ, ત્યોં પર્યાય લહી ત્રસ તણી;' ત્રસપણું પામવું એ પણ, ચિન્તામણિ જેવું, અતિ દુર્લભ છે. તેમાં વળી મનુષ્યપણું, જૈનકુળમાં જન્મ, વીતરાગ દેવ-ગુરુનો સમાગમ, જિનવાણીનું શ્રવણ વગેરે ઉત્તરોત્તર અતિ દુર્લભ છે. અહા! આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે?

પૈસા ને આબરૂ મળવાં તે કાંઈ દુર્લભ નથી, એ તો અનંત વાર મળી ચૂક્યાં છે. 'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;'— આત્માના ગુણો સર્વજ્ઞ પણ પૂરા કહી શકે નહિ. એક એક ગુણને ક્રમે કહેવા જાય તો અનંત કાળ જોઈએ, પણ એટલું આયુષ્ય તો કોઈને હોય નહિ. આવા અનંત ગુણોથી વિરુદ્ધ પડીને પ્રભુ! તેં મિથ્યાત્વને સેવ્યું છે. તેને છોડવાનો પ્રયત્ન કેમ કરતો નથી? મિથ્યાત્વ છોડવાનો ઉત્તમ યોગ મળ્યો છે, તો કામ કરી લેવા જેવું છે. 'વીજળીના ઝબકારે મોતી પોઈ લો, ઝટ પોઈ લો.' એ ઝબકારો— આવો ઉત્તમ યોગ— લાંબો કાળ નહિ રહે. આવો મનુષ્યભવ ને તેમાં આવી વાત— વીતરાગની વાણી— કાને પડવી! ભાઈ! આવો ઉત્તમ યોગ ને અવસર ફરીને ક્યારે મળશે?

**'તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા-અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર.'**

ભાઈ! અનંત સંસારના હેતુભૂત એ ભયંકર અનિષ્ટને— મિથ્યાત્વભાવને— છોડવા માટે કરડો પુરુષાર્થ કર, મરણિયો પ્રયત્ન કર. સમયસારમાં કહ્યું છે ને? 'अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्...' હે ભાઈ! તું કોઈ પણ રીતે મહા પ્રયત્ને અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ, આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો બે ઘડી પાડોશી થઈ, આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને જ્ઞાન ને આનંદના વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલદ્રવ્ય તથા રાગાદિ વિભાવ સાથે એકપણાના મોહને— મિથ્યાત્વભાવને— તું તુરત જ છોડશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! દુનિયા શું કહેશે, કેમ માનશે વગેરે તથા દુનિયાનાં માન-સન્માન ને દુનિયામાં ગણાવું વગેરે એક કોર મૂકી દે. ગણવા લાયક — ગણતરીમાં લેવા યોગ્ય — તો જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણરત્નોથી ભરેલો નિજ ચૈતન્યરત્નાકર જ્ઞાયકદેવ છે. 'देवः स्वयं शाश्वतः' — પોતાના પુરુષાર્થથી મિથ્યાત્વભાવને છોડીને અંતરંગમાં દેખે તો આ આત્મા પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો વ્યક્ત (અનુભવગોચર), નિશ્ચલ, શાશ્વત, નિત્ય, કર્મકલંકથી રહિત એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ વિરાજમાન છે. ત્રિકાળશુદ્ધ જ્ઞાયક ચૈતન્યરત્નાકરનો અનાદર અને એક-સમય-સ્થાયી ક્ષણિક રાગાદિ વિભાવનો આદર, એ જ મિથ્યાત્વભાવ છે. તે મિથ્યાત્વ — આત્મભ્રાન્તિ — છોડવાનો મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતાથી — પાણી, આહાર, સૂવું, બેસવું, પાથરવું, ઓઢવું વગેરે બહારની અનુકૂળતાથી — તેમ જ અશાતાથી — રોગ, દારિદ્ર, અપમાન વગેરે બહારની પ્રતિકુળતાથી — ભિન્ન તથા આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા ત્રિકાળ-નિરાકુળ જ્ઞાયક-સ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર.

શ્રોતા :— પહેલાં દ્રવ્યસંયમ લેવાનું શાસ્ત્રમાં કહ્યું છે ને?

ઉત્તર :— ભાવસંયમ પ્રગટ થયા પહેલાં ચોથે-પાંચમે ગુણસ્થાને મહાવ્રત લેવાના વિકલ્પ આવે, પણ તે વિકલ્પથી શું ભાવસંયમ પ્રગટે છે? પ્રથમ એવા વિકલ્પ હોય છે ખરા, પરંતુ ભાવસંયમ તો અંદર જ્ઞાયકસ્વભાવના ઉગ્ર આશ્રયે જ પ્રગટે છે. જેમ, કાર્ય વખતે અનુકૂળ નિમિત્ત હોય છે પણ શું તે, નૈમિત્તિક કાર્યને કંઈ કરે છે? તેમ વ્રતાદિના વિકલ્પરૂપ વ્યવહાર હોય છે પણ તેથી શું તે ભાવસંયમ-રૂપ કાર્ય કરે છે? ભાવસંયમ તો આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ નિજ જ્ઞાયકસ્વભાવને અનુભવવાના પ્રબળ પુરુષાર્થથી થાય છે. અંતરંગ સ્વરૂપરમણતાની શુદ્ધિ વધવી તે ભાવસંયમ છે, તદનુરૂપ શુભભાવ નહિ. મુનિ થયા પહેલાં વ્રતાદિ દ્રવ્યસંયમ લે છતાં, અંતરમાં જ્ઞાયકના આશ્રયે સ્થિરતાનો પ્રબળ પુરુષાર્થ ન કરે તો, ભાવસંયમ ન થાય. અંદર ચોથું-પાંચમું ગુણસ્થાન રહે ને બહારમાં ક્રિયા દ્રવ્યસંયમની થઈ જાય. જ્યાં સુધી ઉગ્ર સ્થિરતારૂપ ભાવસંયમ ન પ્રગટે ત્યાં સુધી તે પણ દ્રવ્યલિંગી સાધુ છે. ભાવસંયમશૂન્ય દ્રવ્યલિંગીના ત્રણ પ્રકાર છે: મિથ્યા-દૃષ્ટિ દ્રવ્યલિંગી, અવિરત સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગી અને દેશવિરત સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગી. જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણોના પિંડસ્વરૂપ જે નિજ જ્ઞાયક બાદશાહ તેનો, સમ્યક્ શ્રદ્ધા ને જ્ઞાનપૂર્વક, સ્થિરતા-અપેક્ષાએ ઉગ્ર આશ્રય લે તો ભાવસંયમ થાય. અહા! ઘણું આકરું!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવે દ્રવ્યસંયમ અનંત વાર લીધો, પણ મિથ્યા દૃષ્ટિને લીધે, ઘાણીના બળદની જેમ, તે ત્યાં ને ત્યાં રહ્યો. 'દ્રવ્યસંયમસે ગ્રિવેક પાયો ફેર પિછો પટક્યો.' દ્રવ્યલિંગ લીધા પછી પણ કોઈ જીવ સમ્યગ્દર્શન પામે છે, પણ તે કોને લઈને? શુભભાવ ને શુભ પ્રવૃત્તિને લઈને નહિ; અંદર ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વભાવના આશ્રયે સ્વ-પરનો ને સ્વભાવ-વિભાવનો ગ્રંથિભેદ કરે છે તેથી સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પામે છે. વિકલ્પ આવે માટે ભાવસંયમ આવી જાય છે — એમ નથી. અહા! થોડા ફેરે કેટલો ફેર છે, એ ખબર ન મળે! શુભ ને અશુભ ભાવ આકુળતામય છે અને ભગવાન આત્માથી વિપરીતસ્વરૂપ છે; તેમનાથી ભિન્ન એવા નિરાકુળ નિજ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો જબ્બર પુરુષાર્થ કર.

**'એ જ આ ભવમાં કરવા જેવું છે.'**

ભવના અભાવનો પ્રયત્ન કરવો — એ જ આ ભવનું કર્તવ્ય છે. સ્વભાવની પ્રાપ્તિ ને ભવના અભાવના પ્રયત્ન માટે જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. સ્વભાવનો ભાવ (પ્રાપ્તિ) ને ભવનો અભાવ — એમ અસ્તિ-નાસ્તિથી વાત કહી છે. અહા! ભાષા બહુ ટૂંકી પણ ભાવ ઘણા ઊંચા!

શ્રોતા :— 'એ જ આ ભવમાં કરવા જેવું છે;' પણ તે થાય કેટલી મુદતમાં?

ઉત્તર :— અંતર્મુહૂર્તમાં. ઉપયોગ અંતર્મુહૂર્તનો છે તેથી એમ કહ્યું; પણ ખરેખર તો જે બહાર લક્ષ છે તેને અંતરમાં વાળે; તે કાર્ય એક સમયમાં થાય છે; કારણ કે પર્યાયનો કાળ એક સમયનો છે. આચાર્યદેવે કહ્યું છે કે જો સમજવામાં વાર લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે. 'स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्' — એક ચૈતન્યમાત્ર વસ્તુનો, પોતે નિશ્ચળ થઈ, છ મહિના અભ્યાસ કર, અને એમ કરવાથી તને નિજ જ્ઞાયક આત્માની પ્રાપ્તિ થશે જ. એ જ આ ભવમાં કરવા જેવું ઉત્તમ કાર્ય છે. અહા! શબ્દો તો થોડા છે પણ ભાવ ઘણા ગંભીર છે.

— ❋ —

## વચનામૃત — ૪૧૭

**સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં, વારંવાર સ્વરૂપ-લીનતા થયા કરે એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે. મુનિને સ્વરૂપ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તરફ ઢળતી શુદ્ધિ એવી વધી ગઈ હોય છે કે તેઓ ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જાય છે. પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે બહાર આવે છે ત્યારે વિકલ્પો તો ઊઠે છે પણ તે ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી, માત્ર સ્વાધ્યાય-ધ્યાન-વ્રત-સંયમ-તપ-ભક્તિ ઇત્યાદિસંબંધી મુનિયોગ્ય શુભ વિકલ્પો જ હોય છે અને તે પણ હઠ રહિત હોય છે. મુનિરાજને બહારનું કાંઈ જોઈતું નથી. બહારમાં એક શરીરમાત્રનો સંબંધ છે, તેના પ્રત્યે પણ પરમ ઉપેક્ષા છે. ઘણી નિઃસ્પૃહ દશા છે. આત્માની જ લગની લાગી છે. ચૈતન્યનગરમાં જ વાસ છે. 'હું ને મારા આત્માના અનંત ગુણો તે જ મારા ચૈતન્યનગરની વસ્તી છે. તેનું જ મારે કામ છે. બીજાનું મારે શું કામ છે?' એમ એક આત્માની જ ધૂન છે. વિશ્વની વાર્તાથી ઉદાસ છે. બસ, એક આત્મામય જ જીવન થઈ ગયું છે;—જાણે હાલતા-ચાલતા સિદ્ધ! જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે. મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ કાંઈ (આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા, આગળ વધતા જાય છે; કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુદ્ધિ વધારતા જ જાય છે. — આ, મુનિની અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના કાંઈ બહારથી જોવાની ચીજ નથી, અંતરની દશા છે. મુનિદશા આશ્ચર્યકારક છે, વંદ્ય છે. ૪૧૭.

**'સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં, વારંવાર સ્વરૂપ-લીનતા થયા કરે એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે.'**

સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ હોય તો જ, સ્વરૂપસ્થિરતા વધતાં વધતાં, યથાર્થ મુનિપણું આવે છે. પૂર્ણ જ્ઞાન ને આનંદસ્વરૂપ ભગવાન આત્માને શરીરાદિ પરદ્રવ્યોથી ને રાગાદિ પરભાવોથી ભિન્ન પાડી—ગ્રહણ કરી, નિજ શુદ્ધ જ્ઞાયક સ્વરૂપની, અંદર અનુભૂતિ થઈને, જે પ્રતીતિ થાય તેને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. પહેલાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન શી ચીજ છે, તેની પ્રાપ્તિ કેમ થાય — એ બધું યથાર્થ સમજવું જોઈએ. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ વગેરે ક્રિયાકાંડ લાખ-કરોડ કરે તોપણ તેનાથી સમ્યગ્દર્શન ન થાય; એ તો બહારની ક્રિયા ને શુભરાગ છે. પરિપૂર્ણ સ્વભાવથી ભરપૂર ભગવાન જ્ઞાયક આત્મામાં પર્યાયને વાળતાં શુદ્ધસ્વરૂપને અનુસરીને અંતરમાં જે આનંદના વેદન સહિત પ્રતીતિ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. સ્વાનુભૂતિ સહિત નિજ શુદ્ધાત્મદર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં, વારંવાર સ્વરૂપમગ્નતા થયા કરે એવી સહજ દશા થાય ત્યારે, યથાર્થ મુનિપણું પ્રગટે છે. આબરૂ ને લક્ષ્મી વધતી જતી હોય, ત્યારે લોકો કહે છે ને — કે આપણો ચડતો દી છે, ચડતી દેરડી મોર નહિ, વધે છે તેને વધવા દે; — આ તો બહારની વાત છે હોં ! અહીં અંતરમાં સમ્યગ્દર્શન થયા પછી આત્મલીનતા વધતાં વધતાં — 'દિટ્ઠમગ્ગે' અનુભવેલા માર્ગમાં વારંવાર જાય - એવી દશા થાય ત્યારે — સાચું મુનિપણું આવે છે. વ્રતાદિના વિકલ્પો આવે છે માટે મુનિપણું આવ્યું છે — એમ નથી. સમ્યગ્દર્શન થતાં જે અલ્પ સ્વસંવેદન થયું છે તેમાં ખૂબ વધારો થાય — પ્રચુર સ્વસંવેદનદશા થાય — અંદર સ્વરૂપમાં વારંવાર લીન થયા કરે, ત્યારે સાચું સંતપણું — મુનિપણું આવે છે.

**'મુનિને સ્વરૂપ તરફ ઢળતી શુદ્ધિ એવી વધી ગઈ હોય છે કે તેઓ ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જાય છે.'**

મુનિરાજને જ્ઞાયકસ્વભાવના આશ્રયે પરિણતિમાં શુદ્ધિ એટલી વધી ગઈ હોય છે કે તેઓ ક્ષણે ક્ષણે આત્માની અંદર પ્રવેશી જાય છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા તે મુનિરાજ હાલતાં-ચાલતાં, આહાર કરતાં, ઉપદેશ આપતાં વારંવાર અંદર સ્વરૂપમાં પ્રવેશી જાય છે.

**'પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે બહાર આવે છે ત્યારે વિકલ્પો તો ઊઠે છે પણ તે ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી, માત્ર સ્વાધ્યાય-ધ્યાન-વ્રત-સંયમ-તપ-ભક્તિ ઇત્યાદિસંબંધી મુનિયોગ્ય શુભ વિકલ્પો જ હોય છે અને તે પણ હઠ રહિત હોય છે.'**

મુનિરાજને હજી પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી તેથી ઉપયોગ સ્વરૂપમાંથી ખસીને જ્યારે બહાર આવે છે ત્યારે રાગના વિકલ્પો તો આવે છે, પણ તે ગૃહસ્થદશા જેવા નથી હોતા, પોતાની ભૂમિકાને અનુરૂપ માત્ર શાસ્ત્રસ્વાધ્યાય, તત્ત્વચિંતન, વ્રત, તપ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભક્તિ વગેરે શુભ વિકલ્પો જ હોય છે. અને તે પણ હઠ રહિત, અંતરંગ શુદ્ધિ સાથે મેળવાળા ને સહજ હોય છે.

**'મુનિરાજને બહારનું કાંઈ જોઈતું નથી. બહારમાં એક શરીરમાત્રનો સંબંધ છે, તેના પ્રત્યે પણ પરમ ઉપેક્ષા છે.'**

મુનિરાજને બહારમાં એક માત્ર શરીરનો સંબંધ છે ને તેના પ્રત્યે પણ પરમ-ઉપેક્ષા છે. તેમને તો —

'સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. — અપૂર્વ૦'

— આવી દશા હોય છે. અહા ! ધન્ય મુનિદશા !

**'ઘણી નિસ્પૃહ દશા છે.'**

ભાવલિંગી સંતને અંતરમાં સ્વરૂપસ્થિરતા ને સ્વરૂપતૃપ્તિ એટલી વધી ગઈ છે કે તેમને બહારનું કાંઈ જોઈતું નથી, બહારની બધી સ્પૃહા ઊડી ગઈ છે; દશા ઘણી જ નિઃસ્પૃહ થઈ ગઈ છે.

**'આત્માની જ લગની લાગી છે.'**

મુનિરાજને ભગવાન આત્માના અનાકુળ આનંદની તીવ્ર લગની લાગી છે, ભૂમિકાનુસાર મહાવ્રતાદિનો શુભ રાગ હઠ વિના સહજ આવે છે પણ એની અંતરમાં લગની કે ચાહ નથી, લગની અંદર આત્મામાં લાગી છે. અહા ! ધન્ય મુનિદશા ! ઘણી જ નિઃસ્પૃહદશા છે, આત્માની જ લગની લાગી છે.

**'ચૈતન્યનગરમાં જ વાસ છે.'**

સહજજ્ઞાન, સહજઆનંદ, સહજવીર્ય વગેરે અનંત ગુણો જેની વસ્તી છે એવા નિજ ચૈતન્યનગરમાં જ મુનિરાજનો વાસ છે; વ્રત, તપ ને ભક્તિ વગેરેનો શુભ રાગ આવે છે પણ તેમાં ખરેખર મુનિરાજનો વાસ નથી; અભેદ જ્ઞાયકમાં — ચૈતન્યનગરમાં — જ તેમનો વાસ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"'હું ને મારા આત્માના અનંત ગુણો તે જ મારા ચૈતન્યનગરની વસ્તી છે. તેનું જ મારે કામ છે. બીજાનું મારે શું કામ છે?' એમ એક આત્માની જ ધૂન છે."**

મુનિરાજને એક નિજ શુદ્ધાત્મતત્ત્વની પૂર્ણ પ્રાપ્તિ કરવાની જ ધૂન છે. તેઓ તો નિજ સ્વરૂપમાં—પોતાના અનંત ગુણરૂપ વસ્તીથી ભરપૂર ચૈતન્યનગરમાં—પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. સ્વરૂપનગરમાંથી જરી બહાર આવતાં તેમને એમ થાય છે કે આ વિભાવરૂપ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ વીર્યાદિ અનંત-ગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારી નગરી છે. અમારે ત્વરાથી અમારા ચૈતન્યનગરમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે. તેનું જ અમારે કામ છે. બીજાનું અમારે શું કામ છે? એમ એક આત્મસાધનાની જ ધૂન છે.

**'વિશ્વની વાર્તાથી ઉદાસ છે.'**

મુનિરાજ અંતરમાં આનંદની સાધનામાં એટલા બધા રત છે કે જેથી તેમનું અંતઃપરિણમન દુનિયાની લવથવથી સહજ વિરત—ઉદાસ ઉદાસ—થઈ ગયું છે. 'વાત ન ગમે રે આ વિશ્વની, આઠે પહોર ઉદાસ જી'—એવી, સ્વરૂપતૃપ્તિના બળે, સહજ દશા થઈ ગઈ હોવાથી તેઓ વિશ્વની વાર્તાથી ઉદાસ છે.

**'બસ, એક આત્મામય જ જીવન થઈ ગયું છે;—જાણે હાલતા-ચાલતા સિદ્ધ!'**

મુનિરાજનું જીવન બસ, એક આત્મામય જ થઈ ગયું છે. મિથ્યાત્વ તેમ જ ત્રણ કષાયનો અભાવ થઈને સ્વસંવેદનમાં વીતરાગતાની ઉગ્ર દશા પ્રગટ થઈ ગઈ હોવાથી જીવન કેવળ શુદ્ધ જ્ઞાનાનુભૂતિમય જ બની ગયું છે;—જાણે હાલતા-ચાલતા સિદ્ધભગવાન!

**'જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે.'**

વીતરાગ જિનેન્દ્રભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે. મુનિદશાને યોગ્ય વ્રત, તપ, ભક્તિ વગેરેના વિકલ્પો આવે, છતાં તેઓ વારંવાર અંદર આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં ડૂબકી મારે છે. અહા! કેવી વીતરાગ શાન્ત શાન્ત દશા?—જાણે જિનભગવાનનો અણસાર! જિન નહિ પણ જિન સરખા! મુનિરાજ અંતરમાં તૃપ્ત તૃપ્ત છે તેથી દેહમાં પણ તેમને વીતરાગદશા છવાઈ ગઈ છે. અહા! મુનિદશા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ કાંઈ (આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા, આગળ વધતા જાય છે; કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુદ્ધિ વધારતા જ જાય છે. — આ, મુનિની અંતઃસાધના છે.'**

અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલતા મુનિરાજ, વ્રતાદિનો વિકલ્પ આવે ત્યારે છઠ્ઠું ગુણસ્થાન અને વિકલ્પ તૂટીને સ્વરૂપમાં સમાઈ જાય ત્યારે સાતમું ગુણસ્થાન — એ રીતે પ્રમત્ત ને અપ્રમત્ત દશામાં રહે તેટલો કાળ, અંદરમાં દરેક સમયે આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના, ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા — અંદર સાધના વધ્યા વિના એકસરખી દશા રહે છે – એમ નથી; શુદ્ધિમાં પ્રતિસમય આગળ વધતા જાય છે, પૂર્ણ વીતરાગ દશા પ્રાપ્ત કરવા તરફ અંદર શુદ્ધિની પ્રગતિ થતી જ જાય છે. સમજાણું કાંઈ ? નિર્વિકલ્પ પ્રચુર સ્વસંવેદનમય જ્ઞાનધારા સતત વર્તતી હોય છે અને આત્મશુદ્ધિની દશામાં પ્રતિસમય આગળ વધતા જાય છે. શુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના, છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની ભૂમિકારૂપ પર્યાયમાં, ત્યાં ને ત્યાં રહે છે — એમ નથી. અંતરમાં અતીન્દ્રિય આનંદનો નાથ, શ્રદ્ધા ને સ્થિરતા-અપેક્ષાએ, જાગ્યો છે તેમાં — આનંદસાગરમાં — વિશેષ વિશેષ ડૂબતા — લીન થતા જાય છે. અહા ! આવું છે મુનિપણું ! "णमो लोए सव्वसाहूणं'માં જેને ગણધર — ભગવાનના પણ નમસ્કાર પહોંચે તે મુનિપણું કેવું હોય ! અંતરમાં ત્રણ કષાયના અભાવજનિત આત્મશુદ્ધિ ને બહારમાં યથાજાત નગ્નદશા હોય. મુનિરાજને, ભૂમિકા-યોગ્ય વ્રતાદિના વિકલ્પ આવે છતાં, અંતરમાં ભેદજ્ઞાન ને આનંદની ધારા તો સતત ચાલતી જ હોય છે ને પ્રતિસમય શુદ્ધિની દશા આગળ વધતી જ જાય છે. કયાં સુધી ? કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી. — આ, મુનિરાજની અંતઃસાધના છે. મુનિરાજ, પરિપૂર્ણ જ્ઞાન ને પરિપૂર્ણ આનંદ ન સધાય ત્યાં સુધી, અંતરમાં જ્ઞાન ને આનંદની સાધના વધારતા જ જાય છે. અહા ! આવી છે મુનિરાજની અંતરંગ સાધના !

**'જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી.'**

જગતના અજ્ઞાની જીવો મુનિરાજની અંતઃસાધના જોતા નથી, બહારની ક્રિયા જુએ છે. 'बाला: पश्यन्ति लिंगम् ।' — અજ્ઞાની જીવો બહારનો વેશ, ક્રિયા ને બહુ તો વ્રતાદિના બાહ્ય પરિણામ જુએ છે, પરંતુ એ કાંઈ મૂળ દશા નથી. મૂળ દશા તો અંતરની શુદ્ધિમય વીતરાગ સાધના છે. મુનિરાજની અંદરની આનંદમય સાધના જગતના જીવો દેખતા નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'સાધના કાંઈ બહારથી જોવાની ચીજ નથી, અંતરની દશા છે.'

સાધનાનું માપ બાહ્ય લિંગ, પ્રવૃત્તિ કે વિકલ્પથી નહિ પણ અંતરંગ સાધનામય વીતરાગ પરિણતિથી થાય છે. વીતરાગ શુદ્ધ પરિણતિમય સાધના કાંઈ બહારથી માપ નીકળે—બહારથી દેખાય કે જોવાય—એવી ચીજ નથી; તે તો અંતરની કોઈ અદ્‌ભુત દશા છે!

'મુનિદશા આશ્ચર્યકારક છે, વંદ્ય છે.'

અહા! મુનિદશા કોને કહેવાય? મુનિરાજ તો જંગલમાં રહેતા હોય—જ્યાં વાઘ ને સિંહની ત્રાડું પડતી હોય, માથે મુશળધાર વરસાદ વરસતો હોય, મેઘલી કાળી રાત ને બિહામણું વાતાવરણ હોય; છતાં તેઓ અંદર આનંદમય આત્મસાધનામાં નિર્ભયપણે એટલા લીન હોય છે કે તેમને બહારની કાંઈ પરવા હોતી નથી. અહા! મુનિદશા કોઈ અલૌકિક ને આશ્ચર્યકારી છે, વંદ્ય છે.

અહા! ગુરુ કોને કહેવા? જેઓ નિર્ગ્રંથ છે એટલે કે જેમને મિથ્યાત્વ ને અવિ-રતિના રાગાદિની ગાંઠ ગળી ગઈ છે અને આત્માની જ્ઞાનાનંદમય ઉગ્ર શુદ્ધતામાં એકાગ્રતા થઈ ગઈ છે તથા તે ઉપરાંત સ્વભાવ તરફની શુદ્ધિની ધારા નિરંતર વધતી જાય છે તેમને મુનિદશારૂપ નિર્ગ્રંથ ગુરુ કહેવાય છે. તેમને અશુભ પરિણતિ તો હોતી નથી, શુભ હોય છે; પણ અંતરમાં સ્વભાવના આશ્રયે શુદ્ધતા તરફનો જે પ્રવાહ ચાલુ છે તે પ્રતિસમય વધતો જાય છે.

અરે! મુનિરાજ વનમાં વસતા હોય ને ત્યાં શરીરમાં દમ, ક્ષયરોગ, કંપવા, કોઢ વગેરે અનેક રોગ થાય; તોપણ તેઓ અંદર આત્માની નીરોગ ને નિઃશંક દશામાં વર્તે છે. ત્યાં તેમને કાંઈ દવાદારૂ નથી; તેમને દવા તો અંતરમાં રાગની એકતા તોડીને આનંદસ્વરૂપ ભગવાન આત્માનાં જે નિધાન ખોલ્યાં છે તે છે. આનું નામ અંદરની મુનિદશા છે. તે કાંઈ બહારથી જોવાની ચીજ નથી. મુનિદશા ખરેખર કોઈ આશ્ચર્યકારક છે, વંદ્ય છે. એ તો કોઈ ત્રિલોકવંદ્ય—ત્રણ લોકના ઈંદ્રો દ્વારા વંદવા યોગ્ય—કોઈ અનુપમ દશા છે. અહા! મુનિદશાનું વર્ણન પણ (બહેને) અલૌકિક કર્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૭૪

તા. ૩૦–૧૨–૭૮

## વચનામૃત — ૪૧૮

સિદ્ધભગવાનને અવ્યાબાધ અનંત સુખ પ્રગટ્યું તે પ્રગટ્યું. તેનો કદી નાશ થતો નથી. જેને દુઃખનાં બીજડાં જ બળી ગયાં છે તે કદી સુખ છોડીને દુઃખમાં ક્યાંથી આવે? એક વાર જેઓ ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને છૂટા પરિણમે છે તેઓ પણ કદી ભેગા થતા નથી, તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા તે અસિદ્ધપણે ક્યાંથી પરિણમે? સિદ્ધત્વપરિણમન પ્રવાહરૂપે સાદિ-અનંત છે. સિદ્ધભગવાન સાદિ-અનંત કાળ પ્રતિસમય પૂર્ણરૂપે પરિણમ્યા કરે છે. જોકે સિદ્ધભગવાનને જ્ઞાન-આનંદાદિ સર્વ ગુણરત્નોમાં ચમક ઊઠ્યા જ કરે છે — ઉત્પાદવ્યય થયા જ કરે છે, તોપણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે. સ્વભાવ અદ્ભુત છે. ૪૧૮

**‘સિદ્ધભગવાનને અવ્યાબાધ અનંત સુખ પ્રગટ્યું તે પ્રગટ્યું.’**

આ બોલમાં બહેને સિદ્ધભગવાનનું સ્વરૂપ કહ્યું છે. પેલી (૪૧૭મા બોલમાં), સ્વાનુભવયુક્ત સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં પ્રગટ થનારી મુનિદશાની વ્યાખ્યા હતી. હવે અહીં સિદ્ધદશાની વ્યાખ્યા કહે છે. ‘णमो सिद्धाणं’ — એ સિદ્ધપદ કેવું હોય? દ્રવ્યસ્વભાવમાં જે અનંત અવ્યાબાધ અતીન્દ્રિય પૂર્ણાનંદ શક્તિરૂપે હતો તે, સિદ્ધભગવાનને અંતરમાં આત્મધ્યાનથી, વ્યક્તિરૂપે પ્રગટ્યો તે પ્રગટ્યો; હવે તે કદી પાછો પડવાનો નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેનો કદી નાશ થતો નથી.'**

જેમ દ્રવ્યસ્વભાવ અવિનાશી છે તેમ તેના પરિપૂર્ણ આશ્રયે પર્યાયમાં જે અવ્યાબાધ, પરિપૂર્ણ ને અનંત આનંદ પ્રગટ્યો તે પણ અવિનાશી થઈ ગયો. અહો ! સિદ્ધભગવાનના અવિનાશી અવ્યાબાધ અનંત આનંદની તો શી વાત !

**'જેને દુઃખનાં બીજડાં જ બળી ગયાં છે તે કદી સુખ છોડીને દુઃખમાં ક્યાંથી આવે ?**

મોહ, રાગ ને દ્વેષ દુઃખનાં બીજ છે. આત્મસ્વરૂપનું અજ્ઞાન — આત્મભ્રાન્તિ — દુઃખનું મૂળ છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;' સ્વરૂપની અણસમજણ તે દુઃખનું બીજ છે અને સ્વરૂપની સમજણ તે સુખનું બીજ છે. સિદ્ધભગવાનને દુઃખનાં બીજડાં — મિથ્યાત્વ, આસક્તિ, પ્રમાદ ને કષાય વગેરે — બળી ગયાં છે; તે કદી પણ સુખ છોડીને દુઃખમાં ક્યાંથી આવે ? — દુઃખના આયતનરૂપ ભવને — અવતારને — કેમ ધારણ કરે ? કોઈ કહે છે કે — ભક્તોની ભીડ ભાંગવા ભગવાન ભવધારણ કરે; પણ ભાઈ ! ભવધારણ તો દુઃખ છે; જેમને અનંત અનંત આત્મિક આનંદ પ્રગટ થઈ ગયો છે ને દુઃખનાં બધાં કારણો બળી ગયાં છે તે સિદ્ધભગવાન કદી સ્વાભાવિક સુખ છોડીને દુઃખમાં ક્યાંથી આવે ? — અનંત આનંદ છોડી ભવ કેમ ધારણ કરે ? 'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति...तदात्मानं सृजाम्यहम्' — જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરું છું; પૃથ્વી પર દાનવોનું — રાક્ષસોનું જોર વધી જાય ને ભક્તોને ભીડ પડે તો ભગવાન પણ અવતાર ધારણ કરે; એમ પણ કોઈ કહે છે. અરે, ભાઈ ! ભગવાનને જ્યાં અનંત અનંત આનંદ પ્રગટ્યો છે ત્યાં તે પૂર્ણાનંદને છોડી તેઓ ભવધારણરૂપ દુઃખમાં પાછા કેમ આવે ? — કદી ન આવે. આ વાત હવે ન્યાય આપીને સમજાવે છે.

**'એક વાર જેઓ ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને છૂટા પરિણમે છે તેઓ પણ કદી ભેગા થતા નથી, તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા તે અસિદ્ધપણે ક્યાંથી પરિણમે ?'**

સિદ્ધભગવાન પૂર્ણાનંદ છોડીને પાછા ભવનાં દુઃખમાં કેમ આવે ? — એ સમજાવવા વિશેષ ન્યાય આપ્યો છે. પૂર્ણાનંદનો નાથ ભગવાન જ્ઞાયક આત્મા જેમને ક્ષાયિક સમ્યગ્દર્શનના વિષયપણે પ્રગટ થયો છે તેઓ પણ પરદ્રવ્ય ને પરભાવથી છૂટા પરિણમે છે, કદી પર ને વિભાવ સાથે એકમેક થતા નથી, તો પછી જે વિભાવનો — દુઃખનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સંપૂર્ણ નાશ કરી સિદ્ધદશારૂપે પરિણમ્યા તે પાછા અસિદ્ધપણે — વિભાવ ને દુઃખપણે — ક્યાંથી પરિણમે ?

ભરત ચક્રવર્તી, શ્રેણિક રાજા વગેરેને ગૃહસ્થદશામાં ક્ષાયિક સમ્યગ્દર્શન હતું. તેઓ, ભૂમિકાનુસાર રાગ હોવા છતાં, શરીરાદિ સંગથી ને રાગાદિથી રહિત ત્રિકાળશુદ્ધ, સહજજ્ઞાન ને સહજાનંદ આદિ અનંત અનંત સામર્થ્યથી ભરપૂર, સ્વસંવેદ્ય એવા નિજ જ્ઞાયકતત્ત્વની શ્રદ્ધા, રુચિ ને પ્રતીતિરૂપે એવા પરિણમ્યા કે જેથી સમકિત ક્ષાયિકભાવે પ્રગટ્યું. એક વાર જેઓ ક્ષાયિક સમકિત પામીને રાગાદિ વિભાવથી છૂટા પરિણમે છે તેઓ પણ કદી વિભાવ સાથે એકતા પામતા નથી, તો પછી જે સમસ્ત પ્રકારના ક્ષાયિકભાવને પ્રગટ કરીને પૂર્ણાનંદસ્વરૂપ સિદ્ધપણે પરિમ્યા તે ફરીને અસિદ્ધપણે — ઔદયિકાદિ સાંસારિક ભાવે — ક્યાંથી પરિણમે ? ચોથા ગુણસ્થાને ક્ષાયિક સમ્યગ્દષ્ટિને પણ રાગ સાથે કદી એકત્વબુદ્ધિ થતી નથી, તો પછી જેઓ વિભાવનો સંપૂર્ણ નાશ કરીને સિદ્ધ થયા છે તેમને ફરી અસિદ્ધત્વ ભાવે પરિણમન કેમ થાય? તેમને ફરીને અવતાર કેમ હોય ? અહો ! ચોથા ગુણસ્થાનના ક્ષાયિક સમ્યક્ત્વનો ન્યાય આપીને, તેની સાથે તુલના કરીને, સિદ્ધદશાનું અફરપણું — અપ્રતિહતપણું સમજાવ્યું છે.

અહીં તો ક્ષાયિક સમ્યગ્દર્શન સાથે મેળવીને વાત કરી છે; પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વના પ્રકારોમાં એક 'જોડણી ક્ષાયિક' થાય છે કે જે, પ્રતીતિની ધારાને અપ્રતિહતભાવે વધારીને નિયમથી ક્ષાયિક સાથે જોડી દે છે. સમયસારની ૩૮મી ગાથા ને પ્રવચનસારની ૯૨મી ગાથાની ટીકામાં આવે છે ને! — સ્વરૂપાનુભવ વડે પ્રતાપવંત એવા મને કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈ ને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને — ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. બહિર્મોહદૃષ્ટિ તો આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી. અહો! જેને ગુરુ-ઉપદેશ અને આગમના અભ્યાસ દ્વારા અપ્રતિહતભાવે આનંદસાગર ભગવાન આત્માનું સાનુભવ જ્ઞાન ને દર્શન થયું તેને મિથ્યાત્વનો અંકુર કદી ઉત્પન્ન થતો નથી.

આત્મજ્ઞાની વિરક્ત ગુરુએ તદ્દન અપ્રતિબુદ્ધ શિષ્યને સમજાવ્યો કે — હે ભવ્ય ! તું તો સ્વભાવે પૂર્ણાનંદનો નાથ છો; રાગ તો તારો સ્વભાવ નથી જ, પણ અલ્પજ્ઞપણું પણ તારું મૂળ સ્વરૂપ નથી; તું તો સર્વજ્ઞ ને પૂર્ણાનંદસ્વભાવી પ્રભુ છો. પંચમ કાળના અપ્રતિબુદ્ધ — અજ્ઞાની શિષ્યને વિરક્ત શ્રીગુરુએ આ પ્રમાણે રાગાદિથી ભિન્ન આત્માનું સ્વરૂપ સમજાવ્યું; અને અંતરમાં રાગથી ભિન્ન પડીને તેને સમ્યગ્દર્શન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયું. અહા! પાંચમા આરાનો તે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ પોતાના અપ્રતિહતભાવની ખાતરીથી કહે છે કે— મને હવે ફરીને મિથ્યાત્વનો અંકુર ઉત્પન્ન થવાનો નથી. અમે પંચમ આરાના સાધક જીવ છીએ, છતાં હવે અમારે પડવા-બડવાની વાત નથી. અહા! દિગંબર સંતોનાં કથનોમાં અંદરનું કેટલું જોર છે! દિગંબર સંતોનાં તીવ્ર વચનોને લીધે સત્ય સ્પષ્ટપણે સમજી શકાય છે. રાગથી ભિન્ન પડીને જેને સ્વભાવ સાથે એકતા થઈ છે તે શ્રોતા— શ્રાવક હો કે શ્રમણ— કહે છે કે હવે અમને રાગ સાથે એકતા કદી નહિ થાય. પોતે પંચમ આરાના સાધુ છે તેથી કાળધર્મ પામીને સ્વર્ગમાં જશે, ચારિત્રથી પડી જશે ને દેવપર્યાયમાં ચોથા ગુણસ્થાને રહેશે, તોપણ, કહે છે કે, અમારું જે સમ્યગ્દર્શન છે તે કદી પડવાનું નથી. અહા! આવી દશા! જેને વીતરાગ સ્વરૂપના અનુભવની દશા— ક્ષાયિક સમ્યક્ત્વની દશા— અંતરમાં પ્રગટી, તે પણ ફરીને રાગ સાથે એકત્વબુદ્ધિ કરતો નથી, તો પછી જેને પરિપૂર્ણ નિર્મળ દશા— સિદ્ધ દશા— પ્રાપ્ત થઇ તે ફરીને રાગને પ્રાપ્ત થાય ને અવતાર ધારણ કરે— એ કેમ બને?

જેને ક્ષાયિક કે અપ્રતિહત ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન પ્રગટ થયું છે તે પણ રાગ સાથે એકત્વ પામતો નથી, તો પછી જેમને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય ને અનંત-આનંદ આદિ બધા ગુણો પર્યાયમાં પૂર્ણપણે પરિણમ્યા છે એવા સિદ્ધભગવાન અસિદ્ધપણે ક્યાંથી પરિણમે? અનંત અનંત આનંદની તૃપ્તિવાળા સિદ્ધભગવાન રાગના દુઃખમાં કેમ આવે? આમ કહીને સિદ્ધ એમ કરવું છે કે— પરમાત્મા અવતાર ધારણ કરે એ વાત જૂઠી છે. દુનિયાનાં દુઃખ, ભક્તો પર રાક્ષસોની ભીડ, જૈનશાસનના વિરોધીઓનું જોર જોઈને ભગવાન અવતાર ધારણ કરે— એ વાત તદ્દન ગપ છે. એક વાર જેઓ ક્ષાયિક કે અપ્રતિહત ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન પામીને, કાચલીથી છૂટા નાળિયેરના ગોળાની જેમ, રાગના કણથી છૂટા પરિણમે છે તેઓ પણ (રાગ સાથે) કદી એકતા પામતા નથી, તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા તે અસિદ્ધપણે ક્યાંથી પરિણમે?

ભગવાન આદિનાથ ને મહાવીર પૂર્વભવે દેવલોકમાં સમ્યગ્દૃષ્ટિ હતા. તેઓ અહીં ભરતક્ષેત્રમાં આવ્યા તે શું રાગની એકતાથી આવ્યા છે? શ્રેણિકરાજા મહાવીરભગવાન પાસે ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા; ભલે અત્યારે પહેલી નરકમાં ગયા પણ ત્યાંથી નીકળીને ક્ષાયિક સમ્યક્ત્વ સાથે લઈને આવવાના છે. તેઓ અવતાર ધારણ કરશે, તો શું તેમને રાગ ને અવતાર સાથે એકતા થશે? અહા! અવતાર ભિન્ન રહેશે ને અવતારથી ન્યારો આત્મા પણ ભિન્ન રહેશે. પહેલી નરકમાંથી નીકળી શ્રેણિક રાજા આ ભરતક્ષેત્રની આવતી ચોવીશીમાં પહેલા મહાપદ્મ તીર્થંકર થશે. તેઓ પણ, અંદર રાગ સાથે એકતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તૂટી ગઈ હોવાથી, હવે કદી રાગાદ વિભાવ સાથે ભેગા નહિ થાય, તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા તે પાછા અસિદ્ધપણે — સંસારપણે — ક્યાંથી પરિણમે? અહીં બે સિદ્ધાન્ત મૂકયા છે: (૧) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ પણ રાગની એકતાપણે પરિણમતા નથી — જુદા જ પરિણમે છે; (૨) જે સિદ્ધપદ પામ્યા તે અસિદ્ધપણે કેમ પરિણમે! — ન જ પરિણમે.

**'સિદ્ધત્વપરિણમન પ્રવાહરૂપે સાદિ-અનંત છે.'**

સિદ્ધભગવાન કેવા હોય તેની ઓળખાણ આપે છે. સિદ્ધદશા આત્માની દરેક સમયે પરિણમતી ક્ષાયિકભાવરૂપ જ્ઞાન ને આનંદ આદિ સર્વ ગુણોના પરિપૂર્ણ વિકાસમય નિર્મળ પર્યાય છે. તે સિદ્ધત્વરૂપ પરિણમન, જેમ પાણીનો પ્રવાહ આડો ચાલે છે તેમ, કાળ-અપેક્ષાએ ઊભા પ્રવાહરૂપે સાદિ-અનંત છે. સિદ્ધદશાની શરૂઆત છે પણ, પર્યાય સમયવર્તી હોવા છતાં પ્રવાહરૂપે એવી ને એવી પૂર્ણ નિર્મળ પર્યાય નવી નવી થયા કરતી હોવાથી, તેનો કદી અંત નથી. અરેરે! ણમોકારમંત્રમાં 'ણમો સિદ્ધાણં' રોજ બોલ્યા કરે પણ ખબર ન મળે કે સિદ્ધ કોને કહેવા?

**'સિદ્ધભગવાન સાદિ-અનંત કાળ પ્રતિસમય પૂર્ણરૂપે પરિણમ્યા કરે છે.'**

દરેક દ્રવ્યની જેમ આત્મા પણ વસ્તુપણે અનાદિનિધન — અનાદિ-અનંત છે. આત્માને સંસારદશા અનાદિ હોવા છતાં તેનો અંત આવી જાય છે અને મોક્ષદશાની શરૂઆત હોવા છતાં તેનો કદી અંત આવતો નથી. સિદ્ધદશારૂપ કૃતકૃત્યતાને પામેલો આત્મા સાદિ-અનંત કાળ દરેક સમયે અતૂટપણે પૂર્ણરૂપે પરિણમ્યા કરે છે. અહો! જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણોની જે પૂર્ણ પર્યાય શરૂ થઈ તે પ્રવાહરૂપે અનંતકાળ એવી ને એવી પરિપૂર્ણપણે પરિણમ્યા જ કરશે.

**'જોકે સિદ્ધભગવાનને જ્ઞાન-આનંદાદિ સર્વ ગુણરત્નોમાં ચમક ઊઠયા જ કરે છે — ઉત્પાદવ્યય થયા જ કરે છે, તોપણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે.'**

સિદ્ધદશા પ્રગટ થતાં આત્મા ત્યાં સર્વથા ફૂટસ્થ થઈ જતો નથી, ત્યાં પણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સર્વ ગુણોમાં સ્વાભાવિક ચમક પ્રતિસમય ઊઠયા જ કરે છે. 'ચમક' એટલે ઝબકારો, પર્યાય, પરિણતિ, ઉત્પાદવ્યયરૂપ પરિણમન. દ્રવ્ય અને તેના બધા ગુણો શક્તિએ ધ્રુવ હોવા છતાં તેમનામાં દરેક સમયે ચમક નામ ઉત્પાદવ્યયરૂપ પરિણતિ થયા જ કરે છે. સિદ્ધભગવાનને સાદિ-અનંત કાળ પૂર્ણ પરિણતિરૂપ નવી નવી ચમક ઊઠયા જ કરે છે. સિદ્ધદશામાં જો ઉત્પાદવ્યયરૂપ પરિણમન ન હોય તો દ્રવ્ય જ ન રહે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંતુ દ્રવ્યનો કદી નાશ થતો નથી; માટે ત્યાં પણ દ્રવ્ય સાથે અવિનાભાવી એવી ઉત્પાદવ્યયરૂપ પરિણતિ સાદિ-અનંત કાળ થયા જ કરે છે. સિદ્ધભગવાન કૃતકૃત્ય થઈ ગયા હોવાથી તેમને પર્યાયમાં હવે કાંઈ નવું પ્રગટ કરવાનું રહ્યું નથી, પરંતુ સર્વ ગુણોની પર્યાયમાં જે પરિપૂર્ણતા પ્રગટી છે તે-રૂપે સાદિ-અનંત કાળ ફરી ફરી પરિણમ્યા જ કરે છે.

જેણે પર્યાયમાં કાર્ય પરિપૂર્ણ કરી લીધું છે તેને 'કૃતકૃત્ય' કહે છે. જેને જ્ઞાન ને આનંદ આદિ કાર્ય પરિપૂર્ણ પ્રગટી ગયું છે તેને હવે કરવાનું શું બાકી રહે? તેને જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત અનંત ગુણોની પર્યાયમાં પૂર્ણતા પ્રગટી ગઈ છે તેથી હવે સિદ્ધદશામાં તેનું પરિણમન થંભી ગયું છે—એમ નથી; એ બધાંય ગુણ-રત્નોમાં એવી ને એવી પરિપૂર્ણ છતાં નવી નવી ચમક નામ પરિણતિ ઊઠયા જ કરે છે—પર્યાયનો ઉત્પાદવ્યય થયા જ કરે છે. સિદ્ધભગવાનને પણ સમયે સમયે પૂર્વ-પર્યાયનો વિનાશ ને નવી પર્યાયનો ઉત્પાદ થયા જ કરે છે. બીજે સમયે 'એ જ નહિ પણ એવી ને એવી' નવી પર્યાય ઉત્પન્ન થાય છે.

શ્રીમદે કહ્યું છે ને!—

સાદિ-અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. —અપૂર્વ૦

જ્યાં અનંત દર્શન ને અનંત જ્ઞાન સહિત સાદિ-અનંત કાળ સુધી અતૂટપણે રહેનારી અનંત સમાધિરૂપ સુખદશા પ્રગટી ગઈ છે તેને સિદ્ધપણું કહે છે. 'લોગસ્સ'-ના પાઠમાં પણ 'सिद्धा सिद्धिं मम दिसंतु' આવે છે પણ એનો અર્થ કોને આવડે? હે સિદ્ધભગવંતો! મને સિદ્ધિપદ દેખાડો. 'મને સિદ્ધિપદ દેખાડો' એ તો 'લોગસ્સ'માં —ચોવીસંથોમાં—સ્તુતિરૂપ વ્યવહારનયનું કથન છે, તેનો નિશ્ચય-અર્થ એવો છે કે હું શીઘ્ર કેવળજ્ઞાન પ્રગટ કરીને સિદ્ધિપદ પામું. ચોવીસ તીર્થંકરો ને અનંત કેવળીની ગમે તેટલી વિકલ્પાત્મક સ્તુતિ કરો, પણ તે તો શુભભાવ છે, બંધનું કારણ છે. ઝીણી વાત છે ભાઈ! મોક્ષપાહુડમાં 'परदव्वादो दुग्गइ' આવે છે ને? અરિહંત ને સિદ્ધ વગેરે પંચપરમેષ્ઠી આ આત્માથી પર છે. તે પરદ્રવ્ય તરફ લક્ષ જતાં આત્માને શુભ રાગ થાય છે. શુભ રાગ પણ, સ્વભાવપરિણતિથી વિપરીત હોવાથી, દુર્ગતિ છે, શુદ્ધપરિણતિરૂપ સુગતિ નથી.

સમયસારની પહેલી ગાથામાં 'वंदित्तु सव्वसिद्धे'—સર્વ સિદ્ધોને, પોતાના ને પરના આત્મામાં સ્થાપીને, વંદન કર્યું છે. ત્યાં અનંત સિદ્ધો જે પર છે તેમને પોતામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્થાપવાનો જે વિકલ્પ છે તે વ્યવહાર છે; અને 'नमः समयसाराय' માં — આત્મખ્યાતિ ટીકાના પહેલા કળશમાં — તો પૂર્ણાનંદસ્વરૂપ જે ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયકભાવ તેમાં હું નિર્વિકલ્પપણે નમી જાઉં છું, ઢળી જાઉં છું — એમ, સ્વાશ્રિત પરિણતિ હોવાથી, નિશ્ચય છે. અહીં એમ કહે છે કે — સિદ્ધભગવાનને આનંદાદિ અનંત ગુણરત્નોમાં સમયે સમયે ઉત્પાદવ્યયરૂપે ચમક ઊઠ્યા જ કરે છે. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ।' શું ઉત્પાદ-વ્યયધ્રૌવ્યમય પરિણામ સિદ્ધમાં નથી? જો નથી, તો સિદ્ધદશા થતાં આત્મદ્રવ્યનો જ સર્વથા નાશ થઈ જાય; પરંતુ દ્રવ્યનો સર્વથા નાશ અસંભવિત છે. સિદ્ધભગવાનને પણ કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત આનંદની નવી પર્યાયનો ઉત્પાદ ને એવી જ પરિપૂર્ણ પૂર્વપર્યાયનો વિનાશ પ્રતિસમય થયા જ કરે છે, તોપણ તે સર્વ ગુણરત્નો પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે.

નિયમસારની ૩૮મી ગાથામાં કહ્યું છે કે 'जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा' — જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત આત્મા આત્માને ઉપાદેય છે. અહા! જુઓ, આ આચાર્યદેવનું વચન! અનંત ગુણોનો અખંડ પિંડ ત્રિકાળશુદ્ધ ધ્રુવ અવિનાશી જ્ઞાયકતત્ત્વ જ સાધક જીવને, આશ્રય કરવા માટે, ઉપાદેય છે; પ્રતિસમય પરિણમતી સિદ્ધપર્યાય, પૂર્ણ હોવા છતાં, આશ્રય કરવા માટે ઉપાદેય નથી, હેય છે. આશ્રય કરવા માટે સિદ્ધદશા હેય હોવા છતાં અહીં તેનું જ્ઞાન કરાવે છે કે — જોકે સિદ્ધદશાએ પરિણમેલા સિદ્ધભગવાનને જ્ઞાન-આનંદાદિ સર્વ ગુણરત્નોમાં પ્રતિસમય પરિપૂર્ણ નિર્મળ પરિણતિરૂપ ચમક ઊઠ્યા જ કરે છે — ઉત્પાદવ્યય થયા જ કરે છે, તોપણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે.

શું કહ્યું? અનંત ગુણરત્નો પર્યાયમાં પરિપૂર્ણ પરિણમે છે, છતાં આત્મવસ્તુ તો દ્રવ્યસ્વભાવે પૂર્ણપણે જે છે તે છે, તેમાં કોઈ વિભાવ કે ઓછપ થઈ નથી. કોઈને એમ થાય કે — નિગોદના ભવમાં જ્ઞાન ક્ષીણ થઈને અક્ષરના અનંતમા ભાગ જેટલું રહી ગયું છે, માટે અંદર ત્રિકાળી દ્રવ્યસ્વભાવ પણ ક્ષીણ થઈ ગયો હશે, અને પર્યાયમાં કેવળજ્ઞાનરૂપ સમુદ્ર ઊછળતાં જાણે દ્રવ્યસ્વભાવ પણ વધી ગયો હશે; પરંતુ એમ નથી; જીવ નિગોદમાં હો કે સિદ્ધદશામાં હો, દ્રવ્યસ્વભાવ તો હાનિવૃદ્ધિ રહિત સદા પરિપૂર્ણ છે. અહા! અલૌકિક વાતો છે બાપુ!

**'સ્વભાવ અદ્દ્ભુત છે.'**

નિગોદની પર્યાયમાં જ્ઞાન અતિ અલ્પ હતું, વીર્ય અતિ અલ્પ હતું, છતાં અંદર આત્માના જે ધ્રૌવ્યપણે જ્ઞાન ને વીર્ય આદિ અનંત ગુણો છે તેઓ તો પરિપૂર્ણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામર્થ્યવાળા એવડા ને એવા જ રહ્યા છે; અંદર ધ્રુવ સામર્થ્યમાં અણુમાત્ર પણ ક્ષતિ પહોંચી નથી. અહા! એવો જ કોઈ વસ્તુસ્વભાવ છે. અરિહંત ને સિદ્ધદશા પ્રગટ થતાં, જેમાં અનંતા કેવળીઓ ને સિદ્ધોને, અરે! વિશ્વના સમસ્ત ભાવોને એકસાથે પ્રત્યક્ષ જાણે એવડી કેવળજ્ઞાનની પરિપૂર્ણ પર્યાય પ્રગટ થઈ, પર્યાયમાં પરિપૂર્ણ અનંત આનંદ તથા પરિપૂર્ણ અનંત પુરુષાર્થ વગેરે અનંત ગુણોની પર્યાયો પરિપૂર્ણ પ્રગટ થઈ, છતાં અંદર અસ્તિપણે — ધ્રુવ સામર્થ્યપણે — જ્ઞાન, આનંદ ને વીર્ય વગેરે અનંત ગુણો એવડા ને એવડા જ રહ્યા છે. પર્યાયમાં પૂર્ણતા થઈ ત્યારે અંદર ગુણો પણ સામર્થ્યમાં વધી ગયા છે અને પર્યાયમાં હીનતા હતી ત્યારે ગુણો પણ સામર્થ્યમાં ક્ષીણ થઈ ગયા હતા — એવું નથી. અહા! વસ્તુ અને તેના ગુણોનો સ્વભાવ જ એવો કોઈ અદ્‌ભુત છે કે પર્યાયમાં હાનિવૃદ્ધિ થવા છતાં તેઓ તો એવાં ને એવાં જ પરિપૂર્ણ સામર્થ્યવાળાં રહે છે. અહા! વસ્તુસ્વભાવ અદ્‌ભુત છે; એ કાંઈ ગમે તેવા ઉપરછલા તર્કનો વિષય નથી. જોકે પ્રવચનસારમાં આવે છે — આગમ વડે બધાંય દ્રવ્યો જણાય છે, કારણ કે બધાં દ્રવ્યો આગમાનુસાર જે વિશેષ સ્પષ્ટ તર્ક તેની સાથે મેળવાળાં છે અર્થાત્ તેઓ આગમાનુસાર વિસ્પષ્ટ વિચારથી જણાય એવાં છે. પણ તે કયો તર્ક? આગમ-અનુસાર ને સ્વભાવના લક્ષે ઊઠતો સમ્યક્ તર્ક. એવા સમ્યક્ તર્કથી સ્વભાવની અદ્‌ભુતતા અંતરમાં બરાબર બેસી જાય છે.

અહા! સિદ્ધભગવાનનાં દ્રવ્ય ને ગુણનાં સામર્થ્યની તો શી વાત કરવી? તેઓ તો તેનાં તે અને તેવાં ને તેવાં જ ભરપૂર ભર્યાં પડયાં છે. ચારિત્રગુણની પર્યાયમાં યથાખ્યાતસ્વરૂપ પૂરેપૂરી આત્મરમણતા પ્રગટ થઈ ગઈ, છતાં ચારિત્રગુણ તો એવો ને એવો સામર્થ્યભરપૂર રહ્યો છે. ધ્રુવ સ્વભાવમાંથી — ગુણમાંથી પર્યાય આવે છે - એ પણ વ્યવહારકથન છે. ધ્રુવ ગુણસ્વભાવ તો સદા એકરૂપ પરિપૂર્ણ રહે છે, તેમાં કાંઈ આવ-જા થતી નથી. ધ્રુવ સ્વભાવ સદા એવો ને એવો હાનિવૃદ્ધિરહિત પરિપૂર્ણ રહેવા છતાં તેના આલંબને પર્યાયમાં નિર્મળતાની પ્રગટતા, વૃદ્ધિ ને પૂર્ણતા થાય છે.

વસ્તુમાં — આત્મામાં સિદ્ધદશા પ્રગટ થતાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત પ્રભુત્વ — ઐશ્વર્ય વગેરે જે પરિપૂર્ણતા પ્રગટી છે તે પોતાના (આત્માના) કર્તા, કર્મ, કરણ આદિ છ અભિન્ન કારકોરૂપે સ્વયં પરિણમીને થઈ છે. તે વખતે પણ અંદર ગુણો તો એવડા ને એવડા પરિપૂર્ણ રહ્યા છે. અહા! શી છે આ અદ્‌ભુત ચીજ! ખરેખર દ્રવ્ય ને ગુણોનો એવો જ કોઈ આશ્ચર્યકારી અદ્‌ભુત સ્વભાવ છે. સાધારણનું ગજું નથી કે આ વાત માની શકે. સિદ્ધભગવાનને સર્વ ગુણરત્નોમાં અદ્‌ભુત ચમક ઊઠયા જ કરે છે — ઉત્પાદવ્યય થયા જ કરે છે, તોપણ તે બધા ગુણો પરિણમનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે. સર્વ ગુણોમાં જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છત્વ, પ્રભુત્વ, વિભુત્વ વગેરે બધા ગુણો આવી ગયા ને! સિદ્ધભગવાન કર્તા, કર્મ, કરણ, અધિકરણ વગેરે પોતાના અભિન્ન ષટ્ કારકો વડે સર્વ ગુણોની પૂર્ણ પર્યાયપણે — ઉત્પાદવ્યયપણે પરિણમ્યા જ કરે છે, તોપણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ રહે છે.

આ બોલ પૂરો કરતાં છેલ્લે કહ્યું કે 'સ્વભાવ અદ્દ્ભુત છે'. શું કહીએ બાપુ! એ દ્રવ્ય ને ગુણોનો સ્વભાવ કોઈ અદ્દ્ભુત છે. સાધારણ માપલા વડે પત્તો ખાય એમ નથી. સાધારણ માણસને એમ થાય કે — જ્યારે રાગની દશામાં દુઃખ હતું ત્યારે પણ અંદર આનંદસ્વભાવ પરિપૂર્ણ એવડો ને એવડો! અને પર્યાયમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદ પરિણમ્યો તોય અંદર આનંદસ્વભાવ એવડો ને એવડો! રાગ હતો ત્યારે અને પૂર્ણ યથાખ્યાત ચારિત્ર પ્રગટયું ત્યારે પણ ચારિત્રગુણ તો એવડો ને એવડો? અહા! સ્વભાવ ખરેખર અદ્દ્ભુત છે.

જેના ધ્યેયમાં, રુચિમાં ને પ્રેમમાં જ્ઞાયકભાવ જ પડ્યો છે તેને શુભ વિકલ્પમાં કે બીજે ક્યાંય અટકવું ગોઠતું નથી. અહા! અંતર જ્ઞાયકસ્વભાવમાં જવા માટેની તાલાવેલી છે. બહારનો — પુણ્ય-પાપના ભાવ અને તેનાં ફળનો — જેને રસ ને પ્રેમ છે તેને જ્ઞાયકસ્વભાવનો પ્રેમ નથી, અને જેને આત્માના જ્ઞાયકભાવનો પ્રેમ લાગ્યો તેને પુણ્યના પરિણામથી માંડીને આખું જગત પ્રેમનો વિષય નથી. જેને બહારનો પ્રેમ છે કે દુનિયા મને કેમ માને, દુનિયામાં મારી કેમ પ્રસિદ્ધિ થાય, મને આવડે તો દુનિયા મને મોટો માને, તેને જ્ઞાયકસ્વભાવ પ્રત્યે રુચિ અને પ્રેમ નથી.

— પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૭૫

તા. ૩૧–૧૨–૭૮

## વચનામૃત — ૪૧૯

પ્રશ્ન :— અનંત કાળના દુખિયારા અમે; અમારું આ દુઃખ કેમ મટે ?

ઉત્તર :— 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એ રસ્તે જવાથી દુઃખ ટળશે અને સુખની ઘડી આવશે. જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે — એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે. 'હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને એ શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આત્મા સુખનું ધામ છે, તેમાંથી સુખ મળશે. ૪૧૯.

'પ્રશ્ન :— અનંત કાળના દુખિયારા અમે; અમારું આ દુઃખ કેમ મટે ?'

૪૧૮ બોલ સુધી સીધાં તત્ત્વના નિરૂપણસ્વરૂપ વચનામૃત છે અને છેલ્લે ૪૧૯થી ૪૩૨ સુધી ૧૪ બોલમાં થોડા પ્રશ્નો અને તેના ઉત્તર છે. બહેનોમાંથી કોઈએ બહેનને પ્રશ્ન પૂછ્યો હશે કે — અમે અનંત કાળથી દુખિયારા છીએ; અમારું આ દુઃખ કેમ મટે ? પ્રશ્ન પૂછનારને એટલું તો નક્કી થયું છે કે 'અમે દુઃખી છીએ, સુખી નથી.' શરીરની નીરોગતા, લક્ષ્મીના ભંડાર, હીરામાણેકના ધંધા, મોટી આબરૂ વગેરે બાહ્ય સાધનો ગમે તેટલાં હોય તોપણ જીવને સુખ નથી, અરે ! મોટા મોટા કરોડપતિઓ અને રાજાઓ પણ દુઃખી છે. એ દુઃખ કઈ રીતે મટે — એમ અહીં પ્રશ્ન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'ઉત્તર :—'

તે પ્રશ્નનો બહેને જવાબ આપ્યો છે કે—

**"'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એ રસ્તે જવાથી દુઃખ ટળશે અને સુખની ઘડી આવશે."**

સમયસારની છઠ્ઠી ગાથામાં 'નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે' એમ જે 'અસ્તિ' ને 'નાસ્તિ'થી વાત કહી છે તે જ અહીં 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું' એમ બે વાર 'અસ્તિ'થી ને 'વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એમ 'નાસ્તિ' પૂર્વક 'અસ્તિ'થી સાદી ભાષામાં કહી છે. સ્વભાવે જ્ઞાયક એવા આત્માની વર્તમાન પલટતી પર્યાયમાં જે શુભ, અશુભ ને અપૂર્ણતા છે તે તો વિભાવ છે જ, પરંતુ એક ન્યાયે ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક ને ક્ષાયિક—એ ચારેય ભાવો વિભાવ છે; એક જ્ઞાયક પરમપારિણામિકભાવ જ, સહજભાવ હોવાથી, સ્વભાવ છે. વિભાવનો અર્થ વિકારી ભાવ નહિ, પણ કર્મસંબંધના સદ્ભાવ કે અસદ્ભાવવાળો વિશેષ ભાવ છે. તે ચાર ભાવ ત્રિકાળશુદ્ધ સહજ જ્ઞાયક ધ્રુવ પરમભાવમાં નથી માટે તેમને વિભાવરૂપ પરભાવ કહ્યા છે. ચાર ભાવો પર્યાયરૂપ છે; ને પર્યાયના આશ્રયે ધર્મ થતો નથી; ધર્મ, શાન્તિ ને સુખ તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે જ થાય છે. 'ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે'—ભૂતાર્થ ધ્રુવ જ્ઞાયકના આશ્રયે જ જીવ ખરેખર સમ્યગ્દૃષ્ટિ થાય છે. અહા! આ સિદ્ધાન્ત તો જૈનદર્શનનો પ્રાણ છે. નિયમસારમાં ઔપશમિક આદિ ચારેય ભાવોને વિભાવ કહ્યા છે; પણ અહીં, 'વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એમાં તો સામાન્યપણે પુણ્યપાપના સમસ્ત વિભાવોથી જુદો હું જ્ઞાયક છું—એમ કહેવું છે. 'હું જ્ઞાયક છું' એટલે જાણનારી પર્યાય જેટલો છું—એમ નહિ, પણ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ છું.

જ્ઞાયકનો રસ્તો તે સુખનો પંથ છે. જ્ઞાયકપણું તો આત્માનો ત્રિકાળ ધ્રુવ ભાવ છે, પરંતુ 'હું શુદ્ધ જ્ઞાયક છું' એવી જે પર્યાયમાં પ્રતીતિ ને જ્ઞાનરૂપ પરિણતિ થાય છે તે સુખરૂપ છે. સમજાણું કાંઈ? વાત જરા ઝીણી છે ભાઈ! આ તો મુદ્દાની રકમ છે. જ્ઞાયકભાવ કહો કે પારિણામિક ભાવ કહો, પરમ સ્વભાવભાવ કહો—બધું એક જ છે. પરંતુ અહીં પારિણામિક ભાવની મુખ્યતાથી કહ્યું નથી, કેમ કે પારિણામિકભાવ પરમાણુ આદિ અન્ય દ્રવ્યોમાં પણ છે. આત્માના સહજ પારિણામિકભાવને જ્ઞાનગુણની પ્રધાનતાથી 'જ્ઞાયકભાવ' કહ્યો છે. આમ તો આત્મા જ્ઞાન, દર્શન, સુખ આદિ અનંત-ગુણોનો અભેદ એક પિંડ છે, પણ બાકીના બીજા ગુણોને ગૌણતામાં રાખીને, જ્ઞાનગુણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મુખ્યતાથી આત્માને 'જ્ઞાયક' કહ્યો છે. વિભાવથી જુદો ને સુખસમુદ્ર એવા નિજ જ્ઞાયકની વાટે જવાથી અનાદિ કાળનું દુઃખ ટળશે. માર્ગ આવો છે બાપા! અત્યારે તો માર્ગના નામે એટલી બધી ગડબડ થઈ ગઈ છે કે વાત મૂકો! ભક્તિ કરવી, જાત્રા કરવી, વાંચન-શ્રવણ કરવું — એ બધા વિભાવોથી ભિન્ન એવો હું પરિપૂર્ણ જ્ઞાયકભાવ છું — એવી અંતરમાંથી જે પ્રતીતિ ને જ્ઞાન આવે તે સુખનો પંથ છે. પંથ, નિર્મળ પર્યાય હોવાથી, ધ્રુવ સ્વભાવમાં ન હોય, પરંતુ ધ્રુવ સ્વભાવના આશ્રયે જે જ્ઞાયકની પ્રતીતિ ને પરિણતિરૂપ નિર્મળ પર્યાય થઈ તે સુખનો પંથ છે. ધ્રુવ જ્ઞાયક તો પંથનો — નિર્મળ પર્યાયનો — આશ્રય છે, પોતે પંથ નથી. અહો! જ્ઞાયકના પંથે જવાથી દુઃખ ટળશે ને સુખની ઘડી આવશે, આનંદનો અવસર આવશે.

સ્વભાવથી એકત્વરૂપને શુભાશુભ વિભાવથી વિભક્ત એવો હું ત્રિકાળશુદ્ધ સહજ જ્ઞાયક છું. જ્ઞાયકસ્વભાવમાં અનુરક્તિ અને વિભાવથી વિરક્તિ તે જ દુઃખ ટળવાનો ને સુખની પ્રાપ્તિનો પંથ છે. જ્ઞાયકસ્વભાવની ઓળખાણ ને પ્રતીતિ વિના બહારથી ધંધો, સ્ત્રી, પુત્ર વગેરેને છોડી દે તે કાંઈ સાચી વિરક્તિ — વૈરાગ્ય નથી. સમયસારમાં આવે છે ને! —

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
— એ જિન તણો ઉપદેશ, તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦

કામક્રોધાદિ અશુભ ને પૂજાભક્તિ-આદિ શુભ ભાવોથી દૃષ્ટિ તથા પરિણતિ હઠાવીને તેને સહજશુદ્ધ જ્ઞાયકસ્વભાવમાં સ્થાપે તેનું નામ સાચો વૈરાગ્ય છે. નિર્જરા-અધિકારમાં પણ આવે છે: 'सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः' સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાનવૈરાગ્યશક્તિ હોય છે. અંતરમાં અનંત ઋદ્ધિનો ભંડાર એવા નિજ જ્ઞાયક પરમભાવમાં દૃષ્ટિનું જોર હોવાથી સમ્યગ્દૃષ્ટિને અનંત સિદ્ધો, ત્રણે કાળના અનંત તીર્થંકરો વગેરેનો પર્યાયમાં સ્વીકાર હોવા છતાં તેનું અંતરમાં જોર (કિંમત) નથી. જ્ઞાન હોય અને વૈરાગ્ય ન હોય અથવા વૈરાગ્ય હોય ને જ્ઞાન ન હોય — એમ નથી. ખરેખર જ્ઞાન તેને જ કહેવાય કે જેને, પોતાના ચૈતન્યના સહજ અનુભવ સાથે, સમસ્ત વિભાવથી અંતરમાં વિરક્તિ હોય.

'અનંત કાળના દુખિયારા અમે; અમારું આ દુઃખ કેમ મટે?' એવો પ્રશ્ન કોઈ (બ્રહ્મચારિણી) દીકરીએ પૂછ્યો હશે — એમ લાગે છે; તેનો બહેને ઉત્તર આપ્યો છે. એકેન્દ્રિય હોય કે અબજોપતિ શેઠિયો હોય કે પંચમહાવ્રત ને શુક્લલેશ્યાના ફળરૂપે થયેલો નવમી ગ્રૈવેયકનો અહમિન્દ્ર હોય — બધા અનંત કાળના દુખિયારા છે. 'અમારું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ દુ:ખ કેમ ટળે!'— એ મુદ્દાનો પ્રશ્ન છે. 'હું ત્રિકાળશુદ્ધ જ્ઞાયક છું' એમ અસ્તિથી ને 'વિભાવથી જુદો છું' એમ નાસ્તિથી નિજ ભગવાન આત્માને ગ્રહણ કરે તો અનાદિ કાળથી પ્રવાહરૂપે ચાલ્યું આવતું દુ:ખ ટળશે અને સુખની ઘડી આવશે. જ્ઞાયકસ્વભાવ સાથે એકત્વ સાધીને શુભાશુભ વિભાવથી વિરક્ત થવું — એ જ દુ:ખથી છૂટવાનો એકમાત્ર ઉપાય છે. એ સિવાય બહારના લાખ ક્રિયાકાંડ કરે તોપણ દુ:ખથી અંશે પણ છુટકારો થતો નથી. લોકોને આકરું લાગે, પણ શું થાય? અંતરમાં જ્ઞાયકભાવનો અનુભવ તે 'જ્ઞાન' અને શુભાશુભ વિભાવથી વિરક્તિ તે 'વૈરાગ્ય'; — એ જ દુ:ખથી મુક્ત થવાનો ઉપાય છે.

**'જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે — એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે.'**

જ્ઞાયકની પ્રતીતિ થવી અને શુભાશુભ વિભાવની રુચિ છૂટવી — એ બંનેનો સમય તો એક જ છે. જેને રુચિમાં જ્ઞાયકસ્વભાવ પોસાય છે તેને વિભાવ પોસાતો નથી. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ, રુચિ ને પરિણતિ થાય અને વિભાવની દૃષ્ટિ, રુચિ ને પરિણતિ છૂટે — એવા અંતર્મુખ પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે. અખંડ આનંદકંદ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માની અંતરમાં રુચિ થતાં ને પુણ્યપાપના વિભાવની રુચિ છૂટતાં, અહા! એવા અંતર્મુખ ઉદ્યમની પાછળ, વિકલ્પ તૂટશે અને અતીન્દ્રિય આનંદનો અપૂર્વ અવસર આવશે. અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો પિંડ એવા નિજ જ્ઞાયકભાવની અંતરમાં દૃષ્ટિ થાય અને વિકલ્પ — રાગ સાથે એકતાબુદ્ધિ — છૂટે તો અનાદિનું દુ:ખ ટળે અને સુખની ઘડી આવે. ઝીણી વાત છે ભાઈ! બહારની કોઈ પ્રવૃત્તિ, ક્રિયાકાંડ કે શુભ પરિણામથી આ ચીજ મળે એમ નથી. બાહ્ય ક્રિયાકાંડ ને શુભભાવથી ભિન્ન એવા નિજ જ્ઞાયકનું ભાન થતાં આનંદનો કાળ આવશે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. શાસ્ત્રોમાં અનેક વાતો આવે, પણ બધાનો સાર એક જ છે કે — જ્ઞાયકની પ્રતીતિ ને વિભાવથી વિરક્તિ કરવી. છ ઢાળામાં આવે છે ને! —

> લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ,
> તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.

સુખની ઘડી એટલે સુખનો કાળ, સુખનો અવસર. શુભાશુભ વિભાવથી ભિન્ન થઈને દૃષ્ટિ અંદર અસંગ ને અભેદ જ્ઞાયકસ્વભાવમાં જવાથી સ્વકાળમાં આનંદ આવશે. ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ થતાં અનાદિના દુ:ખનો વ્યય અને પૂર્વે કદી નહિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટેલા એવા આનંદનો ઉત્પાદ થશે. દુઃખનો નાશ અને આનંદની ઉત્પત્તિ જ્ઞાયકના — શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવના — આશ્રયે જ થાય છે; એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. બહેન દુખિયારાને દુઃખથી છૂટવાનો ઉપાય કહે છે. બહેનની આ જે વાણી છે તે ભગવાનની વાણી છે; ભગવાને જે કહ્યું છે તે બહેને કહ્યું છે.

**“ ‘હું જ્ઞાયક છું’ એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને એ રસ્તે જા.”**

ઉપલકપણે એટલે વિકલ્પના સંગે અને ઊંડાણથી એટલે વિકલ્પ તોડીને. વિકલ્પ તોડીને ઊંડાણથી જ્ઞાયકમાં પેસી ગયો ન હોય ત્યાં સુધી પહેલાં ભલે ‘હું શરીરાદિ પર ને રાગાદિ વિભાવથી જુદો જ્ઞાયક છું’ એમ વિકલ્પની ભૂમિકામાં ઉપલકપણે કર, પછી વિકલ્પ તોડીને ઊંડાણથી — અનુભવ સહિત — જ્ઞાયકને ગ્રહણ કર, પણ ગમે તેમ કરીને, અંતર્મુખ પુરુષાર્થ દ્વારા, એ રસ્તે જા. વર્તમાન ઉપલક પર્યાય ઉપરનું લક્ષ છોડી ઊંડે ધ્રુવ જ્ઞાયકસ્વભાવને ભલે પહેલાં ઉપલકપણે — વિકલ્પની ભૂમિકામાં — ગ્રહણ કર, પછી અંદરમાં વિકલ્પ તોડીને અંદર ઊંડાણમાં જા. અહા! આ ધર્મનું પ્રથમ સોપાન — સમ્યગ્દર્શન — પામવાની રીત છે. સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ વિના ચારિત્ર — વ્રત, તપ વગેરે — સાચું હોય નહિ. ભગવાન આત્મા જિનસ્વરૂપ છે; તેના ઉપર દૃષ્ટિ કર તો અજિન એવા વિભાવભાવ સાથે એકત્વબુદ્ધિ તૂટશે અને અપૂર્વ આનંદ પ્રગટશે; માટે ગમે તેમ કરીને એ રસ્તે જા.

‘હું જ્ઞાયક છું’ એમ ભલે પહેલાં ઉપલકપણે એટલે કે વિકલ્પ, રાગ ને મનના સંબંધથી કર; કેમ કે શરૂઆતમાં એ સિવાય બીજો કોઈ ઉપાય નથી; પછી જ્ઞાયકને ઊંડાણથી એટલે કે વિકલ્પ, રાગ ને મનનો સંબંધ છોડી અનુભવથી ગ્રહણ કર, પણ ગમે તેમ કરીને અંદર જ્ઞાયકના રસ્તે જા. જેમ ભોંયરામાં ભગવાન બિરાજતા હોય તેમ, ઉપલક વિકલ્પ ને રાગની પર્યાય પાછળ, અંદર ધ્રુવ તળમાં ઊંડે જ્ઞાયક પરમાત્મા બિરાજે છે. તે ધ્રુવ જ્ઞાયક પ્રભુને ભલે પ્રથમ વિકલ્પથી અંદર વિચારમાં લે, પછી ‘આ હું પૂર્ણાનંદસ્વરૂપ કેવળ જ્ઞાયક જ છું’ એમ ઊંડાણથી, વિકલ્પ રહિતપણે સ્વાનુભવથી ગ્રહણ કર; ગમે તેમ કરીને તે માર્ગે જા. તે સિવાય દુઃખમુક્તિનો બીજો કોઈ ઉપાય નથી.

**‘શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે.’**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા સમસ્ત શુભાશુભ વિભાવોથી જુદો જ્ઞાયક છે. અરેરે! લોકો અને ઉપદેશકો પણ 'શુભભાવ કરતાં કરતાં મોક્ષ થશે, શુભભાવ મોક્ષમાર્ગનો સહારો છે, શુભભાવથી અંતરમાં શુદ્ધતા થશે' એમ માને છે અને અનાદિની વિપરીત દૃષ્ટિનું પોષણ કરે છે. ભાઈ! ભગવાને તો જ્ઞાયકને શુભાશુભ ભાવથી જુદો કહ્યો છે. તે જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની શ્રદ્ધા દૃઢ કરવી. જ્ઞાયકને ઊંડાણથી— સ્વાનુભવથી પ્રાપ્ત કરવો, એ જ અવિનાશી સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. શ્રદ્ધા ને જ્ઞાનની વર્તમાન પરિણતિને ત્રિકાળશુદ્ધ આનંદકંદ ધ્રુવ જ્ઞાયક તરફ વાળ; તેનો અભ્યાસ કર. શાશ્વત મુક્તિસુખ પ્રાપ્ત કરવાનો એ જ ઉપાય છે. ભગવાનની ખૂબ ભક્તિ કરે, યાત્રા કરે, વ્યવહારમાર્ગમાં ખૂબ સાવધાન રહે તો શાશ્વત સુખનો સાચો ઉપાય મળે— એમ નથી. શાસ્ત્રોનું બહુ જ્ઞાન કરે તો સુખનો ઉપાય મળે— એમ નથી. ભાઈ! જ્ઞાયકને ભૂલીને કેવળ શાસ્ત્રોનું જ્ઞાન તો જ્ઞેયનિમગ્ન જ્ઞાન છે; તેના વડે સ્વરૂપ તરફ ઢળી શકાતું નથી.

દયા, દાન, પૂજા, ભક્તિ વગેરે શુભભાવોથી પણ જુદા જ્ઞાયક ધ્રુવ દળનો— વિજ્ઞાનઘન શાશ્વત સ્વભાવનો— અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયક શુદ્ધ પરમભાવને ઊંડાણથી પ્રાપ્ત કરવો તે જ મોક્ષના સાદિ-અનંત સુખનો ઉપાય છે. મોક્ષ થતાં પૂર્ણાનંદદશાની શરૂઆત થાય છે માટે સાદિ, અને તેનો કદી અંત આવતો નથી માટે અનંત. જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો તે જ એકમાત્ર સાદિ-અનંત— અવિનાશી સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. અહા! બહુ સાદી ભાષા— જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને...જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો! બહેન એકાંતમાં બેઠાં હશે ને કોકે પૂછ્યું હશે કે 'અનંત કાળના દુખિયારા અમે; અમારું આ દુઃખ કેમ મટે?' તેનો બહેન જવાબ આપે છે. આ બધાં વચનામૃત આરસમાં કોતરાવવાનાં છે.

અનંત અનંત પદાર્થો— તીર્થંકરો, સિદ્ધો, સર્વજ્ઞો ને વિશ્વના સમસ્ત ભાવો— મારા જ્ઞાનનાં જ્ઞેય છે, મારી ચીજ નથી; હું તો તદ્દભિન્ન સુખકંદ શુદ્ધ જ્ઞાયક જ છું — એમ જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની રુચિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી એટલે કે અનુભવથી પ્રાપ્ત કરવો, તે જ અનંત કાળનું દુઃખ મટવાનો ને સાદિ-અનંત અનંત સમાધિ સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. જ્ઞાયકનો જ્ઞાયકરૂપે ઊંડાણથી અભ્યાસ કર, વિકલ્પ ને રાગથી નહિ. અહા! વાણી કોઈ આવી છે ને કુદરતે! આ આરસમાં કોતરાવાની છે. પોણા ત્રણ લાખ રૂપિયા આવી ગયા છે, પાંચ સાત લાખનું મકાન (બહેનશ્રી-ચંપાબેન-વચનામૃતભવન) થશે —એમ કહે છે. [ પૂજ્ય ગુરુદેવશ્રીની સમાધિ પછી આ યોજના, પૂજ્ય-શ્રી-કાનજીસ્વામી-સ્મારકયોજના-અંતર્ગત 'શ્રી પંચમેરુ-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નંદીશ્વરજિનાલય * ગુરુદેવશ્રી-કાનજીસ્વામી-વચનામૃતભવન * બહેનશ્રી-ચંપાબેન-વચનામૃતભવન '—એ ત્રિપટા અભિધાનયુક્ત ભવ્ય જિનાયતનમાં સમાવી લેવામાં આવી છે. ]

આત્મામાં અનિત્યત્વ ધર્મને નહિ માનવાવાળા તેને એકાંત નિત્ય ને ધ્રુવ માને છે, પણ દ્રવ્યસ્વભાવે નિત્ય હોવા છતાં કોઈ પણ પદાર્થ કોઈ પણ સમયે પર્યાય-અપેક્ષાએ અનિત્યત્વ વિનાનો હોઈ શકે જ નહિ. વસ્તુના ધ્રુવત્વનો નિર્ણય પણ આત્માની પલટતી પર્યાયમાં થાય છે, તેના નિત્ય ધ્રુવ અંશમાં નથી થતો. સમકિત, જ્ઞાન, સ્થિરતા વગેરે બધાં કાર્ય પર્યાયમાં થાય છે. પર્યાય વિનાની કોઈ વસ્તુ હોય જ નહિ. એકાંત નિત્ય, ધ્રુવ ને અપરિણામી માનવાવાળા, વેદાંતની જેમ, આત્માનો નાશ કરી દે છે; તેમને અનેકાંતસ્વરૂપ આત્મતત્ત્વ હાથમાં આવતું નથી. શુભાશુભ વિભાવોથી જુદા શુદ્ધ જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરવો, જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને, ઊંડે જઈને—અનુભવ કરીને, પ્રાપ્ત કરવો અને તેના ફળરૂપે પ્રાપ્ત થતું સાદિ-અનંત સુખ વગેરે કાર્ય તો પર્યાયમાં થાય છે ને? 'સાદિ-અનંત અનંત સમાધિ સુખમાં ' રહેવાની સમકિતી જીવ ભાવના ભાવે છે. પહેલાં સમ્યગ્દર્શનની ભાવનામાં આત્માને પામ્યા પછી પૂર્ણ સ્વરૂપસ્થિરતા ને કેવળજ્ઞાનની ભાવના ભાવે છે. સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો આ ઉપાય છે.

## 'આત્મા સુખનું ધામ છે, તેમાંથી સુખ મળશે'

આત્મસિદ્ધિમાં શ્રીમદ્દે કહ્યું છે: 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ'. ભગવાન આત્મા પોતે જ સ્વભાવે સુખનું ધામ હોવાથી, તેના આશ્રયે જતાં સુખની પ્રાપ્તિ અવશ્ય થશે જ. અહા! આત્મા જ અતીન્દ્રિય આનંદનું ધામ, ક્ષેત્ર, સ્થાન, ઠામ ને ઠેકાણું છે; માટે તેમાંથી એટલે કે તેના અવલંબને શાશ્વત સુખ મળશે. આત્માને પહેલાં જ્ઞાયકપણે સમજાવીને હવે કહે છે કે તે આનંદનું ધામ છે. આત્મામાં અનંત ગુણો છે, પરંતુ શાસ્ત્રોમાં આચાર્યદેવ જ્ઞાન ને આનંદ—એ બે જ વાતને મુખ્યપણે સ્થાપે છે; કેમ કે આનંદધામ એવા નિજ જ્ઞાયકમાં જ્ઞાનની—સાધનાપરિણતિની—એકાગ્રતા થવાથી સાદિ-અનંત અનંત સુખ મળશે. 'અનંત કાળના દુખિયારા અમે; અમારું આ દુઃખ કેમ મટે?'—એ પ્રશ્ન હતો ને? લો, એનો આ, બહેને આપેલો ઉત્તર છે.

—*—

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૪૨૦

**પ્રશ્ન :— જિજ્ઞાસુને ચોવીશે કલાક આત્માના વિચાર ચાલે?**

**ઉત્તર :— વિચારો ચોવીશે કલાક ન ચાલે. પણ આત્માની ખટક, લગની, રુચિ, ધગશ રહ્યા કરે. 'મારે આત્માનું કરવું છે, મારે આત્માને ઓળખવો છે' એમ લક્ષ આત્મા તરફ વારંવાર વળ્યા કરે. ૪૨૦.**

**'પ્રશ્ન :— જિજ્ઞાસુને ચોવીશે કલાક આત્માના વિચાર ચાલે?'**

બહેનનાં વચનામૃતમાં છેલ્લે પ્રશ્નો છે; તેમાં આ બીજો પ્રશ્ન છે. તમે તો જ્ઞાયક, જ્ઞાયક ને જ્ઞાયક કહ્યા કરો છો, તો શું જિજ્ઞાસુને જ્ઞાયકના વિચાર ચોવીશ કલાક ચાલે? જેને અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન ને અનુભૂતિમાં જ્ઞાયક પ્રગટ થયો છે તેને તો અંદર જ્ઞાયક-પરિણતિ નિરંતર ચાલુ હોય, પણ હજુ જે, આત્મા સમજવાનો જિજ્ઞાસુ છે તેને ચોવીશ કલાક આત્માના વિચાર ચાલે?

**'ઉત્તર :— '**

આત્મા સમજવાનો જિજ્ઞાસુ કહો કે આત્માર્થી કહો — બંનેનો અર્થ એક છે. જે હજુ આત્માને પામ્યો નથી, પણ જેને આત્મા પામવાની અંદર સાચી જિજ્ઞાસા છે તેને આત્માર્થી કહે છે. સત્‌ને પામવાની જેને જિજ્ઞાસા, ઇચ્છા, અભિલાષા ને ભાવના છે એવા આત્માર્થીને ચોવીશ કલાક આત્માના વિચાર ચાલે? — એ પ્રશ્નનો બહેન ઉત્તર આપે છે.

**'વિચારો ચોવીશે કલાક ન ચાલે.'**

જેને આત્મા પામવાની સાચી જિજ્ઞાસા છે એવા જીવને ચોવીશ કલાક આત્માના વિચારો ભલે ન ચાલે, ...

**'પણ આત્માની ખટક, લગની, રુચિ, ધગશ રહ્યા કરે.'**

જ્ઞાયકના વિચાર સતત ન ચાલે, પરંતુ અંતરમાં જ્ઞાયકને ગ્રહણ કરવાની ખટક, જ્ઞાયક તરફ વલણની ઊંડી ભાવના, લગની, રુચિ ને ધગશ તો ચોવીશ કલાક રહ્યા કરે. ગમે તેટલાં કામ હોય, અરે! ઊંઘમાં હોય, તોપણ શું પોતાનું નામ ભૂલી જાય છે? પોતે ઊંઘમાં હોય અને બીજો કોઈ તેના નામની બૂમ મારે તો તરત જ કહે — 'હાં!' — એમ જિજ્ઞાસુને આત્માની ખટક, લગની, રુચિ ને ધગશ નિરંતર — બીજાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કામમાં કે ઊંઘમાં પણ — રહ્યા કરે. ખટક, લગની, ધગશ — અહા! કેવી ગુજરાતી સાદી ભાષા છે!

લાગી લગન હમારી, જિનરાજ સુજસ સુન્યો મૈં. ...લાગી૦
કાહૂકે કહે કબહૂં નહિ છૂટે, લોકલાજ સબ ડારી;
જૈસે અમલી અમલ કરત સમે, લાગ રહી જ્યું ખુમારી ...લાગી૦

જેણે જિનરાજનો એટલે કે નિજશુદ્ધાત્માનો સુજશ — મહિમા સ્વાનુભવી ગુરુ પાસે સાંભળ્યો છે એવા આત્માર્થી જીવને અંદર એવી લગની, ખટક, ખુમારી રહ્યા કરે.

**"'મારે આત્માનું કરવું છે, મારે આત્માને ઓળખવો છે' એમ લક્ષ આત્મા તરફ વારંવાર વળ્યા કરે."**

'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ'; 'મારે મારા આત્માનું કામ કરવું છે, મારે આત્માને ઓળખવો છે' એવી ખટક અંદર અતૂટપણે રહેવી જોઈએ, જેથી લક્ષ આત્મા તરફ વારંવાર વળ્યા કરે. જ્ઞાયકસ્વરૂપ નિજ આત્માને મારે ઓળખવો છે — એવી ખટક, ધગશ, રુચિ ને લગની રહેવી જોઈએ. પહેલાં પુણ્ય કરીને સ્વર્ગમાં જાઉં અને ત્યાંથી ભગવાન પાસે જઈશ, ત્યાં આત્માનું કલ્યાણ કરીશ — એવી વાયદાની વાત કરી નથી. જેને આત્માનું હિત કરવું છે એવા જિજ્ઞાસુને આત્માની ખટક રહ્યા કરે અને લક્ષ આત્મા તરફ વારંવાર વળ્યા કરે.

જિજ્ઞાસુએ આત્મપ્રાપ્તિ માટે શું કરવું? — એ વાત અહીં કહી છે. જિજ્ઞાસુએ પહેલાં અમારી ભક્તિ કરવી — એમ ગુરુએ કહ્યું નથી. જિજ્ઞાસુએ તો ગુરુની શિક્ષાનુસાર આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો. 'મારે તો આ નિજ આત્માનું કામ છે, બાકી બીજું કાંઈ કામ નથી.' અહા! પંચમ કાળના આચાર્ય પંચમ કાળના અપ્રતિબુદ્ધ શ્રોતાને પોતાના નિજ વૈભવથી એકત્વ-વિભક્ત આત્મા દેખાડે છે અને સાથે સાથે કહે છે કે — એકત્વવિભક્ત શુદ્ધ આત્મા દેખાડું તો તું તારા સ્વાનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરજે. આચાર્યદેવે અપ્રતિબુદ્ધ શિષ્યમાં એટલી તૈયારી — પાત્રતા તો જોઈ છે કે — પર ને રાગથી વિભક્ત અને પૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવથી એકત્વરૂપ એવા શુદ્ધાત્માને તે સ્વાનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરી શકશે. અહા! શી એ વાણી! ભાવશ્રુતનો દરિયો ઊછળ્યો છે! અહીં કહે છે કે ભાઈ! ઉપલક હા પાડીને એટલેથી અટકીશ નહિ, પણ 'મારે આત્માનું કામ કરવું છે, મારે આત્માને ઓળખવો છે' એમ અંદરની સાચી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લગની, રુચિ, ધગશ, ભાવનાપૂર્વક લક્ષ આત્મા તરફ વારંવાર વાળ્યા કરજે, જેથી તને એકત્વવિભક્તસ્વરૂપ શુદ્ધાત્મા સ્વાનુભવપ્રત્યક્ષ થશે. અનંત ગુણનો પિંડ જ્ઞાયકપ્રભુ ભગવાન આત્મા અંદર છે; ત્યાં જા, તો તે પ્રાપ્ત થશે. ભગવાન આત્માને પ્રાપ્ત કરવાનો પરમાર્થ ઉપાય તો આ છે; બાકી બીજી બધી — વ્રત, તપ, ભક્તિ વગેરે — વ્યવહારની વાતો છે.

— * —

## વચનામૃત — ૪૨૧

**પ્રશ્ન :— મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?**

**ઉત્તર :— સામાન્ય અપેક્ષાએ તો, શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય, ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય. વિશેષ અપેક્ષાએ, પોતાની પરિણતિ જેમાં ટકતી હોય અને પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય તે કરવું. જો શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો અને જો ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય, વિશેષ લાભ થતો હોય, તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું. પોતાની પરિણતિને લાભ થાય તેમ કરવું. પોતાની ચૈતન્યપરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ. તે ધ્યેયની સિદ્ધિ અર્થે દરેક મુમુક્ષુએ આમ જ કરવું જોઈએ એવો નિયમ ન હોય. ૪૨૧.**

**'પ્રશ્ન:— મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?'**

બે પ્રશ્ન થયા. આ ત્રીજો પ્રશ્ન છે. પ્રશ્ન મુદ્દાનો છે. આગલા પ્રશ્નમાં જિજ્ઞાસુની વાત કહી હતી. અહીં જેને આત્માના મોક્ષની અભિલાષા છે એવા મુમુક્ષુની વાત કહી છે. મોક્ષના અભિલાષીએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ઉત્તર : — '**

આ પ્રશ્નનો ઉત્તર આપતાં બહેન કહે છે કે —

**'સામાન્ય અપેક્ષાએ તો, શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય, ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય.'**

સામાન્યપણે શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય. પણ ક્યાં શાસ્ત્ર? વીતરાગ સર્વજ્ઞનાં કહેલાં આ સમયસાર, પ્રવચનસાર, મોક્ષમાર્ગપ્રકાશક વગેરે શાસ્ત્ર હો! તેમનો અભ્યાસ ચિંતન સહિત હોય; અને ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય.

**'વિશેષ અપેક્ષાએ, પોતાની પરિણતિ જેમાં ટકતી હોય અને પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય તે કરવું.'**

પહેલાં એમ કહ્યું કે — સામાન્ય અપેક્ષાએ તો, શાસ્ત્રનો અભ્યાસ અંતરમાં ચિંતન સહિત હોય, ચિંતન શાસ્ત્રના અભ્યાસપૂર્વક હોય. હવે કહે છે કે — વિશેષ અપેક્ષાએ પોતાની પરિણતિ જો શાસ્ત્રાભ્યાસમાં ટકતી હોય અને તેનાથી પોતાને વિશેષ લાભ થતો જણાય તો તે કરવો, અને પોતાની પરિણતિ જો શાસ્ત્રાભ્યાસપૂર્વક ચિંતનમાં ટકતી હોય અને તેનાથી પોતાને વિશેષ લાભ થતો જણાય તો તે કરવું. ક્યાંય એકાંત આગ્રહ ન રાખવો, પોતાની પરિણતિમાં જેનાથી વિશેષ લાભ થતો જણાય તે કરવું.

**'જો શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો અને જો ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય, વિશેષ લાભ થતો હોય, તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું.'**

મુનિરાજને પણ ધ્યાન અને સ્વાધ્યાય — એ બે જ કાર્ય મુખ્ય છે ને? મુનિરાજે ધ્યાનમાં રહેવું, ન રહી શકે તો શાસ્ત્ર-અભ્યાસ કરવો. શાસ્ત્રનો અભ્યાસ, પોતાને તત્ત્વનિર્ણયની વિશેષ દૃઢતા થાય, અંદર આત્માનો વિશેષ લાભ થાય — એ પ્રયોજન રાખીને કરવો. બહુ શાસ્ત્રાભ્યાસ કરું તો મને પ્રશ્નોના ઉત્તર દેતા આવડે — એ બાહ્ય લક્ષ અને પ્રયોજન છોડી દેજે. અંદર આત્માનું હિત વિશેષ સધાય તે માટે જો શાસ્ત્રાભ્યાસથી પોતાને નિર્ણયની દૃઢતા થતી હોય તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો અને જો અંતર્મુખ ચિંતવનથી નિર્ણય દૃઢ થતો હોય, આત્માની પરિણતિમાં સ્વસન્મુખતાનો વિશેષ લાભ થતો હોય, તો એવું પ્રયોજનભૂત ચિંતવન વિશેષ કરવું. એમ બંને વાત લીધી છે. અહો! આવી વાત છે. પુસ્તકમાં બહુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાર આવી ગયો છે. પહેલેથી ઠેઠ સુધી બધી વાત ખૂબ સાદી ભાષામાં સહેજે સહેજે આવી ગઈ છે.

**'પોતાની પરિણતિને લાભ થાય તેમ કરવું.'**

પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ કે ચિંતવન — બંને છે તો વિકલ્પાત્મક; પરંતુ તે બંનેમાં, જેના દ્વારા પોતાને પરિણતિમાં નિર્ણયની દૃઢતા અને સ્વસન્મુખતાનો વિશેષ લાભ થાય તેમ કરવું.

**'પોતાની ચૈતન્યપરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ.'**

શાસ્ત્રાભ્યાસ હો કે ચિંતવન હો, પણ ધ્યેય તો પોતાની વર્તમાન ચૈતન્યપરિણતિ નિજ શુદ્ધાત્માને ઓળખે — ગ્રહણ કરે — એ જ હોવું જોઈએ. શાસ્ત્રાભ્યાસ કરે, પણ પ્રયોજન જો માન ને આજીવિકા આદિ લાભ લેવાનું હોય તો તે જ્ઞાન અજ્ઞાન છે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં એવા આશયનું કહ્યું છે ને! — કે શાસ્ત્રાભ્યાસ વડે પદાર્થનું કદાચિત્ સત્ય જાણપણું કરે છતાં તે વડે જો પોતાનું અયથાર્થ પ્રયોજન સાધે તો તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. માટે 'હું વાંચું, વિચારું તો જગતના માણસોને ઉત્તર આપી શકું' વગેરે બહારનું પ્રયોજન સાધવું તે અહિતકારી છે. અહીં કહે છે કે — શાસ્ત્રાભ્યાસ અને ચિંતનમાં પોતાની ચૈતન્યપરિણતિ જ્ઞાયક આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ.

**'તે ધ્યેયની સિદ્ધિ અર્થે દરેક મુમુક્ષુએ આમ જ કરવું જોઈએ એવો નિયમ ન હોય.'**

આનંદસ્વરૂપ આત્માની ઉપલબ્ધિરૂપ ધ્યેયની સિદ્ધિ માટે દરેક આત્માર્થીએ કેવળ શાસ્ત્રાભ્યાસ કે કેવળ ચિંતન જ કરવું જોઈએ એવો નિયમ નથી. શાસ્ત્રાભ્યાસથી કે ચિંતનથી — જે રીતે આત્માનો નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય એમ કરવું. આમ જ કરવું એવો કોઈ એકાંત નિયમ ન હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન - ૧૭૬

તા. ૧-૧-૭૯

## વચનામૃત — ૪૨૨

**પ્રશ્ન :— વિકલ્પ અમારો પીછો નથી છોડતા!**

**ઉત્તર : — વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. તું ખસી જા ને! વિકલ્પમાં જરા પણ સુખ અને શાન્તિ નથી, અંદરમાં પૂર્ણ સુખ અને સમાધાન છે.**

**પહેલાં આત્મસ્વભાવની પ્રતીતિ થાય, ભેદજ્ઞાન થાય, પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. ૪૨૨.**

**'પ્રશ્ન :— વિકલ્પ અમારો પીછો નથી છોડતા!'**

'વચનામૃત' માં પાછળ આ બધા પ્રશ્નો છે. ચોથો પ્રશ્ન એમ છે કે — અંતરમાં આ જે વિકલ્પ — શુભાશુભ રાગ, પુણ્યપાપની વૃત્તિનાં ઉત્થાનો — થાય છે તેઓ અમારો પીછો છોડતા નથી, કેડો મૂકતા નથી.

**'ઉત્તર : —'**

તે પ્રશ્નનો ઉત્તર આપતાં બહેન કહે છે કે —

**'વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો.'**

પ્રભુ! તું સ્વભાવે નિર્વિકલ્પ નિરાકુળ આનંદઘનસ્વરૂપ છો. તને, અનાદિ મોહવાસનાને લીધે, નિર્વિકલ્પ આનંદસ્વભાવની — ધ્રુવ જ્ઞાયકભાવની — દૃષ્ટિ નથી અને શરીરાદિ પરદ્રવ્યાશ્રિત — નિમિત્તાધીન — દૃષ્ટિ છે, તેથી વિકલ્પ ઊઠે છે. વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. અંદર આનંદસ્વરૂપ, અનાકુળ શાન્તરસ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા બિરાજે છે તેને પકડવો જોઈએ, અંતર્મુખ દૃષ્ટિ ને રુચિ કરીને તેને ગ્રહવો જોઈએ, પણ તેનું ગ્રહણ ન કરતાં, અનાદિથી રાગ ઉપર દૃષ્ટિ ને વિભાવ ઉપર પ્રેમ હોવાથી, વિકલ્પને તેં પકડયા છે, વિકલ્પે તને પકડયો નથી. આત્માનું સહજરૂપ તો શુદ્ધ, નિર્વિકલ્પ ને આનંદમય છે; તેમાં તારી દૃષ્ટિ નથી તેથી તું, સ્વભાવે શુદ્ધ, નિર્વિકલ્પ ને આનંદમય હોવા છતાં, વર્તમાન પર્યાયમાં રાગને — વિકલ્પને વળગ્યો છો. અહીં (સ્વભાવને) જે વળગવું જોઈએ એને ઠેકાણે ત્યાં (વિકલ્પને) વળગ્યો છો.

**'તું ખસી જા ને!'**

રાગાદિ વિકલ્પ ને જ્ઞાનસ્વભાવ વચ્ચે સાંધ છે, સંધિ છે, નિઃસંધિ — એકમેક નથી; કેમ કે બંનેનાં લક્ષણ, પ્રયોજન, સ્વાદ વગેરે બધું જુદેજુદું છે. રાગ તો અશુચિ, વિપરીત ને દુઃખમય છે, ને જ્ઞાનસ્વભાવ તો શુચિ, અવિપરીત ને સુખમય છે. રાગ ને સ્વભાવની એકતા કદી થઈ નથી, પરંતુ અનાદિ ભ્રમથી તેં એકતા માની છે. એ માન્યતા તું છોડ. વિકલ્પને એકત્વબુદ્ધિએ તું વળગ્યો છો; ત્યાંથી તું ખસી જા! જે તારું સ્વરૂપ નથી તેને તું ચોંટી પડયો છો. સ્વભાવને ઓળખીને વિકલ્પથી તું પોતે ખસી જા!

**'વિકલ્પમાં જરા પણ સુખ અને શાન્તિ નથી, અંદરમાં પૂર્ણ સુખ અને સમાધાન છે.'**

વિકલ્પ એટલે વૃત્તિ; ગમે તો શુભરાગની વૃત્તિ ઊઠે કે અશુભરાગની વૃત્તિ ઊઠે — એમાં કાંઈ શાન્તિ ને સુખ નથી. શાન્તિ એટલે સમાધાન, ચેન, ચારિત્ર, સ્વરૂપ-સ્થિરતા, અને સુખ એટલે અતીન્દ્રિય અનાકુળ આનંદ, સ્વરૂપ-આહ્લાદ. વિકલ્પથી ખસી જા ને અંદર સ્વભાવમાં પૂર્ણ સુખ અને સમાધાન છે ત્યાં જા ને! સુખનિધાન જ્ઞાયક સ્વભાવને વળગ ને! સ્વભાવને વળગતાં વિકલ્પની ઉત્પત્તિ ન થવી તેને વિકલ્પ તોડયો એમ કહેવામાં આવે છે. વિકલ્પમાં અંશે પણ સુખ અને શાન્તિ નથી, પણ અંદર સ્વભાવમાં તો પરિપૂર્ણ સુખ અને સમાધાન છે.

ભગવાન આત્મામાં પર્યાયને વિષે કામક્રોધાદિ અશુભ કે વ્રત-તપ-ભક્તિ આદિ શુભ વિકલ્પ ઊઠે છે તે તો બાહ્ય વૃત્તિ છે; તેમાં સુખ ને શાંતિ જરાય નથી. અંદરમાં વિકલ્પ વિનાની જે જ્ઞાયક ચીજ, જેમાં વિકલ્પનો અંશ પણ નથી, તેમાં સુખ ને શાન્તિ એટલે કે સમાધાન છે. શાન્તિ ને સુખમાં શો ફેર છે? શાન્તિમાં સમાધાન એટલે કે સ્વરૂપસ્થિરતારૂપ ચારિત્ર અને સુખમાં અનાકુળતાસ્વરૂપ આનંદ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવો છે. સુખ અને શાન્તિ — એમ બે વાત લીધી છે. રાગાદિ વિકલ્પમાં જેમ સુખ નથી તેમ સ્થિરતા, સમાધાન કે શાન્તિ પણ નથી. ભગવાન આત્મામાં અંદર પૂર્ણ સુખ છે ને પૂર્ણ શાંતિ, સમાધાન, વીતરાગતા છે. અહા! આવી વાતો છે!

**'પહેલાં આત્મસ્વભાવની પ્રતીતિ થાય, ભેદજ્ઞાન થાય, પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય.'**

'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' વગેરે વિચારો દ્વારા સત્સમાગમે જ્ઞાનાદિ લક્ષણ વડે પહેલાં આત્માના અસ્તિત્વની પ્રતીતિ થાય, ભેદજ્ઞાન થાય, પછી વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિસ્વરૂપ આત્મશાન્તિ થાય. ખરેખર તો ઊંડાણથી સાચી પ્રતીતિ ને ભેદજ્ઞાન થાય ત્યારે સાથે જ નિર્વિકલ્પ સ્વાનુભૂતિસ્વરૂપ આત્મ-શાન્તિ પ્રગટ થાય છે, પણ અહીં 'પહેલાં-પછી' કહેવાનો આશય એમ છે કે— પહેલાં પાધરું વિકલ્પ તોડવા જાય તો સ્વાનુભૂતિ ને શાન્તિ થાય નહિ, પણ પહેલાં લક્ષણાદિ વડે આત્મસ્વભાવની ઓળખાણ પ્રતીતિ ને ભેદજ્ઞાન થાય તો જ સ્વાનુભૂતિ ને શાન્તિ થાય. વચનામૃતના ૪૧૯મા બોલમાં આવી ગયું ને! — 'હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને એ રસ્તે જા. આત્મ-સ્વભાવની પ્રતીતિ ને ભેદજ્ઞાન પહેલાં ઉપલકપણે — સામાન્યપણે — સાધારણપણે વિકલ્પના સંગે થાય, પછી ઊંડાણથી — વિશેષપણે વિકલ્પ તૂટીને થાય ત્યારે તે જ સમયે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ સાથે જ થાય.

પૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવ ભગવાન આત્માની પ્રતીતિ અને પરદ્રવ્ય તેમ જ રાગાદિ વિભાવથી ભેદજ્ઞાન થાય — એમ બે વાત કહી. ત્યાં પ્રતીતિ થાય ત્યારે ભેદજ્ઞાન સાથે છે જ. ભેદજ્ઞાન વિના પ્રતીતિ કેવી? — કોની? ખરેખર એટલે કે ઊંડાણથી તો પ્રતીતિ, ભેદજ્ઞાન ને વિકલ્પનું તૂટવું વગેરે એકસાથે જ થાય છે, પણ વિશેષ સમજાવવા માટે ભેદ પાડીને કહ્યું છે કે — જ્ઞાનાનંદસ્વભાવ આત્માની પ્રતીતિ ને ભેદજ્ઞાન થાય પછી વિકલ્પ તૂટે ને સ્વાનુભૂતિ — શાંતિ થાય. અંતરમાં ભેદજ્ઞાન વડે વિકલ્પથી છૂટો પડયો કે તરત જ સ્વાનુભૂતિ — શાન્તિ થઈ. બંને વચ્ચે અંતર કેટલું? જરાય નહિ, બંને એક સમયે — સાથે જ છે. સમજાવવામાં શું આવે? આત્મસ્વભાવની ઊંડાણથી પ્રતીતિ ને ભેદજ્ઞાન થાય તે જ કાળે જે બુદ્ધિપૂર્વક વિકલ્પની ઉત્પત્તિ ન થઈ તેને જ 'પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય' એમ કહ્યું છે. પહેલાં વિશ્વાસ ને ભેદજ્ઞાન સાધારણ કહ્યાં, પછી ઊંડાણથી વિશ્વાસ ને ભેદજ્ઞાન થતાં વિકલ્પ ન થયો તે જ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ છે. વર્તમાન પર્યાયને, અંતરંગ સ્વભાવની પ્રતીતિ ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગાદિથી ભેદજ્ઞાનપૂર્વક, સ્વ-તરફ વાળતાં સ્વાનુભૂતિ થાય છે. અહા! આ શબ્દો ને વાત ગહન છે!

પહેલાં - પછી શું? આ આત્મા જ્ઞાનાનંદસ્વભાવી એક મહાન અમૂર્ત ચીજ છે. પહેલાં એ નિજ મહાપ્રભુના વિશ્વાસ વડે રાગથી ભિન્ન પડે એટલે વિકલ્પ તૂટી જાય. વિકલ્પ ઉત્પન્ન થાય નહિ તેથી સહજ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. વિકલ્પકાળે જે અનુભવ હતો તે રાગનો હતો, અને જ્યારે અંતરમાં ઊંડાણથી પ્રતીતિ ને ભેદજ્ઞાન વડે વિકલ્પ તૂટીને જે નિર્વિકલ્પ અનુભવ થયો તે નિજ આત્માનો અનુભવ છે. રહસ્યપૂર્ણ-ચિઠ્ઠીમાં સમ્યગ્દૃષ્ટિને સવિકલ્પ પરિણામ દ્વારા નિર્વિકલ્પ પરિણામ થવાનું વિધાન કહ્યું છે ને! — તે સમ્યગ્દૃષ્ટિ કદાચિત્ સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે ત્યાં પ્રથમ સ્વપર-સ્વરૂપનું ભેદવિજ્ઞાન કરે; નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મ રહિત કેવળ ચૈતન્યચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે; પછી પરનો વિચાર પણ છૂટી જાય અને કેવળ સ્વાત્મવિચાર જ રહે છે; ત્યાં નિજસ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે છે, 'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું' ઇત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ થાય છે; ત્યાર પછી એવા વિચારો પણ છૂટી જાય અને સ્વરૂપ કેવળ ચિન્માત્રરૂપ ભાસવા લાગે; ત્યાં સર્વ પરિણામ તે-રૂપ વિષે એકાગ્ર થઈ પ્રવર્તે; દર્શન-જ્ઞાનાદિકના કે નયપ્રમાણાદિકના વિચાર — વિકલ્પ પણ વિલય થઈ જાય. જે ચૈતન્યસ્વરૂપનો સવિકલ્પ નિશ્ચય કર્યો હતો, તેમાં જ વ્યાપ્યવ્યાપકરૂપ થઈ એવો પ્રવર્તે કે જ્યાં ધ્યાતા-ધ્યેયપણું દૂર થઈ જાય. — એવી દશાનું નામ નિર્વિકલ્પ અનુભવ છે. અહા! પં. ટોડરમલજીની શૈલી ઘણી સરસ!

સમયસારમાં 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो' આવે છે ને! ભૂતાર્થ, સત્યાર્થ, ત્રિકાળશુદ્ધ એવા નિજ ધ્રુવ જ્ઞાયકદ્રવ્ય તરફ વર્તમાન પરિણતિને વાળતાં, ભૂતાર્થ જ્ઞાયકભાવનો આશ્રય કરતાં, વિભાવ ને ભેદનો વિકલ્પ તૂટી જઈને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય છે. એ સ્વાનુભૂતિ કઈ રીતે થાય તે અહીં સમજાવ્યું છે. પહેલાં ભૂતાર્થ આત્મ-સ્વભાવની પૂર્વાપર વિરોધ રહિત યથાર્થ પ્રતીતિ થાય, પર ને વિભાવથી ભિન્ન તેનું ભેદજ્ઞાન થાય, પછી ભૂતાર્થ જ્ઞાયકસ્વભાવનો અંતરમાં આશ્રય કરતાં, પરિણતિને સ્વરૂપમાં વાળતાં, વિકલ્પ તૂટે એટલે કે વિકલ્પ ઉત્પન્ન ન થાય તે જ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ છે. કથનમાં તો એમ આવે ને કે — પહેલાં પ્રતીતિ થાય, ભેદજ્ઞાન થાય, પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય; અથવા સવિકલ્પ પરિણામ દ્વારા નિર્વિકલ્પ પરિણામ થાય. તેનો આશય એ છે કે — આ સિવાય અનુભવ માટે બીજી કોઈ વિધિ નથી. પ્રથમ વિકલ્પ હોય પણ એને છોડે, એટલે કે સ્વભાવનો આશ્રય કરીને વિકલ્પ તૂટે, ત્યારે આત્માનુભવ થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપદેશમાં આવે કે 'વિકલ્પને તોડ!' પણ કઈ રીતે તોડે? 'આ વિકલ્પને તોડું' એ પણ પર્યાય ઉપર દૃષ્ટિ છે. પર્યાય ઉપર દૃષ્ટિથી વિકલ્પો ઉત્પન્ન થાય, તૂટે નહિ. છતાં સમજાવે કઈ રીતે? 'વિકલ્પ છોડ' એમ સમજાવવા માટે ભાષાની જે શૈલી હોય એ રીતે સમજાવે. ખરેખર તો અભેદ જ્ઞાયક ચીજ ઉપર દૃષ્ટિ પડતાં, તેનો આશ્રય થતાં, પરિણતિ રાગથી છૂટી પડી ગઈ ને વિકલ્પ ઉત્પન્ન ન થયો; તેને વિકલ્પ તોડ્યો — એમ કહેવામાં આવે છે. આ વસ્તુસ્થિતિ છે.

પહેલાં જીવાદિ નવ તત્ત્વને જાણે, પછી નવમાંથી એક અભેદ જ્ઞાયક તત્ત્વને તારવે. નવના ભેદ ઉપર દૃષ્ટિ નહિ રાખતાં અભેદ ધ્રુવ જ્ઞાયક તત્ત્વ ઉપર દૃષ્ટિ સ્થાપે — એમ કરતાં વિકલ્પ ઉત્પન્ન થયો નહિ; તેને 'વિકલ્પ તોડ્યો' એમ કહેવાય છે. અહા! વસ્તુની શૈલી! અધ્યાત્મની છે ને! સ્વભાવ બાજુ વળે ત્યાં રાગથી છૂટો પડી જાય છે.

વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પાવે વિશ્રામ;
રસ સ્વાદત્ત સુખ ઉપજે, અનુભવ તાકો નામ.

અહા! અંતરમાં ભૂતાર્થનો આશ્રય થયો, સ્વરૂપનું ધ્યાન થયું, ત્યાં મન એટલે કે વિકલ્પો વિશ્રામ પામે છે — અટકી જાય છે. વિકલ્પો અટકી જતાં સ્વરૂપના રસાસ્વાદ રૂપ જે અતીન્દ્રિય સુખ ઊપજે છે તેનું નામ અનુભવ છે. અહા! આનું નામ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ છે. આ તો શાન્તિ, ધીરજ ને અંતરનો પુરુષાર્થ હોય તો થાય એમ છે; બહારનું બહુ ભણતર, વાંચન હોય તો થાય — એવી આ ચીજ નથી. આ ચીજ કોઈ બીજી છે બાપુ!

— * —

## વચનામૃત — ૪૨૩

**પ્રશ્ન :— સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે, તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે?**

**ઉત્તર :— નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે. ભલે બધા ગુણોનાં નામ ન આવડે, અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ, તોપણ તેમનું સંવેદન તો થાય છે જ.

સ્વાનુભૂતિકાળે અનંતગુણસાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. તે નિર્વિકલ્પ દશા અદ્‌ભુત છે, વચનાતીત છે. તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે. ૪૨૩.

**'પ્રશ્ન :— સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે, તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે ?'**

'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' એમ શ્રીમદ્‌માં આવે છે. 'ચોથા ગુણસ્થાને આત્માના જ્ઞાનાદિ ગુણ એકદેશ પ્રગટ થયા છે' એમ પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે. આત્માની નિર્વિકલ્પ દૃષ્ટિ — સમ્યગ્દર્શન — થતાં શું આત્માના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, વીર્ય વગેરે બધા — અનંત — ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે? — આ પ્રશ્ન છે. આત્માના જેટલા — અનંત અનંત અનંત — ગુણો છે તે બધાયનું આંશિક નિર્મળ પરિણમન વેદનમાં આવે કે માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, શાન્તિ ને આનંદ આદિ અમુક પરિણમન જ વેદનમાં આવે?

**'ઉત્તર :— '**

જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોના કંદસ્વરૂપ ભગવાન આત્માનું અંતરમાં ભાન થતાં તેના બધા ગુણોનું અંશતઃ શુદ્ધ પરિણમન અનુભવમાં આવે? વેદનમાં બધા ગુણોનું નિર્મળ પરિણમન આવે કે નહિ? — એ પ્રશ્નનો ઉત્તર આપે છે.

**'નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેહાદિ પરદ્રવ્ય ને રાગાદિ વિભાવથી ભિન્ન નિજ શુદ્ધાત્મદ્રવ્યનાં યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં અતીન્દ્રિય આનંદની આશ્ચર્યકારી પરિણતિ પ્રગટ થતાં આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, શાન્તિ વગેરે બધા ગુણોનું યથા સંભવ (જે જે ગુણની પર્યાયમાં જેટલો સંભવ હોય તેટલું) આંશિક શુદ્ધ પરિણમન વ્યક્તથાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન પણ થાય છે. અહા! મુદ્દાની વાતો છે આ! સમજાય છે? આ તો એકલું માખણ છે. આત્મામાં ગુણો કેટલા? અનંત અનંત અનંત, અરે! અનંતને અનંતથી ગુણો તોપણ પાર ન આવે એટલા અનંત ગુણો છે. એટલા જ્ઞાનાદિ અનંત ગુણોના અભેદ પિંડરૂપ જે નિજ ધ્રુવ એકરૂપ જ્ઞાયક આત્મા તેનાં સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં બધા ગુણોનું — દરેક ગુણમાં પોતપોતાને યોગ્ય — આંશિક નિર્મળ પરિણમન વ્યક્ત થાય છે ને સાથે સાથે બધા ગુણોના વ્યક્ત અંશોનું વેદન પણ થાય છે. કેવળીભગવાનને બધા ગુણો પરિણમનમાં પૂર્ણપણે — સર્વદેશ વ્યક્ત થઈ ગયા છે ને સાધક જીવને તે બધા ગુણો એકદેશ — અંશે વ્યક્ત થયા છે. કેવળીને બધા ગુણો પર્યાયમાં સર્વાંશે વેદનમાં આવે છે, સાધકને એકદેશ, પણ બધા, વેદનમાં આવે છે. અહા! સર્વદેશ વેદનમાં આવે કે એકદેશ વેદનમાં આવે, પણ જાત તો એક જ છે.

પર્યાયમાં પૂર્ણ વ્યક્તતા થઈ માટે અંદર ગુણસામર્થ્યમાં કાંઈ અપૂર્ણતા થઈ ગઈ — એમ નથી. પર્યાયમાં પૂર્ણતા હો કે અપૂર્ણતા, ગુણશક્તિ તો સદા એકરૂપ પરિપૂર્ણ રહે છે. અહા! ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે. તેને માટે અંદર ઘણી ધીરજ જોઈએ. આ તો ધીરાનાં કામ છે બાપુ! અહીં પ્રશ્ન એમ છે કે — સ્વાનુભૂતિ થતાં આનંદની સાથે બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે છે? જવાબમાં કહે છે કે — હા, બધા ગુણોનું યથાસંભવ આંશિક શુદ્ધ પરિણમન વ્યક્ત થાય છે અને તેમનું વેદન પણ થાય છે. 'યથાસંભવ' કેમ કહ્યું? બધા ગુણોના પરિણમનમાં નિર્મળતાનો વિકાસ એકસરખો હોતો નથી, ચોથે ગુણસ્થાને શ્રદ્ધા ક્ષાયિક — પૂર્ણ — થઈ જાય, પણ ચારિત્ર બારમા ગુણસ્થાને ને જ્ઞાન-દર્શન-વીર્ય તેરમા ગુણસ્થાને ક્ષાયિક — પૂર્ણ — થાય છે. ચોથા ગુણસ્થાનમાં પણ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરેની નિર્મળતાના અંશો સમાન હોતા નથી, માટે 'યથાસંભવ' કહ્યું છે. જે ગુણના પરિણમનમાં જેટલે અંશે શુદ્ધિ પ્રગટી છે તે અનુભવમાં આવે છે. સમજાય છે કાંઈ પ્રભુ!

અહા! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે, તેના એકે-એક કથનમાં ઘણી ગંભીરતા છે. જ્ઞાન, આનંદ ને વીર્ય આદિ અનંત અનંત અનંત ગુણોના અભેદ પિંડસ્વરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યની અંતરમાં દૃષ્ટિ થતાં તે બધા ગુણોનું અંશે નિર્મળ પરિણમન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકસાથે પ્રગટ થાય છે અને વેદનમાં આવે છે. જે વખતે પરિણમન થાય છે તે જ સમયે તેમનું વેદન થાય છે. તે બધા ગુણોની પર્યાયનું વેદન થાય છે. ગુણોની પર્યાય કહી; કથનમાં તો એમ જ આવે ને! ખરેખર દ્રવ્યના પરિણમનથી ગુણનું પરિણમન કોઈ જુદું નથી. ચિદ્દવિલાસમાં આવે છે ને! કે — દ્રવ્ય પરિણમતાં ગુણો પરિણમે છે, દ્રવ્યના પરિણમનથી ગુણની કોઈ જુદી પર્યાય નથી. બધા ગુણોનું પરિણમન કહો કે અભેદપણે દ્રવ્યનું પરિણમન કહો — બંને એક જ છે. તેથી દ્રવ્યનું વ્યક્ત પરિણમન ને વેદન — એમ નહિ કહેતાં તેના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વ્યક્ત થાય છે અને તેનું વેદન થાય છે — એમ કહ્યું છે. લો! આટલા શબ્દોમાં આટલું ભર્યું છે.

**'આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે.'**

'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' કહ્યું, તેમાં જે જ્ઞાનાદિ બધા ગુણો કહ્યા તેઓ કોઈ જુદા નથી, અખંડ આત્મા જ છે. બધા ગુણો આત્માના જ છે; છતાં આત્મા કોઈ એક ગુણવિશેષને આલિંગન કરતો નથી, કોઈ એક ગુણવિશેષથી ખંડિત થતો નથી. પ્રવચનસારની ૧૭૨મી ગાથાની ટીકામાં અલિંગગ્રહણના ૧૮મા બોલમાં કહ્યું છે: લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે. જ્ઞાનની પ્રધાનતાથી ગુણની વાત કહેવી છે તેથી 'અર્થાવબોધ જેને નથી' એમ કહ્યું છે. તેના ઉપરથી બધા ગુણો સમજી લેવા. આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત શુદ્ધ અખંડ એક પદાર્થ છે. આત્મા અને ગુણે ગુણમાં સંજ્ઞા, લક્ષણ ને પ્રયોજનભેદે ભેદ છે, પરંતુ જેમ પરદ્રવ્ય પ્રદેશ-અપેક્ષાએ પૃથક્ છે તેમ આત્મા અને તેના ગુણે ગુણ પ્રદેશ-અપેક્ષાએ પૃથક્ નથી. બધા ગુણો જ અખંડ એક દ્રવ્ય છે. આત્મા અખંડ દ્રવ્ય છે, જ્ઞાનાદિ બધા ગુણો આત્માના જ છે, તેથી વેદનમાં કોઈ એક ગુણની જ પર્યાય વેદાય છે — એમ નથી, કોઈ એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે.

ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ભૂતાર્થ દ્રવ્યસ્વભાવનો આશ્રય, તેનું વેદન થતાં તેના બધા ગુણોની પર્યાયો વેદનમાં આવે છે, સ્વાનુભૂતિમાં, જ્ઞાન ને આનંદની મુખ્યતા હોવા છતાં, બધા ગુણોની પરિણતિ વેદનમાં આવે છે. દ્રવ્ય અખંડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવાથી, એક ગુણની પર્યાયના વેદન સાથે તેના બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે.

**'ભલે બધા ગુણોનાં નામ ન આવડે, અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ, તોપણ તેમનું સંવેદન તો થાય છે જ.'**

દરેક દ્રવ્યમાં બે જાતના ગુણો છે: સામાન્ય ને વિશેષ. જે ગુણો બધાં દ્રવ્યમાં હોય તે સામાન્ય ગુણ ને બધાંમાં ન હોય તે વિશેષ ગુણ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ વગેરે અનંત સામાન્ય ગુણો બધાં દ્રવ્યોમાં છે, માટે આત્મદ્રવ્યમાં પણ છે. આત્મદ્રવ્યના વિશેષ ગુણો ચેતનત્વ, જ્ઞાન, દર્શન, શ્રદ્ધા, ચારિત્ર, વીર્ય, સુખ વગેરે અનંત છે. ભલે બધા ગુણોનાં નામ ન આવડે તોપણ તેમનું સંવેદન તો થાય છે જ. અરે! નામ આવડવાની વાત તો દૂર રહી, પણ બધા ગુણોનાં નામ ભાષામાં હોય પણ નહિ; કેમ કે ગુણોની સંખ્યા અનંત અનંત અનંત છે અને ભાષામાં શબ્દોની સંખ્યા માત્ર સંખ્યાત છે. બધા ગુણોની સંજ્ઞા એટલે કે નામ ભાષામાં હોય પણ નહિ, તોપણ તેમની પર્યાયોનું સંવેદન તો થાય છે જ. ભલે એ અનંત ગુણોની અનંત પર્યાયોનાં નામ ન આવડે, એ બધાની સંજ્ઞા — નામ ભાષામાં હોય પણ નહિ, તોપણ તે બધી પર્યાયો વેદનમાં તો અવશ્ય આવે છે. અહા! વાત જરા ઝીણી આવી ગઈ. આ બોલમાં છેલ્લે થોડું બાકી છે, તે કાલે લેવાશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૭૭

તા. ૨–૧–૭૯

## વચનામૃત — ૪૨૩ (ચાલુ)

વચનામૃતનો ૪૨૩મો બોલ ચાલે છે. કાલે છેલ્લે થોડું બાકી રહી ગયું છે. આજે આ બોલ જરા ફરીને લઈએ.

પ્રશ્ન એમ છે કે — સર્વગુણાંશને સમકિત કહ્યું છે, તો શું સમકિત થતાં સ્વાનુભૂતિમાં આત્માના બધા ગુણોની આંશિક શુદ્ધ પર્યાય વેદાય?

જવાબમાં શું કહે છે? જ્ઞાનાદિ અનંત ગુણાત્મક અખંડ આત્મદ્રવ્ય અનુભવ સહિત દૃષ્ટિ, શ્રદ્ધા, રુચિ ને વિશ્વાસમાં આવે તેને સમ્યગ્દર્શન એટલે કે સમકિત કહે છે. સમકિત થતાં આત્માની બધા ગુણોની પર્યાયોમાં નિર્મળતાનો અંશ પ્રગટ થાય છે. એ ગંભીર વાતને શ્રીમદે 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' અને પં. ટોડરમલજીએ 'ચોથા ગુણસ્થાને આત્માના જ્ઞાનાદિ ગુણ એકદેશ પ્રગટ થયા છે' — એવા શબ્દોમાં વ્યક્ત કરી છે.

આત્મા એક અખંડ અભેદ પરિપૂર્ણ દ્રવ્ય છે. તેની નિર્વિકલ્પ પ્રતીતિ તે જ સમ્યગ્દર્શન છે. વિકલ્પ ને રાગને તેની સાથે સંબંધ નથી. રાગથી ભિન્ન પૂર્ણાનંદ જ્ઞાયક પ્રભુની અંતરમાં પ્રતીતિ થતાં તેના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે છે. આ વાત કાલે કહેવાઈ ગઈ છે. વાત જરા ઝીણી છે; આ દૃષ્ટિ અનંત કાળથી કરી નથી, તેથી અઘરી લાગે. અહા! અનંત ગુણોનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ! અંતરમાં તેની સન્મુખ થઈને ને પરથી — નિમિત્ત, રાગ, પર્યાય ને ગુણભેદથી — વિમુખ થાય ત્યારે દૃષ્ટિ ને પ્રતીતિ સમ્યક્ થાય અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પણ સાથે જ થાય.

નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની મુખ્યતા લીધી છે. સ્વાનુભૂતિ થતાં આનંદગુણની કોઈ આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થાય છે, જેના સ્વાદ પાસે ઇન્દ્રનાં ઇન્દ્રાસન ને દૈવી ભોગોપભોગ પણ સડેલાં તરણાં જેવાં અને ચક્રવર્તીનું રાજ, છન્નું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હુજાર. અપ્સરા જેવી, રાણીઓ વગેરે બધું સડેલા ગંધીલા ઉકરડા જેવું તુચ્છ લાગે. સમકિત થતાં આનંદગુણની પર્યાયના આશ્ચર્યકારી આંશિક સ્વાદ સાથે બીજા બધા ગુણોની પર્યાયોનું આંશિક નિર્મળ વેદન પણ આવે છે. યથાસંભવ એટલે કે સમ્યગ્દર્શન તો અંશ પૂરણ છે પણ તેની સાથે જ્ઞાન, આનંદ, શાન્તિ, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ જે શક્તિઓ છે તેઓ પર્યાયમાં અંશે પ્રગટ થાય છે, પૂર્ણ નહિ. અસ્તિત્વ વગેરે સામાન્ય ગુણોની પર્યાયો પૂર્ણ છે, અધૂરી નથી. આત્મદ્રવ્યમાં અનંત ગુણો છે; તેમાં કેટલાક ગુણોની પર્યાયો પરિપૂર્ણરૂપે પરિણમે છે અને કેટલાક ગુણોની પર્યાયોમાં શુદ્ધિનો આંશિક વિકાસ થઈને તેઓ ક્રમશઃ પૂર્ણ થાય છે. માટે સ્વાનુભૂતિમાં બધા ગુણોનું યથાસંભવ આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે છે — એમ કહ્યું છે.

આત્મદ્રવ્ય ક્ષેત્રે લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે, અવગાહના-અપેક્ષાએ વર્તમાન શરીરપ્રમાણ છે, પણ તેમાં ગુણો સંખ્યાએ અનંત છે. અનંત ગુણોને રહેવા માટે અનંત ક્ષેત્ર — પ્રદેશની જરૂર નથી. સીમિત અવગાહનામાં પણ સંખ્યાએ અસીમ — અનંત — ગુણો વસી શકે છે. અસંખ્ય પ્રદેશોમાં સર્વત્ર અનંત ગુણોનું અસ્તિત્વ હોવાથી, સ્વાનુભૂતિ થતાં તે બધાય ગુણો યથાસંભવ શુદ્ધિરૂપે પરિણમે છે અને વેદનમાં આવે છે. વળી, સ્વાનુભૂતિમાં જે વેદાય છે તે, બધા ગુણોનું વ્યક્ત પરિણમન વેદાય છે, ધ્રુવ ગુણો નહિ. ગુણોના ધ્રુવાંશનું વેદન થતું નથી, પરિણમનસ્વરૂપ પર્યાયાંશનું વેદન થાય છે.

કથનમાં એમ આવે કે અજ્ઞાનીને એકલી રાગાદિ પર્યાયોનું વેદન છે, ધ્રુવ સ્વભાવનું નહિ; જ્ઞાનીને ધ્રુવ સ્વભાવનું વેદન છે. ત્યાં ધ્રુવ સ્વભાવનું વેદન એટલે કે વેદન તો પર્યાયનું છે, પણ વર્તમાન પર્યાયનો ઝુકાવ અનાદિથી જે રાગાદિ તરફ હતો તે પલટીને ધ્રુવ સ્વભાવ તરફ વળ્યો; ધ્રુવ સ્વભાવ તરફ વળેલા પરિણમનના વેદનને ધ્રુવનું વેદન કહે છે. ધ્રુવ સ્વભાવ તરફ ઢળેલા પરિણમનમાં બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.

આત્મા અખંડ છે; અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ વગેરે સામાન્ય તથા જ્ઞાન, દર્શન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ વગેરે વિશેષ — બધા ગુણો આત્માના જ છે. તે કારણે એક ગુણની પર્યાયનું વેદન થાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયોનો રસ યથાસંભવ અવશ્ય વેદનમાં આવે છે. અહા! આ ધરમ તે કઈ જાતનો? ભાઈ! ધરમ કોઈ અલૌકિક ચીજ છે. 'वत्थुसहावो धम्मो' — વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. ભગવાન આત્મા વસ્તુ હોવાથી તેમાં અનંત સ્વભાવો — ગુણો છે, જે તેના ધર્મો છે. તે શુદ્ધસ્વભાવોનો અભેદ આશ્રય કરીને જ્યારે આત્મા નિજ સ્વભાવોરૂપે યથોચિત શુદ્ધ પરિણમન કરે છે, ત્યારે તે શુદ્ધ પરિણમનને ધર્મરૂપ પરિણમન કહેવાય છે, જેનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાશ્વત પૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે. આવું ધર્મનું સ્વરૂપ છે. તે ધર્મ-પરિણમનમાં આત્માના બધા ગુણોની યથાસંભવ શુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે અને અવશ્ય વેદનમાં આવે છે.

ભલે એ સર્વ ગુણોનાં નામ ન આવડે, તોપણ તેમનું સંવેદન તો થાય છે જ. નામ ન આવડે તેથી શું તે અનંત ગુણોનું સાથે પરિણમન ને વેદન નથી? અહા! આત્મા તો કોઈ અલૌકિક ચીજ છે. અહા! શી ચીજ છે આત્મા! એક સમયની પર્યાયની સમીપે આખું તત્ત્વ પડ્યું છે. વર્તમાન પ્રગટ જ્ઞાનની દશા કે જેમાં બધા વિચાર આદિ ચાલે છે તે દશાની — પર્યાયની — સમીપે અંદરમાં ભગવાન આખું તત્ત્વ — પરમાત્મતત્ત્વ — અનંત અનંત સામર્થ્યથી સદા ભરપૂર પડ્યું છે. તેના સર્વ ગુણોનાં નામ ભલે ન આવડે, અને બધા ગુણોની સંજ્ઞા વાણીમાં હોય પણ નહિ, તોપણ તેમનું સંવેદન તો અવશ્ય થાય છે. સર્વજ્ઞની વાણીમાં પણ અનંત ગુણોનાં નામ આવતાં નથી. સર્વજ્ઞભગવાન જે સંપૂર્ણ જાણે છે તેના અનંતમા ભાગે તેમની વાણીમાં આવે છે, સર્વજ્ઞની વાણીમાં જે આવે છે તેના અનંતમા ભાગે ગણધર ભાવશ્રુતમાં ઝીલે છે, ગણધરે જેટલું ઝીલ્યું છે તેના અનંતમા ભાગે બાર અંગરૂપ દ્રવ્યશ્રુતમાં નિબદ્ધ થાય છે. જેમ અનંત ભાવોનું કથન હોઈ શકે નહિ, તેમ ગુણોનું જે અનંત છે તે બધાની પણ સંજ્ઞા ભાષામાં હોય નહિ; તોપણ તેમની પર્યાયોનું વેદન તો અવશ્ય થાય છે. અહા! આવી વાત તો કોઈ દી સાંભળવા મળી નથી; વાડામાં તો દયા પાળો, વ્રત ધારણ કરો, ભક્તિ કરો, બસ થઈ ગયો ધર્મ! ભાઈ! એ કાંઈ ધર્મ નથી, ધર્મ તો ધર્મીના — જેમાં અનંત સ્વભાવ (ગુણ) વસ્યા છે એવી જ્ઞાયક વસ્તુના — આશ્રયે થાય છે. જ્યાં વસ્તુસ્વભાવની જ ખબર નથી ત્યાં ધર્મ કેવો? વસ્તુ એટલે ધ્રુવ સ્વભાવ કંઈ ખાલી ચીજ નથી, તેમાં જ્ઞાન, શાન્તિ, આનંદ આદિ અનંત અનંત ગુણો ભર્યા છે. ભલે એ અનંત ગુણોનાં નામ ન આવડે, અનંત ગુણોનાં નામ ભાષામાં હોય પણ નહિ, અરે! સર્વજ્ઞની વાણીમાં પણ બધા ગુણોનાં નામ આવતાં નથી. 'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો.' તો શું સર્વજ્ઞને નામ નહિ આવડતાં હોય? ભાઈ! સર્વજ્ઞ બધું જાણે છે, પણ શબ્દો માત્ર સંખ્યાતા હોવાથી, અનંત ગુણોનાં નામ ભાષામાં હોઈ શકે જ નહિ. ત્રણે કાળના સમયો કરતાં ગુણોની સંખ્યા અનંત ગણી છે. એક સમયે એક નામ કહે તોપણ, ત્રણ કાળના સમયો કરતાં ગુણોની સંખ્યા અનંતગણી હોવાથી, બધા ગુણોનું નામ-કથન થઈ શકે નહિ. નામ ભલે ન આવડે, ભાષામાં બધાનાં નામ ભલે ન હોય, તોપણ સ્વાનુભૂતિમાં બધા ગુણોની પર્યાયોનું વેદન તો થાય છે જ.

સાકરનો સ્વાદ કીડીને પણ આવે છે. ભલે તેને સાકરનું કે ગળપણનું નામ ન આવડે, પણ તેને ગળપણનું વેદન તો થાય છે; તેમ ભગવાન આત્માના અનંત ગુણોનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નામ ન આવડે, ભાષામાં બધાનાં નામ હોય પણ નહિ, તોપણ તે અનંત ગુણોની નિર્મળ પર્યાયોનું સ્વાનુભૂતિમાં વેદન તો થાય છે જ. ત્રિકાળશુદ્ધ નિજ શુદ્ધાત્મદ્રવ્ય-સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ થતાં નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદ-પર્યાયની સાથે આત્માના બધા ગુણોની નિર્મળ પર્યાય યથાસંભવ વ્યક્ત થઈ છે; ભલે તે બધી નિર્મળ પર્યાયોનાં નામ ન આવડે, પણ તે અનંત પર્યાયોનું સ્વાનુભૂતિમાં એકસાથે સંવેદન તો થાય છે જ.

ગઈ કાલે અહીં સુધી ચાલ્યું છે, હવે આગળ...

**'સ્વાનુભૂતિકાળે અનંતગુણસાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે.'**

ભગવાન આત્મા—'ભગ' એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાન્તિ, અનંત વીર્ય આદિ સ્વરૂપલક્ષ્મી અને 'વાન' એટલે વાળો-યુક્ત-સહિત; અનંત સ્વરૂપલક્ષ્મીવાળો હોવાથી આત્મા સ્વયં ભગવાન છે—સ્વાનુભૂતિકાળે પોતાના આનંદ, શાન્તિ આદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વરૂપને અનુસરીને—અવલંબીને, તેનો આશ્રય કરીને જ્ઞાન, આનંદ, શાન્તિ આદિ ગુણોની પર્યાયોમાં અદ્‌ભુત નિર્મળતાનું વેદન થાય તેને સ્વાનુભૂતિ કહે છે. અહા! સ્વાનુભૂતિ થતાં જે આનંદ પ્રગટ થાય છે તેની તો શીવાત! ઇન્દ્રના ઇંદ્રાસન કે ચક્રવર્તીના ભોગમાં જેની અંશ પણ ગંધ નથી એવો કોઈ અલૌકિક આત્મિક આનંદ સ્વાનુભૂતિમાં વેદાય છે. સ્વાનુભૂતિના સમયે અનંતગુણસાગર નિજ ભગવાન આત્મા—આત્મા જ્ઞાન, આનંદ ને શાન્તિ આદિ અનંત શક્તિઓનું અખંડ સત્ત્વ, શક્તિઓનો મહાસાગર છે—પોતાના આનંદ, જ્ઞાન, શાન્તિ વગેરે ગુણોની કોઈ અદ્‌ભુત સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. 'રમતો પ્રગટ થાય છે' એટલે સહજપણે પરિણમતો પ્રગટ થાય છે. ત્રિકાળી શુદ્ધ ધ્રુવ સ્વભાવમાં તો કાંઈ 'રમવું' કે 'પરિણમવું' છે નહિ, પણ પોતાના સહજજ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણસામર્થ્યોથી પરિપૂર્ણ અખંડ ધ્રુવ સ્વભાવના આશ્રયે આત્માને આનંદાદિ ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં 'રમવું' ને 'પરિણમવું' પ્રગટ થાય છે. અહા! સ્વાનુભૂતિ થતાં આવી કોઈ ચમત્કારિક અદ્‌ભુતતા પ્રગટે છે.

**'તે નિર્વિકલ્પ દશા અદ્‌ભુત છે, વચનાતીત છે.'**

ભગવાન આત્માને, પોતાના અનંતગુણસામર્થ્યભરપૂર ધ્રુવ સ્વભાવને અનુસરીને, આનંદાદિના નિર્વિકલ્પ વેદનરૂપ નિર્મળ પર્યાય થવી તે સ્વાનુભૂતિ છે. તે નિર્વિકલ્પ દશા કોઈ અદ્‌ભુત છે. વચનથી અગોચર છે, તેનું શબ્દોમાં વર્ણન થઈ શકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે.'**

સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પ્રગટ થતાં આખું જીવન પલટાઈ જાય છે, સમસ્ત સાંસારિક ભાવોનો અંતરથી રસ છૂટી જાય છે, જાણે નવો અવતાર થઈ ગયો હોય એવું થઈ જાય છે. રાગ ને કષાયના વેદનનું જે જીવન હતું તે આખું પલટીને શાન્તિસુધામય થઈ ગયું અને ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદપણે વેદનમાં આવ્યો. અહો ! એ દશા કોઈ અદ્ભુત છે, વચનથી કહી શકાય એવી નથી. અનાદિથી દૃષ્ટિ પરદિશા તરફ હતી તેથી દશામાં દુઃખ હતું, હવે દૃષ્ટિ સ્વદિશામાં — સ્વદેશમાં — વળી, તેથી જીવનની દશા આખી પલટાઈ ગઈ, આનંદમય બની ગઈ. અહા ! એ દશા કોઈ અવર્ણનીય છે ! આ આખા પૅરેગ્રાફમાં કોઈ અલૌકિક વાતો છે. સમજાય છે કાંઈ ? ભાવનગરના પ્રોફેસર આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) લઈ ગયા હતા; વાંચીને પત્રમાં લખે છે કે — 'આમાં તો પૅરેગ્રાફે પૅરેગ્રાફે નિધાન ભર્યાં છે.' અહા ! સહજ આવ્યું છે ને? એક-એક પૅરેગ્રાફે બેડો પાર થાય એવી આ ચીજ છે, બાર અંગનો સાર છે. બાર અંગમાં પણ 'અનુભૂતિ' કહેવી છે ને? કળશટીકામાં આવે છે ને ! — 'કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.' બાર અંગમાં પણ સ્વાનુભૂતિ કરવાનું કહ્યું છે. એ કોઈ વચનાતીત અદ્ભુત દશા છે. તે પ્રગટતાં આખું જીવન પલટાઈ જાય છે.

સ્વાનુભૂતિકાળે આત્મા પોતાના આનંદાદિ અનંત ગુણોની સ્વાભાવિક અદ્ભુત પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. જ્ઞાનીને આનંદના વેદન સાથે ભૂમિકા પ્રમાણે જેટલો રાગ છે તેટલું દુઃખ પણ છે. ચોથે, પાંચમે ને છઠ્ઠે ગુણસ્થાને સ્વભાવસન્મુખ થઈને જેટલી શક્તિની વ્યક્તતા પ્રગટ થઈ છે તેટલી શાન્તિ ને આનંદ છે, પણ જ્યાં સુધી પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ નથી ત્યાં સુધી રાગાદિ ભાવો આવે છે અને એટલું દુઃખ પણ છે. સ્વભાવના અવલંબને જેટલી શુદ્ધિ પ્રગટી છે તેટલી જ્ઞાનધારા, આનંદધારા, શાન્તિધારા ને સ્વચ્છતાની ધારા છે અને નબળાઈને લીધે જે રાગાદિ ભાવ થાય છે તે કર્મધારા, દુઃખધારા, અશાન્તિધારા ને મલિનતાની ધારા છે. જ્ઞાની થયો એટલે તેને દુઃખનું વેદન જરાય ( અસ્થિરતા-અપેક્ષાએ પણ ) નથી — એમ નથી. સર્વજ્ઞને દુઃખનું વેદન જરાય નથી, મિથ્યાદૃષ્ટિને આનંદનું વેદન જરાય નથી અને સાધકદશામાં ભૂમિકા પ્રમાણે આનંદ ને દુઃખનું વેદન બેય સાથે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન થતાં ભગવાન આત્માના આનંદનો જેને અનુભવ થયો તેને હવે જગતની કોઈ બાહ્ય ચીજ ખેંચી શકે, આકર્ષી શકે — એવું રહ્યું નથી. જગતની કોઈ ચીજ — સુંદર અપ્સરાઓ કે બીજા કોઈ ભોગોપભોગ — લલચાવી શકે નહિ એવો અદ્દ્ભુત અનુભૂતિનો આનંદ છે. સમયસારમાં 'अद्भुतादद्भुत:' આવે છે ને? આત્માનો અદ્દ્ભુતથી પણ અદ્દ્ભુત સ્વભાવમહિમા જયવંત વર્તે છે. જ્ઞાનીઓને જોકે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્દ્ભુત પરમ આનંદ થાય છે, અને તેથી આશ્ચર્ય પણ થાય છે. અહો! સ્વભાવના અવલંબને પ્રગટેલી નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશા કોઈ અદ્દ્ભુત છે, વચનાગોચર છે; તે દશા પ્રગટ થતાં આખું જીવન જાત્યંતર થઈ જાય છે, પલટાઈ જાય છે.

— ✻ —

## વચનામૃત — ૪૨૪

**પ્રશ્ન : — આત્મદ્રવ્યનો ઘણો ભાગ શુદ્ધ રહીને માત્ર થોડા ભાગમાં જ અશુદ્ધતા આવી છે ને?**

**ઉત્તર : — નિશ્ચયથી અશુદ્ધતા દ્રવ્યના થોડા ભાગમાં પણ આવી નથી, તે તો ઉપર ઉપર જ તરે છે. ખરેખર જો દ્રવ્યના થોડા પણ ભાગમાં અશુદ્ધતા આવે અર્થાત્ દ્રવ્યનો થોડો પણ ભાગ અશુદ્ધ થાય, તો અશુદ્ધતા કદી નીકળે જ નહિ, સદાકાળ રહે! બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો દ્રવ્યના ઉપર તરે છે પણ તેમાં ખરેખર સ્થાન પામતા નથી. શક્તિ તો શુદ્ધ જ છે, વ્યક્તિમાં અશુદ્ધતા આવી છે. ૪૨૪.**

**'પ્રશ્ન : — આત્મદ્રવ્યનો ઘણો ભાગ શુદ્ધ રહીને માત્ર થોડા ભાગમાં જ અશુદ્ધતા આવી છે ને?'**

પૂર્ણાનંદસ્વરૂપ ત્રિકાળી જ્ઞાયકપ્રભુ સ્વયં અસ્તિત્વયુક્ત મહાન પદાર્થ છે. તે મહાપદાર્થનો ઘણો ભાગ શુદ્ધ રહીને ફક્ત થોડા ભાગમાં જ તેને અશુદ્ધતા આવી છે ને?

**'ઉત્તર : —'**

પ્રશ્ન એમ છે કે — ભગવાન આત્મા જે પૂર્ણ વસ્તુ છે તેના થોડા ભાગમાં અશુદ્ધતા ને ઘણા ભાગમાં શુદ્ધતા — એમ છે? તેનો ઉત્તર આપતાં કહે છે કે —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'નિશ્ચયથી અશુદ્ધતા દ્રવ્યના થોડા ભાગમાં પણ આવી નથી, તે તો ઉપર ઉપર જ તરે છે.'**

ભગવાન આત્મા દ્રવ્ય-અપેક્ષાએ ત્રિકાળશુદ્ધ, ગુણભેદ ને પર્યાય રહિત અભેદ એકરૂપ જ્ઞાયક ધ્રુવ સત્ત્વ છે. પુણ્યપાપ વગેરે અશુદ્ધતા દ્રવ્યના એટલે કે ધ્રુવ સત્ત્વના થોડા ભાગમાં પણ આવી નથી. વસ્તુમાં અશુદ્ધતા તો પર્યાય-અપેક્ષાએ છે; તે તો, પાણીના દળ ઉપર તેલનાં ટીપાંની જેમ, ઉપર ઉપર જ તરે છે. તેલનું ટીપું જેમ પાણીના દળમાં પેસતું નથી, ઉપર ઉપર રહે છે, તેમ રાગાદિ અશુદ્ધતા દ્રવ્યસ્વભાવમાં પેસતી નથી, ઉપર ઉપર રહે છે. અશુદ્ધતા તો પર્યાયમાં છે ને? દ્રવ્યસ્વભાવ તો ત્રણે કાળે શુદ્ધ જ છે, તેના થોડા ભાગમાં પણ કદી અશુદ્ધતા આવતી નથી; માત્ર પર્યાયમાં અશુદ્ધતા છે અને તે પણ ઉપર ઉપર જ તરે છે.

જીવ વગેરે બધી વસ્તુઓ સત્ છે. સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે; તેથી પૂર્વ પર્યાયનો નાશ, નવી પર્યાયનો ઉત્પાદ અને મૂળ દ્રવ્યપણે ધ્રુવ રહેવું તે વસ્તુનો સ્વતઃસિદ્ધ સહજ સ્વભાવ છે. રાગાદિ અશુદ્ધતા, વસ્તુમાં ઉત્પાદવ્યયરૂપ પર્યાય-અપેક્ષાએ ઉપર ઉપર તરતી હોવા છતાં, ત્રિકાળશુદ્ધ દ્રવ્યસ્વભાવમાં, તેના થોડા ભાગમાં પણ, પ્રવેશ પામતી નથી. અહા! શરીર, વાણી ને કર્મ વગેરે પરદ્રવ્ય તો ઉપર પણ તરતાં નથી, કેમ કે તે પદાર્થો તો આત્માથી સર્વથા ભિન્ન — પૃથક્ જ છે; પરંતુ અશુદ્ધતા પરદ્રવ્યની જેમ પૃથક્ નથી, આત્માની પર્યાયમાં ઉપલકભાવે ઉપર ઉપર તરે છે; તે અંદર દ્રવ્યના થોડા ભાગમાં પણ આવતી નથી. મણ — અર્ધો મણ પાણીના દળમાં તેલનું ટીપું ઉપર ઉપર તરે છે, દળમાં પ્રવેશતું નથી; એમ અશુદ્ધતા ધ્રુવ દળમાં પ્રવેશતી નથી, ઉપર ઉપર રહે છે. દ્રવ્ય સ્વભાવે કદી અશુદ્ધ થતું જ નથી. દ્રવ્ય સદા પારિણામિકભાવે છે. કેવળીને પણ, દ્રવ્યમાં અશુદ્ધતા આવી ગઈ — એમ ભાસતું નથી; સ્વભાવે પારિણામિક એવું દ્રવ્ય અશુદ્ધ થતું જ નથી, પછી 'તે અશુદ્ધ થયું છે' એમ કેમ ભાસે? દ્રવ્યસ્વભાવ તો સદા પરિપૂર્ણ અખંડ એકરૂપ છે. સાદિ-અનંત કાળ ગમે તેટલી શુદ્ધ પર્યાયો થાય તોપણ દ્રવ્યસ્વભાવ તો સદા એકરૂપ પરિપૂર્ણ છે. દ્રવ્યસ્વભાવમાં જો ઘટવધ કે સમળ-નિર્મળતા થાય તો તેનું એકરૂપ ધ્રુવત્વ જ ખતમ થઈ જાય. માટે ખરેખર અશુદ્ધતા દ્રવ્યસ્વભાવના થોડા ભાગમાં પણ આવી નથી, તે તો પર્યાયમાં ઉપર ઉપર જ તરે છે. અહા! વસ્તુસ્વરૂપ કોઈ અચિન્ત્ય છે! સાધારણના તર્કમાં આવી જાય — બેસી જાય એવી એ ચીજ નથી. આ વાતને સિદ્ધ કરવા હવે ન્યાય આપે છે.

**'ખરેખર જો દ્રવ્યના થોડા પણ ભાગમાં અશુદ્ધતા આવે અર્થાત્ દ્રવ્યનો થોડો પણ ભાગ અશુદ્ધ થાય, તો અશુદ્ધતા કદી નીકળે જ નહિ, સદાકાળ રહે!'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય એટલે વસ્તુનું ત્રિકાળી એકરૂપ ધ્રુવ સત્ત્વ. ભગવાન આત્માના — દ્રવ્યના — થોડા પણ ભાગમાં રાગાદિ અશુદ્ધતા આવે તો તે ક્યારેય નીકળે નહિ. દ્રવ્ય તો કાયમ રહેનારી ધ્રુવ ચીજ છે, એમાં અશુદ્ધતા હોય તો તે કાયમ રહેવી જોઈએ. પ્રભુ! તું કોણ છો? તારું જ્ઞાનાદિ અનંત અનંત સામર્થ્યભરપૂર ત્રિકાળી ધ્રુવ સત્ત્વ કેટલું મહાન છે? — તેની તને ખબર નથી. તારી જે એક સમયની વર્તમાન પર્યાય છે, બસ! એમાં જ અનાદિથી તેં વિભાવની રમતો કરી છે, પણ પર્યાયની સાથે અંદર જે ત્રિકાળ એકરૂપ દ્રવ્ય — મહાપ્રભુ — છે ત્યાં તેં કદી નજર કરી નથી. સમજાય છે કાંઈ? અહા! આ તો દુનિયાના પેલા પારની વાતો છે, દુનિયાની વાતો કરતાં સાવ જુદી જ વાત છે.

વસ્તુ તો સ્વભાવે કાયમ એકરૂપ રહે છે. વસ્તુના — કાયમી સ્વરૂપના — થોડા પણ ભાગમાં મિથ્યાત્વ ને રાગાદિની મલિનતા આવે, તો અશુદ્ધતા ક્યારેય નીકળશે નહિ, સદાકાળ રહેશે. મલિનતા વર્તમાન પર્યાયમાં પરના લક્ષે થઈ છે, તોપણ દ્રવ્ય-સામાન્ય તો સદા પરિપૂર્ણ એકરૂપ જ છે. અનાદિ કાળથી મિથ્યાત્વ ને રાગાદિની ઘણી પર્યાયો થઈ અને ગઈ — પર્યાયો થઈ અને ગઈ એ સત્ય છે, આકાશના ફૂલ જેવું નથી — છતાં દ્રવ્ય સ્વભાવે તો શુદ્ધ, પરિપૂર્ણ ને એકરૂપ જ રહ્યું છે. વિભાવરૂપે પલટવું કે વિભાવના અભાવરૂપે પલટવું — એવા બંધ-મોક્ષના પલટા-બલટા દ્રવ્યસ્વભાવમાં થતા નથી.

પર્યાય તો વસ્તુમાં ઉપર-તરતો ક્ષણિક ભાવ છે; તે, ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં કદી પેસતો નથી; માટે દ્રવ્ય પર્યાયને અડતું નથી ને પર્યાય દ્રવ્યને અડતી નથી — એમ કહેવાય છે. સમયસારની ૪૯મી ગાથાની ટીકામાં 'અવ્યક્ત' ના બોલોમાં પણ કહ્યું છે કે — વ્યક્ત ને અવ્યક્તનું એક સમયમાં જ્ઞાન થવા છતાં વ્યક્તને અવ્યક્ત અડતું નથી. અહા! વસ્તુસ્વરૂપ તો કોઈ અદ્ભુત છે ભાઈ! આત્મવસ્તુ દ્રવ્યસ્વભાવે દરેક સમયે પરિપૂર્ણ શુદ્ધ છે; તેનો દ્રવ્યસ્વભાવ કદી અંશે પણ અશુદ્ધ થતો નથી.

**'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો દ્રવ્યના ઉપર તરે છે પણ તેમાં ખરેખર સ્થાન પામતા નથી.'**

સમયસારની ૧૪-૧૫ મી ગાથાઓમાં પણ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત અવિશેષ ને અસંયુક્ત એટલે કે સ્વભાવે ત્રિકાળ મુક્ત ને શુદ્ધ કહ્યો છે. બંધ અને મોક્ષ — બંને પર્યાય-અપેક્ષાએ છે, વસ્તુસ્વભાવ તો ત્રિકાળ મુક્ત અને શુદ્ધ જ છે. બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે સ્વભાવના ઉપર તરે છે તોપણ દ્રવ્યમાં પ્રતિષ્ઠા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે. એવા શુદ્ધ દ્રવ્યસ્વભાવનો, મોહ રહિત થઈને, હે ભવ્ય! તું અનુભવ કર. વાહ રે ભગવાન! એ આત્મતત્ત્વ કેવું છે? 'અદ્‌ભુતાદ્-અદ્‌ભુત' છે. અહા! આવી ચીજ છે; લોકોને સાંભળવા પણ મળતી નથી; ઉપદેશકોએ ચડાવી દીધા બહારમાં — વ્રત કરો, તપ કરો ને ભક્તિ કરો; પણ ભાઈ! ભગવાન આત્મા કેવડો મહાન છે તે તારી પ્રતીતિમાં ન આવ્યું તો એ બધું થોથાં છે. ભગવાન દ્રવ્યસ્વભાવનાં અંતરમાં દર્શન ન થાય અને પર્યાયનાં ને રાગનાં દર્શન થાય એ તો અનાદિ કાળનો રખડવાનો પંથ છે. દ્રવ્યસ્વભાવમાં — ભગવાન આત્મામાં — પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય પણ, અંદર ખરેખર સ્થાન પામતી નથી, પર્યાયમાત્ર દ્રવ્યસ્વભાવના ઉપર જ તરે છે. શુદ્ધ પર્યાય પણ ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ પામતી નથી. ત્યાં દ્રવ્યના — ધ્રુવ સ્વભાવના — થોડા ભાગમાં પણ અશુદ્ધતા આવે — એ વાત જ રહેતી નથી. દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ છે.

**'શક્તિ તો શુદ્ધ જ છે, વ્યક્તિમાં અશુદ્ધતા આવી છે.'**

શક્તિ એટલે ત્રિકાળી ધ્રુવ સામર્થ્ય અને વ્યક્તિ એટલે વર્તમાન પ્રગટતી ક્ષણિક પર્યાય. આત્માને ક્ષણિક પ્રગટ પર્યાયમાં અશુદ્ધતા આવી છે, શક્તિરૂપ ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં નહિ. શક્તિરૂપ ધ્રુવ દ્રવ્યસ્વભાવ તો સદાશુદ્ધ છે. અહા! આવી વાત છે.



નિમિત્તની અપેક્ષા લેવામાં આવે તો બંધ-મોક્ષ એ પડખાં પડે છે અને તેની અપેક્ષા ન લેતાં એકલું નિરપેક્ષ તત્ત્વ જ લક્ષમાં આવે તો સ્વપર્યાય પ્રગટે છે.

— પૂજ્ય ગુરુદેવશ્રી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૭૮

તા. ૩–૧–૭૯

## વચનામૃત — ૪૨૫

પ્રશ્ન :— જિજ્ઞાસુ જીવ તત્ત્વને યથાર્થ ધારવા છતાં કેવા પ્રકારે અટકી જાય છે?

ઉત્તર :— તત્ત્વને ધારવા છતાં જગતના કોઈક પદાર્થોમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય — ઇત્યાદિ પ્રકારે તે જીવ અટકી જાય છે. બાકી જે ખાસ જિજ્ઞાસુ — આત્માર્થી હોય અને જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય તે તો ક્યાંય અટકતો જ નથી, અને તે જીવને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવની લગનીના બળે નીકળી જાય છે; અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ ક્યાંય અટક્યા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે. ૪૨૫.

'પ્રશ્ન :— જિજ્ઞાસુ જીવ તત્ત્વને યથાર્થ ધારવા છતાં કેવા પ્રકારે અટકી જાય છે?'

ગુરુ પાસે સાંભળીને ને શાસ્ત્રના અભ્યાસથી જીવાદિ દ્રવ્યના ને પુણ્ય-પાપાદિ તત્ત્વના સ્વરૂપની સાચી ધારણા કરવા છતાં જિજ્ઞાસુ જીવ કયાં ને કેવા પ્રકારે અટકી જાય છે? — આ પ્રશ્ન છે.

'ઉત્તર :—'

મુદ્દાનો પ્રશ્ન છે. જિજ્ઞાસા હોવા છતાં, વળી ગુરુનો ઉપદેશ સાંભળીને તથા શાસ્ત્રનો અભ્યાસ કરીને છ દ્રવ્ય, નવ તત્ત્વ, દ્રવ્ય-ગુણ-પર્યાય, સ્વભાવ-વિભાવ વગેરેની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**યથાર્થ ધારણા પણ કરી હોવા છતાં, જીવ કેવા પ્રકારે અટકી જાય છે, આત્મસ્વરૂપની પ્રાપ્તિથી વંચિત રહી જાય છે?—તે પ્રશ્નનો ઉત્તર આપે છે.**

**'તત્ત્વને ધારવા છતાં જગતના કોઈક પદાર્થોમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય—ઇત્યાદિ પ્રકારે તે જીવ અટકી જાય છે.'**

તત્ત્વની ધારણા કરવા છતાં તે જીવને અંદર ઊંડે ઊંડે સૂક્ષ્મપણે બહારના કોઈક પદાર્થોમાં સુખબુદ્ધિ રહી જાય છે. તત્ત્વને ધારવા છતાં એ વડે જો પોતાનું અયથાર્થ પ્રયોજન સાધે તો તેને સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. દુનિયાને સંભળાવું, શ્રોતાઓ રાજી થાય તો મારું જ્ઞાન યથાર્થ કહેવાય, બીજાને સમજાવું તો મારું જ્ઞાન બહારમાં પ્રસિદ્ધ થાય, બીજા સમજે તો બહારમાં મારી ખ્યાતિ તેમ જ માન વધે — એવી જે અંદરમાં બુદ્ધિ છે તે અયથાર્થ પ્રયોજન છે; તેમાં તો સ્પષ્ટપણે બહારની મોટપમાં સુખની કલ્પના છે.

જીવે અનંત વાર બહારથી મુનિપણું લઈને અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન કર્યું, કરોડો શ્લોકો કંઠસ્થ કર્યા, પણ અંદરમાં તેને ઊંડે ઊંડે ક્યાંક પર તરફનો રાજીપો રહી ગયો તેથી તે બધું જરાય કલ્યાણનું સાધન થયું નહિ; અંદર આત્માનું યથાર્થ ગ્રહણ — પોતાની શુદ્ધ સત્તાનું યથાર્થ અવલંબન — થયું નહિ. બધું જાણપણું પરસત્તા-વલંબી રહ્યું. ઘણા માણસો મારું વ્યાખ્યાન સાંભળે તો મારું જ્ઞાન ઘણું બહાર પડે — એવો અંદરમાં રાજીપો રહી જાય તો તે જીવનને આત્મજ્ઞાન ઉદય પામતું નથી. તેણે 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શરીરાદિ જડ — અચેતન છે' એમ ધારણા ભલે ધારી હોય, પણ અંતરમાં પ્રયોજન જો માનનું હોય, બહારમાં રાજીપો વર્તતો હોય તો તેને, ત્યાં અટકી જવાથી, આત્માની પ્રાપ્તિ થતી નથી.

મોક્ષમાર્ગપ્રકાશકના ચોથા અધિકારમાં કહ્યું છે કે — મિથ્યાદૃષ્ટિ જીવ ક્યારેક કોઈક પદાર્થને કંઈક સત્ય જાણે તોપણ તે નિશ્ચયરૂપ નિર્ધાર સહિત શ્રદ્ધાનપૂર્વક જાણતો નથી, તેથી તેના જ્ઞાનને યથાર્થ કહેતા નથી. વળી કહ્યું છે કે — તેણે તત્ત્વની ધારણા કરી હોવા છતાં તેનું જાણપણું કારણવિપરીતતા, સ્વરૂપવિપરીતતા કે ભેદાભેદવિપરીતતા સહિત છે. તેને પોતાને પકડવામાં ન પણ આવે, છતાં ઊંડે ઊંડે વિપરીતતા રહી હોય છે. એ પ્રમાણે અજ્ઞાનીને, તત્ત્વની ધારણા હોવા છતાં, જાણવામાં વિપરીતતા હોય છે. એ તો ઠીક પણ તે ઉપરાંત ત્યાં એમ કહ્યું છે કે — મિથ્યાદૃષ્ટિને કદાચિત્ તત્ત્વની સાચી ધારણા હોય, સાચું જાણપણું હોય તોપણ, તે વડે પોતાનું માનાદિ અયથાર્થ પ્રયોજન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધે છે તેથી, તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. તેનું બધું જાણપણું મિથ્યાજ્ઞાન છે. સત્ય જાણે છતાં તેને મિથ્યાજ્ઞાન કહેવું ? ભાઈ ! એ તો બહિર્લક્ષી ધારણાની અપેક્ષાએ તેને સત્ય જ્ઞાન કહ્યું છે પણ તેને તે બહિર્લક્ષી જાણપણું માનાદિરૂપ અયથાર્થ પ્રયોજન સાધતું હોવાથી ને આત્માના હિતનું પ્રયોજન નહિ સાધતું હોવાથી મિથ્યાજ્ઞાન છે.

તત્ત્વને ધારવા છતાં 'મારું લોકો સાંભળે', 'મને આવડે છે - એમ લોકો જાણે' વગેરે પ્રકારે જીવને બહારમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય છે. બહેનના બોલમાં આવ્યું છે ને! — 'મને આવડે છે' એમ આવડતની ફૂંકના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે. આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે. જેને બહાર પડવાનો અંદરમાં રસ છે તેને ગુપ્ત રહેવાનો ભાવ નથી, તે તો કોઈ પણ રીતે બહાર પડવાનાં વલખાં મારે છે. ધારણા સાચી હોવા છતાં તેને સમ્યગ્જ્ઞાન કેમ કહેવાય? તેને ઊંડે ઊંડે બહારમાં સુખની કલ્પના, બહારનો પ્રેમ રહી જાય છે. અહા! આમાં — 'વચનામૃત' માં — આગળ ઘણા ન્યાયો આવી ગયા છે. જુઓ ને કેવી સહેલી ભાષા છે! શબ્દો પણ યથાર્થ છે.

તત્ત્વને ધારવા છતાં, જગતના કોઈક પદાર્થોમાં સુખની બુદ્ધિ રહી જવાથી જીવ અટકી જાય છે — એ વાત થઈ. હવે શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જવાથી જીવ અટકી જાય છે — એ વાત આવે છે.

શુભ પરિણામો અનેક પ્રકારના હોય છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ સંબંધી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના ભેદ સંબંધી, ગુણ-ગુણીના ભેદ સંબંધી — ઇત્યાદિ તત્ત્વવિચારાત્મક ભેદવિકલ્પો પણ શુભ પરિણામોમાં સમાય છે. આ આત્મા અભેદ જ્ઞાનસ્વરૂપ છે — એમ લક્ષ ન કરતાં જે ઉપર કહેલા ભેદોના રસમાં રોકાય છે તેને શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ છે. સમયસાર-કળશટીકામાં (શ્લોક ૮) કહ્યું છે કે — જો શુદ્ધ જીવવસ્તુ-માત્ર ન જોવામાં આવે, ગુણ-પર્યાયમાત્ર કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાત્ર જોવામાં આવે, તો જીવવસ્તુ આવી પણ છે; જો એવા ભેદ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે; આવો અનુભવ સમ્યક્ત્વ છે. વળી ત્યાં કહ્યું છે કે — ભેદ-બુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ — ભેદ પણ જૂઠો છે, શુદ્ધ અભેદ વસ્તુમાત્ર છે; આવો અનુભવ સમ્યક્ત્વ છે. આનો આશય એમ ગ્રહવો કે — આત્માર્થી જીવે ભેદોની આશ્રયબુદ્ધિ છોડી અભેદ શુદ્ધ જ્ઞાયકનો આશ્રય કરવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'હું તો આ જ્ઞાયક છું, આ રાગ નહિ — આ નહિ' એમ અંદરમાં ભેદ ઊઠે તે પણ ભેદવિકલ્પ છે. અંદર રાગથી જુદો પડીને અનુભવ થઈ જાય તો એ ભેદજ્ઞાન અભેદ થઈ ગયું.

જો જ્ઞાનસ્વરૂપ આત્માના શુદ્ધ અસ્તિત્વને પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જીવ જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે બહારનું જાણે — શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે — તેમાં તલ્લીન થઈ જાય છે. જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે. એમાં જ અટકી જાય છે. આ બધાંનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે. જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, જાણનારને જાણ્યો નહિ, તો તે બધું જાણ્યાનું ફળ શું? જે જ્ઞાન આત્માના શુદ્ધ અસ્તિત્વનું ગ્રહણ કરે નહિ, એકાન્ત જ્ઞેયનિમગ્ન રહે, તેને 'પરમાર્થ-વચનિકા' માં પરસત્તાવલંબી કહ્યું છે, તે મોક્ષનો માર્ગ નથી એટલે કે બંધનો માર્ગ છે. અહા! ઝીણી વાત છે ભાઈ! સમજાણું કાંઈ? તત્ત્વને ધારવા છતાં ઊંડે ઊંડે પરમાં સુખની કલ્પના કે શુભ પરિણામમાં — કે જે વ્રત, તપ, ભક્તિ વગેરે ઘણા પ્રકારના છે, અરે! ગુણ-ગુણીનો ભેદ પણ શુભ રાગ છે, તેમાં — ઉપાદેયબુદ્ધિ રહી જાય વગેરે પ્રકારે — તે જીવ અટકી જાય છે. વર્તમાન પરિણમનને અંદર સ્વભાવમાં જે વાળવું જોઈએ, તે ન વાળતાં પર્યાયબુદ્ધિમાં આ રીતે જીવ અનેક પ્રકારે અટકી જાય છે.

આ તો સૂક્ષ્મપણે જીવ ક્યાં અટકી જાય છે તેની વાત છે, પણ કોઈ જીવ સમ્યક્ત્વ પામીને પડી પણ જાય છે. કઈ રીતે અટકી કે પડી જાય છે? — અંદરમાં ઊંડે ઊંડે બહારમાં સુખની કલ્પના કે શુભ રાગમાં ઉપાદેયપણાની બુદ્ધિ થઈ જવાથી એમ બને છે.

હવે ખાસ આત્માર્થીની વાત આવે છે :—

**'બાકી જે ખાસ જિજ્ઞાસુ — આત્માર્થી હોય અને જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય તે તો ક્યાંય અટકતો જ નથી, અને તે જીવને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવની લગનીના બળે નીકળી જાય છે; અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ ક્યાંય અટક્યા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે.'**

અંતરમાં જવા માટે જેને ખરી પાત્રતા પ્રગટી છે એવો આત્માર્થી જીવ તો બહારના પદાર્થોમાં કે વ્યવહારના — શુભ — ભાવોમાં ક્યાંય અટકતો જ નથી. તેને જે જ્ઞાન પ્રગટ્યું છે તે અંતરમાં જવા માટે છે, બહારમાં અટકવા કે બતાવવા માટે નહિ. 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ' — એમ જેને માત્ર આત્મા જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ છે, વાસ્તવિક તત્ત્વને પામવાની ખરી જિજ્ઞાસા, લગની ને તમન્ના છે, દુનિયામાં બહાર પડવાનું કે બીજા કોઈ પ્રકારનું પ્રયોજન નથી, તે તો ક્યાંય અટકતો જ નથી, અને જો તેને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય, ખ્યાલફેર થઈ ગયો હોય, તો તે પણ અંદર સ્વભાવની લગનીના બળે નીકળી જાય છે. ખાસ પ્રકારની પાત્રતાવાળો જિજ્ઞાસુ આત્માર્થી બહારમાં — શુભ રાગમાં કે બીજી કોઈ ચીજમાં — ક્યાંય અટકતો જ નથી. જો તેને બહારની કોઈ ચીજનું ઊંડે ઊંડે આશ્ચર્ય રહી ગયું હશે તો તે સ્વભાવની તીવ્ર લગનીના બળે કાઢી નાખશે. 'મારે એકલો આત્મા જ જોઈએ છે' એવી ખાસ જિજ્ઞાસા — આત્માર્થિતા અને ખાસ પ્રકારની અંતરની પાત્રતા — આ બે વાત જેને વિષે હોય તે જીવ બીજે ક્યાંય અટકી જતો નથી. જો તે જીવને જ્ઞાનની — તત્ત્વ સંબંધી કોઈ વિષયની — ભૂલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવપ્રાપ્તિની તીવ્ર તડપના બળે નીકળી જશે. તેને 'લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ, તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ' — બીજી બધી વાત એક કોર મૂકીને કેવળ નિજસર્વજ્ઞ સ્વભાવી જ્ઞાયકભાવને અંતરમાં ગ્રહણ કરવાની તીવ્ર જિજ્ઞાસા છે. એને અંતરમાં એક જ પ્રયોજન છે — જ્ઞાયકસ્વભાવી પૂર્ણાનંદનો નાથ નિજ આત્મભગવાન પકડવો છે; બસ એક જ વાત છે. આવી અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ બીજે ક્યાંય અટક્યા વિના, બીજે ક્યાંય ખેંચાયા વિના, પોતાના જ્ઞાયકસ્વભાવને પ્રાપ્ત કરી લે છે. અહા! બહુ સરસ વાત છે. સમજાય છે કાંઈ?' મધ્યસ્થ થઈને જો કોઈ આ વાંચે તો તેને એમ થાય કે આ પુસ્તકમાં તત્ત્વનાં નિધાન ભર્યાં છે.

— ❊ —

## વચનામૃત — ૪૨૬

**પ્રશ્ન :— મુમુક્ષુએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું?**

**ઉત્તર :— અનાદિકાળથી આત્માએ પોતાનું સ્વરૂપ છોડ્યું નથી. પણ ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે' એમ તેને ભાસ્યું છે. અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે, આનંદસ્વરૂપ જ છે. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે. — આવા જ્ઞાયક આત્માને બધાંથી જુદો — પરદ્રવ્યથી જુદો, પરભાવોથી જુદો — જાણવાનો પ્રયત્ન કરવો. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. જ્ઞાયક આત્માને ઓળખવો.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જ્ઞાયકસ્વરૂપ છું' એવો અભ્યાસ કરવો, તેની પ્રતીતિ કરવી; પ્રતીતિ કરી તેમાં ઠરી જતાં, અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે તે પ્રગટ અનુભવમાં આવે છે. ૪૨૬.**

**'પ્રશ્ન :— મુમુક્ષુએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું ?'**

જેને માત્ર મોક્ષનું જ કામ છે, આત્માર્થનું જ પ્રયોજન છે એવા મુમુક્ષુ જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું ? — આ પ્રશ્ન છે.

**'ઉત્તર :—'**

હવે તે પ્રશ્નનો બહેન ઉત્તર આપે છે કે —

**'અનાદિકાળથી આત્માએ પોતાનું સ્વરૂપ છોડયું નથી, પણ ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે' એમ તેને ભાસ્યું છે.'**

આત્માએ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર પોતાનું સહજ સ્વરૂપ અનાદિકાળથી કદી છોડયું નથી, પણ સ્વરૂપ વિષેની ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે — જાણે અંદર કોઈ ચૈતન્યદ્રવ્ય છે જ નહિ' એમ તેને ભાસ્યું છે. વસ્તુસ્વરૂપ પણ એવું ને એવું અનાદિનું છે અને ભ્રાન્તિ પણ અનાદિની છે. દ્રવ્ય શું પોતાનો સ્વભાવ — જ્ઞાનાદિ સામર્થ્યભરપૂર પોતાનું સહજ અસ્તિત્વ — કદી છોડે ? છતાં ભ્રાન્તિને લીધે, તેનું લક્ષ નહિ હોવાથી, જાણે આત્મવસ્તુ કંઈ છે જ નહિ — એમ તેને ભાસ્યું છે. અહો ! મુદ્દાની વાત છે. 'વર્તમાન રાગ ને પર્યાય જેટલો જ હું છું' એવી પર્યાયબુદ્ધિને લીધે, ત્રિકાળી સ્વરૂપ જાણે છે જ નહિ — એમ તેને ભાસે છે. પર્યાયબુદ્ધિ કહો, અંશબુદ્ધિ કહો કે ભ્રાન્તિ કહો — તેને લીધે, જાણે સ્વરૂપ છોડી દીધું છે — એમ તેને ભાસ્યું છે.

**'અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે, આનંદસ્વરૂપ જ છે.'**

ગમે તેટલી ક્ષણસ્થાયી વિકારી પર્યાયો થઈ ગઈ, કામક્રોધ કે ગતિ વગેરેના વિભાવ પરિણામ થયા, તોપણ વસ્તુનું મૂળ સ્વરૂપ તો સદાશુદ્ધ, જ્ઞાયક-સ્વરૂપ ને આનંદસ્વરૂપ જ છે. દ્રવ્યના મૂળ સ્વભાવને અશુદ્ધતા, અપૂર્ણતા કદી સ્પર્શી જ નથી. દ્રવ્ય અનાદિ-કાળથી શુદ્ધતાથી ભરેલું છે એટલે કે તે કેવળ જ્ઞાન ને આનંદસ્વરૂપ જ છે, તેમાં — મૂળ દ્રવ્યસ્વરૂપમાં — અજ્ઞાન, રાગ કે દુઃખ કદી પ્રવેશ પામ્યાં જ નથી. અજ્ઞાન, રાગ ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુઃખ વગેરે તો તેની — આત્માની — વર્તમાન ક્ષણિક પર્યાયમાં જ છે, દ્રવ્યસ્વભાવમાં નહિ. આત્માએ સહજ જ્ઞાન ને આનંદરૂપ પોતાનું મૂળ સ્વરૂપ કદી છોડ્યું નથી, પણ ભ્રાન્તિને લીધે 'છોડી દીધું છે' એમ માન્યું છે.

**'અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે.'**

શક્તિ એટલે ગુણ. આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, પ્રભુત્વ વગેરે અનંત અનંત ચમત્કારિક શક્તિઓ છે; પણ બેની મુખ્યતાથી વાત કરતાં 'આત્મા જ્ઞાન અર્થાત્ જ્ઞાયકસ્વરૂપ જ છે અને આનંદસ્વરૂપ જ છે' એમ કહ્યું. અહા! જ્ઞાનાદિ ગુણોના ચમત્કારની તો શી વાત! જેનું એક સમયનું પૂર્ણ પરિણમન અક્ષય ને અનંત છે, અનંત અનંત, અપરિમિત ભાવોને એકસાથે જાણી લે છે, એવા જ્ઞાનગુણની ચમત્કૃતિ તો કોઈ અદ્ભુત છે! શક્તિ પણ અપરિમિત ને પર્યાય પણ અપરિમિત! સમ્યગ્દર્શન પ્રગટ થતાં સ્વાનુભૂતિનો જે ઝબકારો થાય તેમાં જ્ઞાનાદિ અનંત ચમત્કારિક શક્તિઓનો યથાસંભવ અંશે આનંદ આવે છે. અહા! વસ્તુ પણ ચમત્કારિક અને તેની સ્વાનુભૂતિ પણ ચમત્કારિક! પ્રશ્ન એમ હતો કે — મુમુક્ષુએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું? આ એનો ઉત્તર છે —

**'— આવા જ્ઞાયક આત્માને બધાંથી જુદો — પરદ્રવ્યથી જુદો, પરભાવોથી જુદો — જાણવાનો પ્રયત્ન કરવો.'**

'જ્ઞાયક આત્મા' એટલે શું? અહા! એ તો સહજજ્ઞાન ને સહજ-આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર સર્વોત્કૃષ્ટ ચીજ છે. અરે! જીવને હજી તો પોતાના તત્ત્વના — દ્રવ્યના સ્વરૂપની પણ ખબર નથી; એણે અનાદિથી વર્તમાન પર્યાયમાં રમતો માંડી છે. શાસ્ત્રનાં જાણપણાં કર્યાં, મહાવ્રત પાળ્યાં, પણ તે તો એક સમયની ક્ષણિક પર્યાયની ઉપરછલી રમત છે; અંદર જે અનંત શક્તિવાળું ચમત્કારિક ધ્રુવ તત્ત્વ છે, તેના ઉપર એની નજર કદી ગઈ નથી.

આ જ્ઞાન ને આનંદસ્વરૂપ જ્ઞાયક આત્માને કર્મ, શરીર, વાણી આદિ પરદ્રવ્યોથી ને રાગ-દ્વેષાદિ પરભાવોથી તેમ જ ગુણભેદના વિકલ્પોથી પણ જુદો જાણવાનો અંતરમાં પ્રયત્ન કરવો. આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ અભેદ દ્રવ્ય છે. અહા! રાગ તો નહિ, પર્યાય તો નહિ, પણ ગુણભેદ પણ નહિ — એવું જે નિજ શુદ્ધાત્મદ્રવ્ય — બધાંથી જુદો જ્ઞાયક આત્મા — તેને સમજવાનો અંતરમાં પુરુષાર્થ કરવો.

**'ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરદ્રવ્યથી ભિન્ન, રાગાદિ વિભાવપર્યાયથી ભિન્ન, અરે! નિર્મળ પર્યાય જેટલો પણ નહિ — એમ સ્વ-પર ને સ્વભાવ-વિભાવની ભિન્નતાનો અભ્યાસ કરવો. અત્યારે તો લોકોમાં ભેદજ્ઞાનની મૂળ વાત મૂકીને બધી બહારની — વ્રત, તપ, પૂજા ને ભક્તિની — વાતો ચાલે છે. અંદર આખો સર્વોત્કૃષ્ટ ચૈતન્ય બાદશાહ પડ્યો રહ્યો ને બહારના ક્રિયાકાંડ કે શુભરાગમાં જીવો ચડી ગયા. અહીં કહે છે કે — જ્ઞાયક આત્માને પરથી ને વિભાવથી ભિન્નપણે જાણવાનો — ભેદજ્ઞાનનો — અભ્યાસ કરવો. ભેદજ્ઞાનનો અભ્યાસ જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

**'જ્ઞાયક આત્માને ઓળખવો.'**

જુઓ, આ ભેદજ્ઞાનના અભ્યાસનો સરવાળો. અનંત અનંત ચમત્કારિક શક્તિઓના પિંડસ્વરૂપ નિજ જ્ઞાયક આત્માને ઓળખવો, અંતરમાં તેનું ગ્રહણ કરવું, રુચિને તે તરફ ઢાળવી, ઉપાદેયપણાના મહિમા સહિત ત્રિકાળી શુદ્ધ ધ્રુવ પૂર્ણ સ્વરૂપને જ્ઞેય બનાવવું, ધ્યાનરૂપ પર્યાયમાં પૂર્ણ સ્વરૂપને ધ્યેય બનાવવું — એ કથન પણ ભેદથી છે. ભાષામાં શું આવે?

**"'જ્ઞાયકસ્વરૂપ છું' એવો અભ્યાસ કરવો, તેની પ્રતીતિ કરવી; પ્રતીતિ કરી તેમાં ઠરી જતાં, અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે તે પ્રગટ અનુભવમાં આવે છે."**

અનંત શક્તિવાળું ચમત્કારી ચૈતન્યતત્ત્વ જે જ્ઞાયકભાવ તેનું સ્વરૂપ સમજવાનો અંતરમાં અભ્યાસ કરવો, તેની શ્રદ્ધા, રુચિ ને પ્રતીતિ કરવી. નિજ જ્ઞાયકતત્ત્વનો વિશ્વાસ કરી તેમાં ઠરી જતાં, લીન થતાં, તેમાં જે અનંત ચમત્કારિક શકિત છે તે પ્રગટ અનુભવમાં આવે છે. જ્ઞાયકસ્વભાવના આશ્રયે પ્રગટેલી પરિણતિમાં તેની અનંત અદ્ભુત શક્તિ પ્રગટપણે સંવેદનમાં આવે છે. શક્તિપણે જે સામર્થ્ય હતું તે વ્યકતપણે વેદનમાં આવ્યું. ૪૨૬ બોલ થયા; હવે ૬ બોલ બાકી રહ્યા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૭૯

તા. ૪-૧-૭૯

## વચનામૃત — ૪૨૭

**પ્રશ્ન :— મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે?**

**ઉત્તર :— પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય — બધાંને ઓળખે. ચૈતન્યદ્રવ્યના સામાન્યસ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે, તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે.**

**પહેલામાં પહેલાં ચૈતન્યદ્રવ્યને ઓળખવું, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું....તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે.**

**પ્રગટ કરવામાં પોતાની તૈયારી જોઈએ; એટલે કે ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું મંથન, તેનું જ ચિંતવન કરે, તો પ્રગટ થાય.**

**પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે; ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે. ૪૨૭.**

**'પ્રશ્ન :— મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે?'**

જેને મોક્ષની અભિલાષા છે, જેને પૂર્ણ પરમાનંદની તેમ જ ધર્મની દશા પ્રગટ કરવાની ભાવના છે, તેણે પહેલાં શું કરવું? — એમ પૂછ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ઉત્તર: —'**

**અહીં તો મુક્તિના અભિલાષી જીવે સૌ પહેલાં શું કરવું — એ સમજાવવું છે ને?**

**'પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય — બધાંને ઓળખે.'**

દ્રવ્ય એટલે જ્ઞાન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ આદિ અનંત ગુણોનો અભેદ પિંડ — આત્મા; તે શી ચીજ છે? ગુણ એટલે આત્મદ્રવ્યની જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંત ત્રિકાળી શક્તિઓ; તે કેવી છે? પર્યાય એટલે ગુણ-સામર્થ્ય કાયમ રાખીને ક્ષણે ક્ષણે થતી ઓછી-વત્તી કે પૂર્ણ દશાઓ; તે શું છે? તે બધાંના સ્વરૂપને સૌ પહેલાં ઓળખે. વસ્તુસ્વરૂપની સાચી ઓળખાણ કરવી તે મુમુક્ષુ જીવનું પ્રથમ કર્તવ્ય છે; કેમ કે સ્વરૂપની અણસમજણ જ અનંત દુઃખનું મૂળ છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત' — આત્માના સ્વરૂપને સમજ્યા વિના જ જીવ અનાદિકાળથી દુઃખી થઈ રહ્યો છે.

**'ચૈતન્યદ્રવ્યના સામાન્યસ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે.'**

પ્રથમમાં પ્રથમ કરવા લાયક આ છે. દયા, દાન, વ્રત ને ભક્તિ વગેરે ભાવો તો શુભ રાગ છે. એ તો અનંત કાળથી અનંત વાર કર્યા છે. તેનાથી પુણ્યનો બંધ ને ભવ થાય છે પણ ધર્મ, શાન્તિ કે ભવનો અભાવ થતો નથી. ધર્મ, શાન્તિ ને જન્મ-મરણનો અભાવ તો આત્માની સાચી સમજણ ને આત્મલીનતાથી થાય છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ પ્રથમ સમજીને ચૈતન્યદ્રવ્યના — આત્મવસ્તુના — સામાન્ય-સ્વભાવને એટલે કે શરીર ને કર્મ આદિ પરદ્રવ્યથી પૃથક્, રાગાદિ વિભાવ રહિત, ક્ષણિક પર્યાયમાત્ર નહિ ને ગુણભેદથી રહિત એવા નિજ ચૈતન્યદ્રવ્યસામાન્યને — જિનેશ્વરદેવે જેને ધ્રુવ અખંડ જ્ઞાયકભાવ કહ્યો છે તેને — અંતરમાં બરાબર ઓળખે, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં તેને લક્ષમાં લે, 'હું જ્ઞાનાનંદ-સામર્થ્યપૂર્ણ ચૈતન્યસામાન્ય સદૃશ એકરૂપ ધ્રુવ જ્ઞાયકવસ્તુ છું' એમ ઓળખીને અંતરમાં તેના ઉપર દૃષ્ટિ કરે, તો તેનો અભ્યાસ કરતાં કરતાં અંદર ચૈતન્યમાં ઠરી જાય અને અંદરની વિભૂતિ પ્રગટ થાય — જ્ઞાન ને આનંદ વગેરે ગુણોની નિર્મળ શુદ્ધિ થાય. આ કરવાનું છે, બાકી બીજું બધું તો ઘણું અનંત વાર કર્યું છે. અનંત વાર મહાવ્રત લીધાં, નગ્ન દિગંબર સાધુ થયો, પણ આ દેહદેવળની અંદર રહેલો, જ્ઞાન ને આનંદના પરિપૂર્ણ સામર્થ્યથી ભરપૂર આત્મા શી ચીજ છે તેના ભાન વિના, તેની ઓળખ, દૃષ્ટિ ને અભ્યાસ વિના અંશે પણ સુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામ્યો નહિ; તેનાં મહાવ્રત વગેરે બધું નિરર્થક થયું ને ચાર ગતિમાં રખડવાનું એવું ને એવું રહ્યું.

જેને સમ્યગ્દર્શન — ધર્મનું પહેલું સોપાન, ચારિત્રધર્મનું મૂળ આત્મદર્શન — પ્રગટ કરવું હોય તેણે પરદ્રવ્ય ને રાગાદિ વિભાવથી ભિન્ન નિજ જ્ઞાયકભાવને ઓળખી તેમાં દૃષ્ટિ દેવી, એટલે કે તેમાં માહાત્મ્યભર્યું રુચિનું જોર આપવું, અને તેનો વારંવાર અભ્યાસ કરીને તેમાં સ્થિર થઈ જવું. જ્ઞાયકસ્વભાવમાં પરિણતિ સ્થિર થવાથી તેમાં જે અનંતજ્ઞાન, અનંત-આનંદ, અનંતશાન્તિ, અનંતપ્રભુતા આદિ અનંત વિભૂતિ ભરી છે તે અંશે પ્રગટ અનુભવમાં આવે છે. 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' — એ ન્યાયે બધા ગુણોની સ્વાભાવિક વિભૂતિ અંશે પ્રગટે છે. અહા! આવી વાત છે. પહેલાં દયા, દાન, વ્રત, ઉપવાસ કે ભક્તિ કરવી — એમ ન કહ્યું, પણ પહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખવાનું કહ્યું. સમયસારની ૧૭-૧૮મી ગાથાઓમાં પણ, મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું — અનુભવ વડે તેમાં લીન થવું; કેમ કે આત્મજ્ઞાન વિના, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી અને આચરણ, સમસ્ત અન્યભાવોના ભેદ વિના, આત્મામાં નિઃશંક ઠરવાને અસમર્થ હોવાથી સાધ્ય એવા નિજ શુદ્ધ આત્માને સાધતાં નથી — એમ કહ્યું છે.

પહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાય — બધાંને ઓળખી નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવને ઓળખે, તેના ઉપર લક્ષ બાંધીને — માહાત્મ્યભરી દૃષ્ટિ કરીને — તેનો અભ્યાસ કરે; એમ કરતાં કરતાં ચૈતન્યમાં ઠરી જાય અને અંદરની વિભૂતિ પ્રગટે. સમયસાર-કળશટીકામાં (શ્લોક-૫) કહ્યું છે ને! — જે કોઈ સહજપણે અજ્ઞાની છે, જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાનો અભિલાષી છે, તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે. ગુણગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. 'જીવનું લક્ષણ ચેતના' એટલું કહેતાં પુદ્ગલાદિ અચેતન દ્રવ્યોથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે; તેથી, જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી, ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ (સાધન) છે. તત્ત્વ સમજવા માટે પ્રથમ ભેદરૂપ વ્યવહાર, હસ્તાવલંબતુલ્ય હોવાથી, આવે ખરો, તોપણ અંદર ચિત્ચમત્કારસ્વરૂપ પરમપદાર્થને પ્રત્યક્ષપણે અનુભવનાર પુરુષોને તે (વ્યવહાર) કાંઈ નથી, જૂઠો — અભૂતાર્થ, અપરમાર્થ, અસત્યાર્થ — છે. વસ્તુનો અનુભવ થતાં તે વ્યવહાર છૂટી જાય છે. સમજાણું કાંઈ? ચૈતન્યદ્રવ્યના ત્રિકાળશુદ્ધ અખંડ એકરૂપ સામાન્ય સ્વભાવને — ધ્રુવ પરિપૂર્ણ જ્ઞાયકભાવને — ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ — લક્ષ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં વિકલ્પ રહિત થઈ ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં ચૈતન્યની અનંત શક્તિરૂપ વિભૂતિ છે તે પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે, તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે.'**

પૂર્ણ જ્ઞાનાનંદ તે ચૈતન્યનો કાયમી અસલી સ્વભાવ છે; તેની, ઉપલક નહિ પણ અંતરમાંથી, લગની લાગે, ધગશ જાગે, તો પ્રતીતિ થાય; તેમાં લીનતા કરે તો તેનો નિર્વિકલ્પ અનુભવ થાય. અંદર જ્ઞાયકસ્વભાવમાં એકાગ્રતા થતાં નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય. અંતરમાં ચૈતન્યશક્તિની જે વિભૂતિ પ્રગટે — સ્વાનુભૂતિ થાય, તેનું નામ ધર્મ ને મોક્ષનો માર્ગ છે.

**'પહેલામાં પહેલાં ચૈતન્યદ્રવ્યને ઓળખવું, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું.'**

ઉપર એમ કહ્યું હતું કે — પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય — બધાંને ઓળખે; તેમને ઓળખીને, હવે કહે છે કે, પહેલામાં પહેલાં ચૈતન્યદ્રવ્યને — નિજ શુદ્ધાત્મદ્રવ્યને — ઓળખવું, તેને જ ઉપાદેયપણે લક્ષમાં લેવું, તેનું જ આશ્રયપણે ગ્રહણ કરવું. તીર્થંકર કેવળી ભગવાનને કે અજીવ દ્રવ્યોને પહેલાં ઓળખવાં — એમ ન કહ્યું, કેમ કે એ તો પરદ્રવ્ય છે. અહીં તો પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત છે. એમાંથી દ્રવ્યસામાન્ય — નિજ ધ્રુવ જ્ઞાયકભાવ — ઉપર દૃષ્ટિ દેવી; — એ પહેલામાં પહેલું કરવાનું છે. ચૈતન્યસામાન્ય ધ્રુવ પરમભાવમાં દૃષ્ટિ કરીને તેમાં જ વિશ્વાસ કરવો અને પછી તેમાં જ લીનતા — એકાગ્રતા — કરવી. અહા! ભરોસો — વિશ્વાસ એ કોઈ સાધારણ વાત નથી બાપુ! આ ચૈતન્ય મહાપ્રભુ તો જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોનો પિંડ અદ્‌ભુત પદાર્થ છે — એમ પહેલાં તેને ઓળખવો, તેમાં જ વિશ્વાસ કરવો અને પછી તેમાં જ ઠરવું. અહા! જ્ઞાન, શ્રદ્ધા ને ઠરવું — ત્રણે વાત આવી ગઈ.

ટાંકીમાં પાણી ઘણું છે પણ નળ દાબે તો નીકળે; તેમ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર આત્માને, વિશ્વાસ ને એકાગ્રતાથી, ગ્રહણ કરે તો નિર્મળ પર્યાયનો પ્રવાહ અંદરથી પ્રગટ થાય. અહા! આવી વાત છે; અત્યારે તો બહાર પ્રવૃત્તિમાં — વ્રત કર્યાં ને ભક્તિ કરી વગેરેમાં — ધર્મ માની બેઠા છે. ભાઈ! પરનું કે રાગનું કરવું એ તો મરવું — ભાવમરણ છે, શાન્તિનો ઘાત છે. માટે અહીં કહે છે કે — પહેલામાં પહેલાં પોતાના શુદ્ધાત્મદ્રવ્યસામાન્યને ઓળખવું, એમાં જ વિશ્વાસ કરવો અને પછી તેમાં જ ઠરવું.

**'.... તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના ચૈતન્યદ્રવ્યને ઓળખે, તેની જ પ્રતીતિ કરે અને પછી તેમાં જ લીનતા કરે તો ચૈતન્યદ્રવ્યની અનંત વિભૂતિ પર્યાયમાં પ્રગટે. આવ્યું છે ને!—'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.'

**'પ્રગટ કરવામાં પોતાની તૈયારી જોઈએ; એટલે કે ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ ચિંતવન કરે, તો પ્રગટ થાય.'**

જ્ઞાયકસ્વભાવની લગની, પ્રતીતિ ને તેમાં લીનતા વગેરે પ્રગટ કરવામાં પોતાની તૈયારી, પોતાનો સ્વસન્મુખ પુરુષાર્થ જોઈએ; કોઈ બીજાની મદદ-સહાય ત્યાં કામ નહિ આવે. દેવ-શાસ્ત્ર-ગુરુ પણ દિશા દેખાડી અળગાં રહે, કામ કરી આપે નહિ. સ્વાનુભૂતિ કે સ્વરૂપસ્થિરતારૂપ કાર્ય માટે પોતે જ સ્વ-પરની, સ્વભાવ-વિભાવની ને નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યની સાચી ઓળખાણ કરી અંતરમાં સ્વસન્મુખતાનો ઉગ્ર ઉદ્યમ કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ એકાગ્રતારૂપ ચિંતવન કરે, તો તે પ્રગટ થાય. અહા! આવી વાત છે; હજી તો કેટલાકને સમજવી પણ કઠણ પડે. અનાદિ કાળથી જીવ ભ્રાન્તિમાં આથડે છે. દિગંબર જૈન સાધુ પણ અનંત વાર થયો, અગિયાર અંગનો પાઠી ને શુક્લલેશ્યાનો ધણી પણ અનંત વાર થયો; પણ અંતરમાં બિરાજમાન જ્ઞાનાનંદાદિ-સામર્થ્યપૂર્ણ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય મહાપ્રભુ ઉપર નજર ન કરી, તેનો સ્વીકાર, સત્કાર ન કર્યો, રાગનો ને એક સમયની પર્યાયનો સ્વીકાર, સત્કાર ને આદર કર્યો. એ મિથ્યાત્વપરિણતિથી જીવ સંસારમાં રખડે છે.

અંતરમાં જ્ઞાયકની ધૂન લાગવી જોઈએ, જ્ઞાયક તરફના અભ્યાસમાં પુરુષાર્થની ઉગ્રતા જોઈએ. 'જાણનાર...જાણનાર... જાણનાર એવો જે આ જ્ઞાયક સ્વભાવ તે જ હું છું' એમ તેનું જ મંથન ને ચિંતવન કરે, તો જ્ઞાયકનો અનુભવ પ્રગટ થાય. મંથન ને ચિંતવન—એમ બે શબ્દોનો પ્રયોગ કર્યો છે. તેમાં મંથન તો વિકલ્પસ્વરૂપ છે અને 'ચિંતવન' શબ્દ તો વિકલ્પ અને નિર્વિકલ્પ—બંને અર્થમાં વપરાય છે. મંથનમાં તત્ત્વનું ચારે પડખેથી અન્વેષણ હોય છે અને ચિંતવનમાં અન્વેષણપૂર્વક એકાગ્રતા હોય છે. પ્રથમ સવિકલ્પ એકાગ્રતા હોય છે અને પછી આનંદસ્વરૂપમાં જે ઠરી જવું તે નિર્વિકલ્પ એકાગ્રતા—ચિંતવન છે. 'ચિંતવન કરવું' એટલે 'સ્વરૂપમાં એકાગ્ર થવું' એવો અર્થ નિયમસારમાં આવે છે. જ્ઞાયકનું ચિંતવન કરે તો જ્ઞાયક પ્રગટ થાય.

**'પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે; ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ બોલમાં છેલ્લે બહેને પોતાનો વિનય પ્રગટ કરતાં કહ્યું છે કે—(ગુરુદેવે) માર્ગ બતાવ્યો છે; સામાન્ય શુદ્ધ દ્રવ્યસ્વભાવ શું છે ને પર્યાયમાં મલિનતા વગેરે શું છે—બધી વાત ઘણાં પડખેથી સમજાવી છે; પણ સમજવું તો એણે (જીવે) છે ને!

— * —

## વચનામૃત — ૪૨૮

**પ્રશ્ન :— આત્માની વિભૂતિને ઉપમા આપી સમજાવો.**

**ઉત્તર :— ચૈતન્યતત્ત્વમાં વિભૂતિ ભરી છે. કોઇ ઉપમા તેને લાગુ પડતી નથી. ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે અનુભવમાં આવે છે; ઉપમા શી અપાય ? ૪૨૮.**

**'પ્રશ્ન :— આત્માની વિભૂતિને ઉપમા આપી સમજાવો.'**

પ્રશ્નકાર કહે છે કે—આત્માની વિભૂતિ અનંત છે, પણ અમે તે સમજી શકતા નથી, તો આત્માની વિભૂતિને કોઈ ઉપમા આપી સમજાવો ને!

**'ઉત્તર :—'**

આત્માની વિભૂતિ સમજવાની જેને અંતરમાં જિજ્ઞાસા છે તેને ઉત્તર આપી સમજાવે છે કે—

**'ચૈતન્યતત્ત્વમાં વિભૂતિ ભરી છે.'**

ચૈતન્યતત્ત્વમાં એટલે કે જ્ઞાયક આત્મામાં સહજજ્ઞાન, સહજસુખ, સહજવીર્ય આદિ અનંત વિભૂતિ ભરી છે; તે તો અનંત અનંત વિભૂતિઓનો રત્નાકર છે. સ્વયંભૂરમણ સમુદ્રના તળે એકલાં રત્નો જ છે, તેમ સ્વયંભૂ—સ્વતઃસિદ્ધ એવા જ્ઞાયક મહાસાગરમાં ગુણ-રત્નો ભર્યાં છે. અસંખ્ય યોજનના વિસ્તારવાળા સ્વયંભૂરમણ સમુદ્રમાં માત્ર અસંખ્ય જ રત્નો છે, પણ અસંખ્યપ્રદેશી જ્ઞાયક મહાસાગરમાં તો જ્ઞાનાદિ ગુણરત્નો અનંત અનંત છે.

**'કોઈ ઉપમા તેને લાગુ પડતી નથી.'**

અહા! ચૈતન્યમય અનંત અનંત શક્તિઓના મહાસાગરને શી ઉપમા અપાય? —કોની ઉપમા આપે? એક સમયના પરિણમનમાં વિશ્વના સંપૂર્ણ ભાવોને—સમસ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય-ગુણ-પર્યાયને — એક સાથે, તેમની ત્રણે કાળની વિશેષતા સહિત, જાણી લે એવા પરિપૂર્ણ સામર્થ્યયુક્ત જ્ઞાનગુણ, પરિપૂર્ણ સ્વાભાવિક આહ્લાદરૂપ પરિણમે એવા સામર્થ્યયુક્ત આનંદગુણ વગેરે સહિત અનંત અનંત ગુણવિભૂતિ જેમાં સદા ભરી પડી છે અને જેનું આલંબન લેતાં તે બધા ગુણોની વિભૂતિ અનુભવમાં આવે છે એવા તે મહાન ચૈતન્યભગવાનને કે તેની ચૈતન્યવિભૂતિને કોઈ ઉપમા લાગુ પડતી નથી.

## 'ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે અનુભવમાં આવે છે; ઉપમા શી અપાય ?'

ચૈતન્યદ્રવ્યમાં અનંતજ્ઞાન, અનંત-આનંદ, અનંતશાંતિ, અનંતરમણતા, અનંત-વીતરાગતા આદિ જે અનંત શક્તિની વિભૂતિ ભરી છે તે વેદનમાં આવે છે; તેને ઉપમા શી અપાય ? 'अनुभवैकगम्यमहिमा' — માત્ર અનુભવથી જ જણાવાયોગ્ય જેનો અચિન્ત્ય મહિમા છે તેને ઉપમા શી દેવાય ? નામ અપાય કે ચૈતન્યરત્નાકર, પણ એ રત્ન શી ચીજ છે ? રત્નાકરમાં તો જડ રત્નો હોય છે, આત્મા તો અનંત અનંત ચૈતન્યમય ગુણરત્નોનો આકર — સમુદ્ર છે. અહા ! ચૈતન્યરત્નાકરને જડની ઉપમા શી અપાય ? — કેમ લાગુ પડે ? એ તો સ્વસન્મુખ થતાં તેની વાનગી માત્ર અનુભવમાં આવે. અહા ! એ અનુભવ કેવો ? એ વિભૂતિ કેવી ? એ વૈભવ કેવો ? શેની ઉપમા આપીને કહે ? અંતરમાં સ્વભાવનો આશ્રય કરનારી દૃષ્ટિ થાય ત્યારે 'અહો ! આ ચીજ આવી અદ્ભુત છે' એવું ગ્રહણ થઈને તે અનુભવમાં આવે, વેદનમાં આવે. એ વસ્તુ કોઈ બહિર્લક્ષી ધારણાનો વિષય નથી. સ્વલક્ષી જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એટલું સામર્થ્ય છે કે ચૈતન્યદ્રવ્યસામાન્યને જાણતાં તદ્ગત અનંત વિભૂતિનું, અનંત ગુણ-સામર્થ્યોનું જ્ઞાન ને અંશે યથાસંભવ વેદન પણ તેને થાય છે. ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે વેદનમાં આવે છે, પણ તેને ઉપમા શી અપાય?

શ્રોતા :— અમારે પહેલાં શું કરવું ?

ઉત્તર :— આત્માને પહેલાં યથાર્થ સમજવો, પછી તેનું શ્રદ્ધાન કરીને તેમાં જ જવું — ઠરવું, તેનો અનુભવ કરવો.

શ્રોતા :— આત્માને કઈ રીતે સમજવો ?

ઉત્તર : 'જાણનાર, જાણનાર, જાણનાર'પણે જે સદા વિદ્યમાન છે એવા ભગવાન આત્માને પહેલાં તો જાણે કે — આ જાણનારપણે જે ખ્યાલમાં આવે છે તે જ હું છું. ત્યાર બાદ તેની પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય; કેમ કે વિના જાણ્યે શ્રદ્ધાન કોનું ? આત્માનું જ્ઞાન ને શ્રદ્ધાન થયા પછી દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મરૂપ સમસ્ત અન્યભાવોથી ભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને આશ્રયભૂત પોતાના આત્મામાં સ્થિર થાય. એ રીતે પહેલાં આત્માને યથાર્થ સમજવો અને પછી તેનું શ્રદ્ધાન કરી તેમાં જ લીન થવું. — આ એક જ કાર્ય કરવા જેવું છે. અહો ! આવી વાતો છે. તે બહારની ભાષાથી સમજાય એમ નથી. ઇશારાથી પણ તે પર છે. પોતે અંતરમાં લક્ષ કરે તો સમજાય. પોતે લક્ષ કરે તો ગુરુએ લક્ષ કરાવ્યું એમ વ્યવહારે કહેવાય. 'તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન' — 'ગુરુએ આત્મા આપ્યો' એ નિમિત્ત ને વ્યવહારનું કથન છે. ખરેખર તો પોતે જ પોતાની ઉપાદાનશક્તિથી જ અંતરમાં લક્ષ કરીને જ્યારે આત્માને સમજ્યો — અનુભવ્યો ત્યારે ગુરુનો ઉપકાર વ્યવહારે કહેવામાં આવે છે.

ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે નિર્વિકલ્પપણે અનુભવમાં આવે છે. તેનું વર્ણન કઈ ઉપમા આપીને થાય ? વર્ણન - વાણી જડ ને આત્મા ચૈતન્ય — ઉગમણા-આથમણા ફેર. શ્રીમદે કહ્યું છે ને ! —

'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.'

વસ્તુસ્વરૂપ માત્ર અનુભવગમ્ય હોવા છતાં સપ્તભંગીમાં તેને 'કથંચિત્ વક્તવ્ય' કહ્યું છે. જો સર્વથા અવક્તવ્ય હોય તો બીજા જીવને સમજાવવાની વાત જ ન બની શકે — જિનેન્દ્રદેશના જ વ્યર્થ ઠરે. ચૈતન્યની વિભૂતિના વાણી દ્વારા ઇશારા થાય, પણ તેનું વેદન તો અનુભવ થયે જ થાય. તે અનુભવમાં આવે પણ તેને ઉપમા શી અપાય ? એ તો ઉપમાતીત અચિન્ત્ય વસ્તુ છે.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે.

— પૂજ્ય ગુરુદેવશ્રી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન - ૧૮૦

તા. ૫-૧-૭૯

## વચનામૃત — ૪૨૯

**પ્રશ્ન :— પ્રથમ આત્માનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય?**

**ઉત્તર :— છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મ-તત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ થાય છે. જ્યાં જ્ઞાયક તરફ પરિણતિ ઢળી રહી હોય છે, ત્યાં કયો વિકલ્પ-છેલ્લો હોય (અર્થાત્ છેલ્લે અમુક જ વિકલ્પ હોય) એવો 'વિકલ્પ' સંબંધી કોઈ નિયમ નથી. જ્ઞાયકધારાની ઉગ્રતા — તીક્ષ્ણતા થાય ત્યાં 'વિકલ્પ કયો?' તેનો સંબંધ નથી.**

**ભેદજ્ઞાનની ઉગ્રતા, તેની લગની, તેની જ તીવ્રતા હોય; શબ્દથી વર્ણન ન થઈ શકે. અભ્યાસ કરે, ઊંડાણમાં જાય, તેના તળમાં જઈને ઓળખે, તળમાં જઈને ઠરે, તો પ્રાપ્ત થાય — જ્ઞાયક પ્રગટ થાય ૪૨૯.**

'પ્રશ્ન : — આત્માનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય?'

આત્મામાં જે વિભૂતિ ભરી છે તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી, પણ તે વિભૂતિનો ભંડાર એવા જ્ઞાયક આત્માનો અનુભવ તો થાય છે ને! તે અનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય? — એમ પ્રશ્ન છે.

'ઉત્તર : —'

ભગવાન આત્મા સ્વભાવે શુદ્ધ, પૂર્ણ વિજ્ઞાનઘન ને આનંદકંદ છે; તેનું સમ્યક્ દર્શન, તેનો નિર્વિકલ્પ અનુભવ, થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય? તે પ્રશ્નનો ઉત્તર હવે કહે છે —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘ છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. ’**

આત્માનુભવ થતાં પહેલાં, સ્વભાવસન્મુખતાના ને પર અને વિભાવથી વિમુખતાના અનેક પ્રકારે વિકલ્પ આવે ખરા; પરંતુ છેલ્લો વિકલ્પ અમુક એક જ પ્રકારનો હોય એવો કોઈ નિયમ નથી. છેલ્લા વિકલ્પથી પણ વસ્તુ તો પમાતી નથી. એ છેલ્લો વિકલ્પ કેવો? — શુભ રાગ કેવો? — એનો કોઈ નિયમ નથી. ‘ હું જ્ઞાયક છું ’ એવો વિકલ્પ પણ હોય અને ‘ આ શરીરાદિ કે રાગાદિ હું નથી, એવો વિકલ્પ પણ હોય. એમાં છેલ્લો કયો વિકલ્પ હોય — એનો કોઈ ચોક્કસ નિયમ નથી. પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં સવિકલ્પ દ્વાર વડે નિર્વિકલ્પ પરિણામ થવાનું વિધાન આવે છે ને! ત્યાં એમ કહ્યું છે કે ‘ હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું ’ ઇત્યાદિ વિચારો — વિકલ્પો પ્રથમ આવે છે, પછી એવા વિચારો — વિકલ્પો પણ છૂટી જાય અને સ્વરૂપ કેવળ ચિન્માત્રરૂપ ભાસવા લાગે. એવા વિકલ્પો આવે, પણ તેમાં છેલ્લો અમુક જ વિકલ્પ હોય — એવો કોઈ ખાસ નિયમ નથી; સ્વરૂપ તરફ વળવામાં નિમિત્ત થાય એવો કોઈ પણ — ગમે તે — વિકલ્પ હોય.

**‘ ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ થાય છે. ’**

સ્વપરના ને સ્વભાવવિભાવના ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્ત્વ સન્મુખ થવાનો અભ્યાસ કરતાં કરતાં, વચ્ચે જે રાગ આવે છે તેનું લક્ષ છોડીને અંદર વલણ કરતાં, જ્ઞાયકતત્ત્વની પ્રાપ્તિ થાય છે. છેલ્લો વિકલ્પ જ્ઞાયકની પ્રાપ્તિમાં મદદ કરે છે — એવું કાંઈ નથી; કેમ કે તેનાથી તો જુદું પડવું છે; જેનાથી જુદું પડવું છે તે મદદગાર કેમ હોઈ શકે? અહા! આવી વાતો છે. પર ને રાગથી ભિન્ન પડે ત્યારે શુદ્ધાત્મતત્ત્વ સન્મુખ થાય ને? માટે અહીં ‘ ભેદજ્ઞાનપૂર્વક ’ કહ્યું છે. અહો! બહેનના એક-એક શબ્દમાં ઘણી ગંભીરતા છે. ટૂંકી ભાષામાં ઘણું કહ્યું છે.

શરીર, વાણી, મન ને કર્મ — એ અચેતન પદાર્થ તો ક્યાંય એક કોર રહી ગયા, પણ જે છેલ્લો વિકલ્પ છે એનાથી પણ અંતરમાં ભેદ પાડતાં, શુદ્ધજ્ઞાયકની સન્મુખતાનો અભ્યાસ કરતાં અર્થાત્ પરસન્મુખતાના વલણને તોડતાં, શુદ્ધાત્મતત્ત્વની અનુભવમાં પ્રાપ્તિ થાય છે. અહા! ભેદજ્ઞાનનો તો કોઈ અનુપમ મહિમા છે. જે કોઈ મુક્તિને પામ્યા છે તે સૌ ભેદજ્ઞાનથી મુક્તિ પામ્યા છે; જે કોઈ બંધાયા છે તે, ભેદજ્ઞાનના અભાવથી બંધાયા છે. જીવ કર્મથી બંધાયો છે ને કર્મ માર્ગ આપે તો મુક્તિ પામે — એ વાત સત્ય નથી. ભેદવિજ્ઞાનથી સિદ્ધ થાય છે ને તેના અભાવથી બંધ થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



— આ એક જ નિયમ છે. આ તો વીતરાગમાર્ગ છે. અત્યારે તો માર્ગના નામે ઘણો ફેરફાર થઈ ગયો છે, એટલે આ વાત ઝીણી પડે! ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાયકતત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં અનુભવમાં તેની પ્રાપ્તિ થાય. અહા! ભાષા જડ અને આત્મા અરૂપી ને ચૈતન્ય. જડ ભાષા દ્વારા ચૈતન્યની વાતો કરવી! ભાષામાં કેટલું આવે?

**"જ્યાં જ્ઞાયક તરફ પરિણતિ ઢળી રહી હોય છે, ત્યાં કયો વિકલ્પ છેલ્લો હોય (અર્થાત્ છેલ્લે અમુક જ વિકલ્પ હોય) એવો 'વિકલ્પ'સંબંધી કોઈ નિયમ નથી."**

વર્તમાન જ્ઞાનની પરિણતિનું જ્ઞાયક તરફ જે ઢળવું તે જ સ્વસન્મુખતા છે. ત્યારે છેલ્લા 'વિકલ્પ'સંબંધી એવો કોઈ નિયમ નથી કે 'આવો જ' વિકલ્પ હોય. કોઈને દ્રવ્ય-ગુણ-પર્યાયનો, કોઈને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો, કોઈને સ્વભાવ-વિભાવનો, કોઈને ગુણગુણીના ભેદનો, કોઈને દ્રવ્યસામાન્યનો કે ગુણ-પર્યાયના ભેદનો વિકલ્પ હોય; પણ ત્યાં છેલ્લો અમુક ચોક્કસ વિકલ્પ હોય — એવો કોઈ નિયમ નથી.

**"જ્ઞાયકધારાની ઉગ્રતા — તીક્ષ્ણતા થાય ત્યાં 'વિકલ્પ કયો?' તેનો સંબંધ નથી."**

પૂર્ણાનંદઘન જ્ઞાયક આત્મા, કે જે તેનો આશ્રય કરનારી વર્તમાન પર્યાયથી પણ પાર છે, તેની ધારાની — 'હું શુદ્ધ જ્ઞાયક છું' એવી જ્ઞાતૃપરિણતિની — ઉગ્રતા એટલે કે તીક્ષ્ણતા થાય ત્યાં છેલ્લો 'વિકલ્પ કયો?' તેનો સંબંધ નથી. સમ્યગ્દર્શન થતાં, રાગથી ભિન્ન પડતાં, અંદર સ્વસન્મુખ થતાં, છેલ્લો વિકલ્પ કયો? — તેનો કોઈ નિયમ નથી. સ્વસન્મુખતાને ઉચિત ગમે તે વિકલ્પ હોય, તોપણ તેનાથી ભેદજ્ઞાન વર્તે છે એટલે કે વિકલ્પનો ત્યાં સહારો નથી, અહા! મારગ તો આવો છે, એની વિધિ આ છે. લોકોને આકરું લાગે, પણ શું થાય? મારગ સમજ્યે જ છૂટકો.

**'ભેદજ્ઞાનની ઉગ્રતા, તેની લગની, તેની જ તીવ્રતા હોય; શબ્દથી વર્ણન ન થઈ શકે.'**

પરદ્રવ્ય ને રાગાદિ વિભાવથી — દેવ-શાસ્ત્ર-ગુરુ કે તત્ત્વચિંતનના શુભભાવથી પણ — ભિન્ન પડીને સ્વસન્મુખતાનું થવું તે જ ભેદજ્ઞાનની ઉગ્રતા છે. જેને આત્માનુભવની પ્રાપ્તિ કરવી છે તેને ભેદજ્ઞાનની ઉગ્રતા, તેની લગની, તેની જ તીવ્રતા હોય; શબ્દથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનું વર્ણન ન થઈ શકે. એ ઉગ્રતા, લગની, ધગશ, તીવ્રતાનું વર્ણન શબ્દોથી શું થાય? તેને ઇશારાથી કહે.

**'અભ્યાસ કરે, ઊંડાણમાં જાય, તેના તળમાં જઈને ઓળખે, તળમાં જઈને ઠરે, તો પ્રાપ્ત થાય — જ્ઞાયક પ્રગટ થાય.'**

તીવ્ર પુરુષાર્થ કરી રાગથી ભિન્ન થવાનો અંતર્મુખ અભ્યાસ કરે, પર્યાય ઉપરનું લક્ષ છોડીને અંદર ધ્રુવ તળમાં — આત્મસ્વભાવના ઊંડાણમાં — જાય, તો જ્ઞાયક પ્રગટે. 'લક્ષ' અને 'પ્રગટવું' — બંને છે તો પર્યાય; કારણ-કાર્યપણું પર્યાયમાં હોય છે. વેદાન્તની માન્યતા પ્રમાણે વસ્તુ, પર્યાય રહિત, સર્વથા કૂટસ્થ નથી. વસ્તુ સ્વભાવે એકરૂપ ધ્રુવ છે — એવો નિર્ણય કોણે કર્યો? વસ્તુ પોતે જ, પોતાની પર્યાય વડે અન્તર્મુખ થઈને, પોતાના જ્ઞાનાદિ સામર્થ્યભરપૂર ધ્રુવ ભાવનો નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? આ તો તત્ત્વનું માખણ છે. પર્યાય છે તે ક્ષણવર્તી ઉપરછલ્લો ભાવ છે અને અંતરમાં જે તળ છે તે કાયમ એકરૂપ ટકતો સામર્થ્યભરપૂર ધ્રુવ સ્વભાવ છે. ભાઈ! તું તારી વર્તમાન પર્યાયને, જે બહારનું લક્ષ કરે છે તેને, અંદર ધ્રુવ તળ તરફ વાળી તેને ઓળખ, તેમાં જઈને ઠર, તો તે ધ્રુવ તળ પ્રાપ્ત થાય — જ્ઞાયક પ્રગટ થાય.

'તળમાં જવું' એટલે શું? વર્તમાન પર્યાયમાં જે રાગાંશ છે તે આકુળતાસ્વરૂપ છે અને જ્ઞાન છે તે કેવળ 'જાણવા'સ્વરૂપ છે — એમ પ્રથમ જ્ઞાન અને રાગને ભિન્ન જાણે. હજી આ ભેદજ્ઞાન વિકલ્પરૂપ છે; પછી આ જે 'જાણપણું' છે તે અંદર ત્રિકાળી ધ્રુવ પરિપૂર્ણ સામર્થ્ય સહિત છે — એમ વર્તમાન જ્ઞાનપરિણતિ ઉપરથી લક્ષ હઠાવીને દૃષ્ટિને અંદર અનંત માહાત્મ્યભરપૂર ધ્રુવ જ્ઞાયક — જ્ઞાનદળ — ઉપર સ્થિર કરવી તેને 'તળમાં જવું' કહે છે. સમયસારમાં તેને 'ભૂતાર્થનો આશ્રય કરવો' એમ કહ્યું છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ દૃષ્ટિનો આશ્રય હોવાથી તેને મુખ્ય કરીને 'ભૂતાર્થ' કહ્યો છે અને ગુણભેદ કે શુદ્ધાશુદ્ધ પર્યાય વગેરે વ્યાવહારિક ભાવોના આશ્રયે વિકલ્પો ઊઠતા હોવાથી તેમને ગૌણ કરીને 'અભૂતાર્થ' કહ્યા છે. અભૂતાર્થ કહ્યા તેથી શું પર્યાય નથી? — તો પછી આ બંધ-મોક્ષનું કામ તો પર્યાયમાં જ થાય છે. જો પર્યાય જ ન હોય તો બંધ-મોક્ષનો પણ અભાવ ઠરે, જે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. તળમાં જઈને ઓળખે તો જ્ઞાયક પ્રગટ થાય. તળને ઓળખે કોણ? તળમાં જાય કોણ? — એ બધું કામ તો પર્યાયમાં થાય છે. વસ્તુમાં પર્યાયરૂપ વિશેષ અંશ છે ખરો, પણ તે આશ્રય કરવા યોગ્ય નથી. આશ્રય કરવા યોગ્ય તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ભૂતાર્થસ્વભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસારની ૧૧મી ગાથાની ટીકામાં 'જ્ઞાયક અનાદિથી તિરોભૂત (ઢંકાયેલો) હતો તે, અન્તર્મુખ દૃષ્ટિ થતાં આવિર્ભૂત થયો'—એમ કહ્યું છે. જ્ઞાયક તો સદા એકરૂપ જ્ઞાયક જ છે. તે કદી આવિર્ભૂત કે તિરોભૂત થતો નથી, પણ વર્તમાન પર્યાયમાં તે અનાદિથી લક્ષગત થયો નહોતો માટે તેને 'તિરોભૂત' કહ્યો અને અંદર જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થતાં પર્યાયમાં લક્ષગત—અનુભૂતિગત થયો એટલે તેને 'આવિર્ભૂત' થયો—એમ કહેવાય છે. અહો! એ જ્ઞાયકતળમાં વર્તમાન પરિણતિને વાળે તો જ્ઞાયક પ્રગટ થાય—અનુભવગમ્ય થાય. જ્ઞાનપર્યાય ધ્રુવ તરફ વાળે ત્યારે જ્ઞાયક પ્રગટ્યો એમ કહેવામાં આવે છે.

—*—

## વચનામૃત — ૪૩૦

**પ્રશ્ન :— નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય? દ્રવ્યનું કે પર્યાયનું?**

**ઉત્તર :— દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે; વેદાય છે આનંદાદિ પર્યાય.**

**સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે જે ફરતું નથી, બદલતું નથી. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે. ૪૩૦.**

'પ્રશ્ન :— નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય? દ્રવ્યનું કે પર્યાયનું?'

શરીર, વાણી ને મન, પત્ની, પુત્ર, પરિવાર ને પૈસા વગેરે પરદ્રવ્ય અને રાગદ્વેષ ને શુભાશુભ વગેરે પરભાવથી ભિન્ન અંતરમાં શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માની — ભગવાન સર્વજ્ઞદેવે જોયો છે એવા નિજ પૂર્ણાનંદના નાથની — દૃષ્ટિ થઈને પર્યાયના કે ગુણભેદના રાગમિશ્રિત વિચાર છૂટતાં જે સ્વાનુભૂતિમય નિર્વિકલ્પ દશા થઈ તેમાં વેદન શાનું હોય? ત્રિકાળશુદ્ધ દ્રવ્યસ્વભાવનું — ધ્રૌવ્યનું કે ક્ષણિક પર્યાયનું?

'ઉત્તર :—'

પહેલાં પ્રશ્ન સમજાણો? અનાદિ મિથ્યાત્વજનિત ભ્રાન્તિ ટળતાં ચોથા ગુણસ્થાને અંદરમાં દ્રવ્યદૃષ્ટિ થઈને જે નિર્વિકલ્પ દશા થઈ તેમાં વેદન દશાનું છે કે ધ્રુવ દ્રવ્યસ્વભાવનું? અરેરે! હજી તો દ્રવ્ય શું ને દશા શું — એનીય ખબર ન મળે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જગતનાં પાપ આડે જીવને તત્ત્વ સમજવાની નવરાશ ક્યાં છે? પ્રભુ! એક વાર સાંભળ તો ખરો કે — અંદર તારું ત્રિકાળી ધ્રુવ પ્રભુત્વ કેવડું મહાન છે અને જે આ પર્યાય છે તે કેટલી નાની, તુચ્છ ને ગૌણ છે! નિર્વિકલ્પ દશા થતાં વેદન કોનું થાય? — પર્યાયનું કે ધ્રુવ દ્રવ્યનું?

**'દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે; વેદાય છે આનંદાદિ પર્યાય.'**

દૃષ્ટિ પોતે સમ્યગ્દર્શનરૂપ નિર્વિકલ્પ પર્યાય છે; તે તો ધ્રુવસ્વભાવ ઉપર જ હોય છે એટલે કે દૃષ્ટિરૂપ પર્યાયનો આશ્રય ત્રિકાળી ધ્રુવ નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય છે; અને જે વેદન છે તે તો ધ્રુવ સ્વભાવના આશ્રયે પ્રગટ થતી આનંદાદિ પર્યાયસ્વરૂપ છે. અહા! ભાષા સાદી છે, ને ભાવ ઊંચા — ગહન છે; પકડાય છે કાંઈ?

શરીર, વાણી વગેરે પર છે, જડ છે ને ધૂળ છે; પૈસા વગેરે તો ક્યાંય દૂર રહી ગયા. આત્મામાં જે પુણ્યપાપના વિકાર થાય છે તે પણ આત્માનો મૂળ સ્વભાવ નથી. આત્મામાં છે માત્ર તેનાં બે પડખાં — એક સામાન્ય અર્થાત્ ધ્રુવ અને બીજું વિશેષ અર્થાત્ પર્યાય. ત્યાં, દૃષ્ટિ ધ્રુવ ઉપર હોય છે ત્યારે વેદન શાનું હોય છે? ધર્મની નિર્વિકલ્પ દશા પ્રગટતાં વેદન દ્રવ્યના ધ્રુવ પડખાનું હોય છે કે તેની દશાનું હોય છે? તેના જવાબમાં કહે છે કે નિર્વિકલ્પ દશા વખતે પણ દૃષ્ટિ તો અનંત-સામર્થ્યભરપૂર ધ્રુવ સ્વભાવ પર જ હોય છે, પણ જે વેદનમાં આવે છે તે અતીન્દ્રિય જ્ઞાન, આનંદ, શાન્તિ આદિ પર્યાય છે. વેદન પર્યાયનું હોય છે, ધ્રુવાંશનું નહિ. કોઈ ઠેકાણે 'ધ્રુવ સ્વભાવનું વેદન' એમ કથન આવે, પણ તેનો અર્થ 'ધ્રુવ સ્વભાવના આશ્રયે — અવલંબને પ્રગટ થયેલી પર્યાયનું વેદન, એમ સમજવો. વેદન સ્વયં પર્યાય છે. જ્યાં સુધી દૃષ્ટિ પર ને વિભાવ ઉપર હતી ત્યાં સુધી એકલું રાગાદિનું વેદન હતું; જ્યારે ધ્રુવ જ્ઞાયકભાવની દૃષ્ટિ થઈ, ધ્રુવ સ્વભાવ તરફના જોરવાળી શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય થઈ, ત્યારે તેને ધ્રુવ સ્વભાવનું વેદન થયું કહેવાય છે. કાર્ય — ફળ પર્યાયમાં આવે છે માટે પર્યાયનું વેદન છે અને તે પર્યાયનો આશ્રય — વિષય ધ્રુવ સ્વભાવ હોવાથી 'ધ્રુવનું વેદન' — એમ બંને રીતે કહેવાય છે. સમજાણું કાંઈ?

નિર્વિકલ્પ દશા થઈ તે વખતે દૃષ્ટિ — માહાત્મ્યભર્યા અભિપ્રાયનું જોર — તો ધ્રુવ સ્વભાવ ઉપર જ છે, પણ વેદાય છે જ્ઞાન ને આનંદાદિની વ્યક્ત પર્યાય. ધ્રૌવ્યનું વેદન ન હોય, પરિણમનનું વેદન હોય. જે પ્રતિસમય બદલે તેનું વેદન હોય, જેનો બદલવાનો સ્વભાવ જ નથી તે ધ્રુવ સ્વભાવનું વેદન ન હોય. અહા! બહુ સરસ વાત આવી ગઈ છે. બ્રહ્મચારિણી દીકરીઓ બહેન (બહેનશ્રી ચંપાબેન) પાસે બેઠી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હશે, ત્યારે કોઈએ પૂછયું હશે, ને સહેજે આ વાત આવી ગઈ છે. બહેનથી સહેજે બોલાઈ ગયું અને લખનારે લખી લીધું. બહેનને ખબર નહોતી કે આ લખાય છે અને લખનારને (બ્ર૦ બહેનોને) ખબર નહોતી કે આ પુસ્તકરૂપે બહાર પડશે. બધું સહેજે બની ગયું છે.

સામાન્યરૂપ જે દ્રવ્ય છે તે સદા એકરૂપ છે. એકરૂપમાં વેદન કેવું? બદલે તેનું વેદન હોય. દૃષ્ટિ — જોર તો દ્રવ્ય ઉપર જ છે પણ તેનું (દ્રવ્યનું) વેદન હોતું નથી. જે વેદાય છે તે તો જ્ઞાન ને આનંદાદિ પર્યાય છે. જે ધ્રુવ શક્તિરૂપે જ્ઞાન ને આનંદાદિ ગુણો હતા તે, નિર્વિકલ્પ દશા થતાં, પર્યાયમાં વ્યક્ત થઈને વેદનમાં આવ્યા. એ રીતે શક્તિનું વેદન હોતું નથી, પણ વ્યક્તિનું — પર્યાયનું વેદન હોય છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ મનુષ્યભવ આત્માને સમજીને ભવનો અભાવ કરવા માટે છે, ભોગમાં રચ્યાપચ્યા રહેવા માટે નથી.

**'સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે જે ફરતું નથી, બદલતું નથી.'**

જોયું વસ્તુનું મૂળ સ્વરૂપ? દ્રવ્ય તો મૂળ સ્વભાવે અનાદિ-અનંત, એકરૂપ ધ્રુવ છે; તે કદી ફરતું નથી અર્થાત્ પોતાનો મૂળ સ્વભાવ છોડતું નથી, અને બદલતું નથી એટલે કે રૂપાન્તર પામતું નથી; તે સદા નિજરૂપ ને એકરૂપ ધ્રુવ રહે છે. ધ્રુવ દ્રવ્યસ્વભાવ વિભાવ કે સ્વભાવ-પર્યાયરૂપ પરિણમતો નથી, તો પછી તેનું વેદન શું? અહા! ન્યાયથી સમજાય એવી વાત છે; પહેલાં વાત ખ્યાલમાં તો આવવી જોઈએ ને? દ્રવ્યસ્વરૂપે તો ભગવાન આત્મા અનાદિ-અનંત છે. દ્રવ્યસ્વભાવમાં આવરણ કે અનાવરણ - એવું કાંઈ નથી.

**'તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે.'**

જે ફરતું નથી, જે બદલતું નથી, એવા ધ્રુવ જ્ઞાયક દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, પલટતી દશાને, નહિ પલટતા ધ્રુવ જ્ઞાયકતત્ત્વ ઉપર કેન્દ્રિત કરવાથી, તથા તેનું ધ્યાન એટલે કે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વમાં એકાગ્રતા કરવાથી, પોતાની — જ્ઞાયકમાં શક્તિપણે રહેલી — વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે. અહા! શબ્દો સાદા અને થોડા, પણ અંદર ભાવો બહુ ભર્યા છે.

ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવે અનાદિ-અનંત છે; તેનો કોઈ ઈશ્વર કર્તા નથી. જે સદા સ્વતઃ 'છે...છે...છે', તેનો આદિ શો? જે સ્વયં 'છે', તેનો નાશ શો? સ્વતઃ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધ સ્વતંત્ર પદાર્થના સ્વભાવની પૂર્ણતામાં ખામી શી? પરિપૂર્ણ સામર્થ્યયુક્ત દ્રવ્યસ્વભાવ જે નિત્ય ઉદયરૂપ છે તેના ઉપર દૃષ્ટિ કરવાથી—આશ્રય તરીકે જોર આપવાથી, તેને ધ્યાનનો વિષય બનાવવાથી—અંદર દ્રવ્યસ્વભાવમાં રહેલી પોતાની જ્ઞાનને આનંદાદિ અનંત વિભૂતિનું પર્યાયમાં પ્રગટ વેદન થાય છે. ભાષા તો સાદી છે ભાઈ! ભાવ તો જે છે તે છે—ઘણા ગહન છે.

અનંતજ્ઞાન, અનંતશાન્તિ, અનંત-આનંદ આદિ અનંત ગુણોનો ભંડાર એવા નિજ જ્ઞાયક ધ્રુવ તત્ત્વનું અંતરમાં યથાર્થ લક્ષ—દૃષ્ટિ કરવાથી, તેમાં જ એકાગ્રતા કરવાથી, તે દરેક ગુણની પર્યાયમાં વ્યક્તપણે વિભૂતિ પ્રગટ થાય છે. તે, આત્માનો સાચો વૈભવ છે, લક્ષ્મી, શરીર કે રાગ વગેરે કાંઈ આત્માનો વૈભવ નથી. ભાઈ! તારો અંતરનો વૈભવ—સ્વભાવની ચમક કોઈ જુદી જ છે. આ લક્ષ્મી, શરીર, કુટુંબ ને કીર્તિ વગેરે તો, મસાણનાં હાડકાંના 'ફોસ્ફરસ'ની જેમ, બહારની—સંસારની ચમક છે. અહા! આવું વસ્તુસ્વરૂપ! દેખાડનાર દેખાડે, પણ જોવું તો પોતાને છે ને? પોતે અંતરમાં નજર કરે તો ગુરુ નિમિત્ત કહેવાય.

દ્રવ્ય અને ગુણ તો ધ્રુવ છે, તેમનું વેદન ન હોય. દૃષ્ટિ ધ્રુવ તત્ત્વ ઉપર હોય. દૃષ્ટિ પોતે પલટતી પર્યાય છે; તેનો વિષય—આશ્રય અપલટતું જ્ઞાયક ધ્રુવ તત્ત્વ છે. તેનું ધ્યાન—તેમાં લીનતા કરવાથી પોતાની સામર્થ્યભરપૂર વિભૂતિનો પર્યાયમાં પ્રગટ અનુભવ થાય છે. વિભૂતિ ત્રિકાળી છે અને તેનો પર્યાયમાં પ્રગટ અનુભવ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક નિર્વિકલ્પ દશા થતાં થાય છે. અહા! આવી સાદી ગુજરાતી ભાષા! પણ અંદર એકલું માખણ છે માખણ!

—✱—

## વચનામૃત — ૪૩૧

**પ્રશ્ન :—** નિર્વિકલ્પ અનુભૂતિ વખતે આનંદ કેવો થાય?

**ઉત્તર :** તે આનંદનો, કોઈ જગતના—વિભાવના—આનંદ સાથે, બહારની કોઈ વસ્તુ સાથે, મેળ નથી. જેને અનુભવમાં આવે છે તે જાણે છે. તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી. એવો અચિંત્ય અદ્ભુત તેનો મહિમા છે. ૪૩૧.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'પ્રશ્ન : — નિર્વિકલ્પ અનુભૂતિ વખતે આનંદ કેવો થાય ?'**

નિર્વિકલ્પ અનુભૂતિ પોતે તો વર્તમાન નિર્મળ પર્યાય છે. તે વખતે આનંદ કેવો — કઈ જાતનો થાય ?

**'ઉત્તર : — '**

આનંદગુણ તો ત્રિકાળ પરિપૂર્ણ છે; પણ સ્વાનુભૂતિ થતાં જે આનંદ થાય છે તે તો વર્તમાન પ્રગટેલી નિર્મળ પર્યાય છે. સ્વાનુભૂતિ વખતે પ્રગટેલો આનંદ કેવો હોય ? — એ પ્રશ્ન છે ને ? તેનો ઉત્તર આપે છે —

**'તે આનંદનો, કોઈ જગતના — વિભાવના — આનંદ સાથે, બહારની કોઈ વસ્તુ સાથે, મેળ નથી.'**

આ, વેદનરૂપ — પર્યાયરૂપ આનંદની વાત છે, ત્રિકાળી આનંદગુણની નહિ. અહા ! એ આનંદની તો શી વાત ! સ્વાનુભૂતિ થતાં આત્મામાંથી પ્રગટેલા તે આનંદનો કોઈ દુન્યવી — વિભાવના — આનંદ સાથે, બહારની કોઈ ચીજ સાથે, જરાય મેળ નથી.

**'જેને અનુભવમાં આવે છે તે જાણે છે.'**

આનંદનિધાન જ્ઞાયક આત્માને ઓળખીને જેને સ્વાનુભૂતિ પ્રગટ થઈ છે તે જ તે અતીન્દ્રિય આનંદને યથાર્થ જાણે છે.

**'તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી.'**

એને શી ઉપમા આપવી ?

**'એવો અચિંત્ય અદ્ભુત તેનો મહિમા છે.'**

કોનો મહિમા એવો અચિંત્ય ને અદ્ભુત છે ? નિર્વિકલ્પ સ્વાનુભવ થાય ત્યારે જે આનંદ આવે છે તેનો. અહા ! નિર્વિકલ્પ દ્રવ્યદૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન થતાં, જે આનંદનો અનુભવ થાય છે તે કેવો છે ? — એ તો અચિંત્ય ને અદ્ભુત છે. તેનો મહિમા વચનથી અકથ્ય ને મનથી અગમ્ય છે, તે તો માત્ર સ્વાનુભૂતિગમ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૮૧

તા. ૬–૧–૭૯

## વચનામૃત — ૪૩૨

પ્રશ્ન : — આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો.

ઉત્તર : — શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા. ઇંદ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણકમહોત્સવ કેવો દિવ્ય હશે? તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવીમહોત્સવ ઊજવે છે.

આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા. આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકરભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી. મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે. આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે. હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે. એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે.

જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે. વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

હાલમાં શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગ્રત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. ૪૩૨.

**'પ્રશ્ન :—આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો.'**

દિવાળી, જેમનું શાસન હાલ પ્રવર્તી રહ્યું છે તે ચોવીસમા મહાવીર ભગવાનના મોક્ષકલ્યાણકનો પાવન દિવસ છે. તે દિવસે કોઈએ પ્રશ્ન પૂછ્યો હશે.

**'ઉત્તર :—'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આસો વદ ચૌદશની પાછલી રાત્રે આ ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન પાવાપુરીથી સમશ્રેણીએ મોક્ષ પધાર્યા, ને આસો વદ અમાસની વહેલી પ્રભાતે સ્વર્ગલોકમાંથી આવીને ઇંદ્રો અને દેવોએ નિર્વાણકલ્યાણક — મહોત્સવ ઊજવ્યો. તે ઉત્સવના પ્રતીકરૂપે લોકો તે દિવસે 'દીપાવલીપર્વ' ઊજવે છે.

**'શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા.'**

મહાવીરનો જીવ પૂર્વે પુરૂરવા નામનો ભીલ હતો. તે ભવમાંથી તેનો સુધારો થવા માંડયો હતો. વચ્ચે બીજા ઘણા ભવ કર્યા હતા, અંતિમ ભવે ભરતક્ષેત્રના મગધદેશની કુંડલપુરીમાં સિદ્ધાર્થરાજાની રાણી ત્રિશલાદેવીની કૂખે ચોવીસમા તીર્થંકર-રૂપે અવતાર લીધો હતો. પુરૂરવા ભીલોનો રાજા હતો. વનમાં મુનિ ધ્યાનસ્થ બેઠા હતા. દૂરથી તેમને મૃગ જાણીને પુરૂરવા બાણ છોડવાની તૈયારીમાં હતો ત્યાં તેની પત્નીએ કહ્યું: આ તો મહાન સંત છે, કોઈ મુનિરાજ છે. ભીલે બાણ મૂકી દીધું ને મુનિરાજ પાસે જઈને ભક્તિથી વંદન કર્યું. મુનિરાજનો ઉપદેશ સાંભળીને મદ્ય, માંસ ને મધુનું ત્યાગવ્રત લીધું; તે શુભભાવ હતો, ધર્મ નહોતો. ત્યાંથી તેના સુધારની શરૂઆત થઈ. ત્યાંથી મરીને સ્વર્ગમાં દેવ થાય છે, ત્યાર પછી ક્રમે અનેક ભવ કરીને સિંહનો ભવ કરે છે. આ ભવ 'મહાવીર' થવા પહેલાંનો દસમો ભવ છે. એક વાર તે હરણને ફાડી ખાતો હતો ત્યારે આકાશમાંથી બે ચારણઋદ્ધિધારી મુનિવરો ઊતરે છે અને સિંહને સંબોધન કરે છે: 'હે વનરાજ! તું આ શું કરે છે? અમે તો ભગવાન પાસે સાંભળ્યું છે કે — તું દસમા ભવે મહાવીર તીર્થંકર થવાનો છે. નરકગતિમાં લઈ જનારી આવી ઘોર હિંસા તને શોભે? સચ્ચિદાનંદ પ્રભુ તારો આત્મા અંદર બિરાજે છે તેને, અંતરમાં દૃષ્ટિ કરીને, ગ્રહણ કર! તેની અનુભૂતિ કર! સમ્યક્ત્વ પ્રગટ કરવાનો તારો અવસર આવી ગયો છે.' અહા, જુઓ! અંદર ઉપાદાન તૈયાર થાય છે ત્યાં કુદરતે નિમિત્તનો યોગ કેવો થઈ જાય છે! મુનિરાજની ભાષા કેવી હશે? ભાષા ગમે તે જાતની હોય પણ સિંહ ભાવ બરાબર સમજી ગયો. ઉપદેશ સાંભળીને સિંહની આંખોમાંથી આંસુની ધારા વહી જાય છે. અંતર્મુખ દૃષ્ટિ કરીને તે વખતે સિંહ સમ્યગ્દર્શન ને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ પામી જાય છે. અરે! હજી તો પંજા નીચે મારી નાખેલું હરણ પડ્યું છે, પેટમાં પણ માંસ પડ્યું છે — એવી સ્થિતિમાં પણ જીવ, એ બધાંથી પોતાની પરિણતિ પાછી વાળીને, અંતરના પુરુષાર્થ વડે સાધનાનું કામ કેવું સાધી લે છે! અહા! અંતરની પાત્રતા હોય ત્યાં નિમિત્તોનો યોગ સહજ બની જાય છે. નિમિત્તો મેળવવા પડતાં નથી ને નિમિત્તથી કામ થતું પણ નથી. સિંહની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની ઉપાદાનભૂત તૈયારી થઈ ત્યાં આકાશમાંથી અઘોર જંગલમાં મુનિવરો ઊતર્યા અને કહ્યું કે — હે મૃગરાજ ! તું અંદર ભગવાન છો, જિનસ્વરૂપ છો.

ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન;
મતિમદિરાકે પાનસોં, મતવાલા સમુઝે ન.
જિન સોહી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિનવચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ.

— પ્રભુ ! તું જિન છો ને! વીતરાગમૂર્તિ ભગવાન છો ને ! — એટલું સાંભળતાં સિંહ અંદરમાં ઊતરી ગયો અને સમ્યગ્દર્શન પામી ગયો. આંખમાં આંસુની ધારા વહે છે અને અંતરમાં અશુદ્ધતાની ધારા અંશે ચાલી જાય છે — નષ્ટ થાય છે અને સ્વાનુભૂતિયુક્ત શુદ્ધતાની ધારા ચાલુ થાય છે. સાધનાની અતૂટ ધારા રાખીને મહાવીરનો જીવ સિંહપર્યાય છોડી, વચ્ચે દેવ-મનુષ્યના પાંચ ભવ કરીને ધાતકીખંડના પૂર્વ વિદેહ-ક્ષેત્રમાં ચક્રવર્તી થાય છે. ત્યાર પછી પૂર્વ ત્રીજા ભવમાં જંબુદ્વીપમાં નંદ રાજા થાય છે, મુનિપણું લઈ તીર્થંકર નામકર્મ બાંધે છે. ત્યાંથી ૧૬મા સ્વર્ગમાં અચ્યુતેન્દ્રપણે ૨૨ સાગરનું આયુષ્ય પૂર્ણ કરીને જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં મગધદેશની કુંડલપુરીના રાજા સિદ્ધાર્થની ત્રિશલારાણીની કૂખે, અષાઢ સુદ છઠના દિને, આવે છે. ઇંદ્રો અને દેવો ગર્ભકલ્યાણકનો મોટો ઉત્સવ ઊજવે છે. ચૈત્ર સુદ ૧૩ના દિને જન્મ-કલ્યાણક, ત્રીશ વર્ષની ઉંમરે માગશર વદ ૧૦ (ગુજરાતી કારતક વદ ૧૦) ના દિને તપ-કલ્યાણક, સાડા બાર વર્ષની તપસાધના પછી વૈશાખ સુદ ૧૦ના દિને કેવળજ્ઞાનકલ્યાણક અને ત્રીશ વર્ષ સુધી દિવ્યધ્વનિ દ્વારા શાસનપ્રવર્તન પછી ૭૨ વર્ષની ઉંમરે આસો વદ ૧૪ની પાછલી રાત્રે નિર્વાણકલ્યાણક — એ પાંચેય કલ્યાણકો ઇંદ્રો અને દેવોએ સ્વર્ગમાંથી મધ્યલોકમાં આવીને અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યાં હતાં. આસો વદ અમાસના દિને વીરનિર્વાણની જે મોટી ઊજવણી થઈ તે દીપાવલીના વાર્ષિક દિવસે કોઈએ બેનને પૂછ્યું છે: આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો. તેના જવાબમાં કહે છે કે — શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં ચોથે ગુણસ્થાને સિદ્ધની જાતિનો અતીન્દ્રિય અલૌકિક આનંદ પ્રગટે છે પણ તે બહુ અલ્પ છે, અને જ્યારે સાચું દિગંબર મુનિપણું પ્રગટે છે ત્યારે, અંતરમાં સ્વરૂપસ્થિરતા ખૂબ વધી ગઈ હોવાથી, તે અલૌકિક આનંદનું પ્રચુર સંવેદન હોય છે; તોપણ હજી આનંદ પૂર્ણ પ્રગટ થયો નથી. પૂર્ણ અલૌકિક આનંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો કેવળજ્ઞાનદશા — ચારેય ઘાતિકર્મનો ક્ષય થતાં અનંત ચતુષ્ટયરૂપ અરિહંતદશા — પ્રાપ્ત થાય ત્યારે પ્રગટ છે. ચોથે ગુણસ્થાને અંશે આનંદ, છઠ્ઠે-સાતમે પ્રચુર આનંદ, બારમે વીતરાગ-આનંદ, તેરમે ક્ષાયક અનંત આનંદ ને સિદ્ધમાં ક્ષાયિક અવ્યાબાધ આનંદ હોય છે.

વીરપ્રભુ પૂર્ણ આનંદ પામ્યા પહેલાં આનંદના પ્રચુર સંવેદનસ્વરૂપ મુનિદશામાં હતા. અહા ! મુનિદશા કોને કહીએ ! જે અંતર્બાહ્ય નિર્ગ્રંથ સંત પરમશુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય તેમને મુનિ કહીએ. અત્યારે તો દિગંબર સાધુ થઈને એમ કહે છે કે — આ પંચમ કાળમાં શુદ્ધોપયોગ ન હોય, એકલો શુભોપયોગ જ હોય. અરે ભાઈ ! સાધુ થઈને આ તું શું કહે છે ? અત્યારે પંચમ કાળે જો એકલો શુભોપયોગ જ હોય તો શું ધર્મ નથી ? ભગવાન કુંદકુંદાચાર્યદેવે તો 'પંચમ કાળે ધર્મધ્યાનરૂપ શુદ્ધોપયોગ હોય છે' એમ મોક્ષપ્રાભૃતમાં કહ્યું છે —

ભરતે દુષમકાળેય ધર્મધ્યાન મુનિને હોય છે;
તે હોય છે આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે.

પ્રવચનસારમાં કહ્યું છે : સાચા ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ — બધા પરમશુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય છે. ભૂમિકાનુસાર વ્રતાદિના વિકલ્પ આવે છે પણ તે હેયપણે વર્તે છે, તેને તેઓ વિશેષ સ્વરૂપસ્થિરતા વડે ઓળંગી જશે.

**'આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી.'**

વીરપ્રભુ, પ્રચુર આનંદના સંવેદનરૂપ પરમશુદ્ધોપયોગદશાને પ્રાપ્ત કરી, સાડા બાર વર્ષની ઉગ્ર સ્વરૂપસાધના પછી કેવળજ્ઞાન પામ્યા. પૂર્ણ આનંદ ને કેવળજ્ઞાન પરિણતિને પ્રાપ્ત વીરપ્રભુએ, દિવ્યધ્વનિ દ્વારા ત્રીસ વર્ષ સુધી ધર્મપ્રવર્તન થયા પછી, આજે — આસો વદ ચૌદશની પાછલી રાત્રિએ — સિદ્ધદશા પ્રગટ કરી. અરેરે ! લોકોએ અત્યારે માર્ગમાં બહુ ગરબડ કરી નાખી છે. ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્માનું દિવ્ય-ધ્વનિમાં કથન છે કે — જ્યાં પરમાત્મદશા પ્રગટે છે ત્યાં આત્માના પૂર્ણ અલૌકિક આનંદ ને કેવળજ્ઞાનરૂપ પરિણમન હોય છે. એ કેવળજ્ઞાની પરમાત્માનો દેહદેદાર નગ્નદશારૂપ હોય છે, અરે ! જે સાચા ભાવલિંગી સંત છે તેમને પણ વસ્ત્ર ન હોય તો કેવળી પરમાત્માને વસ્ત્ર ક્યાંથી હોય ? વીરપ્રભુએ પ્રથમ પ્રચુર સ્વસંવેદનયુક્ત નગ્નદશારૂપ વીતરાગ મુનિપણું અંગીકૃત કર્યું, પછી પૂર્ણ અલૌકિક આત્મિક આનંદ-યુક્ત કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, અને પછી આજે અશરીરી સિદ્ધદશા પ્રગટ કરી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે.'**

ભગવાન આત્મા તો જ્ઞાનશરીરી છે, આ દૃશ્યમાન શરીર તો ધાનનું ઢીંગલું, જડ, અચેતન, માટી — ધૂળ છે, અરે! પુણ્યપાપના ભાવો છે તે પણ કાર્મણશરીરનો ફફફાટ છે, આત્માનું સ્વરૂપ નથી. પૂર્ણાનંદ ને કેવળજ્ઞાનસ્વરૂપ ચૈતન્યશરીરી મહાવીરપ્રભુ આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને — ચૌદમું ગુણસ્થાન — પામ્યા. अ, इ, उ, ऋ, ऌ — એ પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચાર જેટલા સમય પછી તરત જ ચૈતન્ય-ગોળો દેહથી છૂટો પડીને તે જ સમયે, પાવાપુરીની સમશ્રેણીએ, તેમનો શુદ્ધાત્મા લોકના અગ્ર ભાગમાં સમવસ્થિત થઈ ગયો — પૂર્ણ અશરીરી ચિદ્રૂપ થઈને કેવળ ચૈતન્ય-બિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયો; હવે ત્યાં સદાય — સાદિ-અનંત કાળ — સમાધિ-સુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. શ્રીમદે 'અપૂર્વ અવસર' માં કહ્યું છે ને! —

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. — અપૂર્વ૦

સિદ્ધભગવાન સાદિ-અનંત કાળ શું કરે છે? — તો કહે છે: ક્ષાયિક અનંત સમાધિ, શાન્તિ, સુખ, જ્ઞાન, દર્શન, વીર્ય આદિ અનંત ગુણોની પરિપૂર્ણ પર્યાયે નિરંતર પરિણમ્યા કરે છે. અહીં સંસારમાં પણ જીવ બીજું શું કરી શકે છે? શું શરીર, વાણી કે સ્ત્રી-પુત્રનું કાંઈ કરી શકે છે? નહિ; માત્ર અસમાધિ, અશાન્તિ ને દુઃખ ઇત્યાદિરૂપે પરિણમ્યા કરે છે. વીરપ્રભુ હવે સાદિ-અનંત સમાધિસુખાદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયોરૂપે નિરંતર પરિણમ્યા કરશે.

**'આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા.'**

ઋષભદેવભગવાન કૈલાસ — અષ્ટાપદ — પર્વત પરથી મોક્ષ પધારે છે ત્યારે 'અરે! ભરતક્ષેત્રમાં સાક્ષાત્ ભગવાનના વિયોગ પડ્યા' એવા વિરહવેદનથી ભરત-ચક્રવર્તીનાં નેત્રોમાંથી અશ્રુધારા વહી જાય છે. સૌધર્મેન્દ્ર કહે છે: અરે મિત્ર ભરત!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ વિલાપ શાનો! તમે પણ ચરમશરીરી છો, આ જ ભવમાં ભગવાન જેવી જ મુક્તિને પામવાના છો. ભરત ખિન્ન હૃદયે કહે છે: હે ઇન્દ્ર! સાંભળ! અમને અમારી બધી ખબર છે, આ જ ભવમાં અમારો મોક્ષ નિશ્ચિત છે, છતાં પણ, અત્યારે અમારી ભૂમિકા એવી છે જેથી, ભગવાનના વિરહના વેદનરૂપ પ્રશસ્ત રાગ આવી જાય છે. ભગવાન પ્રત્યેનો ભાવ — એ પણ શુભ રાગ છે, ધર્મ નહિ, છતાં જ્યાં સુધી વીતરાગ-દશા ન થાય ત્યાં સુધી એવો પ્રશસ્ત રાગ સમકિતીને તો શું, મુનિને પણ આવ્યા વગર રહેતો નથી; પણ છે એ બંધનું કારણ; શુભાશુભ રહિત શુદ્ધભાવ તે એક જ મોક્ષનું કારણ છે. અહીં કહે છે: ત્રિલોકીનાથ વીરપ્રભુ ભરતક્ષેત્ર છોડી ચાલ્યા ગયા, તીર્થંકરસૂર્ય અસ્ત થઈ ગયો, સાક્ષાત્ અરિહંત તીર્થંકર પરમાત્માના વિરહ પડ્યા.

**'ઇંદ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો.'**

પહેલા સ્વર્ગનો ઇંદ્ર સૌધર્મેન્દ્ર અને તેની ઇંદ્રાણી શચી — બંને આત્મજ્ઞાની અને એકાવતારી હોય છે. શચીનો જીવ દેવીની પર્યાયમાં ઊપજ્યો ત્યારે મિથ્યાદૃષ્ટિ હતો; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવ સ્ત્રીપર્યાયમાં ઊપજે નહિ એવો આગમોક્ત નિયમ છે. સૌધર્મેન્દ્રને, પોતાના બે સાગરપ્રમાણ આયુષ્ય-કાળમાં, અસંખ્ય તીર્થંકરોનાં પંચ-કલ્યાણકો ઊજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. બે સાગરમાં પાંચ ભરત ને પાંચ ઐરાવત ક્ષેત્ર વિષે અસંખ્ય તીર્થંકરો થાય નહિ, પણ પાંચ વિદેહમાં, ત્યાં તીર્થંકરોની ઉત્પત્તિનો પ્રવાહ અતૂટ હોવાથી, થાય છે. અહો! ૩૨ લાખ વિમાનની સાહેબીવાળો અને અસંખ્ય દેવોનો લાડીલો પહેલા સ્વર્ગનો સૌધર્મેન્દ્ર અને તેની સાથે બીજાં સ્વર્ગોના ઇન્દ્રો તથા અસંખ્ય દેવો વગેરેએ સ્વર્ગલોકમાંથી ઊતરીને આજે શ્રી મહાવીર-પ્રભુનો નિર્વાણમહોત્સવ પાવાપુરીમાં ઊજવ્યો હતો.

**'દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણકમહોત્સવ કેવો દિવ્ય હશે!'**

અહો! જેની ઊજવણી સ્વર્ગમાંથી આવીને દેવો અને ઇન્દ્રો કરે તે દૈવી મહોત્સવની દિવ્યતાની તો શી વાત!

**'તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવીમહોત્સવ ઊજવે છે.'**

દેવોએ ઊજવેલ મહાવીર-નિર્વાણમહોત્સવને અનુસરીને હજુ પણ લોકોમાં, દીપમાળા પ્રગટાવીને તથા ફટાકડા ફોડીને, દીપોત્સવીમહોત્સવ ઊજવવાની પ્રથા ચાલુ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા.’**

૨૫૦૪ વર્ષ પૂર્વે આસો વદ અમાસની વહેલી પ્રભાતે એટલે કે આસો વદ ચૌદશની પાછલી રાતે આ ભરતક્ષેત્રના ચોવીસમા — ચરમ તીર્થંકર શ્રી મહાવીરભગવાન મગધ-દેશની પાવાપુરીથી મોક્ષ પધાર્યા.

**‘ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા.’**

ગણધર શ્રી ગૌતમસ્વામી શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત તો હતા જ. ભગવાનનો જ્યાં મોક્ષ થયો ત્યાં તરત જ તે અંતરમાં — સમકિતનું ધ્યેય એવા પૂર્ણાનંદ આદિ સામર્થ્યભરપૂર જ્ઞાયક ધ્રુવ ધામમાં — સ્થિરતાપરિણતિએ ઊંડા ઊતરી ગયા ને તે જ દિવસે પૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન પામ્યા.

**‘આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપર-પ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.’**

સ્વપરનું યથાતથ પ્રકાશક સ્વાનુભૂતિ સહિત મતિશ્રુતજ્ઞાન તો તેમને પહેલેથી પ્રગટ થયું છે. આ તો પૂર્ણ જ્ઞાનની વાત છે. દ્રવ્ય અને ગુણ તો ભગવાન આત્મા ત્રણે કાળ પરિપૂર્ણ છે, પર્યાયમાં જે અધૂરાશ હતી તે વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં નીકળી ગઈ. આત્માનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે. તેમાં જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણો રહેલા છે. અનંત ગુણોને રહેવા માટે અનંત પ્રદેશ હોવાની જરૂર નથી. આત્માના અસંખ્ય પ્રદેશોમાં એકસાથે રહેલા જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોની પ્રતિસમય થનારી અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી. નીચે સમ્યગ્દર્શન થતાં ‘સર્વગુણાંશ તે સમ્યક્ત્વ’ — એ ન્યાયે સમ્યક્ત્વ, જ્ઞાન ને આનંદ આદિ સર્વ ગુણોની પર્યાયો પ્રકાશી નીકળી છે ખરી, પણ અંશે, અને વેદનમાં પણ થોડી; મુનિવરોને પણ પ્રગટી છે ખરી, પણ પ્રમાણમાં વિશેષ, અને વેદનમાં ઘણી પ્રચુર, અને કેવળીને તો અનંત ગુણોની અનંત પર્યાયો પ્રમાણમાં અને વેદનમાં પરિપૂર્ણપણે પ્રકાશી નીકળી છે. ગૌતમસ્વામીને, અંતરમાં ઊંડા ઊતરી જતાં, આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું સ્વપરપ્રકાશક અદ્ભુત જ્ઞાન પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો ખીલી નીકળી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકરભગવાનનો વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી.'**

ભરતક્ષેત્રમાં અત્યારે પાંચમો આરો વર્તી રહ્યો છે; તીર્થંકર કે સામાન્ય કેવળી થાય એવો આ કાળે યોગ નથી.

**'મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે.'**

વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી વગેરે ૨૦ તીર્થંકરભગવંતો તો સદાય હોય છે. ત્યાં તીર્થંકરો ને કેવળીઓનો કદી વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ પ્રવર્તે છે. કુદરતનો નિયમ છે કે — છ મહિના ને આઠ સમયમાં છસો આઠ જીવ નિયમથી મોક્ષ જાય. ભરતક્ષેત્રમાંથી આ કાળે કોઈ મોક્ષ જતું નથી, તો ક્યાંથી જાય છે? — વિદેહક્ષેત્રમાંથી. ત્યાં સદાય ધર્મકાળ વર્તે છે. આપણા પંડિતજીએ — બહેનશ્રી ચંપાબેનના ભાઈ હિંમતભાઈએ, જે સમવસરણસ્તુતિ બનાવી છે તેમાં, કહ્યું છે ને! —

ધર્મકાળ અહો! વર્તે, ધર્મક્ષેત્ર વિદેહમાં;
વીસ વીસ જહાં ગર્જે, ધોરી ધર્મપ્રવર્તકા.

**'આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે.'**

જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધદ્વીપ — એ અઢી દ્વીપ — ૪૫ લાખ યોજન-પ્રમાણ — મનુષ્યક્ષેત્ર છે. તેમાં કુલ પાંચ વિદેહક્ષેત્ર છે. પાંચ મેરુની પૂર્વ-પશ્ચિમ દિશાએ સ્થિત દરેક વિદેહક્ષેત્રના સોળ-સોળ 'વિજય' (દેશો) છે. એ રીતે વિદેહક્ષેત્રના કુલ ૧૬૦ વિભાગ છે. આજે પણ ત્યાં જુદા જુદા વિભાગમાં એક એક તીર્થંકર થઈ ને વીસ તીર્થંકર વિદ્યમાન છે. વિદેહક્ષેત્રમાં ૨૦ તીર્થંકર તો સદાય હોય છે; પણ કોઈ વખતે દરેક વિભાગમાં તીર્થંકર થાય તો એકસાથે કુલ ૧૬૦ તીર્થંકર પણ હોય છે.

**'હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે.'**

જંબુદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરભગવાન હાલમાં બિરાજે છે; પરમૌદારિક શરીર છે, ૫૦૦ ધનુષ (૨૦૦૦ હાથ) ઊંચું દેહમાન છે, એક કરોડ પૂર્વનું આયુષ્ય છે (૭૦ લાખ ને ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય). કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટયના ધારક ભગવાન સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધોધ વરસાવી રહ્યા છે. ભગવાનની ધર્મદેશના ' ૐ ' કાર દિવ્યધ્વનિમય હોય છે, તેમને આપણા જેવી ક્રમે નીકળનારી ભાષા ન હોય, હોઠ બંધ હોય; આખા શરીરમાંથી ' ૐ ' ધ્વનિનો મધુરો નાદ ઊઠે, ને તેમનો એવો અતિશય હોય છે જેથી સભાજનો સૌ પોતપોતાની ભાષામાં દેશનાનો ભાવ સમજી જાય.

ૐકાર ધ્રુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ,
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ.

**' એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે. '**

અરેરે ! માણસને વિશ્વાસ ક્યાં છે ? બીજા વિજયમાં પણ હાલ તીર્થંકર છે. શ્રી સીમંધર વગેરે વીસ નામવાળા તીર્થંકરભગવાન વિદેહક્ષેત્રમાં ( કાળપ્રવાહમાં નવા નવા થઈને ) સદાય હોય છે. જગતને વિષે ત્રણ કાળે ત્રણ લોકને ( લોકાલોક સર્વને ) જાણનાર સર્વજ્ઞ વીતરાગ અરિહંત પરમાત્માનો કોઈ દી વિરહ હોય નહિ. જગતમાં જો ' જ્ઞેય ' સદાય છે તો તેને પૂર્ણપણે જાણનાર અને જાણીને દિવ્યધ્વનિ દ્વારા બતાવનાર સશરીર પરમાત્મા પણ સદા હોય જ, તેનો વિરહ કદી હોઈ શકે નહિ. ભલે ભરતક્ષેત્રમાં હાલ તીર્થંકર નથી, પણ વિદેહક્ષેત્રમાં તો સદા હોય છે; કેમ કે ત્યાં સદા ધર્મકાળ વર્તે છે.

**' જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે. '**

વીરભગવાન અત્યારે ' ણમો સિદ્ધાણં ' — અશરીરી સિદ્ધ પરમાત્માપણે લોકાગ્રે બિરાજે છે, તોપણ આ ભરતક્ષેત્રમાં હાલ તેમનું શાસન પ્રવર્તી રહ્યું છે.

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥

શાસનનાયક વીતરાગ સર્વજ્ઞ શ્રી મહાવીરભગવાનનો ઉપકાર અત્યારે આ ભરતક્ષેત્રમાં વર્તી રહ્યો છે.

**' વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. '**

મહાવીરભગવાનના શાસનમાં અનેક જ્ઞાન-તપ-ઋદ્ધિધારી સમર્થ દિગંબર સંતો — આચાર્યભગવંતો થયા. બે હજાર વર્ષ પહેલાં સનાતન દિગંબર જૈનના શ્રમણ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મથી ભ્રષ્ટ થઈને વસ્ત્રપાત્રધારી જે બીજો પંથ નીકળ્યો છે તે ખરેખર વીરપ્રભુનો માર્ગ નથી. સૂત્રપાહુડમાં ભગવત્‌કુંદકુંદાચાર્યદેવે તેમને ઉન્માર્ગી કહ્યા છે :—

**નહિ વસ્ત્રધર સિદ્ધિ લહે, તે હોય તીર્થંકર ભલે;**
**બસ નગ્ન મુક્તિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે.**

સાચા ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ તો શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય છે. ષટ્‌ખંડાગમની ધવલા ટીકામાં 'णमो लोए सव्व साहूणं' માં જે 'लोए' અને 'सव्व' શબ્દ છે તે અંતદીપક હોવાથી આગળના ચારેય પદમાં લાગુ પડે છે— એમ કહ્યું છે. અને તેની ટીકા કરતાં કહ્યું છે : લોકને વિષે ત્રિકાળવર્તી સર્વ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને નમસ્કાર હો. શ્રેણિકરાજા ભાવી-તીર્થંકર છે, અત્યારે ૮૪૦૦૦ વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને જંબુદ્વીપના આ ભરતક્ષેત્રની આવતી ચોવીસીના પહેલા તીર્થંકર થવાના છે. તેમના ભાવી અરિહંતપણાને અત્યારથી નમસ્કાર થઈ શકે છે.

વીરપ્રભુના શાસનમાં શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત અનેક મહાસમર્થ આચાર્ય-ભગવંતો થયા, જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિવિધ પ્રકારે અનેક શાસ્ત્રોમાં ભરી દીધાં છે.

**'શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્‌ભુત રીતે પ્રકાશ્યો છે.'**

શ્રી કુંદકુંદની સાથે જે 'આદિ' શબ્દ છે તેમાંથી દિગંબર ભાવલિંગી સંતો લેવા, અન્ય વસ્ત્રપાત્રધારી નહિ. તેમણે તો, ભગવાનનું નામ આપીને, કલ્પિત શાસ્ત્રો રચ્યાં છે: મહાવીરભગવાનને બે બાપ ને બે મા, અર્જુનની પત્ની મહાસતી દ્રૌપદીને પાંચ પતિ વગેરે અનેક કલ્પિત વાતો લખી છે. એ માર્ગભ્રષ્ટ ગુરુઓને અને તે કલ્પિત શાસ્ત્રોને માનવા તે ગૃહીતમિથ્યાત્વ છે. 'આદિ' શબ્દમાં શ્રી ઉમાસ્વામી, કાર્તિકસ્વામી, પૂજ્યપાદસ્વામી, સમન્તભદ્ર, નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તી, અમૃતચંદ્ર, યોગીન્દુદેવ વગેરે દિગંબર આચાર્યભગવંતો લેવા. આભના થાભ જેવા એ સમર્થ આચાર્યભગવંતોએ વીરપ્રભુની વાણીના મર્મને વિવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરીને મુક્તિનો માર્ગ અદ્‌ભુત રીતે પ્રકાશ્યો છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવે વિક્રમશકના પ્રારંભમાં (સં. ૪૯માં) પૂર્વવિદેહક્ષેત્રે જઈને ભગવાન શ્રી સીમંધરસ્વામીનો દિવ્યધ્વનિ સાક્ષાત્‌ સાંભળ્યો હતો. ત્યાં આઠ દિવસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહીને કેવળી-શ્રુતકેવળીના સત્સમાગમનો લાભ લીધો હતો. ત્યાંથી આવીને તેમણે આ સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયસંગ્રહ, નિયમસાર, અષ્ટપ્રાભૃત વગેરે શાસ્ત્રો બનાવ્યાં છે. એ રીતે શ્રી કુંદકુંદાદિ સમર્થ દિગંબર સંતોએ વીરમુખોદ્‌ગત દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મોક્ષનો માર્ગ અદ્‌ભુત રીતે પ્રકાશ્યો છે.

છેલ્લા પેરેગ્રાફમાં બહેને પોતાનો (ગુરુદેવ પ્રત્યે) બહુમાનભર્યો વિનય કર્યો છે. એ સૌએ પોતાની મેળે વાંચી લેવો.

[ છેલ્લા પેરેગ્રાફમાં પૂજ્ય બહેનશ્રીએ પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે બહુમાનભર્યો જે અહોભાવ વ્યક્ત કર્યો છે તે આ પ્રમાણે છે: હાલમાં શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગ્રત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. ]

ગુરુ-કહાન તણો ઉપકાર ભરતે ગાજે રે,
સ્વાનુભૂતિભર્યો રણકાર, ચેતન જાગે રે.

*

ગણનાતીત ગુરુ-ઉપકાર મુજ અણુ-અણુએ રે,
શબ્દોથી કેમ કથાય, નમું નમું ભાવે રે.

*

દેવ-ગુરુ તણો વસવાટ સદા મુજ દિલમાં રે,
શિવપદ તક રહું તુજ દાસ—ભાવું ઉરમાં રે.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૮ | ૮ | અચેતન, | અચેતન, અને |
| ૩૮ | ૨૮ | કરે | કરે; |
| ૫૪ | ૨૯ | મળવાં મુ | મળવાં મુશ્કેલ છે. |
| ૭૯ | ૨૧ | તેને, | તેનો, |
| ૯૮ | ૨૬ | બંધમાર્ગ નથી. | બંધમાર્ગ છે. |
| ૨૫૧ | ૧૮ | જેવડો હું તો | જેવડો પણ હું નથી. હું તો |
| ૨૫૪ | ૨૨ | પ્રણ | પણ |
| ૨૭૭ | ૫ | વિકલ્ગથી | વિકલ્પથી |
| ૨૮૦ | ૨ | શાચો | સાચો |
| ૨૮૬ | ૨૫ | જન | જૈન |
| ૨૯૭ | ૬ | મળે સા | મળે સાવ |
| ૩૪૬ | ૩ | ચિન્ત્ય | અચિન્ત્ય |
| ૩૭૫ | ૧ | રાગાદ | રાગાદિ |
| ૪૧૧ | ૧૮ | જીવનને | જીવને |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ❁ અમારાં પ્રકાશનો ❁

| ક્રમ | નામ | પ્રત |
|---|---|---|
| ૧. | શ્રી પ્રવચનસાર (ગુજરાતી) | ૧,૫૦૦ |
| ૨. | ,, પ્રવચનસાર (હિન્દી) | ૨,૧૦૦ |
| | ,, પ્રવચનસાર (હિન્દી દ્વિતીય આવૃત્તિ) | ૨,૧૦૦ |
| ૩. | ,, પંચાસ્તિકાયસંગ્રહ (ગુજરાતી) | ૧,૦૦૦ |
| ૪. | ,, પંચાસ્તિકાયસંગ્રહ (હિન્દી) | ૨,૫૦૦ |
| ૫. | ,, સમયસાર નાટક (હિન્દી) | ૩,૦૦૦ |
| ૬. | ,, અષ્ટપાહુડ (હિન્દી) | ૨,૦૦૦ |
| ૭. | ,, અનુભવપ્રકાશ | ૨,૧૦૦ |
| ૮. | ,, પરમાત્મપ્રકાશ | ૧,૧૦૦ |
| | ,, પરમાત્મપ્રકાશ (દ્વિતીય આવૃત્તિ) | ૩,૦૦૦ |
| ૯. | ,, સમયસાર કલશટીકા (હિન્દી) | ૨,૦૦૦ |
| ૧૦. | ,, આત્માવલોકન | ૨,૦૦૦ |
| ૧૧. | ,, સમાધિતંત્ર (ગુજરાતી) | ૨,૦૦૦ |
| ૧૨. | ,, બૃહદ્દ્રવ્યસંગ્રહ (હિન્દી) | ૩,૦૦૦ |
| ૧૩. | ,, જ્ઞાનામૃત (ગુજરાતી પ્રથમ આવૃત્તિ) | ૨,૦૦૦ |
| | ,, જ્ઞાનામૃત (ગુજરાતી દ્વિતીય આવૃત્તિ) | ૫,૦૦૦ |
| ૧૪. | ,, યોગસાર | ૨,૦૦૦ |
| ૧૫. | ,, અધ્યાત્મસંદેશ | ૨,૦૦૦ |
| ૧૬. | ,, પદ્મનંદિપંચવિંશતિ | ૩,૦૦૦ |
| ૧૭. | ,, સમયસાર (ગુજરાતી) | ૩,૧૦૦ |
| ૧૮. | ,, સમયસાર (હિન્દી) | ૨,૫૦૦ |
| ૧૯. | ,, અધ્યાત્મિકપત્રો (સ્વ. નિહાલચન્દજી) | ૩,૦૦૦ |
| ૨૦. | ,, દ્રવ્યદૃષ્ટિપ્રકાશ (ગુજરાતી) | ૧૦,૦૦૦ |
| ૨૧. | ,, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય (ગુજરાતી) | ૨,૧૦૦ |
| ૨૨. | ,, ક્રમબદ્ધપર્યાય (ગુજરાતી) | ૮,૦૦૦ |
| ૨૩. | ,, અધ્યાત્મપરાગ (પ્રથમ આવૃત્તિ) | ૨,૦૦૦ |
| ૨૪. | ,, અધ્યાત્મપરાગ (બીજી આવૃત્તિ) | ૧,૦૦૦ |
| ૨૫. | ,, ધન્ય અવતાર (હિન્દી) | ૮,૦૦૦ |
| ૨૬. | ,, પરમાગમસાર (ગુજરાતી) | ૫,૦૦૦ |
| ૨૭. | ,, વચનામૃત-પ્રવચન ભાગ ૧ (ગુજરાતી) | ૩,૦૦૦ |
| ૨૮. | ,, જ્ઞાનામૃત (હિન્દી) | ૫,૦૦૦ |
| ૨૯. | ,, વચનામૃત-પ્રવચન ભાગ ૨ (ગુજરાતી) | ૨,૦૦૦ |
| ૩૦. | ,, વચનામૃત-પ્રવચન ભાગ ૩ (ગુજરાતી) | ૨,૦૦૦ |
| ૩૧. | ,, નિર્ભ્રાંત દર્શનની કેડીએ (ગુજરાતી) | |
| ૩૨. | ,, નિર્ભ્રાંત દર્શનકી પગદંડી (હિન્દી) | |
| ૩૩. | ,, અનુભવપ્રકાશ (હિન્દી) | |
| ૩૪, | ,, પરમાગમસાર (હિન્દી) | |
| ૩૫. | ,, વચનામૃત-પ્રવચન, ભાગ ૪ (ગુજરાતી) | ૨,૦૦૦ |